$= \frac{૧૨૫}{૫૦}$ યોજન $= ૨\,{}^{૧}/_{૨}$ યોજન.

(૫) હરિસલિલા-હરિકાંતા-નારીકાંતા-નરકાંતા નદીઓની મૂળમાં ઊંડાઈ

$= \frac{૨૫}{૫૦}$ યોજન $= {}^{૧}/_{૨}$ યોજન.

(૬) હરિસલિલા-હરિકાંતા-નારીકાંતા-નરકાંતા નદીઓની અંતે ઊંડાઈ

$= \frac{૨૫૦}{૫૦}$ યોજન $= ૫$ યોજન.

(૭) સીતા-સીતોદા નદીઓની મૂળમાં ઊંડાઈ $= \frac{૫૦}{૫૦} = ૧$ યોજન.

(૮) સીતા-સીતોદા નદીઓની અંતે ઊંડાઈ $= \frac{૫૦૦}{૫૦} = ૧૦$ યોજન.

નદીઓની વૃદ્ધિ જાણવાનું કરણ :

મૂળથી જેટલા યોજન ગયા હોઈએ તે = અ

તે સ્થાને એક તરફની વૃદ્ધિ

$$= \frac{\text{અંતે વિસ્તાર} - \text{મૂળ વિસ્તાર}}{૨} \times \frac{૧}{\text{નદીની લંબાઈ}} \times \text{અ}$$

બે તરફની વૃદ્ધિ = એક તરફની વૃદ્ધિ x ૨

દા.ત. (૧) ગંગાનદીમાં મૂળથી ૨ યોજન ગયા પછી ૧ બાજુની વૃદ્ધિ

$$= \frac{૬૨\,{}^{૧}/_{૨} \text{ યોજન} - ૬\,{}^{૧}/_{૪} \text{ યોજન}}{૨} \times \frac{૧}{૪૫,૦૦૦^{\square}} \times ૨$$

□ મનુષ્યલોકની બધી નદીઓની લંબાઈ ૪૫,૦૦૦ યોજન છે.

$$= \frac{\text{૫૬}\,^{1}/_{4} \text{ યોજન}}{\text{૪૫,૦૦૦}}$$

$$= \frac{\text{૪,૫૦,૦૦૦ ધનુષ્ય}}{\text{૪૫,૦૦૦}} = \text{૧૦ ધનુષ્ય}$$

૧ યોજન = ૮૦૦૦ ધનુષ્ય

∴ ૫૬ $^{1}/_{4}$ યોજન = ૫૬ $^{1}/_{4}$ x ૮૦૦૦ = ૪,૪૮,૦૦૦ + ૨૦૦૦ = ૪,૫૦,૦૦૦ ધનુષ્ય.

બે બાજુની વૃદ્ધિ = ૧૦ x ૨ = ૨૦ ધનુષ્ય.

* મૂળથી જેટલા યોજન ગયા પછી જેટલી વૃદ્ધિ થાય, અંતેથી તેટલા યોજન આગળ આવ્યા પછી તેટલી હાનિ થાય.

સિંધુનદી :

પદ્મમહ્રદના પશ્ચિમતોરણથી સિંધુ નદી નીકળે, સિંધ્વાવર્તન કૂટની નીચેથી દક્ષિણ તરફ વળે, સિંધુપ્રપાતકુંડમાં પડે, ઉત્તરભરતાર્ધમાં દક્ષિણ તરફ વહે તિમિસ્રા ગુફાની પશ્ચિમ બાજુએ વૈતાઢ્યને નીચેથી ભેદે, દક્ષિણભરતાર્ધના મધ્યભાગથી પશ્ચિમ તરફ વળે અને પશ્ચિમ સમુદ્રને મળે. શેષ બધુ ગંગાનદીની જેમ જાણવું.

રક્તાનદી : રક્તાનદીની બધી વક્તવ્યતા ગંગાનદી પ્રમાણે જાણવી.

રક્તવતી નદી : રક્તવતી નદીની બધી વક્તવ્યતા સિંધુનદી પ્રમાણે જાણવી.

શેષ નદીઓ :

તે તે ક્ષેત્રથી દક્ષિણ તરફના દ્રહમાંથી નીકળતી નદી ઉત્તર તરફ વહે છે. તે મેરુપર્વત કે વૃત્તવૈતાઢ્યપર્વતથી પશ્ચિમ તરફ વળી ક્ષેત્રના બે ભાગ કરી પશ્ચિમ સમુદ્રને મળે છે. તે તે ક્ષેત્રથી ઉત્તર

તરફના દ્રહમાંથી નીકળતી નદી દક્ષિણ તરફ વહે છે. તે મેરુપર્વત કે વૃત્તવૈતાઢ્યપર્વતથી પૂર્વ તરફ વળી ક્ષેત્રના બે ભાગ કરી પૂર્વ સમુદ્રને મળે છે.

આગળ જે ભિન્નતા બતાવાશે તે સિવાયની બધી નદીની બધી વક્તવ્યતા ગંગાનદી પ્રમાણે જાણવી.

જિહ્વિકા :

જિહ્વિકા દ્રહના દ્વારની પહોળાઈ જેટલી પહોળી, તેના ૫૦મા ભાગ જેટલી જાડી અને જાડાઈ કરતા ૪ ગુણી લાંબી હોય છે.

(૧) ગંગા-સિંધુ-રક્તા-રક્તવતી નદીઓની જિહ્વિકાઓ -

પહોળાઈ = $૬\frac{૧}{૪}$ યોજન.

જાડાઈ = $\frac{૬\frac{૧}{૪} \text{ યોજન}}{૫૦} = \frac{૨૫ \text{ ગાઉ}}{૫૦} = \frac{૧}{૨}$ ગાઉ.


લંબાઈ = $\frac{૧}{૨} \times ૪ = ૨$ ગાઉ $= \frac{૧}{૨}$ યોજન.

(૨) રોહિતાંશા-રોહિતા-સુવર્ણકૂલા-રૂપ્યકૂલા નદીઓની જિહ્વિકાઓ-

પહોળાઈ = $૧૨\frac{૧}{૨}$ યોજન.

જાડાઈ = $\frac{૧૨\frac{૧}{૨} \text{ યોજન}}{૫૦} = \frac{૫૦ \text{ ગાઉ}}{૫૦} = ૧$ ગાઉ.

લંબાઈ = ૧ x ૪ = ૪ ગાઉ = ૧ યોજન.


દ્રહોમાંથી નીકળતી નદીઓ
હિમવત્ કૂટ
પદ્મ દ્રહ-પુંડરિકદ્રહ
આવર્તન કૂટ
પ્રપાત કુંડ
પ્રપાત કુંડ
આ દ્રહમાંથી ત્રણ દિશાના દ્વારે ત્રણ નદીઓ નીકળે છે, તે આવર્તનકૂટ સુધી સીધી ચાલીને બે નદીઓ બાહ્યક્ષેત્ર તરફ વળી પર્વત ઉપરથી પ્રપાતકુંડમાં પડે છે, અને પછી કુંડમાંથી દક્ષિણ દ્વારે બહાર નિકળી ક્ષેત્રમાં વહે છે, ઉત્તરદિશાની નદી સીધી વહી પ્રપાતકુંડમાં પડી ક્ષેત્રમાં મધ્યગિરિને કંઈક દૂર રાખી ડાબી બાજુ વહે છે.
આ ચાર દ્રહોમાંથી ઉત્તર દક્ષિણ દ્વારે નિકળતી બે નદીઓ સીધી પર્વત ઉપર કિનારા સુધી વહીને નીચે પ્રપાતકુંડમાં પડી બહાર નીકળી ક્ષેત્રમાં મધ્યગિરિને છોડીને દક્ષિણ નદી જમણી બાજુ અને ઉત્તર નદી ડાબી બાજુ વહે છે.
મહાપદ્મ દ્રહ આદિ. ૪

(૩) હરિકાંતા-હરિસલિલા-નારીકાંતા-નરકાંતા નદીઓની જિહ્વિકાઓ

પહોળાઈ = ૨૫ યોજન

$$\text{જાડાઈ} = \frac{\text{૨૫ યોજન}}{\text{૫૦}} = \frac{\text{૧}}{\text{૨}} \text{ યોજન}$$

$$\text{લંબાઈ} = \frac{\text{૧}}{\text{૨}} \times \text{૪} = \text{૨ યોજન}$$

(૪) સીતોદા-સીતા નદીઓની જિહ્વિકાઓ -

પહોળાઈ = ૫૦ યોજન

$$\text{જાડાઈ} = \frac{\text{૫૦ યોજન}}{\text{૫૦}} = \text{૧ યોજન.}$$

લંબાઈ = ૧ x ૪ = ૪ યોજન.

જંબૂદ્વીપમાં નદીના ૯૦ કુંડો છે -

૩૨ વિજયોની ૨-૨ નદીઓના	૬૪ કુંડ
૧૪ મહાનદીઓના	૧૪ કુંડ
૧૨ અંતરનદીઓના	૧૨ કુંડ
કુલ	૯૦ કુંડ

મહાનદીઓનું વર્ષધરપર્વતો ઉપરનું વહેણ -

ગંગાનદી અને રક્તાનદી વર્ષધરપર્વત ઉપર પૂર્વમાં ૫૦૦ યોજન વહે છે.

સિંધુનદી અને રક્તવતીનદી વર્ષધરપર્વત ઉપર પશ્ચિમમાં ૫૦૦ યોજન વહે છે.

ગંગા-સિંધુ-રક્તા-રક્તવતી નદીઓનું વર્ષધરપર્વત ઉપર દક્ષિણમાં વહેણ

$$= \frac{\text{વર્ષધરપર્વતની પહોળાઈ} - \text{નદીની પહોળાઈ}}{૨}$$

$$= \frac{૧,૦૫૨ \text{ યોજન } ૧૨ \text{ કળા} - ૬\frac{૧}{૪} \text{ યોજન}}{૨}$$

$$= \frac{૧,૦૫૨ \text{ યોજન } ૧૨ \text{ કળા} - ૬ \text{ યોજન } \frac{૧૯}{૪} \text{ કળા}}{૨}$$

$$= \frac{૧,૦૫૨ \text{ યોજન } ૧૨ \text{ કળા} - ૬ \text{ યોજન } ૪\frac{૩}{૪} \text{ કળા}}{૨}$$

$$= \frac{૧,૦૪૬ \text{ યોજન } ૭\frac{૧}{૪} \text{ કળા}}{૨}$$

= ૫૨૩ યોજન $૩\frac{૫}{૮}$ કળા

= સાધિક ૫૨૩ યોજન ૩ કળા.

ગંગા-સિંધુ-રક્તા-રક્તવતી નદીઓનું વર્ષધરપર્વતો ઉપરનું કુલ વહેણ = ૫૦૦ યોજન + સાધિક ૫૨૩ યોજન ૩ કળા.

= સાધિક ૧,૦૨૩ યોજન ૩ કળા.

શેષ નદીઓનું વર્ષધરપર્વતો ઉપરનું વહેણ

$$= \frac{\text{વર્ષધરપર્વતની પહોળાઈ} - \text{દ્રહની પહોળાઈ}}{૨}$$

રોહિતાંશા-સુવર્ણકૂલા નદીઓનું વર્ષધરપર્વતો ઉપરનું વહેણ

$$= \frac{૧,૦૫૨ \text{ યોજન } ૧૨ \text{ કળા} - ૫૦૦ \text{ યોજન}}{૨}$$

$$= \frac{\text{૫૫૨ યોજન ૧૨ કળા}}{૨} = \text{૨૭૬ યોજન ૬ કળા.}$$

રોહિતા-હરિકાંતા-રૂપ્યકૂલા-નરકાંતા નદીઓનું વર્ષધરપર્વતો ઉપરનું વહેણ -

$$= \frac{\text{૪,૨૧૦ યોજન ૧૦ કળા} - \text{૧,૦૦૦ યોજન}}{૨}$$

$$= \frac{\text{૩,૨૧૦ યોજન ૧૦ કળા}}{૨}$$

$$= \text{૧,૬૦૫ યોજન ૫ કળા.}$$

હરિસલિલા-સીતોદા-નારીકાંતા-સીતા નદીઓનું વર્ષધરપર્વતો ઉપરનું વહેણ $= \frac{\text{૧૬,૮૪૨ યોજન ૨ કળા} - \text{૨,૦૦૦ યોજન}}{૨}$

$$= \frac{\text{૧૪,૮૪૨ યોજન ૨ કળા}}{૨}$$

$$= \text{૭,૪૨૧ યોજન ૧ કળા.}$$

મહાનદીઓ વૃત્તવૈતાઢ્ય કે મેરુપર્વતથી જિહ્વિકાની પહોળાઈના ૨૫મા ભાગ જેટલું અંતર રાખીને વળી જાય છે.

(૧) ગંગા-સિંધુ-રક્ત-રક્તવતી નદીઓનું કૂટથી અંતર

$$= \frac{૬\frac{૧}{૪} \text{યોજન}}{૨૫} = \frac{૧}{૪} \text{યોજન}$$

(૨) રોહિતાંશા-રોહિતા-સુવર્ણકૂલા-રૂપ્યકૂલા નદીઓનું

વૈતાઢ્યપર્વતથી અંતર $= \frac{૧૨\frac{૧}{૨} \text{ યોજન}}{૨૫} = \frac{૧}{૨} \text{ યોજન}$

(૩) હરિકાંતા-હરિસલિલા-નારીકાંતા-નરકાંતા નદીઓનું

વૈતાઢ્યપર્વતથી અંતર $= \frac{૨૫ \text{ યોજન}}{૨૫} = ૧$ યોજન

(૪) સીતોદા-સીતા નદીઓનું મેરુ પર્વતથી અંતર

$= \frac{૫૦ \text{ યોજન}}{૨૫} = ૨$ યોજન

સીતોદા-સીતા નદીઓની પરિવાર નદીઓ -

દેવકુરુ / ઉત્તરકુરુની નદીઓ	૮૪,૦૦૦
અંતરનદીઓ	૬
૧૬ વિજયોની નદીઓ	૩૨
૧૬ વિજયોની નદીઓની પરિવાર નદીઓ	૪,૪૮,૦૦૦
કુલ	૫,૩૨,૦૩૮

જંબૂદ્વીપમાં મહાનદીઓ = ૧૪ + ૬૪ = ૭૮ છે.

જંબૂદ્વીપમાં અંતરનદીઓ = ૧૨ છે.

જંબૂદ્વિપમાં પરિવારનદીઓ = (૧૪,૦૦૦ x ૪) + (૨૮,૦૦૦ x ૪) + (૫૬,૦૦૦ x ૪) + (૫,૩૨,૦૦૦ x ૨) = ૫૬,૦૦૦ + ૧,૧૨,૦૦૦ + ૨,૨૪,૦૦૦ + ૧૦,૬૪,૦૦૦ = ૧૪,૫૬,૦૦૦ છે.

ક્રમ	નદીનું નામ	કયા ક્ષેત્રમાં વહે ?	મૂળ વિસ્તાર	અંતે વિસ્તાર	મૂળ ઊંડાઈ	અંતે ઊંડાઈ	પર્વત ઉપર કેટલું વહે ?
૧	ગંગા	ભરત	૬ $^{૧}/_{૪}$ યો.	૬૨ $^{૧}/_{૨}$ યો.	$^{૧}/_{૨}$ ગા.	૧ $^{૧}/_{૪}$ યો.	૧,૦૨૩ યો. ૩ ક.
૨	સિંધુ	ભરત	૬ $^{૧}/_{૪}$ યો.	૬૨ $^{૧}/_{૨}$ યો.	$^{૧}/_{૨}$ ગા.	૧ $^{૧}/_{૪}$ યો.	૧,૦૨૩ યો. ૩ ક.
૩	રોહિતાંશા	હિમવંત	૧૨ $^{૧}/_{૨}$ યો.	૧૨૫ યો.	૧ ગા.	૨ $^{૧}/_{૨}$ યો.	૨૭૬ યો. ૬ ક.
૪	રોહિતા	હિમવંત	૧૨ $^{૧}/_{૨}$ યો.	૧૨૫ યો.	૧ ગા.	૨ $^{૧}/_{૨}$ યો.	૧,૬૦૫ યો. ૫ ક.
૫	હરિકાંતા	હરિવર્ષ	૨૫ યો.	૨૫૦ યો.	૨ ગા.	૫ યો.	૧,૬૦૫ યો. ૫ ક.
૬	હરિસલિલા	હરિવર્ષ	૨૫ યો.	૨૫૦ યો.	૨ ગા.	૫ યો.	૭,૪૨૧ યો. ૧ ક.
૭	સીતોદા	મહાવિદેહ	૫૦ યો.	૫૦૦ યો.	૧ યો.	૧૦ યો.	૭,૪૨૧ યો. ૧ ક.
૮	સીતા	મહાવિદેહ	૫૦ યો.	૫૦૦ યો.	૧ યો.	૧૦ યો.	૭,૪૨૧ યો. ૧ ક.
૯	નારીકાંતા	રમ્યક	૨૫ યો.	૨૫૦ યો.	૨ ગા.	૫ યો.	૭,૪૨૧ યો. ૧ ક.
૧૦	નરકાંતા	રમ્યક	૨૫ યો.	૨૫૦ યો.	૨ ગા.	૫ યો.	૧,૬૦૫ યો. ૫ ક.
૧૧	રૂપ્યકૂલા	હિરણ્યવંત	૧૨ $^{૧}/_{૨}$ યો.	૧૨૫ યો.	૧ ગા.	૨ $^{૧}/_{૨}$ યો.	૧,૬૦૫ યો. ૫ ક.
૧૨	સુવર્ણકૂલા	હિરણ્યવંત	૧૨ $^{૧}/_{૨}$ યો.	૧૨૫ યો.	૧ ગા.	૨ $^{૧}/_{૨}$ યો.	૨૭૬ યો. ૬ ક.
૧૩	રક્તવતી	ઐરવત	૬ $^{૧}/_{૪}$ યો.	૬૨ $^{૧}/_{૨}$ યો.	$^{૧}/_{૨}$ ગા.	૧ $^{૧}/_{૪}$ યો.	૧,૦૨૩ યો. ૩ ક.
૧૪	રક્તા	ઐરવત	૬ $^{૧}/_{૪}$ યો.	૬૨ $^{૧}/_{૨}$ યો.	$^{૧}/_{૨}$ ગા.	૧ $^{૧}/_{૪}$ યો.	૧,૦૨૩ યો. ૩ ક.

ક્રમ	નદીનું નામ	કયા કુંડમાં પડે ?	કુંડની લંબાઈ-પહોળાઈ	કુંડની ઊંડાઈ	કુંડની પરિધિ	કુંડના દ્વીપનું નામ	દ્વીપની લંબાઈ-પહોળાઈ
૧	ગંગા	ગંગાપ્રપાત	૬૦ યો.	૧૦ યો.	દેશોન ૧૯૦ યો.	ગંગા	૮ યો.
૨	સિંધુ	સિંધુપ્રપાત	૬૦ યો.	૧૦ યો.	દેશોન ૧૯૦ યો.	સિંધુ	૮ યો.
૩	રોહિતાંશા	રોહિતાંશાપ્રપાત	૧૨૦ યો.	૧૦ યો.	દેશોન ૩૮૦ યો.	રોહિતાંશા	૧૬ યો.
૪	રોહિતા	રોહિતાપ્રપાત	૧૨૦ યો.	૧૦ યો.	દેશોન ૩૮૦ યો.	રોહિતા	૧૬ યો.
૫	હરિકાંતા	હરિકાંતાપ્રપાત	૨૪૦ યો.	૧૦ યો.	દેશોન ૭૫૯ યો.	હરિકાંતા	૩૨ યો.
૬	હરિસલિલા	હરિસલિલાપ્રપાત	૨૪૦ યો.	૧૦ યો.	દેશોન ૭૫૯ યો.	હરિસલિલા	૩૨ યો.
૭	સીતોદા	સીતોદાપ્રપાત	૪૮૦ યો.	૧૦ યો.	દેશોન ૧,૫૧૮ યો.	સીતોદા	૬૪ યો.
૮	સીતા	સીતાપ્રપાત	૪૮૦ યો.	૧૦ યો.	દેશોન ૧,૫૧૮ યો.	સીતા	૬૪ યો.
૯	નારીકાંતા	નારીકાંતાપ્રપાત	૨૪૦ યો.	૧૦ યો.	દેશોન ૭૫૯ યો.	નારીકાંતા	૩૨ યો.
૧૦	નરકાંતા	નરકાંતાપ્રપાત	૨૪૦ યો.	૧૦ યો.	દેશોન ૭૫૯ યો.	નરકાંતા	૩૨ યો.
૧૧	રૂપ્યકૂલા	રૂપ્યકૂલાપ્રપાત	૧૨૦ યો.	૧૦ યો.	દેશોન ૩૮૦ યો.	રૂપ્યકૂલા	૧૬ યો.
૧૨	સુવર્ણકૂલા	સુવર્ણકૂલાપ્રપાત	૧૨૦ યો.	૧૦ યો.	દેશોન ૩૮૦ યો.	સુવર્ણકૂલા	૧૬ યો.
૧૩	રક્તવતી	રક્તવતીપ્રપાત	૬૦ યો.	૧૦ યો.	દેશોન ૧૯૦ યો.	રક્તવતી	૮ યો.
૧૪	રક્તા	રક્તાપ્રપાત	૬૦ યો.	૧૦ યો.	દેશોન ૧૯૦ યો.	રક્તા	૮ યો.

ક્રમ	નદીનું નામ	જિહ્વિકાની લંબાઈ	જિહ્વિકાની પહોળાઈ અને કુંડના દ્વારની પહોળાઈ	જિહ્વિકાની જાડાઈ	દ્વીપની પરિધિ	કૂટથી, વૃત્તવૈતાઢ્યથી કે મેરુથી અંતર	પરિવાર નદીઓ	પર્વતપરથી પડવાનો પ્રવાહ
૧	ગંગા	$\frac{1}{2}$ યો.	૬ $\frac{1}{4}$ યો.	$\frac{1}{2}$ ગા.	સા. ૨૫ યો.	$\frac{1}{4}$ યો.	૧૪,૦૦૦	સા. ૧૦૦ યો.
૨	સિંધુ	$\frac{1}{2}$ યો.	૬ $\frac{1}{4}$ યો.	$\frac{1}{2}$ ગા.	સા. ૨૫ યો.	$\frac{1}{4}$ યો.	૧૪,૦૦૦	સા. ૧૦૦ યો.
૩	રોહિતાંશા	૧ યો.	૧૨ $\frac{1}{2}$ યો.	૧ ગા.	સા. ૫૦ યો.	$\frac{1}{2}$ યો.	૨૮,૦૦૦	સા. ૧૦૦ યો.
૪	રોહિતા	૧ યો.	૧૨ $\frac{1}{2}$ યો.	૧ ગા.	સા. ૫૦ યો.	$\frac{1}{2}$ યો.	૨૮,૦૦૦	સા. ૨૦૦ યો.
૫	હરિકાંતા	૨ યો.	૨૫ યો.	૨ ગા.	સા. ૧૦૧ યો.	૧ યો.	૫૬,૦૦૦	સા. ૨૦૦ યો.
૬	હરિસલિલા	૨ યો.	૨૫ યો.	૨ ગા.	સા. ૧૦૧ યો.	૧ યો.	૫૬,૦૦૦	સા. ૪૦૦ યો.
૭	સીતોદા	૪ યો.	૫૦ યો.	૧ યો.	સા. ૨૦૨ યો.	૨ યો.	૫,૩૨,૦૩૮	સા. ૪૦૦ યો.
૮	સીતા	૪ યો.	૫૦ યો.	૧ યો.	સા. ૨૦૨ યો.	૨ યો.	૫,૩૨,૦૩૮	સા. ૪૦૦ યો.
૯	નારીકાંતા	૨ યો.	૨૫ યો.	૨ ગા.	સા. ૧૦૧ યો.	૧ યો.	૫૬,૦૦૦	સા. ૪૦૦ યો.
૧૦	નરકાંતા	૨ યો.	૨૫ યો.	૨ ગા.	સા. ૧૦૧ યો.	૧ યો.	૫૬,૦૦૦	સા. ૨૦૦ યો.
૧૧	રૂપ્યકૂલા	૧ યો.	૧૨ $\frac{1}{2}$ યો.	૧ ગા.	સા. ૫૦ યો.	$\frac{1}{2}$ યો.	૨૮,૦૦૦	સા. ૨૦૦ યો.
૧૨	સુવર્ણકૂલા	૧ યો.	૧૨ $\frac{1}{2}$ યો.	૧ ગા.	સા. ૫૦ યો.	$\frac{1}{2}$ યો.	૨૮,૦૦૦	સા. ૧૦૦ યો.
૧૩	રક્તા	$\frac{1}{2}$ યો.	૬ $\frac{1}{4}$ યો.	$\frac{1}{2}$ ગા.	સા. ૨૫ યો.	$\frac{1}{4}$ યો.	૧૪,૦૦૦	સા. ૧૦૦ યો.
૧૪	રક્તવતી	$\frac{1}{2}$ યો.	૬ $\frac{1}{4}$ યો.	$\frac{1}{2}$ ગા.	સા. ૨૫ યો.	$\frac{1}{4}$ યો.	૧૪,૦૦૦	સા. ૧૦૦ યો.

નદીઓના પ્રપાતકુંડોની પરિધિ

(૧) ગંગાપ્રપાતકુંડ - સિંધુપ્રપાતકુંડ - રક્તવતીપ્રપાત-કુંડ - રક્તાપ્રપાતકુંડની પરિધિ

$= \sqrt{૬૦ \times ૬૦ \times ૧૦} = \sqrt{૩૬,૦૦૦}$

= સાધિક ૧૮૯ યોજન = દેશોન ૧૯૦ યોજન

		૧૮૯
	૧	૩૬૦૦૦
+	૧	−૧
	૨૮	૨૬૦
+	૮	−૨૨૪
	૩૬૯	૦૩૬૦૦
+	૯	૩૩૨૧
	૩૭૮	૦૨૭૯

(૨) રોહિતાંશાપ્રપાતકુંડ-રોહિતાપ્રપાતકુંડ-રૂપ્યકૂલાપ્રપાત-કુંડ - સુવર્ણકૂલાપ્રપાતકુંડની પરિધિ

$= \sqrt{૧૨૦ \times ૧૨૦ \times ૧૦} = \sqrt{૧,૪૪,૦૦૦}$

= સાધિક ૩૭૯ યોજન = દેશોન ૩૮૦ યોજન

		૩૭૯
	૩	૧૪૪૦૦૦
+	૩	−૯
	૬૭	૦૫૪૦
+	૭	−૪૬૯
	૭૪૯	૦૭૧૦૦
+	૯	−૬૭૪૧
	૭૫૮	૦૩૫૯

(૩) હરિકાંતાપ્રપાતકુંડ - હરિસલિલાપ્રપાતકુંડ - નારીકાંતા-પ્રપાતકુંડ - નરકાંતાપ્રપાતકુંડની પરિધિ

$= \sqrt{૨૪૦ \times ૨૪૦ \times ૧૦} = \sqrt{૫૭૬૦૦૦}$

= સાધિક ૭૫૮ યોજન = દેશોન ૭૫૯ યોજન

```
                ૭૫૮
          ┌──────────
      ૭   │ ૫૭૬૦૦૦
    + ૭   │ −૪૯
    ──    │ ──
    ૧૪૫   │ ૦૮૬૦
    + ૫   │ −૭૨૫
    ──    │ ────
    ૧૫૦૮  │ ૧૩૫૦૦
    + ૮   │ −૧૨૦૬૪
    ──    │ ────
    ૧૫૧૬  │ ૦૧૪૩૬
```

(૪) સીતોદાપ્રપાતકુંડ - સીતાપ્રપાતકુંડની પરિધિ

$= \sqrt{૪૮૦ \times ૪૮૦ \times ૧૦} = \sqrt{૨૩,૦૪,૦૦૦}$

= સા. ૧,૫૧૭ યોજન = દેશોન ૧,૫૧૮ યોજન

```
                ૧,૫૧૭
          ┌──────────
      ૧   │ ૨૩૦૪૦૦૦
    + ૧   │ −૧
    ──    │ ──
     ૨૫   │ ૧૩૦
    + ૫   │ −૧૨૫
    ──    │ ────
    ૩૦૧   │ ૦૦૫૪૦
    + ૧   │   −૩૦૧
    ──    │   ────
    ૩૦૨૭  │   ૨૩૯૦૦
    + ૭   │ −૨૧૧૮૯
    ──    │ ──────
    ૩૦૩૪  │   ૦૨૭૧૧
```

(૫) ગંગાદ્વીપ-સિંધુદ્વીપ-રક્તવતીદ્વીપ-રક્તાદ્વીપની પરિધિ

= $\sqrt{૮ \times ૮ \times ૧૦} = \sqrt{૬૪૦}$ = સાધિક ૨૫ યોજન

	૨૫
૨	૬૪૦
+ ૨	−૪
૪૫	૨૪૦
+ ૫	−૨૨૫
૫૦	૦૧૫

(૬) રોહિતાંશાદ્વીપ - રોહિતાદ્વીપ - રૂપ્યકૂલાદ્વીપ - સુવર્ણકૂલાદ્વીપની પરિધિ

= $\sqrt{૧૬ \times ૧૬ \times ૧૦} = \sqrt{૨૧૬૦}$ = સા. ૫૦ યોજન

	૫૦
૫	૨૫૬૦
+ ૫	−૨૫
૧૦૦	૦૦૬૦
+ ૦	−૦૦
૧૦૦	૬૦

(૭) હરિકાંતાદ્વીપ - હરિસલિલાદ્વીપ - નારીકાંતાદ્વીપ - નરકાંતાદ્વીપની પરિધિ

= $\sqrt{૩૨ \times ૩૨ \times ૧૦} = \sqrt{૧૦૨૪૦}$

= સાધિક ૧૦૧ યોજન

	૧૦૧
૧	૧૦૨૪૦
+ ૧	−૧
૨૦	૦૦૨
+ ૦	−૦૦
૨૦૧	૦૨૪૦
+ ૧	−૨૦૧
૨૦૨	૦૩૯

(૮) સીતોદાદ્વીપ - સીતાદ્વીપની પરિધિ

= $\sqrt{૬૪ \times ૬૪ \times ૧૦}$ = $\sqrt{૪૦,૯૬૦}$

= સાધિક ૨૦૨ યોજન

			૨૦૨
૬૪	૨	૪૦૯૬૦	
x ૬૪	+ ૨	−૪	
૨૫૬	૪૦૨	૦૦૯૬૦	
+ ૩૮૪૦	+ ૨	−૮૦૪	
૪૦૯૬	૪૦૪	૧૫૬	

કાળચક્રનું સ્વરૂપ અને ક્ષેત્રોમાં કાળનું સ્વરૂપ -

છ આરાની એક અવસર્પિણી હોય છે. ત્યાર પછી છ આરાની એક ઉત્સર્પિણી હોય છે. આમ ૧૨ આરાનું એક કાળચક્ર હોય છે. આવું કાળચક્ર ભરતક્ષેત્રમાં અને ઐરવતક્ષેત્રમાં સતત ફર્યા કરે છે.

ક્રમ	અવસર્પિણીના છ આરા	કાળપ્રમાણ
૧	સુષમસુષમ	૪ કોડાકોડી સાગરોપમ
૨	સુષમ	૩ કોડાકોડી સાગરોપમ
૩	સુષમદુઃષમ	૨ કોડાકોડી સાગરોપમ
૪	દુઃષમસુષમ	૧ કોડાકોડી સાગરોપમ– ૪૨,૦૦૦ વર્ષ
૫	દુઃષમ	૨૧,૦૦૦ વર્ષ
૬	દુઃષમદુઃષમ	૨૧,૦૦૦ વર્ષ
	કુલ	૧૦ કોડાકોડી સાગરોપમ

ક્રમ	ઉત્સર્પિણીના છ આરા	કાળપ્રમાણ
૧	દુઃષમદુઃષમ	૨૧,૦૦૦ વર્ષ
૨	દુઃષમ	૨૧,૦૦૦ વર્ષ
૩	દુઃષમસુષમ	૧ કોડાકોડી સાગરોપમ– ૪૨,૦૦૦ વર્ષ
૪	સુષમદુઃષમ	૨ કોડાકોડી સાગરોપમ
૫	સુષમ	૩ કોડાકોડી સાગરોપમ
૬	સુષમસુષમ	૪ કોડાકોડી સાગરોપમ
	કુલ	૧૦ કોડાકોડી સાગરોપમ

૧ કાળચક્ર ૨૦ કોડાકોડી સાગરોપમનું હોય છે.

અહીં સાગરોપમ એટલે સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ સમજવું.

સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ - પૂર્વે કહેલા પ્યાલાને પૂર્વે સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ-સાગરોપમના નિરૂપણમાં કહ્યા મુજબ વાલાગ્રોના ટુકડાઓથી ભરી દર સો વરસે ૧-૧ ટુકડો બહાર કાઢતા પ્યાલો ખાલી થતા જે સમય લાગે તે એક સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ છે. તે અસંખ્ય વર્ષ પ્રમાણ છે.

૧ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ x ૧૦ ક્રોડ x ક્રોડ = ૧ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ.

૧ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ x ૧૦ x ક્રોડ x ક્રોડ = ૧ ઉત્સર્પિણી.

૧ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ x ૧૦ x ક્રોડ x ક્રોડ = ૧ અવસર્પિણી.

૧ ઉત્સર્પિણી + ૧ આવસર્પિણી = ૧ કાળચક્ર.

૧ કાળચક્ર = ૧૦ કોડાકોડી સાગરોપમ + ૧૦ કોડાકોડી સાગરોપમ = ૨૦ કોડાકોડી સાગરોપમ.

અવસર્પિણીના ૬ આરામાં મનુષ્યના આયુષ્ય વગેરે -

આરો	મનુષ્યોનું					
	આયુષ્ય	શરીરપ્રમાણ	આહારનું અંતર	આહારનું પ્રમાણ	પાંસળીઓ	સંતાનપાલન
૧લો	૩ પલ્યોપમ	૩ ગાઉ	૩ અહોરાત્ર	તુવેર જેટલું	૨૫૬	૪૯ અહોરાત્ર
૨જો	૨ પલ્યોપમ	૨ ગાઉ	૨ અહોરાત્ર	બોર જેટલું	૧૨૮	૬૪ અહોરાત્ર
૩જો	૧ પલ્યોપમ	૧ ગાઉ	૧ અહોરાત્ર	આમળા જેટલું	૬૪	૭૯ અહોરાત્ર
૪થો	૧ પૂવક્રોડ વર્ષ	૫૦૦ ધનુષ્ય	—	—	—	—
૫મો	૧૩૦ વર્ષ	૭ હાથ	—	—	—	—
૬ઠ્ઠો	૨૦ વર્ષ	૨ હાથ	—	—	—	—

દેવકુરુ-ઉત્તરકુરુમાં, હરિવર્ષ-રમ્યકમાં, હિમવંત-હિરણ્યવંતમાં અને મહાવિદેહમાં હંમેશા અવસર્પિણીના ક્રમશઃ ૧લા, ૨જા, ૩જા, ૪થા આરાની શરૂઆત જેવો કાળ હોય છે.

બધા આરામાં તિર્યંચોનું આયુષ્ય (બહુલતાએ) -

ક્રમ	તિર્યંચો	આયુષ્ય
૧	હાથી વગેરે	મનુષ્યાયુષ્યની સમાન
૨	ઘોડા વગેરે	મનુષ્યાયુષ્યનો $\frac{૧}{૪}$ ભાગ
૩	બકરા વગેરે	મનુષ્યાયુષ્યનો $\frac{૧}{૮}$ ભાગ
૪	ગાય, ભેંસ, ઊંટ, ગધેડા વગેરે	મનુષ્યાયુષ્યનો $\frac{૧}{૫}$ ભાગ
૫	કૂતરા વગેરે	મનુષ્યાયુષ્યનો $\frac{૧}{૧૦}$ ભાગ

અવસર્પિણીનો ત્રીજો આરો કંઈક બાકી હોય ત્યારે કુલકરો, નીતિ, તીર્થંકરો, ધર્મ, અગ્નિ વગેરેની ઉત્પત્તિ થાય છે.

અવસર્પિણીમાં ત્રીજા આરાના ૮૯ પખવાડીયા બાકી હોય ત્યારે પહેલા તીર્થંકર સિદ્ધ થાય અને ચોથા આરાના ૮૯ પખવાડીયા બાકી હોય ત્યારે છેલ્લા તીર્થંકર સિદ્ધ થાય.

ઉત્સર્પિણીમાં ત્રીજા આરાના ૮૯ પખવાડીયા પછી પહેલા તીર્થંકરનો જન્મ થાય અને ચોથા આરાના ૮૯ પખવાડીયા પછી છેલ્લા તીર્થંકરનો જન્મ થાય.

છઠ્ઠા આરાનું સ્વરૂપ :

છટ્ઠા આરાની શરૂઆતમાં ૭ દિવસ ખારાપાણીના મેઘો વરસે છે. પછી ૭ દિવસ અગ્નિ વરસે છે. પછી ૭ દિવસ વિષ વરસે છે. પછી ૭ દિવસ ખારાપાણીના મેઘો વરસે છે. પછી ૭

દિવસ વિજળી વરસે છે. તેથી પૃથ્વી ઉપરના વાતાવરણ અને સ્થિતિ ભયંકર થઈ જાય છે. ખરાબ પવન વાય છે. તે બહુ રોગ કરાવનાર જલ વરસાવે છે. તે પર્વત અને સ્થલ સમાન કરી નાંખે છે. પૃથ્વી અંગારાથી અને રાખથી ઢંકાયેલ અંગારા જેવી અને ઘાસરહિત થાય છે. સર્વત્ર હાહાકાર મચી જાય છે. પક્ષીઓનું બીજ વૈતાઢ્યપર્વત વગેરે પર્વતોમાં અને મનુષ્યો-પશુઓનું બીજ બિલ વગેરેમાં હોય છે. પક્ષીઓનું બીજ એટલે શેષ બચેલા પક્ષીઓ.મનુષ્યો-પશુઓનું બીજ એટલે શેષ બચેલા મનુષ્યો-પશુઓ. એ શેષ બચેલા પક્ષીઓ, મનુષ્યો, પશુઓથી ઉત્સર્પિણીમાં ફરી નવી સૃષ્ટિપરંપરા વધે છે. માટે તેમને બીજ કહેવાય છે.

બિલો - દક્ષિણ અને ઉત્તર ભરતક્ષેત્રમાં ગંગાનદીના બે-બે કિનારા છે, એટલે કુલ ૪ કિનારા છે. એજ રીતે સિંધુનદીના પણ દક્ષિણ અને ઉત્તર ભરતક્ષેત્રમાં બે-બે કિનારા છે, એટલે કુલ ૪ કિનારા છે. આમ ગંગા અને સિંધુના કુલ ૮ કિનારા છે. આ દરેક કિનારે ૯-૯ બિલો છે. એટલે કુલ ૮ x ૯ = ૭૨ બિલો છે.

આ જ પ્રમાણે દક્ષિણ અને ઉત્તર ઐરવતક્ષેત્રમાં રક્તા-રક્તવતી નદીઓના ૮ કિનારા છે. તે દરેક કિનારા ઉપર ૯-૯ બિલો છે. એટલે કુલ ૮ x ૯ = ૭૨ બિલો છે.

છઠ્ઠા આરાના મનુષ્યો ૨ હાથ ઊંચા, ૨૦ વર્ષના આયુષ્યવાળા, ખરાબ રૂપવાળા, ક્રૂરઅધ્યવસાયવાળા, માછલાનો આહાર કરનારા, મરીને નરકગતિ-તિર્યંચગતિરૂપ દુર્ગતિમાં જનારા, લજ્જા વિનાના, વસ્ત્ર વિનાના, કઠોર વચનો બોલનારા, પિતા-પુત્ર વગેરેની મર્યાદા વિનાના હોય છે. સ્ત્રીઓ છ વર્ષે ગર્ભ ધારણ કરનારી, દુઃખેથી જન્મ આપનારી અને ઘણા પુત્રોવાળી હોય છે. છટ્ઠા આરાના અંતે મનુષ્યો ૧ હાથ ઊંચા અને ૬ વર્ષના આયુષ્યવાળા હોય છે.

✳ હિમવંત વગેરે ક્ષેત્રોના મનુષ્યોના આયુષ્ય વગેરે :

ક્રમ	ક્ષેત્ર	આરો	ઉત્કૃષ્ટ અવગાહના (ગાઉ)	ઉત્કૃષ્ટ આયુષ્ય (પલ્યોપમ)	જઘન્ય આયુષ્ય	સંઘયણ	પૃષ્ઠકરંડક (પાંસળીઓ)	આહારગ્રહણ	સંતાનપાલન (અહોરાત્ર)	સંસ્થાન
૧	હિમવંત	૩જો	૧	૧	૧ પલ્યો.– પલ્યો./અસં.	૧ લુ	૬૪	એકાંતરે	૭૯	૧લુ
૨	હિરણ્યવંત	૩જો	૧	૧	૧ પલ્યો.– પલ્યો./અસં.	૧ લુ	૬૪	એકાંતરે	૭૯	૧લુ
૩	હરિવર્ષ	૨જો	૨	૨	૨ પલ્યો.– પલ્યો./અસં.	૧ લુ	૧૨૮	બે દિવસના અંતરે	૬૪	૧લુ
૪	રમ્યક	૨જો	૨	૨	૨ પલ્યો.– પલ્યો./અસં.	૧ લુ	૧૨૮	બે દિવસના અંતરે	૬૪	૧લુ
૫	દેવકુરુ	૧લો	૩	૩	૩ પલ્યો.– પલ્યો./અસં.	૧ લુ	૨૫૬	ત્રણ દિવસના અંતરે	૪૯	૧લુ
૬	ઉત્તરકુરુ	૧લો	૩	૩	૩ પલ્યો.–પલ્યો./અસં.	૧ લુ	૨૫૬	ત્રણ દિવસના અંતરે	૪૯	૧લુ

૧લા, ૨જા, ૩જા આરામાં યુગલિક મનુષ્યો (સ્ત્રી-પુરુષો) છે. તેઓનો વાયુવેગ અનુકૂળ છે. તેમની કુક્ષિ કંકપક્ષીની કુક્ષિ જેટલી છે. તેઓ રૂપવાન છે. તેઓ સ્વભાવથી જ સુગંધિ મુખવાળા છે, અલ્પકષાયી છે, સંતોષી છે, ઉત્સુકતા વિનાના છે, મૃદુ છે, સરળ છે, મમત્વ-કદાગ્રહ રહિત છે, વૈર વિનાના છે, હાથી-ઘોડા-ઊંટ-ગાય-ભેંસ હોવા છતાં તેનો ઉપયોગ કરતા નથી, પગે ચાલે છે, રોગ અને ઉપસર્ગ વિનાના છે, અહમિન્દ્ર છે, સારા મનવાળા છે, દેવગતિમાં જનારા છે.

યુગલિક પુરુષોના શરીરની વિશેષતાઓ :

(૧) તેમના ચરણ સુપ્રતિષ્ઠિત અને કાચબા જેવા છે.

(૨) તેમનું જંઘાયુગલ (ઢીંચણથી નીચેનો ભાગ) કોમળ અને અલ્પ રોમવાળુ અને કુરુવિંદની જેવું લાલ અને ગોળ છે.

(૩) તેમના ઢિંચણ ગુપ્ત અને સુબદ્ધ સંધિવાળા છે.

(૪) તેમની ઉરુ (ઢિંચણથી ઉપરનો ભાગ) હાથીની સૂંઢની જેમ ગોળ છે.

(૫) તેમનો મધ્યભાગ ઈન્દ્રધનુષ્ય જેવો છે.

(૬) તેમનું નાભિમંડલ પ્રદક્ષિણાવર્ત છે.

(૭) તેમની છાતી શ્રીવત્સથી લાંછિત, વિશાળ અને માંસલ છે.

(૮) તેમના હાથ નગરના આગડિયાની જેમ લાંબા છે.

(૯) તેમના કાંડા સુંદર છે.

(૧૦) તેમના હાથ-પગના તળિયા લાલકમળની જેમ લાલ છે.

(૧૧) તેમનું ગળુ ૪ આંગળનું, સમગોળ અને શંખ જેવું છે.

(૧૨) તેમનું મુખ શરદ ઋતુના ચન્દ્ર જેવું છે.
(૧૩) તેમનું માથુ છત્ર જેવું છે.
(૧૪) તેમના વાળ સ્નિગ્ધકાંતિવાળા અને કોમળ છે.
(૧૫) તેઓ ૩૨ લક્ષણવાળા છે. ૩૨ લક્ષણો આ પ્રમાણે છે -

(૧)	કમંડળ	(૯)	સ્વસ્તિક	(૧૭)	અષ્ટાપદ	(૨૫)	સમુદ્ર
(૨)	કળશ	(૧૦)	જવ	(૧૮)	અંકુશ	(૨૬)	ભવન
(૩)	યૂપ	(૧૧)	મત્સ્ય	(૧૯)	સુપ્રતિષ્ઠક, (વૃક્ષ)	(૨૭)	આરિસો
(૪)	સ્તૂપ	(૧૨)	મગર	(૨૦)	મોર	(૨૮)	પર્વત
(૫)	વાવડી	(૧૩)	કાચબો	(૨૧)	પુષ્પનીમાળા	(૨૯)	હાથી
(૬)	છત્ર	(૧૪)	રથ	(૨૨)	અભિષેક	(૩૦)	બળદ
(૭)	ધ્વજ	(૧૫)	થાળ	(૨૩)	તોરણ	(૩૧)	સિંહ
(૮)	પતાકા	(૧૬)	પોપટ	(૨૪)	પૃથ્વી	(૩૨)	ચામર

યુગલિક સ્ત્રીઓના શરીરની વિશેષતાઓ :

(૧) તેમના બધા અંગો સુંદર હોય છે.
(૨) તેણીઓ બધા મહિલાગુણોથી યુક્ત છે.
(૩) તેમના ચરણો ભેગી આંગળીવાળા, કમળ જેવા કોમળ અને કાચબા જેવા સુંદર છે.
(૪) તેમના જંઘાયુગલ રોમરહિત અને સારા લક્ષણોથી યુક્ત છે.
(૫) તેમના જાનુ ગુપ્તસંધીવાળા અને માંસલ છે.
(૬) તેમના ઉરુ કેળના થાંભલા જેવા, કોમળ અને પુષ્ટ છે.
(૭) તેમના જઘન (કેડની નીચેનો ભાગ) મુખની લંબાઈ કરતા બમણા, માંસલ અને વિશાળ છે.
(૮) તેમની રોમરાજી સ્નિગ્ધકાંતિવાળી અને કોમળ છે.
(૯) તેમનું નાભિમંડલ પ્રદક્ષિણાવર્ત તરંગવાળુ છે.
(૧૦) તેમની કુક્ષિ સુંદર લક્ષણોવાળી છે.
(૧૧) તેમના પડખા સુંદર છે.

(૧૨) તેમના સ્તન સુવર્ણના કળશ જેવા સમ, ઉન્નત અને પુષ્ટ છે.
(૧૩) તેમના હાથ સુકોમળ છે.
(૧૪) તેમના હાથ-પગના તળીયા સ્વસ્તિક, શંખ, ચક્ર વગેરેની રેખાઓથી અંકિત છે.
(૧૫) તેમનું ગળુ મુખના ત્રીજા ભાગ જેટલું ઊંચુ, માંસલ અને શંખ જેવું છે.
(૧૬) તેમની હડપચી સારા લક્ષણોવાળી અને માંસલ છે.
(૧૭) તેમના હોઠ દાડમના પુષ્પ જેવા લાલ છે.
(૧૮) તેમના તાળવા અને જીભ લાલકમળ જેવા છે.
(૧૯) તેમની આંખ વિકસિત કુવલયપત્ર જેવી લાંબી અને સુંદર છે.
(૨૦) તેમની ભ્રમર બાણ ચડાવેલા ધનુષ્યના પૃષ્ઠ જેવી છે.
(૨૧) તેમનું લલાટ પ્રમાણયુક્ત છે.
(૨૨) તેમના વાળ સુગંધિ, સુંદર અને કોમળ છે.
(૨૩) તેણીઓ પુરુષો કરતા થોડી નીચી છે.
(૨૪) તેણીઓ સ્વભાવથી જ ઘણા શૃંગારવાળી અને સુંદર વેષવાળી છે.
(૨૫) તેણીઓ સ્વભાવથી જ હસવામાં, બોલવામાં, વિલાસ કરવામાં ખૂબ નિપુણ છે.

તે મનુષ્યોનો આહાર પૃથ્વીની માટી અને કલ્પવૃક્ષના ફળ છે. તે માટી સાકર કરતા પણ અનંતગુણ મીઠી હોય છે. કલ્પવૃક્ષોના ફળોનો સ્વાદ ચક્રવર્તીના ભોજન કરતા પણ અનંતગુણ હોય છે. તેઓ ઘરના આકારવાળા કલ્પવૃક્ષોમાં રહે છે. ત્યાં ડાંશ, મચ્છર, માખી, મકોડા, જૂ વગેરે હોતા નથી. ત્યાં હાથી, સિંહ, વાઘ વગેરે પણ હિંસક નથી હોતા. તે મનુષ્યો અંતે એક યુગલને જન્મ આપી બગાસુ, ખાસી, છીંક વગેરે પૂર્વક પીડા વિના મૃત્યુ પામી દેવલોકમાં જાય છે.

હિમવંત-હિરણ્યવંત ક્ષેત્રો કરતાં હરિવર્ષ-રમ્યક ક્ષેત્રોના, હરિવર્ષ - રમ્યક ક્ષેત્રો કરતા દેવકુરુ-ઉત્તરકુરુના મનુષ્યોના બળ-વીર્ય વગેરે, કલ્પવૃક્ષોના ફળ, માટીની મિઠાશ વગેરે અનંતગુણ છે.

દશ પ્રકારના કલ્પવૃક્ષો -

(૧) **મત્તંગ** - આ કલ્પવૃક્ષ દ્રાક્ષનું પાણી વગેરે પીવાની વસ્તુ આપે છે.

(૨) **ભૃંગાંગ** - આ કલ્પવૃક્ષ સુવર્ણના થાળી, વાટકા વગેરે વાસણો આપે છે.

(૩) **તુર્યાંગ** - આ કલ્પવૃક્ષ વાજીંત્ર સહિત બત્રીશ પાત્રવાળા નાટક દેખાડે છે.

(૪) **જ્યોતિરંગ** - આ કલ્પવૃક્ષ રાત્રે પણ સૂર્યના પ્રકાશ જેવી પ્રભાને પ્રગટ કરે છે.

(૫) **દીપાંગ** - આ કલ્પવૃક્ષ ઘરમાં દીવાની જેમ પ્રકાશ કરે છે.

(૬) **ચિત્રાંગ** - આ કલ્પવૃક્ષ વિવિધ પ્રકારના સુગંધી પુષ્પો અને માળાઓ આપે છે.

(૭) **ચિત્રરસાંગ** - આ કલ્પવૃક્ષ સુંદર છ રસથી ભરપૂર એવો મિઠાઈ વગેરેનો આહાર આપે છે.

(૮) **મણિતાંગ** - આ કલ્પવૃક્ષ મણિ, મુગટ, કુંડળ, કેયુર વગેરે આભરણો આપે છે.

(૯) **ગેહાકાર** - આ કલ્પવૃક્ષ રહેવા માટે વિવિધ ચિત્રશાળાઓ સહિત ૭ માળના, ૫ માળના, ૩ માળના વગેરે મકાનો આપે છે.

(૧૦) **અનિયત (અનગ્ન)** - આ કલ્પવૃક્ષ દેવદૂષ્ય વગેરે વસ્ત્રો અને આસનો-શય્યા વગેરે આપે છે.

* મહાવિદેહક્ષેત્રના મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ય છે અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૧ પૂર્વકોડ વર્ષ છે.

મેરુપર્વત અને તેના ૧૬ નામ :

મહાવિદેહક્ષેત્રના ચાર વિભાગ છે. પૂર્વવિદેહ, પશ્ચિમવિદેહ, દેવકુરુ અને ઉત્તરકુરુ. આ ચારેની વચ્ચે મેરુપર્વત છે. તેના ૧૬ નામ છે. તે આ પ્રમાણે -

(૧) મંદર	(૭) રત્નોચ્ચય	(૧૩) સૂર્યાવરણ
(૨) મેરુ	(૮) શિલોચ્ચય	(૧૪) ગિર્યુત્તમ
(૩) મનોરમ	(૯) લોકમધ્ય	(૧૫) દિગાદિ
(૪) સુદર્શન	(૧૦) લોકનાભિ	(૧૬) ગિર્યવતંસક
(૫) સ્વયંપ્રભ	(૧૧) અચ્છ	
(૬) ગિરિરાજ	(૧૨) સૂર્યાવર્ત	

દેવકુરુ-ઉત્તરકુરુ અને ગજદંતપર્વતો -

મેરુપર્વતની દક્ષિણમાં દેવકુરુ છે અને ઉત્તરમાં ઉત્તરકુરુ છે. દેવકુરુનો અધિપતિ દેવકુરુદેવ છે. ઉત્તરકુરુનો અધિપતિ ઉત્તરકુરુ-દેવ છે. તે બન્ને ૧ પલ્યોપમ આયુષ્યવાળા છે. દેવકુરુ અને ઉત્તરકુરુ અર્ધચન્દ્રાકારે છે, પૂર્વ-પશ્ચિમ લાંબા અને ઉત્તર-દક્ષિણ પહોળા છે. દેવકુરુ વિદ્યુત્પ્રભ-સૌમનસ આ બે ગજદંતગિરિથી વીંટાયેલો છે. ઉત્તરકુરુ ગંધમાદન-માલ્યવંત આ બે ગજદંતગિરિથી વીંટાયેલો છે. દેવકુરુની પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ છે, પૂર્વમાં સૌમનસ છે. ઉત્તરકુરુની પશ્ચિમમાં ગંધમાદન છે, પૂર્વમાં માલ્યવંત છે. તે પર્વતોના અધિપતિ તે તે નામવાળા દેવો છે. અધિપતિ દેવોના નામો ઉપરથી તે તે પર્વતોના નામ પડ્યા છે. આ ચારે પર્વતોની લંબાઈ સા. ૩૦,૨૦૯ યો. ૬ કળા છે. તેઓ વર્ષધર પર્વત પાસે ૫૦૦ યોજન પહોળા, ૪૦૦ યોજન ઊંચા અને ૧૦૦ યોજન ભૂમિમાં અવગાઢ છે. ત્યાર પછી મેરુપર્વત તરફ જતા પહોળાઈ ઘટે અને ઊંચાઈ-અવગાહ વધે. મેરુપર્વત પાસે તેઓ ૫૦૦ યોજન ઊંચા, ૧૨૫ યોજન ભૂમિમાં અવગાઢ છે અને અંગુલ/અસંખ્ય જેટલા પહોળા

છે. તે ચારેને ફરતી ૧-૧ પદ્મવરવેદિકા અને ૧-૧ વનખંડ છે. ગંધમાદન સુવર્ણનો છે, માલ્યવંત વૈડૂર્યમણિનો છે, સૌમનસ રજતનો છે, વિદ્યુત્પ્રભ જાત્યતપનીય સુવર્ણનો છે.

આ ગજદંતપર્વતો સીતા-સીતોદાના પ્રપાતકુંડોથી પૂર્વમાં અને પશ્ચિમમાં ૨૬,૪૭૫ યોજન પછી આવેલા છે. તે આ પ્રમાણે છે -

પ્રપાતકુંડથી ગજદંતપર્વતનું અંતર

$$= \text{ભદ્રશાલવનની લંબાઈ} + \text{મેરુપર્વતની લંબાઈ} - \frac{(\text{૨ ગજદંતપર્વતોની પહોળાઈ} + \text{સીતા-સીતોદાની મૂળ પહોળાઈ})}{૨}$$

$$= \frac{(૨૨,૦૦૦ \times ૨) + ૧૦,૦૦૦ - [(૫૦૦ \times ૨) + ૫૦]}{૨}$$

$$= \frac{૪૪,૦૦૦ + ૧૦,૦૦૦ - (૧૦૦૦ + ૫૦)}{૨}$$

$$= \frac{૫૪,૦૦૦ - ૧૦૫૦}{૨}$$

$$= \frac{૫૨,૯૫૦}{૨}$$

$$= \underline{૨૬,૪૭૫} \text{ યોજન}$$

અધોલોકમાં રહેનારી ૮ દિક્કુમારીઓ ગજદંતપર્વતોની નીચે પોતાના ભવનમાં રહે છે. તેમના નામ આ પ્રમાણે છે - (૧) ભોગંકરા, (૨) ભોગવતી, (૩) સુભોગા, (૪) ભોગમાલિની, (૫) સુવત્સા, (૬) વત્સમિત્રા, (૭) પુષ્પમાલા અને (૭) નંદિતા.□

□ કલ્પસૂત્રની ટીકામાં આને અનિંદિતા કહી છે.

દેવકુરુ-ઉત્તરકુરુની જીવા = (□ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ x ૨) + મેરુ પર્વતની પહોળાઈ – બન્ને ગજદંતપર્વતોની પહોળાઈ

= (૨૨,૦૦૦ x ૨) + ૧૦,૦૦૦ – (૫૦૦ x ૨)

= ૪૪,૦૦૦ + ૧૦,૦૦૦ – ૧,૦૦૦

= ૫૩,૦૦૦ યોજન = ૧૦,૦૭,૦૦૦ કળા

દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ (ઈષુ) =

$$\frac{\text{મહાવિદેહક્ષેત્રની પહોળાઈ} - \text{મેરુપર્વતની પહોળાઈ}}{૨}$$

$$= \frac{૩૩,૬૮૪ \text{ યો. } ૪ \text{ ક.} - ૧૦,૦૦૦ \text{ યો.}}{૨}$$

$$= \frac{૨૩,૬૮૪ \text{ યો. } ૪ \text{ ક.}}{૨}$$

= ૧૧,૮૪૨ યો. ૨ ક. = ૨,૨૫,૦૦૦ કળા

ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ =

$$\frac{\text{દેવકુરુ કે ઉત્તરકુરુની જીવા} + \text{બન્ને ગજદંતપર્વતોની પહોળાઈ} - \text{મેરુપર્વતની પહોળાઈ}□}{૨}$$

$$= \frac{૫૩,૦૦૦ + (૫૦૦ \text{ x } ૨) - ૧૦,૦૦૦}{૨}$$

$$= \frac{૫૩,૦૦૦ + ૧,૦૦૦ - ૧૦,૦૦૦}{૨}$$

$$= \frac{૪૪,૦૦૦}{૨}$$

= ૨૨,૦૦૦ યોજન

□ મેરુપર્વતની પૂર્વમાં અને પશ્ચિમમાં ભદ્રશાલવન છે.

દેવકુરુ-ઉત્તરકુરુનું ધનુઃપૃષ્ઠ $= \sqrt{(\text{ઇષુ})^2 \times ૬ + (\text{જીવા})^2}$

$= \sqrt{(૨,૨૫,૦૦૦)^2 \times ૬ + (૧૦,૦૭,૦૦૦)^2}$

$= \sqrt{૫૦,૬૨,૫૦,૦૦,૦૦૦ \times ૬ + ૧૦,૧૪,૦૪,૯૦,૦૦,૦૦૦}$

$= \sqrt{૩,૦૩,૭૫,૦૦,૦૦,૦૦૦ + ૧૦,૧૪,૦૪,૯૦,૦૦,૦૦૦}$

$= \sqrt{૧૩,૧૭,૭૯,૯૦,૦૦,૦૦૦}$

= સાધિક ૧૧,૪૭,૯૫૪ કળા

= સાધિક ૬૦,૪૧૮ યોજન ૧૨ કળા

૨,૨૫,૦૦૦	૧૦,૦૭,૦૦૦
x ૨,૨૫,૦૦૦	x ૧૦,૦૭,૦૦૦
૧૧૨૫૦૦૦૦૦૦	૭૦૪૯૦૦૦૦૦૦
૪૫૦૦૦૦૦૦૦૦	+ ૧૦૦૭૦૦૦૦૦૦૦૦
+ ૪૫૦૦૦૦૦૦૦૦	૧૦૧૪૦૪૯૦૦૦૦૦૦
૫૦૬૨૫૦૦૦૦૦૦	

૧૧,૪૭,૯૫૪ કળા

૧	૧૩૧૭૭૯૯૦૦૦૦૦૦
+ ૧	-૧
૨૧	૦૩૧
+ ૧	-૨૧
૨૨૪	૧૦૭૭
+ ૪	-૮૯૬
૨૨૮૭	૦૧૮૧૯૯
+ ૭	-૧૬૦૦૯
૨૨૯૪૯	૦૨૧૯૦૦૦
+ ૯	-૨૦૬૫૦૯
૨૨૯૫૮૫	૦૧૨૪૯૧૦૦
+ ૫	-૧૧૪૭૯૨૫
૨૨૯૫૯૦૪	૦૧૦૧૧૭૫૦૦
+ ૪	- ૯૧૮૩૬૧૬
૨૨૯૫૯૦૮	૦૦૯૩૩૮૮૪

૬૦,૪૧૮ યોજન

૧૯	૧૧૪૭૯૫૪
	-૧૧૪
	૦૦૦૭૯
	-૭૬
	૦૩૫
	-૧૯
	૧૬૪
	-૧૫૨
	૦૧૨ કળા

દરેક ગજદંતપર્વતની લંબાઈ = $\frac{\text{દેવકુરુ કે ઉત્તરકુરુનું ધનુઃપૃષ્ઠ}}{૨}$

= $\frac{\text{સા. ૬૦,૪૧૮ યો. ૧૨ ક.}}{૨}$ = સાધિક ૩૦,૨૦૯ યોજન ૬ કળા

વિચિત્રકૂટ - ચિત્રકૂટ અને યમક પર્વતો :

નિષધપર્વતના ઉત્તર છેડાથી દેવકુરુમાં સાધિક ૮૩૪ $^{૪}/_{૭}$ યોજન જઈએ એટલે સીતોદા નદીના પૂર્વ કિનારે વિચિત્રકૂટ પર્વત છે અને પશ્ચિમ કિનારે ચિત્રકૂટ પર્વત છે.

એ જ રીતે નીલવંતપર્વતના દક્ષિણ છેડાથી ઉત્તરકુરુમાં સાધિક ૮૩૪ $^{૪}/_{૭}$ યોજન જઈએ એટલે સીતા નદીના બન્ને કિનારે ૧-૧ યમક પર્વત છે.

આ ચારે પર્વતો ૧-૧ પદ્મવરવેદિકાથી અને ૧-૧ વનખંડથી વીંટાયેલા છે. ચારે પર્વતો મૂળમાં ૧,૦૦૦ યોજન લાંબા-પહોળા છે, વચ્ચે ૭૫૦ યોજન લાંબા-પહોળા છે અને ઉપર ૫૦૦ યોજન લાંબા-પહોળા છે. તેઓ ૧,૦૦૦ યોજન ઊંચા છે અને ૨૫૦ યોજન ભૂમિમાં અવગાઢ છે. તેમની મૂળમાં પરિધિ સાધિક ૩,૧૬૨ યોજન છે, વચ્ચે પરિધિ દેશોન ૨,૩૭૨ યોજન છે, ઉપરની પરિધિ સાધિક ૧,૫૮૧ યોજન છે (હરિકૂટની જેમ, જુઓ પાના નં. ૧૨૮-૧૨૯).

આ ચારે પર્વતો સુવર્ણના છે. તેમની ઉપર મધ્યમાં ૧-૧ પ્રાસાદાવતંસક છે. તે ૬૨ $^{૧}/_{૨}$ યોજન ઊંચા અને ૩૧ $^{૧}/_{૪}$ યોજન લાંબા-પહોળા છે. તેમાં વચ્ચે પર્વતના નામવાળા અધિપતિ દેવનું સિંહાસન છે અને તેની ચારે બાજુ સામાનિક દેવોના સિંહાસનો છે. અધિપતિ દેવોના આયુષ્ય, પરિવાર અને રાજધાની દક્ષિણ-ભરતાર્ધદેવની જેમ જાણવા. વિચિત્રકૂટદેવ - ચિત્રકૂટદેવની રાજધાની મેરુપર્વતથી દક્ષિણમાં છે અને યમકદેવોની રાજધાની મેરુપર્વતથી ઉત્તરમાં છે.

દેવકુરુ-ઉત્તરકુરુના ૫-૫ દ્રહો :

દેવકુરુમાં વિચિત્રકૂટ - ચિત્રકૂટ પર્વતોથી ઉત્તરમાં સા. ૮૩૪ $^{૪}/_{૭}^{\square}$ યોજન પછી નિષધ દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન ઉત્તરમાં જતા દેવકુરુ દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન ઉત્તરમાં જતા સૂર દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન ઉત્તરમાં જતા સુલસ દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન ઉત્તરમાં જતા વિદ્યુત્પ્રભ દ્રહ છે.

ઉત્તરકુરુમાં યમક પર્વતોથી સા. ૮૩૪ $^{૪}/_{૭}^{\square}$ યોજન દક્ષિણમાં નીલવંત દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન દક્ષિણમાં ઉત્તરકુરુ દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન દક્ષિણમાં ચન્દ્ર દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન દક્ષિણમાં ઐરાવત$^{\Delta}$ દ્રહ છે.

તેનાથી સા. ૮૩૪$^{૪}/_{૭}^{\square}$ યોજન દક્ષિણમાં માલ્યવંત દ્રહ છે.

દરેક દ્રહ ઉત્તર-દક્ષિણ ૧,૦૦૦ યોજન લાંબા છે અને પૂર્વ-પશ્ચિમ ૫૦૦ યોજન પહોળા છે. દરેક દ્રહમાં દ્રહના નામવાળો ૧ પલ્યોપમ આયુષ્યવાળો અધિપતિ દેવ વસે છે. તેમનો પરિવાર

$\square$ દેવકુરુકે ઉત્તરકુરુની પહોળાઈ $-\frac{(\text{પદ્મદ્રહની લંબાઈ} + \text{વિચિત્રકૂટ કે યમકપર્વતની લંબાઈ})}{૭}$

$= \frac{૧૧,૮૪૨ \text{ યો. } ૨ \text{ ક.} - (૫ \times ૧૦૦૦ + ૧૦૦૦)}{૭}$


$= \frac{૫૮૪૨ \text{ યો. } ૨ \text{ ક.}}{૭} = \text{સાધિક } ૮૩૪ \frac{૪}{૭} \text{ યોજન}$

અહિં સાધિક ૮૩૪ $\frac{૪}{૭}$ યોજન $= ૮૩૪ \text{ યોજન } \frac{૧૯ \times ૪}{૭} + \frac{૨}{૭} \text{ કળા}$

$= ૮૩૪ \text{ યોજન } \frac{૭૮}{૭} \text{ કળા}$

$= ૮૩૪ \text{ યોજન } ૧૧ \frac{૧}{૭} \text{ કળા}$

Δ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૩૩** અને તેની **ટીકા**માં આ દ્રહનું નામ ઐરવત કહ્યું છે.


દેવકુરુમાં દ્રહ અને કાંચનગિરિ
← કાંચનગિરિ
પશ્ચિમ
નિષધ દ્રહ
પશ્ચિમદ્રહ
ઉત્તર
સીતોદાનદી
આઠ પ્રમાણે
પૂર્વ
પૂર્વ દ્રહ
1000 યોજન લાંબા
500 યોજન પહોળા
10 યોજન ઉંડા
બીજો દ્રહ
આઠ પ્રમાણે ૮૩૪ ૧૯/૧૯ યોજન
આંતરે બીજા ૪ દ્રહો
૬૩૪ કંચનગિરિ દ્રહથી-
૧૦ યોજન દૂર કમળમાં ૧૦૦ યોજન વિસ્તારવાળા ઉંચા ૧૦૦ યો.

અને રાજધાની દક્ષિણ ભરતાર્ધદેવની જેમ જાણવા. મેરુપર્વતથી ઉત્તર તરફના દ્રહોના અધિપતિ દેવોની રાજધાની મેરુપર્વતથી ઉત્તરમાં છે અને મેરુપર્વતથી દક્ષિણ તરફના દ્રહોના અધિપતિ દેવોની રાજધાની મેરુપર્વતથી દક્ષિણમાં છે. નીલવંત દ્રહનો અધિપતિ નાગકુમારેન્દ્ર છે, શેષદ્રહોના અધિપતિ વ્યંતર દેવો છે. દરેક દ્રહની ચારે બાજુ ફરતી૧-૧ પદ્મવરવેદિકા અને ૧-૧ વનખંડ છે. દરેક દ્રહમાં ૩ પગથિયાવાળા ઘણા દ્વારો છે. દરેક દ્વારને ૧-૧ તોરણ છે. દ્વારોનું વર્ણન પૂર્વેની જેમ જાણવું.

કાંચનગિરિ :

ઉપરના દરેક દ્રહની પૂર્વ દિશામાં અને પશ્ચિમ દિશામાં ૧૦-૧૦ યોજન દૂર ૧૦-૧૦ પર્વતો છે. તેઓ મૂળમાં જોડાયેલા છે. કુલ ૨૦૦ પર્વતો છે. તેમને કાંચનગિરિ કહેવાય છે. તે દરેક ૧-૧ પદ્મવરવેદિકા અને ૧-૧ વનખંડથી વીંટાયેલા છે. દરેક પર્વત મૂળમાં ૧૦૦ યોજન લાંબો-પહોળો છે, વચ્ચે ૭૫ યોજન લાંબો-પહોળો છે અને ઉપર ૫૦ યોજન લાંબો-પહોળો છે. દરેક પર્વત ૧૦૦ યોજન ઊંચો છે. આ પર્વતો વૈતાઢ્યકૂટ કરતા ૧૬ ગુણા પ્રમાણવાળા છે.

મૂળમાં પરિધિ = $\sqrt{૧૦૦ \times ૧૦૦ \times ૧૦} = \sqrt{૧,૦૦,૦૦૦}$
= સાધિક ૩૧૬ યોજન

		૩૧૬
૩		૧૦૦૦૦૦
+ ૩		− ૯
૬૧		૦૧૦૦
+ ૧		− ૬૧
૬૨૬		૦૩૯૦૦
+ ૬		− ૩૭૫૬
૬૩૨		૦૧૪૪

વચ્ચે પરિધિ = $\sqrt{૭૫ \times ૭૫ \times ૧૦} = \sqrt{\ ૫૬,૨૫૦}$
= સાધિક ૨૩૭ યોજન

		૨૩૭
૨		૫૬૨૫૦
+ ૨		−૪
૪૩		૧૬૨
+ ૩		−૧૨૯
૪૬૭		૦૩૩૫૦
+ ૭		−૩૨૬૯
૪૭૪		૦૦૮૧

ઉપરની પરિધિ = $\sqrt{૫૦ \times ૫૦ \times ૧૦}$ = $\sqrt{૨૫,૦૦૦}$ = સાધિક ૧૫૮ યોજન


		૧૫૮
૧		૨૫૦૦૦
+ ૧		−૧
૨૫		૧૫૦
+ ૫		−૧૨૫
૩૦૮		૦૨૫૦૦
+ ૮		−૨૪૬૪
૩૧૬		૦૦૩૬


દરેક કાંચનગિરિની ઉપર ૧-૧ પ્રાસાદાવતંસક છે. તે દરેક ૬૨$^{૧}/_{૨}$ યોજન ઊંચા અને ૩૧$^{૧}/_{૪}$ યોજન પહોળા છે. તે દરેકમાં ૧-૧ મણિપીઠિકા છે. તે ૨ યોજન લાંબી-પહોળી છે. તેની ઉપર પરિવારસહિત અધિપતિદેવોનું ૧ સિંહાસન છે. અધિપતિદેવોનું નામ કાંચનદેવ છે. તેમના રાજધાની અને પરિવાર દક્ષિણભરતાર્ધદેવની જેમ જાણવા. મેરુપર્વતથી ઉત્તર તરફના કાંચનગિરિના અધિપતિની રાજધાની મેરુપર્વતથી ઉત્તરમાં છે અને મેરુપર્વતથી દક્ષિણ તરફના કાંચનગિરિના અધિપતિની રાજધાની મેરુપર્વતથી દક્ષિણમાં છે.

જંબૂવૃક્ષ :

ઉત્તરકુરુની મધ્યમાં વહેતી સીતા મહાનદી ઉત્તરકુરુના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ બે ભાગ કરે છે. તેમાં પૂર્વાર્ધની મધ્યમાં જાંબૂનદસુવર્ણની જંબૂપીઠ છે. તે ૫૦૦ યોજન લાંબી-પહોળી છે. તેની પરિધિ સાધિક ૧,૫૮૧ યોજન છે. તે પીઠ મધ્યમાં ૧૨ યોજન જાડી છે. તે ક્રમશઃ ઘટતી ઘટતી અંતે ૨ ગાઉ જાડી છે. તેની ચારે બાજુ ફરતી ૧ સર્વરત્નની પદ્મવરવેદિકા છે. તે ૫૦૦ ધનુષ્ય પહોળી અને ૨ ગાઉ ઊંચી છે. જંબૂપીઠની ચારે દિશામાં ૩ પગથિયાવાળુ ૧-૧ દ્વાર છે. તે ૨ ગાઉ ઊંચા અને ૧ ગાઉ પહોળા છે. દ્વારોનો નીચેનો ભાગ વજ્રનો છે, ઉપરનો ભાગ રિષ્ટરત્નનો છે. દ્વારોમાં વૈડૂર્યરત્નના થાંભલા છે, સુવર્ણ-રજતના ફલક છે, વૈડૂર્યરત્નના ફલકના સાંધા છે, વિવિધમણિના કઠેડા છે. ચારે દ્વારોમાં ૧-૧ તોરણ છે. તોરણનું સ્વરૂપ પૂર્વે મુજબ જાણવું.

જંબૂપીઠની મધ્યમાં ૧ મણિમય પીઠિકા છે. તે ૮ યોજન લાંબી-પહોળી અને ૪ યોજન ઊંચી છે. તેની ઉપર જંબૂવૃક્ષ છે. તેને ફરતા ૧૨ પ્રાકારવિશેષ (વેદિકાઓ) છે. જંબૂવૃક્ષનું મૂળ વજ્રનું છે, કંદ અરિષ્ટરત્નનું છે, સ્કંધ વૈડૂર્યરત્નનું છે. શાખાઓ સુવર્ણની છે, પ્રશાખાઓ જાતરૂપ સુવર્ણની છે, વચ્ચેની ઉપર તરફની વિડિમા શાખા રજતની છે, પાંદડા વૈડૂર્યરત્નના છે, પાંદડાના ડીંટિયા તપનીય સુવર્ણના છે, પ્રતિશાખામાં થયેલા ગુચ્છા જાંબૂનદસુવર્ણના છે, અંકુરા રજતના છે, પુષ્પો અને ફળો રત્નના છે. શાખાસહિત જંબૂવૃક્ષની પહોળાઈ અને ઊંચાઈ ૮ યોજન છે. જંબૂવૃક્ષ ભૂમિમાં ૨ ગાઉ અવગાઢ છે. જંબૂવૃક્ષનો સ્કંધ (થળ) ૨ યોજન ઊંચો અને ૨ ગાઉ પહોળો છે. વિડિમા શાખા ૬ યોજન ઊંચી છે. જંબૂવૃક્ષની ચારે દિશામાં ૧-૧ શાખા છે. તે ૩ યોજન ૩ ગાઉ લાંબી છે. પૂર્વશાખાની મધ્યમાં અનાદૃતદેવનું ૧ ભવન છે. તે સર્વરત્નનું છે. તે વિવિધ મણિના સેંકડો થાંભલાવાળુ છે. તે ૧ ગાઉ લાંબુ, $^{1}/_{2}$ ગાઉ પહોળુ અને દેશોન ૧ ગાઉ ઊંચુ છે. તેની પશ્ચિમ સિવાયની ૩ દિશામાં ૧-૧ દ્વાર છે. તે ૫૦૦ ધનુષ્ય ઊંચા અને


સુદર્શન નામનું જંબૂવૃક્ષ
ચૈત્ય
પ્રાસાદ
પ્રાસાદ
પ્રાસાદ
૧૧ યો.
૧૧ યો.
૧૧ યો.
૨ યોજન ઉંચું
૨ ગાઉ ઝૂલું થડ
૨ યોજન ઉંચું પીઠ
ઉંચાઈમાં અનુક્રમે વધતું
૨ ગાઉ ઉંચાઈ
૫૦૦ યોજન સમવૃત્ત જંબૂ પીઠ
૨ ગાઉ



કૂટોનો વિસ્તાર ૧૨ યોજન, ઊંચાઈ ૮ યોજન
ચાર દિશાના ભવનોમાં શય્યા છે.
ચાર વિદિશામાં પ્રાસાદોમાં સિંહાસન છે.

૨૫૦ ધનુષ્ય પહોળા છે. ભવનની વચ્ચે મણિની ૧ પીઠિકા છે. તે ૫૦૦ ધનુષ્ય લાંબી-પહોળી અને ૨૫૦ ધનુષ્ય ઊંચી છે. તેની ઉપર ૧ શય્યા છે. શેષ ૩ શાખાઓ ઉપર સર્વરત્નના ૧-૧ પ્રાસાદાવતંસક છે. તે ૧ ગાઉ લાંબા, $^{1}/_{2}$ ગાઉ પહોળા અને દેશોન ૧ ગાઉ ઊંચા□ છે. તેમાં ૫૦૦ ધનુષ્ય લાંબી-પહોળી અને ૨૫૦ ધનુષ્ય ઊંચી ૧-૧ મણિપીઠિકા છે. તેમની ઉપર અનાદૃતદેવનું સર્વરત્નનું ૧-૧ સિંહાસન છે. વિડિમાની ઉપર ૧ સિદ્ધાયતન છે. તેનું પ્રમાણ પ્રાસાદાવતંસક જેટલું છે. તેમાં વિવિધ મણિના સેંકડો થાંભલા છે. ભવનના દ્વાર જેવા તેમાં પણ ૩ દ્વાર છે. સિદ્ધાયતનની મધ્યમાં ભવનની મણિપીઠિકા જેવી ૧ મણિપીઠિકા છે. તેની ઉપર સર્વરત્નનો ૧ દેવચ્છંદો છે. તે ૫૦૦ ધનુષ્ય લાંબો-પહોળો અને સાધિક ૫૦૦ ધનુષ્ય ઊંચો છે. તેમાં ૫૦૦ ધનુષ્યની ૧૦૮ જિનપ્રતિમા છે. તે સિદ્ધાયતન કૂટની જિનપ્રતિમા તુલ્ય છે.

આ મૂળ જંબૂવૃક્ષની ચારે બાજુ ફરતા પહેલા વલયમાં બધી રીતે તેના કરતાં અડધા પ્રમાણવાળા ૧૦૮ જંબૂવૃક્ષ છે. પદ્મદ્રહના બીજા-ત્રીજા વલયોની જેમ અહીં પણ બીજા-ત્રીજા વલયોમાં જંબૂવૃક્ષો છે. ત્યાં મહત્તરિકાઓ કહેલી, અહીં અગ્રમહિષિઓ છે. આ ત્રણ વલયો પછી ચારે બાજુ ફરતા ૩ વનખંડ છે. પ્રથમ વનખંડમાં ચારે દિશામાં ૫૦ યોજન પછી ૧-૧ ભવન છે. તે પૂર્વશાખાના ભવન જેવા છે. પ્રથમ વનખંડમાં ચારે વિદિશામાં ૪-૪ વાવડીઓ છે. તે આ પ્રમાણે-

વાવડીઓના નામ

વિદિશા	પૂર્વમાં	દક્ષિણમાં	પશ્ચિમમાં	ઉત્તરમાં
ઈશાન ખૂણામાં	પદ્મા	પદ્મપ્રભા	કુમુદા	કુમુદપ્રભા
અગ્નિ ખૂણામાં	ઉત્પલગૌમા	નલિના	ઉત્પલોજ્જ્વલા	ઉત્પલા
નૈઋત્ય ખૂણામાં	ભૃંગા	ભૃંગનિભા	અંજના	કજ્જલપ્રભા
વાયવ્ય ખૂણામાં	શ્રીકાંતા	શ્રીમહિતા	શ્રીચંદ્રા	શ્રીનિલયા

□ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૪૧**માં આ પ્રાસાદાવતંસકની ઊંચાઈ શ્રીદેવીના ભવનની ઊંચાઈ જેટલી એટલે ૧,૪૪૦ ધનુષ્ય કહી છે.

દરેક વાવડી ૧ ગાઉ લાંબી, $^{૧}/_{૨}$ ગાઉ પહોળી અને □૫૦૦ ધનુષ્ય ઊંડી છે. દરેક વાવડીની ચારે બાજુ ફરતી ૧-૧ પદ્મવરવેદિકા અને ૧-૧ વનખંડ છે. દરેક વિદિશામાં ૪-૪ વાવડીઓની મધ્યમાં ૧-૧ પ્રાસાદાવતંસક છે. તે જંબૂવૃક્ષની શાખાના પ્રાસાદાવતંસક જેવા છે. પ્રથમવનખંડમાં ૪ ભવન અને ૪ પ્રાસાદના ૮ આંતરામાં ૧-૧ કૂટ છે. કુલ ૮ કૂટ છે. તે વૃષભકૂટની તુલ્ય છે. મતાંતરે તે મૂળમાં ૮ યોજન, વચ્ચે ૬ યોજન, ઉપર ૪ યોજન લાંબા-પહોળા છે. તેમની મૂળમાં પરિધિ સાધિક ૨૫ યોજન છે, વચ્ચે પરિધિ = $\sqrt{૬ \times ૬ \times ૧૦} = \sqrt{૩૬૦}$ = સાધિક ૧૮ યોજન છે અને ઉપરની પરિધિ સાધિક ૧૨ યોજન છે.

		૧૮
	૧	૩૬૦
+	૧	−૧
	૨૮	૨૬૦
+	૮	−૨૨૪
	૩૬	૦૩૬

આ દરેક કૂટ જાંબૂનદ સુવર્ણનું છે. તે ૧ પદ્મવરવેદિકા અને ૧ વનખંડથી વીંટાયેલું છે. દરેક કૂટની ઉપર ૧ સિદ્ધાયતન છે. તે વિડિમાના સિદ્ધાયતનની તુલ્ય છે.

જંબૂવૃક્ષના ૧૨ નામ છે. તે આ પ્રમાણે -

(૧) સુદર્શના	(૪) યશોધરા	(૭) સુજાતા	(૧૦) સૌમનસા
(૨) અમોઘા	(૫) ભદ્રા	(૮) સુમના	(૧૧) નિયતા
(૩) સુપ્રબુદ્ધા	(૬) વિશાલા	(૯) વિદેહજંબૂ	(૧૨) નિત્યમંડિતા

જંબૂવૃક્ષનો અધિપતિ અનાદૃતદેવ છે. તેના આયુષ્ય-પરિવાર-રાજધાની દક્ષિણભરતાર્ધદેવની જેમ જાણવા. તેની રાજધાની મેરુપર્વતથી ઉત્તરમાં છે.

□લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૪૪ની ટીકામાં વાવડીઓની ઊંડાઈ ૨૫૦ ધનુષ્ય કહી છે.

શાલ્મલીવૃક્ષ :

દેવકુરુની મધ્યમાં વહેતી સીતોદા મહાનદી તેના પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ એમ બે ભાગ કરે છે. પશ્ચિમાર્ધની મધ્યમાં રજતમય શાલ્મલીપીઠ છે. તેની ઉપર શાલ્મલીવૃક્ષ છે. તેનો અધિપતિ ગરુડવેગદેવ છે. તેની રાજધાની મેરુથી દક્ષિણમાં છે. શેષ બધુ જંબૂવૃક્ષની જેમ જાણવું. શાલ્મલીવૃક્ષ સુવર્ણકુમારના ઈન્દ્ર વેણુદેવ અને વેણુદાલિનું કીડાસ્થાન છે.

મેરુપર્વત :

મહાવિદેહક્ષેત્રની મધ્યમાં ગોપુચ્છાકારે રત્નનો મેરુપર્વત છે. તે ૯૯,૦૦૦ યોજન ઊંચો અને ૧,૦૦૦ યો. ભૂમિમાં અવગાઢ છે. તેની લંબાઈ-પહોળાઈ મૂળમાં ૧૦,૦૯૦ $^{૧૦}/_{૧૧}$ યોજન પૃથ્વીતલ ઉપર ૧૦,૦૦૦ યોજન છે અને ઉપર ૧,૦૦૦ યોજન છે.

$$\text{મૂળમાં પરિધિ} = \sqrt{૧૦,૦૯૦\ \frac{૧૦}{૧૧} \times ૧૦,૦૯૦\ \frac{૧૦}{૧૧} \times ૧૦}$$

$$= \sqrt{\frac{(૧,૧૦,૯૯૦ + ૧૦)}{૧૧} \times \frac{(૧,૧૦,૯૯૦ + ૧૦)}{૧૧} \times ૧૦}$$


$$= \frac{૧}{૧૧} \sqrt{૧,૧૧,૦૦૦ \times ૧,૧૧,૦૦૦ \times ૧૦}$$

$$= \frac{૧}{૧૧} \sqrt{૧,૨૩,૨૧,૦૦,૦૦,૦૦૦}$$

$$= \frac{૧}{૧૧} \times \text{સા. } ૩,૫૧,૦૧૨ \text{ યોજન}$$

$$= \frac{૧}{૧૧} \times ૩,૫૧,૦૧૩ \text{ યોજન}$$

$$= ૩૧,૯૧૦\ \frac{૩}{૧૧} \text{ યોજન}$$


મેરુ પર્વત
પંડક વન
૧૨
૧૦૦૦
૩૬૦૦૦ યોજન
૩ જો કાંડ
સૌમનસ વન
બીજી મેખલા
૨૫૦૦ યોજન
૨ જો કાંડ
સર્વ-ઉંચાઈ ૧૦૦૦૦૦ યોજન
નંદન વન
નંદન વન
પહેલી મેખલા
૫૦૦ યોજન
ભદ્રશાલ
અહિં ભૂમિ સ્થાને ૧૦૦૦૦ યોજન વિસ્તૃત
ભદ્રશાલ વન
૧૦૦૦ યો. ન ઉંચાઈ
૧લો કાંડ
કંદ વિભાગ
૧૦૯૯૦ યો. ૧૦ ભાગ

		૩,૫૧,૦૧૨
૩		૧૨૩૨૧૦૦૦૦૦૦
+ ૩		−૯
૬૫		૦૩૩૨
+ ૫		−૩૨૫
૭૦૧		૦૦૭૧૦
+ ૧		−૭૦૧
૭૦૨૦૧		૦૦૯૦૦૦૦
+ ૧		−૭૦૨૦૧
૭૦૨૦૨૨		૧૯૭૯૯૦૦
+ ૨		−૧૪૦૪૦૪૪
૭૦૨૦૨૪		૦૫૭૫૮૫૬

પૃથ્વીતલ ઉપર પરિધિ $= \sqrt{૧૦,૦૦૦ \times ૧૦,૦૦૦ \times ૧૦}$

$= \sqrt{૧,૦૦,૦૦,૦૦,૦૦૦}$

= સાધિક ૩૧,૬૨૨ યોજન

= ૩૧,૬૨૩ યોજન

		૩૧,૬૨૨
૩		૧૦૦૦૦૦૦૦૦૦
+ ૩		− ૯
૬૧		૦૧૦૦
+ ૧		− ૬૧
૬૨૬		૩૯૦૦
+ ૬		−૩૭૫૬
૬૩૨૨		૦૧૪૪૦૦
+ ૨		−૧૨૬૪૪
૬૩૨૪૨		૦૧૭૫૬૦૦
+ ૨		− ૧૨૬૪૮૪
૬૩૨૪૪		૦૪૯૧૧૬

ઉપરની પરિધિ $= \sqrt{\text{૧,૦૦૦ x ૧,૦૦૦ x ૧૦}}$

$= \sqrt{\text{૧,૦૦,૦૦,૦૦૦}}$

= સાધિક ૩,૧૬૨ યોજન

	૩,૧૬૨
૩	૧૦૦૦૦૦૦૦
+ ૩	− ૯
૬૧	૦ ૧૦૦
+ ૧	− ૬ ૧
૬૨૬	૦ ૩૯૦૦
+ ૬	− ૩૭૫૬
૬૩૨૨	૦ ૧૪૪૦૦
+ ૨	− ૧૨૬૪૪
૬૩૨૪	૦ ૧૭૫૬

મેરુપર્વતની ટોચથી નીચે આવતા પહોળાઈ જાણવાનું કરણ :

ઉપરથી નીચે જેટલું ઊતર્યા હોઈએ તે અ યોજન.

તે સ્થાને પહોળાઈ $= \frac{\text{અ}}{\text{૧૧}} + \text{૧,૦૦૦}$

દા.ત., ઉપરથી ૧,૦૦,૦૦૦ યોજન ઊતર્યા પછી પહોળાઈ

$= \frac{\text{૧,૦૦,૦૦૦}}{\text{૧૧}} + \text{૧,૦૦૦}$

$= \text{૯,૦૯૦}\ \frac{\text{૧૦}}{\text{૧૧}} + \text{૧,૦૦૦} = \text{૧૦,૦૯૦}\ \frac{\text{૧૦}}{\text{૧૧}}$ યોજન

મેરુપર્વતમાં નીચેથી ઉપર જતા પહોળાઈ જાણવાનું કરણ :

નીચેથી ઉપર જેટલું ચઢીએ તે અ યોજન.

તે સ્થાને પહોળાઈ = મૂળ પહોળાઈ $- \frac{\text{અ}}{\text{૧૧}}$

દા.ત., નીચેથી ૧,૦૦,૦૦૦ યોજન ઉપર ગયા પછી પહોળાઈ

$$= ૧૦,૦૯૦ \frac{૧૦}{૧૧} - \frac{૧,૦૦,૦૦૦}{૧૧}$$

$$= ૧૦,૦૯૦ \frac{૧૦}{૧૧} - ૯,૦૯૦ \frac{૧૦}{૧૧} = ૧,૦૦૦ \text{ યોજન}$$

મેરુપર્વતમાં ઉપરથી નીચે જતા પહોળાઈમાં એક બાજુની-બે બાજુની વૃદ્ધિ જાણવા અને નીચેથી ઉપર જતા પહોળાઈમાં એક બાજુની-બે બાજુની હાનિ જાણવા કરણ :

પહોળાઈમાં એક બાજુની વૃદ્ધિ કે હાનિ

$$= \frac{\text{મૂળપહોળાઈ} - \text{ઉપરની પહોળાઈ}}{૨} \times \frac{૧}{\text{ઊંચાઈ}}$$

$$= \frac{૧૦,૦૯૦ \frac{૧૦}{૧૧} - ૧૦૦૦}{૨} \times \frac{૧}{૧,૦૦,૦૦૦}$$

$$= \frac{૯,૦૯૦ \frac{૧૦}{૧૧}}{૨} \times \frac{૧}{૧,૦૦,૦૦૦}$$

$$= \frac{૪,૫૪૫ \frac{૫}{૧૧}}{૧,૦૦,૦૦૦}$$

$$= \frac{૪૯,૯૯૫ + ૫}{૧૧,૦૦,૦૦૦} = \frac{૫૦,૦૦૦}{૧૧,૦૦,૦૦૦}$$

$$= \frac{૫}{૧૧૦} = \frac{૧}{૨૨} \text{ યોજન}$$

પહોળાઈમાં બે બાજુની વૃદ્ધિ કે હાનિ = પહોળાઈમાં ૧ બાજુની વૃદ્ધિ કે હાનિ x ૨

$$= \frac{૧}{૨૨} \times ૨ = \frac{૧}{૧૧} \text{ યોજન}$$

મેરુપર્વતની ઊંચાઈ જાણવા કરણ :

ઊંચાઈ = (મૂળ પહોળાઈ – તે સ્થાનની પહોળાઈ) x ૧૧

દા.ત., જ્યાં પહોળાઈ ૧,૦૦૦ યોજન છે ત્યાં ઊંચાઈ =

$(૧૦,૦૯૦ \frac{૧૦}{૧૧} - ૧,૦૦૦) \times ૧૧$

$= ૯,૦૯૦ \frac{૧૦}{૧૧} \times ૧૧$

$= ૯૯,૯૯૦ + ૧૦ = ૧,૦૦,૦૦૦$ યોજન

મેરુપર્વતના ત્રણ કાંડ છે. પહેલો કાંડ ૧,૦૦૦ યોજન ઊંચો છે. તે ભૂમિમાં અવગાઢ છે. બીજો કાંડ ૬૩,૦૦૦ યોજન ઊંચો છે, તે ભૂમિની ઉપર છે. ત્રીજો કાંડ ૩૬,૦૦૦ યોજન ઊંચો છે. પહેલા કાંડમાં ક્યાંક પૃથ્વી વધુ છે, ક્યાંક પત્થર વધુ છે, ક્યાંક હીરા વધુ છે, ક્યાંક કાંકરા વધુ છે. બીજા કાંડમાં ક્યાંક રજત વધુ છે, ક્યાંક સુવર્ણ વધુ છે, ક્યાંક અંકરત્ન વધુ છે, ક્યાંક સ્ફટિકરત્ન વધુ છે. ત્રીજો કાંડ જાંબૂનદ સુવર્ણનો છે. **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૧૨ની ટીકા**માં કહ્યું છે કે પહેલા કાંડમાં પહેલા ૨૫૦ યોજન પૃથ્વી (માટી) મય છે, પછી ૨૫૦ યોજન પાષાણમય છે, પછી ૨૫૦ યોજન હીરામય છે, પછી ૨૫૦ યોજન કાંકરામય છે. બીજા કાંડમાં પહેલા ૧૫,૭૫૦ યોજન સ્ફટિકરત્નમય છે, પછી ૧૫,૭૫૦ યોજન અંકરત્નમય છે, પછી ૧૫,૭૫૦ યોજન રજતમય છે અને પછી ૧૫,૭૫૦ યોજન સુવર્ણમય છે. મેરુપર્વતના ઉપરિતલની મધ્યમાં ૪૦ યોજન ઊંચી વર્તુળાકાર ચૂલિકા છે. તે વૈડૂર્યરત્નની બહુલતાવાળી છે. તેની ઉપર એક શાશ્વત જિનચૈત્ય છે. તે શ્રીદેવીના ભવનપ્રમાણ છે.

ભદ્રશાલવન :

મેરુપર્વતની તળેટીમાં પૂર્વ-પશ્ચિમ ૪૪,૦૦૦ યોજન લાંબુ અને ઉત્તર-દક્ષિણ ૫૦૦ યોજન પહોળુ મેરુપર્વતની ચારે બાજુ ફરતુ

વલયાકારે ભદ્રશાલવન છે. તેની ૧ દિશાની લંબાઈને ૮૮ થી ભાગતા ૧ દિશાની પહોળાઈ આવે.

$$૧ \text{ દિશાની પહોળાઈ} = \frac{૨૨,૦૦૦}{૮૮} = ૨૫૦ \text{ યોજન.}$$

૧ દિશાની પહોળાઈને ૮૮ થી ગુણતા ૧ દિશાની લંબાઈ આવે.

૧ દિશાની લંબાઈ = ૨૫૦ x ૮૮ = ૨૨,૦૦૦ યોજન.

ભદ્રશાલવનના ૮ વિભાગ છે. એક ભાગ પૂર્વમાં છે, બીજો ભાગ પશ્ચિમમાં છે, ત્રીજો ભાગ દક્ષિણમાં વિદ્યુત્પ્રભ-સૌમનસની વચ્ચે છે, ચોથો ભાગ ઉત્તરમાં ગંધમાદન-માલ્યવંતની વચ્ચે છે. સીતોદા નદી દક્ષિણ અને પશ્ચિમ ભાગના ૨-૨ વિભાગ કરે છે. સીતા નદી ઉત્તર અને પૂર્વ ભાગના ૨-૨ વિભાગ કરે છે. આમ ભદ્રશાલવનના કુલ ૮ વિભાગ થાય છે. ભદ્રશાલવનમાં મેરુપર્વતથી ચારે દિશામાં ૫૦-૫૦ યોજન જતા ૧-૧ સિદ્ધાયતન છે. તે આ પ્રમાણે - પૂર્વમાં સીતાની ઉત્તરમાં, દક્ષિણમાં સીતોદાની પૂર્વમાં, પશ્ચિમમાં સીતોદાની દક્ષિણમાં અને ઉત્તરમાં સીતાની પશ્ચિમમાં. મેરુપર્વતથી ચારે વિદિશામાં ૫૦-૫૦ યોજન જઈએ એટલે ૧-૧ પ્રાસાદ છે. તે આ પ્રમાણે-ઈશાનખૂણામાં ઉત્તરકુરુની અંદર અને સીતાની ઉત્તરમાં, અગ્નિખૂણામાં દેવકુરુની બહાર અને સીતાની દક્ષિણમાં, નૈઋત્યખૂણામાં દેવકુરુની અંદર અને સીતોદાની દક્ષિણમાં, વાયવ્યખૂણામાં ઉત્તરકુરુની બહાર અને સીતોદાની ઉત્તરમાં. સિદ્ધાયતનો ૩૬ યોજન ઊંચા, ૨૫ યોજન પહોળા અને ૫૦ યોજન લાંબા છે. તેમાં વિવિધ મણિના સેંકડો થાંભલા છે. દરેક સિદ્ધાયતનમાં પશ્ચિમ સિવાયની ત્રણ દિશામાં ૧-૧ દ્વાર છે. તે ૮ યોજન ઊંચા અને ૪ યોજન પહોળા છે. સિદ્ધાયતનની વચ્ચે ૧ મણિપીઠિકા છે. તે ૮ યોજન લાંબી-પહોળી અને ૪ યોજન ઊંચી છે. તેની ઉપર ૧ દેવછંદો છે. તે ૮ યોજન લાંબો-પહોળો અને સાધિક ૮ યોજન ઊંચો

ભદ્રશાલ વનના ૮ વિભાગો
પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૨૨૦૦૦ યોજન
દક્ષિણ-ઉત્તર પહોળાઈ ૨૫૦ યોજન.
કુલ ૫૪૦૦૦ યોજન
કુલ-૧૦૫૦૦ યોજન
ઉત્તર
કુરુક્ષેત્ર
મેરુ પર્વત
ભદ્રશાલ વન
શીતોદા નદી
શીતા નદી
પશ્ચિમ
પૂર્વ
દક્ષિણ
ઉત્તર તરફનો પશ્ચિમ વિભાગ
ઉત્તર તરફનો પૂર્વ વિભાગ
પશ્ચિમ તરફનો ઉત્તર વિભાગ
પશ્ચિમ તરફનો દક્ષિણ વિભાગ
પૂર્વ તરફનો ઉત્તર વિભાગ
પૂર્વ તરફનો દક્ષિણ વિભાગ
દક્ષિણ તરફનો પશ્ચિમ વિભાગ
દક્ષિણ તરફનો પૂર્વ વિભાગ
ક્ષેત્ર ૩
દેવકુરુ
ઉત્તરકુરુ
ગંધમાદન પર્વત
માલ્યવાન પર્વત
સૌમનસ પર્વત
વર્તુળમાં અંકેલ આંકડા દીક્ષા પ્રમાણે છે. ③ વર્તુળમાં ગુજરાતી આંકડા સમજ પ્રમાણે છે.

ભદ્રશાલવન
આ ભદ્રશાલ વનમાં મેરુથી ૫૦ યોજન દૂર ચાર દિશાએ ૪ ચૈત્ય નદી પાસે છે, ૪ ઇન્દ્રપ્રાસાદ પર્વતોની પાસે છે, એ આઠના આઠ આંતરામાં ૮ હરિકૂટ છે. ૪ કૂટોનો કેટલોક ભાગ વનમાં અને કેટલોક ભાગ કૂટક્ષેત્રમાં છે.
ઉત્તર
પશ્ચિમ
પૂર્વ
મેરુ પર્વત
૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪ ૧૭
૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૯
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮
મેરુથી ઉત્તર દક્ષિણ વન ૨૫૦ યોજન પહોળું છે, અને પૂર્વ પશ્ચિમ વન દરેક ૨૨૦૦૦-૨૨૦૦૦ યોજન દીર્ઘ છે. અને પહોળાઈમાં અનિયત છે.
દક્ષિણ
દરેક ઇન્દ્રપ્રાસાદની ચાર દિશાએ ચાર ચાર વાવડીઓ છે.

ભદ્રશાલ વનમાં ૪ ચૈત્યો, ૪ પ્રાસાદો અને ૮ કરિકૂટોનું ચિત્ર
આ ભદ્રશાલ વનમાં મેરુ પર્વતની ૫૦ યોજન દૂર ચાર દિશાએ ૪ ચૈત્ય નદી પાસે છે. ૪ ઈન્દ્રપ્રાસાદો ગજદંત પર્વતની પાસે છે. એ આઠના અંતરામાં ૮ દિગ્ગજ કૂટો છે. આમાં ચાર કૂટોનો કેટલોક ભાગ વનમાં કેટલોક ભાગ કુરુક્ષેત્રમાં છે.
ઉત્તર
ઉ ત્ત રે કુ રુ ક્ષે ત્ર
મેરુ પર્વત
પશ્ચિમ
સીતોદા નદી
સીતા નદી પૂર્વ
દ ક્ષિ ણે કુ રુ ક્ષે ત્ર
દક્ષિણ
ભદ્રશાલવન મેરુ પર્વતથી ઉત્તર-દક્ષિણમાં ૨૫૦-૨૫૦ યોજન પહોળુ અને પૂર્વ-પશ્ચિમ ૨૨૦૦૦-૨૨૦૦૦ યોજન લાંબુ છે અને પહોળાઈમાં અવસ્થિત છે. દરેક ઈન્દ્રપ્રાસાદની ચાર દિશામાં એક એક વાપી છે.

છે. તેમાં ૧૦૮ જિનપ્રતિમા છે. તે પૂર્વે કહ્યા મુજબ જાણવી. પ્રાસાદો ૫૦૦ યોજન ઊંચા, ૨૫૦ યોજન લાંબા-પહોળા છે. દરેક પ્રાસાદની ચારે દિશામાં ૧-૧ વાવડી છે. તે ૫૦ યોજન લાંબી, ૨૫ યોજન પહોળી અને ૧૦ યોજન ઊંડી છે.

વાવડીઓના □ નામ -

વિદિશા	પૂર્વમાં	દક્ષિણમાં	પશ્ચિમમાં	ઉત્તરમાં
ઈશાન ખૂણામાં	પદ્મા	પદ્મપ્રભા	કુમુદા	કુમુદપ્રભા
અગ્નિ ખૂણામાં	ઉત્પલગુલ્મા	નલિના	ઉત્પલોજ્જવલા	ઉત્પલા
નૈઋત્ય ખૂણામાં	ભૃંગા	ભૃંગનિભા	અંજનપ્રભા	કજ્જલપ્રભા
વાયવ્ય ખૂણામાં	શ્રીકાંતા	શ્રીમહિતા	શ્રીચંદ્રા	શ્રીનિલયા

તેમના નામ પૂર્વે જંબૂવૃક્ષના વર્ણનમાં ૧૬ વાવડીઓના નામ કહ્યા તે પ્રમાણે છે. દરેક વાવડીની ચારે દિશામાં ૩-૩ પગથિયાવાળા ૧-૧ દ્વાર છે. દરેક દ્વારને ૧-૧ તોરણ છે. દ્વાર અને તોરણનું વર્ણન પૂર્વેની જેમ જાણવું. દરેક વાવડીને ફરતી ૧ પદ્મવરવેદિકા અને ૧ વનખંડ છે. ઈશાન અને વાયવ્ય ખૂણાના

□ **બૃહત્ક્ષેત્રસમાસની ગાથા ૩૨૩ની મલયગિરિ મહારાજ કૃત ટીકામાં** આ ૧૬ વાવડીઓના નામ જંબૂવૃક્ષના વર્ણનમાં કહેલી ૧૬ વાવડીઓના નામ પ્રમાણે છે એમ કહી ઉપર કહ્યા પ્રમાણે નામ બતાવ્યા છે. પણ તે નામો અને આ નામોમાં થોડો ફેરફાર છે એ જોઈ શકાય છે.

લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૨૪ની ટીકામાં આ વાવડીઓના નામો આ પ્રમાણે કહ્યા છે

વિદિશા	પૂર્વમાં	દક્ષિણમાં	પશ્ચિમમાં	ઉત્તરમાં
ઈશાન ખૂણામાં	પદ્મા	પદ્મપ્રભા	કુમુદા	કુમુદપ્રભા
અગ્નિ ખૂણામાં	ઉત્પલભૌમા	નલિના	ઉત્પલોજ્જવલા	ઉત્પલા
નૈઋત્ય ખૂણામાં	ભૃંગી	ભૃંગનિભા	ભંજની	કજ્જલપ્રભા
વાયવ્ય ખૂણામાં	શ્રીકાંતા	શ્રીમહિતા	શ્રીનંદા	શ્રીનિલયા

પ્રાસાદો ઈશાનેન્દ્રના છે. અગ્નિ અને નૈઋત્યખૂણાના પ્રાસાદો શક્રના છે. દરેક પ્રાસાદમાં પરિવાર સહિત ઈન્દ્રના સિંહાસનો છે.

૮ દિગ્ગજકૂટ :

ઉપર કહેલા ૪ પ્રાસાદ અને ૪ સિદ્ધાયતનના ૮ આંતરામાં ૮ દિગ્ગજકૂટ છે. એમને કરિકૂટ પણ કહેવાય છે. તેમની ઉપર ૧-૧ પ્રાસાદાવતંસક છે. આ કૂટો અને પ્રાસાદાવતંસકો લઘુહિમવંતપર્વતના કૂટો અને પ્રાસાદાવતંસકો જેવા છે. તેમના નામ આ પ્રમાણે છે - મેરુપર્વતથી ઈશાનખૂણામાં પૂર્વાભિમુખ જતી સીતાની ઉત્તરમાં પદ્મોત્તર કૂટ છે. ત્યાર પછી પ્રદક્ષિણાવર્ત ક્રમે નીલવંત, સુહસ્તી, અંજનગિરિ, કુમુદ, પલાશ, અવતંસક, રોચનગિરિ કૂટો છે. તે લઘુહિમવંતપર્વત પરના કૂટો સમાન છે. કૂટોના અધિપતિ કૂટોના નામવાળા દેવો છે. તેમના આયુષ્ય, પરિવાર, રાજધાની દક્ષિણભરતાર્ધદેવની જેમ જાણવા. મેરુપર્વતથી ઉત્તર તરફના કૂટોના અધિપતિ દેવોની રાજધાની મેરુપર્વતથી ઉત્તરમાં છે. મેરુપર્વતથી દક્ષિણ તરફના કૂટોના અધિપતિ દેવોની રાજધાની મેરુપર્વતથી દક્ષિણમાં છે.

નંદનવન :

મેરુપર્વતની તળેટીથી ૫૦૦ યોજન ઉપર જતા ૫૦૦ યોજન પહોળુ વલયાકાર નંદનવન છે. તેની બહારની બાજુ મેરુપર્વતની પહોળાઈ

$$= \quad ૧૦,૦૦૦ - (૫૦૦ \times \frac{૧}{૧૧})$$

$$= \quad ૧૦,૦૦૦ - ૪૫\ \frac{૫}{૧૧} \text{ યોજન}$$

$$= \quad ૯,૯૫૪\ \frac{૬}{૧૧} \text{ યોજન}$$


નંદનવનની અંદરની બાજુ મેરુપર્વતની પહોળાઈ

$$= ૯,૯૫૪\ \frac{૬}{૧૧} - (૫૦૦ + ૫૦૦)$$

$$= ૯,૯૫૪\ \frac{૬}{૧૧} - ૧,૦૦૦ = ૮,૯૫૪\ \frac{૬}{૧૧} \text{ યોજન}$$

મેરૂ પર્વત ઉપર નંદનવન

વન વિસ્તાર ૫૦૦ યોજન
સર્વમેરુ વિસ્તાર ૯૯૫૪ $\frac{૬}{૧૧}$ યોજન
અન્તમેરુ વિસ્તાર ૮૯૫૪ $\frac{૬}{૧૧}$ યોજન
ચૈત્ય. પ્રાસાદ-વાપિકા-પડંકવનવત્.
૮ દિક્કુમારીકૂટ પહોળાઇ મૂળમાં ૫૦૦ યોજન
શિખરે ૨૫૦ યોજન. મૂળમાં ૧૦૦૦ યોજન,
શિખરે ૫૦૦ યોજન બલકૂટ છે.
મેરુથી ૫૦ યોજન દૂર



નંદનવનની બાહ્યપરિધિ

$$= \sqrt{૯,૯૫૪\ \frac{૬}{૧૧} \times ૯,૯૫૪\ \frac{૬}{૧૧} \times ૧૦}$$

$$= \sqrt{\frac{૧,૦૯,૪૯૪ + ૬}{૧૧} \times \frac{૧,૦૯,૪૯૪ + ૬}{૧૧} \times ૧૦}$$

$$= \frac{૧}{૧૧}\sqrt{૧,૦૯,૫૦૦ \times ૧,૦૯,૫૦૦ \times ૧૦}$$

$$= \frac{૧}{૧૧}\sqrt{૧,૧૯,૯૦,૨૫,૦૦,૦૦૦}$$

$$= \frac{\text{સા. } ૩,૪૬,૨૬૯}{૧૧} = \text{સાધિક } ૩૧,૪૭૯ \text{ યોજન}$$

૧,૦૯,૫૦૦
x ૧,૦૯,૫૦૦
૫૪૭૫૦૦૦૦
૯૮૫૫૦૦૦૦૦
૧૦૯૫૦૦૦૦૦૦
૧૧૯૯૦૨૫૦૦૦૦

	૩,૪૬,૨૬૯
૩	૧૧૯૯૦૨૫૦૦૦૦૦
+ ૩	−૯
૬૪	૦૨૯૯
+ ૪	−૨૫૬
૬૮૬	૦૪૩૦૨
+ ૬	−૪૧૧૬
૬૯૨૨	૦૧૮૬૫૦
+ ૨	−૧૩૮૪૪
૬૯૨૪૬	૦૪૮૦૬૦૦
+ ૬	−૪૧૫૪૭૬
૬૯૨૫૨૯	૦૬૫૧૨૪૦૦
+ ૯	−૬૨૩૨૭૬૧
૬૯૨૫૩૮	૦૨૭૯૬૩૯

નંદનવનની અંદરની પરિધિ

$$= \sqrt{૮,૯૫૪\ \tfrac{૬}{૧૧} \times ૮,૯૫૪\ \tfrac{૬}{૧૧} \times ૧૦}$$

$$= \sqrt{\frac{૯૮,૪૯૪ + ૬}{૧૧} \times \frac{૯૮,૪૯૪ + ૬}{૧૧} \times ૧૦}$$

$$= \frac{૧}{૧૧}\sqrt{૯૮,૫૦૦ \times ૯૮,૫૦૦ \times ૧૦}$$

$$= \frac{૧}{૧૧}\sqrt{૯૭,૦૨,૨૫,૦૦,૦૦૦}$$

$$= \frac{\text{સા. } ૩,૧૧,૪૮૪}{૧૧} = \text{સાધિક } ૨૮,૩૧૬\ \tfrac{૮}{૧૧} \text{ યોજન}$$

૯૮,૫૦૦
x ૯૮,૫૦૦
૪૯૨૫૦૦૦૦
૭૮૮૦૦૦૦૦૦
+ ૮૮૬૫૦૦૦૦૦૦
૯૭૦૨૨૫૦૦૦૦

૩	૩,૧૧,૪૮૪
+ ૩	૯૭૦૨૨૫૦૦૦૦૦
૬૧	−૯
+ ૧	૦૭૦
૬૨૧	−૬૧
+ ૧	૦૯૨૨
૬૨૨૪	−૬૨૧
+ ૪	૩૦૧૫૦
૬૨૨૮૮	−૨૪૮૯૬
+ ૮	૦૫૨૫૪૦૦
૬૨૨૯૬૪	−૪૯૮૩૦૪
+ ૪	૦૨૭૦૯૬૦૦
૬૨૨૯૬૮	−૨૪૯૧૮૫૬
	૦૨૧૭૭૪૪

નંદનવનમાં પણ ૪ પ્રાસાદ, ૪ સિદ્ધાયતન, ૧૬ વાવડી, ૮ કૂટ છે. તે ભદ્રશાલવન પ્રમાણે જાણવા. વાવડીના નામ આ પ્રમાણે છે-

વાવડીઓના નામ

વિદિશા	પૂર્વમાં	દક્ષિણમાં	પશ્ચિમમાં	ઉત્તરમાં
ઈશાનખૂણામાં	નંદોત્તરા	નંદા	સુનંદા	□વર્ધમાના
અગ્નિખૂણામાં	નંદિષેણા	અમોઘા	ગોસ્તૂપા	સુદર્શના
નૈઋત્યખૂણામાં	ભદ્રા	વિશાલા	કુમુદા	પુંડરીકિણી
વાયવ્યખૂણામાં	વિજયા	વૈજયન્તી	Δઅપરાજિતા	⊗જયન્તી

કૂટોના નામ આ પ્રમાણે છે -


કૂટોનું સ્થાન	કૂટના નામ	અધિપતિ દેવી
ઈશાનના પ્રાસાદથી દક્ષિણમાં	નંદન	મેઘંકરા
અગ્નિના પ્રાસાદથી ઉત્તરમાં	મંદર	મેઘવતી
અગ્નિના પ્રાસાદથી પશ્ચિમમાં	નિષધ	સુમેઘા
નૈઋત્યના પ્રાસાદથી પૂર્વમાં	હિમવંત	મેઘમાલિની
નૈઋત્યના પ્રાસાદથી ઉત્તરમાં	રજત	સુવત્સા
વાયવ્યના પ્રાસાદથી દક્ષિણમાં	રુચક	વત્સમિત્રા
વાયવ્યના પ્રાસાદથી પૂર્વમાં	સાગરચિત્ર	બલાહકા
ઈશાનના પ્રાસાદથી પશ્ચિમમાં	વજ્ર	વજ્રસેના (વારિષેણા)

આ કૂટો ઉપર રહેનારી દેવીઓ તે ઊર્ધ્વલોકની ૮ દિક્કુમારીઓ છે. નંદનવનના ઈશાનખૂણામાં બલકૂટ છે. તેનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે. (જુઓ પાના નં. ૧૨૮-૧૨૯)

સૌમનસવન :

નંદનવનથી ૬૨,૫૦૦ યોજન ઉપર જતા ૫૦૦ યોજન પહોળું વલયાકાર સૌમનસવન છે.

□ લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૨૨ની ટીકામાં આને નંદિવર્ધિની કહી છે.
Δ લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૨૨ની ટીકામાં આને જયંતી કહી છે.
⊗ લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૨૨ની ટીકામાં આને અપરાજિતા કહી છે.


મેરુ પર્વત ઉપર સૌમનસવન
ઉત્તર
પશ્ચિમ
પૂર્વ
દક્ષિણ
ચૈત્ય

સૌમનસવનની બહાર મેરુપર્વતની પહોળાઈ = ૧૦,૦૦૦ − (૬૩,૦૦૦ x $\frac{૧}{૧૧}$)

= ૧૦,૦૦૦ − ૫,૭૨૭ $\frac{૩}{૧૧}$

= ૪,૨૭૨ $\frac{૮}{૧૧}$ યોજન

સૌમનસવનની અંદર મેરુપર્વતની પહોળાઈ

= ૪,૨૭૨ $\frac{૮}{૧૧}$ − (૫૦૦ x ૨)

= ૩,૨૭૨ $\frac{૮}{૧૧}$ યોજન

સૌમનસવનની બાહ્ય પરિધિ

$= \sqrt{૪,૨૭૨\ \frac{૮}{૧૧} \times ૪,૨૭૨\ \frac{૮}{૧૧} \times ૧૦}$

$= \sqrt{\frac{૪૬,૯૯૨ + ૮}{૧૧} \times \frac{૪૬,૯૯૨ + ૮}{૧૧} \times ૧૦}$

$= \frac{૧}{૧૧}\sqrt{૪૭,૦૦૦ \times ૪૭,૦૦૦ \times ૧૦}$

$= \frac{૧}{૧૧}\sqrt{૨૨,૦૯,૦૦,૦૦,૦૦૦}$

$= \frac{\text{સા. } ૧,૪૮,૬૨૭}{૧૧}$ = સાધિક ૧૩,૫૧૧ $\frac{૬}{૧૧}$ યોજન

૪૭,૦૦૦
x ૪૭,૦૦૦
૩૨૯૦૦૦૦૦૦
૧૮૮૦૦૦૦૦૦
૨૨૦૯૦૦૦૦૦૦

	૧,૪૮,૬૨૭
૧	૨૨૦૯૦૦૦૦૦૦
+ ૧	−૧
૨૪	૧૨૦
+ ૪	− ૯૬
૨૮૮	૦૨૪૯૦
+ ૮	−૨૩૦૪
૨૯૬૬	૦૧૮૬૦૦
+ ૬	−૧૭૭૯૬
૨૯૭૨૨	૦૦૮૦૪૦૦
+ ૨	−૫૯૪૪૪
૨૯૭૨૪૭	૨૦૯૫૬૦૦
+ ૭	−૨૦૮૦૭૨૯
૨૯૭૨૫૪	૦૦૧૪૮૭૧

સૌમનસવનની અંદરની પરિધિ

$$= \sqrt{૩,૨૭૨\ \frac{૮}{૧૧} \times ૩,૨૭૨\ \frac{૮}{૧૧} \times ૧૦}$$

$$= \sqrt{\frac{૩૫,૯૯૨ + ૮}{૧૧} \times \frac{૩૫,૯૯૨ + ૮}{૧૧} \times ૧૦}$$

$$= \frac{૧}{૧૧}\sqrt{૩૬,૦૦૦ \times ૩૬,૦૦૦ \times ૧૦}$$

$$= \frac{૧}{૧૧}\sqrt{૧૨,૯૬,૦૦,૦૦,૦૦૦}$$

$$= \frac{\text{સા. } ૧,૧૩,૮૪૧}{૧૧}$$

$$= \frac{૧,૧૩,૮૪૨}{૧૧} = ૧૦,૩૪૯\ \frac{૩}{૧૧}\ \text{યોજન}$$

૩૬,૦૦૦
૩૬,૦૦૦
૨૧૬૦૦૦૦૦૦
૧૦૮૦૦૦૦૦૦૦
૧૨૯૬૦૦૦૦૦૦

૧,૧૩,૮૪૧

૧	૧૨૯૬૦૦૦૦૦૦
+ ૧	−૧
૨૧	૦૨૯
+ ૧	−૨૧
૨૨૩	૦૮૬૦
+ ૩	−૬૬૯
૨૨૬૮	૧૯૧૦૦
+ ૮	−૧૮૧૪૪
૨૨૭૬૪	૦૦૯૫૬૦૦
+ ૪	−૯૧૦૫૬
૨૨૭૬૮૧	૦૪૫૪૪૦૦
+ ૧	−૨૨૭૬૮૧
૨૨૭૬૮૨	૨૨૬૭૧૯

સૌમનસવનમાં પણ નંદનવનની જેમ પ્રાસાદો, સિદ્ધાયતનો અને વાવડીઓ છે. અહીં કૂટો નથી. વાવડીઓના નામ આ પ્રમાણે છે—

વાવડીઓના નામ

વિદિશા	પૂર્વમાં	દક્ષિણમાં	પશ્ચિમમાં	ઉત્તરમાં
ઈશાનમાં	સુમના	સૌમનસા	□સૌમનાંસા	મનોરમા
અગ્નિમાં	Δઉત્તરકુરુ	⊗દેવકુરુ	વારિષેણા	સરસ્વતી
નૈઋત્યમાં	વિશાલા	માધભદ્રા	અભયસેના	રોહિણી
વાયવ્યમાં	ભદ્રોત્તરા	ભદ્રા	સુભદ્રા	ભદ્રાવતી

□ લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૨૦ની ટીકામાં આને સૌમનસ્યા કહી છે.
Δ લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૨૦ની ટીકામાં આને ઉત્તરકુરા કહી છે.
⊗ લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૨૦ની ટીકામાં આને દેવકુરા કહી છે.

પંડકવન :

સૌમનસવનથી ૩૬,૦૦૦ યોજન ઉપર જતા પંડકવન□ આવે છે. તે વેદિકાવાળુ, ઘણા જલકુંડોવાળુ અને વલયાકાર છે.

પંડકવને મેરુપર્વતની પહોળાઈ

$$= ૪,૨૭૨\ \frac{૮}{૧૧} - (૩૬,૦૦૦ \times \frac{૧}{૧૧})$$

$$= \frac{૪૬૯૯૨ + ૮}{૧૧} - \frac{૩૬,૦૦૦}{૧૧}$$

$$= \frac{૪૭,૦૦૦ - ૩૬,૦૦૦}{૧૧} = \frac{૧૧,૦૦૦}{૧૧} = ૧,૦૦૦ \text{ યોજન}$$

પંડકવનનો વિસ્તાર

$$= \frac{૧,૦૦૦ - ૧૨}{૨} = \frac{૯૮૮}{૨} = ૪૯૪ \text{ યોજન}$$

પંડકવનની પરિધિ


$$= \sqrt{૧,૦૦૦ \times ૧,૦૦૦ \times ૧૦} = \sqrt{૧,૦૦,૦૦,૦૦૦}$$

= સાધિક ૩,૧૬૨ યોજન

	૩,૧૬૨ યોજન
૩	૧૦૦૦૦૦૦૦
+ ૩	−૯
૬૧	૧૦૦
+ ૧	−૬૧
૬૨૬	૦૩૯૦૦
+ ૬	−૩૭૫૬
૬૩૨૨	૦૧૪૪૦૦
+ ૨	−૧૨૬૪૪
૬૩૨૪	૦૧૭૫૬

પંડકવનમાં પણ સૌમનસવનની જેમ પ્રાસાદો, સિદ્ધાયતનો અને વાવડીઓ છે. વાવડીઓના નામ આ પ્રમાણે છે –

□ આને પાંડુકવન પણ કહેવાય છે.


મેરુ પર્વત ઉપર પંડકવન
ઉત્તર
પશ્ચિમ
પૂર્વ
દક્ષિણ

વાવડીઓના નામ

વિદિશા	પૂર્વમાં	દક્ષિણમાં	પશ્ચિમમાં	ઉત્તરમાં
ઈશાનમાં	પુંડ્રા	પુંડ્રપ્રભવા	□સુરક્તા	△રક્તાવતી
અગ્નિમાં	ક્ષીરરસા	ઈક્ષુરસા	અમૃતરસા	⊗વારુણી
નૈઋત્યમાં	શંખોત્તરા	શંખા	શંખાવર્તા	બલાહકા
વાયવ્યમાં	પુષ્પોત્તરા	પુષ્પવતી	સુપુષ્પા	પુષ્પમાલિની

પંડકવનમાં ચારે દિશામાં જિનભવનોની બહારની બાજુ ૧-૧ અભિષેક શિલા છે. તે ૫૦૦ યોજન લાંબી, ૨૫૦ યોજન પહોળી અને વચ્ચે ૪ યોજન ઊંચી છે. તે અર્ધચન્દ્રાકારવાળી, અર્જુન-સુવર્ણની, શ્વેતવર્ણની વેદિકાવાળી અને સુંદર તળીયાવાળી છે. પૂર્વ-પશ્ચિમની શિલાઓ ઉત્તર-દક્ષિણ લાંબી અને પૂર્વ-પશ્ચિમ પહોળી છે. ઉત્તર-દક્ષિણની શિલાઓ પૂર્વ-પશ્ચિમ લાંબી અને ઉતર-દક્ષિણ પહોળી છે. તેમની વક્રતા અંદરની તરફ કે બહારની તરફ હોઈ શકે. દિગંબરમતે શિલાઓનું મુખ પોતપોતાના ક્ષેત્રો સન્મુખ કહ્યું હોવાથી તેમની વક્રતા અંદરની બાજુ સંભવે છે. તત્ત્વ કેવળીગમ્ય છે. પૂર્વ-પશ્ચિમની શિલાઓ ઉપર ૨-૨ સિંહાસન છે અને ઉત્તર-દક્ષિણની શિલાઓ ઉપર ૧-૧ સિંહાસન છે. તે સિંહાસનો સર્વરત્નના, ⊠૫૦૦ ધનુષ્ય લાંબા-પહોળા, ૨૫૦ ધનુષ્ય ઊંચા છે.

□ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૧૬ની ટીકા**માં આને રક્તા કહી છે.

△ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૧૬ની ટીકા**માં આને રક્તવતી કહી છે.

⊗ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૧૬ની ટીકા**માં આને વારુણીરસા કહી છે.

⊠ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૧૮ની ટીકા**માં સિંહાસનનું પ્રમાણ શિલાના પ્રમાણના ૮૦૦૦મા ભાગનું કહ્યું છે. તેથી ટીકામાં સિંહાસનની પહોળાઈ ૨૫૦ ધનુષ્ય કહી છે અને ઊંચાઈ ૪ ધનુષ્ય કહી છે.

દિશા	શિલાનું નામ	કેટલા સિંહાસન ?
પૂર્વમાં	પાંડુકંબલા	૨
દક્ષિણમાં	અતિપાંડુકંબલા	૧
પશ્ચિમમાં	રક્તકંબલા	૨
ઉત્તરમાં	અતિરક્તકંબલા	૧

પૂર્વની શિલાના ઉત્તર તરફના સિંહાસન ઉપર પૂર્વ-ઉત્તર મહાવિદેહક્ષેત્રની વિજયોના તીર્થંકરોનો જન્માભિષેક દેવેન્દ્રો કરે છે.

પૂર્વની શિલાના દક્ષિણ તરફના સિંહાસન ઉપર પૂર્વ-દક્ષિણ મહાવિદેહક્ષેત્રની વિજયોના તીર્થંકરોનો જન્માભિષેક દેવેન્દ્રો કરે છે.

પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં એક સાથે બે તીર્થંકરોનો જન્મ થાય ત્યારે પૂર્વના બે સિંહાસનો ઉપર તેમનો એક સાથે અભિષેક થાય.

પશ્ચિમની શિલાના ઉત્તર તરફના સિંહાસન ઉપર પશ્ચિમ-ઉત્તર મહાવિદેહક્ષેત્રની વિજયોના તીર્થંકરોનો જન્માભિષેક દેવેન્દ્રો કરે છે.

પશ્ચિમની શિલાના દક્ષિણ તરફના સિંહાસન ઉપર પશ્ચિમ-દક્ષિણ મહાવિદેહક્ષેત્રની વિજયોના તીર્થંકરોનો જન્માભિષેક દેવેન્દ્રો કરે છે.

પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં એક સાથે બે તીર્થંકરોનો જન્મ થાય ત્યારે પશ્ચિમના બે સિંહાસનો ઉપર તેમનો એક સાથે અભિષેક થાય.

ઉત્તરની શિલાના સિંહાસન ઉપર ઐરવતક્ષેત્રના તીર્થંકરોનો અને દક્ષિણની શિલાના સિંહાસન ઉપર ભરતક્ષેત્રના તીર્થંકરોનો જન્માભિષેક દેવેન્દ્રો કરે છે.

ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં એક સાથે ૧-૧ તીર્થંકરનો જન્મ થાય ત્યારે દક્ષિણ-ઉત્તરની શિલાઓ ઉપર તેમનો એક સાથે અભિષેક થાય.

ચૂલિકા :

મેરુપર્વતના ઉપરિતલે પંડકવનની મધ્યમાં વૈડૂર્યરત્નની ૪૦ યોજન ઊંચી ચૂલિકા છે. તે મૂળમાં ૧૨ યોજન, વચ્ચે ૮ યોજન અને ઉપર ૪ યોજન પહોળી છે. પરિધિ મૂળમાં સા. ૩૭ યોજન છે, વચ્ચે સા. ૨૫ યોજન છે અને ઉપર સા. ૧૨ યોજન છે. તે વૃષભકૂટની જેમ જાણવી.

ચૂલિકાની ઉપર મધ્યમાં ૧ જિનભવન છે. તે ૧ ગાઉ લાંબુ, ૧/૨ ગાઉ પહોળુ અને દેશોન ૧ ગાઉ ઊંચુ છે. તેમાં વિવિધ મણિના અનેક થાંભલા છે. તેના દ્વાર, જિનપ્રતિમા વગેરે વૈતાઢ્યના સિદ્ધાયતનની જેમ જાણવા.

ચૂલિકાના શિખરથી નીચે જતા પહોળાઈ જાણવા કરણ :

જેટલા યોજન ઉતરીએ તે અ યોજન.

તે સ્થાને પહોળાઈ $= \frac{\text{અ}}{\text{૫}} + ૪$

દા.ત., ઉપરથી ૨૦ યોજન ઉતર્યા પછી પહોળાઈ

$= \frac{૨૦}{૫} + ૪ = ૪ + ૪ = ૮$ યોજન.

ચૂલિકામાં નીચેથી ઉપર જતા પહોળાઈ જાણવા કરણ :

જેટલું ચઢીએ તે અ યોજન.

તે સ્થાને પહોળાઈ $= ૧૨ - \frac{\text{અ}}{\text{૫}}$

દા.ત., નીચેથી ૨૦ યોજન ચઢ્યા પછી પહોળાઈ

$$= ૧૨ - \frac{૨૦}{૫} = ૧૨ - ૪ = ૮ \text{ યોજન}$$

મહાવિદેહક્ષેત્ર :

તેના ૪ વિભાગ છે - પૂર્વ-ઉત્તર, પૂર્વ-દક્ષિણ, પશ્ચિમ-ઉત્તર, પશ્ચિમ-દક્ષિણ. દરેક વિભાગમાં ૮-૮ વિજય, ૪-૪ વક્ષસ્કારપર્વત, ૩-૩ અંતરનદી અને ૧-૧ વનમુખ છે. તેનો ક્રમ આ રીતે છે- પ્રથમ ૧ વિજય આવે, પછી ૧ વક્ષસ્કારપર્વત આવે, પછી એક વિજય આવે, પછી ૧ અંતરનદી આવે. આમ વિજય પછી એક વાર વક્ષસ્કારપર્વત આવે અને બીજી વાર અંતરનદી આવે. છેલ્લી વિજય પછી વનમુખ આવે. મહાવિદેહક્ષેત્રમાં કુલ ૩૨ વિજય, ૧૬ વક્ષસ્કારપર્વત, ૧૨ અંતરનદી અને ૪ વનમુખ છે.

વિજય-વક્ષસ્કાર-અંતરનદીની લંબાઈ જાણવાનું કરણ :

જો કે સીતા-સીતોદાનો વિસ્તાર સમુદ્ર પ્રવેશ વખતે જ ૫૦૦ યોજન છે, તેની પહેલા ઓછો-ઓછો છે, પણ કચ્છ વગેરે વિજયોની નજીકમાં નદીઓના બન્ને કિનારે રમણપ્રદેશો છે. તેથી તેમને આશ્રયીને ત્યાં પણ તેમનો વિસ્તાર ૫૦૦ યોજન મળે.


વિજય-વક્ષસ્કારપર્વત-અંતરનદી-વનમુખની લંબાઈ

$$= \frac{\text{મહાવિદેહક્ષેત્રની પહોળાઈ} - \text{નદીનો વિસ્તાર}}{૨}$$

$$= \frac{૩૩,૬૮૪ \text{ યો. } ૪ \text{ ક.} - ૫૦૦ \text{ યો.}}{૨}$$

$$= \frac{૩૩,૧૮૪ \text{ યો. } ૪ \text{ ક.}}{૨}$$

$$= ૧૬,૫૯૨ \text{ યોજન } ૨ \text{ કળા}$$


મહાવિદેહક્ષેત્ર
ઉત્તર
દક્ષિણ
નીલવંત પર્વત
નિષધ પર્વત
માલ્યવંતગિરિ
ગંધમાદનગિરિ
મેરુ પર્વત
સીતા નદી
સીતોદા નદી
પૂર્વ
પશ્ચિમ
વનમુખ
૧ કચ્છ વિજય
૨ સુકચ્છ વિજય
૩ મહાકચ્છ વિજય
૪ કચ્છાવતી વિજય
૫ આવર્ત વિજય
૬ મંગલાવર્ત વિજય
૭ પુષ્કલ વિજય
૮ પુષ્કલાવતી વિજય
૯ વત્સ વિજય
૧૦ સુવત્સ વિજય
૧૧ મહાવત્સ વિજય
૧૨ વત્સાવતી વિજય
૧૩ રમ્ય વિજય
૧૪ રમ્યક વિજય
૧૫ રમણીય વિજય
૧૬ મંગલાવતી વિજય
૧૭ પદ્મ વિજય
૧૮ સુપદ્મ વિજય
૧૯ મહાપદ્મ વિજય
૨૦ પદ્માવતી વિજય
૨૧ શંખ વિજય
૨૨ નલિન વિજય
૨૩ કુમુદ વિજય
૨૪ નલિનાવતી વિજય
૨૫ વપ્ર વિજય
૨૬ સુવપ્ર વિજય
૨૭ મહાવપ્ર વિજય
૨૮ વપ્રાવતી વિજય
૨૯ વલ્ગુ વિજય
૩૦ સુવલ્ગુ વિજય
૩૧ ગંધિલ વિજય
૩૨ ગંધિલાવતી વિજય

વિજયની પહોળાઈ જાણવાનું કરણ :

એક વિજયની પહોળાઈ

$$= \frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - [(૮ \times \text{એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ}) + (૬ \times \text{એક અંતરનદીની પહોળાઈ}) + (૨ \times \text{એક વનમુખની પહોળાઈ}) + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની કુલ લંબાઈ}]}{૧૬}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - [(૮ \times ૫૦૦) + (૬ \times ૧૨૫) + (૨ \times ૨૯૨૨) + ૧૦,૦૦૦ + (૨ \times ૨૨,૦૦૦)]}{૧૬}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - (૪,૦૦૦ + ૭૫૦ + ૫,૮૪૪ + ૧૦,૦૦૦ + ૪૪,૦૦૦)}{૧૬}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - ૬૪,૫૯૪}{૧૬} = \frac{૩૫,૪૦૬}{૧૬}$$

$$= ૨,૨૧૨ \frac{૧૪}{૧૬} = \text{દેશોન } ૨,૨૧૩ \text{ યોજન}$$

વક્ષસ્કારપર્વતની પહોળાઈ જાણવાનું કરણ :

એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ

$$= \frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - [(૧૬ \times \text{એક વિજયની પહોળાઈ}) + (૬ \times \text{એક અંતરનદીની પહોળાઈ}) + (૨ \times \text{એક વનમુખની પહોળાઈ}) + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની કુલ લંબાઈ}]}{૮}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - [(૧૬ \times ૨,૨૧૨ \frac{૧૪}{૧૬}) + (૬ \times ૧૨૫) + (૨ \times ૨૯૨૨) + ૧૦,૦૦૦ + (૨ \times ૨૨,૦૦૦)]}{૮}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - (૩૫,૩૯૨ + ૧૪ + ૭૫૦ + ૫૮૪૪ + ૧૦,૦૦૦ + ૪૪,૦૦૦)}{૮}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - ૯૬,૦૦૦}{૮}$$

$$= \frac{૪,૦૦૦}{૮} = ૫૦૦ \text{ યોજન}$$

અંતરનદીની પહોળાઈ જાણવાનું કરણ :

અંતરનદીની પહોળાઈ

= જંબૂદ્વીપની પહોળાઈ — [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૨ x એક વનમુખની પહોળાઈ) + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની કુલ લંબાઈ]

$$\frac{}{૬}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - [(૧૬ \times ૨,૨૧૨\frac{૧૪}{૧૬}) + (૮ \times ૫૦૦) + (૨ \times ૨૯૨૨) + ૧૦,૦૦૦ + (૨ \times ૨૨,૦૦૦)]}{૬}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - [૩૫,૪૦૬ + ૪,૦૦૦ + ૫,૮૪૪ + ૧૦,૦૦૦ + ૪૪,૦૦૦]}{૬}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - ૯૯,૨૫૦}{૬} = \frac{૭૫૦}{૬} = ૧૨૫ \text{ યોજન.}$$

વનમુખની પહોળાઈ જાણવાનું કરણ :

વનમુખની પહોળાઈ

= જંબૂદ્વીપની પહોળાઈ — [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૬ x અંતરનદીની પહોળાઈ) + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની કુલ લંબાઈ]

$$\frac{}{૨}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - [(૧૬ \times ૨,૨૧૨\frac{૧૪}{૧૬}) + (૮ \times ૫૦૦) + (૬ \times ૧૨૫) + ૧૦,૦૦૦ + (૨ \times ૨૨,૦૦૦)]}{૨}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - (૩૫,૪૦૬ + ૪,૦૦૦ + ૭૫૦ + ૧૦,૦૦૦ + ૪૪,૦૦૦)}{૨}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - ૯૪,૧૫૬}{૨}$$

$$= \frac{૫,૮૪૪}{૨} = ૨,૯૨૨ \text{ યોજન.}$$

મેરુપર્વતની પહોળાઈ જાણવાનું કરણ :

મેરુપર્વતની પહોળાઈ

= જંબૂદ્વીપની પહોળાઈ – [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૬ x એક અંતરનદીની પહોળાઈ) + (૨ x એક વનમુખની પહોળાઈ) + (ભદ્રશાલવનની કુલ લંબાઈ)]

= ૧,૦૦,૦૦૦ – [(૧૬ x ૨,૨૧૨ $\frac{૧૪}{૧૬}$) + (૮ x ૫૦૦) + (૬ x ૧૨૫) + (૨ x ૨,૯૨૨) + (૨ x ૨૨,૦૦૦)]

= ૧,૦૦,૦૦૦ – (૩૫,૪૦૬ + ૪,૦૦૦ + ૭૫૦ + ૫,૮૪૪ + ૪૪,૦૦૦)

= ૧,૦૦,૦૦૦ – ૯૦,૦૦૦ = ૧૦,૦૦૦ યોજન.

ભદ્રશાલવનની લંબાઈ જાણવાનું કરણ :

ભદ્રશાલવનની કુલ લંબાઈ

= જંબૂદ્વીપની પહોળાઈ — [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૬ x એક અંતરનદીની પહોળાઈ) + (૨ x એક વનમુખની પહોળાઈ) + મેરુપર્વતની પહોળાઈ]

= ૧,૦૦,૦૦૦ – [(૧૬ x ૨,૨૧૨ $\frac{૧૪}{૧૬}$) + (૮ x ૫૦૦) + (૬ x ૧૨૫) + (૨ x ૨,૯૨૨) + (૧૦,૦૦૦)]

= ૧,૦૦,૦૦૦ – (૩૫,૪૦૬ + ૪,૦૦૦ + ૭૫૦ + ૫,૮૪૪ + ૧૦,૦૦૦)

= ૧,૦૦,૦૦૦ – ૫૬,૦૦૦

= ૪૪,૦૦૦ યોજન

ભદ્રશાલવનની એક બાજુની લંબાઈ

$$= \frac{\text{ભદ્રશાલવનની કુલ લંબાઈ}}{૨}$$

$$= \frac{૪૪,૦૦૦}{૨}$$

= ૨૨,૦૦૦ યોજન

૧૬ વક્ષસ્કારપર્વતો :


તેઓ સર્વરત્નના છે. વર્ષધરપર્વત પાસે તેઓ ૪૦૦ યોજન ઊંચા અને ૧૦૦ યોજન ભૂમિમાં અવગાઢ છે. પછી વધતા વધતા નદી પાસે તેઓ ૫૦૦ યોજન ઊંચા અને ૧૨૫ યોજન ભૂમિમાં અવગાઢ છે. તેથી ઘોડાના સ્કંધ જેવા છે. તેમની પહોળાઈ બધે ૫૦૦ યોજન છે. પૂર્વ-ઉત્તર મહાવિદેહની કચ્છ વિજયની નજીકના વક્ષસ્કારપર્વતથી પ્રદક્ષિણાવર્ત ક્રમે તેમના નામ આ પ્રમાણે છે -

(૧) ચિત્ર	(૫) ત્રિકૂટ	(૯) અંકાપાતી	(૧૩) ચન્દ્ર
(૨) બ્રહ્મકૂટ	(૬) વૈશ્રવણ	(૧૦) પક્ષ્માપાતી	(૧૪) સૂર
(૩) નલિનીકૂટ	(૭) અંજન	(૧૧) આશીવિષ	(૧૫) નાગ
(૪) એકશૈલ	(૮) માતંજન	(૧૨) સુખાવહ	(૧૬) દેવ

દરેક વક્ષસ્કારપર્વતના અધિપતિ તે નામના દેવ છે. તેમના આયુષ્ય, પરિવાર, રાજધાની દક્ષિણાર્ધભરતદેવની જેમ જાણવા. મેરુ પર્વતથી ઉત્તરના વક્ષસ્કાર પર્વતોના અધિપતિદેવોની રાજધાની મેરુપર્વતથી ઉત્તરમાં છે અને મેરુપર્વતથી દક્ષિણના વક્ષસ્કાર પર્વતોના અધિપતિદેવોની રાજધાની મેરુપર્વતથી દક્ષિણમાં છે.

૧૨ અંતરનદીઓ :

પૂર્વ-ઉત્તર મહાવિદેહની સુકચ્છ વિજયની પૂર્વબાજુની પ્રથમ અંતરનદીથી પ્રદક્ષિણાવત ક્રમે અંતરનદીઓના નામ આ પ્રમાણે છે -


સીતા કે સીતોદા મહાનદી
૧૦૦ યોજન
૨૫ યોજન
૭૫ યોજન
૧૦૦ યોજન
૫૦૦ યોજન
નિષધ કે નીલવંત વર્ષધર પર્વત
વક્ષસ્કાર પર્વતો

(૧) ગાહાવતી	(૪) તપ્તા	(૭) ક્ષીરોદા	(૧૦) ઉર્મિમાલિની
(૨) હ્રદાવતી□	(૫) મત્તા	(૮) શીતસ્રોતા	(૧૧) ગંભીરમાલિની
(૩) વેગવતી	(૬) ઉન્મત્તા	(૯) અંતર્વાહિની	(૧૨) ફેનમાલિની

આ અંતરનદીઓ ૧૦ યોજન ઊંડી છે. તે વર્ષધરપર્વતોની નજીકના પોતપોતાના કુંડમાંથી શરૂ થાય છે. બધા કુંડો ૧૨૦ યોજન લાંબા-પહોળા અને ૧૦ યોજન ઊંડા છે. તેમની પરિધિ દેશોન ૩૮૦ યોજન છે (રોહિતાંશાપ્રપાતકુંડની જેમ). દરેક કુંડની મધ્યમાં નદીના નામનો દ્વીપ છે. તે ૧૬ યોજન લાંબો-પહોળો છે. તેની પરિધિ સા. ૫૦ યોજન છે (રોહિતાંશા કુંડની જેમ). બધા દ્વીપો પાણીથી ૨ ગાઉ ઊંચા છે. બધા દ્વીપો એક પદ્મવરવેદિકા અને એક વનખંડથી વીંટાયેલા છે. દરેક દ્વીપની મધ્યમાં અધિપતિદેવીનું ભવન છે. અધિપતિદેવીઓ નદીના નામવાળી છે. ભવનની લંબાઈ ૧ ગાઉ છે, પહોળાઈ $^{1}/_{2}$ ગાઉ છે અને ઊંચાઈ દેશોન ૧ ગાઉ છે. દરેક ભવનમાં ચિત્ર મણિના સેંકડો થાંભલા છે. ભવનની મધ્યમાં અધિપતિદેવીનો પલંગ છે. અંતરનદીઓની પહોળાઈ સર્વત્ર ૧૨૫ યોજન છે અને ઊંડાઈ સર્વત્ર ૨ $^{1}/_{2}$ યોજન છે.

૩૨ વિજયો :

ચક્રવર્તીને જીતવા યોગ્ય ક્ષેત્ર તે એક વિજય. મહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજય છે. માલ્યવંત ગજદંતગિરિની નજીકની પ્રથમ વિજયથી પ્રદક્ષિણાવર્ત ક્રમે વિજયોના નામ આ પ્રમાણે છે -

(૧) કચ્છ	(૯) વત્સ	(૧૭) પક્ષ્મ	(૨૫) વપ્ર
(૨) સુકચ્છ	(૧૦) સુવત્સ	(૧૮) સુપક્ષ્મ	(૨૬) સુવપ્ર
(૩) મહાકચ્છ	(૧૧) મહાવત્સ	(૧૯) મહાપક્ષ્મ	(૨૭) મહાવપ્ર
(૪) કચ્છાવતી	(૧૨) વત્સાવતી	(૨૦) પક્ષ્માવતી	(૨૮) વપ્રાવતી
(૫) આવર્ત	(૧૩) રમ્ય	(૨૧) શંખ	(૨૯) વલ્ગુ
(૬) મંગલાવર્ત	(૧૪) રમ્યક	(૨૨) નલિન	(૩૦) સુવલ્ગુ
(૭) પુષ્કલ	(૧૫) રમણીય	(૨૩) કુમુદ	(૩૧) ગંધિલ
(૮) પુષ્કલાવતી	(૧૬) મંગલાવતી	(૨૪) નલિનાવતી	(૩૨) ગંધિલાવતી

□ **બૃહત્ક્ષેત્રસમાસની મૂળગાથા ૩૭૫**માં આનું નામ દહવઈ લખ્યું હોવાથી અહીં દ્રહવતી હોવું જોઈએ, છતાં ટીકામાં હ્રદાવતી લખ્યું હોવાથી અમે પણ તે પ્રમાણે લખ્યું છે. **લઘુક્ષેત્રસમાસની મૂળ ગાથા ૧૫૨**માં આનું નામ દહવઈ લખ્યું છે અને ટીકામાં દ્રહવતી લખ્યું છે.

વિજયોમાં રહેલી શાશ્વત નગરીઓના નામ :

(૧) ક્ષેમા	(૯) સુસીમા	(૧૭) અશ્વપુરી□	(૨૫) વિજયા
(૨) ક્ષેમપુરી	(૧૦) કુંડલા	(૧૮) સિંહપુરી	(૨૬) વૈજયંતી
(૩) અરિષ્ટા	(૧૧) અપરાવતી⊕	(૧૯) મહાપુરી	(૨૭) જયંતી
(૪) અરિષ્ટાવતી	(૧૨) પ્રભંકરા	(૨૦) વિજયપુરી	(૨૮) અપરાજિતા
(૫) ખડ્ગી	(૧૩) અંકાવતી	(૨૧) અપરાજિતા	(૨૯) ચક્રપુરી△
(૬) મંજૂષા	(૧૪) પક્ષ્માવતી⊕	(૨૨) અપરા	(૩૦) ખડ્ગપુરી
(૭) ઔષધીપુરી	(૧૫) શુભા	(૨૩) અશોકા	(૩૧) અવધ્યા
(૮) પુંડરીકિણી⊕	(૧૬) રત્નસંચયા	(૨૪) વીતશોકા	(૩૨) અયોધ્યા

આ નગરીઓ તે તે વિજયના દક્ષિણાર્ધના મધ્યખંડમાં હોય છે.

એક વિજય :

દરેક વિજયમાં છ ખંડ હોય છે. તે આ પ્રમાણે -

કચ્છ વિજયની મધ્યમાં પૂર્વ-પશ્ચિમ લાંબો (વિજયની પહોળાઈ જેટલો) અને ઉત્તર-દક્ષિણ ૫૦ યોજન પહોળો વૈતાઢ્યપર્વત છે. તે કચ્છ વિજયના બે વિભાગ કરે છે - દક્ષિણાર્ધ અને ઉત્તરાર્ધ. દરેક વિભાગની લંબાઈ

$$= \frac{\text{વિજયની લંબાઈ} - ૫૦}{૨} = \frac{૧૬,૫૯૨ \text{ યો.} ૨ \text{ ક.} - ૫૦ \text{ યો.}}{૨}$$

$$= \frac{૧૬,૫૪૨ \text{ યો. } ૨ \text{ ક.}}{૨} = ૮,૨૭૧ \text{ યોજન } ૧ \text{ કળા}$$


કચ્છ વિજયના ઉત્તરાર્ધમાં ગજદંતગિરિની પૂર્વમાં, વૃષભકૂટની પશ્ચિમમાં અને નીલવંત વર્ષધર પર્વતની દક્ષિણ તળેટીમાં સિંધુકુંડ છે. તે ૬૦ યોજન લાંબો-પહોળો છે. તેની પરિધિ દેશોન ૧૯૦ યોજન છે (ભરતક્ષેત્રના ગંગાપ્રપાતકુંડની જેમ). તે ૧૦ યોજન ઊંડો છે. તેની મધ્યમાં સિંધુદ્વીપ છે. તે ૮ યોજન લાંબો-પહોળો છે. તેની

⊕ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૫૯-૧૬૦ની ટીકા**માં આ નગરીઓના નામ ક્રમશઃ પૌંડરીકિણી, અપરાજિતા, પદ્મવતી કહ્યા છે.

□ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૬૧ અને તેની ટીકા**માં ૧૭મી થી ૨૦મી નગરીઓના નામો ક્રમશઃ અશ્વપુરા, સિંહપુરા, મહાપુરા અને વિજયપુરા કહ્યા છે.

△ **લઘુક્ષેત્રસમાસની ગાથા ૧૬૨ અને તેની ટીકા**માં ૨૯મી-૩૦મી નગરીઓના નામો ક્રમશઃ ચક્રપુરા અને ખડ્ગપુરા કહ્યા છે.

મહાવિદેહ ક્ષેત્રની એક વિજય




પરિધિ સા.૨૫ યોજન છે. (ભરતક્ષેત્રના ગંગાદ્વીપની જેમ) તે પાણીની ઉપર ૨ ગાઉ ઊંચો છે. તેને ચારે બાજુ ફરતી એક પદ્મવરવેદિકા અને એક વનખંડ છે. સિંધુદ્વીપની મધ્યમાં સિંધુદેવીનું ભવન છે. તે ૧ ગાઉ લાંબુ, $^{1}/_{2}$ ગાઉ પહોળુ અને દેશોન ૧ ગાઉ ઊંચું છે. તેમાં વિવિધ મણિના સેંકડો થાંભલા છે. ભવનની મધ્યમાં ૧ મણિપીઠિકા છે. તેની ઉપર સિંધુદેવીની શય્યા છે. સિંધુકુંડના દક્ષિણ તોરણથી સિંધુનદી નીકળે છે. તે ઉત્તરકચ્છાર્ધમાં દક્ષિણ તરફ જાય છે. વૈતાઢ્યપર્વત સુધીમાં તેને ૭,૦૦૦ નદીઓ મળે છે. તે તમિસ્રાગુફાની પશ્ચિમ બાજુએ વૈતાઢ્યને નીચેથી ભેદી દક્ષિણ કચ્છાર્ધમાં આગળ વધી સીતા નદીને મળે છે. ત્યાં સુધીમાં તેને બીજી ૭,૦૦૦ નદીઓ મળે છે. આમ તેને કુલ ૧૪,૦૦૦ નદીઓ મળે છે. કુંડમાંથી નીકળે ત્યારે સિંધુ નદીની પહોળાઈ ૬ $^{1}/_{4}$ યોજન છે અને ઊંડાઈ $^{1}/_{2}$ ગાઉ છે. સીતા નદીમાં પ્રવેશ વખતે તેની પહોળાઈ ૬૨ $^{1}/_{2}$ યોજન છે અને ઊંડાઈ ૫ ગાઉ છે.

વૃષભકૂટની પૂર્વમાં ગંગાકુંડ છે. તે સિંધુકુંડની સમાન છે. ગંગાકુંડના દક્ષિણ તોરણથી ગંગાનદી નીકળે છે. તેની વક્તવ્યતા સિંધુ નદીની સમાન છે. તે ખંડપ્રપાતગુફાની પૂર્વ બાજુએ વૈતાઢ્યને નીચેથી ભેદે છે.

આમ ગંગા-સિંધુ નદીઓ ઉત્તર કચ્છાર્ધના અને દક્ષિણકચ્છાર્ધના ૩-૩ વિભાગ કરે છે. તેથી કચ્છ વિજયના છ ખંડ થાય છે. એમ શેષ વિજયોના પણ છ-છ ખંડો જાણવા. સીતાની ઉત્તરની કચ્છાદિ આઠ વિજયોમાં અને સીતોદાની દક્ષિણની પક્ષ્માદિ આઠ વિજયોમાં ગંગા-સિંધુ નદીઓ છે. સીતાની દક્ષિણની મંગલાવતી વગેરે આઠ વિજયોમાં અને સીતોદાની ઉત્તરની ગંધિલાવતી વગેરે આઠ વિજયોમાં રક્તા-રક્તવતી નદીઓ છે.

વનમુખ :

મહાવિદેહક્ષેત્રમાં ચાર વનમુખ છે. તે આ પ્રમાણે - સીતા નદી પૂર્વસમુદ્રને મળે ત્યાં તેના બન્ને કિનારે ૧-૧ વનમુખ છે. સીતોદા નદી પશ્ચિમ સમુદ્રને મળે ત્યાં તેના બન્ને કિનારે ૧-૧ વનમુખ છે. આ વનમુખો ઉત્તર-દક્ષિણ લાંબા અને પૂર્વ-પશ્ચિમ પહોળા છે. સીતા-સીતોદા પાસે વનમુખોની પહોળાઈ પૂર્વે કહી છે. નિષધ-નીલવંત પાસે વનમુખોની પહોળાઈ =


મહાવિદેહ ક્ષેત્રમાં વનમુખનો દેખાવ
નિષધ-નીલવંત પર્વત
વિસ્તાર
૧
કળા
વનમુખ
સીતા
નદી
વનમુખ
નિલવંત-નિષધ પર્વત

$$= \frac{\text{નિષધ-નીલવંતની જીવા} - [(૧૬ \times \text{એક વિજયની પહોળાઈ}) + (૮ \times \text{એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ}) + (૬ \times \text{એક અંતરનદીની પહોળાઈ}) + (૨ \times \text{ગજદંતગિરિની પહોળાઈ}) + \text{દેવકુરુ - ઉતરકુરુની જીવા}]}{૨}$$

$$= \frac{\text{સા. ૯૪,૧૫૬ યો. ૨ ક.} - [(૧૬ \times ૨,૨૧૨ \frac{૧૪}{૧૬}) + (૮ \times ૫૦૦) + (૬ \times ૧૨૫) + (૨ \times ૫૦૦) + ૫૩,૦૦૦]}{૨}$$

$$= \frac{\text{સા. ૯૪,૧૫૬ યો. ૨ ક.} - [૩૫,૪૦૬ + ૪,૦૦૦ + ૭૫૦ + ૧,૦૦૦ + ૫૩,૦૦૦]}{૨}$$

$$= \frac{\text{સા. ૯૪,૧૫૬ યો. ૨ ક.} - ૯૪,૧૫૬}{૨}$$

$$= \frac{૨}{૨} \text{ કળા}$$

$$= ૧ \text{ કળા}$$

વનમુખના ઈષ્ટપ્રદેશે પહોળાઈ જાણવાનું કરણ :

નિષધ-નીલવંતથી જેટલું જઈએ તે અ યોજન.

તે સ્થાને વનમુખની પહોળાઈ

$$= \frac{\text{અ} \times \text{વનમુખની નદી તરફની પહોળાઈ}}{\text{વનમુખની લંબાઈ}}$$

દા.ત., નિષધ-નીલવંતથી ૧૬,૫૯૨ યો. ૨ ક. ગયા પછી વનમુખની પહોળાઈ

$$= \frac{૧૬,૫૯૨ \text{ યો. ૨ ક.} \times ૨૯૨૨}{૧૬,૫૯૨ \text{ યો. ૨ ક.}} = ૨,૯૨૨ \text{ યોજન.}$$

* મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ અવશ્ય હોય છે.

જંબૂદ્વીપના કૂટો -

ક્રમ	સ્થાન	કૂટ સંખ્યા
૧	લઘુહિમવંત પર્વત ઉપર	૧૧
૨	શિખરી પર્વત ઉપર	૧૧
૩	મહાહિમવંત પર્વત ઉપર	૮
૪	રુક્મી પર્વત ઉપર	૮
૫	નિષેધ પર્વત ઉપર	૯
૬	નીલવંત પર્વત ઉપર	૯
૭	સૌમનસ ગજદંત પર્વત ઉપર	૭
૮	ગંધમાદન ગજદંત પર્વત ઉપર	૭
૯	વિદ્યુત્પ્રભ ગજદંત પર્વત ઉપર	૮
૧૦	માલ્યવંત ગજદંત પર્વત ઉપર	૮
૧૧	૧૬ વક્ષસ્કારપર્વતો ઉપર ૪-૪	૬૪
૧૨	નંદનવનમાં	૮
૧૩	ભદ્રશાલવનમાં કરિકૂટ	૮
૧૪	હરિકૂટ, હરિસ્સહકૂટ, બલકૂટ	૩
૧૫	૩૪ વૈતાઢ્યપર્વતો ઉપર ૯-૯	૩૦૬
૧૬	જંબૂવૃક્ષના	૮
૧૭	શાલ્મલીવૃક્ષના	૮
૧૮	વૃષભકૂટ	૩૪
	કુલ	૫૨૫

આ બધા કૂટો વેદિકા અને વનખંડથી પરિવરાયેલા છે.

જંબૂદ્વીપમાં શાશ્વત જિનચૈત્યો -

ક્રમ	સ્થાન	શાશ્વતજિનચૈત્ય સંખ્યા
૧	વર્ષધર પર્વતો ઉપર	૬
૨	ગજદંત પર્વતો ઉપર	૪
૩	૩૪ વૈતાઢ્ય પર્વતો ઉપર	૩૪
૪	૧૬ વક્ષસ્કાર પર્વતો ઉપર	૧૬
૫	જંબૂવૃક્ષના વનખંડમાં	૮
૬	જંબૂવૃક્ષની ઉપર	૧
૭	શાલ્મલીવૃક્ષના વનખંડમાં	૮
૮	શાલ્મલીવૃક્ષની ઉપર	૧
૯	મેરુપર્વતની ચૂલિકા ઉપર	૧
૧૦	ભદ્રશાલવનમાં	૪
૧૧	નંદનવનમાં	૪
૧૨	સૌમનસવનમાં	૪
૧૩	પંડકવનમાં	૪
	કુલ	૯૫

મતાંતરે ઉપર કહેલ શાશ્વત જિનચૈત્યો સિવાય અન્ય શાશ્વતજિનચૈત્યો પણ છે. તે આ પ્રમાણે -

ક્રમ	સ્થાન	શાશ્વતજિનચૈત્ય સંખ્યા
૧	કરિકૂટ ઉપર	૮
૨	નદીના પ્રપાત કુંડો ઉપર	૧૪

ક્રમ	સ્થાન	શાશ્વતજિનચૈત્ય સંખ્યા
૩	નદીઓમાં	૧૪
૪	દ્રહોમાં	૧૬
૫	કાંચનગિરિ ઉપર	૨૦૦
૬	ચિત્ર-વિચિત્ર-બે યમક પર્વતો ઉપર	૪
૭	વૃત્તવૈતાઢ્ય પર્વતો ઉપર	૪
	કુલ	**૨૬૦**

જંબૂદ્વીપમાં તીર્થો -

ભરતક્ષેત્રમાં વહેતી ગંગા નદી પૂર્વસમુદ્રને મળે છે ત્યાં માગધ તીર્થ છે. ભરતક્ષેત્રમાં વહેતી સિંધુ નદી પશ્ચિમસમુદ્રને મળે છે ત્યાં પ્રભાસ તીર્થ છે. આ બંનેની વચ્ચે વરદામ તીર્થ છે.

ઐરવતક્ષેત્રમાં વહેતી રક્તા નદી પૂર્વસમુદ્રને મળે છે ત્યાં માગધ તીર્થ છે. ઐરવતક્ષેત્રમાં વહેતી સિંધુ નદી પશ્ચિમસમુદ્રને મળે છે ત્યાં પ્રભાસ તીર્થ છે. આ બંનેની વચ્ચે વરદામ તીર્થ છે.

મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજયોમાં પણ ગંગા નદી કે રક્તા નદી સીતા નદી કે સીતોદા નદીને મળે તે સ્થળે માગધ તીર્થ છે, સિંધુ નદી કે રક્તવતી નદી સીતા નદી કે સીતોદા નદીને મળે તે સ્થળે પ્રભાસ તીર્થ છે. તે બંને તીર્થોની વચ્ચે વરદામ તીર્થ છે.

આમ જંબૂદ્વીપમાં કુલ ૩૪ x ૩ = ૧૦૨ તીર્થો છે.

અધોગ્રામ - મેરુપર્વતથી પશ્ચિમ તરફની પૃથ્વી સમભૂતલથી ક્રમશઃ નીચી નીચી થતી જાય છે. મેરુપર્વતથી પશ્ચિમ તરફ ૪૨,૦૦૦ યોજન ગયા પછી પૃથ્વી ૧,૦૦૦ યોજન નીચી છે. ત્યાં રહેલ ગામ તે અધોલોકમાં આવેલા છે. તેથી તે અધોગ્રામ કહેવાય છે.

કયા ક્ષેત્રમાં કેટલા ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, તીર્થંકર હોય ?

ક્ષેત્ર	ચક્રવર્તી		બળદેવ		વાસુદેવ		તીર્થંકર	
	જ.	ઉ.	જ.	ઉ.	જ.	ઉ.	જ.	ઉ.
મહાવિદેહક્ષેત્રમાં	૪	૨૮	૪	૨૮	૪	૨૮	૪	૩૨
જંબૂદ્વીપમાં	૪	૩૦	૪	૩૦	૪	૩૦	૪	૩૪

જંબૂદ્વીપના ચંદ્ર-સૂર્ય વગેરે :

જંબૂદ્વીપમાં ૨ ચંદ્ર છે, ૨ સૂર્ય છે, ૫૬ નક્ષત્ર છે, ૧૭૬ ગ્રહ છે, ૧,૩૩,૯૫૦ કોટીકોટી તારા છે.

(૧) **સૂર્યચારપ્રરૂપણા** - અહીં ૫ અનુયોગદ્વાર છે.

(i) **મંડલક્ષેત્રપ્રરૂપણા :**

સૂર્યના મંડલ = ૧૮૪

એક સૂર્યમંડલની પહોળાઈ = $\frac{૪૮}{૬૧}$ યોજન

સૂર્યમંડલના આંતરા = ૧૮૩


બે સૂર્યમંડલનું અંતર = ૨ યોજન

$\therefore$ સૂર્યના મંડલક્ષેત્રની પહોળાઈ = $(૧૮૪ \times \frac{૪૮}{૬૧}) + (૧૮૩ \times ૨)$

$= \frac{૮,૮૩૨}{૬૧} + ૩૬૬$


$= ૧૪૪\ \frac{૪૮}{૬૧} + ૩૬૬$

$= ૫૧૦\ \frac{૪૮}{૬૧}$ યોજન



સૂર્ય-ચંદ્રનું મંડલક્ષેત્ર
જં બૂ દ્વી પ
મેરૂ
૪૪૮૨૦
ચો. ૬૨
૧૮૦
મંડલ
૫
૫
૩૩૦ ૪૮/૬૧
ક્ષેત્ર
૧૦ ૪૮/૬૧
લ વ ણ સમુદ્ર
સર્વાભ્યન્તર મંડલસ્થાન
સર્વ બાહ્યમંડલસ્થાન

સૂર્યમંડલ અને તેના આંતરા


(૧૮૪ મંડલ ૧૮૩ આંતરા)
જંબૂદ્વીપમાં-૬૫, લવણ સમુદ્રમાં ૧૧૯ માંડલા




સર્વબાહ્ય મંડલે વર્તતાં પૂર્વ પશ્ચિમ દિશાવર્તી બંને સૂર્યોનું પુનઃ સર્વાભ્યન્તર મંડલે આગમન




પશ્ચિમ સૂર્યનું સર્વાભ્યન્તર મંડલથી સર્વબાહ્યમંડલે ગમન અને સર્વબાહ્ય મંડલેથી સર્વાભ્યન્તર મંડલે આગમન



સર્વાભ્યન્તર મંડલેથી સર્વબાહ્યમંડલે જતાં પૂર્વ અને પશ્ચિમ દિશાના (બે) સૂર્યો



પૂર્વ દિશાના સૂર્યનું સર્વાભ્યન્તર મંડલેથી સર્વબાહ્ય મંડલે ગમન અને સર્વબાહ્ય મંડલેથી પુનઃ સર્વાભ્યન્તર મંડલે આગમન



$$\begin{array}{r} 184 \\ \times\ 48 \\ \hline 1472 \\ +\ 6360 \\ \hline 8832 \end{array} \qquad \begin{array}{r} 184 \\ 61\overline{)\ 8832} \\ -61 \\ \hline 273 \\ -244 \\ \hline 292 \\ -244 \\ \hline 48 \end{array}$$

(ii) મંડલસંખ્યાપ્રરૂપણા :

સૂર્યના કુલ મંડલ = ૧૮૪

જંબૂદ્વીપમાં સૂર્યના મંડલ = ૬૫

લવણસમુદ્રમાં સૂર્યના મંડલ = ૧૧૯

જંબૂદ્વીપમાં સૂર્યના મંડલક્ષેત્રની પહોળાઈ

$= (65 \times \frac{48}{61}) + (64 \times 2)$

$= \frac{3,120 + 128}{61}$ $\quad\left|\quad \begin{array}{r} 65 \\ \times\ 48 \\ \hline 520 \\ +\ 2600 \\ \hline 3120 \end{array} \qquad \begin{array}{r} 51 \\ 61\overline{)\ 3120} \\ -305 \\ \hline 070 \\ -61 \\ \hline 09 \end{array}\right.$

$= \frac{51\ 9 + 128}{61}$

$= \frac{179\ 9 \text{ યોજન}}{61}$

૬૫મા અને ૬૬મા મંડલો વચ્ચેનું જે ૨ યોજનનું અંતર છે તેમાંથી $\frac{52}{61}$ યોજન જંબૂદ્વીપમાં છે અને શેષ $1\frac{9}{61}$ યોજન લવણસમુદ્રમાં છે. તેથી જંબૂદ્વીપમાં સૂર્યના મંડલક્ષેત્રની

પહોળાઈ=૧૭૯ $\frac{૯}{૬૧}$ યોજન + $\frac{૫૨}{૬૧}$ યોજન = ૧૮૦ યોજન.

લવણસમુદ્રમાં સૂર્યના મંડલક્ષેત્રની પહોળાઈ

= (૧૧૯ x $\frac{૪૮}{૬૧}$) + (૧૧૯ x ૨)

= $\frac{૫,૭૧૨}{૬૧}$ + ૨૩૮ | ૧૧૯ x ૪૮ = ૯૫૨ + ૪૭૬૦ = ૫૭૧૨ | ૬૧) ૫૭૧૨ (૯૩ −૫૪૯ ૦૨૨૨ −૧૮૩ ૦૩૯

= ૯૩ $\frac{૩૯}{૬૧}$ + ૨૩૮

= ૩૩૧ $\frac{૩૯}{૬૧}$ યોજન

૬૫મા અને ૬૬મા મંડલો વચ્ચેના ૨ યોજનના અંતરમાંથી $\frac{૫૨}{૬૧}$ યોજન જંબૂદ્વીપમાં છે. તેથી લવણસમુદ્રમાં સૂર્યના મંડલક્ષેત્રની પહોળાઈ = ૩૩૧ $\frac{૩૯}{૬૧}$ યોજન − $\frac{૫૨}{૬૧}$ યોજન

= ૩૩૦ $\frac{૪૮}{૬૧}$ યોજન.

(iii) અબાધાપ્રરૂપણા :

(a) મેરુપર્વતને આશ્રયી સામાન્યથી મંડલક્ષેત્રની અબાધા :

મેરુથી મંડલક્ષેત્રની અબાધા

= $\frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - [\text{મેરુપર્વતની પહોળાઈ} + (૨ \text{ x જંબૂદ્વીપમાં મંડલક્ષેત્ર})]}{૨}$

= $\frac{૧,૦૦,૦૦૦ - (૧૦,૦૦૦ + ૩૬૦)}{૨}$

= $\frac{૧,૦૦,૦૦૦ - ૧૦,૩૬૦}{૨}$

$$= \frac{૯૯,૬૪૦}{૨} = ૪૪,૮૨૦ \text{ યોજન}$$

(b) મેરુપર્વતને આશ્રયી દરેક મંડળની અબાધા :

મેરુપર્વતથી સર્વઅભ્યંતર પ્રથમ મંડલની અબાધા = ૪૪,૮૨૦ યોજન.

મેરુપર્વતથી બીજા મંડલની અબાધા = ૪૪,૮૨૦ + ૨ + $\frac{૪૮}{૬૧}$ = ૪૪,૮૨૨ $\frac{૪૮}{૬૧}$ યોજન

મેરુપર્વતથી ત્રીજા મંડલની અબાધા

$$= ૪૪,૮૨૦ + [૨ \times (૨ + \frac{૪૮}{૬૧})]$$
$$= ૪૪,૮૨૦ + ૪ + \frac{૯૬}{૬૧}$$
$$= ૪૪,૮૨૦ + ૫ + \frac{૩૫}{૬૧} \text{ યોજન}$$
$$= ૪૪,૮૨૫ \frac{૩૫}{૬૧}$$

એમ આગળ આગળના મંડલનું મેરુપર્વતથી આંતરુ ૨ $\frac{૪૮}{૬૧}$ યોજન વધારતા જવું.

(c) દરેક મંડલમાં બે સૂર્યોની પરસ્પર અબાધા :

સર્વઅભ્યંતર પ્રથમ મંડલમાં બે સૂર્યોનું પરસ્પર આંતરુ = ૧,૦૦,૦૦૦ – (૨ x ૧૮૦) = ૧,૦૦,૦૦૦ – ૩૬૦ = ૯૯,૬૪૦ યોજન

બીજા મંડલમાં બે સૂર્યોનું પરસ્પર આંતરુ = ૯૯,૬૪૦ + ૨ $\frac{૪૮}{૬૧}$ + ૨ $\frac{૪૮}{૬૧}$

$$= ૯૯,૬૪૫ \frac{૩૫}{૬૧} \text{ યોજન}$$

ત્રીજા મંડલમાં બે સૂર્યોનું પરસ્પર આંતરુ = ૯૯,૬૪૫ $\frac{૩૫}{૬૧} + \left(૨ \times ૨\frac{૪૮}{૬૧}\right)$

= ૯૯,૬૪૫ $\frac{૩૫}{૬૧}$ + ૫ $\frac{૩૫}{૬૧}$ = ૯૯,૬૫૧ $\frac{૯}{૬૧}$ યોજન

એમ આગળ આગળના મંડલમાં બે સૂર્યોનું પરસ્પર અંતર ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન વધારવું.

સર્વબાહ્યમંડલમાં બે સૂર્યોનું પરસ્પર આંતરુ = ૯૯,૬૪૦ + (૧૮૩ x ૫ $\frac{૩૫}{૬૧}$) = ૯૯,૬૪૦ + ૯૧૫ + ૧૦૫ = ૧,૦૦,૬૬૦ યોજન.

(iv) મંડલાંતરપ્રરૂપણા -

બે મંડલનું પરસ્પર અંતર ૨ યોજન છે. કુલ મંડલાંતર ૧૮૩ છે.

(v) મંડલચારપ્રરૂપણા - અહીં ૭ અનુયોગદ્વાર છે.

(a) વરસમાં મંડલના ચારની સંખ્યાની પ્રરૂપણા :

જે દિવસે સર્વઅભ્યંતર મંડલથી બીજા મંડલમાં સૂર્ય ચાર ચરે તે સૂર્ય-સંવત્સરનો પહેલો દિવસ છે. પછી પછીના દિવસે સૂર્ય પછી પછીના મંડલમાં ચાર ચરે. ૧૮૩મા દિવસે સૂર્ય સર્વબાહ્ય મંડલમાં ચાર ચરે. ત્યારે પ્રથમ ૬ માસ પૂર્ણ થાય. ત્યાર પછીના દિવસે સૂર્ય સર્વબાહ્યથી અંદર બીજા મંડલમાં ચાર ચરે. તે બીજા ૬ માસનો પ્રથમ દિવસ છે. પછી પછીના દિવસે સૂર્ય પછી પછીના મંડલમાં ચાર ચરે. ૧૮૩મા દિવસે સૂર્ય સર્વઅભ્યંતર મંડલમાં ચાર ચરે. ત્યારે બીજા ૬ માસ અને સૂર્યસંવત્સર પૂર્ણ થાય. આમ ૩૬૬ દિવસના ૧ સંવત્સરમાં સૂર્ય સર્વઅભ્યંતર મંડલમાં અને સર્વબાહ્ય મંડલમાં ૧-૧ વાર ચાર ચરે છે, શેષ ૧૮૨ મંડલોમાં ૨-૨ વાર ચાર ચરે છે.

(b) વરસમાં દરેક અહોરાત્રમાં દિવસ-રાત્રિનું પ્રમાણ :

જ્યારે સર્વઅભ્યંતર મંડલમાં સૂર્ય ચાર ચરે ત્યારે ૧૮ મુહૂર્તનો સર્વોત્કૃષ્ટ દિવસ હોય અને ૧૨ મુહૂર્તની સર્વજઘન્ય રાત્રિ હોય. નવા વરસના પ્રથમ દિવસે જ્યારે સૂર્ય બીજા મંડલમાં ચાર ચરે ત્યારે ૧૮

$-\frac{૨}{૬૧} = ૧૭\frac{૫૯}{૬૧}$ મુહૂર્તનો દિવસ હોય અને $૧૨ + \frac{૨}{૬૧} = ૧૨\frac{૨}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય. નવા વરસના બીજા દિવસે જ્યારે સૂર્ય ત્રીજા મંડલમાં ચાર ચરે ત્યારે $૧૮ - \frac{૪}{૬૧} = ૧૭\frac{૫૭}{૬૧}$ મુહૂર્તનો દિવસ હોય અને $૧૨ + \frac{૪}{૬૧} = ૧૨\frac{૪}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય. એમ પછી પછીના દિવસે જ્યારે સૂર્ય પછી પછીના મંડલમાં ચાર ચરે ત્યારે દિવસ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત પ્રમાણ ઘટતો જાય અને રાત્રિ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત પ્રમાણ વધતી જાય. ૧૮૩ મા દિવસે જ્યારે ૧૮૪મા મંડલમાં સૂર્ય ચાર ચરે ત્યારે દિવસ $૧૮ - (૧૮૩ \times \frac{૨}{૬૧}) = ૧૮ - ૬ = ૧૨$ મુહૂર્તનો હોય અને રાત્રિ $૧૨ + (૧૮૩ \times \frac{૨}{૬૧}) = ૧૨ + ૬ = ૧૮$ મુહૂર્તની હોય. આ પ્રથમ ૬ માસનો છેલ્લો દિવસ છે. બીજા છ માસના પ્રથમ દિવસે જ્યારે સૂર્ય બહારથી અંદર બીજા મંડલમાં ચાર ચરે ત્યારે દિવસ $૧૨ + \frac{૨}{૬૧} = ૧૨\frac{૨}{૬૧}$ મુહૂર્તનો અને રાત્રિ $૧૮ - \frac{૨}{૬૧} = ૧૭\frac{૫૯}{૬૧}$ મુહૂર્તની હોય. બીજા દિવસે જ્યારે સૂર્ય બહારથી અંદર ત્રીજા મંડલમાં ચાર ચરે ત્યારે દિવસ $૧૨ + \frac{૪}{૬૧} = ૧૨\frac{૪}{૬૧}$ મુહૂર્તનો અને રાત્રિ $૧૮ - \frac{૪}{૬૧} = ૧૭\frac{૫૭}{૬૧}$ મુહૂર્તની હોય. એમ પછી પછીના દિવસે જ્યારે સૂર્ય અંદર અંદરના મંડલમાં ચાર ચરે ત્યારે દિવસ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત પ્રમાણ વધતો જાય અને રાત્રિ $\frac{૨}{૬૧}$ મુહૂર્ત પ્રમાણ ઘટતી જાય. ૧૮૩મા દિવસે જ્યારે સૂર્ય સર્વઅભ્યંતર મંડલમાં ચાર ચરે ત્યારે દિવસ $૧૨ + (૧૮૩ \times \frac{૨}{૬૧}) = ૧૨ + ૬ = ૧૮$ મુહૂર્તનો હોય અને રાત્રિ $૧૮ - (૧૮૩ \times \frac{૨}{૬૧}) = ૧૮ - ૬ = ૧૨$ મુહૂર્તની હોય. આ બીજા ૬ માસનો અને સૂર્ય સંવત્સરનો છેલ્લો દિવસ છે.

આમ ૧ વરસમાં ૧ વાર ૧૮ મુહૂર્તનો દિવસ અને ૧૨ મુહૂર્તની રાત્રિ થાય તથા ૧ વાર ૧૨ મુહૂર્તનો દિવસ અને ૧૮ મુહૂર્તની રાત્રિ થાય. પહેલા ૬ માસમાં (છેલ્લા દિવસે) ૧૨ મુહૂર્તનો દિવસ અને ૧૮ મુહૂર્તની રાત્રિ હોય તથા બીજા ૬ માસમાં (છેલ્લા દિવસે) ૧૮ મુહૂર્તનો દિવસ અને ૧૨ મુહૂર્તની રાત્રિ હોય.

(c) દરેક મંડલમાં ક્ષેત્રવિભાગથી દિવસ-રાત્રિની પ્રરૂપણા :

જ્યારે સૂર્ય સર્વઅભ્યંતર મંડલમાં ચાર ચરે ત્યારે જ્યારે મેરુપર્વતથી પૂર્વમાં અને પશ્ચિમમાં ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ઉત્તરમાં અને દક્ષિણમાં ૧૨ મુહૂર્તની રાત્રિ હોય, અને જ્યારે મેરુ પર્વતથી ઉત્તરમાં અને દક્ષિણમાં ૧૮ મુહૂર્તનો દિવસ હોય ત્યારે પૂર્વમાં અને પશ્ચિમમાં ૧૨ મુહૂર્તની રાત્રિ હોય.

જ્યારે મેરુપર્વતથી પૂર્વમાં દિવસ હોય ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય અને ઉત્તર-દક્ષિણમાં રાત્રિ હોય. જ્યારે મેરુપર્વતથી ઉત્તરમાં દિવસ હોય ત્યારે દક્ષિણમાં પણ દિવસ હોય અને પૂર્વ-પશ્ચિમમાં રાત્રિ હોય.

જ્યારે સૂર્ય બીજા મંડલમાં ચાર ચરે ત્યારે જ્યારે મેરુપર્વતથી પૂર્વમાં અને પશ્ચિમમાં $૧૭\frac{૫૯}{૬૧}$ મુહૂર્તનો દિવસ હોય ત્યારે ઉત્તરમાં - દક્ષિણમાં $૧૨\frac{૨}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય, અને જ્યારે મેરુપર્વતથી ઉત્તરમાં અને દક્ષિણમાં $૧૭\frac{૫૯}{૬૧}$ મુહૂર્તનો દિવસ હોય ત્યારે પૂર્વમાં - પશ્ચિમમાં $૧૨\frac{૨}{૬૧}$ મુહૂર્તની રાત્રિ હોય.

એમ દરેક મંડલમાં ક્ષેત્રવિભાગથી દિવસ-રાત્રિનો વિભાગ અને પરિમાણ જાણવા.


(d) દરેક મંડલની પરિધિ :

સર્વઅભ્યંતર મંડલનો વ્યાસ = ૧,૦૦,૦૦૦ – (૨ x ૧૮૦) = ૯૯,૬૪૦ યોજન


સર્વઅભ્યંતર મંડલની પરિધિ

$= \sqrt{૯૯,૬૪૦ \times ૯૯,૬૪૦ \times ૧૦}$

કર્ક સંક્રાન્તિના પહેલે દિવસે દક્ષિણાયનમાં દિન-રાત્રિ ક્ષેત્ર



મકરસંક્રાન્તિના પહેલે દિવસે ઉત્તરાયણમાં દિનરાત્રિ ક્ષેત્ર



$= \sqrt{૯૯,૨૮,૧૨,૯૬,૦૦૦}$

= સા. ૩,૧૫,૦૮૯ યોજન

૯૯૬૪૦		૩,૧૫,૦૮૯
x ૯૯૬૪૦	૩	૯૯૨૮૧૨૯૬૦૦૦
૩૯૮૫૬૦૦	+૩	−૯
૫૯૭૮૪૦૦૦	૬૧	૦૯૨
૮૯૬૭૬૦૦૦૦	+ ૧	−૬૧
૮૯૬૭૬૦૦૦૦૦	૬૨૫	૩૧૮૧
૯૯૨૮૧૨૯૬૦૦	+ ૫	−૩૧૨૫
	૬૩૦૦૮	૦૦૫૬૨૯૬૦
	+ ૮	−૫૦૪૦૬૪
	૬૩૦૧૬૯	૦૫૮૮૯૬૦૦
	+ ૯	−૫૬૭૧૫૨૧
	૬૩૦૧૭૮	૦૨૧૮૦૭૯

બીજા મંડલનો વ્યાસ = ૯૯,૬૪૦ + ૫ $\frac{૩૫}{૬૧}$ યોજન

બીજા મંડલની પરિધિ

$= \sqrt{(૯૯,૬૪૦)^{૨} \times ૧૦} + \sqrt{(૫\ \frac{૩૫}{૬૧})^{૨} \times ૧૦}$

$= \text{સા. ૩,૧૫,૦૮૯ યો.} + \sqrt{\left(\frac{૬૧ \times ૫ + ૩૫}{૬૧}\right)^{૨} \times ૧૦}$

$= \text{સા. ૩,૧૫,૦૮૯ યો.} + \frac{૧}{૬૧} \sqrt{(૩૪૦)^{૨} \times ૧૦}$

$= \text{સા. ૩,૧૫,૦૮૯ યો.} + \frac{૧}{૬૧} \sqrt{૧૧,૫૬,૦૦૦}$

$= \text{સા. ૩,૧૫,૦૮૯ યો.} + \frac{૧૦૭૫}{૬૧}$ યોજન

$= \text{સા. ૩,૧૫,૦૮૯ યો.} + ૧૭\ \frac{૩૮}{૬૧}$ યોજન

= ૩,૧૫,૦૮૯ યો. + ૧૮ યોજન (વ્યવહારથી)

= ૩,૧૫,૧૦૭ યોજન

૩૪૦		૧૦૭૫
x ૩૪૦	૧	૧૧૫૬૦૦૦
૧૩૬૦૦	+ ૧	−૧
૧૦૨૦૦૦	૨૦૭	૦૧૫૬૦
૧૧૫૬૦૦	+ ૭	−૧૪૪૯
	૨૧૪૫	૦૧૧૧૦૦
	+ ૫	−૧૦૭૨૫
	૨૧૫૦	૦૦૩૭૫

૧૭
૬૧) ૧૦૭૫
−૬૧
૦૪૬૫
−૪૨૭
૦૩૮

એમ પછી પછીના મંડલના વ્યાસમાં ૫ $\frac{૩૫}{૬૧}$ યોજનની વૃદ્ધિ કરવી અને પરિધિમાં ૧૮ યોજનની વૃદ્ધિ કરવી.

સર્વબાહ્ય મંડલનો વ્યાસ = ૧,૦૦,૬૬૦ યોજન

સર્વબાહ્ય મંડલની પરિધિ

$= \sqrt{૧,૦૦,૬૬૦ \times ૧,૦૦,૬૬૦ \times ૧૦}$

$= \sqrt{૧,૦૧,૩૨,૪૩,૫૬,૦૦૦}$

= સાધિક ૩,૧૮,૩૧૪ યોજન = દેશોન ૩,૧૮,૩૧૫ યોજન

		૩,૧૮,૩૧૪
૧૦૦૬૬૦	૩	૧૦૧૩૨૪૩૫૬૦૦૦
x ૧૦૦૬૬૦	+ ૩	− ૯
૬૦૩૯૬૦૦	૬૧	૧૧૩
૬૦૩૯૬૦૦૦	+ ૧	− ૬૧
૧૦૦૬૬૦૦૦૦૦૦	૬૨૮	૦૫૨૨૪
૧૦૧૩૨૪૩૫૬૦૦	+ ૮	− ૫૦૨૪
	૬૩૬૩	૦૨૦૦૩૫
	+ ૩	− ૧૯૦૮૯
	૬૩૬૬૧	૦૦૯૪૬૬૦
	+ ૧	− ૬૩૬૬૧
	૬૩૬૬૨૪	૩૦૯૯૯૦૦
	+ ૪	− ૨૫૪૬૪૯૬
	૬૩૬૬૨૮	૦૫૫૩૪૦૪

બાહ્ય મંડલથી અંદરના મંડલમાં પ્રવેશતા દરેક મંડલના વ્યાસમાં $૫\frac{૩૫}{૬૧}$ યોજનની હાનિ કરવી અને પરિધિમાં ૧૮ યોજનની હાનિ કરવી.

(e) દરેક મંડલમાં પ્રતિમુહૂર્ત ગતિપ્રમાણ પ્રરૂપણા :

એક અહોરાત્રમાં બે સૂર્ય પહેલા મંડલને પૂરુ કરે છે. દરેક સૂર્યના અહોરાત્રની ગણના કરીએ તો ૨ અહોરાત્ર થાય. ૨ અહોરાત્રના ૬૦ મુહૂર્ત થાય.

પહેલા મંડલની પરિધિ = સા. ૩,૧૫,૦૮૯ યોજન

૬૦ મુહૂર્તમાં સા. ૩,૧૫,૦૮૯ યોજન ચાર ચરે

તો ૧ મુહૂર્તમાં $\frac{\text{સા. ૩,૧૫,૦૮૯ યો.}}{૬૦}$

$= ૫,૨૫૧\frac{૨૯}{૬૦}$ યોજન ચારે ચરે

$\therefore$ પહેલા મંડલમાં સૂર્યની મુહૂર્તગતિ = $૫,૨૫૧\frac{૨૯}{૬૦}$ યોજન

બીજા મંડલમાં સૂર્યની મુહૂર્તગતિ

$= \frac{\text{સા. ૩,૧૫,૦૮૯} + ૧૮}{૬૦}$ યોજન

$= \text{સા. } ૫,૨૫૧\frac{૨૯}{૬૦} + \frac{૧૮}{૬૦}$ યોજન

$= ૫,૨૫૧\frac{૪૭}{૬૦}$ યોજન

એમ પછી પછીના મંડલમાં મુહૂર્તગતિ $\frac{૧૮}{૬૦}$ યોજન વધારવી.

સર્વબાહ્ય મંડલમાં સૂર્યની મુહૂર્તગતિ

$= \frac{\text{દેશોન ૩,૧૮,૩૧૫}}{૬૦} = \text{દેશોન } ૫,૩૦૫\frac{૧૫}{૬૦}$ યોજન

ત્યાંથી અંદરના મંડલમાં પ્રવેશતા દરેક મંડલે મુહૂર્તગતિ $\frac{૧૮}{૬૦}$ યોજન ઘટાડવી.

(f) દરેક મંડલમાં દૃષ્ટિપથ પ્રરૂપણા :

અહીંના મનુષ્યો જેટલા યોજન દૂર રહેલા સૂર્યને જુવે તે દૃષ્ટિપથ.

$$\text{દૃષ્ટિપથ} = \frac{\text{દિવસનું પ્રમાણ}}{૨} \times \frac{\text{પરિધિ}}{૬૦}$$

$$\text{સર્વઅભ્યંતર મંડલમાં દૃષ્ટિપથ} = \frac{૧૮}{૨} \times \frac{\text{સા. } ૩,૧૫,૦૮૯}{૬૦}$$

$$= ૯ \times ૫,૨૫૧ \frac{૨૯}{૬૦}$$

$$= ૪૭,૨૫૯ + \frac{૨૬૧}{૬૦}$$

$$= ૪૭,૨૫૯ + ૪ \frac{૨૧}{૬૦}$$

$$= ૪૭,૨૬૩ \frac{૭}{૨૦} \text{ યોજન}$$

$$\text{બીજા મંડલમાં દૃષ્ટિપથ} = \frac{૧૭\frac{૫૯}{૬૧}}{૨} \times \frac{૩,૧૫,૧૦૭}{૬૦}$$

$$= \frac{(૬૧ \times ૧૭ + ૫૯) \times ૩,૧૫,૧૦૭}{૬૧ \times ૬૦ \times ૨}$$


$$= \frac{(૧૦૩૭ + ૫૯) \times ૩,૧૫,૧૦૭}{૩૬૬૦ \times ૨}$$

$$= \frac{૫૪૮ \times ૩,૧૫,૧૦૭}{૩,૬૬૦}$$

$$= \frac{૧૭૨૬૭૮૬૩૬}{૩,૬૬૦}$$

$$= ૪૭,૧૭૯ \frac{૩૪૯૬}{૩૬૬૦}$$

$$= ૪૭,૧૭૯ \frac{૫૭}{૬૦} \frac{૧૯}{૬૧} \text{ યોજન}$$


સર્વ બાહ્ય મંડલ
સર્વાભ્યન્તર મંડલ
મેરૂ પર્વત
નિષધ પર્વત
ક
અ
બ
ટ
૪૭૨૬૩-૨૧
૯ ૪ ૫ ૫૨૬ ૬/૧૯
૪૭૨૬૩-૨૧
૩ ૧ ૮ ૩ ૧ ॥ ૬ ૧ ૩
૩ ૧ ૮ ૩ ૧ ॥ ૬ ૧ ૩
૩ ૬ ૬
૩ ૬ ૬
૩ અસ્તાચલ
૩ અસ્તાચલ
૩ ઉદયાચલ
૩ ઉદયાચલ
૬ ૬
૬ ૬
૩ ઋક્ષ ગોચર
૩ ઋક્ષ ગોચર
૩ ઉદયાસ્તાન્તર

૩,૧૫,૧૦૭
x ૫૪૮
૨૫૨૦૮૫૬
૧૨૬૦૪૨૮૦
૧૫૭૫૫૩૫૦૦
૧૭૨૬૭૮૬૩૬

૪૭,૧૭૯
૩૬૬૦) ૧૭૨૬૭૮૬૩૬
−૧૪૬૪૦
૦૨૬૨૭૮
−૨૫૬૨૦
૦૦૬૫૮૬
−૩૬૬૦
૨૯૨૬૩
−૨૫૬૨૦
૦૩૬૪૩૬
−૩૨૯૪૦
૦૩૪૯૬

૫૭
૬૧) ૩૪૯૬
−૩૦૫
૪૪૬
−૪૨૭
૦૧૯

૬૦
૬૧) ૩૬૬૦
−૩૬૬૦
૦૦૦૦

એ પ્રમાણે અંદરથી બહાર જતા અન્ય મંડલોમાં પણ દૃષ્ટિપથ જાણવા.

સર્વબાહ્ય મંડલમાં દૃષ્ટિપથ = $\frac{૧૨}{૨}$ x $\frac{\text{દેશોન } ૩,૧૮,૩૧૫}{૬૦}$

= દેશોન ૩૧,૮૩૧$^{૧}/_{૨}$ યોજન.

એ પ્રમાણે બહારથી અંદર જતા અન્ય મંડલોમાં પણ દૃષ્ટિપથ જાણવા.

દૃષ્ટિપથને બમણુ કરવાથી ઉદય-અસ્તનું અંતર મળે છે.

(g) અર્ધમંડલસ્થિતિપ્રરૂપણા :

બે સૂર્ય ૧ અહોરાત્રમાં ૧ મંડલ પૂરુ કરે છે. સર્વઅભ્યંતર મંડલમાં રહેલ દરેક સૂર્ય જંબૂદ્વીપમાં નીચે ૧૮૦૦ યોજન, તીર્ચ્છા

૪૭,૨૬૩ $\frac{૨૧}{૬૦}$ યોજન અને ઉપર ૧૦૦ યોજન પ્રકાશે છે.

એક સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં મેરુપર્વતથી અગ્નિખૂણામાં પ્રવેશે ત્યારે જ બીજો સૂર્ય સર્વાભ્યંતર મંડલમાં મેરુપર્વતથી વાયવ્યખૂણામાં પ્રવેશે. આ બન્ને સૂર્યો વડે પ્રથમક્ષણે જે ક્ષેત્ર વ્યાપેલુ છે તેની અપેક્ષાએ સંપૂર્ણ અભ્યંતર મંડલની કલ્પના કરાય છે. એને આશ્રયીને જ મંડલના પરિધિ અને મુહૂર્તગતિ પૂર્વે કહ્યા છે.

હકીકતમાં સર્વઅભ્યંતર મંડલ છે જ નહીં, કેમકે પ્રથમક્ષણ પછી બન્ને સૂર્યો ધીમે ધીમે બહારના મંડલ તરફ સરકે છે.

પછી તે બન્ને સૂર્યો સર્વાભ્યંતર મંડલથી નીકળતા નવા વરસના પ્રથમ દિવસે બીજા મંડલમાં પ્રવેશે છે. દક્ષિણનો સૂર્ય સર્વાભ્યંતર દક્ષિણાર્ધ મંડલમાંથી નીકળી મેરુપર્વતથી વાયવ્યખૂણામાં બીજા મંડલમાં પ્રવેશે છે. ઉત્તરનો સૂર્ય સર્વાભ્યંતર ઉત્તરાર્ધમંડલમાંથી નીકળી મેરુપર્વતથી અગ્નિખૂણામાં બીજા મંડલમાં પ્રવેશે છે. આ રીતે બીજા મંડલમાં પ્રવેશેલા બન્ને સૂર્યોવડે પ્રથમ ક્ષણે જે ક્ષેત્ર વ્યાપેલુ છે તેની અપેક્ષાએ સંપૂર્ણ દ્વિતીય મંડલની કલ્પના કરાય છે.

એમ અંદરથી બહાર નીકળતા અને બહારથી અંદર પ્રવેશતા બધા મંડલોમાં પ્રથમક્ષણે સૂર્યો વડે વ્યાપેલા ક્ષેત્રની અપેક્ષાએ જ સંપૂર્ણ મંડલની કલ્પના કરાય છે.

(૨) ચંદ્રમંડલવક્તવ્યતા : અહીં ૫ અનુયોગદ્વાર છે.


(i) મંડલક્ષેત્રપ્રરૂપણા :

સર્વઅભ્યંતર મંડલથી સર્વબાહ્ય મંડલ સુધીના મંડલો વડે વ્યાપેલું ક્ષેત્ર તે મંડલક્ષેત્ર.


ચંદ્રના મંડલ = ૧૫

એક ચંદ્રમંડલની પહોળાઈ = $\frac{૫૬}{૬૧}$યોજન


ચંદ્રમંડલના આંતરા = ૧૪




આ પ્રમાણે સૂર્ય બીજા મંડલમાં જતાં
દોષ ઉભો થાય છે.




સૂર્ય આ પ્રમાણેની ગતિપૂર્વક
બીજા મંડલમાં જાય છે.



પૂર્વ-પશ્ચિમ મહાવિદેહમાં સૂર્યોદય



ભરત-ઐરવત ક્ષેત્રમાં સૂર્ય ઉદય


ચંદ્રના મંડલ ૧૫, આંતરા ૧૪
મેરુ પર્વત
૩૫ ૩૫ ૩૫
૩૦ ૩૦ ૩૦
૪ ૪ ૪
અ

બે ચંદ્રમંડલનું અંતર = ૩૫ $\frac{૩૦}{૬૧}\frac{૪}{૭}$ યોજન

ચંદ્રનું મંડલક્ષેત્ર = $\left(૧૫ \times \frac{૫૬}{૬૧}\right) + \left(૧૪ \times ૩૫ \frac{૩૦}{૬૧}\frac{૪}{૭}\right)$

$= \frac{૮૪૦}{૬૧} + ૪૯૦ + \frac{૪૨૦}{૬૧} + \frac{૫૬}{૭}$

$= ૧૩ \frac{૪૭}{૬૧} + ૪૯૦ + \frac{૪૨૮}{૬૧}$

$= ૧૩ \frac{૪૭}{૬૧} + ૪૯૦ + ૭ \frac{૧}{૬૧}$

$= ૫૧૦ \frac{૪૮}{૬૧}$ યોજન

(ii) મંડલસંખ્યાપ્રરૂપણા :

ચંદ્રના ૧૫ મંડલ છે. ૫ મંડલ જંબૂદ્વીપમાં છે અને ૧૦ મંડલ લવણસમુદ્રમાં છે.

જંબૂદ્વીપમાં ચંદ્રમંડલનું ક્ષેત્ર ૧૮૦ યોજન છે. લવણસમુદ્રમા ચંદ્રમંડલનું ક્ષેત્ર ૩૩૦ $\frac{૪૮}{૬૧}$ યોજન છે.

- ગુમડા ઉપર થોડો જ મલમ લગાવાય છે. તે પણ સુગંધી હોવો જરૂરી નથી.પૈડામાં થોડો જ ઓઈલ નંખાય છે. તે સુંદર હોવું જરૂરી નથી. તેમ શરીરને ટકાવવા ભાડા પૂરતો આહાર જરૂરી છે. તે સ્વાદિષ્ટ હોવો જરૂરી નથી.
- મજબૂત સંકલ્પથી અવશ્ય કાર્યસિદ્ધિ થાય છે. સિદ્ધિને છેટું નથી, સંકલ્પને જ છેટું છે. એકવાર મજબૂત સંકલ્પ કર્યા પછી સિદ્ધિ સામે ચાલીને આવે છે.

જંબૂદ્વીપમાં ચંદ્રના મંડલક્ષેત્રની પહોળાઈ

$$= \left(૫ \times \frac{૫૬}{૬૧}\right) + \left(૪ \times ૩૫\ \frac{૩૦}{૬૧}\ \frac{૪}{૭}\right)$$

$$= \frac{૨૮૦}{૬૧} + ૧૪૦ + \frac{૧૨૦}{૬૧} + \frac{૧૬}{૭}$$

$$= ૧૪૦ + \frac{૪૦૦}{૬૧} + \frac{૧૬}{૭}$$

$$= ૧૪૦ + ૬ + \frac{૩૪}{૬૧} + \frac{૧૬}{૭}$$

$$= ૧૪૬ + \frac{૩૬}{૬૧} + \frac{૨}{૭}$$

$$= ૧૪૬\ \frac{૩૬}{૬૧}\ \frac{૨}{૭}\ \text{યોજન}$$

૫૬	૩૫	૩૦
x ૫	x ૪	x ૪
૨૮૦	૧૪૦	૧૨૦

૬
૬૧) ૪૦૦
− ૩૬૬
૦૩૪

૨
૭) ૧૬
− ૧૪
૦૨

૫ મા અને ૬ટ્ઠા મંડલો વચ્ચેનું જે $૩૫\frac{૩૦}{૬૧}\ \frac{૪}{૭}$ યોજનનું અંતર છે તેમાંથી $૩૩\ \frac{૨૪}{૬૧}\ \frac{૫}{૭}$ યોજન જંબૂદ્વીપમાં છે અને શેષ $૨\ \frac{૫}{૬૧}\ \frac{૬}{૭}$ યોજન લવણ સમુદ્રમાં છે.

તેથી જંબૂદ્વીપમાં ચંદ્રના મંડલક્ષેત્રની પહોળાઈ

$$= ૧૪૬\ \frac{૩૬}{૬૧}\ \frac{૨}{૭}\ \text{યોજન} + ૩૩\ \frac{૨૪}{૬૧}\ \frac{૫}{૭}\ \text{યોજન}$$

$$= ૧૭૯\ \frac{૬૦}{૬૧}\ \frac{૭}{૭}\ \text{યોજન} = ૧૮૦\ \text{યોજન}$$

લવણ સમુદ્રમાં ચંદ્રના મંડલક્ષેત્રની પહોળાઈ

$$= \left(૧૦ \times \frac{૫૬}{૬૧}\right) + \left(૧૦ \times ૩૫\ \frac{૩૦}{૬૧}\ \frac{૪}{૭}\right)$$

$$= \frac{૫૬૦}{૬૧} + ૩૫૦ + \frac{૩૦૦}{૬૧} + \frac{૪૦}{૭}$$

$$= ૩૫૦ + \frac{૮૬૦}{૬૧} + \frac{૪૦}{૭}$$

$$= ૩૫૦ + ૧૪ + \frac{૬}{૬૧} + \frac{૪૦}{૭}$$

$$= ૩૬૪ + \frac{૧૧}{૬૧} + \frac{૫}{૭}$$

$$= ૩૬૪ \frac{૧૧}{૬૧} \frac{૫}{૭} \text{ યોજન}$$

૧૪	૫
૬૧) ૮૬૦	૭) ૪૦
− ૬૧	− ૩૫
૨૫૦	૦૫
− ૨૪૪	
૦૦૬	

૫મા અને ૬ઠ્ઠા મંડલો વચ્ચેનું જે ૩૫ $\frac{૩૦}{૬૧} \frac{૪}{૭}$ યોજનનું અંતર છે તેમાંથી ૩૩ $\frac{૨૪}{૬૧} \frac{૫}{૭}$ યોજન જંબૂદ્વીપમાં છે. તેથી લવણ સમુદ્રમાં ચંદ્રના મંડલક્ષેત્રની પહોળાઈ

$$= ૩૬૪ \frac{૧૧}{૬૧} \frac{૫}{૭} \text{ યોજન} - ૩૩ \frac{૨૪}{૬૧} \frac{૫}{૭} \text{ યોજન}$$

$$= ૩૩૦ \frac{૪૮}{૬૧} \text{ યોજન}$$

(iii) અબાધાપ્રરૂપણા : અહીં ૩ અનુયોગદ્વાર છે.

(a) મેરુપર્વતને આશ્રયીને સામાન્યથી મંડલક્ષેત્રની અબાધા :

મેરુપર્વતથી મંડલક્ષેત્રની અબાધા

$$= \frac{૧,૦૦,૦૦૦ - (૧૮૦ + ૧૮૦ + ૧૦,૦૦૦)}{૨}$$

$$= \frac{૧,૦૦,૦૦૦ - ૧૦,૩૬૦}{૨}$$

$$= \frac{૮૯,૬૪૦}{૨} = ૪૪,૮૨૦ \text{ યોજન}$$

(b) મેરુપર્વતને આશ્રયીને દરેક મંડલની અબાધા :

મેરુપર્વતથી પહેલા મંડલની અબાધા = ૪૪,૮૨૦ યોજન.

મેરુપર્વતથી બીજા મંડલની અબાધા

$$= \quad ૪૪,૮૨૦ + \frac{૫૬}{૬૧} + ૩૫\ \frac{૩૦}{૬૧}\frac{૪}{૭}$$

$$= \quad ૪૪,૮૫૬\ \frac{૨૫}{૬૧}\frac{૪}{૭}\ \text{યોજન}$$

મેરુપર્વતથી ત્રીજા મંડલની અબાધા

$$= \quad ૪૪,૮૫૬\ \frac{૨૫}{૬૧}\frac{૪}{૭} + \frac{૫૬}{૬૧} + ૩૫\ \frac{૩૦}{૬૧}\frac{૪}{૭}$$

$$= \quad ૪૪,૮૯૨\ \frac{૫૧}{૬૧}\frac{૧}{૭}\ \text{યોજન}$$

એમ અંદરથી બહાર જતા આગળ આગળના દરેક મંડલની મેરુપર્વતથી અબાધા ૩૬ $\frac{૨૫}{૬૧}\frac{૪}{૭}$ યોજન વધારવી.

મેરુપર્વતથી સર્વબાહ્ય મંડલની અબાધા

$$= \quad ૪૪,૮૨૦ + (૩૬\ \frac{૨૫}{૬૧}\frac{૪}{૭} \times ૧૪)$$

$$= \quad ૪૪,૮૨૦ + ૫૦૪ + \frac{૩૫૦}{૬૧}\ \frac{૫૬}{૭}$$

$$= ૪૪,૮૨૦ + ૫૦૯ + \frac{૫૩}{૬૧} = ૪૫,૩૨૯\ \frac{૫૩}{૬૧}\ \text{યોજન}$$

બહારથી અંદર આવતા મેરુપર્વતથી દરેક મંડલની અબાધા ૩૬ $\frac{૨૫}{૬૧}\frac{૪}{૭}$ યોજન ઘટાડવી.

(c) **દરેક મંડલમાં બે ચંદ્રોની પરસ્પર અબાધા :**

પ્રથમ મંડલમાં બે ચંદ્રોની પરસ્પર અબાધા = ૧,૦૦,૦૦૦ − (૧૮૦ + ૧૮૦)

= ૧,૦૦,૦૦૦ − ૩૬૦ = ૯૯,૬૪૦ યોજન.

બીજા મંડલમાં બે ચંદ્રોની પરસ્પર અબાધા

$$= ૯૯,૬૪૦ + \frac{૫૬}{૬૧} + \frac{૫૬}{૬૧} + ૩૫\frac{૩૦}{૬૧}\frac{૪}{૭} + ૩૫\frac{૩૦}{૬૧}\frac{૪}{૭}$$

$$= ૯૯,૬૪૦ + ૧\frac{૫૧}{૬૧} + ૭૧\frac{૧}{૭}$$

$$= ૯૯,૭૧૨\frac{૫૧}{૬૧}\frac{૧}{૭} \text{ યોજન}$$

આમ અંદરથી બહાર જતા દરેક મંડલમાં બે ચંદ્રોની પરસ્પર અબાધા $૭૨\frac{૫૧}{૬૧}\frac{૧}{૭}$ યોજન વધારવી.

સર્વબાહ્ય મંડલમાં બે ચંદ્રોની પરસ્પર અબાધા = $૯૯,૬૪૦ + (૭૨\frac{૫૧}{૬૧}\frac{૧}{૭} \times ૧૪)$

$$= ૯૯,૬૪૦ + ૧૦૦૮ + \frac{૭૧૪}{૬૧} + \frac{૧૪}{૭}$$

$$= ૯૯,૬૪૦ + ૧૦૦૮ + ૧૧\frac{૪૫}{૬૧}$$

$$= ૧,૦૦,૬૫૯\frac{૪૫}{૬૧} \text{ યોજન}$$

બહારથી અંદર આવતા દરેક મંડલમાં બે ચંદ્રોની પરસ્પર અબાધા $૭૨\frac{૫૧}{૬૧}\frac{૧}{૭}$ યોજન ઘટાડવી.

(iv) મંડલચારપ્રરૂપણા : અહીં ૪ અનુયોગદ્વાર છે.

(a) મંડલપરિધિપ્રરૂપણા :

સર્વઅભ્યંતર મંડલની પરિધિ

$= \sqrt{૯૯,૬૪૦ \times ૯૯,૬૪૦ \times ૧૦}$

$= \sqrt{૯૯,૨૮,૧૨,૯૬,૦૦૦}$

= સા. ૩,૧૫,૦૮૯ યોજન

		૩,૧૫,૦૮૯
૯૯૬૪૦	૩	૯૯૨૮૧૨૯૬૦૦૦
x ૯૯૬૪૦	+ ૩	−૯
૩૯૮૫૬૦૦	૬૧	૦૯૨
૫૯૭૮૪૦૦૦	+ ૧	−૬૧
૮૯૬૭૬૦૦૦૦	૬૨૫	૩૧૮૧
૮૯૬૭૬૦૦૦૦૦	+ ૫	−૩૧૨૫
૯૯૨૮૧૨૯૬૦૦	૬૩૦૦૮	૦૦૫૬૨૯૬૦
	+ ૮	−૫૦૪૦૬૪
	૬૩૦૧૬૯	૦૫૮૮૯૬૦૦
	+ ૯	−૫૬૭૧૫૨૧
	૬૩૦૧૭૮	૦૨૧૮૦૭૯

બીજા મંડલની પરિધિ

$= \text{સા. } ૩,૧૫,૦૮૯ + \sqrt{\left(૭૨\ \frac{૫૧}{૬૧}\ \frac{૧}{૭}\right)^{૨} \times ૧૦}$

$= \text{સા. } ૩,૧૫,૦૮૯ + \frac{૧}{૪૨૭}\sqrt{(૩૦,૭૪૪ + ૩૫૭ + ૧)^{૨} \times ૧૦}$

$= \text{સા. } ૩,૧૫,૦૮૯ + \frac{૧}{૪૨૭}\sqrt{(૩૧,૧૦૨)^{૨} \times ૧૦}$

$= \text{સા. } ૩,૧૫,૦૮૯ + \frac{૧}{૪૨૭}\sqrt{૯,૬૭,૩૩,૪૪,૦૪૦}$

$$= \text{સા. } ૩,૧૫,૦૮૯ + \frac{\text{સા. } ૯૮,૩૫૩}{૪૨૭}$$

$$= \text{સા. } ૩,૧૫,૦૮૯ + \text{સા. } ૨૩૦$$

= સાધિક ૩,૧૫,૩૧૯ યોજન

૪૨૭	૩૧,૧૦૨
x ૭૨	x ૩૧,૧૦૨
૮૫૪	૬૨૨૦૪
+ ૨૯૮૯૦	૩૧૧૦૨૦૦
૩૦૭૪૪	૩૧૧૦૨૦૦૦
	+ ૯૩૩૦૬૦૦૦
	૯૬૭૩૩૪૪૦૪

	૯૮,૩૫૩	૨૩૦
૯	૯૬૭૩૩૪૪૦૪૦	૪૨૭) ૯૮૩૫૩
+ ૯	−૮૧	−૮૫૪
૧૮૮	૧૫૭૩	૧૨૯૫
+ ૮	−૧૫૦૪	−૧૨૮૧
૧૯૬૩	૦૦૬૯૩૪	૦૦૧૪૩
+ ૩	−૫૮૮૯	−૦૦૦
૧૯૬૬૫	૧૦૪૫૪૦	૧૪૩
+ ૫	− ૯૮૩૨૫	
૧૯૬૭૦૩	૦૦૬૨૧૫૪૦	
+ ૩	−૫૯૦૧૦૯	
૧૯૬૭૦૬	૦૩૧૪૩૧	

આમ અંદરથી બહાર જતા દરેક મંડલની પરિધિમાં સા. ૨૩૦ યોજન વધારવા.

સર્વબાહ્ય મંડલની પરિધિ

$$= \sqrt{૧,૦૦,૬૫૯ \frac{૪૫}{૬૧} \times ૧,૦૦,૬૫૯ \frac{૪૫}{૬૧} \times ૧૦}$$

$$= \sqrt{\frac{(૬૧,૪૦,૧૯૯ + ૪૫) \times (૬૧,૪૦,૧૯૯ + ૪૫) \times ૧૦}{૬૧ \times ૬૧}}$$

$$= \frac{૧}{૬૧} \sqrt{(૬૧,૪૦,૨૪૪)^{૨} \times ૧૦}$$


$$= \frac{૧}{૬૧} \sqrt{૩૭,૭૦,૨૫,૯૬,૩૭,૯૫,૩૬૦}$$

$$= \frac{\text{સા. } ૧,૯૪,૧૭,૧૫૬}{૬૧}$$

= સાધિક ૩,૧૮,૩૧૪ $\frac{૨}{૬૧}$ યોજન

= દેશોન ૩,૧૮,૩૧૫ યોજન

૧,૦૦,૬૫૯	૬૧,૪૦,૨૪૪
x ૬૧	x ૬૧,૪૦,૨૪૪
૧૦૦૬૫૯	૨૪૫૬૦૯૭૬
+ ૬૦૩૯૫૪૦	૨૪૫૬૦૯૭૬૦
૬૧૪૦૧૯૯	૧૨૨૮૦૪૮૮૦૦
	૨૪૫૬૦૯૭૬૦૦૦૦
	૬૧૪૦૨૪૪૦૦૦૦૦
	૩૬૮૪૧૪૬૪૦૦૦૦૦૦
	૩૭૭૦૨૫૯૬૩૭૫૩૬


૧,૯૪,૧૭,૧૫૬
૩૭૭૦૨૫૯૬૩૭૯૫૩૬૦
૧
+ ૧
૨૯
+ ૯
૩૮૪
+ ૪
૩૮૮૧
+ ૧
૩૮૮૨૭
+ ૭
૩૮૮૩૪૧
+ ૧
૩૮૮૩૪૨૫
+ ૫
૩૮૮૩૪૩૦૬
+ ૬
૩૮૮૩૪૩૧૨
-૧
૨૭૭
-૨૬૧
૦૧૬૦૨
-૧૫૩૬
૦૦૬૬૫૯
-૩૮૮૧
૨૭૭૮૬૩
-૨૭૧૭૮૯
૦૦૬૦૭૪૭૯
-૩૮૮૩૪૧
૨૧૯૧૩૮૫૩
-૧૯૪૧૭૧૨૫
૦૨૪૯૬૭૨૮૬૦
-૨૩૩૦૦૫૮૩૬
૦૧૬૬૬૭૦૨૪
૩,૧૮,૩૧૪
૬૧ ૧૯૪૧૭૧૫૬
-૧૮૩
૦૧૧૧
- ૬૧
૦૫૦૭
-૪૮૮
૦૧૯૧
-૧૮૩
૦૦૮૫
-૬૧
૨૪૬
૨૪૪
૦૦૨

બહારથી અંદર આવતા દરેક મંડલની પરિધિમાં સા. ૨૩૦ યોજનની હાનિ કરવી.

(b) દરેક મંડલમાં મુહૂર્તગતિ :

૧ ચંદ્ર ૧ અર્ધમંડલ ૧ અહોરાત્ર ૧ $\frac{11\frac{1}{2}}{221}$ મુહૂર્તમાં પૂરુ કરે.

૨ ચંદ્ર ૧ પૂર્ણમંડલ ૨ અહોરાત્ર ૨ $\frac{23}{221}$ મુહૂર્તમાં પૂરુ કરે.

૨ ચંદ્ર ૧ પૂર્ણમંડલ ૬૨ $\frac{23}{221}$ મુહૂર્તમાં પૂરુ કરે.

પ્રથમ મંડલની પરિધિ = સા. ૩,૧૫,૦૮૯ યોજન

પ્રથમ મંડલમાં મુહૂર્તગતિ = $\frac{\text{સા. ૩,૧૫,૦૮૯ યોજન}}{62\frac{23}{221}}$

$= \frac{\text{સા. ૩,૧૫,૦૮૯}}{\frac{(221 \times 62) + 23}{221}}$

$= \frac{\text{સા. ૩,૧૫,૦૮૯} \times 221}{13,725}$

$= \frac{\text{સા. ૬,૯૬,૩૪,૬૬૯}}{13,725}$

$= \text{સાધિક ૫,૦૭૩} \frac{7,784}{13,725}$

૨૨૧ × ૬૨ = ૪૪૨ + ૧૩૨૬૦ = ૧૩૭૦૨

૩,૧૫,૦૮૯ × ૨૨૧ = ૩૧૫૦૮૯ + ૬૩૦૧૭૮૦ + ૬૩૦૧૭૮૦૦ = ૬૯૬૩૪૬૬૯

૫,૦૭૩

૧૩,૭૨૫) ૬૯૬૩૪૬૬૯

−૬૮૬૨૫

૦૧૦૦૯૬૬

−૯૬૦૭૫

૦૦૪૮૯૧૯

−૪૧૧૭૫

૦૭૭૪૪

બીજા મંડલમાં મુહૂર્તગતિ $= \frac{\text{સા. } ૩,૧૫,૩૧૯ \text{ યોજન}}{૬૨\frac{૨૩}{૨૨૧}}$

$= \frac{\text{સા. } ૩,૧૫,૩૧૯ \times ૨૨૧}{૧૩,૭૨૫}$

$= \frac{\text{સા. } ૬,૯૬,૮૫,૪૯૯}{૧૩,૭૨૫}$ યોજન

$=$ સાધિક ૫,૦૭૭ $\frac{૩,૬૭૪}{૧૩,૭૨૫}$ યોજન

૩,૧૫,૩૧૯	૫,૦૭૭
x ૨૨૧	૧૩,૭૨૫) ૬૯૬૮૫૪૯૯
૩૧૫૩૧૯	−૬૮૬૨૫
૬૩૦૬૩૮૦	૦૧૦૬૦૪૯
૬૩૦૬૩૮૦૦	−૯૬૦૭૫
૬૯૬૮૫૪૯૯	૦૦૯૯૭૪૯
	−૯૬૦૭૫
	૦૩૬૭૪

પ્રતિમંડલ પરિધિવૃદ્ધિ = સાધિક ૨૩૦ યોજન

પ્રતિમંડલ મુહૂર્તગતિમાં વૃદ્ધિ $= \frac{\text{સા. } ૨૩૦}{૬૨\frac{૨૩}{૨૨૧}}$

$= \frac{\text{સા. } ૨૩૦ \times ૨૨૧}{૨૨૧ \times ૬૨ + ૨૩}$

$= \frac{\text{સા. } ૫૦,૮૩૦}{૧૩,૭૨૫} =$ સાધિક ૩ $\frac{૯,૬૫૫}{૧૩,૭૨૫}$ યોજન

$$\begin{array}{r} ૨૩૦ \\ \times\ ૨૨૧ \\ \hline ૨૩૦ \\ ૪૬૦૦ \\ \hline ૪૬૦૦૦ \\ \hline ૫૦૮૩૦ \end{array} \qquad \begin{array}{r|l} & ૩ \\ \hline ૧૩,૭૨૫ & ૫૦૮૩૦ \\ & -૪૧૧૭૫ \\ \hline & ૦૯૬૫૫ \end{array}$$

અંદરથી બહાર જતા દરેક મંડલમાં મુહૂર્તગતિ સાધિક ૩ $\frac{૯,૬૫૫}{૧૩,૭૨૫}$ યોજન જેટલી વધે.

ત્રીજા મંડલની મુહૂર્તગતિ = બીજા મંડલની મુહૂર્તગતિ + સાધિક ૩ $\frac{૯,૬૫૫}{૧૩,૭૨૫}$

= સાધિક ૫,૦૭૭ $\frac{૩૬૭૪}{૧૩,૭૨૫}$ + સાધિક ૩ $\frac{૯,૬૫૫}{૧૩,૭૨૫}$

= સાધિક ૫,૦૮૦ $\frac{૧૩,૩૨૯}{૧૩,૭૨૫}$

સર્વબાહ્ય મંડલમાં મુહૂર્તગતિ = $\frac{\text{દેશોન } ૩,૧૮,૩૧૫}{૬૨\frac{૨૩}{૨૨૧}}$

= $\frac{\text{દેશોન } ૩,૧૮,૩૧૫ \times ૨૨૧}{૨૨૧ \times ૬૨ + ૨૩}$

= $\frac{\text{દેશોન } ૭,૦૩,૪૭,૬૧૫}{૧૩,૭૨૫}$

= ૫,૧૨૫ $\frac{૬,૯૯૦}{૧૩,૭૨૫}$ યોજન

૩,૧૮,૩૧૫
x ૨૨૧
૩૧૮૩૧૫
૬૩૬૬૩૦૦
૬૩૬૬૩૦૦૦
૭૦૩૪૭૬૧૫

૫,૧૨૫
૧૩,૭૨૫) ૭૦૩૪૭૬૧૫
−૬૮૬૨૫
૦૧૭૨૨૬
−૧૩૭૨૫
૦૩૫૦૧૧
−૨૭૪૫૦
૦૭૫૬૧૫
−૬૮૬૨૫
૦૬૯૯૦

બહારથી અંદર આવતા દરેક મંડલની મુહૂર્તગતિ સાધિક ૩ $\frac{૯,૬૫૫}{૧૩,૭૨૫}$ યોજન ઘટે.

બહારથી અંદર બીજા મંડલમાં મુહૂર્તગતિ

$$= ૫,૧૨૫ \frac{૬૯૯૦}{૧૩,૭૨૫} - \text{સા. } ૩ \frac{૯,૬૫૫}{૧૩,૭૨૫}$$

$$= ૫,૧૨૧ \frac{૧૩,૭૨૫ + ૬૯૯૦ - ૯૬૫૫}{૧૩,૭૨૫}$$

$$= ૫,૧૨૧ \frac{૪,૦૭૦ + ૬૯૯૦}{૧૩,૭૨૫}$$

$$= ૫,૧૨૧ \frac{૧૧,૦૬૦}{૧૩,૭૨૫} \text{ યોજન}$$

એમ અન્ય મંડલોમાં પણ જાણવું.

(c) કાળસંખ્યાથી અર્ધમંડલ - પરિપૂર્ણમંડલ ક્યારે પૂરુ કરે ?

૧ ચંદ્ર ૧ અહોરાત્રમાં ૧ − $\frac{૩૧}{૯૧૫}$ અર્ધમંડલ પૂરુ કરે.

૧ ચંદ્ર $\frac{૯૧૫ - ૩૧}{૯૧૫}$ અર્ધમંડલ ૧ અહોરાત્રમાં પૂરુ કરે.

તો ૧ ચંદ્ર ૧ અર્ધમંડલ $\frac{૯૧૫ \times ૧ \times ૧}{૮૮૪}$ અહોરાત્રમાં પૂરુ કરે.

એટલે ૧ ચંદ્ર ૧ અર્ધમંડલ ૧ $\frac{૩૧}{૮૮૪}$ અહોરાત્રમાં પૂરુ કરે.

૨ ચંદ્ર ૧ પરિપૂર્ણ મંડલ ૧ $\frac{૩૧}{૮૮૪} + ૧ \frac{૩૧}{૮૮૪}$ અહોરાત્રમાં પૂરુ કરે.

એટલે ૨ ચંદ્ર ૧ પરિપૂર્ણ મંડલ ૨ $\frac{૩૧}{૪૪૨}$ અહોરાત્રમાં પૂરુ કરે.

૧ સૂર્ય ૧ અર્ધમંડલ ૧ અહોરાત્રમાં પૂરુ કરે.

૨ સૂર્ય ૧ પરિપૂર્ણમંડલ ૨ અહોરાત્રમાં પૂરુ કરે.

(d) સાધારણ-અસાધારણ મંડલ પ્રરૂપણા :


૧લા, ૩જા, ૬ઠ્ઠા, ૭મા, ૮મા, ૧૦મા, ૧૧મા, ૧૫મા - આ ૮ ચંદ્રમંડલોમાં નક્ષત્રો પણ ચાર ચરે છે. શેષ ચંદ્રમંડલોમાં નક્ષત્ર ચાર ચરતા નથી.

૧લા, ૩જા, ૧૧મા, ૧૫મા - આ ૪ ચંદ્રમંડલોમાં સૂર્ય અને નક્ષત્રો પણ ચાર ચરે છે. શેષ ચંદ્રમંડલોમાં સૂર્ય અને નક્ષત્ર બન્ને ચાર ચરતા નથી.

૧લા, ૨જા, ૩જા, ૪થા, ૫મા, ૧૧મા, ૧૨મા, ૧૩મા, ૧૪મા, ૧૫મા ચંદ્રમંડલોમાં સૂર્ય પણ ચાર ચરે છે. શેષ ચંદ્રમંડલોમાં સૂર્ય ચાર ચરતો નથી.

ચંદ્ર-મંડલ	મેરુપર્વતની અપેક્ષાએ ચંદ્રમંડલની		સૂર્ય-મંડલ	મેરુપર્વતની અપેક્ષાએ સૂર્યમંડલની	
	શરૂઆત (યોજન)	પૂર્ણાહુતિ (યોજન)		શરૂઆત (યોજન)	પૂર્ણાહુતિ (યોજન)
૧લુ	૪૪,૮૨૦	૪૪,૮૨૦ $\frac{૫૬}{૬૧}$	૧લુ	૪૪,૮૨૦	૪૪,૮૨૦ $\frac{૪૮}{૬૧}$
૨જુ	૪૪,૮૫૬ $\frac{૨૫}{૬૧} \frac{૪}{૭}$	૪૪,૮૫૭ $\frac{૨૦}{૬૧} \frac{૪}{૭}$	૧૪મુ	૪૪,૮૫૬ $\frac{૧૪}{૬૧}$	૪૪,૮૫૭ $\frac{૧}{૬૧}$

એક જ ચંદ્રના ૧૫ અર્ધા મંડલોનું ચિત્ર



ચંદ્ર-મંડલ	મેરુપર્વતની અપેક્ષાએ ચંદ્રમંડલની		સૂર્ય-મંડલ	મેરુપર્વતની અપેક્ષાએ સૂર્યમંડલની	
	શરૂઆત (યોજન)	પૂર્ણાહુતિ (યોજન)		શરૂઆત (યોજન)	પૂર્ણાહુતિ (યોજન)
૩જુ	૪૪,૮૯૨ ૫૧/૬૧ ૧/૭	૪૪,૮૯૩ ૪૬/૬૧ ૧/૭	૨૭મુ	૪૪,૮૯૨ ૨૮/૬૧	૪૪,૮૯૩ ૧૫/૬૧
૪થુ	૪૪,૯૨૯ ૧૫/૬૧ ૫/૭	૪૪,૯૩૦ ૧૦/૬૧ ૫/૭	૪૦મુ	૪૪,૯૨૮ ૪૨/૬૧	૪૪,૯૨૯ ૨૯/૬૧
૫મુ	૪૪,૯૬૫ ૪૧/૬૧ ૨/૭	૪૪,૯૬૬ ૩૬/૬૧ ૨/૭	૫૩મુ	૪૪,૯૬૪ ૫૬/૬૧	૪૪,૯૬૫ ૪૩/૬૧
૬ઠ્ઠુ	૪૫,૦૦૨ ૫/૬૧ ૬/૭	૪૫,૦૦૩ ૦/૬૧ ૬/૭	૬૬મુ	૪૫,૦૦૧ ૯/૬૧	૪૫,૦૦૧ ૫૭/૬૧
૭મુ	૪૫,૦૩૮ ૩૧/૬૧ ૩/૭	૪૫,૦૩૯ ૨૬/૬૧ ૩/૭	૭૯મુ	૪૫,૦૩૭ ૨૩/૬૧	૪૫,૦૩૮ ૧૦/૬૧
૮મુ	૪૫,૦૭૪ ૫૭/૬૧	૪૫,૦૭૫ ૫૨/૬૧	૯૨મુ	૪૫,૦૭૩ ૩૭/૬૧	૪૫,૦૭૪ ૨૪/૬૧
૯મુ	૪૫,૧૧૧ ૨૧/૬૧ ૪/૭	૪૫,૧૧૨ ૧૬/૬૧ ૪/૭	૧૦૫મુ	૪૫,૧૦૯ ૫૧/૬૧	૪૫,૧૧૦ ૩૮/૬૧
૧૦મુ	૪૫,૧૪૭ ૪૭/૬૧ ૧/૭	૪૫,૧૪૮ ૪૨/૬૧ ૧/૭	૧૧૮મુ	૪૫,૧૪૬ ૪/૬૧	૪૫,૧૪૬ ૫૨/૬૧
૧૧મુ	૪૫,૧૮૪ ૧૧/૬૧ ૫/૭	૪૫,૧૮૫ ૬/૬૧ ૫/૭	૧૩૨મુ	૪૫,૧૮૫ ૫/૬૧	૪૫,૧૮૫ ૫૩/૬૧
૧૨મુ	૪૫,૨૨૦ ૩૭/૬૧ ૨/૭	૪૫,૨૨૧ ૩૨/૬૧ ૨/૭	૧૪૫મુ	૪૫,૨૨૧ ૧૯/૬૧	૪૫,૨૨૨ ૬/૬૧
૧૩મુ	૪૫,૨૫૭ ૧/૬૧ ૬/૭	૪૫,૨૫૭ ૫૭/૬૧ ૬/૭	૧૫૮મુ	૪૫,૨૫૭ ૩૩/૬૧	૪૫,૨૫૮ ૨૦/૬૧
૧૪મુ	૪૫,૨૯૩ ૨૭/૬૧ ૩/૭	૪૫,૨૯૪ ૨૨/૬૧ ૩/૭	૧૭૧મુ	૪૫,૨૯૩ ૪૭/૬૧	૪૫,૨૯૪ ૩૪/૬૧
૧૫મુ	૪૫,૩૨૯ ૫૩/૬૧	૪૫,૩૩૦ ૪૮/૬૧	૧૮૪મુ	૪૫,૩૩૦	૪૫,૩૩૦ ૪૮/૬૧

(v) મંડલગતવૃદ્ધિહાનિપ્રતિભાસપ્રરૂપણા :

ચંદ્રબિંબ હંમેશા અવસ્થિત સ્વભાવવાળુ છે. તેમાં હકીકતમાં કોઈ હાનિ-વૃદ્ધિ થતી નથી. ચંદ્રબિંબની શુક્લપક્ષમાં વૃદ્ધિ અને

કૃષ્ણપક્ષમાં હાનિ જે જણાય છે તે રાહુવિમાનથી થતા આવરણ અને અનાવરણના કારણે છે.

રાહુ બે પ્રકારે છે - ધ્રુવરાહુ અને પર્વરાહુ.

ધ્રુવરાહુનું વિમાન કાળુ છે. તે ચંદ્રબિંબની નીચે ૪ આંગળ દૂર ચાર ચરે છે. તે ક્યારેક ચંદ્રબિંબનું આવરણ થાય તે રીતે ચાર ચરે છે અને ક્યારેક ચંદ્રબિંબનું અનાવરણ થાય તે રીતે ચાર ચરે છે. તેથી ચંદ્રબિંબની વૃદ્ધિ-હાનિ જણાય છે.

ચંદ્રવિમાનના ૬૨ ભાગ કલ્પી તેને ૧૫થી ભાગવાથી ચાર બાસઠીયા ભાગ મળે અને શેષ બે બાસઠીયા ભાગ રહે. તે બે ભાગ હંમેશા ખુલ્લા હોય છે. તેને ચંદ્રની ૧૬મી કળા કહેવાય છે.

કૃષ્ણપક્ષના પ્રથમ દિવસે રાહુ ચંદ્રના ૪ બાસઠીયા ભાગ આવરે.

કૃષ્ણપક્ષના બીજા દિવસે રાહુ ચંદ્રના ૮ બાસઠીયા ભાગ આવરે. કૃષ્ણપક્ષના ત્રીજા દિવસે રાહુ ચંદ્રના ૧૨ બાસઠીયા ભાગ આવરે.

એમ એક એક દિવસમાં ૪-૪ બાસઠીયા ભાગ વધુ-વધુ આવરતો અમાવાસ્યાના દિવસે રાહુ ચંદ્રના ૬૦ બાસઠીયા ભાગ આવરે.

શુક્લપક્ષના પ્રથમ દિવસે રાહુ ચંદ્રના ૪ બાસઠીયા ભાગ ખુલ્લા કરે. શુક્લપક્ષના બીજા દિવસે રાહુ ચંદ્રના ૮ બાસઠીયા ભાગ ખુલ્લા કરે. શુક્લપક્ષના ત્રીજા દિવસે રાહુ ચંદ્રના ૧૨ બાસઠીયા ભાગ ખુલ્લા કરે.

એમ ૧-૧ દિવસમાં ૪-૪ બાસઠીયા ભાગ વધુ-વધુ ખુલ્લા કરતો પૂનમના દિવસે રાહુ ચંદ્રના ૬૦ બાસઠીયા ભાગ ખુલ્લા કરે.

પર્વરાહુ ચંદ્ર-સૂર્યની નીચેથી જતો ચંદ્ર-સૂર્યને આવરતો જાય છે. તે ચંદ્ર-સૂર્યને જઘન્યથી ૬ મહિને આવરે અને ઉત્કૃષ્ટથી ચંદ્રને ૪૨ મહિને-સૂર્યને ૪૮ વરસે આવરે. જ્યારે પર્વરાહુ ચંદ્ર-સૂર્યને આવરે છે ત્યારે લોકો કહે છે કે ચંદ્રગ્રહણ-સૂર્યગ્રહણ થયું.

ધ્રુવરાહુથી ચંદ્રની હાનિ-વૃદ્ધિ

ચંદ્રની નીચેજ ૪ અંગુલ દૂર આવતો ધ્રુવરાહુ
પોતાના ૧/૫૫ અથવા સાઠીયા ૪ અંશ વડે ચંદ્રના

એક અંશને (બાસઠીયા ૪ અંશને) વહિ પડવે
ઢાંકતો અમાવાસ્યાએ સંપૂર્ણ વિમાન વડે રાહુ (૧૫ ભાગ વડે)
ચંદ્રના સંપૂર્ણ ૬૦ અંશ ઢાંકે છે બે અંશ સર્વદા ખુલ્લા જ હોય છે.

આ દેખાવ અમાવાસ્યાનો છે.

જ્યારે પર્વરાહુ ચંદ્ર-સૂર્યને ખુલ્લા કરે છે ત્યારે લોકો કહે છે કે ચંદ્રગ્રહણ છુટ્યુ - સૂર્યગ્રહણ છૂટ્યું.

જ્યારે પર્વરાહુ ચંદ્ર-સૂર્યની બાજુમાંથી જાય છે ત્યારે લોકો કહે છે કે રાહુએ ચંદ્ર-સૂર્યની કૃક્ષિ ભેદી.

જ્યારે પર્વરાહુ ચંદ્ર-સૂર્યની વચ્ચેથી જાય છે ત્યારે લોકો કહે છે કે રાહુએ ચંદ્ર-સૂર્યને ભેદ્યો.

જ્યારે પર્વરાહુ ચંદ્ર-સૂર્યને સંપૂર્ણપણે ઢાંકે છે ત્યારે લોકો કહે છે કે રાહુ ચંદ્ર-સૂર્યને ગળી ગયો.

રાહુવિમાનનો અધિપતિ રાહુ નામનો દેવ છે. તેના બધા અંગો પરિપૂર્ણ છે. તે સુંદર વસ્ત્રોને ધારણ કરે છે. તે સુંદર માળા અને આભૂષણોથી વિભૂષિત છે. તે મોટી ઋદ્ધિવાળો છે. અજ્ઞાની લોકો તેને માત્ર મસ્તકરૂપ માને છે. તે બરાબર નથી.

નક્ષત્રપ્રરૂપણા - ૧ ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્ર છે.

ક્રમ	નક્ષત્રનું નામ	તારા	સંસ્થાન
૧	અભિજિત્	૩	ગોશીર્ષ
૨	શ્રવણ	૩	તળાવ
૩	ધનિષ્ઠા	૫	પક્ષીનું પાંજરુ
૪	શતભિષક્	૧૦૦	પુષ્પમાળા
૫	પૂર્વભદ્રપદા	૨	અડધી વાવડી
૬	ઉત્તરભદ્રપદા	૨	અડધી વાવડી
૭	રેવતી	૩૨	નાવડી
૮	અશ્વિની	૩	અશ્વસ્કંધ
૯	ભરણી	૩	યોનિ
૧૦	કૃત્તિકા	૬	અસ્ત્રાની ધાર
૧૧	રોહિણી	૫	ગાડાની ધૂંસરી
૧૨	મૃગશીર્ષ	૩	હરણનું માથુ
૧૩	આર્દ્રા	૧	લોહીનું બિંદુ
૧૪	પુનર્વસુ	૫	ત્રાજવું

ક્રમ	નક્ષત્રનું નામ	તારા	સંસ્થાન
૧૫	પુષ્ય	૩	વર્ધમાનક
૧૬	અશ્લેષા	૬	પતાકા
૧૭	મઘા	૭	કિલ્લો
૧૮	પૂર્વફાલ્ગુની	૨	અડધો પલંગ
૧૯	ઉત્તરાફાલ્ગુની	૨	અડધો પલંગ
૨૦	હસ્ત	૫	હાથ
૨૧	ચિત્રા	૧	સુવર્ણપુષ્પ
૨૨	સ્વાતિ	૧	ખીલો
૨૩	વિશાખા	૫	રસ્સી
૨૪	અનુરાધા	૪	એકાવલી હાર
૨૫	જ્યેષ્ઠા	૩	હાથીદાંત
૨૬	મૂળ	૧૧	વીંછીની પૂછડી
૨૭	પૂર્વાષાઢા	૪	હાથીનો પગ
૨૮	ઉત્તરાષાઢા	૪	બેઠેલો સિંહ

નક્ષત્રોના ૮ મંડલ છે. બે મંડલ જંબૂદ્વીપમાં છે અને છ મંડલ લવણસમુદ્રમાં છે. મંડલક્ષેત્રની પહોળાઈ = ૫૧૦ યોજન.

નક્ષત્રનું અને ચંદ્રનું પહેલુ-છેલ્લુ મંડલ એક જ છે. દરેક નક્ષત્ર હંમેશા પોતાના એક નિયત મંડલમાં જ ચાર ચરે છે.

દરેક નક્ષત્ર ૧ અહોરાત્રમાં ૧ $\frac{૨}{૬૩૨}$ અર્ધમંડલ પૂરુ કરે.

દરેક નક્ષત્ર ૧ અર્ધમંડલ $\frac{૧ \times ૧}{૧\frac{૨}{૬૩૨}}$ અહોરાત્રમાં પૂરુ કરે.

એટલે કે દરેક નક્ષત્ર ૧ અર્ધમંડલ $\frac{૬૩૨}{૬૩૪}$ અહોરાત્રમાં પૂરુ કરે.

દરેક નક્ષત્ર ૧ પરિપૂર્ણ મંડલ $\frac{૭૩૨}{૭૩૪} + \frac{૭૩૨}{૭૩૪} = \frac{૧૪૬૪}{૭૩૪} =$ $૧\frac{૭૩૦}{૭૩૪}$ અહોરાત્રમાં પૂરુ કરે.

(૪) **ગ્રહપ્રરૂપણા** - ૧ ચંદ્રના પરિવારમાં ૮૮ ગ્રહો છે.

૨ ચંદ્રના પરિવારમાં ૧૭૬ ગ્રહો છે.

(૫) **તારાપ્રરૂપણા** - ૧ ચંદ્રના પરિવારમાં ૬૬,૯૭૫ કોટીકોટી તારા છે.

૨ ચંદ્રના પરિવારમાં ૧,૩૩,૯૫૦ કોટીકોટી તારા છે.

જંબૂદ્વીપ અધિકાર સમાપ્ત

• • •

- તપથી વિઘ્નો ટળે છે.
- તપથી વિકારો ઉપશમે છે.
- તપથી પ્રશમસુખ મળે છે.
- તપથી દેવો પણ નમે છે.
- તપથી રોગો જાય છે.
- તપથી લક્ષ્મી વધે છે.
- તપથી કાર્ય સિદ્ધ થાય છે.
- તપથી શ્રેષ્ઠ મંગળ થાય છે.
- તપથી ઈન્દ્રિયોનું દમન થાય છે.
- તપથી વૃત્તિઓ શાંત થાય છે.
- તપથી સંસારનો અંત થાય છે.
- તપથી શીઘ્ર મુક્તિ મળે છે.

અધિકાર બીજો

લવણસમુદ્ર

જંબૂદ્વીપની ચારે બાજુ ફરતો ૨ લાખ યોજન વિસ્તારવાળો વલયાકારે લવણસમુદ્ર છે. તેનું પાણી લવણ (મીઠું) જેવું (ખારું) છે. તેથી તેને લવણસમુદ્ર કહેવાય છે. લવણસમુદ્રના અંતે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તરમાં ક્રમશઃ વિજય, વૈજયંત, જયંત, અપરાજિત દ્વારો છે. તે દરેક ૮ યોજન ઊંચા અને ૪ યોજન પહોળા છે. તેમના અધિપતિ તેમના નામવાળા દેવો છે. તે દેવોનું સ્વરૂપ જંબૂદ્વીપના વિજયદેવની જેવું જાણવું. તેમની રાજધાની દ્વારની દિશામાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો ઓળંગીને પછીના લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન અવગાહીને આવેલી છે.

લવણસમુદ્રની પરિધિ

$= \sqrt{૫,૦૦,૦૦૦^{\square} \times ૫,૦૦,૦૦૦ \times ૧૦}$

$= \sqrt{૨૫,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦}$

= સાધિક ૧૫,૮૧,૧૩૮ યોજન = દેશોન ૧૫,૮૧,૧૩૯ યોજન.

□ લવણસમુદ્રના એક છેડાથી બીજા છેડા સુધીની પહોળાઈ ૫,૦૦,૦૦૦ યોજન છે - લવણસમુદ્રના બે બાજુના ૨,૦૦,૦૦૦ યોજન મળીને ૪,૦૦,૦૦૦ યોજન અને જંબૂદ્વીપના ૧,૦૦,૦૦૦ યોજન.

	૧૫,૮૧,૧૩૮
૧	૨૫૦૦૦૦૦૦૦૦૦૦
+ ૧	−૧
૨૫	૧૫૦
+ ૫	−૧૨૫
૩૦૮	૦૨૫૦૦
+ ૮	−૨૪૬૪
૩૧૬૧	૦૦૩૬૦૦
+ ૧	−૩૧૬૧
૩૧૬૨૧	૦૪૩૯૦૦
+ ૧	−૩૧૬૨૧
૩૧૬૨૨૩	૧૨૨૭૯૦૦
+ ૩	− ૯૪૮૬૬૯
૩૧૬૨૨૬૮	૦૨૭૯૨૩૧૦૦
+ ૮	−૨૫૨૯૮૧૪૪
૩૧૬૨૨૭૬	૦૨૬૨૪૯૫૬

વિજયાદિ દ્વારોનું પરસ્પર અંતર :

બારસાખ સહિત ૧ દ્વારની પહોળાઈ = ૪ $^{૧}/_{૨}$ યોજન.

બારસાખ સહિત ૪ દ્વારની પહોળાઈ = ૧૮ યોજન.

બે દ્વારોનું પરસ્પર અંતર

$$= \frac{\text{લવણસમુદ્રની પરિધિ} - ૧૮ \text{ યોજન}}{૪}$$

$$= \frac{\text{દેશોન } ૧૫,૮૧,૧૩૯ - ૧૮}{૪}$$

$$= \frac{\text{દેશોન } ૧૫,૮૧,૧૨૧}{૪}$$

= દેશોન ૩,૯૫,૨૮૦ $^{૧}/_{૪}$ યોજન.

પાતાલકલશ :

જંબૂદ્વીપની વેદિકાથી લવણસમુદ્રમાં ચારે દિશામાં ૯૫,૦૦૦ યોજન પછી ૧-૧ મહાપાતાલકલશ છે. તે મોટા ઘડા જેવા છે. તે વજ્રના છે. તેમના નામ પૂર્વમાં વડવામુખ, દક્ષિણમાં કેયૂપ, પશ્ચિમમાં યૂપ અને ઉત્તરમાં ઈશ્વર છે. તેમના મુખનો અને તળીયાનો વિસ્તાર ૧૦,૦૦૦ યોજન છે, વચ્ચેનો વિસ્તાર અને ઊંડાઈ ૧,૦૦,૦૦૦ યોજન છે. તેમની દિવાલો ૧,૦૦૦ યોજન જાડી છે. તેઓ ભૂમિમાં પ્રવિષ્ટ છે. તેમના અધિપતિ દેવો ક્રમશઃ કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન છે. તેમનું આયુષ્ય ૧ પલ્યોપમ છે. મહાપાતાલકલશોના નીચેના ત્રીજા ભાગમાં વાયુ છે, વચ્ચેના ત્રીજા ભાગમાં વાયુ અને પાણી છે અને ઉપરના ત્રીજા ભાગમાં પાણી છે.

બધા દ્વીપ-સમુદ્રની મધ્યમપરિધિ

$$= \frac{\text{બાહ્યપરિધિ + અભ્યંતરપરિધિ}}{૨}$$

લવણસમુદ્રની મધ્યમપરિધિ

$$= \frac{\text{દેશોન } ૧૫,૮૧,૧૩૯ + \text{સા.}^{\square}૩,૧૬,૨૨૭}{૨}$$

$$= \frac{૧૮,૯૭,૩૬૬}{૨}$$

= ૯,૪૮,૬૮૩ યોજન.

બે મહાપાતાલકલશોનું પરસ્પર અંતર


$$= \frac{\text{લવણસમુદ્રની મધ્યમપરિધિ} - ૪ \text{ મહાપાતાલકલશોનો મુખનો વિસ્તાર}}{૪}$$

$$= \frac{૯,૪૮,૬૮૩ - [૪ \times ૧૦,૦૦૦]}{૪}$$

$$= \frac{૯,૪૮,૬૮૩ - ૪૦,૦૦૦}{૪} = \frac{૯,૦૮,૬૮૩}{૪}$$

= ૨,૨૭,૧૭૦ $^{૩}/_{૪}$ યોજન.

□ જંબૂદ્વીપની પરિધિ એ જ લવણસમુદ્રની અભ્યંતર પરિધિ છે.


પાતાલ કળશ
લવણ સમુદ્ર
૧૦૦૦૦ યો. મુખ
૧/૩ માં જળ
૧/૩ માં જળ વાયુ
૧/૩ માં વાયુ
૧૦૦૦૦ યોજન
રત્નપ્રભા
પૃથ્વી
૧,૦૦,૦૦૦
યોજન
૧૦૦૦ યો.
બુધ

મહાપાતાલકલશોનું આ પરસ્પર અંતર તેમના મુખના મધ્યભાગની અપેક્ષાએ જાણવું.

લઘુક્ષેત્રસમાસની ગાથા ૨૦૦ની ટીકામાં પાતાલકલશોના મુખની શરૂઆતની અપેક્ષાએ તેમનું પરસ્પર અંતર આ પ્રમાણે કહ્યું છે –

મહાપાતાલકલશના મુખની શરૂઆતથી તેની સામેના મહાપાતાલકલશના મુખની શરૂઆત સુધીનો વિસ્તાર

= ૯૫,૦૦૦ + ૧,૦૦,૦૦૦ + ૯૫,૦૦૦ યોજન

= ૨,૯૦,૦૦૦ યોજન.

મહાપાતાલકલશોના મુખ પાસે લવણસમુદ્રની પરિધિ

$= \sqrt{(૨,૯૦,૦૦૦)^{૨} \times ૧૦}$

$= \sqrt{૮૪૧૦૦૦૦૦૦૦૦ \times ૧૦}$

$= \sqrt{૮૪૧૦૦૦૦૦૦૦૦૦}$

= સાધિક ૯,૧૭,૦૬૦ યોજન

પાતાલકલશોના મુખની શરૂઆત પાસે તેમનું પરસ્પર અંતર

$= \frac{\text{સા. } ૯,૧૭,૦૬૦ - ૪૦,૦૦૦}{૪}$

$= \frac{\text{સા. } ૮,૭૭,૦૬૦}{૪}$

= સાધિક ૨,૧૯,૨૬૫ યોજન


૨૯૦૦૦૦
x ૨૯૦૦૦૦
૨૬૧૦૦૦૦૦૦૦
+ ૫૮૦૦૦૦૦૦૦૦
૮૪૧૦૦૦૦૦૦૦

	૯,૧૭,૦૬૦
૯	૮૪૧૦૦૦૦૦૦૦૦
+ ૯	−૮૧
૧૮૧	૦૩૧૦
+ ૧	−૧૮૧
૧૮૨૭	૧૨૯૦૦
+ ૭	−૧૨૭૮૯
૧૮૩૪૦	૦૦૧૧૧૦૦
+ ૦	−૦૦૦૦૦
૧૮૩૪૦૬	૧૧૧૦૦૦૦
+ ૬	−૧૧૦૦૪૩૬
૧૮૩૪૧૨૦	૦૦૦૯૫૬૪૦૦
+ ૦	−૦૦૦૦૦૦
૧૮૩૪૧૨૦	૯૫૬૪૦૦

અહીં મહાપાતાલકલશોના મુખની શરૂઆત પાસેની લવણસમુદ્રની પરિધિમાંથી જે ૪૦,૦૦૦ યોજન બાદ કર્યા છે તે પાતાલકલશોની મુખની પહોળાઈના છે. પણ પાતાલકલશોની મુખની ૧૦,૦૦૦ યોજન પહોળાઈ મુખની મધ્યમાં હોય છે, શરૂઆતમાં નહીં. તેથી આ રીતે પાતાલકલશોનું આવેલું પરસ્પર અંતર યોગ્ય લાગતું નથી. તત્ત્વ કેવળીગમ્ય છે.

મહાપાતાલકલશોના આંતરાઓમાં ૭,૮૮૪ નાના પાતાલકલશો પણ છે. મહાપાતાલકલશોના દરેક આંતરામાં નાના પાતાલકલશોની ૯-૯ શ્રેણીઓ છે. પહેલી શ્રેણીમાં ૨૧૫-૨૧૫, બીજી શ્રેણીમાં ૨૧૬-૨૧૬, ત્રીજી શ્રેણીમાં ૨૧૭-૨૧૭, ચોથી શ્રેણીમાં ૨૧૮-૨૧૮, પાંચમી શ્રેણીમાં ૨૧૯-૨૧૯, છઠ્ઠી શ્રેણીમાં ૨૨૦-૨૨૦, સાતમી શ્રેણીમાં ૨૨૧-૨૨૧, આઠમી શ્રેણીમાં ૨૨૨-૨૨૨, નવમી શ્રેણીમાં ૨૨૩-૨૨૩ નાના પાતાલકલશો છે. આમ દરેક આંતરામાં ૧,૯૭૧ નાના પાતાલકલશો છે. તે નાના ઘડા જેવા છે. તેમનો મુખનો અને તળીયાનો વિસ્તાર ૧૦૦ યોજન છે. તેમનો વચ્ચેનો વિસ્તાર અને ઊંડાઈ ૧,૦૦૦ યોજન છે. તેઓ ભૂમિમાં અવગાઢ છે. તેમની દિવાલો ૧૦ યોજન જાડી છે.

લવણસમુદ્રમાં ૪ મહાપાતાળકળશો અને ૭૮૮૪ લઘુ પાતાલકળશો



તેમના નીચેના ત્રીજા ભાગમાં વાયુ છે, વચ્ચેના ત્રીજા ભાગમાં વાયુ અને પાણી છે અને ઉપરના ત્રીજા ભાગમાં પાણી છે. તેમના અધિપતિદેવો $\frac{1}{2}$ પલ્યોપમ આયુષ્યવાળા છે.

પાતાલકલશોની વિગત :


ક્રમ	વિગત	મહાપાતાલકલશ	નાના પાતાલકલશ
૧	મુખનો વિસ્તાર	૧૦,૦૦૦ યોજન	૧૦૦ યોજન
૨	વચ્ચેનો વિસ્તાર	૧,૦૦,૦૦૦ યોજન	૧,૦૦૦ યોજન
૩	તળીયાનો વિસ્તાર	૧૦,૦૦૦ યોજન	૧૦૦ યોજન
૪	ઊંડાઈ	૧,૦૦,૦૦૦ યોજન	૧,૦૦૦ યોજન
૫	દિવાલોની જાડાઈ	૧,૦૦૦ યોજન	૧૦ યોજન
૬	પરસ્પર અંતર	૨,૨૭,૧૭૦$\frac{3}{4}$ યોજન	–

લવણસમુદ્રની શિખા :

લવણસમુદ્રના બન્ને કિનારાથી ૯૫,૦૦૦ યોજન છોડીને વચ્ચે ૧૦,૦૦૦ યોજન પહોળી, ૧૬,૦૦૦ યોજન ઊંચી અને ૧,૦૦૦ યોજન ઊંડી પાણીની શિખા આવેલી છે.

અહોરાત્રમાં બે વાર પાતાલકલશોમાં નીચેના ભાગમાં અને મધ્યમભાગમાં નવા ઔદારિક વાયુઓ ઉત્પન્ન થાય છે. તે વાયુઓ પરસ્પર ભેગા થઈને ખળભળે છે. તેથી જલની વૃદ્ધિ થાય છે. તેથી અહોરાત્રમાં બે વાર લવણસમુદ્રની શિખા દેશોન ૧/૨ યોજન જેટલી વધે છે. અહોરાત્રમાં બે વાર જ્યારે પાતાલકલશોનો વાયુ ઉપશાંત થાય છે ત્યારે આ શિખા દેશોન $\frac{1}{2}$ યોજન ઘટે છે.

નાગકુમારના ૪૨,૦૦૦ દેવો લવણસમુદ્રની શિખાને જંબૂદ્વીપમાં પ્રવેશતી અટકાવે છે. નાગકુમારના ૭૨,૦૦૦ દેવો લવણસમુદ્રની શિખાને ધાતકીખંડમાં પ્રવેશતી અટકાવે છે. નાગકુમારના ૬૦,૦૦૦ દેવો લવણસમુદ્રની શિખાની ઉપર દેશોન $\frac{1}{2}$ યોજનથી ઉપર વધતા જલને અટકાવે છે. આ બધા દેવો પાણીની વેલાને અટકાવે છે માટે વેલંધર દેવો કહેવાય છે. તે દેવો કુલ ૧,૭૪,૦૦૦ છે. લવણસમુદ્રમાં ચારે દિશામાં ૪૨,૦૦૦ યોજન જઈને ૧-૧ વેલંધર પર્વત આવેલ છે. કુલ ૪ પર્વત છે. તે વેલંધરદેવોના આવાસ છે. તેમના નામ આ પ્રમાણે છે-


લવણસમુદ્રમાં શિખાનો દેખાવ
વ
લ
ણ
શિ
ખા
જંબૂ
દ્વીપ
સ
મુ
દ્ર

વેલંધર પર્વતોના નામ	દિશા	અધિપતિ દેવ	શેના બનેલા?
ગોસ્તૂપ	પૂર્વમાં	ગોસ્તૂપ	કનકમય
દકભાસ	દક્ષિણમાં	શિવ	અંકરત્નમય
શંખ	પશ્ચિમમાં	શંખ	રજતમય
દકસીમ	ઉત્તરમાં	મનઃશિલ	સ્ફટિકમય

અધિપતિદેવોના આયુષ્ય, પરિવાર, રાજધાની વિજયદેવની જેમ જાણવા. રાજધાની પર્વતની દિશામાં અને અધિપતિદેવના નામવાળી છે.

લવણસમુદ્રમાં ઈશાન-અગ્નિ-નૈઋત્ય-વાયવ્યમાં ૪૨,૦૦૦ યોજન જઈએ એટલે ૧-૧ અનુવેલંધર પર્વત છે. તેમના નામ આ પ્રમાણે છ -

અનુવેલંધર પર્વતોના નામ	વિદિશા	અધિપતિ દેવ	શેના બનેલા?
કર્કોટક	ઈશાન	કર્કોટક	રત્નમય
વિદ્યુત્પ્રભ	અગ્નિ	વિદ્યુત્પ્રભ[Δ]	રત્નમય
કૈલાસ	નૈઋત્ય	કૈલાસ	રત્નમય
અરુણપ્રભ	વાયવ્ય	અરૂણપ્રભ	રત્નમય


અધિપતિદેવોના આયુષ્ય, પરિવાર, રાજધાની વિજયદેવની જેમ જાણવા. રાજધાની પર્વતની દિશામાં અને અધિપતિદેવના નામવાળી છે. મોટા વેલંધર દેવોના આદેશને અનુસરનારા અનુવેલંધર દેવો છે. અનુવેલંધર પર્વતો તેમના આવાસ છે.

આ આઠેય પર્વતો ૧,૭૨૧ યોજન ઊંચા છે અને ૪૩૦ $^{1}/_{4}$ યોજન ભૂમિમાં પ્રવિષ્ટ છે. દરેક પર્વતની ચારે બાજુ ફરતી ૧ વેદિકા અને ૧ વનખંડ છે. દરેક પર્વત મૂળમાં ૧,૦૨૨ યોજન, વચ્ચે ૭૨૩ યોજન, ઉપર ૪૨૪ યોજન પહોળા છે.

વેલંધરપર્વતો, અનુવેલંધરપર્વતો, માનુષોત્તરપર્વતના શિખરથી નીચે ઉતરતા ઈષ્ટસ્થાને પહોળાઈ જાણવાનું કરણ :

શિખરથી જેટલું ઉતરીએ તે અ યોજન.

Δ લઘુક્ષેત્ર સમાસની ગાથા ૨૦૭માં આને કર્દમક કહ્યો છે.


વેલંધર પર્વત
૪૨૪ યો.
૬૭ ૬૫ યો.
૪૦ ૬૫ યો.
૪૨૦૦૦યો. દૂર
૧૦ ૨૨ યો.
વેલંધર પર્વત

તે સ્થાને પહોળાઈ $= \frac{\text{અ} \times ५९८}{१७२१} + ४२४$

શિખરથી ૧,૭૨૧ યોજન ઉતરીને તે સ્થાને પહોળાઈ

$= \frac{१७२१ \times ५९८}{१७२१} + ४२४$

$= ५९८ + ४२४ = १,०२२$ યોજન.

શિખરથી ૮૬૦ $^{१}/_{२}$ યોજન ઉતરીને તે સ્થાને પહોળાઈ

$= \frac{८६०^{१}/_{२} \times ५९८}{१७२१} + ४२४$

$= \frac{५९८}{२} + ४२४$

$= २९९ + ४२४ = ७२३$ યોજન.

શિખર ઉપર પહોળાઈ $= \frac{०\times ५९८}{१७२१} + ४२४ = ४२४$ યોજન.

વેલંધર-અનુવેલંધર પર્વતોની મૂળમાં પરિધિ

$= \sqrt{१०२२ \times १०२२ \times १०}$

$= \sqrt{१,०४,४४,८४०} =$ સા.૩,૨૩૧ યોજન

$=$ દેશોન ૩,૨૩૨ યોજન

		૩૨૩૧
૧૦૨૨	૩	૧૦૪૪૪૮૪૦
x ૧૦૨૨	+ ૩	− ૯
૨૦૪૪	૬૨	૦૧૪૪
૨૦૪૪૦	+ ૨	− ૧૨૪
+ ૧૦૨૨૦૦૦	૬૪૩	૦ ૨૦૪૮
૧૦૪૪૪૮૪	+ ૩	− ૧૯૨૯
	૬૪૬૧	૦ ૧૧૯૪૦
	+ ૧	− ૬૪૬૧
	૬૪૬૨	૦ ૫૪૭૯

વેલંધર-અનુવેલંધર પર્વતોની વચ્ચેની પરિધિ

$= \sqrt{૭૨૩ \times ૭૨૩ \times ૧૦}$

$= \sqrt{૫૨,૨૭,૨૯૦}$ = સા. ૨,૨૮૬ યોજન.

			૨,૨૮૬
૭૨૩	૨		૫૨૨૭૨૯૦
x ૭૨૩	+ ૨		−૪
૨૧૬૯	૪૨		૧૨૨
૧૪૪૬૦	+ ૨		− ૮૪
+ ૫૦૬૧૦૦	૪૪૮		૦૩૮૭૨
૫૨૨૭૨૯	+ ૮		−૩૫૮૪
	૪૫૬૬		૦૨૮૮૯૦
	+ ૬		−૨૭૩૯૬
	૪૫૭૨		૦૧૪૯૪

વેલંધર-અનુવેલંધર પર્વતોની ઉપરની પરિધિ

$= \sqrt{૪૨૪ \times ૪૨૪ \times ૧૦}$

$= \sqrt{૧૭,૯૭,૭૬૦}$ = સાધિક ૧,૩૪૦ યોજન

= દેશોન ૧,૩૪૧ યોજન.

			૧,૩૪૦
૪૨૪	૧		૧૭૯૭૭૬૦
x ૪૨૪	+ ૧		−૧
૧૬૯૬	૨૩		૦૭૯
૮૪૮૦	+ ૩		−૬૯
+ ૧૬૯૬૦૦	૨૬૪		૧૦૭૭
૧૭૯૭૭૬	+ ૪		−૧૦૫૬
	૨૬૮૦		૦૦૨૧૬૦
	+ ૦		−૦૦૦૦
	૨૬૮૦		૨૧૬૦

વેલંધર-અનુવેલંધર પર્વતોનું પરસ્પર અંતર :

વેલંધર-અનુવેલંધર પર્વતોના મૂળના મધ્યમાં લવણસમુદ્રની પરિધિ

$= \sqrt{(૧,૦૦,૦૦૦ + ૪૨,૦૦૦ + ૫૧૧ + ૪૨,૦૦૦ + ૫૧૧)^{૨} \times ૧૦}$

$= \sqrt{[(૧,૦૦,૦૦૦)^{૨} \times ૧૦] + [(૪૨,૦૦૦ + ૫૧૧ + ૪૨,૦૦૦ + ૫૧૧)^{૨} \times ૧૦]}$

$=$ સા. ૩,૧૬,૨૨૭ $+\sqrt{(૮૫૦૨૨)^{૨} \times ૧૦}$

$=$ સા. ૩,૧૬,૨૨૭ $+\sqrt{૭૨,૨૮,૭૪,૦૪,૮૪૦}$

$=$ સા. ૩,૧૬,૨૨૭ + સા. ૨,૬૮,૮૬૩

$=$ સા. ૫,૮૫,૦૯૦ યોજન.

$=$ દેશોન ૫,૮૫,૦૯૧ યોજન.

		૨,૬૮,૮૬૩
૮૫૦૨૨	૨	૭૨૨૮૭૪૦૪૮૪૦
x ૮૫૦૨૨	+ ૨	−૪
૧૭૦૦૪૪	૪૬	૩૨૨
૧૭૦૦૪૪૦	+ ૬	−૨૭૬
૪૨૫૧૧૦૦૦૦	૫૨૮	૦૪૬૮૭
૬૮૦૧૭૬૦૦૦૦	+ ૮	−૪૨૨૪
૭૨૨૮૭૪૦૪૮૪	૫૩૬૮	૦૪૬૩૪૦
	+ ૮	−૪૨૯૪૪
	૫૩૭૬૬	૦૩૩૯૬૪૮
	+ ૬	−૩૨૨૫૯૬
	૫૩૭૭૨૩	૦૧૭૦૫૨૪૦
	+ ૩	−૧૬૧૩૧૬૯
	૫૩૭૭૨૬	૦૦૯૨૦૭૧

વેલંધર-અનુવેલંધર પર્વતોનું પરસ્પર અંતર

$$= \frac{\text{તે સ્થળે લવણસમુદ્રની પરિધિ} - (૮ \times \text{વેલંધર પર્વતનો મૂળવિષ્કંભ})}{૮}$$

$$= \frac{\text{દેશોન } ૫,૮૫,૦૯૧ - (૮ \times ૧,૦૨૨)}{૮}$$


$$= \frac{\text{દેશોન } ૫,૮૫,૦૯૧ - ૮,૧૭૬}{૮}$$

$$= \frac{\text{દેશોન } ૫,૭૬,૯૧૫}{૮} = ૭૨,૧૧૪ \frac{૩}{૮} \text{ યોજન.}$$


ગોતીર્થ-જલવૃદ્ધિ :

તળાવ વગેરેમાં પ્રવેશવાનો ક્રમશઃ નીચો-નીચો થતો માર્ગ તે ગોતીર્થ. લવણસમુદ્રના બન્ને કિનારાથી ૯૫,૦૦૦ યોજન સુધી ગોતીર્થ છે. જંબૂદ્વીપ અને ધાતકીખંડની વેદિકાના છેડા પાસે ગોતીર્થ અંગુલ/અસંખ્ય જેટલું છે. પછી ક્રમશઃ વધતા વધતા ૯૫,૦૦૦ યોજન પછી ગોતીર્થ ૧,૦૦૦ યોજન ઊંડુ છે. લવણસમુદ્રના મધ્યના ૧૦,૦૦૦ યોજનની ઊંડાઈ ૧,૦૦૦ યોજન એક સરખી છે.

લવણસમુદ્રમાં બન્ને કિનારાથી ૯૫,૦૦૦ યોજન સુધી ક્રમશઃ પાણીની વૃદ્ધિ છે. કિનારા પાસે જલવૃદ્ધિ અંગુલ/અસંખ્ય છે. પછી ક્રમશઃ વધતી-વધતી ૯૫,૦૦૦ યોજન ગયા પછી જલવૃદ્ધિ ૭૦૦ યોજન છે. વચ્ચેના ૧૦,૦૦૦ યોજનમાં જલવૃદ્ધિ ૧૬,૦૦૦ યોજન છે.


લવણસમુદ્રમાં જલવૃદ્ધિ અને ગોતીર્થ
ઘા
ક
ખ
ગ
ઘ
ચ
છ
જ
ઝ
ટ
ઠ
ડ
જંબૂ દ્વિપ
જળવૃદ્ધિ ૯૫૦૦૦ વિષ્કંભમાં
શિખા વિષ્કંભ ૧૦,૦૦૦
જળવૃદ્ધિ ૯૫૦૦૦ વિષ્કંભમાં
૯૫૦૦૦ ગોતીર્થ વિષ્કંભમાં
૧૦,૦૦૦ સમતલ વિષ્કંભમાં
૯૫૦૦૦ ગોતીર્થ વિષ્કંભમાં

લવણસમુદ્રમાં જલવૃદ્ધિ અને ગોતીર્થ



ક ખ ચ તથા ધ ગ છ એ જળવૃદ્ધિ પર્યંતે ૭૦૦ યો. ઉંચી છે.
ક ચ જ તથા ધ છ ઝ એ બે ગોતીર્થ છે. પર્યંત ૧૦૦૦ યો. ઉંડાઇ છે.
૧૦૦૦૦ યો. સમતલથી શિખા સુધીનું પાણી ૧૬૦૦૦ યો. ઉંચું છે.

વેલંધર પર્વતો - અનુવેલંધર પર્વતો પાસે જંબૂદ્વીપ દિશામાં પાણીની ઊંચાઈ $= \frac{૪૨,૦૦૦ \times ૭૦૦}{૯૫,૦૦૦}$

$= \frac{૨૯૪૦૦}{૯૫} = ૩૦૯\frac{૪૫}{૯૫}$ યોજન

```
      ૩૦૯
  ૯૫ ) ૨૯૪૦૦
     -૨૮૫
      ૦૦૯૦૦
       -૮૫૫
        ૦૪૫
```

વેલંધર પર્વતો - અનુવેલંધર પર્વતો પાસે જંબૂદ્વીપ દિશામાં પાણીની ઊંડાઈ $= \frac{૪૨,૦૦૦ \times ૧,૦૦૦}{૯૫,૦૦૦} = \frac{૪૨,૦૦૦}{૯૫}$

$= ૪૪૨\frac{૧૦}{૯૫}$ યોજન

```
      ૪૪૨
  ૯૫ ) ૪૨૦૦૦
     -૩૮૦
      ૦૪૦૦
      -૩૮૦
       ૦૨૦૦
       -૧૯૦
        ૦૧૦
```

વેલંધર પર્વતો - અનુવેલંધર પર્વતોની જંબૂદ્વીપ દિશામાં પાણી ઉપરની ઊંચાઈ = કુલ ઊંચાઈ − (જલવૃદ્ધિ + જલઊંડાઈ)

$$= ૧૭૨૧ - \left(૩૦૯\ \frac{૪૫}{૯૫} + ૪૪૨\ \frac{૧૦}{૯૫}\right)$$

$$= ૧૭૨૧ - ૭૫૧\ \frac{૫૫}{૯૫}$$

$$= ૯૬૯\ \frac{૪૦}{૯૫}\ \text{યોજન}$$

વેલંધર પર્વતો - અનુવેલંધર પર્વતોની લવણસમુદ્રની દિશામાં પાણી ઉપરની ઊંચાઈ :

શિખરથી $૯૬૯\ \frac{૪૦}{૯૫}$ યોજન ઊતર્યા પછી પહોળાઈ

$$= \frac{૯૬૯\ \frac{૪૦}{૯૫} \times ૫૯૮}{૧૭૨૧} + ૪૨૪$$

$$= \frac{(૯૬૯ \times ૯૫ + ૪૦) \times ૫૯૮}{૯૫ \times ૧૭૨૧} + ૪૨૪$$

$$= \frac{૯૨,૦૯૫ \times ૫૯૮}{૯૫ \times ૧૭૨૧} + ૪૨૪ = \frac{૫,૫૦,૭૨,૮૧૦}{૯૫ \times ૧૭૨૧} + ૪૨૪$$

$$= \frac{૫,૫૦,૭૨,૮૧૦}{૧,૬૩,૪૯૫} + ૪૨૪ = ૩૩૬\ \frac{૮૦}{૯૫} + ૪૨૪ = ૭૬૦\ \frac{૮૦}{૯૫}$$

૯૬૯ × ૯૫ = ૪૮૪૫ + ૮૭૨૧૦ = ૯૨૦૫૫

૯૨૦૯૫ × ૫૯૮ = ૭૩૬૭૬૦ + ૮૨૮૮૫૫૦ + ૪૬૦૪૭૫૦૦ = ૫૫૦૭૨૮૧૦

૫૫૦૭૨૮૧૦ ÷ ૧૬૩૪૯૫ = ૩૩૬

૩૩૬ × ૧૭૨૧ = ૧,૬૩,૪૯૫

૫૫૦૭૨૮૧૦ − ૪૯૦૪૮૫ = ૦૬૦૨૪૩૧

૦૬૦૨૪૩૧ − ૪૯૦૪૮૫ = ૧૧૧૯૪૬૦

૧૧૧૯૪૬૦ − ૯૮૦૯૭૦ = ૦૧૩૮૪૯૦

૯૫ × ૧૭૨૧ = ૧૬૩૪૯૫

૧૬૩૪૯૫ − ૧૬૩૪૯૫ = ૦૦૦૦

૮૦ × ૧૭૨૧ = ૧૩૮૪૯૦

૧૩૭૬૮૦ − ૧૩૭૬૮૦ = ૦૦૦૮૧૦

૭૬૦ $\frac{૮૦}{૯૫}$ યોજને જલવૃદ્ધિ = $\frac{૭૬૦ \frac{૮૦}{૯૫} \times ૭૦૦}{૯૫,૦૦૦}$

$$= \frac{(૯૫ \times ૭૬૦ + ૮૦) \times ૭}{૯૫ \times ૯૫૦} = \frac{૭૨૨૮૦ \times ૭}{૯૦૨૫૦} = \frac{૫૦૫૯૬}{૯૦૨૫}$$

$$= ૫\frac{૫૪૭૧}{૯૦૨૫} \text{ યોજન} = ૫\frac{૫૭}{૯૫} \text{ યોજન.}$$

૭૬૦	૫	૫૭	૯૫
x ૯૫	૯૦૨૫) ૫૦૫૯૬	૯૫) ૫૪૭૧	૯૫) ૯૦૨૫
૩૮૦૦	−૪૫૧૨૫	−૪૭૫	−૮૫૫
૬૮૪૦૦	૦૫૪૭૧	૦૭૨૧	૦૪૭૫
૭૨૨૦૦		−૬૬૫	−૪૭૫
		૦૫૬	૦૦૦

વેલંધર પર્વત-અનુવેલંધર પર્વતની લવણસમુદ્ર દિશામાં પાણી ઉપર ઊંચાઈ = $૯૬૯\frac{૪૦}{૯૫} - ૫\frac{૫૮}{૯૫} = ૯૬૩\frac{૭૭}{૯૫}$ યોજન

વેલંધર પર્વતો-અનુવેલંધર પર્વતોની વિગત :

૧	ઊંચાઈ	૧,૭૨૧ યોજન
૨	ઊંડાઈ	૪૩૦$^{૧}/_{૪}$ યોજન
૩	પહોળાઈ - મૂળમાં વચ્ચે ઉપર	૧,૦૨૨ યોજન ૭૨૩ યોજન ૪૨૪ યોજન
૪	પરિધિ - મૂળમાં વચ્ચે ઉપર	દેશોન ૩,૨૩૨ યોજન સાધિક ૨,૨૮૬ યોજન દેશોન ૧,૩૪૧ યોજન
૫	પરસ્પર અંતર	૭૨,૧૧૪$^{૩}/_{૮}$ યોજન
૬	જંબૂદ્વીપ તરફ પાણી ઉપરની ઊંચાઈ	૯૬૯$^{૪૦}/_{૯૫}$ યોજન
૭	લવણસમુદ્ર તરફ પાણી ઉપરની ઊંચાઈ	૯૬૩ $\frac{૭૭}{૯૫}$ યોજન

ગૌતમદ્વીપ :

જંબૂદ્વીપની પશ્ચિમ દિશામાં લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન પછી ૧૨,૦૦૦ યોજન લાંબો-પહોળો લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવ સંબંધી ગૌતમદ્વીપ છે. લવણસમુદ્રની દિશામાં તે પાણીથી $^{1}/_{2}$ યોજન ઊંચો છે અને જંબૂદ્વીપની દિશામાં તે પાણીથી ૮૮ $^{40}/_{61}$ યોજન ૨ ગાઉ ઊંચો છે. ગૌતમદ્વીપની મધ્યમાં ક્રીડાવાસ નામનો ભૌમેય આવાસ છે. તે ૬૨ $^{1}/_{2}$ યોજન ઊંચો અને ૩૧ $^{1}/_{4}$ યોજન લાંબો-પહોળો છે. તેમાં અનેક થાંભલા છે. તેની મધ્યમાં એક મણિપીઠિકા છે. તે ૧ યોજન લાંબી-પહોળી અને $^{1}/_{2}$ યોજન ઊંચી છે. તેની ઉપર સુસ્થિતદેવની શય્યા છે. તેના આયુષ્ય, પરિવાર, રાજધાની વિજયદેવની જેમ જાણવા. તેની રાજધાની લવણસમુદ્રથી પશ્ચિમમાં છે.

ગૌતમદ્વીપની પરિધિ

$= \sqrt{૧૨,૦૦૦ \times ૧૨,૦૦૦ \times ૧૦}$

$= \sqrt{૧,૪૪,૦૦,૦૦,૦૦૦}$


= સાધિક ૩૭,૯૪૭ યોજન.

= દેશોન ૩૭,૯૪૮ યોજન.

```
                        ૩૭,૯૪૭
                  ┌──────────────
        ૩         │ ૧૪૪૦૦૦૦૦૦૦
      + ૩         │ - ૯
      ----        │ ----
       ૬૭         │ ૦૫૪૦
      + ૭         │ -૪૬૯
      ----        │ ----
       ૭૪૯        │  ૦૭૧૦૦
      + ૯         │  -૬૭૪૧
      ----        │ -----
       ૭૫૮૪       │   ૦૩૫૯૦૦
      + ૪         │  -૩૦૩૩૬
      ----        │ ------
       ૭૫૮૮૭      │   ૦૫૫૬૪૦૦
      + ૭         │  -૫૩૧૨૦૯
      ----        │ -------
       ૭૫૮૯૪      │    ૦૨૫૧૯૧
```

લવણસમુદ્રમાં ૮ વેલંધર પર્વતો, ૧૨ ચંદ્રદ્વીપો, ૧૨ સૂર્યદ્વીપો તથા ગૌતમદ્વીપનું ચિત્ર

૪ વેલંધર પર્વત દિશામાં	૧૨ સૂર્યદ્વીપો પશ્ચિમ દિશામાં
૪ અનુવેલંધર પર્વત વિદિશામાં	૧ ગૌતમ દ્વીપ પશ્ચિમ દિશામાં (૪ સૂર્યદ્વીપની વચમાં)
૧૨ ચંદ્રદ્વીપો પૂર્વ દિશામાં	



૮ વેલંધર પર્વતો	૨૫ દ્વીપો
૧૭૨૧ યો. ઉંચા	૧૨૦૦૦ યો. દૂર
૧૦૨૨ યો. મૂળ વિસ્તાર	૧૨૦૦૦ યો. વિસ્તાર
૪૨૪ યો. ઉપરનો વિસ્તાર	

સૂર્યદ્વીપ :

જંબૂદ્વીપની વેદિકાથી પશ્ચિમ દિશામાં લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન પછી ગૌતમદ્વીપની બન્ને બાજુએ ૨-૨ સૂર્યદ્વીપો આવેલ છે. આ પાંચે દ્વીપોનું પરસ્પર અંતર ૧૨,૦૦૦ યોજન છે. ૪ સૂર્યદ્વીપોમાં જંબૂદ્વીપના ૨ સૂર્યના ૨ દ્વીપ છે અને લવણસમુદ્રના શિખાની અંદરના ૨ સૂર્યના ૨ દ્વીપ છે. તે ૪ દ્વીપો ૧૨,૦૦૦ યોજન લાંબા-પહોળા છે. તેઓ જંબૂદ્વીપ તરફ પાણીથી ૮૮ $\frac{૪૦}{૯૫}$ યોજન ૨ ગાઉ ઊંચા છે અને લવણસમુદ્ર તરફ પાણીથી $\frac{૧}{૨}$ યોજન ઉંચા છે. તેમની ચારે બાજુ ફરતી ૧ પદ્મવરવેદિકા અને ૧ વનખંડ છે. દરેક દ્વીપની મધ્યમાં ૧ પ્રાસાદાવતંસક છે. તે ૬૨ $^{૧}/_{૨}$ યોજન ઊંચો અને ૩૧ $^{૧}/_{૪}$ યોજન લાંબો-પહોળો છે. તેની મધ્યમાં ૧ મણિપીઠિકા છે. તે ૧ યોજન લાંબી-પહોળી અને $^{૧}/_{૨}$ યોજન ઊંચી છે. તેની ઉપર પોતપોતાના અધિપતિ સૂર્યેન્દ્રના સપરિવાર સિંહાસનો છે. સૂર્યેન્દ્રનું આયુષ્ય ૧ પલ્યોપમ + ૧,૦૦૦ વર્ષ છે. તેનો પરિવાર વિજયદેવની જેમ છે. ચાર અગ્રમહિષીના નામ સૂર્યપ્રભા, આતપા, અર્ચિર્માલા, પ્રભંકરા છે. તે દરેક અગ્રમહિષી ૪,૦૦૦ દેવીઓને વિકુર્વે છે. સૂર્યેન્દ્રની રાજધાની પશ્ચિમમાં અસંખ્ય દ્વીપ-સમુદ્ર પછીના જંબૂદ્વીપમાં અને લવણસમુદ્રમાં ક્રમશઃ છે.

ધાતકીખંડની વેદિકાથી પહેલા લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન પૂર્વે જંબૂદ્વીપથી પશ્ચિમમાં ૮ સૂર્યદ્વીપ છે. તેમનું પરસ્પર અંતર ૧૨,૦૦૦ યોજન છે. તે સૂર્યદ્વીપો લવણસમુદ્રની શિખાની બહારના ૨ સૂર્યના અને ધાતકીખંડના ૬ સૂર્યના છે. તેમનું વર્ણન પૂર્વે કહેલા સૂર્યદ્વીપ પ્રમાણે જાણવું. તેઓ ધાતકીખંડ તરફ પાણીથી ૮૮ $\frac{૪૦}{૯૫}$ યોજન ૨ ગાઉ ઊંચા છે અને જંબૂદ્વીપ તરફ પાણીથી $\frac{૧}{૨}$ યોજન ઊંચા છે.

ચન્દ્રદ્વીપ :

જંબૂદ્વીપના ૨ ચંદ્ર અને લવણસમુદ્રના શિખાની અંદરના ૨ ચંદ્ર આમ ૪ ચંદ્રના ૪ ચંદ્રદ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી પૂર્વમાં લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન પછી આવેલા છે. તેમનું બધું વર્ણન સૂર્યદ્વીપની જેમ જાણવું. ચન્દ્રેન્દ્રનું આયુષ્ય ૧ પલ્યોપમ + ૧ લાખ વર્ષ છે. અગ્રમહિષીના નામ ચન્દ્રપ્રભા, જ્યોત્સ્નાભા, અર્ચિર્માલી, પ્રભંકરા છે. રાજધાની પૂર્વમાં છે.

ધાતકીખંડની વેદિકાથી પહેલા લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન પૂર્વે જંબૂદ્વીપથી પૂર્વમાં ૮ ચંદ્રદ્વીપ છે. તે લવણસમુદ્રની શિખાની બહારના ૨ ચંદ્રના અને ધાતકીખંડના ૬ ચંદ્રના છે. તેમનું વર્ણન પૂર્વે કહેલા ચંદ્રદ્વીપની જેમ જાણવું. તેઓ ધાતકીખંડ તરફ પાણીથી ૮૮ $\frac{૪૦}{૯૫}$ યોજન ૨ ગાઉ ઊંચા છે અને જંબૂદ્વીપ તરફ પાણીથી $\frac{૧}{૨}$ યોજન ઊંચા છે.

લવણસમુદ્રની શિખાની અંદરના ગૌતમદ્વીપ, સૂર્યદ્વીપ, ચંદ્રદ્વીપની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપરની ઊંચાઈ જાણવાનું કરણ :

જંબૂદ્વીપની દિશામાં દ્વીપની પાણી ઉપરની ઊંચાઈ

$$= \frac{\text{દ્વીપના લવણસમુદ્ર તરફના છેડાએ જલવૃદ્ધિ}}{૨} + ૨ \text{ ગાઉ}$$

ગૌતમદ્વીપ, સૂર્યદ્વીપ, ચંદ્રદ્વીપના લવણસમુદ્ર તરફના છેડે જલવૃદ્ધિ

$$= \frac{૨૪,૦૦૦ \times ૭૦૦^{\square}}{૯૫,૦૦૦}$$

□ ૯૫,૦૦૦ યોજન પછી જલવૃદ્ધિ ૭૦૦ યોજન છે, તો ૨૪,૦૦૦ યોજન પછી જલવૃદ્ધિ = $\frac{૨૪,૦૦૦ \times ૭૦૦}{૯૫,૦૦૦}$ યોજન છે.

$$= \frac{૨૪ \times ૭૦૦}{૯૫}$$

ગૌતમદ્વીપ, સૂર્યદ્વીપ, ચંદ્રદ્વીપની જંબૂદ્વીપ તરફ પાણી ઉપર ઊંચાઈ

$$= \frac{\frac{૨૪ \times ૭૦૦}{૯૫}}{૨} + ૨ \text{ ગાઉ}$$

$$= \frac{૧૨ \times ૭૦૦}{૯૫} + ૨ \text{ ગાઉ}$$

$$= \frac{૮૪૦૦}{૯૫} + ૨ \text{ ગાઉ}$$

$$= ૮૮ \frac{૪૦}{૯૫} \text{ યોજન } ૨ \text{ ગાઉ}$$

૯૫) ૮૪૦૦ (૮૮
−૭૬૦
૦૮૦૦
− ૭૬૦
૦૪૦

લવણસમુદ્રની શિખાની અંદરના ગૌતમદ્વીપ, સૂર્યદ્વીપ, ચંદ્રદ્વીપની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપરની ઊંચાઈ જાણવાનું અન્ય કરણ :

જંબૂદ્વીપની દિશામાં દ્વીપની પાણી ઉપરની ઊંચાઈ

$$= \frac{\text{દ્વીપનો વિસ્તાર} \times ૭}{૯૫૦} + ૨ \text{ ગાઉ}$$


ગૌતમદ્વીપ, સૂર્યદ્વીપ, ચંદ્રદ્વીપની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપરની ઊંચાઈ

$$= \frac{૧૨,૦૦૦ \times ૭}{૯૫૦} + ૨ \text{ ગાઉ}$$


$$= ૮૮ \frac{૪૦}{૯૫} \text{ યોજન } ૨ \text{ ગાઉ}$$

અંતરદ્વીપ :

લઘુહિમવંતપર્વતની પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં જંબૂદ્વીપની વેદિકાથી બે-બે દાઢા નીકળે છે. પૂર્વતરફની બે દાઢા ઈશાન અને અગ્નિ ખૂણા તરફ જાય છે. પશ્ચિમ તરફની બે દાઢા નૈઋત્ય અને વાયવ્ય ખૂણા તરફ જાય છે. દરેક દાઢા ઉપર ૩૦૦ યોજન પછી ૩૦૦ યોજન વિસ્તારવાળો ૧-૧ દ્વીપ છે. તેની ચારે બાજુ ૫૦૦ ધનુષ્ય પહોળી અને ૨ ગાઉ ઊંચી ૧ પદ્મવરવેદિકા છે અને ૧ વનખંડ છે. આ ચાર દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી પણ ૩૦૦ યોજનના અંતરે છે. આ ચાર દ્વીપથી ૪૦૦ યોજન પછી ૪૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. તે ચારે દ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી પણ ૪૦૦ યોજનના અંતરે છે. આ ચાર દ્વીપથી ૫૦૦ યોજન પછી ૫૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. તે ચારે દ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી પણ ૫૦૦ યોજનના અંતરે છે. આ ચાર દ્વીપથી ૬૦૦ યોજન પછી ૬૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. તે ચારે દ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી પણ ૬૦૦ યોજનના અંતરે છે. આ ચાર દ્વીપથી ૭૦૦ યોજન પછી ૭૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. તે ચારે દ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી પણ ૭૦૦ યોજનના અંતરે છે. આ ચાર દ્વીપથી ૮૦૦ યોજન પછી ૮૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. તે ચારે દ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી પણ ૮૦૦ યોજનના અંતરે છે. આ ચાર દ્વીપથી ૯૦૦ યોજન પછી ૯૦૦ યોજન વિસ્તારવાળા ૧-૧ દ્વીપ છે. તે ચારે દ્વીપ જંબૂદ્વીપની વેદિકાથી પણ ૯૦૦ યોજનના અંતરે છે.


અંતરદ્વીપો
જંબૂદ્વીપ
લઘુ હિમવંત ગિરિ

લવણસમુદ્રમાં ૫૬ અંતરદ્વીપો



અંતરદ્વીપોના નામ :

	ઈશાનમાં		અગ્નિમાં		નૈઋત્યમાં		વાયવ્યમાં
(૧)	એકોરુક	(૮)	આભાષિક	(૧૫)	વૈષાણિક	(૨૨)	□લાંગૂલિક
(૨)	હયકર્ણ	(૯)	ગજકર્ણ	(૧૬)	ગોકર્ણ	(૨૩)	શષ્કુલીકર્ણ
(૩)	આદર્શમુખ	(૧૦)	મેંઢમુખ	(૧૭)	અયોમુખ	(૨૪)	ગોમુખ
(૪)	અશ્વમુખ	(૧૧)	હસ્તિમુખ	(૧૮)	સિંહમુખ	(૨૫)	વ્યાઘ્રમુખ
(૫)	અશ્વકર્ણ	(૧૨)	હરિકર્ણ	(૧૯)	અકર્ણ	(૨૬)	કર્ણપ્રાવરણ
(૬)	ઉલ્કામુખ	(૧૩)	મેઘમુખ	(૨૦)	વિદ્યુન્મુખ	(૨૭)	વિદ્યુદન્ત
(૭)	ઘનદંત	(૧૪)	લષ્ટદંત	(૨૧)	ગૂઢદંત⊕	(૨૮)	શુદ્ધદંત

લઘુહિમવંતપર્વતની દાઢા ઉપર ૨૮ અંતરદ્વીપ છે.

આ જ રીતે શિખરી પર્વતની પૂર્વદિશામાં અને પશ્ચિમદિશામાં જંબૂદ્વીપની વેદિકાથી બે-બે દાઢા નીકળે છે. તે વિદિશાઓમાં હોય છે. દરેક દાઢા ઉપર ૭-૭ અંતરદ્વીપ છે. તેમના નામ, વિસ્તાર વગેરે બધુ લઘુહિમવંતપર્વતની દાઢા ઉપર રહેલ અંતરદ્વીપની જેમ જાણવું. આમ શિખરીપર્વતની દાઢા ઉપર પણ ૨૮ અંતરદ્વીપ છે.

કુલ ૫૬ અંતરદ્વીપ છે.

પહેલા આઠ દ્વીપની પરિધિ

$= \sqrt{300 \times 300 \times 10} = \sqrt{9,00,000}$

= સાધિક ૯૪૮ યોજન = દેશોન ૯૪૯ યોજન.

```
                ૯૪૮
          ┌──────────
    ૯     │ ૯૦૦૦૦૦
  + ૯     │ -૮૧
  ------  │ ------
   ૧૮૪    │  ૦૯૦૦
  + ૪     │ -૭૩૬
  ------  │ ------
   ૧૮૮૮   │   ૧૬૪૦૦
  + ૮     │ -૧૫૧૦૪
  ------  │ ------
   ૧૮૯૬   │   ૦૧૨૯૬
```

□ લોકપ્રકાશમાં ૧૬મા સર્ગના ૩૧૭મા લોકમાં આ દ્વીપનું નામ નાંગોલિક કહ્યું છે.

⊕ બૃહત્ક્ષેત્રસમાસની ગાથા ૪૬૦માં અને લઘુક્ષેત્રસમાસની ગાથા ૨૧૭માં આ દ્વીપનું નામ નિગૂઢદંત કહ્યું છે.

પછી પછીના ૮-૮ અંતરદ્વીપોનો વિસ્તાર ૧૦૦-૧૦૦ યોજન વધુ છે.

૧૦૦ યોજન વિસ્તારની પરિધિ $=\sqrt{૧૦૦ \times ૧૦૦ \times ૧૦}$

$= \sqrt{૧,૦૦,૦૦૦}$

= સાધિક ૩૧૬ યોજન.

```
                  ૩૧૬
              ┌──────────
    ૩         │ ૧૦૦૦૦૦
  + ૩         │ − ૯
  ──          │ ──────
   ૬૧         │ ૦૧૦૦
  + ૧         │ − ૬૧
  ──          │ ──────
   ૬૨૬        │  ૦૩૯૦૦
  + ૬         │ − ૩૭૫૬
  ──          │ ──────
   ૬૩૨        │  ૦૧૪૪
```

તેથી પછી પછીના ૮-૮ અંતરદ્વીપોની પરિધિ પૂર્વ-પૂર્વના ૮-૮ અંતરદ્વીપ કરતા સાધિક ૩૧૬ - સાધિક ૩૧૬ યોજન અધિક છે.

પહેલા ૮ અંતરદ્વીપની પરિધિ = દેશોન ૯૪૯ યોજન.

પછીના ૮ અંતરદ્વીપની પરિધિ = દેશોન ૯૪૯ યોજન + સાધિક ૩૧૬ યોજન = ૧,૨૬૫ યોજન

પછીના ૮ અંતરદ્વીપની પરિધિ = ૧,૨૬૫ + ૩૧૬ યોજન = ૧,૫૮૧ યોજન

પછીના ૮ અંતરદ્વીપની પરિધિ = ૧,૫૮૧ + ૩૧૬ યોજન = ૧,૮૯૭ યોજન

પછીના ૮ અંતરદ્વીપની પરિધિ = ૧,૮૯૭ + ૩૧૬ યોજન = ૨,૨૧૩ યોજન

પછીના ૮ અંતરદ્વીપની પરિધિ = ૨,૨૧૩ + ૩૧૬ યોજન = ૨,૫૨૯ યોજન

પછીના ૮ અંતરદ્વીપની પરિધિ = ૨,૫૨૯ + ૩૧૬ યોજન = ૨,૮૪૫ યોજન

બધા અંતરદ્વીપો લવણસમુદ્રની દિશામાં પાણીની ઉપર ૨ ગાઉ ઊંચા છે.

અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણીની ઉપર ઊંચાઈ :

(૧) પહેલા ૮ અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર ઊંચાઈ -

આ ૮ દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૩૦૦ યોજન દૂર છે અને ૩૦૦ યોજન વિસ્તારવાળા છે.

૯૫,૦૦૦ યોજન પછી જલવૃદ્ધિ ૭૦૦ યોજન છે.

$$\therefore \text{ ૬૦૦ યોજન પછી જલવૃદ્ધિ } = \frac{૬૦૦ \times ૭૦૦}{૯૫,૦૦૦}$$

$$= \frac{૪૨૦}{૯૫} = ૪\frac{૪૦}{૯૫} \text{ યોજન}$$

પહેલા ૮ અંતરદ્વીપની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર

$$\text{ઊંચાઈ} = \frac{૪\frac{૪૦}{૯૫}}{૨} \text{ યોજન} + ૨ \text{ ગાઉ} = ૨\frac{૨૦}{૯૫} \text{ યોજન} + ૨ \text{ ગાઉ.}$$

(૨) બીજા ૮ અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર ઊંચાઈ

$$= \frac{\square \frac{૮૦૦ \times ૭૦૦}{૯૫,૦૦૦}}{૨} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

$$= \frac{૫૬૦}{૯૫ \times ૨} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

□ આ આઠ દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૪૦૦ યોજન દૂર છે અને ૪૦૦ યોજન વિસ્તારવાળા છે.

$$= \frac{૨૮૦}{૯૫} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

$$= ૨\frac{૯૦}{૯૫} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

(૩) ત્રીજા ૮ અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર ઊંચાઈ

$$= \frac{^{\square}૧,૦૦૦ \times ૭૦૦}{૯૫,૦૦૦ \times ૨} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

$$= \frac{૩૫૦}{૯૫} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

$$= ૩\frac{૬૫}{૯૫} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

(૪) ચોથા ૮ અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર ઊંચાઈ

$$= \frac{^{\Delta}૧,૨૦૦ \times ૭૦૦}{૯૫,૦૦૦ \times ૨} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

$$= \frac{૮૪૦}{૯૫ \times ૨} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

$$= \frac{૪૨૦}{૯૫} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

$$= ૪\frac{૪૦}{૯૫} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

(૫) પાંચમા ૮ અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર ઊંચાઈ

$$= \frac{^{\square\square}૧,૪૦૦ \times ૭૦૦}{૯૫,૦૦૦ \times ૨} \text{ યોજન} + ૨ \text{ ગાઉ}$$

□ આ દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૫૦૦ યોજન દૂર છે અને ૫૦૦ યોજન વિસ્તારવાળા છે.

Δ આ દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૬૦૦ યોજન દૂર છે અને ૬૦૦ યોજન વિસ્તારવાળા છે.

□□ આ દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૭૦૦ યોજન દૂર છે અને ૭૦૦ યોજન વિસ્તારવાળા છે.

$$= \frac{४९०}{९५} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

$$= ५\frac{१५}{९५} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

(६) છઠ્ઠા ૮ અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર ઊંચાઈ

$$= \frac{\square\square १६०० \times ७००}{९५,००० \times २} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

$$= \frac{५६०}{९५} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

$$= ५\frac{८५}{९५} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

(૭) સાતમા ૮ અંતરદ્વીપોની જંબૂદ્વીપની દિશામાં પાણી ઉપર ઊંચાઈ

$$= \frac{\square १८०० \times ७००}{९५,००० \times २} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

$$= \frac{६३०}{९५} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

$$= ६\frac{६०}{९५} \text{ યોજન} + २ \text{ ગાઉ}$$

અંતરદ્વીપોના મનુષ્યો :

અંતરદ્વીપોના મનુષ્યોની ઊંચાઈ ૮૦૦ ધનુષ્ય છે. ત્યાં રોગ-શોક વગેરેના ઉપદ્રવો હોતા નથી. તેમને બધી જોઈતી વસ્તુઓ કલ્પવૃક્ષ પાસેથી મળી રહે છે. અંતરદ્વીપના કલ્પવૃક્ષો વગેરે

□□ આ દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૮૦૦ યોજન દૂર છે અને ૮૦૦ યોજન વિસ્તારવાળા છે.

□ આ દ્વીપો જંબૂદ્વીપની વેદિકાથી ૯૦૦ યોજન દૂર છે અને ૯૦૦ યોજન વિસ્તારવાળા છે.

ક્રમ	અંતરદ્વીપ	જંબૂદ્વીપથી અંતર (યોજન)	વિસ્તાર (યોજન)	પરિધિ (યોજન)	જંબૂદ્વીપ તરફ પાણી ઉપરની ઊંચાઈ (યોજન)	(ગાઉ)	લવણસમુદ્ર તરફ પાણી ઉપરની ઊંચાઈ (ગાઉ)
૧	એકોરુક વગેરે ૪	૩૦૦	૩૦૦	દેશોન ૯૪૯	૨ $\frac{૨૦}{૯૫}$	૨	૨
૨	હયકર્ણ વગેરે ૪	૪૦૦	૪૦૦	૧,૨૬૫	૨ $\frac{૯૦}{૯૫}$	૨	૨
૩	આદર્શમુખ વગેરે ૪	૫૦૦	૫૦૦	૧,૫૮૧	૩ $\frac{૬૫}{૯૫}$	૨	૨
૪	અશ્વમુખ વગેરે ૪	૬૦૦	૬૦૦	૧,૮૯૭	૪ $\frac{૪૦}{૯૫}$	૨	૨
૫	અશ્વકર્ણ વગેરે ૪	૭૦૦	૭૦૦	૨,૨૧૩	૫ $\frac{૧૫}{૯૫}$	૨	૨
૬	ઉલ્કામુખ વગેરે ૪	૮૦૦	૮૦૦	૨,૫૨૯	૫ $\frac{૮૫}{૯૫}$	૨	૨
૭	ઘનદંત વગેરે ૪	૯૦૦	૯૦૦	૨,૮૪૫	૬ $\frac{૬૦}{૯૫}$	૨	૨

હિમવંતક્ષેત્રના કલ્પવૃક્ષો કરતા અનંતગુણહીન હોય છે. તે મનુષ્યો યુગલિયા હોય છે. તેમનું આયુષ્ય પલ્યોપમ/અસંખ્ય છે. તેમના પૃષ્ઠકરંડક (પાંસળીઓ) ૬૪ છે. તેઓ એકાંતરે આહાર કરે છે. તેઓ ૭૯ દિવસ સંતાનનું પાલન કરે છે.

લવણસમુદ્રની ઊંડાઈ જાણવાનું કરણ :

લવણસમુદ્રમાં તીર્છું જેટલું જઈએ તે અ યોજન.

$$\text{તે સ્થાને ઊંડાઈ} = \frac{\text{અ} \times ૧,૦૦૦}{૯૫,૦૦૦} \text{ યોજન}$$

આ કરણ જંબૂદ્વીપની વેદિકાના અંતથી અને ધાતકીખંડની વેદિકાના અંતથી ૯૫,૦૦૦ યોજન સુધીની ઊંડાઈ જાણવા માટે સમજવું. વચ્ચેના ૧૦,૦૦૦ યોજનની ઊંડાઈ એકસરખી ૧,૦૦૦ યોજન છે.

દા.ત., જંબૂદ્વીપની વેદિકાથી અને ધાતકીખંડની વેદિકાથી ૯૫ યોજન ગયા પછી ઊંડાઈ $= \frac{૯૫ \times ૧૦૦૦}{૯૫,૦૦૦} = ૧$ યોજન.

લવણસમુદ્રની ઊંચાઈ જાણવા કરણ :

લવણસમુદ્રના વચ્ચેના ૧૦,૦૦૦ યોજનમાં ઊંચાઈ એકસરખી ૧૬,૦૦૦ યોજન છે.

લવણસમુદ્રની શિખાથી જંબૂદ્વીપની વેદિકાના મૂળ સુધી અને ધાતકીખંડની વેદિકાના મૂળ સુધી દોરાની કલ્પના કરવી. લવણસમુદ્રમાં જેટલું જઈએ તે અ યોજન.

$$\text{તે સ્થળે દોરાની ઊંચાઈ} = \frac{\text{અ} \times ૧૬,૦૦૦}{૯૫,૦૦૦} \text{ યોજન.}$$

દા.ત., લવણસમુદ્રમાં ૯૫ યોજન ગયા પછી દોરાની ઊંચાઈ $= \frac{૯૫ \times ૧૬,૦૦૦}{૯૫,૦૦૦} = ૧૬$ યોજન

લવણસમુદ્રનું પ્રતરગણિત :

લવણસમુદ્રનું પ્રતરગણિત = મધ્યમપરિધિ x કોટિ.

મધ્યમપરિધિ = ૯,૪૮,૬૮૩ યોજન (પૂર્વે પાતાલકલશના નિરૂપણમાં જણાવેલ છે)

$$\text{કોટિ} = \frac{\text{વિસ્તાર} - ૧૦,૦૦૦}{૨} + ૧૦,૦૦૦$$

$$= \frac{૨,૦૦,૦૦૦ - ૧૦,૦૦૦}{૨} + ૧૦,૦૦૦$$

$$= \frac{૧,૯૦,૦૦૦}{૨} + ૧૦,૦૦૦ = ૯૫,૦૦૦ + ૧૦,૦૦૦ = ૧,૦૫,૦૦૦$$

લવણસમુદ્રનું પ્રતરગણિત = ૯,૪૮,૬૮૩ x ૧,૦૫,૦૦૦ યોજન.

= ૯૯,૬૧,૧૭,૧૫,૦૦૦ યોજન.

```
      ૯૪૮૬૮૩
    x ૧૦૫૦૦૦
  ----------
  ૪૭૪૩૪૧૫૦૦૦
+ ૯૪૮૬૮૩૦૦૦૦૦
  ----------
  ૯૯૬૧૧૭૧૫૦૦૦
```

લવણસમુદ્રનું ઘનગણિત :

લવણસમુદ્રનું ઘનગણિત = લવણસમુદ્રનું પ્રતરગણિત x (ઊંચાઈ + ઊંડાઈ)

= ૯૯,૬૧,૧૭,૧૫,૦૦૦ x (૧૬,૦૦૦ + ૧,૦૦૦)

= ૯૯,૬૧,૧૭,૧૫,૦૦૦ x ૧૭,૦૦૦

= ૧,૬૯,૩૩,૯૯,૧૫,૫૦,૦૦,૦૦૦ યોજન.

૯૯૬૧૧૭૧૫૦૦૦

x ૧૭૦૦૦

૬૯૭૨૮૨૦૦૫૦૦૦૦૦૦

+ ૯૯૬૧૧૭૧૫૦૦૦૦૦૦૦

૧૬૯૩૩૯૯૧૫૫૦૦૦૦૦૦

જો કે લવણસમુદ્રની ઊંચાઈ + ઊંડાઈ સર્વત્ર ૧૭,૦૦૦ યોજન નથી, છતા લવણસમુદ્રની ઊંચાઈ + ઊંડાઈ સર્વત્ર ૧૭,૦૦૦ યોજન કલ્પીને આ ઘનગણિત જાણવું.

લવણસમુદ્રની શિખાથી ઊતરતા લવણસમુદ્રની પહોળાઈ જાણવા કરણ - લવણસમુદ્રની શિખાથી જેટલું ઉતરીએ તે અ યોજન. તે સ્થાને

$$\text{લવણસમુદ્રની પહોળાઈ} = \frac{\text{અ} \times ૧૯૦}{૧૬} + \text{શિખાનો વિસ્તાર}$$

દા.ત., લવણસમુદ્રની શિખાથી ૧૬,૦૦૦ યોજન ઊતરીને

$$\text{લવણસમુદ્રની પહોળાઈ} = \frac{૧૬,૦૦૦ \times ૧૯૦}{૧૬} + ૧૦,૦૦૦ =$$

૧,૯૦,૦૦૦ + ૧૦,૦૦૦

= ૨,૦૦,૦૦૦ યોજન.

આ કરણ શિખાથી ૧૬,૦૦૦ યોજન ઊતર્યા પછી જ લવણસમુદ્રની પહોળાઈ જાણવા ઉપયોગી છે, ગમે તે સ્થળે લવણસમુદ્રની પહોળાઈ જાણવા ઉપયોગી નથી.

લવણસમુદ્રમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા :

લવણસમુદ્રમાં ૪ ચન્દ્ર, ૪ સૂર્ય, ૧૧૨ નક્ષત્ર, ૩૫૨ ગ્રહ અને ૨,૬૭,૯૦૦ કોટીકોટી તારા છે.

૨ ચંદ્ર - ૨ સૂર્ય લવણસમુદ્રની શિખાની અંદર છે અને ૨ ચંદ્ર - ૨ સૂર્ય લવણસમુદ્રની શિખાની બહાર છે.

૨ સૂર્ય (લવણશિખાની અંદરનો ૧ સૂર્ય અને લવણશિખાની બહારનો ૧ સૂર્ય) જંબૂદ્વીપના ૧ સૂર્યની સમશ્રેણિએ ચાર ચરે છે. બીજા ૨ સૂર્ય (લવણશિખાની અંદરનો ૧ સૂર્ય અને લવણશિખાની બહારનો ૧ સૂર્ય) જંબૂદ્વીપના બીજા સૂર્યની સમશ્રેણિએ ચાર ચરે છે.

૨ ચંદ્ર (લવણશિખાની અંદરનો ૧ ચંદ્ર અને લવણશિખાની બહારનો ૧ ચંદ્ર) જંબૂદ્વીપના ૧ ચંદ્રની સમશ્રેણિએ ચાર ચરે છે. બીજા ૨ ચંદ્ર (લવણશિખાની અંદરનો ૧ ચંદ્ર અને લવણશિખાની બહારનો ૧ ચંદ્ર) જંબૂદ્વીપના બીજા ચંદ્રની સમશ્રેણિએ ચાર ચરે છે.

લવણસમુદ્રમાં જ્યારે મેરુપર્વતની ઉત્તર તરફ દિવસ હોય ત્યારે દક્ષિણ તરફ પણ દિવસ હોય અને જ્યારે મેરુપર્વતની દક્ષિણ તરફ દિવસ હોય ત્યારે ઉત્તર તરફ પણ દિવસ હોય. ત્યારે પૂર્વમાં-પશ્ચિમમાં રાત્રિ હોય.

લવણસમુદ્રમાં જ્યારે મેરુપર્વતની પૂર્વમાં દિવસ હોય ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય અને જ્યારે મેરુપર્વતની પશ્ચિમમાં દિવસ હોય ત્યારે પૂર્વમાં પણ દિવસ હોય. ત્યારે ઉત્તરમાં-દક્ષિણમાં રાત્રિ હોય.

આ જ રીતે ધાતકીખંડ વગેરેમાં પણ જાણવું.

લવણસમુદ્રના જ્યોતિષવિમાનો ઉદકસ્ફટિકમય છે. તે પાણીને ફાડવાના સ્વભાવવાળા હોય છે. તેથી લવણસમુદ્રની શિખામાં ચાર ચરતા પણ તેમને વ્યાઘાત થતો નથી. તેઓ ઊંચે પ્રકાશ કરનારા હોવાથી લવણસમુદ્રની શિખામાં પણ પ્રકાશ કરે છે. શેષ દ્વીપ-સમુદ્રોના જ્યોતિષ વિમાનો સ્ફટિકમય છે.

લવણસમુદ્રની વિગત :

૧	પહોળાઈ	૨,૦૦,૦૦૦ યોજન
૨	બાહ્યપરિધિ	દેશોન ૧૫,૮૧,૧૩૯ યોજન
૩	મધ્યમપરિધિ	૯,૪૮,૬૮૩ યોજન
૪	અભ્યંતરપરિધિ	સાધિક ૩,૧૬,૨૨૭ યોજન
૫	દ્વારોનું પરસ્પર અંતર	દેશોન ૩,૯૫,૨૮૦$^{1}/_{4}$ યોજન
૬	પ્રતરગણિત	૯૯,૬૧,૧૭,૧૫,૦૦૦ યોજન
૭	ઘનગણિત	૧,૬૯,૩૩,૯૯,૧૫,૫૦,૦૦,૦૦૦ યોજન
૮	ચંદ્ર	૪
૯	સૂર્ય	૪
૧૦	નક્ષત્ર	૧૧૨
૧૧	ગ્રહ	૩૫૨
૧૨	તારા	૨,૬૭,૯૦૦ કોટીકોટી

લવણસમુદ્ર અધિકાર સમાપ્ત

● ● ●

- પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થી વિચારે છે – 'હું કેમ ફેલ થયો ?'

  રસોઈ બગડતા સ્ત્રી વિચારે છે – 'રસોઈ કેમ બગડી?'

  ધંધામાં નુકસાની થતા વેપારી વિચારે છે – 'નુકસાની કેમ થઈ ?'

  સ્ટેશન ન આવતા મુસાફર વિચારે છે– 'હજી કેમ સ્ટેશન ન આવ્યું ?'

  આપણને વિચાર આવે છે ખરો કે, 'અનંતકાળથી સંસારમાં ભટકવા છતા હજી કેમ મારો મોક્ષ ન થયો ?'

અધિકાર ત્રીજો

ધાતકીખંડ

લવણસમુદ્રની ચારે બાજુ ફરતો ધાતકીખંડ છે. તે વલયાકારે છે. તેનો વિસ્તાર ૪ લાખ યોજન છે. તેના દ્વારોનું વર્ણન વગેરે જંબૂદ્વીપના દ્વારોની જેમ જાણવું. દ્વારોના અધિપતિ દેવોની રાજધાનીઓ અન્ય ધાતકીખંડમાં છે.

ધાતકીખંડના એક છેડાથી બીજા છેડા સુધીની કુલ પહોળાઈ = ૪,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૧,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૪,૦૦,૦૦૦ = ૧૩,૦૦,૦૦૦ યોજન.

ધાતકીખંડની બાહ્ય પરિધિ

$= \sqrt{૧૩,૦૦,૦૦૦ \times ૧૩,૦૦,૦૦૦ \times ૧૦}$

$= \sqrt{૧,૬૯,૦૦,૦૦,૦૦,૦૦૦}$

= સા. ૪૧,૧૦,૯૬૦ યોજન.

= દેશોન ૪૧,૧૦,૯૬૧ યોજન.

	૪૧,૧૦,૯૬૦
૪	૧૬૯૦૦૦૦૦૦૦૦૦૦
+ ૪	−૧૬
૮૧	૦૦૯૦
+ ૧	−૮૧
૮૨૧	૦૯૦૦
+ ૧	−૮૨૧
૮૨૨૦૯	૦૭૯૦૦૦૦
+ ૯	−૭૩૯૮૮૧
૮૨૨૧૮૬	૦૫૦૧૧૯૦૦
+ ૬	−૪૯૩૩૧૧૬
૮૨૨૧૯૨૦	૦૦૭૮૭૮૪૦૦
+ ૦	−૦૦૦૦૦૦૦
૮૨૨૧૯૨૦	૭૮૭૮૪૦૦

ધાતકીખંડના દ્વારોનું પરસ્પર અંતર

$$= \frac{\text{દેશોન } ૪૧,૧૦,૯૬૧ - ૧૮}{૪}$$

$$= \frac{\text{દેશોન } ૪૧,૧૦,૯૪૩}{૪} = \text{દેશોન } ૧૦,૨૭,૩૩૫\,\tfrac{૩}{૪} \text{ યોજન.}$$

ઈષુકારપર્વતો :

ધાતકીખંડની ઉત્તરમાં અને દક્ષિણમાં ૧-૧ ઈષુકારપર્વત છે. તે લવણસમુદ્ર અને કાળોદધિસમુદ્રને સ્પર્શેલ છે. તે ૫૦૦ યોજન ઊંચા, ઉત્તર-દક્ષિણ ૪,૦૦,૦૦૦ યોજન લાંબા અને પૂર્વ-પશ્ચિમ ૧,૦૦૦ યોજન પહોળા છે. તે બન્ને પર્વતો ધાતકીખંડના બે વિભાગ કરે છે - પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ.

ધાતકીખંડમાં ક્ષેત્રો-પર્વતો :

દક્ષિણના ઈષુકારપર્વતની પૂર્વમાં ભરતક્ષેત્ર છે. ત્યાર પછી ક્રમશઃ લઘુહિમવંતપર્વત, હિમવંતક્ષેત્ર, મહાહિમવંતપર્વત, હરિવર્ષ-ક્ષેત્ર, નિષધપર્વત, મહાવિદેહક્ષેત્ર, નીલવંતપર્વત, રમ્યકક્ષેત્ર, રુક્મીપર્વત, હિરણ્યવંતક્ષેત્ર, શિખરીપર્વત, ઐરવતક્ષેત્ર, ઉત્તરનો ઈષુકારપર્વત છે.


આ જ રીતે દક્ષિણ ઈષુકારપર્વતની પશ્ચિમમાં બીજુ ભરતક્ષેત્ર છે. ત્યાર પછી ક્રમશઃ લઘુહિમવંતપર્વત, હિમવંતક્ષેત્ર, મહાહિમવંત-પર્વત, હરિવર્ષક્ષેત્ર, નિષધપર્વત, મહાવિદેહક્ષેત્ર, નીલવંતપર્વત, રમ્યકક્ષેત્ર, રુક્મીપર્વત, હિરણ્યવંતક્ષેત્ર, શિખરીપર્વત, ઐરવતક્ષેત્ર, ઉત્તરનો ઈષુકારપર્વત છે.

બન્ને મહાવિદેહક્ષેત્રમાં ૧-૧ મેરુપર્વત છે.


ચક્રની નાભિના સ્થાને જંબૂદ્વીપ અને લવણસમુદ્ર છે, આરાના સ્થાને ધાતકીખંડના વર્ષધરપર્વતો છે અને આરાના આંતરાના સ્થાને ધાતકીખંડના ક્ષેત્રો છે.

બધા ક્ષેત્રો-પર્વતોની લંબાઈ ૪,૦૦,૦૦૦ યોજન છે.

ક્ષેત્રો લવણસમુદ્રની દિશામાં સાંકળા અને કાળોદધિસમુદ્રની દિશામાં પહોળા છે. પર્વતો સર્વત્ર સમાન છે.


ધાતકીખંડ બે ઈષુકાર પર્વતો
ઉત્તર
ધાતકીખંડનું અપરાજિતદ્વાર
ઉત્તર ઈષુકાર પર્વત
લવણનું
અપરાજિતદ્વાર
પશ્ચિમ
મેરુ
મેરુ
પૂર્વ
લવણનું
વિજયંત દ્વાર
દક્ષિણ ઈષુકાર પર્વત
ધાતકીખંડનું વિજયંતદ્વાર
દક્ષિણ

ધાતકીખંડમાં
૧૪ ક્ષેત્રો, ૧૨ વર્ષધર પર્વતો તથા ૨ ઈષુકાર પર્વતો



જંબૂદ્વીપના વર્ષધરપર્વતો કરતા ધાતકીખંડના વર્ષધરપર્વતોની પહોળાઈ બમણી છે.

વર્ષધરપર્વત	જંબૂદ્વીપમાં પહોળાઈ	ધાતકીખંડમાં પહોળાઈ
લઘુહિમવંત - શિખરી	૧,૦૫૨ યો. ૧૨ ક.	૨,૧૦૫ યો. ૫ ક.
મહાહિમવંત - રુક્મી	૪,૨૧૦ યો. ૧૦ ક.	૮,૪૨૧ યો. ૧ ક.
નિષધ - નીલવંત	૧૬,૮૪૨ યો. ૨ ક.	૩૩,૬૮૪ યો. ૪ ક.

ધાતકીખંડના ક્ષેત્રોની મુખપહોળાઈ :

પૂર્વાર્ધના વર્ષધરપર્વતોની કુલ પહોળાઈ =

૨,૧૦૫ યો. ૫ ક.
\+ ૨,૧૦૫ યો. ૫ ક.
\+ ૮,૪૨૧ યો. ૧ ક.
\+ ૮,૪૨૧ યો. ૧ ક.
\+ ૩૩,૬૮૪ યો. ૪ ક.
\+ ૩૩,૬૮૪ યો. ૪ ક.

૮૮,૪૨૧ યો. ૧ ક.

પશ્ચિમાર્ધના વર્ષધરપર્વતોની કુલ પહોળાઈ = ૮૮,૪૨૧ યો. ૧ ક. ધાતકીખંડના ૧૨ વર્ષધરપર્વતો અને ૨ ઈષુકારપર્વતોની કુલ પહોળાઈ = ૮૮,૪૨૧ યોજન (૧ ક. છોડી દીધી છે)
\+ ૮૮,૪૨૧ યોજન (૧ ક. છોડી દીધી છે)
\+ ૨,૦૦૦ યોજન

૧,૭૮,૮૪૨ યોજન

ધાતકીખંડની અભ્યંતર પરિધિ

= લવણસમુદ્રની બાહ્યપરિધિ

= ૧૫,૮૧,૧૩૯ યોજન

૧૫,૮૧,૧૩૯ યોજન
− ૧,૭૮,૮૪૨ યોજન
૧૪,૦૨,૨૯૭ યોજન ← આ ધ્રુવરાશી છે.

ક્ષેત્ર	ભાગ
ભરત-ઐરવત	૧-૧
હિમવંત-હિરણ્યવંત	૪-૪
હરિવર્ષ-રમ્યક	૧૬-૧૬
મહાવિદેહ	૬૪

પૂર્વાર્ધના ક્ષેત્રોના કુલ ભાગ = ૧૦૬
પશ્ચિમાર્ધના ક્ષેત્રોના કુલ ભાગ = ૧૦૬
ધાતકીખંડના ક્ષેત્રોના કુલ ભાગ = ૨૧૨

$\frac{૧૪,૦૨,૨૯૭}{૨૧૨}$ = ૬,૬૧૪ $\frac{૧૨૯}{૨૧૨}$ યોજન

```
          ૬,૬૧૪
૨૧૨ ) ૧૪૦૨૨૯૭
      −૧૨૭૨
       ૦૧૩૦૨
       −૧૨૭૨
        ૦૦૩૦૯
         −૨૧૨
          ૦૯૭૭
          −૮૪૮
           ૧૨૯
```

(૧) ભરતક્ષેત્ર-ઐરવતક્ષેત્રની મુખપહોળાઈ

= ૬,૬૧૪ $\frac{૧૨૯}{૨૧૨}$ x ૧ = ૬,૬૧૪ $\frac{૧૨૯}{૨૧૨}$ યોજન.

(૨) હિમવંતક્ષેત્ર-હિરણ્યવંતક્ષેત્રની મુખપહોળાઈ

$= ૬,૬૧૪\frac{૧૨૯}{૨૧૨} \times ૪ = ૨૬,૪૫૬ + \frac{૫૧૬}{૨૧૨}$

$= ૨૬,૪૫૮\frac{૯૨}{૨૧૨}$ યોજન

(૩) હરિવર્ષક્ષેત્ર-રમ્યકક્ષેત્રની મુખપહોળાઈ $= ૬,૬૧૪\frac{૧૨૯}{૨૧૨} \times ૧૬$

$= ૧,૦૫,૮૨૪ + \frac{૨,૦૬૪}{૨૧૨}$

$= ૧,૦૫,૮૩૩\frac{૧૫૬}{૨૧૨}$ યોજન

```
  ૬૬૧૪
x   ૧૬
-------
 ૩૯૬૮૪
+૬૬૧૪૦
-------
૧૦૫૮૨૪
```

```
  ૧૨૯
x ૧૬
-----
 ૭૭૪
+૧૨૯૦
-----
 ૨૦૬૪
```

```
        ૯
   -----
૨૧૨ ) ૨૦૬૪
      -૧૯૦૮
      -----
       ૧૫૬
```

(૪) મહાવિદેહક્ષેત્રની મુખપહોળાઈ $= ૬,૬૧૪\frac{૧૨૯}{૨૧૨} \times ૬૪$

$= ૪,૨૩,૨૯૬ + \frac{૮૨૫૬}{૨૧૨}$

$= ૪,૨૩,૨૯૬ + ૩૮\frac{૨૦૦}{૨૧૨}$

$= ૪,૨૩,૩૩૪\frac{૨૦૦}{૨૧૨}$ યોજન

```
  ૬,૬૧૪
x   ૬૪
-------
 ૨૬૪૫૬
+૩૯૬૮૪૦
-------
૪૨૩૨૯૬
```

```
  ૧૨૯
x ૬૪
-----
 ૫૧૬
+૭૭૪૦
-----
 ૮૨૫૬
```

```
        ૩૮
   -----
૨૧૨ ) ૮૨૫૬
      -૬૩૬
      -----
       ૧૮૯૬
      -૧૬૯૬
      -----
       ૦૨૦૦
```

ધાતકીખંડના ક્ષેત્રોની મધ્યમ પહોળાઈ :

$$= \frac{\text{ધાતકીખંડની બાહ્યપરિધિ} + \text{ધાતકીખંડની અભ્યંતર પરિધિ}}{૨}$$

$$= \frac{૪૧,૧૦,૯૬૧ + ૧૫,૮૧,૧૩૯}{૨}$$

$$= \frac{૫૬,૯૨,૧૦૦}{૨}$$

= ૨૮,૪૬,૦૫૦ યોજન

૨૮,૪૬,૦૫૦ યોજન

− ૧,૭૮,૮૪૨ યોજન (વર્ષધરપર્વતો અને ઈષુકારપર્વતોની પહોળાઈ)

૨૬,૬૭,૨૦૮ યોજન - આ ધ્રુવરાશિ છે.

$$\frac{૨૬,૬૭,૨૦૮}{૨૧૨□} = ૧૨,૫૮૧\frac{૩૬}{૨૧૨} \text{ યોજન}$$

```
          ૧૨,૫૮૧
      ૨૧૨ ) ૨૬૬૭૨૦૮
          − ૨૧૨
            ૦૫૪૭
            − ૪૨૪
              ૧૨૩૨
              − ૧૦૬૦
                ૦૧૭૨૦
                − ૧૬૯૬
                  ૦૦૨૪૮
                    − ૨૧૨
                      ૦૩૬
```

(૧) ભરતક્ષેત્ર-ઐરવતક્ષેત્રની મધ્યમ પહોળાઈ

$$= ૧૨,૫૮૧\frac{૩૬}{૨૧૨} \text{ યોજન} \times ૧$$

$$= ૧૨,૫૮૧\frac{૩૬}{૨૧૨} \text{ યોજન}$$

□ ૨૧૨ = ધાતકીખંડના ક્ષેત્રોના કુલ ભાગ.

(૨) હિમવંતક્ષેત્ર-હિરણ્યવંતક્ષેત્રની મધ્યમ પહોળાઈ

$= \quad ૧૨,૫૮૧\ \frac{૩૬}{૨૧૨}$ યોજન x ૪

$= \quad ૫૦,૩૨૪\ \frac{૧૪૪}{૨૧૨}$ યોજન

(૩) હરિવર્ષક્ષેત્ર-રમ્યકક્ષેત્રની મધ્યમ પહોળાઈ

$= ૧૨,૫૮૧\ \frac{૩૬}{૨૧૨}$ યોજન x ૧૬

$= ૨,૦૧,૨૯૬\ \frac{૫૭૬}{૨૧૨}$ યોજન

$= ૨,૦૧,૨૯૮\ \frac{૧૫૨}{૨૧૨}$ યોજન

૧૨૫૮૧	૩૬
x ૧૬	x ૧૬
૭૫૪૮૬	૨૧૬
+ ૧૨૫૮૧૦	+ ૩૬૦
૨૦૧૨૯૬	૫૭૬

(૪) મહાવિદેહક્ષેત્રની મધ્યમ પહોળાઈ

$= \quad ૧૨,૫૮૧\ \frac{૩૬}{૨૧૨}$ યોજન x ૬૪

$= \quad ૮,૦૫,૧૮૪ + \frac{૨૩૦૪}{૨૧૨} = ૮,૦૫,૧૮૪ + ૧૦\ \frac{૧૮૪}{૨૧૨}$

$= \quad ૮,૦૫,૧૯૪\ \frac{૧૮૪}{૨૧૨}$

૧૨,૫૮૧	૩૬
x ૬૪	x ૬૪
૫૦૩૨૪	૧૪૪
+ ૭૫૪૮૬૦	+ ૨૧૬૦
૮૦૫૧૮૪	૨૩૦૪

૨૧૨) ૨૩૦૪ (૧૦
−૨૧૨
૦૧૮૪

ધાતકીખંડના ક્ષેત્રોની બાહ્યપહોળાઈ :

૪૧,૧૦,૯૬૧ યોજન (ધાતકીખંડની બાહ્યપરિધિ)
− ૧,૭૮,૮૪૨ યોજન (વર્ષધરપર્વતો અને ઈષુકારપર્વતોની પહોળાઈ)
૩૯,૩૨,૧૧૯ યોજન ← આ ધ્રુવરાશિ છે.

$$= \frac{૩૯,૩૨,૧૧૯}{૨૧૨^{\square}} = ૧૮,૫૪૭\ \frac{૧૫૫}{૨૧૨}\ \text{યોજન}$$

```
                ૧૮,૫૪૭
        ૨૧૨ ) ૩૯૩૨૧૧૯
              −૨૧૨
              ------
               ૧૮૧૨
              −૧૬૯૬
              -------
               ૦૧૧૬૧
               −૧૦૬૦
               -------
                ૦૧૦૧૧
                 −૮૪૮
                 -----
                 ૦૧૬૩૯
                −૧૪૮૪
                -----
                 ૦૧૫૫
```

(૧) ભરતક્ષેત્ર-ઐરવતક્ષેત્રની બાહ્યપહોળાઈ

$$= ૧૮,૫૪૭\ \frac{૧૫૫}{૨૧૨}\ \text{યોજન} \times ૧$$

$$= ૧૮,૫૪૭\ \frac{૧૫૫}{૨૧૨}\ \text{યોજન}$$

(૨) હિમવંતક્ષેત્ર-હિરણ્યવંતક્ષેત્રની બાહ્યપહોળાઈ

$$= ૧૮,૫૪૭\ \frac{૧૫૫}{૨૧૨}\ \text{યોજન} \times ૪$$

$$= ૭૪,૧૮૮ + \frac{૬૨૦}{૨૧૨}$$

$$= ૭૪,૧૯૦\ \frac{૧૯૬}{૨૧૨}\ \text{યોજન}$$

□ ૨૧૨ = ધાતકીખંડના ક્ષેત્રોના કુલ ભાગ.

(૩) હરિવર્ષક્ષેત્ર-રમ્યકક્ષેત્રની બાહ્યપહોળાઈ

$$= \text{૧૮,૫૪૭}\ \frac{\text{૧૫૫}}{\text{૨૧૨}}\ \text{યોજન} \times \text{૧૬}$$

$$= \text{૨,૯૬,૭૫૨} + \frac{\text{૨૪૮૦}}{\text{૨૧૨}}$$

$$= \text{૨,૯૬,૭૬૩}\ \frac{\text{૧૪૮}}{\text{૨૧૨}}\ \text{યોજન}$$

૧૮,૫૪૭	૧૫૫	૧૧
x ૧૬	x ૧૬	૨૧૨) ૨૪૮૦
૧૧૧૨૮૨	૯૩૦	−૨૧૨
+ ૧૮૫૪૭૦	+ ૧૫૫૦	૩૬૦
૨૯૬૭૫૨	૨૪૮૦	−૨૧૨
		૧૪૮

(૪) મહાવિદેહક્ષેત્રની બાહ્યપહોળાઈ

$$= \text{૧૮,૫૪૭}\ \frac{\text{૧૫૫}}{\text{૨૧૨}}\ \text{યોજન} \times \text{૬૪}$$

$$= \text{૧૧,૮૭,૦૦૮} + \frac{\text{૯૯૨૦}}{\text{૨૧૨}}$$

$$= \text{૧૧,૮૭,૦૦૮} + \text{૪૬}\ \frac{\text{૧૬૮}}{\text{૨૧૨}}$$

$$= \text{૧૧,૮૭,૦૫૪}\ \frac{\text{૧૬૮}}{\text{૨૧૨}}\ \text{યોજન}$$

૧૮,૫૪૭	૧૫૫	૪૬
x ૬૪	x ૬૪	૨૧૨) ૯૯૨૦
૭૪૧૮૮	૬૨૦	−૮૪૮
+ ૧૧૧૨૮૨૦	+ ૯૩૦૦	૧૪૪૦
૧૧૮૭૦૦૮	૯૯૨૦	−૧૨૭૨
		૦૧૬૮

ધાતકીખંડના ક્ષેત્રોની પહોળાઈ :

ક્રમ	ક્ષેત્રો	લંબાઈ (યોજન)	મુખપહોળાઈ (યોજન)	મધ્યમપહોળાઈ (યોજન)	બાહ્યપહોળાઈ (યોજન)
૧	ભરત-ઐરવત	૪,૦૦,૦૦૦	૬,૬૧૪$\frac{૧૨૯}{૨૧૨}$	૧૨,૫૮૧$\frac{૩૬}{૨૧૨}$	૧૮,૫૪૭$\frac{૧૫૫}{૨૧૨}$
૨	હિમવંત-હિરણ્યવંત	૪,૦૦,૦૦૦	૨૬,૪૫૮$\frac{૯૨}{૨૧૨}$	૫૦,૩૨૪$\frac{૧૪૪}{૨૧૨}$	૭૪,૧૯૦$\frac{૧૯૬}{૨૧૨}$
૩	હરિવર્ષ-રમ્યક	૪,૦૦,૦૦૦	૧,૦૫,૮૩૩$\frac{૧૫૬}{૨૧૨}$	૨,૦૧,૨૯૮$\frac{૧૫૨}{૨૧૨}$	૨,૯૬,૭૬૩$\frac{૧૪૮}{૨૧૨}$
૪	મહાવિદેહ	૪,૦૦,૦૦૦	૪,૨૩,૩૩૪$\frac{૨૦૦}{૨૧૨}$	૮,૦૫,૧૯૪$\frac{૧૮૪}{૨૧૨}$	૧૧,૮૭,૦૫૪$\frac{૧૬૮}{૨૧૨}$

ધાતકીખંડના વર્ષધરપર્વતોની પહોળાઈ :

ધાતકીખંડમાં વર્ષધરપર્વતો અને ઈષુકાર પર્વતોની કુલ પહોળાઈ–ઈષુકાર પર્વતોની પહોળાઈ = ૧,૭૮,૮૪૨ – ૨,૦૦૦ = ૧,૭૬,૮૪૨ યોજન

આ ધ્રુવરાશિ છે.

વર્ષધરપર્વતોના ભાગો -

પર્વતો	ભાગો
લઘુહિમવંત - શિખરી	૧-૧
મહાહિમવંત - રુક્મી	૪-૪
નિષધ-નીલવંત	૧૬-૧૬

પૂર્વાર્ધના વર્ષધરપર્વતોના કુલ ભાગો = ૪૨
પશ્ચિમાર્ધના વર્ષધરપર્વતોના કુલ ભાગો = ૪૨
ધાતકીખંડના વર્ષધરપર્વતોના કુલ ભાગો = ૮૪

$$\therefore \frac{૧,૭૬,૮૪૨}{૮૪} = ૨,૧૦૫\ \frac{૨૨}{૮૪} \text{ યોજન}$$

```
          ૨૧૦૫
      ૮૪ ) ૧૭૬૮૪૨
         −૧૬૮
         ------
          ૦૦૮૮
           −૮૪
           ----
            ૦૪૪૨
            −૪૨૦
            ----
             ૦૨૨
```

(૧) લઘુહિમવંતપર્વત-શિખરીપર્વતની પહોળાઈ

$$= ૨,૧૦૫\ \frac{૨૨}{૮૪} \times ૧ = ૨,૧૦૫\ \frac{૨૨}{૮૪} \text{ યોજન}^{\square}$$

□ પૂર્વે પાના નં. ૩૩૦ ઉપર લઘુહિમવંત-શિખરી પર્વતોની પહોળાઈ ૨,૧૦૫ યોજન ૫ કળા કહી છે, અહીં ૨,૧૦૫ $^{૨૨}/_{૮૪}$ યોજન કહી છે.

(૨) મહાહિમવંતપર્વત - રુક્મીપર્વતની પહોળાઈ

$= ૨,૧૦૫ \frac{૨૨}{૮૪} \times ૪$

$= ૮,૪૨૦ \frac{૮૮}{૮૪}$

$= ૮,૪૨૧ \frac{૪}{૮૪}$ યોજન

(૩) નિષધપર્વત-નીલવંતપર્વતની પહોળાઈ

$= ૨,૧૦૫ \frac{૨૨}{૮૪} \times ૧૬$

$= ૩૩,૬૮૦ \frac{૩૫૨}{૮૪}$

$= ૩૩,૬૮૦ + ૪ \frac{૧૬}{૮૪}$

$= ૩૩,૬૮૪ \frac{૧૬}{૮૪}$

* ધાતકીખંડના વર્ષધરપર્વતો, વક્ષસ્કારપર્વતો અને ગજદંતગિરિ જંબૂદ્વીપના વર્ષધરપર્વતો, વક્ષસ્કારપર્વતો અને ગજદંતગિરિ કરતા પહોળાઈમાં બમણા છે અને ઊંચાઈમાં-ઊંડાઈમાં તુલ્ય છે.

* ધાતકીખંડની નદીઓની પહોળાઈ-ઊંડાઈ અને વનમુખોની પહોળાઈ જંબૂદ્વીપની નદીઓની પહોળાઈ-ઊંડાઈ અને વનમુખોની પહોળાઈ કરતા બમણી છે.

* ધાતકીખંડના હ્રદ, કુંડ, દ્વીપ જંબૂદ્વીપના હ્રદ, કુંડ, દ્વીપ કરતા લંબાઈ-પહોળાઈમાં બમણા છે અને ઊંચાઈમાં - ઊંડાઈમાં તુલ્ય છે.

* ધાતકીખંડના જિહ્વિકાઓ, કુંડના દ્વારો, કમળો અને કમળની કર્ણિકાઓ જંબૂદ્વીપના જિહ્વિકાઓ, કુંડના દ્વારો, કમળો અને કમળની કર્ણિકાઓ કરતા લંબાઈ-પહોળાઈ-ઊંચાઈમાં બમણા છે.

૨,૧૦૫ ૨૨/૮૪ યોજન એટલે ૨,૧૦૫ યોજન ૪ ૮૨/૮૪ કળા. આ ભિન્નતાનું કારણ એ છે કે અહીં વર્ષધરપર્વતોની કુલ પહોળાઈમાં ૨ કળાની ગણતરી કરી નથી. (જુઓ પાના નં. ૩૩૦) એમ આગળ પણ જાણવું.

ક્રમ	પર્વતો વગેરે	જંબૂદ્વીપમાં				ધાતકીખંડમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૧	લઘુહિમવંતપર્વત, શિખરીપર્વત	૨૪,૯૩૨ યો. ૧/૨ ક.	૧,૦૫૨ યો. ૧૨ ક.	૧૦૦	૨૫	૪,૦૦,૦૦૦	૨,૧૦૫ યો. ૫ ક.	૧૦૦	૨૫
૨	મહાહિમવંતપર્વત, રુક્મીપર્વત	૫૩,૯૩૧ યો. ૬ ક.	૪,૨૧૦ યો. ૧૦ ક.	૨૦૦	૫૦	૪,૦૦,૦૦૦	૮,૪૨૧ યો. ૧ ક.	૨૦૦	૫૦
૩	નિષધપર્વત, નીલવંતપર્વત	૯૪,૧૫૬ યો. ૨ ક.	૧૬,૮૪૨ યો. ૨ ક.	૪૦૦	૧૦૦	૪,૦૦,૦૦૦	૩૩,૬૮૪ યો. ૪ ક.	૪૦૦	૧૦૦
૪	વક્ષસ્કારપર્વતો	–	૫૦૦	□૪૦૦-૫૦૦	△૧૦૦-૧૨૫	–	૧,૦૦૦	□૪૦૦-૫૦૦	△૧૦૦-૧૨૫
૫	ગજદંતગિરિ	–	૫૦૦	□□૪૦૦-૫૦૦	⊕૧૦૦-૧૨૫	–	૧,૦૦૦	□□૪૦૦-૫૦૦	⊕૧૦૦-૧૨૫
૬	પદ્મહ્રદ, પુંડરીકહ્રદ	૧,૦૦૦	૫૦૦	–	૧૦	૨,૦૦૦	૧,૦૦૦	–	૧૦
૭	મહાપદ્મહ્રદ, મહાપુંડરીકહ્રદ	૨,૦૦૦	૧,૦૦૦	–	૧૦	૪,૦૦૦	૨,૦૦૦	–	૧૦
૮	તિગિરિછહ્રદ કેસરીહ્રદ	૪,૦૦૦	૨,૦૦૦	–	૧૦	૮,૦૦૦	૪,૦૦૦	–	૧૦
૯	દેવકુરુ-ઉત્તરકુરુના હ્રદ	૧,૦૦૦	૫૦૦	–	૧૦	૨,૦૦૦	૧,૦૦૦	–	૧૦

□ વક્ષસ્કારપર્વતોની ઊંચાઈ વર્ષધરપર્વતો પાસે ૪૦૦ યોજન છે અને સીતા-સીતોદા પાસે ૫૦૦ યોજન છે.

△ વક્ષસ્કાર પર્વતોની ઊંડાઈ વર્ષધરપર્વતો પાસે ૧૦૦ યોજન છે અને સીતા-સીતોદા પાસે ૧૨૫ યોજન છે.

□□ ગજદંતગિરિની ઊંચાઈ વર્ષધરપર્વતો પાસે ૪૦૦ યોજન છે અને મેરુપર્વત પાસે ૫૦૦ યોજન છે.

⊕ ગજદંતગિરિની ઊંડાઈ વર્ષધરપર્વતો પાસે ૧૦૦ યોજન છે અને સીતા-સીતોદા પાસે ૧૨૫ યોજન છે.

ક્રમ	પર્વતો વગેરે	જંબૂદ્વીપમાં				ધાતકીખંડમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૧૦	ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી	–	મૂળમાં ૬ ૧/૪ અંતે ૬૨ ૧/૨	–	મૂળમાં ૧/૮ અંતે ૧ ૧/૪	–	મૂળમાં ૧૨૧/૨ અંતે ૧૨૫	–	મૂળમાં ૧/૪ અંતે ૨ ૧/૨
૧૧	રોહિતાંશા, રોહિતા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા, અંતરનદી	–	મૂળમાં ૧૨ ૧/૨ અંતે ૧૨૫	–	મૂળમાં ૧/૪ અંતે ૨ ૧/૨	–	મૂળમાં ૨૫ અંતે ૨૫૦	–	મૂળમાં ૧/૨ અંતે ૫
૧૨	હરિકાંતા, હરિસલિલા, નારીકાંતા, નરકાંતા	–	મૂળમાં ૨૫ અંતે ૨૫૦	–	મૂળમાં ૧/૨ અંતે ૫	–	મૂળમાં ૫૦ અંતે ૫૦૦	–	મૂળમાં ૧ અંતે ૧૦
૧૩	સીતોદા, સીતા	–	મૂળમાં ૫૦ અંતે ૫૦૦	–	મૂળમાં ૧ અંતે ૧૦	–	મૂળમાં ૧૦૦ અંતે ૧,૦૦૦	–	મૂળમાં ૨ અંતે ૨૦
૧૪	ગંગાપ્રપાતકુંડ, સિંધુપ્રપાતકુંડ, રક્તાપ્રપાતકુંડ, રક્તવતીપ્રપાતકુંડ	૬૦	૬૦	–	૧૦	૧૨૦	૧૨૦	–	૧૦
૧૫	રોહિતાંશાપ્રપાતકુંડ, રોહિતાપ્રપાતકુંડ, સુવર્ણકૂલાપ્રપાતકુંડ, રૂપ્યકૂલાપ્રપાતકુંડ અંતરનદીના કુંડ	૧૨૦	૧૨૦	–	૧૦	૨૪૦	૨૪૦	–	૧૦
૧૬	હરિકાંતાપ્રપાતકુંડ, હરિસલિલાપ્રપાતકુંડ, નારીકાંતાપ્રપાતકુંડ, નરકાંતાપ્રપાતકુંડ	૨૪૦	૨૪૦	–	૧૦	૪૮૦	૪૮૦	–	૧૦

ક્રમ	પર્વતો વગેરે	જંબૂદ્વીપમાં				ધાતકીખંડમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૧૭	સીતોદાપ્રપાતકુંડ, સીતાપ્રપાતકુંડ	૪૮૦	૪૮૦	—	૧૦	૯૬૦	૯૬૦	—	૧૦
૧૮	ગંગાદ્વીપ, સિંધુદ્વીપ, રક્તાદ્વીપ, રક્તવતીદ્વીપ	૮	૮	□ ૧/૨	Δ ૧૦	૧૬	૧૬	□ ૧/૨	Δ ૧૦
૧૯	રોહિતાંશાદ્વીપ, રોહિતાદ્વીપ, સુવર્ણકૂલાદ્વીપ, રૂપ્યકૂલાદ્વીપ, અંતરનદીના દ્વીપ	૧૬	૧૬	□ ૧/૨	Δ ૧૦	૩૨	૩૨	□ ૧/૨	Δ ૧૦
૨૦	હરિકાંતાદ્વીપ, હરસલિલાદ્વીપ, નારીકાંતાદ્વીપ, નરકાંતાદ્વીપ	૩૨	૩૨	□ ૧/૨	Δ ૧૦	૬૪	૬૪	□ ૧/૨	Δ ૧૦
૨૧	સીતોદાદ્વીપ, સીતાદ્વીપ	૬૪	૬૪	□ ૧/૨	Δ ૧૦	૧૨૮	૧૨૮	□ ૧/૨	Δ ૧૦
૨૨	વનમુખ (વર્ષધરપર્વત પાસે)	—	૧ ક.	—	—	—	૨ ક.	—	—
૨૩	વનમુખ (સીતોદા-સીતાપાસે)	—	૨,૯૨૨	—	—	—	૫,૮૪૪	—	—

□ આ ઊંચાઈ પાણીની ઉપર હોય છે. Δ આ ઊંડાઈ પાણીની નીચે હોય છે.

ક્રમ	પર્વતો વગેરે	જંબૂદ્વીપમાં				ધાતકીખંડમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૨૪	ગંગા, સિંધુ, રક્તા, રક્તવતીની જિહ્વિકા	૧/૨	૬૧/૪	૧/૮	–	૧	૧૨૧/૨	૧/૪	–
૨૫	રોહિતાંશા, રોહિતા, સુવર્ણકૂલા, રુપ્યકૂલાની જિહ્વિકા	૧	૧૨૧/૨	૧/૪	–	૨	૨૫	૧/૨	–
૨૬	હરિકાંતા, હરિસલિલા, નારીકાંતા, નરકાંતાની જિહ્વિકા	૨	૨૫	૧/૨	–	૪	૫૦	૧	–
૨૭	સીતોદા, સીતાની જિહ્વિકા	૪	૫૦	૧	–	૮	૧૦૦	૨	–
૨૮	ગંગા, સિંધુ, રક્તા, રક્તવતીના કુંડના દ્વાર	–	૬૧/૪	–	–	–	૧૨૧/૨	–	
૨૯	રોહિતાંશા, રોહિતા, સુવર્ણકૂલા, રુપ્યકૂલાના કુંડના દ્વાર	–	૧૨૧/૨	–	–	–	૨૫	–	
૩૦	હરિકાંતા, હરિસલિલા, નારીકાંતા, નરકાંતાના કુંડના દ્વાર	–	૨૫	–	–	–	૫૦	–	–
૩૧	સીતોદા, સીતાના કુંડના દ્વારા	–	૫૦	–	–	–	૧૦૦	–	–
૩૨	પુદ્મદ્રહ-પુંડરીકદ્રહના	૧	૧	૧/૨	૨	૨	૧	–	

ક્રમ	પર્વતો વગેરે	જંબૂદ્વીપમાં				ધાતકીખંડમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૩૩	કમળો મધ્યપદ્મદ્રહ-મધ્યપુંડરીક-દ્રહના કમળો	૨	૨	૧	–	૪	૪	૨	–
૩૪	તિગિચ્છિદ્રહ-કેસરીદ્રહના કમળો	૪	૪	૨	–	૮	૮	૪	–
૩૫	પુંડરીકદ્રહ-રુક્મીદ્રહના કમળોની કર્ણિકા	½	½	¼	–	૧	૧	½	–
૩૬	મધ્યપદ્મદ્રહ-મધ્યપુંડરીક-દ્રહના કમળોની કર્ણિકા	૧	૧	½	–	૨	૨	૧	–
૩૭	તિગિચ્છિદ્રહ-કેસરીદ્રહના કમળોની કર્ણિકા	૨	૧	૧	–	૪	૪	૨	–

* ધાતકીખંડના કાંચનગિરિ, યમકગિરિ, ચિત્ર કૂટ - વિચિત્ર કૂટ પર્વતો, દીર્ઘવૈતાઢ્ય પર્વતો, વૃત્તવૈતાઢ્ય પર્વતોની પહોળાઈ-પરિધિ-ઊંચાઈ-ઊંડાઈ જંબૂદ્વીપના કાંચનગિરિ વગેરેની જેટલી જ છે.

ક્રમ	પર્વતો	પહોળાઈ (યોજન)			પરિધિ (યોજન)			ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
		મૂળમાં	મધ્યમાં	ઉપર	મૂળમાં	મધ્યમાં	ઉપર		
૧	કાંચનગિરિ	૧૦૦	૭૫	૫૦	૩૧૬	૨૩૭	૧૫૮	૧૦૦	૨૫
૨	યમકગિરિ, ચિત્રકૂટ, વિચિત્રકૂટ	૧,૦૦૦	૭૫૦	૫૦૦	૩,૧૬૨	૨,૩૭૨	૧,૫૮૧	૧,૦૦૦	૨૫૦
૩	દીર્ઘવૈતાઢ્ય	૫૦	(૧૦ યો. ઉપર જતાં ૩૦	(બીજા૧૦યો. ઉપરજતાંમને શિખરઉપર)૧૦	—	—	—	૨૫	૬$\frac{1}{4}$
૪	વૃત્તવૈતાઢ્ય	૧,૦૦૦	૧,૦૦૦	૧,૦૦૦	૩,૧૬૨	૩,૧૬૨	૩,૧૬૨	૧,૦૦૦	૨૫૦

- મૃત્યુને શરમાવવાની કળા— મૃત્યુ સંપત્તિ, સંતતિ, લાડી, વાડી, ગાડી વગેરેનો વિયોગ કરાવે છે. મૃત્યુ આવે એ પહેલા આ બધાનો ત્યાગ કરી દો. મૃત્યુ શરમાઈ જશે.

જંબૂદ્વીપના કાંચનગિરિ જમીન ઉપર પરસ્પર સ્પર્શેલા છે.

ધાતકીખંડના કાંચનગિરિ વચ્ચેનું પરસ્પર અંતર

$$= \frac{\text{હ્રદની લંબાઈ} - ૧૦ \text{ કાંચનગીરિની મૂળ પહોળાઈ}}{૯}$$

$$= \frac{૨,૦૦૦ - (૧૦ \times ૧૦૦)}{૯} = \frac{૨,૦૦૦ - ૧૦૦૦}{૯}$$

$$= \frac{૧,૦૦૦}{૯} = ૧૧૧ \, {}^{૧}/_{૯} \text{ યોજન}$$

દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ :

ધાતકીખંડના મેરુપર્વતની મૂળ પહોળાઈ ૯,૪૦૦ યોજન છે.

મહાવિદેહક્ષેત્રની મધ્યમ પહોળાઈ = ૮,૦૫,૧૯૪ $\frac{૧૮૪}{૨૧૨}$ યોજન

દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ = $\frac{૮,૦૫,૧૯૪ \frac{૧૮૪}{૨૧૨} - ૯,૪૦૦}{૨}$

$$= \frac{૭,૯૫,૭૯૪ \frac{૧૮૪}{૨૧૨}}{૨}$$

$$= ૩,૯૭,૮૯૭ \frac{૯૨}{૨૧૨} \text{ યોજન}$$

વર્ષધરપર્વતથી યમકગિરિ - ચિત્રકૂટ - વિચિત્રકૂટ પર્વતનું, ત્યાંથી પહેલા હ્રદનું, પાંચ હ્રદનું પરસ્પર અને પાંચમા હ્રદથી ગજદંત પર્વતનું અંતર :

હ્રદોની કુલ લંબાઈ = ૫ x ૨,૦૦૦ = ૧૦,૦૦૦ યોજન

યમકગિરિ - ચિત્રકૂટ - વિચિત્રકૂટની પહોળાઈ = ૧,૦૦૦ યોજન

દેવકુરુ - ઉત્તરકુરુની પહોળાઈ = ૩,૯૭,૮૯૭ $\frac{૯૨}{૨૧૨}$ યોજન

$$\text{૭ અંતર} = \frac{૩,૯૭,૮૯૭\frac{૯૨}{૨૧૨} - (૧૦,૦૦૦ + ૧,૦૦૦)}{૭}$$

$$= \frac{૩,૮૬,૮૯૭\frac{૯૨}{૨૧૨}}{૭}$$

$$= ૫૫,૨૭૧\frac{૧૩}{૨૧૨}\ \frac{૧}{૭} \text{ યોજન}$$

ભદ્રશાલવનની પૂર્વમાં લંબાઈ અને પશ્ચિમમાં લંબાઈ = ૧,૦૭,૮૭૯ યોજન

દેવકુરુ-ઉત્તરકુરુની જીવા = ભદ્રશાલવનની બે બાજુની લંબાઈ + મેરુ પર્વતની પહોળાઈ – બે ગજદંતગિરિની પહોળાઈ.

= (૨ x ૧,૦૭,૮૭૯) + ૯,૪૦૦ – (૨ x ૧,૦૦૦)

= ૨,૧૫,૭૫૮ + ૯,૪૦૦ – ૨,૦૦૦

= ૨,૧૫,૭૫૮ + ૭,૪૦૦

= ૨,૨૩,૧૫૮ યોજન

ગજદંતપર્વતોની લંબાઈ :

પૂર્વાર્ધમાં દેવકુરુની પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ ગજદંતપર્વતની લંબાઈ = ૩,૫૬,૨૨૭ યોજન

પૂર્વાર્ધમાં ઉત્તરકુરુની પશ્ચિમમાં ગંધમાદન ગજદંતપર્વતની લંબાઈ = ૩,૫૬,૨૨૭ યોજન

પૂર્વાર્ધમાં દેવકુરુની પૂર્વમાં સોમનસ ગજદંતપર્વતની લંબાઈ = ૫,૬૯,૨૫૯ યોજન

પૂર્વાર્ધમાં ઉત્તરકુરુની પૂર્વમાં માલ્યવંત ગજદંતપર્વતની લંબાઈ = ૫,૬૯,૨૫૯ યોજન

પશ્ચિમાર્ધમાં દેવકુરુની પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ ગજદંતપર્વતની લંબાઈ = ૫,૬૯,૨૫૯ યોજન

સૂચના : આ ચિત્રમાં વનમુખનો વર્ષધર લીધો, નિલવંત પર્વતનો વર્ષધર લીધો અને નિષધ પર્વતનો વર્ષધર લાંબા સમજવો. તેમજ ગજદંત પર્વતના વર્ષધર ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે વિચારવા.

પશ્ચિમ ધાતકીખંડનું મહાવિદેહક્ષેત્ર
પૂર્વધાતકીના વક્ષસ્કારપર્વતો અને વિજયોની જેમ
જ્યાં વક્ષસ્કાર પર્વતો અને વિજયો
વિદ્યુત્પ્રભ ગિરિ
સૌમનસ ગિરિ
ગંધમાદન ગિરિ
માલ્યવંત ગિરિ
નીલવંત પર્વત
સીતોદા મહાનદી
સીતા મહાનદી
વિજય
વિજય
વિજય
વિજય
વક્ષસ્કાર
વક્ષસ્કાર
વક્ષસ્કાર
વક્ષસ્કાર

પશ્ચિમાર્ધમાં ઉત્તરકુરુની પશ્ચિમમાં ગંધમાદન ગજદંત-પર્વતની લંબાઈ = ૫,૬૯,૨૫૯ યોજન

પશ્ચિમાર્ધમાં દેવકુરુની પૂર્વમાં સોમનસ ગજદંતપર્વતની લંબાઈ = ૩,૫૬,૨૨૭ યોજન

પશ્ચિમાર્ધમાં ઉત્તરકુરુની પૂર્વમાં માલ્યવંત ગજદંતપર્વતની લંબાઈ = ૩,૫૬,૨૨૭ યોજન

દેવકુરુ-ઉત્તરકુરુનું ધનુઃપૃષ્ઠ :

= ૩,૫૬,૨૨૭ + ૫,૬૯,૨૫૯ = ૯,૨૫,૪૮૬ યોજન

ભદ્રશાલવનની પહોળાઈ (૧ બાજુ)

$$= \frac{\text{ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ}}{૮૮}$$

$$= \frac{૧,૦૭,૮૭૯}{૮૮}$$

$$= ૧,૨૨૫\ \frac{૭૯}{૮૮}\ \text{યોજન}$$

```
      ૧૨૨૫
   ૮૮ ) ૧૦૭૮૭૯
        -૮૮
        ૦૧૯૮
        -૧૭૬
         ૦૨૨૭
         -૧૭૬
          ૦૫૧૯
           ૪૪૦
          ૦૭૯
```

ભદ્રશાલવનની કુલ લંબાઈ

= ૧,૦૭,૮૭૯ + ૯,૪૦૦ + ૧,૦૭,૮૭૯

= ૨,૨૫,૧૫૮ યોજન

ભદ્રશાલવનની કુલ પહોળાઈ

$$= ૧,૨૨૫\ \frac{૭૯}{૮૮} + ૯,૪૦૦ + ૧,૨૨૫\ \frac{૭૯}{૮૮}$$

$$= ૧૧,૮૫૧\ \frac{૭૦}{૮૮}\ \text{યોજન}$$

ભદ્રશાલવનના ૮ વિભાગ :

(૧) મેરુથી પૂર્વમાં

(૨) મેરુથી પશ્ચિમમાં

(૩) વિદ્યુત્પ્રભ-સોમનસ ગજદંતગિરિઓની વચ્ચે દક્ષિણમાં

(૪) ગંધમાદન-માલ્યવંત ગજદંતગિરિઓની વચ્ચે ઉત્તરમાં

સીતા-સીતોદા નદીઓ પૂર્વ-પશ્ચિમ વિભાગના ઉત્તર-દક્ષિણ બે-બે વિભાગ કરે છે, અને ઉત્તર-દક્ષિણ વિભાગના પૂર્વ-પશ્ચિમ બે-બે વિભાગ કરે છે.

તેથી ભદ્રશાલવનના કુલ ૮ વિભાગ થાય છે.

* ધાતકીખંડના પૂર્વાર્ધમાં ઉત્તરકુરુમાં ધાતકીવૃક્ષ છે. તેનો અધિપતિ સુદર્શન દેવ છે.

ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં ઉત્તરકુરુમાં મહાધાતકીવૃક્ષ છે. તેનો અધિપતિ પ્રિયદર્શન દેવ છે.

ધાતકીખંડના પૂર્વાર્ધમાં દેવકુરુમાં શાલ્મલીવૃક્ષ છે.

ધાતકીખંડના પશ્ચિમાર્ધમાં દેવકુરુમાં શાલ્મલીવૃક્ષ છે.

આ બંને શાલ્મલીવૃક્ષોના અધિપતિ ગરુડદેવો છે.

ધાતકીવૃક્ષ - મહાધાતકીવૃક્ષનું વર્ણન જંબૂવૃક્ષની જેમ જાણવું.

શાલ્મલીવૃક્ષનું વર્ણન જંબૂદ્વીપના શાલ્મલીવૃક્ષની જેમ જાણવું.

મેરુપર્વત :

ધાતકીખંડમાં બે મેરુપર્વત છે - ૧ પૂર્વાર્ધમાં અને ૧ પશ્ચિમાર્ધમાં.

મેરુપર્વતની ઊંચાઈ = ૮૪,૦૦૦ યોજન.

મેરુપર્વત ભૂમિમાં અવગાઢ = ૧,૦૦૦ યોજન.


મેરુપર્વતની ભૂમિમાં પહોળાઈ = ૯,૫૦૦ યોજન.

મેરુપર્વતની ભૂમિતલ ઉપર પહોળાઈ = ૯,૪૦૦ યોજન.

મેરુપર્વતની શિખરની પહોળાઈ = ૧,૦૦૦ યોજન.

આ મેરુપર્વતોમાં પણ જંબૂદ્વીપના મેરુપર્વતની જેમ ચાર વન છે.

ધાતકીખંડનો મેરુ પર્વત



મેરુપર્વતના શિખરથી નીચે આવતા પહોળાઈ જાણવા કરણ :

મેરુપર્વતના શિખરથી જેટલું ઊતરીએ તે અ યોજન.

$$\text{ત્યાં પહોળાઈ} = \frac{\text{અ}}{૧૦} + ૧,૦૦૦ \text{ યોજન}$$

દા.ત., ઉપરથી ૮૪,૦૦૦ યોજન ઊતર્યા પછી પહોળાઈ

$$= \frac{૮૪,૦૦૦}{૧૦} + ૧,૦૦૦$$

$$= ૮,૪૦૦ + ૧,૦૦૦ = ૯,૪૦૦ \text{ યોજન.}$$

મેરુપર્વતમાં નીચેથી ઉપર જતા પહોળાઈ જાણવા કરણ :

મેરુપર્વતમાં નીચેથી જેટલું ઉપર ગયા હોઈએ તે અ યોજન.

$$\text{ત્યાં પહોળાઈ} = \text{મૂળપહોળાઈ} - \frac{\text{અ}}{૧૦}$$

દા.ત., નીચેથી ૮૪,૦૦૦ યોજન ઉપર ગયા પછી પહોળાઈ

$$= ૯,૪૦૦ - \frac{૮૪,૦૦૦}{૧૦}$$

$$= ૯,૪૦૦ - ૮,૪૦૦ = ૧,૦૦૦ \text{ યોજન.}$$

નંદનવન :

ભૂમિથી ૫૦૦ યોજન ઉપર જઈને મેરુ પર્વતમાં ૫૦૦ યોજન પહોળુ નંદનવન છે.

$$\text{નંદનવનની બહાર મેરુપર્વતની પહોળાઈ} = ૯,૪૦૦ - \frac{૫૦૦}{૧૦}$$

$$= ૯,૪૦૦ - ૫૦ = ૯,૩૫૦ \text{ યોજન.}$$

નંદનવનની અંદર મેરુપર્વતની પહોળાઈ = ૯,૩૫૦ − (૫૦૦ + ૫૦૦)

$$= ૮,૩૫૦ \text{ યોજન.}$$

સૌમનસવન :

નંદનવનથી ૫૫,૫૦૦ યોજન ઉપર જતા ૫૦૦ યોજન પહોળુ સૌમનસવન આવે છે.

સૌમનસવનની બહાર મેરુપર્વતની પહોળાઈ = ૯,૪૦૦ − $\frac{૫૬,૦૦૦}{૧૦}$

= ૯,૪૦૦ − ૫,૬૦૦ = ૩,૮૦૦ યોજન.

સૌમનસવનની અંદર મેરુપર્વતની પહોળાઈ

= ૩,૮૦૦ − (૫૦૦ + ૫૦૦)

= ૨,૮૦૦ યોજન.

પંડકવન :

સૌમનસવનથી ૨૮,૦૦૦ યોજન ઉપર જતા મેરુપર્વતના શિખર ઉપર પંડકવન છે. તેનો વિસ્તાર ૪૯૪ યોજન છે. તેની મધ્યમાં ૧૨ યોજન પહોળી ચૂલિકા છે.

ધાતકીખંડની ૩૨-૩૨ વિજયોમાં શાશ્વત નગરીઓ પૂર્વે કહ્યા મુજબના પ્રમાણવાળી અને નામવાળી છે.

ધાતકીખંડમાં વિજય, વક્ષસ્કારપર્વત, અંતરનદી અને વનમુખો લવણસમુદ્ર તરફ ઓછી લંબાઈવાળા છે અને કાળોદધિસમુદ્ર તરફ વધુ લંબાઈવાળા છે.

૧ વિજયની પહોળાઈ

= મહાવિદેહક્ષેત્રની લંબાઈ − (બે વનમુખોની પહોળાઈ + ૮ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ + ૬ અંતરનદીઓની પહોળાઈ + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની પૂર્વ-પશ્ચિમની લંબાઈ)

$$= \frac{૪,૦૦,૦૦૦ - [(૨ \times ૫૮૪૪) + (૮ \times ૧૦૦૦) + (૬ \times ૨૫૦) + ૯,૪૦૦ + (૨ \times ૧,૦૭,૮૭૯)]}{૧૬}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - [૧૧,૬૮૮ + ૮,૦૦૦ + ૧,૫૦૦ + ૯,૪૦૦ + ૨,૧૫,૭૫૮]}{૧૬}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - ૨,૪૬,૩૪૬}{૧૬}$$

$$= \frac{૧,૫૩,૬૫૪}{૧૬}$$

$$= ૯,૬૦૩ \frac{૬}{૧૬} \text{ યોજન}$$

૧ વક્ષસ્કારપર્વતની પહોળાઈ

$$= \frac{\text{મહાવિદેહક્ષેત્રની લંબાઈ} - [\text{બે વનમુખોની પહોળાઈ} + ૧૬ \text{ વિજયોની પહોળાઈ} + ૬ \text{ અંતરનદીઓની પહોળાઈ} + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની પૂર્વ-પશ્ચિમની લંબાઈ}]}{૮}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - [(૨ \times ૫,૮૪૪) + (૧૬ \times ૯,૬૦૩ \frac{૬}{૧૬}) + (૬ \times ૨૫૦) + ૯,૪૦૦ + (૨ \times ૧,૦૭,૮૭૯)]}{૮}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - (૧૧,૬૮૮ + ૧,૫૩,૬૫૪ + ૧,૫૦૦ + ૯,૪૦૦ + ૨,૧૫,૭૫૮)}{૮}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - ૩,૯૨,૦૦૦}{૮}$$

$$= \frac{૮,૦૦૦}{૮} = ૧,૦૦૦ \text{ યોજન}$$

૧ અંતરનદીની પહોળાઈ

= મહાવિદેહક્ષેત્રની લંબાઈ – [બે વનમુખોની પહોળાઈ + ૧૬ વિજયોની પહોળાઈ + ૮ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની પૂર્વ-પશ્ચિમની લંબાઈ]

$$\frac{}{૬}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - [(૨ \times ૫,૮૪૪) + (૧૬ \times ૯,૬૦૩\frac{૬}{૧૬}) + (૮ \times ૧,૦૦૦) + ૯,૪૦૦ + (૨ \times ૧,૦૭,૮૭૯)]}{૬}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - (૧૧,૬૮૮ + ૧,૫૩,૬૫૪ + ૮,૦૦૦ + ૯,૪૦૦ + ૨,૧૫,૭૫૮)}{૬}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - ૩,૯૮,૫૦૦}{૬}$$

$$= \frac{૧,૫૦૦}{૬} = ૨૫૦ \text{ યોજન}$$

૧ વનમુખની પહોળાઈ

= મહાવિદેહક્ષેત્રની લંબાઈ – [૧૬ વિજયોની પહોળાઈ + ૮ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ + ૬ અંતરનદીની પહોળાઈ + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની પૂર્વ-પશ્ચિમની લંબાઈ]

$$\frac{}{૨}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - [(૧૬ \times ૯,૬૦૩ \frac{૬}{૧૬}) + (૮ \times ૧,૦૦૦) + (૬ \times ૨૫૦) + ૯,૪૦૦ + (૨ \times ૧,૦૭,૮૭૯)]}{૨}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - [૧,૫૩,૬૫૪ + ૮,૦૦૦ + ૧,૫૦૦ + ૯,૪૦૦ + ૨,૧૫,૭૫૮]}{૨}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - ૩,૮૮,૩૧૨}{૨}$$

$$= \frac{૧૧,૬૮૮}{૨} = ૫,૮૪૪ \text{ યોજન}$$

મેરુપર્વતની પહોળાઈ = મહાવિદેહક્ષેત્રની લંબાઈ – [બે વનમુખોની પહોળાઈ + ૧૬ વિજયોની પહોળાઈ + ૮ વક્ષસ્કાર પર્વતોની પહોળાઈ + ૬ અંતરનદીઓની પહોળાઈ + ભદ્રશાલવનની પૂર્વ-પશ્ચિમની લંબાઈ]

$$= ૪,૦૦,૦૦૦ - [(૨ \times ૫,૮૪૪) + (૧૬ \times ૯,૬૦૩ \frac{૬}{૧૬}) + (૮ \times ૧,૦૦૦) + (૬ \times ૨૫૦) + (૨ \times ૧,૦૭,૮૭૯)]$$

$$= ૪,૦૦,૦૦૦ - [૧૧,૬૮૮ + ૧,૫૩,૬૫૪ + ૮,૦૦૦ + ૧,૫૦૦ + ૨,૧૫,૭૫૮]$$

$$= ૪,૦૦,૦૦૦ - ૩,૯૦,૬૦૦$$

$$= ૯,૪૦૦ \text{ યોજન}$$

ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ

$$= \frac{\text{મહાવિદેહક્ષેત્રની લંબાઈ} - [\text{બે વનમુખોની પહોળાઈ} + ૧૬ \text{ વિજયોની પહોળાઈ} + ૮ \text{ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ} + ૬ \text{ અંતરનદીઓની પહોળાઈ} + \text{મેરુપર્વતની પહોળાઈ}]}{૨}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - [(૨ \times ૫,૮૪૪) + (૧૬ \times ૯,૬૦૩\frac{૬}{૧૬}) + (૮ \times ૧,૦૦૦) + (૬ \times ૨૫૦) + ૯,૪૦૦]}{૨}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - [૧૧,૬૮૮ + ૧,૫૩,૬૫૪ + ૮,૦૦૦ + ૧,૫૦૦ + ૯,૪૦૦]}{૨}$$

$$= \frac{૪,૦૦,૦૦૦ - ૧,૮૪,૨૪૨}{૨} = \frac{૨,૧૫,૭૫૮}{૨}$$

= ૧,૦૭,૮૭૯ યોજન

ધાતકીખંડમાં જ્યોતિષ વિમાનો :

ધાતકીખંડમાં ૧૨ ચન્દ્ર, ૧૨ સૂર્ય, ૩૩૬ નક્ષત્ર, ૧,૦૫૬ ગ્રહો અને ૮,૦૩,૭૦૦ કોટીકોટી તારા છે.

ધાતકીખંડની વિગત :

૧	પહોળાઈ	૪,૦૦,૦૦૦ યોજન
૨	બાહ્યપરિધિ	દેશોન ૪૧,૧૦,૯૬૧ યોજન
૩	મધ્યમપરિધિ	૨૮,૪૬,૦૫૦ યોજન
૪	અભ્યંતરપરિધિ	દેશોન ૧૫,૮૧,૧૩૯ યોજન
૫	દ્વારોનું પરસ્પર અંતર	દેશોન ૧૦,૨૭,૭૩૫$^{૩}/_{૪}$ યોજન
૬	એક વિજયની પહોળાઈ	૯,૬૦૩ $^{૬}/_{૧૬}$ યોજન
૭	એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ	૧,૦૦૦ યોજન
૮	એક અંતરનદીની પહોળાઈ	૨૫૦ યોજન

૯	એક વનમુખની પહોળાઈ	૫,૮૪૪ યોજન
૧૦	મેરુપર્વતની પહોળાઈ ભૂમિમાં	૯,૫૦૦ યોજન
	પૃથ્વીતલ ઉપર	૯,૪૦૦ યોજન
	શિખર ઉપર	૧,૦૦૦ યોજન
૧૧	ભદ્રશાલવનની એક બાજુની લંબાઈ	૧,૦૭,૮૭૯ યોજન
૧૨	ભદ્રશાલવનની કુલ લંબાઈ	૨,૨૫,૧૫૮ યોજન
૧૩	ભદ્રશાલવનની એકબાજુની પહોળાઈ	૧,૨૨૫ $\frac{૭૯}{૮૮}$ યોજન
૧૪	ભદ્રશાલવનની કુલ પહોળાઈ	૧૧,૮૫૧ $\frac{૭૦}{૮૮}$ યોજન
૧૫	દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ	૩,૯૭,૮૯૭ $\frac{૯૨}{૨૧૨}$ યોજન
૧૬	દેવકુરુ-ઉત્તરકુરુની જીવા	૨,૨૩,૧૫૮ યોજન
૧૭	દેવકુરુ-ઉત્તરકુરુનું ધનુઃપૃષ્ઠ	૯,૨૫,૪૮૬ યોજન
૧૮	ચંદ્ર	૧૨
૧૯	સૂર્ય	૧૨
૨૦	નક્ષત્ર	૩૩૬
૨૧	ગ્રહ	૧,૦૫૬
૨૨	તારા	૮,૦૩,૭૦૦ કોટીકોટી

ધાતકીખંડ અધિકાર સમાપ્ત

● ● ●

અધિકાર ચોથો

કાલોદસમુદ્ર

ધાતકીખંડની ચારે બાજુ ફરતો વલયાકારે કાલોદસમુદ્ર છે. તેનું પાણી કાળુ છે. તેથી તેને કાલોદસમુદ્ર કહેવાય છે. તેના બે અધિપતિ છે - પૂર્વાર્ધનો અધિપતિ કાલ દેવ અને પશ્ચિમાર્ધનો અધિપતિ મહાકાલ દેવ છે. તેમનું વર્ણન સુસ્થિતદેવની સમાન છે. તેઓ કાલોદસમુદ્રમાં પૂર્વમાં અને પશ્ચિમમાં ધાતકીખંડથી ૧૨,૦૦૦ યોજન પછી આવેલા ૧-૧ દ્વીપોમાં રહે છે. તે દ્વીપો ગૌતમદ્વીપ જેવા છે. તે દ્વીપો પાણીની ઉપર સર્વત્ર ૨ ગાઉ ઊંચા છે.

કાલોદસમુદ્રના પાણીનો સ્વાદ વરસાદના પાણીના સ્વાદ જેવો છે. આ સમુદ્રમાં પાતાલકલશ નથી. તેથી પાણીનો ક્ષોભ થતો નથી. તેથી પાણીની વૃદ્ધિ-હાનિ થતી નથી.

કાલોદસમુદ્રનો વિસ્તાર ૮,૦૦,૦૦૦ યોજન છે.

કાલોદસમુદ્રની ઊંડાઈ સર્વત્ર ૧,૦૦૦ યોજન છે.

કાલોદસમુદ્રના એક છેડાથી બીજા છેડા સુધીનો વિસ્તાર

= ૮,૦૦,૦૦૦ + ૪,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૧,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૪,૦૦,૦૦૦ + ૮,૦૦,૦૦૦

= ૨૯,૦૦,૦૦૦

કાલોદસમુદ્રની બાહ્યપરિધિ

$= \sqrt{૨૯,૦૦,૦૦૦ \times ૨૯,૦૦,૦૦૦ \times ૧૦}$

$= \sqrt{૮,૪૧,૦૦,૦૦,૦૦,૦૦૦}$

= સાધિક ૯૧,૭૦,૬૦૫ યોજન

	૯૧,૭૦,૬૦૫
૯	૮૪૧૦૦૦૦૦૦૦૦૦
+ ૯	−૮૧
૧૮૧	૦૩૧૦
+ ૧	−૧૮૧
૧૮૨૭	૧૨૯૦૦
+ ૭	−૧૨૭૮૯
૧૮૩૪૦૬	૦૦૧૧૧૦૦૦૦
+ ૬	−૧૧૦૦૪૩૬
૧૮૩૪૧૨૦૫	૦૦૦૯૫૬૪૦૦૦૦
+ ૫	−૯૧૭૦૬૦૨૫
૧૮૩૪૧૨૧૦	૦૩૯૩૩૯૭૫

કાલોદસમુદ્રની ચારે દિશામાં ૧-૧ દ્વાર છે. તેનું વર્ણન જંબૂદ્વીપના દ્વારોની જેમ જાણવું.

કાલોદસમુદ્રના દ્વારોનું પરસ્પર અંતર = $\frac{\text{કાલોદસમુદ્રની પરિધિ} - \text{૪ દ્વારોની પહોળાઈ}}{૪}$

= $\frac{\text{સા. } ૯૧,૭૦,૬૦૫ - ૧૮}{૪}$

= $\frac{\text{સા. } ૯૧,૭૦,૫૮૭}{૪}$ = સા.૨૨,૯૨,૬૪૬ $^{૩}/_{૪}$ યોજન

સૂર્યદ્વીપ-ચંદ્રદ્વીપ :

કાલોદસમુદ્રમાં પૂર્વ તરફ ધાતકીખંડથી ૧૨,૦૦૦ યોજન પછી ધાતકીખંડના ૧૨ ચંદ્રોના ૧૨ ચંદ્રદ્વીપ છે.

કાલોદસમુદ્રમાં પૂર્વ તરફ પુષ્કરવરદ્વીપની ૧૨,૦૦૦ યોજન પહેલા કાલોદસમુદ્રના ૪૨ ચંદ્રોના ૪૨ ચંદ્રદ્વીપ છે.

કાલોદસમુદ્રમાં પશ્ચિમ તરફ ધાતકીખંડથી ૧૨,૦૦૦ યોજન પછી ધાતકીખંડના ૧૨ સૂર્યોના ૧૨ સૂર્યદ્વીપ છે.

કાલોદસમુદ્રમાં પશ્ચિમ તરફ પુષ્કરવરદ્વીપની ૧૨,૦૦૦ યોજન પહેલા કાલોદસમુદ્રના ૪૨ સૂર્યોના ૪૨ સૂર્યદ્વીપ છે.

સૂર્યદ્વીપ-ચંદ્રદ્વીપ લવણસમુદ્રના ગૌતમદ્વીપ જેવા છે. સૂર્યદ્વીપ-ચંદ્રદ્વીપની પાણીની અંદરની ઊંડાઈ અને પાણીની ઉપરની ઊંચાઈ સર્વત્ર સમાન છે. તે પાણીની ઉપર ૨ ગાઉ ઊંચા છે.

કાલોદસમુદ્રના જ્યોતિષ વિમાનો :

કાલોદસમુદ્રમાં ૪૨ ચંદ્ર, ૪૨ સૂર્ય, ૧,૧૭૬ નક્ષત્રો, ૩,૬૯૬ ગ્રહો, ૨૮,૧૨,૯૫૦ કોટીકોટી તારા છે.

કાલોદસમુદ્રની વિગત :

૧	પહોળાઈ	૮,૦૦,૦૦૦ યોજન
૨	બાહ્યપરિધિ	સાધિક ૯૧,૭૦,૬૦૫ યોજન
૩	મધ્યમપરિધિ	૬૬,૪૦,૭૮૩ યોજન
૪	અભ્યંતરપરિધિ	દેશોન ૪૧,૧૦,૯૬૧ યોજન
૫	દ્વારોનું પરસ્પર અંતર	સા. ૨૨,૯૨,૬૪૬ $^{3}/_{4}$ યોજન
૬	ચંદ્ર	૪૨
૭	સૂર્ય	૪૨
૮	નક્ષત્ર	૧,૧૭૬
૯	ગ્રહ	૩,૬૯૬
૧૦	તારા	૨૮,૧૨,૯૫૦ કોટીકોટી

કાલોદસમુદ્ર અધિકાર સમાપ્ત

• • •

અધિકાર પાંચમો

પુષ્કરવરદ્વીપ

કાલોદ સમુદ્રની ચારે બાજુ ફરતો વલયાકારે પુષ્કરવરદ્વીપ છે. તેની પહોળાઈ ૧૬,૦૦,૦૦૦ યોજન છે. તેની મધ્યમાં વલયાકાર માનુષોત્તરપર્વત છે. તે મનુષ્યક્ષેત્રની સીમા કરનારો છે. જંબૂદ્વીપની ચારે બાજુ ફરતી જેમ જગતી છે તેમ મનુષ્યલોકની ચારે બાજુ ફરતો માનુષોત્તરપર્વત છે. તે પુષ્કરવરદ્વીપના બે ભાગ કરે છે- બાહ્ય અર્ધ ભાગ અને અભ્યંતર અર્ધ ભાગ. માનુષોત્તરપર્વત બાહ્ય પુષ્કરવરાર્ધદ્વીપની ભૂમિ ઉપર છે.

માનુષોત્તરપર્વત ૧,૭૨૧ યોજન ઊંચો છે અને ૪૩૦ $^{1}/_{4}$ યોજન ભૂમિમાં અવગાઢ છે. તે મૂળમાં ૧,૦૨૨ યોજન, વચ્ચે ૭૨૩ યોજન અને ઉપર ૪૨૪ યોજન પહોળો છે. માનુષોત્તરપર્વત જાંબુનદસુવર્ણનો છે. તે અર્ધયવના આકારનો અને બેઠેલા સિંહના આકારનો છે.


માનુષોત્તરપર્વતમાં નીચેથી ઉપર જતા અને ઉપરથી નીચે જતા પહોળાઈ જાણવાનું કરણ પૂર્વે કહ્યું છે.


માનુષોત્તરપર્વતના એક છેડાથી બીજા છેડા સુધીનો વિસ્તાર = □ ૮,૦૦,૦૦૦ + ૮,૦૦,૦૦૦ + ૪,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૧,૦૦,૦૦૦ + ૨,૦૦,૦૦૦ + ૪,૦૦,૦૦૦ + ૮,૦૦,૦૦૦ + ૮,૦૦,૦૦૦ = ૪૫,૦૦,૦૦૦ યોજન

માનુષોત્તરપર્વતની અભ્યંતરપરિધિ = પુષ્કરવરાર્ધદ્વીપની બાહ્યપરિધિ

$$= \sqrt{૪૫,૦૦,૦૦૦ \times ૪૫,૦૦,૦૦૦ \times ૧૦}$$

□ અભ્યંતર પુષ્કરવરદ્વીપની પહોળાઈ ૮,૦૦,૦૦૦ યોજન છે.



માનુષોતર પર્વત
૪૨૪ યોજન
૧૭૨૧ યોજન
૧૦૨૨ યોજન


માનુષોતર પર્વતનો આકાર સમજવા માટે બીજો પ્રકાર
૮૪૮ યોજન
પુષ્કરાર્ધ
બાહ્ય
માનુષોત્તર
પર્વત
૧૭૨૧ યોજન
૨૦૪૪ યોજન
અભ્યંતર
પુષ્કરાર્ધ
ધાતકી
જંબૂ

માનુષોતર પર્વત અને તેની ઉપર ૪ ચૈત્યો અને ૧૬ દેવકૂટ

પર્વતની ઉંચાઈ ૧૭૨૧ યોજન.
મૂળ પહોળાઈ ૧૦૨૨ યોજન.
શિખર પહોળાઈ ૪૨૪ યોજન.

આકાર સિંહનિષાદી. (જંબૂદ્વીપ તરફ ઉભી ભીંત સરખો અને બહાર ઉપરથી ગોતીર્થવત્)



$= \sqrt{૨૦,૨૫,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦}$

= સા. ૧,૪૨,૩૦,૨૪૯ યોજન

		૧૪૨૩૦૨૪૯
૧		૨૦૨૫૦૦૦૦૦૦૦૦૦
+ ૧		−૧
૨૪		૧૦૨
+ ૪		−૯૬
૨૮૨		૦૦૬૫૦
+ ૨		−૫૬૪
૨૮૪૩		૦૮૬૦૦
+ ૩		−૮૫૨૯
૨૮૪૬૦૨		૦૦૭૧૦૦૦૦
+ ૨		−૫૬૯૨૦૪
૨૮૪૬૦૪૪		૧૪૦૭૯૬૦૦
+ ૪		−૧૧૩૮૪૧૭૬
૨૮૪૬૦૪૮૯		૦૨૬૯૫૪૨૪૦૦
+ ૯		−૨૫૬૧૪૪૦૧
૨૮૪૬૦૪૯૮		૦૧૩૩૯૭૯૯૯

માનુષોત્તરપર્વતની બાહ્યપરિધિ

$= \sqrt{૪૫,૦૨,૦૪૪ \times ૪૫,૦૨,૦૪૪ \times ૧૦}$

$= \sqrt{૨૦,૨૬,૮૪,૦૦,૧૭,૭૯,૩૬૦}$

= સા. ૧,૪૨,૩૬,૭૧૩ યોજન

૪૫૦૨૦૪૪
x ૪૫૦૨૦૪૪
૧૮૦૦૮૧૭૬
૧૮૦૦૮૧૭૬૦
૯૦૦૪૦૮૮૦૦૦
૨૨૫૧૦૨૨૦૦૦૦૦૦
+ ૧૮૦૦૮૧૭૬૦૦૦૦૦૦
૨૦૨૬૮૪૦૦૧૭૭૯૩૬

		૧,૪૨,૩૬,૭૧૩
૧		૨૦૨૬૮૪૦૦૧૭૭૯૩૬૦
+ ૧		−૧
૨૪		૧૦૨
+ ૪		−૯૬
૨૮૨		૦૦૬૬૮
+ ૨		−૫૬૪
૨૮૪૩		૧૦૪૪૦
+ ૩		−૮૫૨૯
૨૮૪૬૬		૧૯૧૧૦૧
+ ૬		−૧૭૦૭૯૬
૨૮૪૭૨૭		૦૨૦૩૦૫૭૭
+ ૭		−૧૯૯૩૦૮૯
૨૮૪૭૩૪૧		૦૦૩૭૪૮૮૯૩
+ ૧		−૨૮૪૭૩૪૧
૨૮૪૭૩૪૨૩		૦૯૦૧૫૫૨૬૦
+ ૩		−૮૫૪૨૦૨૬૯
૨૮૪૭૩૪૨૬		૦૪૭૩૪૯૯૧


ઈષુકારપર્વતો :

પુષ્કરવરાર્ધદ્વીપની મધ્યમાં, ઉત્તરમાં અને દક્ષિણમાં ઉત્તર-દક્ષિણ ૮,૦૦,૦૦૦ યોજન લાંબા, પૂર્વ-પશ્ચિમ ૧,૦૦૦ યોજન પહોળા અને ૫૦૦ યોજન ઊંચા ૧-૧ ઈષુકારપર્વતો છે. તે કાલોદ સમુદ્ર અને માનુષોત્તરપર્વતને સ્પર્શેલા છે. આ બે ઈષુકારપર્વતો અભ્યંતર પુષ્કરવરાર્ધ દ્વીપના બે ભાગ કરે છે - પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ.

આ દરેક ભાગમાં ધાતકીખંડની જેમ ૭-૭ ક્ષેત્રો અને ૬-૬ પર્વતો છે. પર્વતો ચક્રના આરા જેવા છે. ક્ષેત્રો આરાના આંતરા જેવા છે. જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકીખંડ, કાલોદસમુદ્ર ચક્રની નાભીના સ્થાને છે.

પુષ્કરવરાર્ધ દ્વીપમાં પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં કાલોદ સમુદ્રની વેદિકા પછી ૩,૯૯,૦૦૦ યોજન અને માનુષોત્તર પર્વતની પહેલા

ધાતકીખંડ તથા પુષ્કરવરાર્ધમાંના ૧૪ ક્ષેત્રો અને ૧૪ પર્વતો



૩,૯૯,૦૦૦ યોજન જઈએ એટલે ૧-૧ કુંડ આવેલ છે. (આ કુંડો કયા ક્ષેત્રમાં છે ? તે જણાવ્યું નથી.) આ કુંડો ૨,૦૦૦ યોજન લાંબા-પહોળા છે અને ૧૦ યોજન ઊંડા છે. નીચેનો વિસ્તાર થોડો છે. પછી ક્રમશઃ વધતો વધતો પૃથ્વીતલ ઉપર વિસ્તાર ૨,૦૦૦ યોજન છે.

વૈતાઢ્યપર્વતો :

તે ૨૫ યોજન ઊંચા છે, ૬ $^{1}/_{4}$ યોજન ભૂમિમાં ઊંડા છે, ૨૦૦□ યોજન પહોળા છે.

વર્ષધરપર્વતો :

પુષ્કરવરાર્ધ દ્વીપના વર્ષધરપર્વતોની પહોળાઈ ધાતકીખંડના વર્ષધરપર્વતોની પહોળાઈ કરતા દ્વિગુણ છે.

ક્રમ	વર્ષધરપર્વતો	ધાતકીખંડમાં પહોળાઈ	પુષ્કરવરાર્ધદ્વીપમાં પહોળાઈ
૧	લઘુહિમવંત-શિખરી	૨,૧૦૫ યો. ૫ ક.	૪,૨૧૦ યો. ૧૦ ક.
૨	મહાહિમવંત-રુક્મી	૮,૪૨૧ યો. ૧ ક.	૧૬,૮૪૨ યો. ૨ ક.
૩	નિષધ-નીલવંત	૩૩,૬૮૪ યો. ૪ ક.	૬૭,૩૬૮ યો. ૮ ક.

પુષ્કરવરાર્ધદ્વીપના ક્ષેત્રોની મુખપહોળાઈ :

પૂર્વાર્ધના વર્ષધરપર્વતોની કુલ પહોળાઈ = ૧,૭૬,૮૪૨ યોજન ૨ કળા

પશ્ચિમાર્ધના વર્ષધરપર્વતોની કુલ પહોળાઈ = ૧,૭૬,૮૪૨ યોજન ૨ કળા

પુષ્કરવરાર્ધદ્વીપના વર્ષધરપર્વતોની કુલ પહોળાઈ = ૩,૫૩,૬૮૪ યોજન ૪ કળા

બે ઈષુકારપર્વતોની કુલ પહોળાઈ = ૨,૦૦૦ યોજન

□ ધાતકીખંડમાં વૈતાઢ્યપર્વતો જંબૂદ્વીપની જેમ ૫૦ યોજન પહોળા કહ્યા છે. તેથી પુષ્કરવરાર્ધદ્વીપમાં પણ વૈતાઢ્યપર્વતો જંબૂદ્વીપની જેમ ૫૦ યોજન પહોળા હોવા જોઈએ. છતાં **બૃહત્ક્ષેત્રસમાસની ગાથા ૫૯૨ અને પૂજ્ય મલયગિરિ મહારાજકૃત અને તેની ટીકા**માં પુષ્કરવરાર્ધદ્વીપના વૈતાઢ્યપર્વતોની પહોળાઈ ૨૦૦ યોજન જણાવી છે, માટે અમે પણ તે જ રીતે નિરૂપણ કર્યું છે. તત્ત્વ કેવળીગમ્ય છે.

૩,૫૩,૬૮૪ યો.[□] + ૨,૦૦૦ યોજન = ૩,૫૫,૬૮૪ યોજન
પુષ્કરવરાર્ધદ્વીપની અભ્યંતરપરિધિ = ૯૧,૭૦,૬૦૫ યોજન[Δ]
૯૧,૭૦,૬૦૫ − ૩,૫૫,૬૮૪ = ૮૮,૧૪,૯૨૧ યોજન
આ ધ્રુવરાશિ છે.

પુષ્કરવરાર્ધદ્વીપના ક્ષેત્રોના ભાગ :

ક્રમ	ક્ષેત્રો	ભાગ
૧	ભરત - ઐરવત	૧-૧
૨	હિમવંત - હિરણ્યવંત	૪-૪
૩	હરિવર્ષ - રમ્યક	૧૬-૧૬
૪	મહાવિદેહ	૬૪

પૂર્વાર્ધના ક્ષેત્રોના કુલ ભાગ = ૧૦૬
પશ્ચિમાર્ધના ક્ષેત્રોના કુલ ભાગ = ૧૦૬
પુષ્કરવરાર્ધ દ્વીપના ક્ષેત્રોના કુલ ભાગ = ૨૧૨

$\frac{૮૮,૧૪,૯૨૧}{૨૧૨}$ = ૪૧,૫૭૯ $\frac{૧૭૩}{૨૧૨}$ યોજન

```
          ૪૧,૫૭૯
      ૨૧૨ ) ૮૮૧૪૯૨૧
           −૮૪૮
            ૦૩૩૪
            −૨૧૨
              ૧૨૨૯
            −૧૦૬૦
              ૦૧૬૯૨
              −૧૪૮૪
                ૦૨૦૮૧
                −૧૯૦૮
                  ૦૧૭૩
```

□ ૪ કળાની ગણતરી કરી નથી.
Δ કાલોદસમુદ્રની બાહ્યપરિધિ એ જ પુષ્કરવરાર્ધદ્વીપની અભ્યંતરપરિધિ છે.

(૧) ભરતક્ષેત્ર-ઐરવતક્ષેત્રની મુખપહોળાઈ

$$= \text{૪૧,૫૭૯}\ \frac{૧૭૩}{૨૧૨} \times ૧$$

$$= \text{૪૧,૫૭૯}\ \frac{૧૭૩}{૨૧૨}\ \text{યોજન}$$

(૨) હિમવંતક્ષેત્ર-હિરણ્યવંતક્ષેત્રની મુખપહોળાઈ

$$= \text{૪૧,૫૭૯}\ \frac{૧૭૩}{૨૧૨} \times ૪$$

$$= \text{૧,૬૬,૩૧૬}\ \frac{૬૯૨}{૨૧૨}$$

$$= \text{૧,૬૬,૩૧૯}\ \frac{૫૬}{૨૧૨}\ \text{યોજન}$$

(૩) હરિવર્ષક્ષેત્ર-રમ્યકક્ષેત્રની મુખપહોળાઈ

$$= \text{૪૧,૫૭૯}\ \frac{૧૭૩}{૨૧૨} \times ૧૬ = \text{૬,૬૫,૨૬૪} + \frac{૨૭૬૮}{૨૧૨}$$

$$= \text{૬,૬૫,૨૬૪} + ૧૩\ \frac{૧૨}{૨૧૨}$$

$$= \text{૬,૬૫,૨૭૭}\ \frac{૧૨}{૨૧૨}\ \text{યોજન}$$

૪૧,૫૭૯	૧૭૩	૧૩
x ૧૬	x ૧૬	૨૧૨) ૨૭૬૮
૨૪૯૪૭૪	૧૦૩૮	−૨૧૨
+ ૪૧૫૭૯૦	+ ૧૭૩૦	૦૬૪૮
૬૬૫૨૬૪	૨૭૬૮	−૬૩૬
		૦૧૨

(૪) મહાવિદેહક્ષેત્રની મુખપહોળાઈ

$$= ૪૧,૫૭૯\frac{૧૭૩}{૨૧૨} \times ૬૪ = ૨૬,૬૧,૦૫૬ + \frac{૧૧૦૭૨}{૨૧૨}$$

$$= ૨૬,૬૧,૦૫૬ + ૫૨\ \frac{૪૮}{૨૧૨}$$

$$= ૨૬,૬૧,૧૦૮\ \frac{૪૮}{૨૧૨}\ \text{યોજન}$$

૪૧,૫૭૯	૧૭૩	૫૨
		૨૧૨) ૧૧૦૭૨
x ૬૪	x ૬૪	−૧૦૬૦
૧૬૬૩૧૬	૬૯૨	૦૦૪૭૨
+ ૨૪૯૪૭૪૦	+ ૧૦૩૮૦	−૪૨૪
૨૬૬૧૦૫૬	૧૧૦૭૨	૦૪૮

પુષ્કરવરાર્ધદ્વીપના ક્ષેત્રોની મધ્યમપહોળાઈ

પુષ્કરવરાર્ધદ્વીપની મધ્યમપરિધિ

$$= \frac{\text{પુષ્કરવરાર્ધદ્વીપની બાહ્યપરિધિ + પુષ્કરવરાર્ધદ્વીપની અભ્યંતરપરિધિ}}{૨}$$

$$= \frac{૧,૪૨,૩૦,૨૪૯ + ૯૧,૭૦,૬૦૫^{\Delta}}{૨}$$

$$= \frac{૨,૩૪,૦૦,૮૫૪}{૨} = ૧,૧૭,૦૦,૪૨૭\ \text{યોજન}$$

$૧,૧૭,૦૦,૪૨૭ - ૩,૫૫,૬૮૪^{\square} = ૧,૧૩,૪૪,૭૪૩$ યોજન

આ ધ્રુવરાશિ છે.

$$\frac{૧,૧૩,૪૪,૭૪૩}{૨૧૨} = ૫૩,૫૧૨\ \frac{૧૯૯}{૨૧૨}\ \text{યોજન}$$

Δ કાલોદસમુદ્રની બાહ્યપરિધિ એજ પુષ્કરવરાર્ધદ્વીપની અભ્યંતરપરિધિ છે.

$\square$ વર્ષધરપર્વતો અને ઈષુકારપર્વતોની પહોળાઈ

$$
\begin{array}{r}
\text{૫૩,૫૧૨} \\
\text{૨૧૨} \overline{)\text{૧૧૩૪૪૭૪૩}} \\
-\text{૧૦૬૦} \\
\hline
\text{૦૦૭૪૪} \\
-\text{૬૩૬} \\
\hline
\text{૧૦૮૭} \\
-\text{૧૦૬૦} \\
\hline
\text{૦૦૨૭૪} \\
-\text{૨૧૨} \\
\hline
\text{૦૬૨૩} \\
-\text{૪૨૪} \\
\hline
\text{૧૯૯}
\end{array}
$$

(૧) ભરતક્ષેત્ર-ઐરવતક્ષેત્રની મધ્યમપહોળાઈ = $\text{૫૩,૫૧૨}\ \frac{\text{૧૯૯}}{\text{૨૧૨}} \times \text{૧}$

$= \text{૫૩,૫૧૨}\ \frac{\text{૧૯૯}}{\text{૨૧૨}}$ યોજન

(૨) હિમવંતક્ષેત્ર-હિરણ્યવંતક્ષેત્રની મધ્યમપહોળાઈ = $\text{૫૩,૫૧૨}\ \frac{\text{૧૯૯}}{\text{૨૧૨}} \times \text{૪}$

$= \text{૨,૧૪,૦૪૮}\ \frac{\text{૭૯૬}}{\text{૨૧૨}}$

$= \text{૨,૧૪,૦૫૧}\ \frac{\text{૧૬૦}}{\text{૨૧૨}}$ યોજન

(૩) હરિવર્ષક્ષેત્ર-રમ્યકક્ષેત્રની મધ્યમપહોળાઈ

$= \text{૫૩,૫૧૨}\ \frac{\text{૧૯૯}}{\text{૨૧૨}} \times \text{૧૬} = \text{૮,૫૬,૧૯૨} + \frac{\text{૩૧૮૪}}{\text{૨૧૨}}$

$= \text{૮,૫૬,૧૯૨} + \text{૧૫}\ \frac{\text{૪}}{\text{૨૧૨}}$

$= \text{૮,૫૬,૨૦૭}\ \frac{\text{૪}}{\text{૨૧૨}}$ યોજન

૫૩,૫૧૨	૧૯૯	૧૫
x ૧૬	x ૧૬	૨૧૨) ૩૧૮૪
૩૨૧૦૭૨	૧૧૯૪	−૨૧૨
+ ૫૩૫૧૨૦	+ ૧૯૯૦	૧૦૬૪
૮૫૬૧૯૨	૩૧૮૪	−૧૦૬૦
		૦૦૦૪

(૪) મહાવિદેહક્ષેત્રની મધ્યમપહોળાઈ

$$= \text{૫૩,૫૧૨}\ \frac{\text{૧૯૯}}{\text{૨૧૨}} \times \text{૬૪} = \text{૩૪,૨૪,૭૬૮} + \frac{\text{૧૨૭૩૬}}{\text{૨૧૨}}$$

$$= \text{૩૪,૨૪,૭૬૮} + \text{૬૦}\ \frac{\text{૧૬}}{\text{૨૧૨}}$$

$$= \text{૩૪,૨૪,૮૨૮}\ \frac{\text{૧૬}}{\text{૨૧૨}}\ \text{યોજન}$$

૫૩૫૧૨	૧૯૯	૬૦
x ૬૪	x ૬૪	૨૧૨) ૧૨૭૩૬
૨૧૪૦૪૮	૭૯૬	−૧૨૭૨
+ ૩૨૧૦૭૨૦	+ ૧૧૯૪૦	૦૦૦૧૬
૩૪૨૪૭૬૮	૧૨૭૩૬	

પુષ્કરવરાર્ધદ્વીપના ક્ષેત્રોની બાહ્યપહોળાઈ :

પુષ્કરવરાર્ધદ્વીપની બાહ્યપરિધિ = માનુષોત્તર પર્વતની અભ્યંતર પરિધિ = ૧,૪૨,૩૦,૨૪૯ યોજન

૧,૪૨,૩૦,૨૪૯ − □૩,૫૫,૬૮૪ = ૧,૩૮,૭૪,૫૬૫ યોજન. આ ધ્રુવરાશિ છે.

$$\frac{\text{૧,૩૮,૭૪,૫૬૫}}{\text{૨૧૨}} = \text{૬૫,૪૪૬}\ \frac{\text{૧૩}}{\text{૨૧૨}}\ \text{યોજન}$$

□ વર્ષધરપર્વતો અને ઈષુકારપર્વતોની પહોળાઈ

```
          ૬૫,૪૪૬
      ┌──────────
૨૧૨ ) ૧૩૮૭૪૫૬૫
     -૧૨૭૨
      ──────
      ૦૧૧૫૪
     -૧૦૬૦
      ──────
      ૦૦૯૪૫
       -૮૪૮
       ──────
       ૦૯૭૬
       -૮૪૮
       ──────
        ૧૨૮૫
       -૧૨૭૨
       ──────
        ૦૦૧૩
```

(૧) ભરતક્ષેત્ર-ઐરવતક્ષેત્રની બાહ્યપહોળાઈ

$= \text{૬૫,૪૪૬}\ \frac{\text{૧૩}}{\text{૨૧૨}} \times \text{૧}$

$= \text{૬૫,૪૪૬}\ \frac{\text{૧૩}}{\text{૨૧૨}}$ યોજન

(૨) હિમવંતક્ષેત્ર-હિરણ્યવંતક્ષેત્રની બાહ્યપહોળાઈ

$= \text{૬૫,૪૪૬}\ \frac{\text{૧૩}}{\text{૨૧૨}} \times \text{૪}$

$= \text{૨,૬૧,૭૮૪}\ \frac{\text{૫૨}}{\text{૨૧૨}}$ યોજન

(૩) હરિવર્ષક્ષેત્ર-રમ્યકક્ષેત્રની બાહ્યપહોળાઈ

$= \text{૬૫,૪૪૬}\ \frac{\text{૧૩}}{\text{૨૧૨}} \times \text{૧૬}$

$= \text{૧૦,૪૭,૧૩૬}\ \frac{\text{૨૦૮}}{\text{૨૧૨}}$ યોજન

૬૫૪૪૬	૧૩
x ૧૬	x ૧૬
૩૯૨૬૭૬	૭૮
+ ૬૫૪૪૬૦	+ ૧૩૦
૧૦૪૭૧૩૬	૨૦૮

(૪) મહાવિદેહક્ષેત્રની બાહ્યપહોળાઈ

$= ૬૫,૪૪૬\frac{૧૩}{૨૧૨} \times ૬૪$

$= ૪૧,૮૮,૫૪૪ + \frac{૮૩૨}{૨૧૨}$ યોજન

$= ૪૧,૮૮,૫૪૭\frac{૧૯૬}{૨૧૨}$ યોજન

૬૫,૪૪૬	૧૩	૩
x ૬૪	x ૬૪	૨૧૨) ૮૩૨
૨૬૧૭૮૪	૫૨	−૬૩૬
+ ૩૯૨૬૭૬૦	+ ૭૮૦	૧૯૬
૪૧૮૮૫૪૪	૮૩૨	

- સંસારની ક્રિયાઓમાં વિચારવું—ખાવું, પીવું, ન્હાવું, ધોવું, હરવું, ફરવું, રસોઈ કરવી, કમાવું, ગુસ્સે થવું, અભિમાન કરવું, કપટ કરવું, લોભ કરવો, ઈર્ષ્યા કરવી વગેરે મારા સ્વભાવો નથી પણ વિભાવો છે. મારે એમને છોડવાના છે.
- ભોગીના આહાર અને ઊંઘ વધુ હોય છે. યોગીના આહાર અને ઊંઘ ઓછા હોય છે.

ક્રમ	ક્ષેત્રો	લંબાઈ (યોજન)	મુખપહોળાઈ (યોજન)	મધ્યમપહોળાઈ (યોજન)	બાહ્યપહોળાઈ (યોજન)
૧	ભરત-ઐરવત	૮,૦૦,૦૦૦	૪૧,૫૭૯ $\frac{૧૭૩}{૨૧૨}$	૫૩,૫૧૨ $\frac{૧૯૯}{૨૧૨}$	૬૫,૪૪૬ $\frac{૧૩}{૨૧૨}$
૨	હિમવંત-હિરણ્યવંત	૮,૦૦,૦૦૦	૧,૬૬,૩૧૯ $\frac{૫૬}{૨૧૨}$	૨,૧૪,૦૫૧ $\frac{૧૬૦}{૨૧૨}$	૨,૬૧,૭૮૪ $\frac{૫૨}{૨૧૨}$
૩	હરિવર્ષ-રમ્યક	૮,૦૦,૦૦૦	૬,૬૫,૨૭૭ $\frac{૧૨}{૨૧૨}$	૮,૫૬,૨૦૭ $\frac{૪}{૨૧૨}$	૧૦,૪૭,૧૩૬ $\frac{૨૦૮}{૨૧૨}$
૪	મહાવિદેહ	૮,૦૦,૦૦૦	૨૬,૬૧,૧૦૮ $\frac{૪૮}{૨૧૨}$	૩૪,૨૪,૮૨૮ $\frac{૧૬}{૨૧૨}$	૪૧,૮૮,૫૪૭ $\frac{૧૯૬}{૨૧૨}$

- આપણા હૃદયમાં ગુરુને વસાવવા હજી સહેલા છે, પણ ગુરુના હૃદયમાં આપણે વસવું એ અઘરું છે. જે સો ટકા ગુરુને સમર્પિત હોય તે જ ગુરુના હૃદયમાં વસી શકે છે, બીજા નહીં.

વર્ષધરપર્વતોની પહોળાઈ :

પુષ્કરવરાર્ધદ્વીપમાં વર્ષધરપર્વતોની પહોળાઈ = ૩,૫૩,૬૮૪ યોજન.

વર્ષધરપર્વતોના ભાગો

વર્ષધરપર્વતો	ભાગ
લઘુહિમવંત - શિખરી	૧ - ૧
મહાહિમવંત - રુક્મી	૪ - ૪
નિષધ - નીલવંત	૧૬ - ૧૬

પૂર્વાર્ધના વર્ષધરપર્વતોના કુલ ભાગો = ૪૨

પશ્ચિમાર્ધના વર્ષધરપર્વતોના કુલ ભાગો = ૪૨

પુષ્કરવરાર્ધદ્વીપના વર્ષધરપર્વતોના કુલ ભાગો = ૮૪

$\frac{૩,૫૩,૬૮૪}{૮૪} = ૪,૨૧૦\ \frac{૪૪}{૮૪}$ યોજન

```
        ૪૨૧૦
   ૮૪ ) ૩૫૩૬૮૪
      -૩૩૬
      ------
        ૦૧૭૬
       -૧૬૮
       -----
         ૦૦૮૮
        -૮૪
        ----
          ૦૪૪
```

- જેવા બીજને વાવશો, તેવા ઊગશે ઝાડ;
  આંબાનું ફળ વાવશો, તો નહિ ઊગે કાંટાની વાડ.

(૧) લઘુહિમવંતપર્વત - શિખરીપર્વતની પહોળાઈ

$= \quad ૪,૨૧૦ \frac{૪૪}{૮૪} \times ૧$

$= \quad ૪,૨૧૦ \frac{૪૪}{૮૪}$ યોજન□

(૨) મહાહિમવંતપર્વત - રુક્મીપર્વતની પહોળાઈ

$= \quad ૪,૨૧૦ \frac{૪૪}{૮૪} \times ૪$

$= \quad ૧૬,૮૪૦ \frac{૧૭૬}{૮૪}$

$= \quad ૧૬,૮૪૨ \frac{૮}{૮૪}$ યોજન

(૩) નિષધપર્વત - નીલવંતપર્વતની પહોળાઈ

$= \quad ૪,૨૧૦ \frac{૪૪}{૮૪} \times ૧૬$

$= \quad ૬૭,૩૬૦ \frac{૭૦૪}{૮૪}$

$= \quad ૬૭,૩૬૮ \frac{૩૨}{૮૪}$ યોજન.

□ પૂર્વે પાના નં. ૩૭૦ ઉપર લઘુહિમવંત - શિખરી પર્વતોની પહોળાઈ ૪,૨૧૦ યોજન ૧૦ કળા કહી છે, અહીં ૪,૨૧૦ $\frac{૪૪}{૮૪}$ યોજન કહી છે. ૪,૨૧૦ $\frac{૪૪}{૮૪}$ યોજન એટલે ૪,૨૧૦ યોજન ૯ $\frac{૮૦}{૮૪}$ કળા. આ ભિન્નતાનું કારણ એ છે કે અહીં વર્ષધરપર્વતોની કુલ પહોળાઈમાં ૪ કળાની ગણતરી કરી નથી. (જુઓ પાના નં. ૩૭૧). એમ આગળ પણ જાણવું.

૪૨૧૦	૪૪	૮૪) ૭૦૪ (૮
x ૧૬	x ૧૬	−૬૭૨
૨૫૨૬૦	૨૬૪	૦૩૨
+ ૪૨૧૦૦	+ ૪૪૦	
૬૭૩૬૦	૭૦૪	

- પુષ્કરવરાર્ધદ્વીપના વર્ષધરપર્વતો, વક્ષસ્કારપર્વતો અને ગજદંતગિરિ ધાતકીખંડના વર્ષધરપર્વતો, વક્ષસ્કારપર્વતો અને ગજદંતગિરિ કરતા પહોળાઈમાં બમણા છે અને ઊંચાઈમાં-ઊંડાઈમાં તુલ્ય છે.
- પુષ્કરવરાર્ધદ્વીપના હ્રદ, કુંડ, દ્વીપ, ધાતકીખંડના હ્રદ, કુંડ, દ્વીપ કરતા લંબાઈ-પહોળાઈમાં બમણા છે અને ઊંચાઈમાં-ઊંડાઈમાં તુલ્ય છે.
- પુષ્કરવરાર્ધદ્વીપની નદીઓની પહોળાઈ-ઊંડાઈ અને વનમુખોની પહોળાઈ ધાતકીખંડની નદીઓની પહોળાઈ -ઊંડાઈ અને વનમુખોની પહોળાઈ કરતા બમણી છે.
- પુષ્કરવરાર્ધદ્વીપના જિહ્વિકાઓ, કુંડના દ્વારો, કમળો અને કમળની કર્ણિકાઓ ધાતકીખંડના જિહ્વિકાઓ, કુંડના દ્વારો, કમળો અને કમળની કર્ણિકાઓ કરતા લંબાઈ-પહોળાઈ-ઊંચાઈમાં બમણા છે.

- શ્રાવક બિનજરૂરી પાપો ત્યજે, જરૂરી પાપો પણ તે રડતા રડતા કરે. તેથી તેને કર્મબંધ અલ્પ થાય.
- સુખને જે સંઘરી રાખે છે કે સ્વાર્થ માટે જ વાપરે છે, ભવાંતરમાં કર્મસત્તા એને સુખથી વંચિત રાખે છે.

ક્રમ	પર્વતો વગેરે	ધાતકીખંડમાં				પુષ્કરવરાર્ધદ્વીપમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૧	લઘુહિમવંતપર્વત, શિખરીપર્વત	૪,૦૦,૦૦૦	૨,૧૦૫ યો. ૫ ક.	૧૦૦	૨૫	૮,૦૦,૦૦૦	૪,૨૧૦ યો. ૧૦ ક.	૧૦૦	૨૫
૨	મહાહિમવંતપર્વત, રુક્મીપર્વત	૪,૦૦,૦૦૦	૮,૪૨૧ યો. ૧ ક.	૨૦૦	૫૦	૮,૦૦,૦૦૦	૧૬,૮૪૨ યો. ૨ ક.	૨૦૦	૫૦
૩	નિષધપર્વત, નીલવંતપર્વત	૪,૦૦,૦૦૦	૩૩,૬૮૪ યો. ૪ ક.	૪૦૦	૧૦૦	૮,૦૦,૦૦૦	૬૭,૩૬૮ યો. ૮ ક.	૪૦૦	૧૦૦
૪	વક્ષસ્કારપર્વતો	–	૧,૦૦૦	□ ૪૦૦-૫૦૦	△ ૧૦૦-૧૨૫	–	૨,૦૦૦	□ ૪૦૦-૫૦૦	△ ૧૦૦-૧૨૫
૫	ગજદંતગિરિ	–	૧,૦૦૦	⊟ ૪૦૦-૫૦૦	⊕ ૧૦૦-૧૨૫	–	૨,૦૦૦	⊟ ૪૦૦-૫૦૦	⊕ ૧૦૦-૧૨૫
૬	પદ્મહ્રદ, પુંડરીકહ્રદ	૨,૦૦૦	૧,૦૦૦	–	૧૦	૪,૦૦૦	૨,૦૦૦	–	૧૦
૭	મહાપદ્મહ્રદ, મહાપુંડરીકહ્રદ	૪,૦૦૦	૨,૦૦૦	–	૧૦	૮,૦૦૦	૪,૦૦૦	–	૧૦
૮	તિગિચ્છહ્રદ કેસરીહ્રદ	૮,૦૦૦	૪,૦૦૦	–	૧૦	૧૬,૦૦૦	૮,૦૦૦	–	૧૦
૯	દેવકુરુ-ઉત્તરકુરુના હ્રદ	૨,૦૦૦	૧,૦૦૦	–	૧૦	૪,૦૦૦	૨,૦૦૦	–	૧૦

□ વક્ષસ્કારપર્વતોની ઊંચાઈ વર્ષધરપર્વતો પાસે ૪૦૦ યોજન છે અને સીતા-સીતોદા પાસે ૫૦૦ યોજન છે.
△ વક્ષસ્કારપર્વતોની ઊંડાઈ વર્ષધરપર્વતો પાસે ૧૦૦ યોજન છે અને સીતા-સીતોદા પાસે ૧૨૫ યોજન છે.
⊟ ગજદંતગિરિની ઊંચાઈ વર્ષધરપર્વતો પાસે ૪૦૦ યોજન છે અને મેરુપર્વત પાસે ૫૦૦ યોજન છે.
⊕ ગજદંતગિરિની ઊંડાઈ વર્ષધરપર્વતો પાસે ૧૦૦ યોજન છે અને સીતા-સીતોદા પાસે ૧૨૫ યોજન છે.

ક્રમ	પર્વતો વગેરે	ધાતકીખંડમાં				પુષ્કરવરાર્ધદ્વીપમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૧૦	ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી	—	મૂળમાં ૧૨ ૧/૨ અંતે ૧૨૫	—	મૂળમાં ૧/૪ અંતે ૨ ૧/૨	—	મૂળમાં ૨૫ અંતે ૨૫૦	—	મૂળમાં ૧/૨ અંતે ૫
૧૧	રોહિતાંશા, રોહિતા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલા, અંતરનદી	—	મૂળમાં ૨૫ અંતે ૨૫૦	—	મૂળમાં ૧/૨ અંતે ૫	—	મૂળમાં ૫૦ અંતે ૫૦૦	—	મૂળમાં ૧ અંતે ૧૦
૧૨	હરિકાંતા, હરિસલિલા, નારીકાંતા, નરકાંતા	—	મૂળમાં ૫૦ અંતે ૫૦૦	—	મૂળમાં ૧ અંતે ૧૦	—	મૂળમાં ૧૦૦ અંતે ૧,૦૦૦	—	મૂળમાં ૨ અંતે ૨૦
૧૩	સીતોદા, સીતા	—	મૂળમાં ૧૦૦ અંતે ૧,૦૦૦	—	મૂળમાં ૨ અંતે ૨૦	—	મૂળમાં ૨૦૦ અંતે ૨,૦૦૦	—	મૂળમાં ૪ અંતે ૪૦
૧૪	ગંગાપ્રપાતકુંડ, સિંધુપ્રપાતકુંડ, રક્તાપ્રપાતકુંડ, રક્તવતીપ્રપાતકુંડ	૧૨૦	૧૨૦	—	૧૦	૨૪૦	૨૪૦	—	૧૦
૧૫	રોહિતાંશાપ્રપાતકુંડ, રોહિતાપ્રપાતકુંડ, સુવર્ણકૂલાપ્રપાતકુંડ, રૂપ્યકૂલાપ્રપાતકુંડ અંતરનદીનાકુંડ	૨૪૦	૨૪૦	—	૧૦	૪૮૦	૪૮૦	—	૧૦

ક્રમ	પર્વતો વગેરે	ધાતકીખંડમાં				પુષ્કરવરાર્ધદ્વીપમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૧૬	હરિકાંતાપ્રપાતકુંડ, હરિસલિલાપ્રપાતકુંડ, નારીકાંતાપ્રપાતકુંડ, નરકાંતાપ્રપાતકુંડ	૪૮૦	૪૮૦	–	૧૦	૯૬૦	૯૬૦	–	૧૦
૧૭	સીતોદાપ્રપાતકુંડ, સીતાપ્રપાતકુંડ	૯૬૦	૯૬૦	–	૧૦	૧,૯૨૦	૧,૯૨૦	–	૧૦
૧૮	ગંગાદ્વીપ, સિંધુદ્વીપ, રક્તાદ્વીપ, રક્તવતીદ્વીપ	૧૬	૧૬	□ ૨ ગાઉ	Δ૧૦	૩૨	૩૨	□ ૨ ગાઉ	Δ૧૦
૧૯	રોહિતાંશાદ્વીપ, રોહિતાદ્વીપ, સુવર્ણકૂલાદ્વીપ, રૂપ્યકૂલાદ્વીપ, અંતરનદીનાદ્વીપ	૩૨	૩૨	□ ૨ ગાઉ	Δ૧૦	૬૪	૬૪	□ ૨ ગાઉ	Δ૧૦

□ આ ઊંચાઈ પાણીની ઉપર હોય છે. Δ આ ઊંડાઈ પાણીની નીચે હોય છે.

ક્રમ	પર્વતો વગેરે	ધાતકીખંડમાં				પુષ્કરવરાર્ધદ્વીપમાં			
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	ઊંડાઈ (યો.)
૨૦	હરિકાંતાદ્વીપ, હરિસલિલાદ્વીપ, નારીકાંતાદ્વીપ, નરકાંતાદ્વીપ	૬૪	૬૪	□ ૨ ગાઉ	Δ૧૦	૧૨૮	૧૨૮	□ ૨ ગાઉ	Δ૧૦
૨૧	સીતોદાદ્વીપ, સીતાદ્વીપ	૧૨૮	૧૨૮	□ ૨ ગાઉ	Δ૧૦	૨૫૬	૨૫૬	□ ૨ ગાઉ	Δ૧૦
૨૨	વનમુખ (વર્ષધરપર્વત પાસે)	–	૨ ક.	–	–	–	૪ ક.	–	–
૨૩	વનમુખ (સીતોદા-સીતા પાસે)	–	૫,૮૪૪	–	–	–	૧૧,૬૮૮	–	–

□ આ ઊંચાઈ પાણીની ઉપર હોય છે. Δ આ ઊંડાઈ પાણીની નીચે હોય છે.

ક્રમ	પર્વતો વગેરે	ધાતકીખંડમાં			પુષ્કરવરાર્ધદ્વીપમાં		
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)
૨૪	ગંગા, સિંધુ, રક્તા, રક્તવતીની જિહ્વિકા	૧	૧૨ ૧/૨	૧/૪	૨	૨૫	૧/૨
૨૫	રોહિતાંશા, રોહિતા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલાની જિહ્વિકા	૨	૨૫	૧/૨	૪	૫૦	૧
૨૬	હરિકાંતા, હરિસલિલા, નારીકાંતા, નરકાંતાની જિહ્વિકા	૪	૫૦	૧	૮	૧૦૦	૨
૨૭	સીતોદા, સીતાની જિહ્વિકા	૮	૧૦૦	૨	૧૬	૨૦૦	૪
૨૮	ગંગા, સિંધુ, રક્તા, રક્તવતીના કુંડના દ્વાર	—	૧૨ ૧/૨	—	—	૨૫	—
૨૯	રોહિતાંશા, રોહિતા, સુવર્ણકૂલા, રૂપ્યકૂલાના કુંડના દ્વાર	—	૨૫	—	—	૫૦	—
૩૦	હરિકાંતા, હરિસલિલા, નારીકાંતા, નરકાંતાના કુંડના દ્વાર	—	૫૦	—	—	૧૦૦	—

ક્રમ	પર્વતો વગેરે	ધાતકીખંડમાં			પુષ્કરવરાર્ધદ્વીપમાં		
		લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)	લંબાઈ (યો.)	પહોળાઈ (યો.)	ઊંચાઈ (યો.)
૩૧	સીતોદા, સીતાના કુંડના દ્વાર	–	૧૦૦	–	–	૨૦૦	–
૩૨	પદ્મદ્રહ, પુંડરીકદ્રહના કમળો	૨	૨	૧	૪	૪	૨
૩૩	મહાપદ્મદ્રહ-મહાપુંડરીકદ્રહના કમળો	૪	૪	૨	૮	૮	૪
૩૪	તિગિચ્છિદ્રહ-કેસરીદ્રહના કમળો	૮	૮	૪	૧૬	૧૬	૮
૩૫	પદ્મદ્રહ-પુંડરીકદ્રહના કમળોની કર્ણિકા	૧	૧	૧/૨	૨	૨	૧
૩૬	મહાપદ્મદ્રહ-મહાપુંડરીકદ્રહના કમળોની કર્ણિકા	૨	૨	૧	૪	૪	૨
૩૭	તિગિચ્છિદ્રહ-કેસરીદ્રહના કમળોની કર્ણિકા	૪	૪	૨	૮	૮	૪

પુષ્કરવરાર્ધદ્વીપના ઈષુકારપર્વતો, યમકગિરિ, ચિત્રકૂટ-વિચિત્રકૂટપર્વતો, કાંચનગિરિ, વૃત્તવૈતાઢ્યપર્વતો, દીર્ઘવૈતાઢ્યપર્વતો, ધાતકીખંડના ઈષુકારપર્વતો વગેરેની તુલ્ય છે. **લઘુક્ષેત્રસમાસની ગાથા ૨૪૬ની ટીકા**માં મતાંતરે પુષ્કરવરાર્ધદ્વીપના દીર્ઘવૈતાઢ્યપર્વતોની પહોળાઈ ૨૦૦ યોજન કહી છે.

મનુષ્યક્ષેત્રના મેરુપર્વત સિવાયના બધા પર્વતો ઊંચાઈના ચોથા ભાગ જેટલા ભૂમિમાં ઊંડા છે.

દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ

$$= \frac{\text{મહાવિદેહક્ષેત્રની મધ્યમ પહોળાઈ—મેરુપર્વતની પહોળાઈ}}{૨}$$

$$= \frac{૩૪,૨૪,૮૨૮\frac{૧૬}{૨૧૨} - ૯,૪૦૦}{૨}$$

$$= \frac{૩૪,૧૫,૪૨૮\frac{૧૬}{૨૧૨}}{૨}$$

$$= ૧૭,૦૭,૭૧૪\ \frac{૮}{૨૧૨} \text{ યોજન}$$

વર્ષધરપર્વતથી યમકગિરિ—ચિત્રકૂટ-વિચિત્રકૂટ પર્વતનું, ત્યાંથી પહેલા હ્રદનું, પાંચ હ્રદોનું પરસ્પર, પાંચમા હ્રદથી ગજદંતગિરિનું અંતર

$$= \frac{\text{દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ} - (\text{યમકગિરિ - ચિત્રકૂટ - વિચિત્રકૂટની પહોળાઈ + પાંચ હ્રદોની લંબાઈ})}{૭}$$

$$= \frac{૧૭,૦૭,૭૧૪^{\square} - [૧,૦૦૦ + (૫ \times ૪૦૦૦)]}{૭}$$

$$= \frac{૧૭,૦૭,૭૧૪ - ૨૧,૦૦૦}{૭}$$

$$= \frac{૧૬,૮૬,૭૧૪}{૭}$$

$$= ૨,૪૦,૯૫૯\ \frac{૧}{૭} \text{ યોજન}$$

ભદ્રશાલવનની પૂર્વમાં અને પશ્ચિમમાં લંબાઈ = ૨,૧૫,૭૫૮ યોજન

□ શેષની વિવક્ષા કરી નથી.

દેવકુરુ-ઉત્તરકુરુની જીવા = ભદ્રશાલવનની બે બાજુની લંબાઈ + મેરુપર્વતની પહોળાઈ – બે ગજદંતગિરિનો પહોળાઈ

= ૨ x ૨,૧૫,૭૫૮ + ૯,૪૦૦ – (૨ x ૨,૦૦૦)

= ૪,૩૧,૫૧૬ + ૯,૪૦૦ – ૪,૦૦૦

= ૪,૩૧,૫૧૬ + ૫,૪૦૦

= ૪,૩૬,૯૧૬ યોજન

ગજદંતગિરિની લંબાઈ :

પૂર્વ પુષ્કરવરાર્ધમાં દેવકુરુની પૂર્વમાં સૌમનસપર્વતની લંબાઈ = ૨૦,૪૩,૨૧૯ યોજન

પૂર્વ પુષ્કરવરાર્ધમાં ઉત્તરકુરુની પૂર્વમાં માલ્યવંતપર્વતની લંબાઈ = ૨૦,૪૩,૨૧૯ યોજન

પૂર્વ પુષ્કરવરાર્ધમાં દેવકુરુની પશ્ચિમમાં વિદ્યુત્પ્રભપર્વતની લંબાઈ = ૧૬,૨૬,૧૧૬ યોજન

પૂર્વ પુષ્કરવરાર્ધમાં ઉત્તરકુરુની પશ્ચિમમાં ગંધમાદનપર્વતની લંબાઈ = ૧૬,૨૬,૧૧૬ યોજન

પશ્ચિમ પુષ્કરવરાર્ધમાં દેવકુરુની પૂર્વમાં સૌમનસપર્વતની લંબાઈ = ૧૬,૨૬,૧૧૬ યોજન

પશ્ચિમ પુષ્કરવરાર્ધમાં ઉત્તરકુરુની પૂર્વમાં માલ્યવંતપર્વતની લંબાઈ = ૧૬,૨૬,૧૧૬ યોજન

પશ્ચિમ પુષ્કરવરાર્ધમાં દેવકુરુની પશ્ચિમમાં વિદ્યુત્પ્રભ-પર્વતની લંબાઈ = ૨૦,૪૩,૨૧૯ યોજન

પશ્ચિમ પુષ્કરવરાર્ધમાં ઉત્તરકુરુની પશ્ચિમમાં ગંધમાદન-પર્વતની લંબાઈ = ૨૦,૪૩,૨૧૯ યોજન

દેવકુરુ-ઉત્તરકુરુનું ધનુઃપૃષ્ઠ = ૨૦,૪૩,૨૧૯ + ૧૬,૨૬,૧૧૬

= ૩૬,૬૯,૩૩૫ યોજન

ભદ્રશાલવનની ૧ બાજુની પહોળાઈ

$$= \frac{\text{ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ}}{૮૮}$$

$$= \frac{૨,૧૫,૭૫૮}{૮૮}$$

$$= ૨,૪૫૧\ \frac{૭૦}{૮૮}\ \text{યોજન}$$

```
        ૨,૪૫૧
૮૮ ) ૨૧૫૭૫૮
    -૧૭૬
     ૦૩૯૭
    -૩૫૨
     ૦૪૫૫
    -૪૪૦
     ૦૧૫૮
    -  ૮૮
     ૦૭૦
```

ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ

= ભદ્રશાલવનની ૧ બાજુની પહોળાઈ x ૮૮

$$= ૨,૪૫૧\ \frac{૭૦}{૮૮} \times ૮૮$$

$$= ૨,૧૫,૬૮૮ + ૭૦$$

$$= ૨,૧૫,૭૫૮\ \text{યોજન}$$

```
  ૨૪૫૧
x ૮૮
------
૧૯૬૦૮
૧૯૬૦૮૦
------
૨૧૫૬૮૮
```

ભદ્રશાલવનની કુલ લંબાઈ

$$= ૨,૧૫,૭૫૮ + ૯,૪૦૦ + ૨,૧૫,૭૫૮$$

$$= ૪,૪૦,૯૧૬\ \text{યોજન}$$

ભદ્રશાલવનની કુલ પહોળાઈ

$$= ૨,૪૫૧\ \frac{૭૦}{૮૮} + ૯,૪૦૦ + ૨,૪૫૧\ \frac{૭૦}{૮૮}$$

$$= ૧૪,૩૦૩\ \frac{૫૨}{૮૮}\ \text{યોજન}$$

પુષ્કરવરાર્ધદ્વીપમાં પૂર્વાર્ધમાં ઉત્તરકુરુમાં પદ્મવૃક્ષ છે. પુષ્કરવરાર્ધદ્વીપમાં પશ્ચિમાર્ધમાં ઉત્તરકુરુમાં મહાપદ્મવૃક્ષ છે.

પદ્મવૃક્ષ - મહાપદ્મવૃક્ષ જંબૂવૃક્ષની સમાન છે. તેમના અધિપતિ ક્રમશઃ પદ્મદેવ અને પુંડરીકદેવ છે.

પુષ્કરવરાર્ધદ્વીપમાં પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં દેવકુરુમાં શાલ્મલીવૃક્ષ છે. શાલ્મલીવૃક્ષ જંબૂદ્વીપના શાલ્મલીવૃક્ષની સમાન છે. તેના અધિપતિ ગરુડદેવ છે.

મેરુપર્વત - પુષ્કરવરાર્ધદ્વીપમાં બે મેરુપર્વત છે - ૧ પૂર્વાર્ધમાં અને ૧ પશ્ચિમાર્ધમાં. તે બન્ને ધાતકીખંડના બે મેરુ પર્વતોની તુલ્ય છે.

૧ વિજયની પહોળાઈ

$$= \frac{\text{પુષ્કરવરાર્ધદ્વીપની પહોળાઈ} - [\text{બે વનમુખોની પહોળાઈ} + ૮ \text{ વક્ષસ્કાર પર્વતોની પહોળાઈ} + ૬ \text{ અંતરનદીઓની પહોળાઈ} + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની બે બાજુની લંબાઈ}]}{૧૬}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - [(૨ \times ૧૧,૬૮૮) + (૮ \times ૨,૦૦૦) + (૬ \times ૫૦૦) + ૯,૪૦૦ + (૨ \times ૨,૧૫,૭૫૮)]}{૧૬}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - (૨૩,૩૭૬ + ૧૬,૦૦૦ + ૩,૦૦૦ + ૯,૪૦૦ + ૪,૩૧,૫૧૬)}{૧૬}$$


$$= \frac{૮,૦૦,૦૦૦ - ૪,૮૩,૨૯૨}{૧૬}$$

$$= \frac{૩,૧૬,૭૦૮}{૧૬}$$

$$= ૧૯,૭૯૪ \ {}^{૪}/_{૧૬} \text{ યોજન}$$

```
        ૧૯૭૯૪
૧૬ ) ૩૧૬૭૦૮
   -૧૬
    ૧૫૬
   -૧૪૪
    ૦૧૨૭
   -૧૧૨
    ૦૧૫૦
   -૧૪૪
    ૦૦૬૮
     -૬૪
      ૦૪
```

પુષ્કરવરદ્વીપાર્ધમાં મેરુ પર્વત



૧ વક્ષસ્કારપર્વતની પહોળાઈ

$$= \frac{\text{પુષ્કરવરાર્ધદ્વીપની પહોળાઈ} - [\text{બે વનમુખોની પહોળાઈ} + ૧૬ \text{ વિજયોની પહોળાઈ} + ૬ \text{ અંતરનદીઓની પહોળાઈ} + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની બે બાજુની લંબાઈ}]}{૮}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - [\ (૨ \times ૧૧,૬૮૮) + (૧૬ \times ૧૯,૭૯૪\ ^{૪}/_{૧૬}) + (૬ \times ૫૦૦) + ૯,૪૦૦ + (૨ \times ૨,૧૫,૭૫૮)\ ]}{૮}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - (૨૩,૩૭૬ + ૩,૧૬,૭૦૮ + ૩,૦૦૦ + ૯,૪૦૦ + ૪,૩૧,૫૧૬)}{૮}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - ૭,૮૪,૦૦૦}{૮}$$

$$= \frac{૧૬,૦૦૦}{૮} = ૨,૦૦૦ \text{ યોજન}$$

૧ અંતરનદીની પહોળાઈ

$$= \frac{\text{પુષ્કરવરાર્ધદ્વીપની પહોળાઈ} - [\text{બે વનમુખોની પહોળાઈ} + ૧૬ \text{ વિજયોની પહોળાઈ} + ૮ \text{ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ} + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની બે બાજુની લંબાઈ}]}{૬}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - [\ (૨ \times ૧૧,૬૮૮) + (૧૬ \times ૧૯,૭૯૪\ ^{૪}/_{૧૬}) + (૮ \times ૨,૦૦૦) + ૯,૪૦૦ + (૨ \times ૨,૧૫,૭૫૮)]}{૬}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - [૨૩,૩૭૬ + ૩,૧૬,૭૦૮ + ૧૬,૦૦૦ + ૯,૪૦૦ + ૪,૩૧,૫૧૬]}{૬}$$

$$= \frac{૮,૦૦,૦૦૦ - ૭,૯૭,૦૦૦}{૬}$$

$$= \frac{૩,૦૦૦}{૬} = ૫૦૦ \text{ યોજન}$$

૧ વનમુખની પહોળાઈ

= પુષ્કરવરાર્ધદ્વીપની પહોળાઈ – [૧૬ વિજયોની પહોળાઈ + ૮ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ + ૬ અંતરનદીઓની પહોળાઈ + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની બે બાજુની લંબાઈ] / ૨

= ૮,૦૦,૦૦૦ – [(૧૬ x ૧૯,૭૯૪ $^{૪}/_{૧૬}$) + (૮ x ૨,૦૦૦) + (૬ x ૫૦૦) + ૯,૪૦૦ + (૨ x ૨,૧૫,૭૫૮)] / ૨

= ૮,૦૦,૦૦૦ – [૩,૧૬,૭૦૮ + ૧૬,૦૦૦ + ૩,૦૦૦ + ૯,૪૦૦ + ૪,૩૧,૫૧૬] / ૨

$$= \frac{૮,૦૦,૦૦૦ - ૭,૭૬,૬૨૪}{૨} = \frac{૨૩,૩૭૬}{૨}$$

= ૧૧,૬૮૮ યોજન

મેરુપર્વતની પહોળાઈ

= પુષ્કરવરાર્ધદ્વીપની પહોળાઈ – [બે વનમુખની પહોળાઈ + ૧૬ વિજયોની પહોળાઈ + ૮ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ + ૬ અંતરનદીઓની પહોળાઈ + ભદ્રશાલવનની બે બાજુની લંબાઈ]

= ૮,૦૦,૦૦૦ – [(૨ x ૧૧,૬૮૮) + (૧૬ x ૧૯,૭૯૪ $^{૪}/_{૧૬}$) + (૮ x ૨,૦૦૦) + (૬ x ૫૦૦) + (૨ x ૨,૧૫,૭૫૮)]

= ૮,૦૦,૦૦૦ – (૨૩,૩૭૬ + ૩,૧૬,૭૦૮ + ૧૬,૦૦૦ + ૩,૦૦૦ + ૪,૩૧,૫૧૬)

$= \quad ૮,૦૦,૦૦૦ - ૭,૯૦,૬૦૦$

$= \quad ૯,૪૦૦$ યોજન

ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ

$= \quad$ પુષ્કરવરાર્ધદ્વીપની પહોળાઈ – [બે વનમુખોની પહોળાઈ + ૧૬ વિજયોની પહોળાઈ + ૮ વક્ષસ્કારપર્વતોની પહોળાઈ + ૬ અંતરનદીઓનો પહોળાઈ + મેરુપર્વતની પહોળાઈ]

$$\frac{}{૨}$$

$= \quad ૮,૦૦,૦૦૦ - [(૨ \times ૧૧,૬૮૮) + (૧૬ \times ૧૯,૭૯૪ \frac{૪}{૧૬}) + (૮ \times ૨,૦૦૦) + (૬ \times ૫૦૦) + ૯,૪૦૦]$

$$\frac{}{૨}$$

$= \quad ૮,૦૦,૦૦૦ - (૨૩,૩૭૬ + ૩,૧૬,૭૦૮ + ૧૬,૦૦૦ + ૩,૦૦૦ + ૯,૪૦૦)$

$$\frac{}{૨}$$

$= \quad \frac{૮,૦૦,૦૦૦ - ૩,૬૮,૪૮૪}{૨} = \frac{૪,૩૧,૫૧૬}{૨}$

$= \quad ૨,૧૫,૭૫૮$ યોજન

પુષ્કરવરાર્ધદ્વીપમાં જ્યોતિષ વિમાનો :

પુષ્કરવરાર્ધદ્વીપમાં ૭૨ ચંદ્રો, ૭૨ સૂર્યો, ૨,૦૧૬ નક્ષત્રો, ૬,૩૩૬ ગ્રહો અને ૪૮,૨૨,૨૦૦ કોટીકોટી તારા છે.

બધા દ્વીપ-સમુદ્રોમાં ચંદ્ર-સૂર્યનું પ્રમાણ :

જંબૂદ્વીપમાં ૨ ચંદ્ર, ૨ સૂર્ય છે.

લવણસમુદ્રમાં ૪ ચંદ્ર, ૪ સૂર્ય છે.

ધાતકીખંડમાં ૧૨ ચંદ્ર, ૧૨ સૂર્ય છે.

કાલોદસમુદ્રથી આગળ બધા દ્વીપ-સમુદ્રોમાં ચંદ્ર-સૂર્ય

$= \quad$ (પૂર્વેના દ્વીપ-સમુદ્રના ચંદ્ર-સૂર્ય x ૩) + તેની પૂર્વેના બધા દ્વીપ-સમુદ્રોના ચંદ્ર-સૂર્ય.

દા.ત., કાલોદસમુદ્રના ચંદ્ર-સૂર્ય = (ધાતકીખંડના ચંદ્ર-સૂર્ય x ૩) + ધાતકીખંડની પૂર્વેના બધા દ્વીપ-સમુદ્રોના ચંદ્ર-સૂર્ય.

= (૧૨ x ૩) + (૨ + ૪)

= ૩૬ + ૬ = ૪૨

પુષ્કરવરદ્વીપના ચંદ્ર-સૂર્ય = (કાલોદસમુદ્રના ચંદ્ર-સૂર્ય x ૩) + કાલોદસમુદ્રની પૂર્વેના બધા દ્વીપ-સમુદ્રોના ચંદ્ર-સૂર્ય.

= (૪૨ x ૩) + (૨ + ૪ + ૧૨)

= ૧૨૬ + ૧૮ = ૧૪૪

પુષ્કરવરાર્ધદ્વીપના ચંદ્ર-સૂર્ય = $\frac{૧૪૪}{૨}$ = ૭૨

મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર-સૂર્ય = ૨ + ૪ + ૧૨ + ૪૨ + ૭૨

= ૧૩૨

૧ ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ કોટીકોટી તારા છે.

વિવક્ષિત દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર-ગ્રહ-તારા

= તે દ્વીપ-સમુદ્રના ચંદ્ર x ૧ ચંદ્રના નક્ષત્ર-ગ્રહ-તારા.


મનુષ્યક્ષેત્રમાં રહેલ જ્યોતિષ વિમાનો સમશ્રેણિએ ચરે છે.

ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા ક્રમશઃ વધુને વધુ શીઘ્ર છે. ચંદ્ર-સૂર્ય વગેરેને ક્ષેત્ર પ્રમાણે મનુષ્યો જોઈ શકે છે. પુષ્કરવરાર્ધદ્વીપના મનુષ્યો પૂર્વમાં ઉદય પામતા સૂર્યને ૨૧,૩૪,૫૩૭ યોજન દૂરથી જુવે છે અને પશ્ચિમમાં અસ્ત થતા સૂર્યને ૨૧,૩૪,૫૩૭ યોજન દૂરથી જુવે છે.

મનુષ્યક્ષેત્રની બહારના ચંદ્ર-સૂર્ય વગેરેના વિમાનો સ્થિર છે. તેમની સંખ્યા જાણવાના કરણો **બૃહત્સંગ્રહણી**માં કહ્યા છે. તે ત્યાંથી જાણી લેવા. તે વિમાનો મનુષ્યક્ષેત્રના જ્યોતિષ વિમાનો કરતા અડધા પ્રમાણવાળા છે.

અઢી દ્વીપમાં સૂર્ય-ચંદ્રની ૪ સૂચિશ્રેણી, બહાર વલયશ્રેણી

જંબૂદ્વીપમાં	૨	ચંદ્રો	૨	સૂર્યો	કાલોદધિસમુદ્રમાં	૪૨	ચંદ્રો ૪૨	સૂર્યો
લવણસમુદ્રમાં	૪	ચંદ્રો	૪	સૂર્યો	પુષ્કરવરદ્વીપાર્ધમાં	૭૨	ચંદ્રો ૭૨	સૂર્યો
ધાતકીખંડમાં	૧૨	ચંદ્રો	૧૨	સૂર્યો	પુષ્કરવરદ્વીપમાં	૧૪૪	ચંદ્રો ૧૪૪	સૂર્યો.



પુષ્કરવરાર્ધદ્વીપની વિગત :

૧	પહોળાઈ	૮,૦૦,૦૦૦યોજન
૨	બાહ્યપરિધિ, માનુષોત્તરપર્વતની અભ્યંતરપરિધિ	સાધિક ૧,૪૨,૩૦,૨૪૯યોજન
૩	મધ્યમપરિધિ	૧,૧૭,૦૦,૪૨૭યોજન
૪	અભ્યંતરપરિધિ	સાધિક૯૧,૭૦,૬૦૫યોજન
૫	માનુષોત્તરપર્વતની બાહ્યપરિધિ	સાધિક ૧,૪૨,૩૬,૭૧૩યોજન
૬	એક વિજયની પહોળાઈ	૧૯,૭૯૪ $^{૪}/_{૧૬}$ યોજન
૭	એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ	૨,૦૦૦યોજન
૮	એક અંતરનદીની પહોળાઈ	૫૦૦યોજન
૯	એક વનમુખની પહોળાઈ	૧૧,૬૮૮યોજન
૧૦	મેરુપર્વતની પહોળાઈ ભૂમિમાં	૯,૫૦૦યોજન
	પૃથ્વીતલ ઉપર	૯,૪૦૦યોજન
	શિખર ઉપર	૧,૦૦૦યોજન
૧૧	ભદ્રશાલવનની લંબાઈ	૪,૪૦,૯૧૬યોજન
૧૨	ભદ્રશાલવનની પહોળાઈ	૧૪,૩૦૩ $^{૫૨}/_{૮૮}$ યોજન
૧૩	દેવકુરુ-ઉત્તરકુરુની પહોળાઈ	૧૭,૦૭,૭૧૪ $^{૮}/_{૨૧૨}$ યોજન
૧૪	દેવકુરુ-ઉત્તરકુરુની જીવા	૪,૩૬,૯૧૬યોજન
૧૫	દેવકુરુ-ઉત્તરકુરુનું ધનુઃપૃષ્ઠ	૩૬,૬૯,૩૩૫યોજન
૧૬	ચન્દ્ર	૭૨
૧૭	સૂર્ય	૭૨
૧૮	નક્ષત્ર	૨,૦૧૬
૧૯	ગ્રહ	૬,૩૩૬
૨૦	તારા	૪૮,૨૨,૨૦૦કોટીકોટી

- ઓછામાં ઓછી વિરાધનાપૂર્વક વધુમાં વધુ આરાધના થાય તેવી પ્રવૃત્તિ તે જયણા.

મનુષ્યક્ષેત્રના પર્વતો -

ક્રમ	પર્વતો	જંબૂદ્વીપમાં	ધાતકીખંડમાં	પુષ્કરવરાર્ધદ્વીપમાં
૧	મેરુ	૧	૨	૨
૨	વર્ષધર	૬	૧૨	૧૨
૩	ગજદંત	૪	૮	૮
૪	વક્ષસ્કાર	૧૬	૩૨	૩૨
૫	વૃત્તવૈતાઢ્ય	૪	૮	૮
૬	દીર્ઘવૈતાઢ્ય	૩૪	૬૮	૬૮
૭	યમક	૨	૪	૪
૮	ચિત્ર-વિચિત્ર	૨	૪	૪
૯	કાંચનગિરિ	૨૦૦	૪૦૦	૪૦૦
૧૦	ઈષુકાર	—	૨	૨
	કુલ	૨૬૯	૫૪૦	૫૪૦

મનુષ્યક્ષેત્રના પર્વતો -

જંબૂદ્વીપમાં	૨૬૯
લવણસમુદ્રમાં	૮
ધાતકીખંડમાં	૫૪૦
કાલોદસમુદ્રમાં	—
પુષ્કરવરાર્ધદ્વીપમાં	૫૪૦
કુલ	૧,૩૫૭

મનુષ્યક્ષેત્રના ૫ મેરુપર્વત સિવાયના બધા પર્વતો ઊંચાઈના ચોથા ભાગ જેટલા ભૂમિમાં ઊંડા છે.

મનુષ્યક્ષેત્રમાં ૪ ઈષુકારપર્વતો છે. દરેક ઈષુકારપર્વત ઉપર ૪-૪ કૂટો છે. તેમાંનુ છેલ્લું કૂટ તે સિદ્ધાયતન કૂટ છે. તેની ઉપર ૧ જિનચૈત્ય છે. આમ ઈષુકારપર્વતો ઉપર કુલ ૪ જિનચૈત્યો છે. તે ૫૦ યોજન લાંબા, ૨૫ યોજન પહોળા અને ૩૬ યોજન ઊંચા છે. માનુષોત્તરપર્વત ઉપર ૪ દિશામાં ૪ કૂટો છે. તેમની ઉપર વર્ષધર પર્વતો ઉપરના જિનચૈત્યો જેવા ૧-૧ જિનચૈત્યો છે.

પુષ્કરવરદ્વીપ અધિકાર સમાપ્ત

● ● ●

- સાધુ જીવનના પાંચ અંગ – (૧) વિનય, (૨) શ્રુતાભ્યાસ, (૩) યોગાભ્યાસ, (૪) પરાર્થકરણ અને (૫) સર્વત્ર અનુકૂળ વર્તન.
- સમર્પણ માત્ર સર્વાર્પણ જ નથી માગતું, સ્વાર્પણ પણ માગે છે.
- લાઓ ત્સે– મને કોઈએ ક્યારેય હરાવ્યો નથી, કારણ કે મેં ક્યારેય જીતવાના પ્રયત્નો જ કર્યા નથી. કોઈએ મારું ક્યારેય અપમાન કર્યું નથી, કારણ કે સન્માનની આશા મેં ક્યારેય રાખી નથી.
- વિનયના પાંચ પ્રકાર – (૧) ઔચિત્ય પ્રતિપત્તિ, (૨) બહુમાન, (૩) કૃતજ્ઞતા, (૪) આજ્ઞાયોગ અને (૫) ગુરુના વચનનું સત્યકરણ.
- વૈરાગ્યના ત્રણ લક્ષણ –
  (૧) બને એટલી અનુકૂળતાનો ત્યાગ કરવો.
  (૨) આવેલી પ્રતિકૂળતા ધૈર્યને બાધ ન આવે એ રીતે વિચારીને સહન કરવી.
  (૩) ધૈર્યને બાધ આવે એવી પ્રતિકૂળતાનો અપવાદ માર્ગનો સહારો લઈ પ્રતિકાર કરવો.

મનુષ્યક્ષેત્રની બહારનો અધિકાર

મનુષ્યક્ષેત્રની બહાર નદી, દ્રહ, વાદળ, વિજળી, ગર્જના, અગ્નિ, તીર્થંકર-ચક્રવર્તી-બળદેવ-વાસુદેવ વગેરે ઉત્તમ પુરુષો, મનુષ્યોના જન્મ-મરણ, કાળ વગેરે હોતા નથી.

નંદીશ્વરદ્વીપમાં ૫૨ + ૧૬ = ૬૮ જિનચૈત્યો છે.

કુંડલદ્વીપની મધ્યમાં વલયાકાર કુંડલપર્વત છે. તેની ઉપર ચારે દિશામાં ૧-૧ જિનચૈત્ય છે.

રુચકદ્વીપની મધ્યમાં વલયાકાર રુચકપર્વત છે. તેની ઉપર ચારે દિશામાં ૧-૧ જિનચૈત્ય છે.

આ ૭૬ જિનચૈત્યો ૪-૪ દ્વારવાળા, ૧૦૦ યોજન લાંબા, ૫૦ યોજન પહોળા અને ૭૨ યોજન ઊંચા છે.

રુચકપર્વત અને દિક્કુમારિકાઓ -

રુચકદ્વીપની મધ્યમાં વલયાકારે રુચકપર્વત છે. તે ૮૪,૦૦૦ યોજન ઊંચો, મૂળમાં ૧૦,૦૨૨ યોજન પહોળો અને ઉપર ૪,૦૨૪ યોજન પહોળો છે. તેના શિખર ઉપર ચારે દિશામાં ૧૦૦૦-૧૦૦૦ યોજન પછી એક-એક કૂટ છે તથા ૩૦૦૦-૩૦૦૦ યોજન પછી ૯-૯ કૂટ છે. તે ૯-૯ કૂટોમાં વચ્ચે ૧-૧ સિદ્ધાયતનકૂટ છે. રુચકપર્વતના શિખર ઉપર વિદિશામાં ૩૦૦૦-૩૦૦૦ યોજન પછી મૂળમાં ૧૦૦૦ યોજન પહોળા, ૧૦૦૦ યોજન ઊંચા, ઉપર ૫૦૦ યોજન પહોળા ૧-૧ કૂટ છે. સિદ્ધાયતનકૂટ સિવાયના ૪૦ કૂટો દિક્કુમારીકાઓના છે.

રુચકપર્વત ઉપર પૂર્વદિશાના ૮ કૂટો ઉપર વસનારી દિક્કુમારિકાઓ - (૧) નંદોત્તરા, (૨) નંદા, (૩) સુનંદા, (૪) નંદિવર્ધિની, (૫) વિજયા, (૬) વૈજયંતા, (૭) જયંતી, (૮) અપરાજિતા.

રુચકપર્વત ઉપર દક્ષિણદિશાના ૮ કૂટો ઉપર વસનારી દિક્કુમારિકાઓ - (૧) સમાહારા, (૨) સુપ્રદત્તા, (૩) સુપ્રબુદ્ધા, (૪) યશોધરા, (૫) લક્ષ્મીવતી, (૬) શેષવતી, (૭) ચિત્રગુપ્તા, (૮) વસુંધરા.

રુચકપર્વત ઉપર પશ્ચિમદિશાના ૮ કૂટો ઉપર વસનારી દિક્કુમારિકાઓ - (૧) ઈલાદેવી, (૨) સુરાદેવી, (૩) પૃથિવી, (૪) પદ્મવતી, (૫) એકનાસા, (૬) અનવમિકા, (૭) ભદ્રા, (૮) અશોકા.

રુચકપર્વત ઉપર ઉત્તરદિશાના ૮ કૂટો ઉપર વસનારી દિક્કુમારિકાઓ - (૧) અલંબુસા, (૨) મિશ્રકેશી, (૩) પુંડરીકા, (૪) વારુણી, (૫) હાસા, (૬) સર્વપ્રભા, (૭) શ્રી, (૮) હ્રી.

રુચકપર્વત ઉપર વિદિશાના ૪ કૂટો ઉપર વસનારી દિક્કુમારિકાઓ - (૧) ચિત્રા, (૨) ચિત્રકનકા, (૩) તેજા, (૪) સુદામિની.

રુચકપર્વત ઉપર ચારે દિશામાં ૧૦૦૦-૧૦૦૦ યોજન પછી આવેલ ૧-૧ કૂટ ઉપર વસનારી દિક્કુમારિકાઓ - (૧) રૂપા (૨) રૂપાંતિકા (૩) સુરૂપા, (૪) રૂપવતી.

આમ આ ૪૦ દિક્કુમારિકાઓ થઈ.

૮ દિક્કુમારિકાઓ જંબૂદ્વીપના મેરુપર્વતના નંદનવનના ૮ કૂટો ઉપર રહે છે. તે પૂર્વે કહેલ છે. (જુઓ પાના નં. ૨૧૪)

૮ દિક્કુમારિકાઓ જંબૂદ્વીપના ગજદંતપર્વતોની નીચેના ભવનોમાં રહે છે. તે પૂર્વે કહેલ છે.(જુઓ પાના નં. ૧૮૬)

આમ કુલ ૫૬ દિક્કુમારિકાઓ થઈ.

કુંડલદ્વીપ-રુચકદ્વીપની બાબતમાં કેટલાક મતાંતરો -

(૧) જીવાજીવાભિગમ સૂત્ર અને દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ નિર્યુક્તિમાં કુંડલદ્વીપ ૧૦મો અને રુચકદ્વીપ ૧૧મો કહ્યો છે.

(૨) સંગ્રહણીમાં કુંડલદ્વીપ ૧૧મો અને રુચકદ્વીપ ૧૩મો કહ્યો છે.

(૩) અરુણદ્વીપથી ત્રિપ્રત્યવતાર દ્વીપની ગણતરી કરતા કુંડલદ્વીપ ૧૫મો અને રુચકદ્વીપ ૨૧મો છે.

શેષ દ્વીપ-સમુદ્રોનો વિચાર શ્રુતસમુદ્રમાંથી જાણી લેવો.

મનુષ્યક્ષેત્રની બહારનો અધિકાર સમાપ્ત

●●●

બૃહત્ક્ષેત્રસમાસમાં કુલ ૬૫૬ ગાથા છે.

લઘુક્ષેત્રસમાસમાં કુલ ૨૬૩ ગાથા છે અને ૩૭ સંગ્રહગાથા છે.

આ સંપૂર્ણ ગ્રંથમાં જિનાજ્ઞાવિરુદ્ધ કંઈ પણ નિરૂપણ થયું હોય તો તેનું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્ દઉં છું.

ક્ષેત્રમાસનો પદાર્થસંગ્રહ સમાપ્ત

●●●

- સમ્યગદૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ;
  અંતરથી ન્યારો રહે, જ્યું ધાવ ખેલાવે બાલ. ૧
- અજીર્ણે ભોજન તજે, અને ઊણોદરી થાય;
  શરીર સુખકારી રહે, વિકાર થાય વિદાય. ૨
- ભોજન બીચ પાણી ભલું, ભોજન અંતે છાશ;
  મધ્યાહ્ને ભોજન કરે, સર્વ રોગનો નાશ. ૩
- ઓકી દાતણ જે કરે, નરણે હરડે ખાય,
  દૂધે વાળુ જે કરે, તસ ઘર વૈદ્ય ન જાય. ૪
- દાંતે લૂણ જે વાપરે, કવળે ઊનું ખાય;
  ડાબું પડખું દાબી સૂવે, તે ઘેર વૈદ્ય ન જાય. ૫

બૃહત્ક્ષેત્રસમાસ

મૂળગાથા અને શબ્દાર્થ

અધિકાર પહેલો

જંબૂદ્વીપ

નમિઉણ સજલજલહર-નિભસ્સાણં વદ્ધમાણજિણવસહં ।
સમયખેત્તસમાસં, વોચ્છામિ ગુરુવએસેણં ॥ ૧ ॥

પાણીવાળા વાદળ જેવા અવાજવાળા વર્ધમાન જિનેશ્વરને નમીને સમયક્ષેત્રના સંક્ષેપને હું ગુરુ-ઉપદેશથી કહીશ. (૧)

જંબુદ્દીવાઈયા, સયંભુરયણાયરાવસાણાઓ ।
સવ્વે વિ અસંખિજ્જા, દીવોદહિણો તિરિયલોએ ॥ ૨ ॥

તિર્ચ્છાલોકમાં જંબૂદ્વીપ આદિવાળા અને સ્વયંભૂરમણસમુદ્ર અંતવાળા બધા ય અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. (૨)

ઉદ્ધારસાગરાણં, અડ્ઢાઈજ્જાણ જત્તિઆ સમયા ।
દુગુણાદુગુણાપવિત્થર-દીવોદહિ રજ્જુ એવઈયા ॥ ૩ ॥

૧ રાજમાં બમણા-બમણા વિસ્તારવાળા, અઢી ઉદ્ધાર સાગરોપમના જેટલા સમયો છે એટલા દ્વીપ-સમુદ્રો છે. (૩)

અડ્ઢાઈજ્જા દીવા, દોન્નિ સમુદ્દા ય માણુસં ખેત્તં ।
પણયાલસયસહસ્સા, વિક્ખંભાયામઓ ભણિયં ॥ ૪ ॥

અઢી દ્વીપ અને બે સમુદ્ર એ મનુષ્યક્ષેત્ર છે. તે લંબાઈ-પહોળાઈથી ૪૫ લાખ યોજન કહ્યુ છે. (૪)

એગા જોયણકોડી, લક્ખા બાયાલ તીસ સહસ્સા ય ।
સમયખેત્તપરિરઓ, દો ચેવ સયા અઉણપન્ના ॥ ૫ ॥

૧,૪૨,૩૦,૨૪૯ યોજન સમયક્ષેત્રની પરિધિ છે. (૫)

અબ્ભિંતરઓ દીવો-દહીણ પડિપુન્નચંદસંઠાણો ।
જંબૂદીવો લક્ખં, વિક્ખંભાયામઓ ભણિઓ ॥ ૬ ॥

દ્વીપ-સમુદ્રોની મધ્યમાં, સંપૂર્ણ ચંદ્ર આકારવાળો, લંબાઈ-પહોળાઈથી ૧ લાખ યોજનનો જંબૂદ્વીપ કહ્યો છે. (૬)

વિક્ખંભવગ્ગદહગુણ-કરણી વટ્ટસ્સ પરિરઓ હોઈ ।
વિક્ખંભપાયગુણિઓ, પરિરઓ તસ્સ ગણિયપયં ॥ ૭ ॥

પહોળાઈના વર્ગને ૧૦થી ગુણી વર્ગમૂળ કરવું એ વૃત્તની પરિધિ છે. પહોળાઈના ચોથા ભાગથી ગુણાયેલ પરિધિ તેનું ક્ષેત્રફળ છે. (૭)

પરિહી તિલક્ખ સોલસ-સહસ્સ દો ય સય સત્તવીસહિયા ।
કોસતિયટ્ઠાવીસં, ધણુસય તેરંગુલદ્ધહિયં ॥ ૮ ॥

જંબૂદ્વીપની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ્ય ૧૩ $^{1}/_{2}$ અંગુલથી અધિક છે. (૮)

સત્તેવ ય કોડિસયા, ણઉયા છપ્પન્નસયસહસ્સા ય ।
ચઉણઉઈ ચ સહસ્સા, સયં દિવડ્ઢં ચ સાહિયં ॥ ૯ ॥
ગાઉયમેગં પનરસ-ધણુસયા તહ ધણુણિ પન્નરસ ।
સટ્ઠિં ચ અંગુલાઈ, જંબુદ્દીવસ્સ ગણિયપયં ॥ ૧૦ ॥

જંબૂદ્વીપનું ક્ષેત્રફળ સાધિક ૭,૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન, ૧ ગાઉ, ૧,૫૧૫ ધનુષ્ય, ૬૦ અંગુલ છે. (૯-૧૦)

એગાઈતિલક્ખંતે, પણુવીસસહસ્સ સંગુણે કાઉં ।
દુગ છન્નઉઈ દુસહસ્સ, ચઉરં ગુણભાગહારેહિં ॥ ૧૧ ॥

એક (અર્ધાંગુલ)થી ત્રણ લાખ (યોજન) સુધીની સંખ્યાને ૨૫,૦૦૦ થી ગુણીને ગુણાયેલાને ૨-૯૬-૨૦૦૦-૪ ભાગહારો વડે ભાગવાથી ક્ષેત્રફળ આવે છે. (૧૧)

વયરામઈએ જગઈએ, પરિગઓ અટ્ઠજોયણુચ્ચાએ ।
બારસ અટ્ઠ ય ચઉરો, મૂલે મજ્ઝુવરિ રુંદાએ ॥ ૧૨ ॥

વજ્રમય, ૮ યોજન ઊંચી, મૂળમાં, મધ્યમાં અને ઉપર ૧૨-૮-૪ યોજન પહોળી જગતીથી (જંબૂદ્વીપ) વીંટાયેલો છે. (૧૨)

જત્થિચ્છસિ વિક્ખંભં, જગઈસિહરાઉ ઓવઈત્તાણં ।
તં એગભાગલદ્ધં, ચઉહિ જુયં જાણ વિક્ખંભં ॥ ૧૩ ॥

જગતીના શિખરથી ઉતરીને જ્યાં પહોળાઈ ઈચ્છે છે તેને ૧ થી ભાગીને મળેલ અને ૪થી યુક્ત એ પહોળાઈ જાણ. (૧૩)

એમેવ ઉપ્પઈત્તા, જં લદ્ધં સોહયાહિ મૂલિલ્લા ।
વિત્થારા જં સેસં, સો વિત્થારો તહિં તસ્સ ॥ ૧૪ ॥

એ જ પ્રમાણે ઉપર ચઢીને (૧ થી ભાગીને) જે મળ્યું તેને મૂળના વિસ્તારમાંથી બાદ કર. જે શેષ છે તે ત્યાં તેનો વિસ્તાર છે. (૧૪)

પંચેવ ધણુસયાઈ, વિત્થિણ્ણા અદ્ધજોયણુચ્ચિટ્ઠા ।
વેઈ વણસંડા ઉણ, દેસૂણદુજોયણે રુંદા ॥ ૧૫ ॥

વેદિકા ૫૦૦ ધનુષ્ય પહોળી અને $^1/_2$ યોજન ઊંચી છે. વનખંડો દેશોન ૨ યોજન પહોળા છે. (૧૫)

એએહિં પરિખિત્તા, દીવસમુદ્દા હવંતિ સવ્વે વિ ।
ચત્તારિ દુવારા પુણ, ચઉદીસિં જંબૂદ્દીવસ્સ ॥ ૧૬ ॥

આ (જગતી, તેની ઉપર વેદિકા અને વનખંડ)થી બધાય દ્વીપ-સમુદ્રો વીંટાયેલા છે. જંબૂદ્વીપની ચાર દિશામાં ચાર દ્વાર છે. (૧૬)

ચઉજોયણવિત્થિન્ના, અટ્ઠેવ ય જોયણાઈ ઉચ્ચિટ્ઠા ।
ઉભઓ વિ કોસકોસં, કુડ્ડા બાહલ્લઓ તેસિં ॥ ૧૭ ॥

(તે) ૪ યોજન પહોળા અને ૮ યોજન ઊંચા છે. તેમની બંને બાજુ પહોળાઈથી ૧-૧ ગાઉના બારસાખ છે. (૧૭)

પુવ્વેણ હોઈ વિજયં, દાહિણઓ હોઈ વેજયંતં તુ ।
અવરેણં તુ જયંતં, અવરાઈયં ઉત્તરે પાસે ॥ ૧૮ ॥

પૂર્વમાં વિજય (દ્વાર) છે, દક્ષિણમાં વૈજયંત (દ્વાર) છે, પશ્ચિમમાં જયંત (દ્વાર) છે, ઉત્તર બાજુ અપરાજિત (દ્વાર) છે. (૧૮)

પલિઓવમઠિઈયા, સુરગણપરિવરિયા સદેવીયા ।
એએસુ દારનામા, વસંતિ દેવા મહડ્ઢિયા ॥ ૧૯ ॥

આ દ્વારોમાં પલ્યોપમના આયુષ્યવાળા, દેવોના સમૂહથી પરિવરાયેલા, દેવીવાળા, દ્વારના નામવાળા, મહર્દ્ધિક દેવો વસે છે. (૧૯)

કુડ્ડ-દુવારપમાણં, અટ્ઠારસજોયણાઈ પરિહીએ ।
સોહિય ચઉહિ વિભત્તે, ઈણમો દારંતરં હોઈ ॥ ૨૦ ॥

બારસાખ અને દ્વારોનું પ્રમાણ ૧૮ યોજન પરિધિમાંથી બાદ કરીને ચારથી ભાગે છતે દ્વારોનું આ અંતર છે. (૨૦)

અઉણાસીઈ સહસ્સા, બાવન્ના અદ્ધજોયણં ચૂણં ।
દારસ્સ ય દારસ્સ ય, અંતરમેયં વિણિદ્દિટ્ઠં ॥ ૨૧ ॥

ન્યૂન ૭૯,૦૫૨ $^{1}/_{2}$ યોજન - દ્વારનું અને દ્વારનું આ અંતર કહ્યું છે. (૨૧)

વાસહરપરિચ્છિન્ના, પુવ્વાવરલવણસાગરં ફિડિયા ।
વાસા સત્ત ઉ ઈણમો, વાસહરા છચ્ચ બોધવ્વા ॥ ૨૨ ॥

વર્ષધરપર્વતોથી વહેંચાયેલા, પૂર્વ-પશ્ચિમમાં લવણસમુદ્રને સ્પર્શેલા, આ સાત ક્ષેત્રો અને છ વર્ષધર પર્વતો જાણવા. (૨૨)

ભરહં હેમવયં તિ ય, હરિવાસં તિ ય મહાવિદેહં તિ ।
રમ્મયં હેરણ્ણવયં, એરાવયં ચેવ વાસાઈ ॥ ૨૩ ॥

ભરત, હિમવંત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક, હિરણ્યવંત અને ઐરવત-આ ક્ષેત્રો છે. (૨૩)

હિમવંત-મહાહિમવંત, પવ્વયા નિસઢનીલવંતા ય ।
રુપ્પી સિહરી એએ, વાસહરગિરી મુણેયવ્વા ॥ ૨૪ ॥

લઘુહિમવંત, મહાહિમવંત પર્વત, નિષધ, નીલવંત, રુક્મી, શિખરી - આ વર્ષધર પર્વતો જાણવા. (૨૪)

વેયડ્ઢનગવરેણં, પુવ્વાવરલવણસાગરગએણં ।
ભરહં દુહા વિહત્તં, દાહિણભરહદ્ધમિયરં ચ ॥ ૨૫ ॥

પૂર્વમાં અને પશ્ચિમમાં લવણસમુદ્રને સ્પર્શેલા વૈતાઢ્યપર્વત વડે ભરતક્ષેત્ર બે ભાગમાં વહેંચાયેલું છે - દક્ષિણભરતાર્ધ અને ઈતર (ઉત્તરભરતાર્ધ). (૨૫)

વિક્ખંભો ભરહદ્ધે, દોન્નિ સએ જોયણાણ અડતીસે ।
તિન્નિ (ય) કલાઓ અવરા, એરવયદ્ધેઽવિ એમેવ ॥ ૨૬ ॥

ભરતાર્ધની પહોળાઈ ૨૩૮ યોજન અને બીજી ૩ કળા છે. ઐરવતાર્ધમાં પણ આ જ પ્રમાણે જાણવું. (૨૬)

ભરહેરવયપ્પભિઈ, દુગુણા દુગુણો ઉ હોઈ વિક્ખંભો ।
વાસાવાસહરાણં, જાવ ય વાસં વિદેહ ત્તિ ॥ ૨૭ ॥

ભરત અને ઐરવતથી માંડીને યાવત્ મહાવિદેહ ક્ષેત્ર સુધી ક્ષેત્રો - વર્ષધર પર્વતોની પહોળાઈ બમણી-બમણી છે. (૨૭)

એગાઇ દુગુણેહિં, ચઉસટ્ઠિં તેહિં ગુણિય વિક્ખંભં ।
ખિત્તનગાણં કમસો, સએણ નઉએણ હિયભાગે ॥ ૨૮ ॥

૧ વગેરે બમણા ૬૪ સુધીના વડે (જંબૂદ્વીપની) પહોળાઈને ગુણીને ૧૯૦થી ભાગ હરે છતે ક્ષેત્ર-પર્વતોની ક્રમશઃ પહોળાઈ આવે. (૨૮)

પંચસએ છવ્વીસે, છચ્ચ કલા વિત્થડં ભરહવાસં ।
દસ સય બાવન્નહિયા, બારસ ય કલાઓ હિમવંતે ॥ ૨૯ ॥

ભરતક્ષેત્ર ૫૨૬ યોજન ૬ કલા વિસ્તૃત છે. લઘુહિમવંત પર્વતની પહોળાઈ ૧,૦૫૨ યોજન ૧૨ કળા છે. (૨૯)

હેમવએ પંચહિયા, ઈગવીસસયાઈ પંચ ય કલાઉ ।
દસહિય બાયાલસયા, દસ ય કલાઓ મહાહિમવે ॥ ૩૦ ॥

હિમવંતક્ષેત્રની પહોળાઈ ૨,૧૦૫ યોજન ૫ કલા છે. મહાહિમવંતપર્વતની પહોળાઈ ૪,૨૧૦ યોજન ૧૦ કલા છે. (૩૦)

હરિવાસે ઈગવીસા, ચુલસીઈ સયા કલા ય એક્કા ય ।
સોલસ સહસ્સ અટ્ઠસય, બાયાલા દો કલા નિસઢે ॥ ૩૧ ॥

હરિવર્ષક્ષેત્રની પહોળાઈ ૮,૪૨૧ યોજન ૧ કલા છે. નિષધપર્વતની પહોળાઈ ૧૬,૮૪૨ યોજન ૨ કળા છે. (૩૧)

તેત્તીસં ચ સહસ્સા, છચ્ચ સયા જોયણાણ ચુલસીયા ।
અઉણાવીસઈભાગા, ચઉરો ય વિદેહવિક્ખંભો ॥ ૩૨ ॥

મહાવિદેહક્ષેત્રની પહોળાઈ ૩૩,૬૮૪ $\frac{૪}{૧૯}$ યોજન છે. (૩૨)

દાહિણભરહદ્ધ ઉસૂ, પણયાલ સયા કલા પણુવીસા ।
વેયડ્ઢે પણસયરી, ચઉપન્ન સયા કલાણં તુ ॥ ૩૩ ॥

દક્ષિણભરતાર્ધનું ઈષુ ૪,૫૨૫ કલા છે. વૈતાઢ્ય પર્વતનું ઈષુ ૫,૪૭૫ કલા છે. (૩૩)

એગ તિગ સત્ત પન્નરસ, ઈગતીસ તિસઠિ હોઈ પણનઉઈ ।
સયવગ્ગસંગુણંસો, વિયાણ ભરહાઈણં ઉસુણો ॥ ૩૪ ॥

સોના વર્ગ (૧૦,૦૦૦)થી ગુણાયેલ ૧-૩-૭-૧૫-૩૧-૬૩-૯૫ તે ભરત વગેરેના ઈષુ જાણ. (૩૪)

ભરહાઈઉસૂ સોહિય, વિક્ખંભ ઈગુણવીસઈગુણાઓ ।
ભાગોડવિ ય દાયવ્વો, એગુણવીસા ય સવ્વત્થ ॥ ૩૫ ॥
ઓગાહૂણ વિક્ખંભમો ય, ઓગાહસંગુણં કુજ્જા ।
ચઉહિં ગુણિયસ્સ મૂલં, મંડલખિત્તસ્સ સા જીવા ॥ ૩૬ ॥

૧૯ ગુણી (જંબૂદ્વીપની) પહોળાઈમાંથી ભરત વગેરેનું ઈષુ બાદ કરીને અવગાહ (ઈષુ)થી ન્યૂન પહોળાઈને અવગાહ (ઈષુ)થી ગુણવી. ચારથી ગુણાયેલી તેનું વર્ગમૂળ તે મંડલક્ષેત્રની જીવા છે. બધે ૧૯થી ભાગ પણ આપવો. (૩૫-૩૬)

જોયણસહસ્સ નવગં, સત્તેવ સયા હવંતિ અડયાલા ।
બારસ ય કલા સકલા, દાહિણભરહદ્ધજીવાઓ ॥ ૩૭ ॥

દક્ષિણભરતાર્ધની જીવા ૯,૭૪૮ યોજન ૧૨ કલા છે. (૩૭)

જીવાવગ્ગં ઉસુણા, ચઉરબ્ભત્થેણ વિભય જં લદ્ધં ।
તં ઉસુસહિયં જાણસુ, નિયમા વટ્ટસ્સ વિક્ખંભં ॥ ૩૮ ॥

જીવાના વર્ગને ૪ થી ગુણાયેલ ઈષુ વડે ભાગ. જે મળે તે ઈષુથી સહિત વૃત્તની પહોળાઈ અવશ્ય જાણ. (૩૮)

ઉસુવગ્ગં છગ્ગુણિયં, જીવાવગ્ગમ્મિ પક્ખિવિત્તાણં;
જં તસ્સ વગ્ગમૂલં, તં ધણુપટ્ઠં વિયાણાહિ ॥ ૩૯ ॥

૬ ગુણા ઈષુ વર્ગને જીવાવર્ગમાં નાંખીને તેનું જે વર્ગમૂળ તે ધનુઃપૃષ્ઠ જાણ. (૩૯)

ધણુવગ્ગાઓ નિયમા, જીવાવગ્ગં વિસોહિત્તાણં ।
સેસસ્સ ય છબ્ભાએ, જં મૂલં તં ઉસૂ હોઈ ॥ ૪૦ ॥

ધનુઃપૃષ્ઠના વર્ગમાંથી અવશ્ય જીવાવર્ગને બાદ કરીને શેષના છ ભાગ કરે છતે જે વર્ગમૂળ તે ઈષુ છે. (૪૦)

જીવાવિક્ખંભાણં, વગ્ગવિસેસસ્સ વગ્ગમૂલં જં ।
વિક્ખંભાઓ સુદ્ધં, તસ્સદ્ધમિસું વિયાણાહિ ॥ ૪૧ ॥

જીવા અને વિષ્કંભના વર્ગના તફાવતનું જે વર્ગમૂળ તેને પહોળાઈમાંથી બાદ કરી તેનું અર્ધ એ ઈષુ જાણ. (૪૧)

ગુણવીસલક્ખતગ્ગુણ, જીવાવગ્ગં વિસોહિઊણિત્તો ।
મૂલં લક્ખેગુણવીસસુદ્ધ-દલ સવ્વ ઉસુકરણં ॥ ૪૨ ॥

૧૯,૦૦,૦૦૦ને તેટલા ગુણ (૧૯,૦૦,૦૦૦ ગુણ) કરીને એમાંથી જીવાવર્ગને બાદ કરી (શેષના) વર્ગમૂળને ૧૯,૦૦,૦૦૦માંથી બાદ કરી અડધું કરવુ-આ સર્વનું ઈષુકરણ છે. (૪૨)

નવ ચેવ સહસ્સાઈ, છાવટ્ઠાઈ સયાઈ સત્તેવ ।
સવિસેસ કલા ચેગા, દાહિણભરહદ્ધ ધણુપટ્ઠં ॥ ૪૩ ॥

દક્ષિણભરતાર્ધનું ધનુઃપૃષ્ઠ ૯,૭૬૬ યોજન સાધિક ૧ કલા છે. (૪૩)

દસ ચેવ સહસ્સાઈ, જીવા સત્ત સયાઈ વીસાઈ ।
બારસ ય કલા ઊણા, વેયડ્ઢગિરિસ્સ વિન્નેયા ॥ ૪૪ ॥

વૈતાઢ્યપર્વતની જીવા ૧૦,૭૨૦ યોજન અને ન્યૂન ૧૨ કલા જાણવી. (૪૪)

દસ ચેવ સહસ્સાઈ, સત્તેવ સયા હવંતિ તેયાલા ।
ધણુપટ્ઠં વેયડ્ઢે, કલા ય પન્નરસ હવંતિ ॥ ૪૫ ॥

વૈતાઢ્યપર્વતનું ધનુઃપૃષ્ઠ ૧૦,૭૪૩ યોજન ૧૫ કલા છે. (૪૫)

મહયા ધણુપટ્ઠાઓ, ડહરાગં સોહિયાહિ ધણુપટ્ઠં ।
જં તત્થ હવઈ સેસં, તસ્સદ્ધે નિદ્દિસે બાહં ॥ ૪૬ ॥

મોટા ધનુઃપૃષ્ઠમાંથી નાના ધનુઃપૃષ્ઠને બાદ કર. ત્યાં જે શેષ છે તેના અર્ધને બાહા કહેવી. (૪૬)

જીવાણ વિસેસદલં, વગ્ગિયમોલંબવગ્ગસંજુત્તં ।
જં તસ્સ વગ્ગમૂલં, સા બાહા હોઈ નાયવ્વા ॥ ૪૭ ॥

જીવાઓના વિશેષ કરી (મોટી જીવામાંથી નાની જીવાને બાદ કરી) તેના અર્ધનો વર્ગ કરી અવલંબ (વિસ્તાર)ના વર્ગથી યુક્ત । થયું જે વર્ગમૂળ તે બાહા છે, એમ જાણવું. (૪૭)

સોલસ ચેવ કલાઓ, અહિયાઓ હુંતિ અદ્ધભાગેણં ।
બાહા વેયડ્ઢસ્સ ઉ, અટ્ઠાસીયા સયા ચઉરો ॥ ૪૮ ॥

વૈતાઢ્યપર્વતની બાહા ૪૮૮ યોજન ૧૬ ૧/૨ કલા છે. (૪૮)

ચઉદ્દસ ય સહસ્સાઈ, સયાઈ ચત્તારિ એગસયરાઈ ।
ભરહુત્તરદ્ધજીવા, છચ્ચ કલા ઊણિયા કિંચિ ॥ ૪૯ ॥

ભરતના ઉત્તરાર્ધની જીવા ૧૪,૪૭૧ યોજન અને કંઈક ન્યૂન ૬ કલા છે. (૪૯)

ચોદ્દસ ય સહસ્સાઈ, સયાઈ પંચેવ અટ્ઠવીસાઈ ।
એક્કારસ ય કલાઓ, ધણુપટ્ઠં ઉત્તરદ્ધસ્સ ॥ ૫૦ ॥

ભરતના ઉત્તરાર્ધનું ધનુઃપૃષ્ઠ ૧૪,૫૨૮ યોજન ૧૧ કલા છે. (૫૦)

ભરહદ્ધુત્તર બાહા, અટ્ઠારસ હુંતિ જોયણસયાઈ ।
બાણઉઈ જોયણાણિ ય, અદ્ધ કલા સત્ત ય કલાઓ ॥ ૫૧ ॥

ભરતના ઉત્તરાર્ધની બાહા ૧,૮૯૨ યોજન ૭ ૧/૨ કલા છે. (૫૧)

ચઉવીસ સહસ્સાઈ, નવ ય સયા જોયણાણ બત્તીસા ।
ચુલ્લહિમવંત-જીવા, આયામેણં કલદ્ધં ચ ॥ ૫૨ ॥

લઘુહિમવંતપર્વતની જીવા લંબાઈથી ૨૪,૯૩૨ યોજન અને $^{1}/_{2}$ કળા છે. (૫૨)

ધણુપટ્ઠં કલચઉક્કં, પણુવીસસહસ્સ દુ સય તીસહિયા ।
બાહા સોલદ્ધકલા, તેવન્ન સયા ય પન્નહિયા ॥ ૫૩ ॥

(લઘુહિમવંતપર્વતનું) ધનુઃપૃષ્ઠ ૨૫,૨૩૦ યોજન ૪ કલા છે, બાહા ૫,૩૫૦ યોજન $૧૬^{1}/_{2}$ કલા છે. (૫૩)

સત્તતીસ સહસ્સા, છચ્ચ સયા જોયણાણ ચઉસયરા ।
હેમવયવાસજીવા, કિંચૂણા સોલસ કલા ય ॥ ૫૪ ॥

હિમવંત ક્ષેત્રની જીવા ૩૭,૬૭૪ યોજન અને કંઈક ન્યૂન ૧૬ કલા છે. (૫૪)

ચત્તારિ ય સત્તસયા, અડતીસ સહસ્સ દસ કલા ય ।
ધણુ બાહા સત્તટ્ઠિસયા, પણપન્ના તિન્નિ ય કલાઓ ॥ ૫૫ ॥

(હિમવંતક્ષેત્રનું) ધનુઃપૃષ્ઠ ૩૮,૭૪૦ યોજન ૧૦ કલા છે, બાહા ૬,૭૫૫ યોજન ૩ કલા છે. (૫૫)

તેવન્ન સહસ્સાઈ, નવ ય સયા જોયણાણ ઈગતીસા ।
જીવા મહાહિમવએ, અદ્ધ કલા છક્કલાઓ ય ॥ ૫૬ ॥

મહાહિમવંતપર્વતની જીવા ૫૩,૯૩૧ યોજન $૬^{1}/_{2}$ કલા છે. (૫૬)

સત્તાવન્ન સહસ્સા, ધણુપટ્ઠ તેણઉય દુસય દસ ય કલા ।
બાહા બાણઉઈ સયા, છસત્તરા નવ કલદ્ધં ચ ॥ ૫૭ ॥

(મહાહિમવંતપર્વતનું) ધનુઃપૃષ્ઠ ૫૭,૨૯૩ યોજન ૧૦ કલા છે, બાહા ૯,૨૭૬ યોજન $૯^{1}/_{2}$ કલા છે. (૫૭)

એગુત્તરા નવ સયા, તેવત્તરિમેવ જોયણસહસ્સા ।
જીવા સત્તરસ કલા, અદ્ધકલા ચેવ હરિવાસે ॥ ૫૮ ॥

હરિવર્ષક્ષેત્રની જીવા ૭૩,૯૦૧ યોજન $૧૭^{1}/_{2}$ કલા છે. (૫૮)

બાહા તેર સહસ્સા, એગટ્ઠા તિસય છક્કલઽદ્ધકલા ।
ધણુપટ્ઠં કલં ચઉક્કં, ચુલસીઈ સહસ્સ સોલહિયા ॥ ૫૯ ॥

(હરિવર્ષક્ષેત્રની) બાહા ૧૩,૩૬૧ યોજન ૬$^{1}/_{2}$ કલા છે, ધનુઃપૃષ્ઠ ૮૪,૦૧૬ યોજન ૪ કલા છે. (૫૯)

ચઉણઉઈ સહસ્સાઈ, છપ્પન્નહિયં સયં ચ કલા દો ય ।
જીવા નિસહસ્સેયા, ધણુપટ્ઠં સે ઈમં હોઈ ॥ ૬૦ ॥

૯૪,૧૫૬ યોજન ૨ કલા આ નિષધપર્વતની જીવા છે. તેનું ધનુઃપૃષ્ઠ આ છે - (૬૦)

લક્ખં ચઉવીસ સહસ્સ, તિસય છાયાલ નવ કલાઓ ય ।
બાહા પન્નટ્ઠસયં, સહસ્સ વીસં દુકલ અદ્ધં ॥ ૬૧ ॥

૧,૨૪,૩૪૬ યોજન ૯ કલા, બાહા ૨૦,૧૬૫ યોજન ૨$^{1}/_{2}$ કલા (૬૧)

સત્તટ્ઠા સત્તસયા, તેત્તીસ સહસ્સ સત્ત ય કલદ્ધં ।
બાહા વિદેહવાસે, મજ્ઝે જીવા સયસહસ્સં ॥ ૬૨ ॥

મહાવિદેહક્ષેત્રની બાહા ૩૩,૭૬૭ યોજન ૭$^{1}/_{2}$ કલા છે, મધ્યમાં જીવા ૧,૦૦,૦૦૦ યોજન છે. (૬૨)

ઉભઓ સે ધણુપટ્ઠં, લક્ખં અડપન્ન જોયણસહસ્સા ।
સયમેગં તેરહિયં, સોલસ ય કલા કલદ્ધં ચ ॥ ૬૩ ॥

બન્ને બાજુ તેનું ધનુઃપૃષ્ઠ ૧,૫૮,૧૧૩ યોજન ૧૬$^{1}/_{2}$ કલા છે. (૬૩)

ખિત્તસ્સ પયરગણિએ, જિટ્ઠ-કણિટ્ઠાણ તસ્સ જીવાણં ।
કાઉં સમાસમદ્ધં, ગુણેહિં તસ્સેવ વાસેણં ॥ ૬૪ ॥

ક્ષેત્રોનાં પ્રતરગણિતમાં તેની મોટી-નાની જીવાને ભેગી કરી તેના અર્ધને તેના જ વ્યાસથી ગુણ. (૬૪)

પયરં ઉસ્સેહગુણં, ઘણગણિયં પવ્વયાણ જે ઉ સમા ।
પયરં ઉવ્વેહગુણં; લવણવિવજ્જાણ ઉયહીણં ॥ ૬૫ ॥

જે પર્વતો સમાન છે તેમનું ઘનગણિત ઊંચાઈથી ગુણાયેલ પ્રત્તર છે. લવણસમુદ્ર સિવાયના સમુદ્રોનું ઘનગણિત ઊંડાઈથી ગુણાયેલ પ્રત્તર છે. (૬૫)

जीवावग्गं जिट्ठमियरं च, मेलेउ तस्स अद्धस्स ।
मूलं बाहा विक्खंभ-गुणिय पयरं हवई ताहे ॥ ६६ ॥

મોટા અને નાના જીવાવર્ગને ભેગુ કરીને તેના અર્ધનું વર્ગમૂળ તે બાહા છે. પહોળાઈથી ગુણાયેલ તે બાહા ત્યાં પ્રતર થાય છે.(૬૬)

तीसहिया चउत्तीसं, कोडिसया लक्खसीई भरहद्धे ।
सत्ताणवई सहस्सा, पंच सया जीववग्गो उ ॥ ६७ ॥

ભરતાર્ધમાં જીવાવર્ગ ૩૪,૩૦,૮૦,૯૭,૫૦૦ યોજન છે. (૬૭)

वेयड्ढे जीववग्गो, सत्ताणउई सहस्स पंच सया ।
अउणापन्नं कोडी, ईगयालीसं च कोडिसया ॥ ६८ ॥

વૈતાઢ્યપર્વતનો જીવાવર્ગ ૪૧,૪૯,૦૦,૯૭,૫૦૦ યોજન છે. (૬૮)

भरहद्ध जीववग्गो, पणसयरी छच्च अट्ठ सुन्नाई ।
चुल्ले जीवावग्गो, दुवीस चोयाल सुन्नट्ठ ॥ ६९ ॥

(ઉત્તર)ભરતાર્ધનો જીવાવર્ગ ૭૫,૬૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે. લઘુહિમવંતપર્વતનો જીવાવર્ગ ૨,૨૪,૪૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે. (૬૯)

जीवावग्गिगवन्ना, चउवीसं अट्ठ सुन्न हेमवए ।
पंचहियं सयमेगं, महाहिमवे दस य सुन्नाई ॥ ७० ॥

હિમવંતક્ષેત્રનો જીવાવર્ગ ૫,૧૨,૪૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે. મહાહિમવંતપર્વતનો જીવાવર્ગ ૧૦,૫૦,૦૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે. (૭૦)

हरिवास-जीववग्गो, उणवीसं सत्त सोल सुन्नट्ठ ।
बत्तीसं दो सुन्ना, चउरो सुन्नट्ठ निसहम्मि ॥ ७१ ॥

હરિવર્ષક્ષેત્રનો જીવાવર્ગ ૧૯,૭૧,૬૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે. નિષધપર્વતનો જીવાવર્ગ ૩૨,૦૦,૪૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે. (૭૧)

छत्तीसेक्कग दस सुन्न, जीवावग्गो विदेहमज्झम्मि ।
एएसि समासद्धे, मूलं बाहा उ विन्नेया ॥ ७२ ॥

મહાવિદેહક્ષેત્રની મધ્યમાં જીવાવર્ગ ૩૬,૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે. આમનો સમાસ કરીને અર્ધનું વર્ગમૂળ એ બાહા જાણવી. (૭૨)

वेयड्ढ-जम्मभरहद्ध-जीववग्गो दुवेऽवि मेलेउं ।
तस्सद्धे जं मूलं, सो कलारासी ईमो होई ॥ ७३ ॥

વૈતાઢ્યપર્વત અને દક્ષિણભરતાર્ધના બન્ને જીવાવર્ગોને ભેગા કરીને તેના અર્ધનું જે વર્ગમૂળ તે કલારાશિ આ છે - (૭૩)

चउणउई सहस्साई, लक्खो छावत्तरा सया छच्च ।
सेस दुछक्कोवट्टिय, दोनवतिगसत्तसत्तंसा ॥ ७४ ॥
छेओ तिग-दुग-चउचउ छक्का, वेयड्ढ बाहा लद्धेसा ।
पन्नास जोयणगुणा, पयरं गुणवीसहिय लद्धं ॥ ७५ ॥

૧,૯૪,૬૭૬. શેષને બે છ (૧૨)થી ભાગવું. ૨૯,૩૭૭ અંશ, છેદરાશિ ૩૨,૪૪૬ થાય. આ મળેલી વૈતાઢ્યપર્વતની બાહા છે. ૫૦ યોજનથી ગુણી ૧૯ થી હરી પ્રતર મળે. (૭૪, ૭૫)

सत्तहिया तिन्नि सया, बारस य सहस्स पंच लक्खा य ।
बारस य कला पयरं, वेयड्ढगिरिस्स धरणितले ॥ ७६ ॥

વૈતાઢ્યપર્વતનું પૃથ્વીતલે પ્રતર ૫,૧૨,૩૦૭ યોજન ૧૨ કલા છે. (૭૬)

दसजोयणुस्सएे पुण, तेवीस सहस्स लक्ख ईगवन्नं ।
जोयण छावत्तरि छक्कला य, वेयड्ढघणगणियं ॥ ७७ ॥

૧૦ યોજન ઊંચાઈમાં વૈતાઢ્યપર્વતનું ઘનગણિત ૫૧,૨૩,૦૭૬ યોજન ૬ કલા છે. (૭૭)

જોયણ તીસે વાસે, પઢમાએ મેહલાએ પયરમિમં ।
લક્ખ તિગ તિસયરિસયા, ચુલસી ઈક્કારસ કલાઓ ॥ ૭૮ ॥

૩૦ યોજનના વ્યાસમાં પ્રથમ મેખલામાં આ પ્રતર છે- ૩,૦૭,૩૮૪ યોજન ૧૧ કલા. (૭૮)

અટ્ઠ સયા પણયાલા, તીસં લક્ખા તિસત્તરિ સહસ્સા ।
પન્નરસ કલા ય ઘણો, દસુસ્સએ હોઈ બીયમ્મિ ॥ ૭૯ ॥

૧૦ યોજન ઊંચાઈવાળા બીજા ખંડમાં ૩૦,૭૩,૮૪૫ યોજન ૧૫ કલા ઘનગણિત છે. (૭૯)

દસ જોયણ વિક્ખંભે, બીયાએ મેહલાએ પયરમિમં ।
લક્ખા ચઉવીસસયા, એગટ્ઠા દસ કલાઓ ય ॥ ૮૦ ॥

૧૦ યોજન પહોળાઈવાળી બીજી મેખલામાં આ પ્રતર છે- ૧,૦૨,૪૬૧ યોજન ૧૦ કલા. (૮૦)

સત્તહિયા તિન્નિસયા, બારસ ય સહસ્સ પંચ લક્ખા ય ।
અવરા ય બારસ કલા, પણુસ્સએ હોઈ ઘણગણિયં ॥ ૮૧ ॥

૫ યોજન ઊંચાઈવાળા ત્રીજા ખંડમાં ઘનગણિત ૫,૧૨,૩૦૭ યોજન ૧૨ કલા છે. (૮૧)

સત્તાસીઈ લક્ખા, ઉણત્તીસ હિયા ય બિનવઈ સયાઈ ।
અઉણાવીસઈ ભાગા, ચોદસ વેયડ્ઢ ઘણગણિયં ॥ ૮૨ ॥

વૈતાઢ્યપર્વતનું ઘનગણિત ૮૭,૦૯,૨૨૯ $\frac{૧૪}{૧૯}$ યોજન છે. (૮૨)

કલ લક્ખદુગં ઈયાલસહસ્સા, નવ સયા ય સટ્ઠહિયા ।
સુન્નમવણેઉ અંસ ચઉ, સુન્નગ સત્ત એગ પણ ॥ ૮૩ ॥
છેઓ ચઉ અડ તિગ નવ, દુગા ય બાહેસ ઉત્તરદ્ધસ્સ ।
ગુણિયા પણવીસેહિં, પણયાલસએહિં હોઈ ઈમં ॥ ૮૪ ॥

ઉત્તરભરતાર્ધની બાહા ૨,૪૧,૯૬૦ કલા છે. શૂન્યને દૂર કરીને શેષ ૪૦,૭૧૫ અંશ છે, છેદરાશિ ૪૮,૩૯૨ છે. તે ૪,૫૨૫થી ગુણાયેલી આ પ્રમાણે થાય - (૮૩, ૮૪)

કોડીસયં નવ કોડી, અઉણત્તરિ સહસ્સ લક્ખ અડયાલા ।
હિટ્ઠિલ્લે પણ સત્તગ, તિગ પણ તિગ દુગ ચઉટ્ઠિક્કો ॥ ૮૫ ॥
છેયહિયલદ્ધમુવરિં, પક્ખિવ એગટ્ઠતિસયભઈએ ય ।
લદ્ધડસિય અટ્ઠસયા, બત્તીસ સહસ્સ તીસં ચ ॥ ૮૬ ॥
લક્ખા બારસ ય કલા, અહિયા એક્કારસેહિં ભાગેહિં ।
ઉણવીસ છેયકએ, ઉત્તરભરહદ્ધપયરં તુ ॥ ૮૭ ॥

૧,૦૯,૪૮,૬૯,૦૦૦ કલા. નીચેના અંશો ૧૮,૪૨,૩૫, ૩૭૫ છે. છેદથી ભાગતા જે મળે તે ઉપર ઉમેરવું. ૩૬૧થી ભાગે છતે ૩૦,૩૨,૮૮૮ યોજન ૧૨ કલા અને ૧૯ના છેદથી કરેલા ૧૧ ભાગોથી અધિક મળે. તે ઉત્તરભરતાર્ધનું પ્રતર છે. (૮૫, ૮૬, ૮૭)

કલારાસી તિન્નિ લક્ખા, સત્તાસીઈ સહસ્સા દો ય સયા ।
અડનઉયા સેસે પુણ, ચઉક્કઉવ્વટ્ટિય અંસા ॥ ૮૮ ॥
છચ્ચઉ સત્તગ નવ નવ, છેઓ ઈગનવતિગા ય છ ચઉ નવ ।
બાહેસ ચુલ્લહિમવે, પયરં સે નિયયવાસગુણં ॥ ૮૯ ॥

કલારાશિ ૩,૮૭,૨૯૮ છે. શેષમાં ૪ થી ભગાયેલા અંશો છે ૬૪,૭૯૯. છેદરાશિ ૧,૯૩,૬૪૯ છે. તે લઘુહિમવંતપર્વતની બાહા છે. પોતાના વ્યાસથી ગુણાયેલ તે તેનું પ્રતર છે. (૮૮, ૮૯)

સટ્ઠિ સહસ્સા અઉણટ્ઠિ લક્ખ, ચઉસયરિ કોડી સત્ત સયા ।
હેટ્ઠિલ્લે ઈગ દુગ નવ, પણ નવ અટ્ઠ સુન્ન ચઉ ॥ ૯૦ ॥
છેયહિયલદ્ધમુવરિં, પક્ખિવ એગટ્ઠિ તિસય ભઈએ ય ।
લદ્ધિગસત્તરિ નવસય, છપ્પન્ન સહસ્સ ચઉદસ ય ॥ ૯૧ ॥
લકખા દુ કોડિ અટ્ઠ ય, કલા ઉ દસ અઉણવીસ ભાગા ઉ ।
ચુલ્લહિમવંતપયરં, ઘણગણિયં ઉસ્સહેણ ગુણં ॥ ૯૨ ॥

૭,૭૪,૫૯,૬૦,૦૦૦ કલા નીચેના અંશો ૧,૨૯,૫૯,૮૦,૦૦૦ છે. છેદથી ભાગીને મળેલું ઉપર ઉમેરવું. ૩૬૧ થી ભાગતા ૨,૧૪,૫૬,૯૭૧ યોજન ૮ કલા અને ૧ કલાના ૧૦ ઓગણીસીયા ભાગ. તે લઘુહિમવંતપર્વતનું પ્રતર છે. ઊંચાઈથી ગુણાયેલું તે ઘનગણિત છે. (૯૦, ૯૧, ૯૨)

દો ચેવ ય કોડિસયા, ચઉદ્દસ કોડિઓ લક્ખ છપ્પન્ના ।
સત્તાણઉઈ સહસ્સા, ચોયાલસયં ચ ઘણગણિયં ॥ ૯૩ ॥
સોલસ ચેવ કલાઓ, અહિયા એગુણવીસ ભાગેહિં ।
બારસહિં ચેવ સયા, ચુલ્લહિમવંતે વિયાણાહિ ॥ ૯૪ ॥

૨,૧૪,૫૬,૯૭,૧૪૪ યોજન ૧૬ કલા ૧ કલાના ૧૨ ઓગણીસીયા ભાગથી અધિક લઘુહિમવંતપર્વતનું ઘનગણિત જાણ. (૯૩, ૯૪)

અઉણટ્ઠા ઉણસત્તરિ, સયા ઉ છ લક્ખ ચેવ ય કલાણં ।
સેસે સત્તગ સત્તગ, દુગ તિગ ઈગ નવ ય અંસા ઉ ॥ ૯૫ ॥
છેઓ ઈગ દુગ એક્કગ, તિગ નવ એક્કો ય અટ્ઠ બાહેસા ।
હેમવએ વિન્નેયા, પયરં સે નિયયવાસગુણં ॥ ૯૬ ॥

૬,૦૬,૯૫૯ કલા, શેષમાં અંશો ૭૭૨૩૧૯ છે, છેદરાશિ ૧૨,૧૩,૯૧૮ છે. આ હિમવંતક્ષેત્રની બાહા જાણવી. તેના પોતાના વ્યાસથી ગુણાયેલ તે પ્રતર છે. (૯૫, ૯૬)

ઉવરિમરાસી દુગ ચઉ, દુગ સત્તટ્ઠ તિગ છક્ક સુન્ન ચઉ ।
હેટ્ઠે તિગ સુન્નટ્ઠ નવ, દુગ સત્તગ છક્ક સુન્ન ચઉ ॥ ૯૭ ॥

ઉપરનો રાશિ ૨૪,૨૭,૮૩,૬૦,૦૦૦ છે. નીચેનો રાશિ ૩૦,૮૯,૨૭,૬૦,૦૦૦ છે. (૯૭)

છેયહિયલદ્ધમુવરિં, પક્ખિવ એગટ્ઠતિસય ભઈએ ય ।
લદ્ધા છક્કોડીઓ, બાવત્તરિસયસહસ્સા ય ॥ ૯૮ ॥
તેવન્નં ચ સહસ્સા, પણયાલસયં ચ પંચ ય કલાઉ ।
હેમવયવાસપયરં, અટ્ઠ ય ઉણવીસ ભાગા ય ॥ ૯૯ ॥

છેદથી ભાગતા મળેલ ઉપર નાંખ, ૩૬૧થી ભાગે છતે ૬,૭૨,૫૩,૧૪૫ યોજન ૫ કલા અને ૧ કલાના ૮ ઓગણીસીયા ભાગ મળ્યા. તે હિમવંતક્ષેત્રનું પ્રતર છે. (૯૮, ૯૯)

પણપન્ના અટ્ઠ સયા, તેસીઈ સહસ્સ અટ્ઠલક્ખા ય ।
કલારાસેસો સેસો, પણતીસોવટ્ટિએ અંસા ॥ ૧૦૦ ॥
નવ છ અડ પણ છેઓ, પંચ ય સુન્ન પણ સુન્ન છક્કો ય ।
બાહેસ મહાહિમવે, પયરં સ નિયયવાસગુણં ॥ ૧૦૧ ॥

૮,૮૩,૮૫૫ - આ કલારાશિ છે. શેષને ૩૫ થી ભાગતા અંશો ૯,૬૮૫ છે, છેદરાશિ ૫૦૫૦૬ છે. મહાહિમવંતપર્વતની આ બાહા છે. તે પોતાના વ્યાસથી ગુણાયેલ તેનું પ્રતર છે. (૧૦૦, ૧૦૧)

ચુલસીઈ સયસહસ્સા, સત્તરિ કોડિ ય સત્ત સહસ્સા ।
હિટ્ઠા સત્તગ સત્તગ, ચઉ અડ પંચેવ સુન્નાઈ ॥ ૧૦૨ ॥
છેયહિયલદ્ધમુવરિં, પક્ખિવ એગટ્ઠ તિસયભઈએ ય ।
ગુણવીસં કોડીઓ, લદ્ધા અડપન્ન લક્ખા ય ॥ ૧૦૩ ॥
અટ્ઠટ્ઠિ સહસ્સાણિ ય, છાસી ય સયં ચ દસ કલાઓ ય ।
પંચ ઉણવીસભાગા, કલાઈ પયરં મહાહિમવે ॥ ૧૦૪ ॥

૭૦,૭૦,૮૪,૦૦,૦૦૦ કલા. નીચે ૭૭,૪૮,૦૦,૦૦૦ છે. છેદથી ભાગતા મળેલું ઉપર નાંખ. ૩૬૧ થી ભાગે છતે ૧૯,૫૮,૬૮,૧૮૬ યોજન ૧૦ કલા અને ૧ કલાના ૫ ઓગણીસીયા ભાગ મળ્યા. તે મહાહિમવંતપર્વતનું પ્રતર છે. (૧૦૨,૧૦૩,૧૦૪)

સત્તત્તીસ સહસ્સા, છત્તીસં લક્ખ તિસય અટ્ઠહિયા ।
કોડીણૂયાલ સયા, સત્તરિસ ય કોડિ ઘણગણિયં ॥ ૧૦૫ ॥

૩૯,૧૭,૩૬,૩૭,૩૦૮ યોજન (મહાહિમવંતપર્વતનું) ઘનગણિત છે. (૧૦૫)

છાયાલસયં ગુણતીસ, સહસ્સા લક્ખા બારસ કલાણં ।
ચઉરોવટ્ટિય સેસે, દો સત્ત છ સત્ત એગંસા ॥ ૧૦૬ ॥
છેઓ છ એક્ક ચઉ પણ, સત્તગ તિગ એસ બાહ હરિવાસે ।
વિક્ખંભનિયયગુણિયા, પયરં ગુણિએ ઈમો રાસી ॥ ૧૦૭ ॥

૧૨,૨૯,૧૪૬ કલા. શેષ ચારથી ભગાયે છતે ૨૭,૬૭૧ અંશો છે અને છેદરાશિ ૬,૧૪,૫૭૩ છે. આ હરિવર્ષક્ષેત્રની બાહા છે. તે પોતાની પહોળાઈથી ગુણાયેલી પ્રતર છે. ગુણે છતે આ રાશિ થાય છે (૧૦૬, ૧૦૭)

એક્ક નવ છક્ક છક્કગ, છક્કગ તિ તિ છક્ક સુન્ન ચત્તારિ ।
હેટ્ઠા ચઉ ચઉ દોન્નિ ય, સત્ત તિગો છક્ક સુન્ન ચઉ ॥ ૧૦૮ ॥
છેયહિયલદ્ધ સત્તગ, દુગં ચ સુન્નં ચઉક્ક કિંચૂણો ।
પક્ખિય ઉવરિં વિભએ, એગટ્ઠહિએહિં તિસએહિં ॥ ૧૦૯ ॥
ચઉપન્નં કોડીઓ, લક્ખા સીયાલ તિસયરિ સહસ્સા ।
અડસય સત્તરિ સત્ત ય, કલાઉ પયરં તુ હરિવાસે ॥ ૧૧૦ ॥

૧,૯૬,૬૬,૩૩,૬૦,૦૦૦. નીચે ૪,૪૨,૭૩,૬૦,૦૦૦ છે. છેદથી ભાગે છતે મળેલા કંઈક ન્યૂન ૭,૨૦૪ ઉપર નાંખી ૩૬૧થી ભાગવા. તે હરિવર્ષક્ષેત્રનું પ્રતર ૫૪,૪૭,૭૩,૮૭૦ યોજન અને ૭ કલા છે. (૧૦૮, ૧૦૯, ૧૧૦)

સોલસ લક્ખ કલાણં, ઈગસીઈ સયા ચઉત્તરા નિસઢે ।
સોલસ વિહત્ત સેસે, નવ પણ તિગ દોન્નિ ચઉરંસા ॥ ૧૧૧ ॥
છેઓ દુગ સુન્નેક્કગ, સુન્નેક્ક ય તિન્નિ નિસહ બાહેસા ।
વિક્ખંભનિયયગુણિયા, પયરં ગુણિએ ઈમો રાસી ॥ ૧૧૨ ॥

નિષધપર્વતમાં ૧૬,૦૮,૧૦૪ કલા. શેષ ૧૬થી ભગાયે છતે ૯૫,૩૨૪ અંશો છે. છેદરાશિ ૨,૦૧,૦૧૩ છે. આ નિષધ પર્વતની બાહા છે. તે પોતાની પહોળાઈથી ગુણાયેલી પ્રતર છે. ગુણે છતે આ રાશિ થાય. (૧૧૧, ૧૧૨)

ઉવરિં પણેગ ચઉ પણ, નવ તિગ દુગ અટ્ઠ સુન્નચત્તારિ ।
હેટ્ઠા તિ સુન્ન પંચ ય, સુન્ન તિ છક્કટ્ઠ સુન્ન ચઉ ॥ ૧૧૩ ॥

ઉપર ૫,૧૪,૫૯,૩૨,૮૦,૦૦૦ છે. નીચે ૩૦,૫૦,૩૬, ૮૦,૦૦૦ છે. (૧૧૩)

છેયહિયલદ્ધમિગ પણ, ઈગ સત્તગ ચેવ અઉણપન્ન કલા ।
પક્ખિવ ઉવરિં વિભએ, એગટ્ઠહિએહિં તિસએહિં ॥ ૧૧૪ ॥
બાયાલં કોડિસયં, છાવટ્ઠિસહસ્સ લક્ખ ચઉપન્નં ।
અઉણુત્તર પંચસયા, પયરં અટ્ઠારસ કલાઓ ॥ ૧૧૫ ॥

છેદથી ભાગે છતે મળ્યું ૧,૫૧,૭૪૯ કલા. તે ઉપર નાંખ. ૩૬૧થી ભાગે છતે ૧,૪૨,૫૪,૬૬,૫૬૯ યોજન ૧૮ કલા (નિષધપર્વતનું) પ્રતર છે. (૧૧૪, ૧૧૫)

ઉણસીઈ નવસયટ્ઠાર કોડિ, છાવટ્ઠિ લક્ખ ઘણગણિયં ।
સત્તાવીસ સહસ્સા, સગપન્ન સહસ્સ કોડીણં ॥ ૧૧૬ ॥

૫૭,૦૧૮,૬૬,૨૭,૯૭૯ યોજન (નિષધપર્વતનું) ઘનગણિત છે. (૧૧૬)

લક્ખટ્ઠારસ પણયાલ-સહસ્સ તિન્નિ કલા સયટ્ઠારા ।
ચઉરોવટ્ટિય સેસં, તિગ છગ નવ સત્ત એગ નવ ॥ ૧૧૭ ॥
છેઓ નવ દુગ દુગઓ, છ પંચ નવ બાહ એસ બોધવ્વા ।
વિદેહદ્ધવાસગુણિયા, પયરં વિદેહદ્ધવાસસ્સ ॥ ૧૧૮ ॥

૧૮,૪૫,૩૧૮ કલા. ૪ થી ભગાયેલ શેષ ૩,૬૯,૭૧૯ છે. શેષ ૯,૨૨,૬૫૯ છે. આ (વિદેહાર્ધની) બાહા જાણવી. તે વિદેહાર્ધના વ્યાસથી ગુણાયેલી વિદેહાર્ધક્ષેત્રનું પ્રતર છે. (૧૧૭, ૧૧૮)

પંચ નવ સુન્ન પણ સુન્ન, એગ સત્તેવ છચ્ચ સુન્નચઉ ।
હેટ્ઠિગ ઈગ અડ તિગ ઈગ, સુન્નદુગં અટ્ઠ સુન્નચઉ ॥ ૧૧૯ ॥

(ઉપર) ૫,૯૦,૫૦,૧૭,૬૦,૦૦૦ છે. નીચે ૧૮,૩૧,૦૦,૮૦,૦૦૦ છે. (૧૧૯)

છેયહિયલદ્ધમિગ દુગ, અડ દુગ દુગ સત્ત કિંચિ સવિસેસા;
પક્ખિવ ઉવરિં વિભએ, એગટ્ઠહિએહિં તિસએહિં ॥ ૧૨૦ ॥
તેવટ્ઠં કોડિસયં ઉયાલા, સહસ્સ લક્ખ સગવન્ના ।
દુયહિયતિસયા પયરં, કિંચૂણિક્કારસ કલા ય ॥ ૧૨૧ ॥

છેદથી ભાગતા મળ્યુ સાધિક ૧,૨૮,૨૨૭ કલા. તે ઉપર નાંખ. ૩૬૧ થી ભાગે છતે ૧,૬૩,૫૭,૩૯,૩૦૨ યોજન કંઈક ન્યૂન ૧૧ કલા (વિદેહાર્ધનું) પ્રતર છે. (૧૨૦, ૧૨૧)

દાહિણભરહદ્ધસ્સ ઉ, ઉસુએણં સંગુણિત્તુ જીવંસે ।
વગ્ગિય દસસંગુણિયં, કરણી સે પયરગણિયં તુ ॥ ૧૨૨ ॥

દક્ષિણભરતાર્ધની જીવાના અંશોને ઈષુથી ગુણી (૪ થી ભાગી) તેનો વર્ગ કરી ૧૦થી ગુણી વર્ગમૂળ કરવું. તે તેનું પ્રતરગણિત છે. (૧૨૨)

જમ્મભરહદ્ધ જીવા, કલાણ લક્ખં સહસ્સ પણસીઈ ।
દો ય સયા ચઉવીસા, રૂવદ્ધહિએણ પણુવીસા ॥ ૧૨૩ ॥

દક્ષિણભરતાર્ધની જીવા ૧,૮૫,૨૨૪ કલા છે. $^{1}/_{2}$ કલા અધિક હોવાથી ૧,૮૫,૨૨૫ કલા છે. (૧૨૩)

એસા ઉસુએણ ગુણા, ચઉભઈયા જાય દુન્નિ સુન્ન નવ ।
પણ તિગ પણ સત્તટ્ઠિક્કગા ય, મુક્કો ઈત્થ ચઉભાગો ॥ ૧૨૪ ॥

ઈષુથી ગુણાયેલી અને ૪ થી ભગાયેલી તે ૨૦,૯૫,૩૫,૭૮૧ થઈ. અહીં ચોથો ભાગ મૂકી દીધો છે. (૧૨૪)

એયસ્સ કિઈ દસગુણ, ચઉ તિગ નવ સુન્ન પણ દુ ચઉ તિન્નિ ।
પણ ઈગ નવ દુગ સત્તગ, નવ નવ છક્કેક્કગો સુન્નં ॥ ૧૨૫ ॥

એનો વર્ગ કરી ૧૦ગુણ કરતા ૪,૩૯,૦૫,૨૪,૩૫,૧૯, ૨૭,૯૯,૬૧૦ થાય. (૧૨૫)

મૂલં છક્કગ છક્કગ, દુ છક્ક ઈગ સુન્ન તિન્નિ એગ નવ ।
તિસએગટ્ઠવિહત્તે, લદ્ધા કિર જોયણા ઈણમો ॥ ૧૨૬ ॥

તેનું વર્ગમૂળ ૬૬,૨૬,૧૦,૩૧૯ છે. તેને ૩૬૧થી ભાગે છતે આ યોજન મળ્યા. (૧૨૬)

લક્ખટ્ઠારસ પણતીસ, સહસ્સા ચઉ સયા ય પણસીયા ।
બારસ કલ છચ્ચ કલા, દાહિણભરતદ્ધપયરં તુ ॥ ૧૨૭ ॥

૧૮,૩૫,૪૮૫ યોજન ૧૨ કલા ૬ વિકલા દક્ષિણભરતાર્ધનું પ્રતર છે. (૧૨૭)

ખેત્તાણ પયરગણિયં, સંવવહારેણ એચ્ચિયં હોઈ ।
સંપુન્નરાસિગુણણે, અહિયતરાગં પિ હુજ્જાહિ ॥ ૧૨૮ ॥

ક્ષેત્રોનું પ્રતરગણિત વ્યવહારથી આટલું છે. સંપૂર્ણ રાશિ ગુણે છતે અધિક પણ થાય. (૧૨૮)

વિક્ખંભુસુ જીવા ધણુ, બાહા પયરં ચ દાહિણાણ જહા ।
તહ ચેવ ઉત્તરાણ વિ, એરવયાઈણ બોધવ્વા ॥ ૧૨૯ ॥

જેમ દક્ષિણના (ક્ષેત્રોના) પહોળાઈ, ઈષુ, જીવા, ધનુઃપૃષ્ઠ, બાહા, પ્રતર છે, તેમ જ ઉત્તરના પણ ઐરવત વગેરેના જાણવા. (૧૨૯)

જોયણસયમુવ્વિદ્ધા, કણગમયા સિહરિ ચુલ્લહિમવંતા ।
રુપ્પિમહાહિમવંતા, દુસઉચ્ચા રુપ્પકણગમયા ॥ ૧૩૦ ॥

લઘુહિમવંત અને શિખરી પર્વતો ૧૦૦ યોજન ઊંચા અને સુવર્ણમય છે. રુક્મી અને મહાહિમવંત પર્વતો ૨૦૦ યોજન ઊંચા અને રુક્મસુવર્ણમય (સફેદસુવર્ણમય) છે. (૧૩૦)

ચત્તારિ જોયણસએ, ઉવ્વિદ્ધા નિસહનીલવંતાડવિ ।
નિસહો તવણિજ્જમઓ, વેરુલિઓ નીલવંતગિરિ ॥ ૧૩૧ ॥

નિષધ-નીલવંત પર્વતો પણ ૪૦૦ યોજન ઊંચા છે. નિષધપર્વત તપનીય(લાલસુવર્ણ)મય છે અને નીલવંતપર્વત વૈડૂર્યરત્નમય છે. (૧૩૧)

વેયડ્ઢ માલવંતે, વિજ્જુપ્પભનિસઢનીલવંતે ય ।
નવ નવ કુડા ભણિયા, એક્કારસ સિહરિહિમવંતે ॥ ૧૩૨ ॥

વૈતાઢ્ય, માલ્યવંત, વિદ્યુત્પ્રભ, નિષધ, નીલવંત પર્વતો ઉપર ૯-૯ કૂટો કહ્યા છે. લઘુહિમવંત અને શિખરી પર્વતો ઉપર ૧૧ કૂટો છે. (૧૩૨)

રુપ્પિમહાહિમવંતે, સોમણસે ગંધમાયણે કુડા ।
અટ્ઠટ્ઠ સત્ત સત્ત ય, વક્ખારગિરીસુ ચત્તારિ ॥ ૧૩૩ ॥

રુક્મી, મહાહિમવંત, સૌમનસ, ગંધમાદન પર્વતો ઉપર ૮, ૮, ૭, ૭ અને વક્ષસ્કારપર્વતો ઉપર ૪ કૂટો છે. (૧૩૩)

સિદ્ધે ભરહે ખંડગ-મણિભદ્દે પુન્નભદ્દે વેયડ્ઢે ।
તિમિસગુહુત્તરભરહે, વેસમણે કૂડ વેયડ્ઢે ॥ ૧૩૪ ॥

સિદ્ધ, દક્ષિણભરતાર્ધ, ખંડપ્રપાત ગુફા, માણિભદ્ર, પૂર્ણભદ્ર, વૈતાઢ્ય, તિમિસ્રગુફા, ઉત્તરભરતાર્ધ, વૈશ્રમણ-વૈતાઢ્યપર્વત ઉપર આ છે કૂટો. (૧૩૪)

સિદ્ધે ય ચુલ્લહિમવે, ભરહે ય ઈલાએ હોઈ દેવીએ ।
ગંગાવત્તણકૂડે, સિરિકૂડે રોહિયંસે ય ॥ ૧૩૫ ॥
તત્તો ય સિંધુયાવત્તણે ય, કૂડે સુરાએ દેવીએ ।
હેમવએ વેસમણે, એક્કારસ કૂડ હિમવંતે ॥ ૧૩૬ ॥

સિદ્ધ, લઘુહિમવંત, ભરત, ઈલાદેવીનું, ગંગાવર્ત્તન કૂટ, શ્રીદેવી કૂટ, રોહિતાંશા દેવીનું, પછી સિંધ્વાવર્તન કૂટ, સુરાદેવીનું, હિમવંત, વૈશ્રમણ-લઘુહિમવંતપર્વત ઉપર આ ૧૧ કૂટો છે. (૧૩૫, ૧૩૬)

સિદ્ધે ય મહાહિમવે, હેમવએ રોહિયાહિરીકૂડે ।
હરિકંતા હરિવાસે, વેરુલિએ અટ્ઠ મહાહિમવે ॥ ૧૩૭ ॥

સિદ્ધ, મહાહિમવંત, હિમવંત, રોહિતા, હ્રીકૂટ, હરિકાંતા, હરિવર્ષ, વૈડૂર્ય-મહાહિમવંતપર્વત ઉપર આ ૮ કૂટો છે. (૧૩૭)

સિદ્ધે નિસહે હરિવાસે, વિદેહે હરિ ધિઈ ય સીયોયા ।
અવરવિદેહે રુયગે, નવ કૂડા હોંતિ નિસહમ્મિ ॥ ૧૩૮ ॥

સિદ્ધ, નિષધ, હરિવર્ષ, પૂર્વવિદેહ, હરિ, ધૃતિ, સીતોદા, પશ્ચિમવિદેહ, રુચક-નિષધપર્વત ઉપર આ ૯ કૂટ છે. (૧૩૮)

સિદ્ધે ય ગંધમાયણ, ગંધિય તહ ઉત્તરા ફલિહ કૂડે ।
તહ લોહિયક્ખકૂડે, આણંદે ચેવ સત્તમએ ॥ ૧૩૯ ॥

સિદ્ધ, ગંધમાદન, ગંધિલાવતી, ઉત્તરકુરુ, સ્ફટિક કૂટ, લોહિતાક્ષ કૂટ અને સાતમુ આનંદ (—ગંધમાદનપર્વત ઉપર આ કૂટો છે). (૧૩૯)

સિદ્ધે ય માલવંતે, ઉત્તરકુરુ કચ્છસાગરે રુયગે ।
સીયાએ પુન્નભદ્દે, હરિસ્સહે ચેવ નવ કૂડા ॥ ૧૪૦ ॥

સિદ્ધ, માલ્યવંત, ઉત્તરકુરુ, કચ્છ, સાગર, રુચક, સીતાનું, પૂર્ણભદ્ર, હરિસ્સહ - આ નવ કૂટો (માલ્યવંતપર્વત ઉપરના) છે.(૧૪૦)

સિદ્ધે સોમણસેડવિ ય, કૂડે તહ મંગલાવઈ ચેવ ।
દેવકુરુ વિમલ કંચણ, વસિટ્ઠ કૂડે ય સત્તમએ ॥ ૧૪૧ ॥

સિદ્ધ, સૌમનસ કૂટ, મંગલાવતી, દેવકુરુ, વિમલ, કાંચન અને સાતમુ વશિષ્ટ કૂટ (–સૌમનસપર્વત ઉપર આ કૂટો છે). (૧૪૧)

સિદ્ધાયણે ય વિજ્જુપ્પભે ય, દેવકુરુ બંભકણગે ય ।
સોવત્થી સીઓયા, સયંજલ હરી નવમએ ઉ ॥ ૧૪૨ ॥

સિદ્ધાયતન, વિદ્યુત્પ્રભ, દેવકુરુ, બ્રહ્મ, કનક, સૌવસ્તિક, સીતોદા, શતજ્વલ અને નવમું હરિકૂટ (–વિદ્યુત્પ્રભપર્વત ઉપર આ કૂટો છે). (૧૪૨)

ઉભઓ વિજયસનામા, દો કૂડા તઈય ઉ ગિરીસનામા ।
ચઉત્થો ય સિદ્ધકૂડો, વક્ખારગિરીસુ ચત્તારિ ॥ ૧૪૩ ॥

બન્ને બાજુની વિજયોના નામવાળા બે કૂટ, ત્રીજુ પર્વતના નામનું અને ચોથુ સિદ્ધકૂટ–વક્ષસ્કારપર્વતના આ ૪ કૂટો છે. (૧૪૩)

સિદ્ધે ય નીલવંતે, પુવ્વવિદેહે ય સીયકિત્તી ય ।
નારીકંતવિદેહે, રમ્મય ઉવદંસણે નવમે ॥ ૧૪૪ ॥

સિદ્ધ, નીલવંત, પૂર્વવિદેહ, સીતા, કીર્તિ, નારીકાંતા, પશ્ચિમવિદેહ, રમ્યક અને નવમુ ઉપદર્શન (–નીલવંતપર્વત ઉપર આ ૯ કૂટો છે). (૧૪૪)

સિદ્ધે ય રુપ્પિ રમ્મય, નરકંતા બુદ્ધિ રુપ્પિકૂલા ય ।
હેરણ્ણવએ મણિકંચણે ય, રુપ્પિમ્મિ અટ્ઠેએ ॥ ૧૪૫ ॥

સિદ્ધ, રુક્મી, રમ્યક, નરકાંતા, બુદ્ધિ, રુક્મીકૂલા, હિરણ્યવંત, મણિકાંચન - રુક્મીપર્વત ઉપર આ ૮ કૂટો છે. (૧૪૫)

સિદ્ધે ય સિહરિકૂડે, હેરણ્ણવએ સુવન્નકૂડે ય ।
સિરિદેવી રત્તઆવત્તણે ય, તહ લચ્છિકૂડે ય ॥ ૧૪૬ ॥
રત્તાવઈઆવત્તે, ગંધાવઈદેવિ એરવયકૂડે ।
તિગિચ્છીકૂડેઽવિ ય, ઈક્કારસ હોંતિ સિહરિમ્મિ ॥ ૧૪૭ ॥

સિદ્ધ, શિખરી કૂટ, હિરણ્યવંત, સુવર્ણકૂલા કૂટ, શ્રીદેવી, રક્તાવર્તન, લક્ષ્મી કૂટ, રક્તવત્યાવર્ત્તન, ગંધાવતી દેવી, ઐરવત કૂટ, તિગિચ્છિ કૂટ-શિખરી પર્વત ઉપર આ ૧૧ કૂટ છે. (૧૪૬, ૧૪૭)

એરવએ વિજયેસુ ય, દો દો જમ્મુત્તરદ્ધસરિસનામા ।
વેયડ્ઢેસું કૂડા, સેસા તે ચેવ જે ભરહે ॥ ૧૪૮ ॥

ઐરવત અને વિજયોમાં વૈતાઢ્યપર્વત ઉપરના બે-બે કૂટો દક્ષિણ-ઉત્તર અર્ધના સમાન નામવાળા છે, શેષ તે જ છે જે ભરતમાં છે. (૧૪૮)

જત્થિચ્છસિ વિક્ખંભં, કૂડાણં ઉવરિંતુ સિહરાહિં ।
તં દુભઈયમુસ્સેહદ્ધ-સંજુયં જાણ વિક્ખંભં ॥ ૧૪૯ ॥

કૂટોના શિખર ઉપરથી ઉતરીને જ્યાં પહોળાઈ ઈચ્છે છે તે બેથી ભગાયેલુ અને ઊંચાઈના અર્ધથી યુક્ત પહોળાઈ જાણ. (૧૪૯)

જત્થિચ્છસિ વિક્ખંભં, મૂલાઉ ઉપ્પઈત્તુ કૂડાણં ।
તં દુભઈય મૂલિલ્લા, વિસોહિએ જાણ વિક્ખંભં ॥ ૧૫૦ ॥

કૂટોના મૂળથી ઉપર ચઢીને જ્યાં પહોળાઈ ઈચ્છે છે તે બેથી ભગાયેલું મૂળની પહોળાઈમાંથી બાદ કરાયે છતે પહોળાઈ જાણ.(૧૫૦)

છ જોયણે સક્કોસે, વેયડ્ઢનગાણ હુંતિ કૂડા ઉ ।
ઉચ્ચિટ્ઠા વિત્થિન્ના, તાવઈયં ચેવ મૂલમ્મિ ॥ ૧૫૧ ॥

વૈતાઢ્યપર્વતોના કૂટો ૬ યોજન ૧ ગાઉ ઊંચા છે અને મૂળમાં તેટલા જ પહોળા છે. (૧૫૧)

અદ્ધં સે ઉવરિતલે, મજ્ઝે દેસૂણગા ભવે પંચ ।
દેસૂણા વીસં પન્નરસ, દસ પરિરઉ જહાસંખં ॥ ૧૫૨ ॥

ઉપર તેના કરતા અડધા પહોળા છે, વચ્ચે દેશોન ૫ યોજન પહોળા છે, પરિધિ ક્રમશઃ દેશોન ૨૦ યોજન, ૧૫ યોજન અને ૧૦ યોજન છે. (૧૫૨)

કોસાયામા કોસદ્ધ-વિત્થડા કોસમૂણમુવ્વિદ્ધા ।
જિણભવણા વેયડ્ઢેસુ, હોંતિ આયયણકૂડેસુ ॥ ૧૫૩ ॥

વૈતાઢ્યપર્વતો ઉપર સિદ્ધાયતન કૂટો ઉપર ૧ ગાઉ લાંબા, ૧/૨ ગાઉ પહોળા અને ન્યૂન ૧ ગાઉ ઊંચા જિનભવનો છે. (૧૫૩)

પંચેવ ધણુસયાઈ, ઉવ્વિદ્ધા વિત્થરેણ તસ્સદ્ધં ।
તાવઈયં ચ પવેસે, દારા તેસિં તઓ તિદિસિં ॥ ૧૫૪ ॥

તેમની ૩ દિશામાં ૫૦૦ ધનુષ્ય ઊંચા, તેના અડધા વિસ્તારવાળા અને તેટલા જ પ્રવેશમાં દ્વારો છે. (૧૫૪)

કૂડેસુ સેસએસુ ય, પાસાયવડિંસયા મણભિરામા ।
ઉચ્ચત્તેણં કોસં, કોસદ્ધં હોંતિ વિત્થિન્ના ॥ ૧૫૫ ॥

શેષ કૂટો ઉપર સુંદર, ઊંચાઈથી ૧ ગાઉ, ૧/૨ ગાઉ વિસ્તારવાળા પ્રાસાદાવતંસક છે. (૧૫૫)

વિજ્જુપ્પભિ હરિકૂડો, હરિસ્સહો માલવંતવક્ખારે ।
નંદણવણબલકૂડો, ઉવ્વિદ્ધો જોયણસહસ્સં ॥ ૧૫૬ ॥
મૂલે સહસ્સમેગં, મજ્ઝે અદ્ધટ્ઠમા સયા હુંતિ ।
ઉવરિં પંચ સયાઈ, વિત્થિન્ના સવ્વકણગમયા ॥ ૧૫૭ ॥

વિદ્યુત્પ્રભ ઉપર હરિકૂટ, માલ્યવંત વક્ષસ્કારપર્વત ઉપર હરિસ્સહ કૂટ અને નંદનવનનું બલકૂટ ૧,૦૦૦ યોજન ઊંચા, મૂળમાં ૧,૦૦૦ યોજન - મધ્યમાં ૭૫૦ યોજન અને ઉપર ૫૦૦ યોજન વિસ્તારવાળા, સર્વસુવર્ણમય છે. (૧૫૬, ૧૫૭)

નંદણવણરુંધિતા, પંચસએ જોયણાઈ નીસરિઉં ।
આયાસે પંચ સએ, રુંભિત્તા ભાઈ બલકૂડો ॥ ૧૫૮ ॥

બલકૂટ નંદનવનના ૫૦૦ યોજન રોકીને બહાર નીકળી આકાશમાં ૫૦૦ યોજન રોકીને શોભે છે. (૧૫૮)

ઈગતીસ જોયણસએ, બાસટ્ઠે મૂલપરિરઓ તેસિં ।
તેવીસ સએ બાવત્તરે ઉ, મજ્ઝે પરિરઓ તેસિં ॥ ૧૫૯ ॥

તેમની મૂળ પરિધિ ૩,૧૬૨ યોજન છે. તેમની મધ્યમાં પરિધિ ૨,૩૭૨ યોજન છે. (૧૫૯)

ઉવરિં પન્નરસ સએ, ઈગસીએ સાહિએ પરિરએણં ।
સેસનગાણં કૂડા, પંચ સએ હોંતિ ઉવ્વિદ્ધા ॥ ૧૬૦ ॥

ઉપર પરિધિથી સાધિક ૧,૫૮૧ યોજન છે. શેષ પર્વતોના કૂટો ૫૦૦ યોજન ઊંચા છે. (૧૬૦)

તાવઈઅં વિત્થિન્ના, મૂલે તસ્સદ્ધમેવ ઉવરિતલે ।
તિન્નેવ જોયણસએ, મજ્ઝે પણસત્તરા હુંતિ ॥ ૧૬૧ ॥

(તેઓ) મૂળમાં તેટલા જ વિસ્તારવાળા, ઉપર તેના અડધા વિસ્તારવાળા, મધ્યમાં ૩૭૫ યોજન વિસ્તારવાળા છે. (૧૬૧)

પન્નરસેક્કાસીએ, કિંચિહિએક્કારસે ચ છલસીએ ।
સત્તસએક્કાણઉએ, કિંચૂણે પરિરઓ કમસો ॥ ૧૬૨ ॥

(તેમની મૂળમાં, મધ્યમાં અને ઉપર) ૧,૫૮૧ યોજન, સાધિક ૧,૧૮૬ યોજન અને કંઈક ન્યૂન ૭૯૧ યોજન ક્રમશઃ પરિધિ છે. (૧૬૨)

જિણભવણા વિત્થિન્ના, પણવીસાયામઓ ય પન્નાસં ।
છત્તીસઈમુવ્વિદ્ધા, સિદ્ધનામેસુ કૂડેસુ ॥ ૧૬૩ ॥

સિદ્ધ નામના કૂટો ઉપર ૨૫ યોજન વિસ્તારવાળા, લંબાઈથી ૫૦ યોજન અને ૩૬ યોજન ઊંચા જિનભવનો છે. (૧૬૩)

ચત્તારિ જોયણાઈ, વિક્ખંભપવેસઓ દુગુણમુચ્ચા ।
ઉત્તરદાહિણપુવ્વેણ, તેસિં દારા તઓ હુંતિ ॥ ૧૬૪ ॥

તેમની ઉત્તર-દક્ષિણ-પૂર્વમાં પહોળાઈ અને પ્રવેશથી ૪ યોજન, તેનાથી બમણા ઊંચા ત્રણ દ્વાર છે. (૧૬૪)

કુડેસુ સેસએસુ ય, બાવટ્ઠી જોયણાણિ અદ્ધં ચ ।
ઉવ્વિદ્ધા પાસાયા, તસ્સદ્ધં હોંતિ વિત્થિન્ના ॥ ૧૬૫ ॥

શેષ કૂટો ઉપર ૬૨$^{1}/_{2}$ યોજન ઊંચા, તેનાથી અડધા પહોળા પ્રાસાદો છે. (૧૬૫)

મજ્ઝે વેયડ્ઢાણ ઉ, કણગમયા તિન્નિ તિન્નિ કૂડાઓ;
સેસા પવ્વયકૂડા, રયણમયા હોંતિ નાયવ્વા ॥ ૧૬૬ ॥

વૈતાઢ્યપર્વતના મધ્યના ૩-૩ કૂટો સુવર્ણમય છે. શેષ પર્વતકૂટો રત્નમય છે એમ જાણવું. (૧૬૬)

વેયડ્ઢાઈસુ પુવ્વેણ, કુરુગિરિસુ સુદંસણો જત્તો ।
સીયાસીઓયાઓ, જત્તો વક્ખાર જિણકૂડા ॥ ૧૬૭ ॥

વૈતાઢ્યપર્વતો ઉપર પૂર્વમાં, કુરુના પર્વતો ઉપર જે તરફ સુદર્શન (મેરુ) છે તે તરફ, વક્ષસ્કારપર્વતો ઉપર જે તરફ સીતા-સીતોદા છે તે તરફ સિદ્ધકૂટ છે. (૧૬૭)

પઉમે ય મહાપઉમે, તિગિચ્છી કેસરી દહે ચેવ ।
હરએ મહપુંડરીએ, પુંડરીએ ચેવ ય દહાઓ ॥ ૧૬૮ ॥

પદ્મ, મહાપદ્મ, તિગિચ્છી, કેસરી દ્રહ, મહાપુંડરીક હ્રદ અને પુંડરીક-આ દ્રહો છે. (૧૬૮)

જોયણસહસ્સ દીહા, બાહિરહરયા તયદ્ધ વિત્થિન્ના ।
દો દો અબ્ભિંતરયા, દુગુણા દુગુણપ્પમાણેણં ॥ ૧૬૯ ॥

બહારના હ્રદો ૧,૦૦૦ યોજન લાંબા, તેનાથી અડધા પહોળા છે. અંદરના બે-બે હ્રદો પ્રમાણથી બમણા-બમણા છે. (૧૬૯)

એએસુ સુરવહૂઓ, વસંતિ પલિઓવમઠિઈયાઓ ।
સિરિહિરિધિઈ કિત્તીઓ, બુદ્ધી લચ્છી સનામાઓ ॥ ૧૭૦ ॥

એમાં ૧ પલ્યોપમ સ્થિતિવાળી શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી નામની દેવીઓ વસે છે. (૧૭૦)

ગંગાસિંધૂ તહ રોહિયંસ-રોહિયનઈ ય હરિકંતા ।
હરિસલિલા સીઓયા, સત્તેયા હુંતિ દાહિણઓ ॥ ૧૭૧ ॥

ગંગા, સિંધુ, રોહિતાંશા, રોહિતા નદી, હરિકાંતા, હરિસલિલા, સીતોદા-આ સાત નદીઓ દક્ષિણ તરફ છે. (૧૭૧)

સીયા ય નારિકંતા, નરકંતા ચેવ રુપ્પિકૂલા ય ॥
સલિલા સુવન્નકૂલા, રત્તવઈ રત્તા ઉત્તરઓ ॥ ૧૭૨ ॥

સીતા, નારીકાંતા, નરકાંતા, રુક્મીકૂલા, સુવર્ણકૂલા નદી, રક્તવતી, રક્તા - આ ઉત્તર તરફની નદીઓ છે. (૧૭૨)

હેમવએરન્નવએ, હરિવાસે રમ્મએ ય રયણમયા ।
ચત્તારિ વટ્ટવેયડ્ઢ-પવ્વયા પલ્લયસરિચ્છા ॥ ૧૭૩ ॥

હિમવંત, હિરણ્યવંત, હરીવર્ષ, રમ્યક ક્ષેત્રોમાં રત્નના, પ્યાલા સમાન, ચાર વૃત્તવૈતાઢ્યપર્વતો છે. (૧૭૩)

સદ્દાવઈ વિયડાવઈ, ગંધાવઈ માલવંત પરિયાયે ।
જોયણસહસ્સમુચ્ચા, તાવઈયં ચેવ વિત્થિન્ના ॥ ૧૭૪ ॥

(તેમના) ક્રમશઃ શબ્દાપાતી, વિકટાપાતી, ગંધાપાતી, માલ્યવંત નામ છે. તે ૧,૦૦૦ યોજન ઊંચા અને તેટલા જ પહોળા છે. (૧૭૪)

ઈગતીસ જોયણસએ, બાવટ્ઠે પરિરએણ નાયવ્વા ।
સાઈ અરુણે પઉમે, પહાસ દેવા અહિવઈ એસિં ॥ ૧૭૫ ॥

તે પરિધિથી ૩,૧૬૨ યોજન જાણવા. એમના અધિપતિ સ્વાતિ, અરુણ, પદ્મ, પ્રભાસ દેવો છે. (૧૭૫)

ચોદ્દસહિયં સયં જોયણાણ, એક્કારસેવ ય કલાઓ ।
વેયડ્ઢદાહિણેણં, ગંતું લવણસ્સ ઉત્તરઓ ॥ ૧૭૬ ॥
નવ જોયણ વિત્થિન્ના, બારસદીહા પુરી અઉજ્ઝત્તિ ।
જમ્મદ્ધભરહમજ્ઝે, એરવયદ્ધેડવિ એમેવ ॥ ૧૭૭ ॥

વૈતાઢ્યની દક્ષિણમાં, લવણસમુદ્રની ઉત્તરમાં ૧૧૪ યોજન ૧૧ કલા જઈને નવ યોજન પહોળી, ૧૨ યોજન લાંબી, દક્ષિણ ભરતાર્ધની મધ્યમાં અયોધ્યા નામની નગરી છે. એ જ પ્રમાણે ઐરવતાર્ધમાં પણ છે. (૧૭૬, ૧૭૭)

પણુવીસઈમુવ્વિદ્ધો, પન્નાસજોયણાણિ વિત્થિન્નો ।
વેયડ્ઢો રયયમઓ, ભારહખિત્તસ્સ મજ્ઝમ્મિ ॥ ૧૭૮ ॥

ભરતક્ષેત્રની મધ્યમાં ૨૫ યોજન ઊંચો, ૫૦ યોજન પહોળો, રજતમય વૈતાઢ્યપર્વત છે. (૧૭૮)

પન્નાસ જોયણાઈ, દીહાઓ અટ્ઠ જોયણુચ્ચાઓ ।
બારસ વિત્થારાઓ, વેયડ્ઢગુહાઉ દો હોંતિ ॥ ૧૭૯ ॥

વૈતાઢ્યની બે ગુફાઓ ૫૦ યોજન લાંબી, ૮ યોજન ઊંચી અને ૧૨ યોજન પહોળી છે. (૧૭૯)

તિમિસગુહા અવરેણં, પુવ્વેણ નગસ્સ ખંડગપવાયા ।
ચઉ જોયણવિત્થિન્ના, તદ્દુગુણુચ્ચા ય સિં દારા ॥ ૧૮૦ ॥

પર્વતની પશ્ચિમમાં તમિસ્રાગુફા અને પૂર્વમાં ખંડપ્રપાતગુફા છે. તેમના દ્વાર ૪ યોજન પહોળા અને તેનાથી બમણા ઊંચા છે. (૧૮૦)

તિમિસગુહ પુરચ્છિમ-પચ્છિમેસુ કડએસુ જોયણંતરિયા ।
તરણિસમસંઠિયાઈ, પંચધણુસયાયામવિક્ખંભા ॥ ૧૮૧ ॥
જોયણ ઉજ્જોયકરા, રવિમંડલપડિનિકાસતેયાઈ ।
ઈગુવન્ન મંડલાઈ, આલિહમાણો ઈહં પવિસે ॥ ૧૮૨ ॥

તમિસ્રાગુફાની પૂર્વ અને પશ્ચિમ દિવાલો ઉપર ૧ યોજનના અંતરવાળા, સૂર્ય જેવા આકારવાળા, ૫૦૦ ધનુષ્ય લાંબા-પહોળા, ૧ યોજન સુધી પ્રકાશ કરનારા, સૂર્યમંડલની સમાન તેજવાળા, ૪૯ મંડલો આલેખતો આ ગુફામાં (ચક્રવર્તી) પ્રવેશે છે. (૧૮૧, ૧૮૨)

પલિઓવમઠિઈયા, એએસિં અહિવઈ મહિડ્ઢીયા ।
કયમાલનટ્ટમાલત્તિ, નામયા દોન્નિ દેવાઓ ॥ ૧૮૩ ॥

એ ગુફાઓના અધિપતિ, ૧ પલ્યોપમ સ્થિતિવાળા, કૃતમાલ-નૃત્તમાલ નામના બે મહર્દ્ધિક દેવો છે. (૧૮૩)

સત્તરસ જોયણાઈ, ગુહદારાણોભયોડવિ ગંતૂણં ।
જોયણ દુગંતરાઓ, વિઉલાઓ જોયણે તિન્નિ ॥ ૧૮૪ ॥
ગુહવિપુલાયામાઓ, ગંગં સિંધુ ચ તા સમપ્પિંતિ ।
પવ્વયકડગપવૂઢા, ઉમગ્ગનિમગ્ગસલિલાઓ ॥ ૧૮૫ ॥

ગુફાના દ્વારોથી (૪-૪ યોજનના તોફકો પછી) બન્નેય બાજુ ૧૭ યોજન જઈને, બે યોજનના અંતરવાળી, ૩ યોજન પહોળી, ગુફાની પહોળાઈ જેટલી લાંબી, પર્વતની દિવાલમાંથી નીકળેલી, ઉન્મગ્નજલા-નિમગ્નજલા (નામની બે નદીઓ છે). તે ગંગા અને સિંધુમાં પૂરી થાય છે. (૧૮૪, ૧૮૫)

દો દાહિણોત્તરાઓ, સેઢીઓ જોયણે દસુપ્પઈઓ ।
દસ જોયણ પિહુલાઓ, ગિરિવરસમદીહભાગાઓ ॥ ૧૮૬ ॥

(વૈતાઢ્યડપર્વત ઉપર) ૧૦ યોજન ઉપર જઈને ૧૦ યોજન પહોળી અને પર્વત સમાન લાંબી દક્ષિણ અને ઉત્તર બે શ્રેણિઓ છે. (૧૮૬)

વિજ્જાહરનગરાઈ, પન્નાસં દક્ખિણાએ સેઢિએ ।
જણવયપરિણદ્ધાઈ, સટ્ઠિં પુણ ઉત્તરિલ્લાએ ॥ ૧૮૭ ॥

દક્ષિણ શ્રેણિમાં દેશોથી યુક્ત વિદ્યાધરોના ૫૦ નગરો છે. ઉત્તરની શ્રેણિમાં ૬૦ નગરો છે. (૧૮૭)

વિજ્જાહરસેઢીઓ, ઉડ્ઢં ગંતૂણ જોયણે દસઓ ।
દસ જોયણ પિહુલાઓ, સેઢીઓ સક્કરાયસ્સ ॥ ૧૮૮ ॥
સોમજમકાઈયાણં, દેવાણં વરુણકાઈયાણં ચ ।
વેસમણકાઈયાણં, દેવાણં આભિઓગાણં ॥ ૧૮૯ ॥

વિદ્યાધરોની શ્રેણિથી ૧૦ યોજન ઉપર જઈને ૧૦ યોજન પહોળી શક્રરાજના સોમ-યમ-વરુણ-વૈશ્રમણ કાયિક આભિયોગિક દેવોની શ્રેણિઓ છે. (૧૮૮, ૧૮૯)

પંચેવ જોયણાઈ, ઉડ્ઢં ગંતૂણ હોઈ ઉવરિતલં ।
દસ જોયણ વિત્થિન્નં, મણિરયણવિભૂસિયં રમ્મં ॥ ૧૯૦ ॥

૫ યોજન ઉપર જઈને ૧૦ યોજન પહોળુ, મણિ-રત્નોથી વિભૂષિત, સુંદર એવું ઉપરનું તલ છે. (૧૯૦)

એસ ગમો સેસાણ વિ, વેયડ્ઢગિરીણ નવરુદીયાણં ।
ઈસાણ લોગપાલાણ, હોંતિ અભિઓગસેઢીઓ ॥ ૧૯૧ ॥

આ વાત શેષ વૈતાઢ્યપર્વતોની પણ જાણવી, પણ ઉત્તરની વૈતાઢ્ય પર્વતોની આભિયોગિક શ્રેણિઓ ઈશાનના લોકપાલોની છે.(૧૯)

जीवाधणुपट्टबाहा-रहिया य हवंति विजयवेयड्ढा ।
पणपन्नं पणपन्नं, विज्जाहरसेढीनगराई ॥ १९२ ॥

વિજયના વૈતાઢ્યપર્વતો જીવા, ધનુઃપૃષ્ઠ અને બાહા વિનાના છે. તેમાં વિદ્યાધરશ્રેણિના ૫૫-૫૫ નગરો છે. (૧૯૨)

सव्वेऽवि उसभकूडा, उव्विद्धा अट्ठ जोयणा होंति ।
बारस अट्ठ य चउरो, मूले मज्झुवरि वित्थिन्ना ॥ १९३ ॥

બધા ય ઋષભ કૂટો ૮ યોજન ઊંચા, મૂળમાં-મધ્યમાં-ઉપર ૧૨-૮-૪ યોજન પહોળા છે. (૧૯૩)

सत्तत्तीसईरेगे, मूले पणुवीसजोयणा मज्झे ।
अईरेगाणि दुवालस, उवरितले होंति परिहिम्मि ॥ १९४ ॥

(તેમની) મૂળમાં સાધિક ૩૭ યોજન, મધ્યમાં ૨૫ યોજન, ઉપર સાધિક ૧૨ યોજન પરિધિ છે. (૧૯૪)

ओसप्पिणीउ उसप्पिणीओ, भरहे तहेव एरवए ।
परियट्टंति कमेणं, सेसेसु अवट्ठिओ कालो ॥ १९५ ॥

ભરતમાં અને ઐરવતમાં ક્રમથી અવસર્પિણીઓ-ઉત્સર્પિણીઓ ચાલે છે. શેષ (ક્ષેત્રો)માં અવસ્થિતકાળ છે. (૧૯૫)

हिमवंतसेलसिहरे, वरारविंददहो सलिलपुन्नो ।
दसजोयणावगाढो, वित्थिण्णो दाहिणुत्तरओ ॥ १९६ ॥

લઘુહિમવંતપર્વતના શિખર ઉપર પાણીથી ભરેલું ૧૦ યોજન ઊંડ, દક્ષિણ-ઉત્તર પહોળું, શ્રેષ્ઠ કમળોવાળ પદ્મદ્રહ છે. (૧૯૬)

पउमदहस्स मज्झे, चउकोसायामवित्थरं पउमं ।
तं तिगुणं सविसेसं, परिही दो कोस बाहल्लं ॥ १९७ ॥

પદ્મદ્રહની મધ્યમાં ૪ ગાઉ લાંબુ-પહોળુ કમળ છે. તે (લંબાઈ-પહોળાઈ) સાધિક ૩ ગુણ (કરીએ એટલી)પરિધિ છે, ૨ ગાઉ જાડાઈ છે. (૧૯૭)

दसजोयणावगाढं, दो कोसे ऊसियं जलंताओ ।
वइरामयमूलागं, कंदोऽवि य तस्स रिट्ठमओ ॥ १९८ ॥

તે ૧૦ યોજન અવગાઢ, પાણીની ઉપર ૨ ગાઉ ઊંચુ, વજ્રમય મૂળવાળુ છે. તેનો કંદ પણ રિષ્ટરત્નમય છે. (૧૯૮)

वेरुलियमओ नालो, बाहिरपत्ता य तस्स तवणिज्जा ।
जंबूनयामया पुण, पत्ता अब्भिंतरा तस्स ॥ १९९ ॥

તેની નાળ વૈડૂર્યમય, બહારના પાંદડા તપનીય સુવર્ણના અને અંદરના પાંદડા જાંબૂનદમય છે. (૧૯૯)

सव्वकणगामई कण्णिगा य, तवणिज्ज केसरा भणिया ।
तीसे य कण्णिगाए, दोकोसायामविक्खंभा ॥ २०० ॥

(તેની) સર્વકનકમય કર્ણિકા અને તે કર્ણિકાની ઉપર ૨ ગાઉ લાંબી-પહોળી તપનીયમય કેસરા કહી છે. (૨૦૦)

तं तिगुणं सविसेसं, परिही से कोसमेग बाहल्लं ।
मज्झम्मि तीई भवणं, कोसायामद्धवित्थिन्नं ॥ २०१ ॥

તે (લંબાઈ-પહોળાઈ) સાધિક ૩ ગુણ તેની પરિધિ છે, ૧ ગાઉ જાડાઈ છે. તેની મધ્યમાં ૧ ગાઉ લાંબુ, અડધુ પહોળુ ભવન છે. (૨૦૧)

देसूणकोसमुच्चं, दारा से तिदिसि धणुसएं पंच ।
उव्विद्धा तस्सद्धं, वित्थिन्ना तत्तियपवेसे ॥ २०२ ॥

તે દેશોન ૧ ગાઉ ઊંચુ છે. તેની ત્રણ દિશામાં ૫૦૦ ધનુષ્ય ઊંચા, તેનાથી અડધા પહોળા, તેટલા પ્રવેશમાં દ્વારો છે. (૨૦૨)

भवणस्स तस्स मज्झे, सिरीए देवीए दिव्वसयणिज्जं ।
मणिपीढियाई उवरिं, अड्ढाईयधणुसउच्चाए ॥ २०३ ॥

તે ભવનની મધ્યમાં ૨૫૦ ધનુષ્ય ઊંચી મણિપીઠિકાની ઉપર શ્રીદેવીની દિવ્ય શય્યા છે. (૨૦૩)

तं पउमं अन्नेणं, तत्तो अद्धप्पमाणमित्ताणं ।
आवेढियं समंता, पउमाणट्ठस्सएणं तु ॥ २०४ ॥

તે કમળ તેનાથી અડધા પ્રમાણવાળા બીજા ૧૦૮ કમળોથી ચારે બાજુથી વીંટાયેલું છે. (૨૦૪)

सिरिसामन्नसुराणं, चउण्हं साहस्सिणं सहस्साई ।
चत्तारि पंकयाणं, वायव्वीसाणुईणेणं ॥ २०५ ॥

વાયવ્ય, ઈશાન, ઉત્તરમાં શ્રીદેવીના ૪,૦૦૦ સામાનિક દેવોના ૪,૦૦૦ કમળો છે. (૨૦૫)

मयहरियाण चउण्हं, सिरिअे पउमस्स तस्स पुव्वेणं ।
महुयरिगणोवगीया, चउरो पउमा मणभिरामा ॥ २०६ ॥

તે કમળની પૂર્વમાં શ્રીદેવીની ૪ મહત્તરિકાઓના ભમરીઓથી ગુંજતા, સુંદર ચાર કમળો છે. (૨૦૬)

अट्ठण्ह सहस्साणं, देवाणब्भिंतराअे परिसाअे ।
दाहिणपुरत्थिमेणं, अट्ठसहस्साई पउमाणं ॥ २०७ ॥

અગ્નિખૂણામાં અભ્યંતરપર્ષદાના ૮,૦૦૦ દેવોના ૮,૦૦૦ કમળો છે. (૨૦૭)

पउमस्स दाहिणेणं, मज्झिमपरिसाअे दस सहस्साणं ।
दस पउमसहस्साई, सीरिदेवीअे सुरवराणं ॥ २०८ ॥

કમળની દક્ષિણમાં શ્રીદેવીના મધ્યમપર્ષદાના ૧૦,૦૦૦ દેવોના ૧૦,૦૦૦ કમળો છે. (૨૦૮)

बारस पउमसहस्सा, दक्खिणपच्चत्थिमेण पउमस्स ।
परिसाअे बाहिराअे, दुवालसण्हं सहस्साणं ॥ २०९ ॥

કમળના નૈઋત્યખૂણામાં બાહ્યપર્ષદાના ૧૨,૦૦૦ દેવોના ૧૨,૦૦૦ કમળો છે. (૨૦૯)

अरविंदस्सवरेणं, सत्तण्हणियाहिवाण देवाणं ।
वियसियसहस्सपत्ताणि, सत्त पउमाणि देवीअे ॥ २१० ॥

કમળની પશ્ચિમમાં શ્રીદેવીના ૭ સેનાપતિ દેવોના વિકસિત ૭ કમળો છે. (૨૧૦)

ચાઉદ્દિસિં પિ પઉમસ્સ, તસ્સ સિરિદેવિઆયરક્ખાણં ।
સોલસ પઉમસહસ્સા, તિન્નિ ય અન્ને પરિક્ખેવા ॥ ૨૧૧ ॥

તે કમળની ચારે દિશામાં શ્રીદેવીના આત્મરક્ષક દેવોના ૧૬,૦૦૦ કમળ છે અને બીજા ૩ વલયો છે. (૨૧૧)

બત્તીસ સયસહસ્સા, પઉમાણબ્ભિતરે પરિક્ખેવે ।
ચત્તાલીસં લક્ખા, મજ્ઝિમએ પરિરએ હોંતિ ॥ ૨૧૨ ॥

અભ્યંતર વલયમાં ૩૨,૦૦,૦૦૦ કમળ છે, મધ્યમ વલયમાં ૪૦,૦૦,૦૦૦ કમળ છે. (૨૧૨)

અડયાલીસં લક્ખા, બાહિરએ પરિરયમ્મિ પઉમાણં ।
એવમેસિં પઉમાણં, કોડી વીસં ચ લક્ખાઈં ॥ ૨૧૩ ॥

બાહ્ય વલયમાં ૪૮,૦૦,૦૦૦ કમળ છે. આમ આ કમળો ૧,૨૦,૦૦,૦૦૦ છે. (૨૧૩)

એયાઓ-હરયાઓ, પુવ્વદ્દારેણ નિગ્ગયા ગંગા ।
પુવ્વાભિમુહં ગંતૂણ, જોયણાણં સએ પંચ ॥ ૨૧૪ ॥
ગંગાવત્તણકૂડે, આવત્તા દાહિણામુહં તત્તો ।
પંચસએ ગંતૂણં, તેવીસે તિન્નિ ઉ કલાઉ ॥ ૨૧૫ ॥
નિવડઈ ગિરિસિહરાઓ, ગંગાકુંડમ્મિ જિબ્ભિયાએ ઉ ।
મગરવિયટ્ટાહરસં-ઠિયાએ વઈરામયતલમ્મિ ॥ ૨૧૬ ॥

આ હ્રદોમાંથી પૂર્વદ્વારે ગંગા નીકળી પૂર્વાભિમુખ ૫૦૦ યોજન જઈને ગંગાવર્તનકૂટથી દક્ષિણ તરફ વળી ત્યાંથી ૫૨૩ યોજન ૩ કલા જઈને પર્વતના શિખર ઉપરથી વજ્રમયતલવાળા ગંગાકુંડમાં મગરના પહોળા હોઠ જેવી જિહ્વિકાથી પડે છે. (૨૧૪, ૨૧૫, ૨૧૬)

છ જોયણે સકોસે, વિક્ખંભેણદ્ધકોસબાહલ્લં ।
દો કોસાયામેણં, વઈરામઈ જિબ્ભિયા સા ઉ ॥ ૨૧૭ ॥

તે જિહ્વિકા વિષ્કંભથી ૬ યોજન ૧ ગાઉ છે, $^{1}/_{2}$ ગાઉ જાડી છે, લંબાઈથી ૨ ગાઉ છે અને વજ્રમય છે. (૨૧૭)

આયામો વિક્ખંભો, સટ્ઠિં કુંડસ્સ જોયણા હુંતિ ।
નઉયસયં કિંચૂણં, પરિહી દસજોયણોગાહો ॥ ૨૧૮ ॥

કુંડની લંબાઈ-પહોળાઈ ૬૦ યોજન છે, પરિધિ કંઈક ન્યૂન ૧૯૦ યોજન છે, ઊંડાઈ ૧૦ યોજન છે. (૨૧૮)

કુંડસ્સ મજ્ઝયારે, દો કોસે ઊસિઓ જલંતાઓ ।
ગંગાદીવો રમ્મો, વિત્થિન્નો જોયણે અટ્ઠ ॥ ૨૧૯ ॥

કુંડની વચ્ચે પાણીથી ૨ ગાઉ ઊંચો, ૮ યોજન પહોળો, સુંદર ગંગાદ્વીપ છે. (૨૧૯)

વયરામયસ્સ તસ્સ ઉ, પરિહી પણુવીસ જોયણા અહિયા ।
મજ્ઝમ્મિ તસ્સ ભવણં, ગંગાદેવીએ સિરિસરિસં ॥ ૨૨૦ ॥

વજ્રમય તે ગંગાદ્વીપની પરિધિ સાધિક ૨૫ યોજન છે. તેની મધ્યમાં શ્રીદેવી જેવું ગંગાદેવીનું ભવન છે. (૨૨૦)

ગંગાપવાયકુંડા, નિગ્ગંતૂ દાહિણિલ્લદારેણં ।
ચોદ્દસસહસ્સ સહિયા, સલિલાણં ઉયહિમવગાઢા ॥ ૨૨૧ ॥

ગંગાપ્રપાતકુંડમાંથી દક્ષિણ દ્વારે નીકળી ૧૪,૦૦૦ નદીઓ સહિત (ગંગાનદી) સમુદ્રમાં ઉતરે છે. (૨૨૧)

છજ્જોયણે સકોસે, પવહે ગંગાનઈએ વિત્થારો ।
કોસદ્ધં ઓગાહો, કમસો પરિવડ્ઢમાણીઓ ॥ ૨૨૨ ॥

ગંગાનદીનો શરૂમાં વિસ્તાર ૬ યોજન ૧ ગાઉ છે, ઊંડાઈ $^{1}/_{2}$ ગાઉ છે. તે ક્રમશઃ વધતી જાય છે. (૨૨૨)

મુહમૂલે વિત્થિન્ના, બાસટ્ઠિં જોયણાણિ અદ્ધં ચ ।
ઉવ્વેહેણ સકોસં, જોયણમેગં મુણેયવ્વં ॥ ૨૨૩ ॥

(ગંગાનદી) મુખમૂલે (અંતે) ૬૨ $^{1}/_{2}$ યોજન પહોળી અને ઊંડાઈથી ૧ યોજન ૧ ગાઉ જાણવી. (૨૨૩)

મંદરદાહિણપાસે, જા સલિલા ઓરુહંતિ સેલાહિં ।
પવહે જો વિત્થારો, તાસિં કરણાણિ વોચ્છામિ ॥ ૨૨૪ ॥

મેરુપર્વતની દક્ષિણ બાજુ જે નદીઓ પર્વતો ઉપરથી ઊતરે છે તેમનો જે શરૂનો વિસ્તાર છે તેના કરણ કહીશ. (૨૨૪)

પવહે દહવિત્થારો, અસીઈભઈઓ ઉ દાહિણમુહીણં ।
સ ચ ચાલીસઈ ભઈઓ, સો ચેવ ય ઉત્તરમુહીણં ॥ ૨૨૫ ॥

૮૦થી ભગાયેલ દ્રહનો વિસ્તાર દક્ષિણમુખી નદીઓનો શરૂનો વિસ્તાર છે. ૪૦થી ભગાયેલ તે જ ઉત્તરમુખી નદીઓનો શરૂનો વિસ્તાર છે. (૨૨૫)

જો ઉણ ઉત્તરપાસે, એસેવ ગમો હવેજ્જ નાયવ્વો ।
જો દાહિણાભિમુહીણં, સો નિયમો ઉત્તરમુહીણં ॥ ૨૨૬ ॥

જે ઉત્તર તરફની નદીઓ છે તેમની આ જ રીત જાણવી. દક્ષિણમુખી નદીઓનો જે નિયમ છે તે ઉત્તરમુખી નદીઓનો પણ છે. (૨૨૬)

જો જીસે વિત્થારો, સલિલાએ હોઈ આઢવંતીએ ।
સો દસહિં પડુપ્પન્નો, મુહવિત્થારો મુણેયવ્વો ॥ ૨૨૭ ॥

જે શરૂ થતી નદીનો જે વિસ્તાર છે તે ૧૦થી ગુણાયેલ મુખવિસ્તાર (સમુદ્રમાં પ્રવેશતી વખતનો વિસ્તાર) જાણવો. (૨૨૭)

જો જત્થ ઉ વિત્થારો, સલિલાએ હોઈ જંબૂદ્દીવમ્મિ;
પન્નાસઈમં ભાગં, તસ્સુવ્વેહં વિયાણાહિ ॥ ૨૨૮ ॥

જંબૂદ્વીપમાં નદીનો જ્યાં જે વિસ્તાર હોય તે ૫૦મા ભાગનો તેની ઊંડાઈ જાણ. (૨૨૮)

પવહમુહવિત્થરાણં, વિસેસમદ્ધં ભયાહિ સરિયાણં ।
સરિયાયામેણં ચ ઉ, સા વુડ્ઢી એગપાસમ્મિ ॥ ૨૨૯ ॥

નદીઓના શરૂના અને મુખના વિસ્તારોના તફાવતના અર્ધને નદીની લંબાઈથી ભાગ. તે એક બાજુમાં વૃદ્ધિ છે. (૨૨૯)

સા ચેવ દોહિ ગુણિયા, ઉભઓ પાસમ્મિ હોઈ પરિવુડ્ઢી ।
જાવઈયા સલિલાઓ, માણુસલોગમ્મિ સવ્વમ્મિ ॥ ૨૩૦ ॥
પણયાલીસ સહસ્સા, આયામો હોઈ સવ્વસરિયાણં ।
એસેવ ભાગહારો, સરિયાણં વુડ્ઢિહાણીસું ॥ ૨૩૧ ॥

બેથી ગુણાયેલી તે જ બન્ને બાજુની વૃદ્ધિ છે. સર્વ મનુષ્યલોકમાં જેટલી નદીઓ છે તે બધી નદીઓની લંબાઈ ૪૫,૦૦૦ યોજન છે. નદીઓની વૃદ્ધિ-હાનિમાં એ જ ભાગાકાર છે. (૨૩૦, ૨૩૧)

જા જાઓ ઉ પવૂઢા, સલિલા સેલેહિં તેસિં વિકૂખંભો ।
દહવિત્થારેણૂણો, સેસદ્ધં સલિલ ગચ્છંતિ ॥ ૨૩૨ ॥

જે નદી જે પર્વત પરથી શરૂ થઈ તે નદીઓ (પર્વત ઉપર) દ્રહના વિસ્તારથી ન્યૂન તે પર્વતની પહોળાઈ કરી શેષનું અર્ધ કરીએ એટલું જાય છે. (૨૩૨)

એસ વિહી સિંધૂએ, અવરાભિમુહીએ હોઈ નાયવ્વો ।
સલિલાડવિ રોહિયંસા, હરયા ઉ ઉત્તરદિસાએ ॥ ૨૩૩ ॥
જોયણસયાણિ દુન્નિ ઉ, ગંતું છાવત્તરાણિ છચ્ચ કલા ।
નગસિહરાઓ નિવડિય, નિયએ કુંડમ્મિ વઈરતલે ॥ ૨૩૪ ॥

આ વિધિ પશ્ચિમાભિમુખ સિંધુનદીનો જાણવો. રોહિતાંશા નદી પણ હ્રદથી ઉત્તર દિશામાં ૨૭૬ યોજન ૬ કલા જઈને પર્વતના શિખર ઉપરથી પડીને પોતાના વજ્રના તલવાળા કુંડમાં પડે છે. (૨૩૩, ૨૩૪)

કુંડુવ્વેહો દીવુસ્સઓ ય, ગંગાસમો મુણેયવ્વો ।
જિબ્ભિયમાઈ સેસો, દુગુણો પુણ રોહિયંસાએ ॥ ૨૩૫ ॥

કુંડની ઊંડાઈ અને દ્વીપની ઊંચાઈ ગંગા નદીની સમાન જાણવી. શેષ જિહ્વિકા વગેરે રોહિતાંશા કરતા દ્વિગુણ છે. (૨૩૫)

તોરણવરેણુદીણેણ, નિગ્ગયા નિયયકુંડઓ સાડવિ ।
સદ્દાવઈ નગવરં, અપ્પત્તા દોહિં કોસેહિં ॥ ૨૩૬ ॥
અવરેણ પરાવત્તા, અડવીસનઈસહસ્સપરિવારા ।
ગંગાદુગુણપમાણા, અવરેણુદહિં અણુપ્પત્તા ॥ ૨૩૭ ॥

પોતાના કુંડમાંથી ઉત્તરના સુંદર તોરણથી નીકળેલી તે પણ શબ્દાપાતી પર્વતથી ૨ ગાઉ પહેલા પશ્ચિમ તરફ વળી ૨૮,૦૦૦ નદીના પરિવારવાળી, ગંગાથી દ્વિગુણ પ્રમાણવાળી પશ્ચિમમાં સમુદ્રને મળે છે. (૨૩૬, ૨૩૭)

सिहरिम्मि वि एस कमो, पुंडरियदहम्मि लच्छिनिलयम्मि ।
नवरं सलिला रत्ता, पुव्वेणवरेण रत्तवई ॥ २३८ ॥

શિખરીપર્વત ઉપર લક્ષ્મીના નિલય રૂપ પુંડરીક દ્રહમાં પણ આ ક્રમ છે. પણ પૂર્વમાં રક્તાનદી અને પશ્ચિમમાં રક્તવતી નદી છે. (૨૩૮)

सलिला सुवण्णकूला, दाहिणओ चेव दोहिं कोसेहिं ।
वियडावईमप्पत्ता, पुव्वेणुदहिं समोगाढा ॥ २३९ ॥

દક્ષિણમાં સુવર્ણકૂલા નદી વિકટાપાતીપર્વતની ૨ ગાઉ પહેલા પૂર્વ બાજુએ (વળી) સમુદ્રમાં ઊતરે છે. (૨૩૯)

हिमवंते य महंते, हरयाओ दाहिणुत्तरपवूढा ।
रोहियहरिकंताओ, मज्झेणं पव्वयवरस्स ॥ २४० ॥
सोलस सयाणि पंचुत्तराणि, पंच य कला उ गंतूणं ।
नगसिहरा पडियाओ, कुंडेसुं निययनामेसुं ॥ २४१ ॥

મહાહિમવંતપર્વત ઉપર હ્રદમાંથી દક્ષિણ-ઉત્તર નીકળેલી રોહિતા અને હરિકાંતા નદીઓ પર્વતના મધ્ય ભાગથી ૧,૬૦૫ યોજન ૫ કલા જઈને પર્વતના શિખર ઉપરથી પોતાના નામના કુંડમાં પડે છે. (૨૪૦, ૨૪૧)

कुंडुव्वेहो दीवुस्सओ य, सव्वत्थ होई अणुसरिसो ।
जिब्भियमाई सेसो, दुगुणो दुगुणो उ नायव्वो ॥ २४२ ॥

કુંડની ઊંડાઈ અને દ્વીપની ઊંચાઈ સર્વત્ર સરખી છે. શેષ જિહ્વિકા વગેરે બમણા-બમણા જાણવા. (૨૪૨)

दोण्हं दोण्हं नईणं, उभओडवि य जाव सीया सीओया ।
खेत्ते खेत्ते य गिरिं, अप्पत्ता दुगुणदुगुणेणं ॥ २४३ ॥

બન્ને બાજુ સીતા-સીતોદા સુધી બે-બે નદીઓ દરેક ક્ષેત્રમાં પર્વતને બમણા-બમણા પ્રમાણથી પામેલી નથી. (૨૪૩)

हेमवए मज्झेणं, पुव्वोदहिं रोहिया गया सलिला ।
हरिकंता हरिवासं, मज्झेणवरोयहिं पत्ता ॥ २४४ ॥

રોહિતાનદી હિમવંતક્ષેત્રની મધ્યમાંથી પૂર્વ સમુદ્રમાં ગઈ. હરિકાંતાનદી હરિવર્ષક્ષેત્રની મધ્યમાંથી પશ્ચિમ સમુદ્રને પામી. (૨૪૪)

સલિલાડવિ રુપ્પકૂલા, રુપ્પીઓ ઉત્તરેણ ઓવઈઓ ।
અવરોયહિં અઈગયા, પુવ્વોદહિમવિ ય નરકાંતા ॥ ૨૪૫ ॥

રૂપ્યકૂલા નદી પણ રુક્મીપર્વત ઉપરથી ઉત્તરમાં ઊતરી પશ્ચિમ સમુદ્રમાં જાય છે. નરકાંતા નદી પણ પૂર્વ સમુદ્રમાં જાય છે. (૨૪૫)

હરિ સીઓયા નિસહે, ગચ્છંતિ નદી ઉ દાહિણુત્તરઓ ।
ચઉહત્તરિં સયાઈ, ઈગવીસાઈ કલં ચેગં ॥ ૨૪૬ ॥

નિષધપર્વત ઉપર દક્ષિણમાં અને ઉત્તરમાં હરિસલિલા અને સીતોદા નદી ૭,૪૨૧ યોજન ૧ કલા જાય છે. (૨૪૬)

હરિવાસં મજ્ઝેણં, હરિસલિલા પુવ્વસાગરં પત્તા ।
કુંડાઓ સીઓયા, ઉત્તરદિસિ પત્થિયા સંતી ॥ ૨૪૭ ॥
દેવકુરું પજ્જંતી, પંચ વિ હરએ દુહા વિભયમાણી ।
આપૂરમાણસલિલા, ચુલસીઈ નઈસહસ્સેહિં ॥ ૨૪૮ ॥
મેરુવણં મજ્ઝેણં, અટ્ઠહિં કોસેહિં મેરુમપ્પત્તા ।
વિજ્જુપ્પભસ્સ હિટ્ઠેણવરાભિમુહી અહ પ્પયાયા ॥ ૨૪૯ ॥
વિજયા વિ ય એક્કેક્કા, અટ્ઠાવીસાઈ નઈસહસ્સેહિં ।
આઊરમાણસલિલા, અવરેણુદહિં અણુપ્પત્તા ॥ ૨૫૦ ॥

હરિવર્ષક્ષેત્રની મધ્યમાંથી હરિસલિલા પૂર્વસમુદ્રે પહોંચી. કુંડમાંથી સીતોદાનદી ઉત્તરમાં નીકળી થકી દેવકુરુની મધ્યમાં જતી પાંચે ય હ્રદોને બે ભાગમાં વહેંચતી ૮૪,૦૦૦ નદીઓ વડે પાણીથી ભરાતી મેરુવનની મધ્યમાંથી મેરુથી ૮ ગાઉ પહેલા વિદ્યુત્પ્રભ-પર્વતની નીચેથી પશ્ચિમ તરફ ગઈ. દરેક વિજયોમાંથી પણ ૨૮,૦૦૦ નદીઓ વડે પાણીથી ભરાતી તે પશ્ચિમમાં સમુદ્રને મળી. (૨૪૭, ૨૪૮, ૨૪૯, ૨૫૦)

સીયાડવિ દાહિણદિસં, હરએ ઉત્તરકુરા ઉ દાલિંતી ।
અપ્પત્તા મેરુગિરિં, પુવ્વેણં સાગરમઈઈ ॥ ૨૫૧ ॥

સીતા પણ હ્રદમાંથી દક્ષિણ દિશામાં નીકળી ઉત્તરકુરુને બે ભાગમાં કરતી મેરુપર્વતથી પહેલા પૂર્વમાં વળી સાગરમાં જાય છે. (૨૫૧)

સલિલાડવિ નારિકંતા, ઉત્તરઓ માલવંતપરિયાગં ।
ચઉકોસેહિં અપત્તા, અવરેણં સાગરમઈઈ ॥ ૨૫૨ ॥

નારીકાંતાનદી પણ ઉત્તરમાં માલ્યવંતપર્વતથી ૪ ગાઉ પહેલા પશ્ચિમમાં વળી સાગરમાં જાય છે. (૨૫૨)

ગાઉયમુચ્ચા પલિઓ-વમાઉણો વજ્જરિસહસંઘયણા ।
હેમવએરન્નવએ, અહમિંદ નરા મિહુણવાસી ॥ ૨૫૩ ॥

હિમવંત-હિરણ્યવંતમાં ૧ ગાઉ ઊંચા, ૧ પલ્યોપમ આયુષ્યવાળા, વજ્રઋષભસંઘયણવાળા, અહમિન્દ્ર, યુગલિક મનુષ્યો છે. (૨૫૩)

ચઉસટ્ઠી પિટ્ઠકરંડયાણ, મણુયાણ તેસિમાહારો ।
ભત્તસ્સ ચઉત્થસ્સ ય, ગુણસીદિણવચ્ચપાલણયા ॥ ૨૫૪ ॥

૬૪ પૃષ્ઠકરંડકવાળા તે મનુષ્યોનો આહાર ચોથભક્તે (એકાંતરે) હોય છે અને ૭૯ દિવસ સંતાનનું પાલન હોય છે. (૨૫૪)

હરિવાસ-રમ્મએસુ ઉ, આઉપમાણં સરીરમુસ્સેહો ।
પલિઓવમાણિ દોન્નિ ઉ, દોન્નિ ય કોસૂસિયા ભણિયા ॥ ૨૫૫ ॥
છટ્ઠસ્સ ય આહારો, ચઉસટ્ઠિદિણાણિ પાલણા તેસિં ।
પિટ્ઠકરંડાણ સયં, અટ્ઠાવીસં મુણેયવ્વં ॥ ૨૫૬ ॥

હરિવર્ષ અને રમ્યકમાં આયુષ્ય પ્રમાણ ૨ પલ્યોયમ, શરીરની ઊંચાઈ ૨ ગાઉ કહી છે. તેમનો છઠ્ઠે (૨ દિવસના અંતરે) આહાર હોય છે, ૬૪ દિવસ સંતાનનું પાલન હોય છે, પૃષ્ઠકરંડક ૧૨૮ જાણવા. (૨૫૫, ૨૫૬)

મજ્ઝે મહાવિદેહસ્સ, મંદરો તસ્સ દાહિણુત્તરઓ ।
ચંદદ્ધસંઠિયાઓ, દો દેવકુરુત્તરકુરાઓ ॥ ૨૫૭ ॥

મહાવિદેહની મધ્યમાં મેરુપર્વત છે. તેની દક્ષિણમાં અને ઉત્તરમાં અર્ધ ચંદ્રના આકારે રહેલ બે દેવકુરુ-ઉત્તરકુરુ છે. (૨૫૭)

વિજ્જુપ્પભ સોમણસા, દેવકુરાએ પઈન્નપુવ્વેણ ।
ઈયરીએ ગંધમાયણ, એવં ચિય માલવંતો વિ ॥ ૨૫૮ ॥

દેવકુરુની પશ્ચિમમાં અને પૂર્વમાં વિદ્યુત્પ્રભ-સૌમનસ પર્વતો છે. એજ રીતે ઉત્તરકુરુમાં ગંધમાદન અને માલ્યવંત પર્વતો છે. (૨૫૮)

વક્ખારપવ્વયાણં, આયામો તીસજોયણસહસ્સા ।
દોન્નિ ય સયા નવહિયા, છચ્ચ કલાઓ ચોદ્દસંપિ ॥ ૨૫૯ ॥

ચારે વક્ષસ્કાર પર્વતોની લંબાઈ ૩૦,૨૦૯ યોજન ૬ કલા છે. (૨૫૯)

વાસહરગિરંતેણં, રુંદા પંચેવ જોયણસયાઈ ।
ચત્તારિસય ઉવ્વિદ્ધા, ઓગાઢા જોયણાણ સયં ॥ ૨૬૦ ॥

તે વર્ષધરપર્વત પાસે ૫૦૦ યોજન પહોળા, ૪૦૦ યોજન ઊંચા અને ૧૦૦ યોજન અવગાઢ છે. (૨૬૦)

પંચસએ ઉવ્વિદ્ધા, ઓગાઢા પંચ ગાઉયસયાઈ ।
અંગુલઅસંખભાગં, વિત્થિન્ના મંદરંતેણં ॥ ૨૬૧ ॥

તે મેરુપર્વત પાસે ૫૦૦ યોજન ઊંચા, ૫૦૦ ગાઉ અવગાઢ અને અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા પહોળા છે. (૨૬૧)

ગિરિ ગંધમાયણો પીયઓ ય, નીલો ય માલવંતગિરી ।
સોમણસો રયયમઓ, વિજ્જુપ્પભ જચ્ચતવણિજ્જો ॥ ૨૬૨ ॥

ગંધમાદનપર્વત પીળો, માલ્યવંતપર્વત નીલો, સૌમનસપર્વત રજતમય અને વિદ્યુત્પ્રભપર્વત જાત્યતપનીયમય છે. (૨૬૨)

અટ્ઠ સયા બાયાલા, એક્કારસ સહસ્સ દો કલાઓ ય ।
વિક્ખંભો ઉ કુરૂણં, તેવન્નં સહસ્સ જીવા સિં ॥ ૨૬૩ ॥

કુરુની પહોળાઈ ૧૧,૮૪૨ યોજન ૨ કલા છે. તેમની જીવા ૫૩,૦૦૦ યોજન છે. (૨૬૩)

વઈદેહા વિક્ખંભા, મંદરવિક્ખંભ સોહિયદ્ધં જં ।
કુરુવિક્ખંભં જાણસુ, જીવાકરણં ઈમં હોઈ ॥ ૨૬૪ ॥

વિદેહની પહોળાઈમાંથી મેરુની પહોળાઈ બાદ કરી તેનું જે અર્ધ છે તે કુરુની પહોળાઈ જાણ. જીવાનું કરણ આ છે- (૨૬૪)

મંદર પુવ્વેણાયય, બાવીસસહસ્સ ભદ્દસાલવણં ।
દુગુણં મંદરસહિયં, દુસેલરહિયં ચ કુરુજીવા ॥ ૨૬૫ ॥

મેરુપર્વતની પૂર્વમાં ૨૨,૦૦૦ યોજન લાંબુ ભદ્રશાલવન છે. તેને બમણુ કરી મેરુપર્વતથી યુક્ત કરી બે પર્વતથી રહિત તે કુરુની જીવા છે. (૨૬૫)

જીવા દુસેલસહિયા, મંદરવિક્ખંભરહિયસેસદ્ધં ।
પુવ્વાવરવિક્ખંભો, નાયવ્વો ભદ્દસાલસ્સ ॥ ૨૬૬ ॥

જીવાને બે પર્વતથી સહિત અને મેરુપર્વતથી રહિત કરવી, શેષનું અર્ધ તે ભદ્રશાલવનની પૂર્વમાં-પશ્ચિમમાં પહોળાઈ જાણવી. (૨૬૬)

આયામો સેલાણં દોણ્હ વિ, મિલિઓ કુરૂણ ધણુપિટ્ઠં ।
ધણુપિટ્ઠં દુવિહત્તં, આયામો હોઈ સેલાણં ॥ ૨૬૭ ॥

ભેગી કરેલી બન્ને પર્વતોની લંબાઈ કુરુનું ધનુઃપૃષ્ઠ છે. બે ભાગમાં વહેંચાયેલ ધનુઃપૃષ્ઠ તે પર્વતોની લંબાઈ છે. (૨૬૭)

ચત્તારિ સયા અટ્ઠારસોત્તરા, સટ્ઠિ ચેવ ય સહસ્સા ।
બારસ ય કલા સકલા-ધણુપટ્ઠાઈ કુરૂણં તુ ॥ ૨૬૮ ॥

કુરુનું ધનુઃપૃષ્ઠ ૬૦,૪૧૮ યોજન અને સંપૂર્ણ ૧૨ કલા છે. (૨૬૮)

દેવકુરાએ ગિરિણો, વિચિત્તકૂડો ય ચિત્તકૂડો ય ।
દો જમગપવ્વયવરા વડિંસયા ઉત્તરકુરાએ ॥ ૨૬૯ ॥

દેવકુરુમાં વિચિત્રકૂટ અને ચિત્રકૂટ પર્વતો છે. ઉત્તરકુરુમાં મુગટ જેવા બે યમકપર્વતો છે. (૨૬૯)

એએ સહસ્સમુચ્ચા, હરિકૂડસમા પમાણઓ હોંતિ ।
સીયા સીઓયાણં, ઉભઓ કૂલે મુણેયવ્વા ॥ ૨૭૦ ॥

એ પર્વતો ૧,૦૦૦ યોજન ઊંચા, પ્રમાણથી હરિકૂટ સમાન અને સીતા-સીતોદાના બન્ને કિનારે જાણવા. (૨૭૦)

सीयासीयोयाणं, बहुमज्झे पंच पंच हरयाओ ।
उत्तरदाहिणदीहा, पुव्वावरवित्थडा ईणमो ॥ २७१ ॥

સીતા-સીતોદાના બહુમધ્યમાં ઉત્તર-દક્ષિણ લાંબા અને પૂર્વ-પશ્ચિમ પહોળા આ ૫-૫ હ્રદો છે - (૨૭૧)

पढमे त्थ नीलवंतो, उत्तरकुरु हरय चंदहरओ य ।
एरावयद्दहो च्चिय, पंचमओ मालवंतो य ॥ २७२ ॥

અહીં પહેલો નીલવંત, પછી ઉત્તરકુરુ હ્રદ, ચન્દ્ર હ્રદ, ઐરાવત હ્રદ અને પાંચમો માલ્યવંત હ્રદ છે. (૨૭૨)

निसहद्दह देवकुरु, सूर सुलसे तहेव विज्जुपभे ।
पउमद्दह सरिसगमा, दहसरिसनामा उ देवित्थ ॥ २७३ ॥

નિષધદ્રહ, દેવકુરુ, સૂર, સુલસ અને વિદ્યુત્પ્રભ (દ્રહો છે.) તે પદ્મદ્રહ જેવા છે. અહીં દ્રહસમાન નામવાળા દેવો છે. (૨૭૩)

दसजोयणअंतरिया, पुव्वेणवरेण चेव हरियाणं ।
दस दस च कंचनगिरी, दोन्नि सया होंति सव्वेऽवि ॥ २७४ ॥

હ્રદોની પૂર્વમાં અને પશ્ચિમમાં ૧૦ યોજનના અંતરવાળા ૧૦-૧૦ કંચનગિરિપર્વતો છે. બધા ય ૨૦૦ છે. (૨૭૪)

जोयणसयमुव्विद्धा, सयमेगं तेसि मूलविक्खंभो ।
पन्नासं उवरितले, पणसयरी जोयणा मज्झे ॥ २७५ ॥

તે ૧૦૦ યોજન ઊંચા છે. તેમની મૂળપહોળાઈ ૧૦૦ યોજન, ઉપરની પહોળાઈ ૫૦ યોજન અને મધ્યમાં પહોળાઈ ૭૫ યોજન છે. (૨૭૫)

तिन्नि सया सोलहिया, सत्ततीसा सया भवे दोन्नि ।
सयमेगट्ठावन्नं, परिही तेसिं जहासंखं ॥ २७६ ॥

તેમની (મૂળમાં, મધ્યમાં અને ઉપર) પરિધિ અનુક્રમે ૩૧૬ યોજન, ૨૩૭ યોજન અને ૧૫૮ યોજન છે. (૨૭૬)

કુરુવિક્ખંભા સોહિય, સહસ્સઆયામ જમગહરએ ય ।
સેસસ્સ સત્તભાગં, અંતરિમો જાણ સવ્વેસિં ॥ ૨૭૭ ॥

કુરુના વિષ્કંભમાંથી ૧,૦૦૦ યોજન લંબાઈવાળા યમકપર્વતો અને હ્રદોને બાદ કરીને શેષના ૭ ભાગ કરવા. તે બધાનું અંતર જાણ. (૨૭૭)

અટ્ઠસયા ચઉત્તીસા, ચત્તારિ ય હોંતિ સત્ત ભાગાઓ ।
દોસુ વિ કુરાસુ એયં, હરયનગાણંતરં ભણિયં ॥ ૨૭૮ ॥

૮૩૪ ૪/૭ યોજન - બન્ને ય કુરુમાં હ્રદો - પર્વતોનું આ અંતર કહ્યુ છે. (૨૭૮)

જંબૂનયમયં જંબૂપીઢ-મુત્તરકુરાઈ પુવ્વદ્ધે ।
સીયાએ પુવ્વેણં, પંચસયાયામવિક્ખંભં ॥ ૨૭૯ ॥

ઉત્તરકુરુના પૂર્વાર્ધમાં, સીતાની પૂર્વમાં, ૫૦૦ યોજન લાંબી-પહોળી, જાંબૂનદમય જંબૂપીઠ છે. (૨૭૯)

પન્નરસેક્કાસીએ, સાહીએ પરિહિ મજ્ઝબાહલ્લં ।
જોયણ દુ છક્ક કમસો, હાયંતંતેસુ દો કોસા ॥ ૨૮૦ ॥
સવ્વરયણામઈએ, દુગાઉ ઉચ્ચાઈ તં પરિખિત્તં ।
પઉમવરવેઈયાએ, રુંદાએ ધણુસએ પંચ ॥ ૨૮૧ ॥

(તેની) પરિધિ સાધિક ૧,૫૮૧ યોજન છે, વચ્ચે જાડાઈ ૧૨ યોજન છે, ક્રમશઃ ઘટતી અંતે ૨ ગાઉ છે. તે સર્વરત્નમય, ૨ ગાઉ ઊંચી, ૫૦૦ ધનુષ્ય પહોળી પદ્મવરવેદિકાથી વીંટાયેલ છે. (૨૮૦, ૨૮૧)

દો ગાઉ ઊસિયાઈ, ગાઉ ય રુંદા ચઉદ્દિસિં તસ્સ ।
પીઢસ્સ દુવારાઈ, સછત્તજ્ઝયતોરણાઈ ચ ॥ ૨૮૨ ॥

તે પીઠની ચારે દિશામાં ૨ ગાઉ ઊંચા, ૧ ગાઉ પહોળા, છત્ર-ધ્વજ-તોરણોથી યુક્ત દ્વારો છે. (૨૮૨)

ચઉજોયણૂસિયાએ, અટ્ઠેવ ય જોયણાઈ રુંદાએ ।
મણિપીઢિયાએ જંબૂ, વેઈહિં ગુત્તા દુવાલસહિં ॥ ૨૮૩ ॥

(પીઠની ઉપર) ૪ યોજન ઊંચી, ૮ યોજન પહોળી મણિપીઠિકા ઉપર જંબૂવૃક્ષ છે. તે બાર વેદિકા (કિલ્લા)ઓથી ગુપ્ત છે. (૨૮૩)

મૂલા વઈરમયા સે, કંદો ખંધો ય રિટ્ઠ વેરુલિઓ ।
સોવન્નિયા ય સાહા, પસાહ તહ જાયરૂવા ય ॥ ૨૮૪ ॥
વિડિમા રાયય વેરુલિય, પત્ત તવણિજ્જ પત્તવિંટા સે ।
પલ્લવ અગ્ગપવાલા, જંબૂનયરાયયા તીસે ॥ ૨૮૫ ॥

તેના મૂલ વજ્રમય, કંદ અને થડ-રિષ્ટરત્નમય અને વૈડૂર્યમય, શાખા સુવર્ણની, પ્રશાખા જાતરૂપ સુવર્ણની, વિડિમા રજતની, પાંદડા વૈડૂર્યરત્નના, પાંદડાના ડિંટિયા તપનીયમય, પલ્લવ (ગુચ્છા) અને અગ્રપ્રવાલ (અંકુર) જાંબૂનદમય અને રજતમય છે. (૨૮૪, ૨૮૫)

રયણમયા પુપ્ફફલા, વિક્ખંભો અટ્ઠ અટ્ઠ ઉચ્ચત્તં ।
કોસદુગં ઉવ્વેહો, ખંધો દો જોયણુવ્વિદ્ધો ॥ ૨૮૬ ॥
દો કોસે વિત્થિન્નો, વિડિમા છ જોયણાણિ જંબૂએ ।
ચાઉદ્દિસિં પિ સાલો, પુવ્વિલ્લે તત્થ સાલમ્મિ ॥ ૨૮૭ ॥
ભવણં કોસપમાણં, સયણિજ્જં તત્થ ણાઢિયસુરસ્સ ।
તિસુ પાસાયા સેસેસુ, તેસુ સીહાસણા રમ્મા ॥ ૨૮૮ ॥

જંબૂવૃક્ષના પુષ્પો-ફળો રત્નમય છે, પહોળાઈ ૮ યોજન છે, ઊંચાઈ ૮ યોજન છે, ઊંડાઈ ૨ ગાઉ છે, થડ બે યોજન ઊંચુ અને ૨ ગાઉ પહોળુ છે, વિડિમા છ યોજનની છે, ચારે દિશામાં શાખા છે, તેમાં પૂર્વની શાખા ઉપર ૧ ગાઉ પ્રમાણવાળુ ભવન છે, તેની ઉપર અનાદૃતદેવની શય્યા છે, શેષ ત્રણ શાખાઓ ઉપર પ્રાસાદ છે, તેમાં સુંદર સિંહાસનો છે. (૨૮૬, ૨૮૭, ૨૮૮)

તે પાસાયા કોસં, સમૂસિયા કોસમદ્ધ વિત્થિન્ના ।
વિડિમોવરિ જિણભવણં, કોસદ્ધં હોઈ વિત્થિન્નં ॥ ૨૮૯ ॥

देसूणकोसमुच्चं, जंबू अट्ठस्सएण जंबूणं ।
परिवारिया विरायई, तत्तो अद्धप्पमाणेणं ॥ २८० ॥

તે પ્રાસાદો ૧ ગાઉ ઊંચા છે, $^{1}/_{2}$ ગાઉ પહોળા છે. વિડિમાની ઉપર $^{1}/_{2}$ ગાઉ પહોળુ અને દેશોન ૧ ગાઉ ઊંચુ જિનભવન છે. જંબૂવૃક્ષ તેનાથી અડધા પ્રમાણવાળા ૧૦૮ જંબૂવૃક્ષથી વીંટાયેલ શોભે છે. (૨૮૯, ૨૯૦)

पउमद्दहे सिरिए, जो परिवारो कमेण निद्दिट्ठो ।
सो चेव य नायव्वो, जंबूएऽणाढियसुरस्स ॥ २९१ ॥

પદ્મદ્રહમાં શ્રીદેવીનો જે પરિવાર ક્રમથી કહ્યો છે તે જ જંબૂવૃક્ષના અનાદત દેવનો જાણવો. (૨૯૧)

बहुविहरुक्खगणेहिं, वणसंडेहिं घणनिवहभूएहिं ।
तिहिं जोयणसएहिं, सुदंसणा संपरिक्खित्ता ॥ २९२ ॥

ઘણા બધા વૃક્ષોના સમૂહવાળા, વાદળોના વૃંદ જેવા, ૧૦૦ યોજનના ત્રણ વનખંડો વડે સુદર્શના (જંબૂવૃક્ષ) વીંટાયેલ છે. (૨૯૨)

जंबूओ पन्नासं, दिसिविदिसि गंतु पढमवणसंडे ।
चउरो दिसासु भवणा, विदिसासु य होंति पासाया ॥ २९३ ॥

જંબૂવૃક્ષથી પ્રથમ વનખંડમાં દિશામાં અને વિદિશામાં ૫૦ યોજન જઈને દિશામાં ૪ ભવનો અને વિદિશામાં ૪ પ્રાસાદો છે. (૨૯૩)

कोसपमाणा भवणा, चउवाविपरिग्गया य पासाया ।
कोसद्धवित्थडा कोस-मूसियाणाढियसुरस्स ॥ २९४ ॥

અનાદતદેવના ૧ ગાઉ પ્રમાણવાળા, $^{1}/_{2}$ ગાઉ પહોળા, ૧ ગાઉ ઊંચા ભવનો અને ૪ વાવડીઓથી યુક્ત પ્રાસાદો છે. (૨૯૪)

पंचेव धणुसयाई, उव्वेहेणं हवंति वावीओ ।
कोसद्धवित्थडाओ, कोसायामाओ सव्वाओ ॥ २९५ ॥

બધી વાવડીઓ ઊંડાઈથી ૫૦૦ ધનુષ્ય, $^{1}/_{2}$ ગાઉ પહોળી અને ૧ ગાઉ લાંબી છે. (૨૯૫)

ઉત્તરપુરત્થિમાએ, વાવીનામા પયક્ખિણા ઈણમો ।
પઉમા પઉમાભ કુમુયા, કુમુયાભા પઢમપાસાએ ॥ ૨૯૬ ॥

ઈશાનખૂણામાં પ્રથમ પ્રાસાદની વાવડીઓના પ્રદક્ષિણાક્રમે નામો આ પ્રમાણે છે - પદ્મા, પદ્માભા, કુમુદા અને કુમુદાભા. (૨૯૬)

ઉપ્પલભોમા નલિણુ-પ્પલુજ્જલા ઉપ્પલા ય બીયમ્મિ ।
ભિંગા ભિંગનિભંજણ, કજ્જલપભ તઇયએ ભણિયા ॥ ૨૯૭ ॥

બીજા (અગ્નિ ખૂણાના) પ્રાસાદની વાવડીઓના નામ ઉત્પલ-ભૌમા, નલિના, ઉત્પલોજ્જવલા અને ઉત્પલા. ત્રીજા (નૈઋત્ય ખૂણાના) પ્રાસાદની વાવડીઓના નામ ભૃંગા, ભૃંગનિભા, અંજના અને કજ્જલપ્રભા કહ્યા છે. (૨૯૭)

સિરિકંતા સિરિમહિયા, સિરિચંદા પચ્છિમમ્મિ સિરિનિલયા ।
પાસાયાણ ચઉણ્હં, ભવણાણં અંતરે કૂડા ॥ ૨૯૮ ॥

છેલ્લા (વાયવ્ય ખૂણાના) પ્રાસાદની વાવડીઓના નામ શ્રીકાંતા, શ્રીમહિતા, શ્રીચંદા અને શ્રીનિલયા છે. ચાર પ્રાસાદો અને ભવનોના અંતરમાં કૂટો છે. (૨૯૮)

અટ્ઠસહકૂડસરિસા, સવ્વે જંબૂનયામયા ભણિયા ।
તેસુવરિં જિણભવણા, કોસપમાણા પરમરમ્મા ॥ ૨૯૯ ॥

આઠ કૂટો વૃષભકૂટ જેવા છે. તે બધા જાંબૂનદમય કહ્યા છે. તેમની ઉપર ૧ ગાઉ પ્રમાણવાળા, પરમરમ્ય જિનભવનો છે. (૨૯૯)

દેવકુરુ પચ્છિમદ્ધે, ગરુડાવાસસ્સ સામલિદુમસ્સ ।
એસેવ કમો નવરં, પેઢં કૂડા ય રયયમયા ॥ ૩૦૦ ॥

દેવકુરુના પશ્ચિમાર્ધમાં ગરુડવેગદેવના આવાસરૂપ શાલ્મલીવૃક્ષનો આ જ ક્રમ છે, પણ પીઠ અને કૂટો રજતમય છે. (૩૦૦)

દોસુ વિ કુરાસુ મણુઆ, તિપલ્લપરમાઉણો તિકોસુચ્ચા ।
પિટ્ઠકરંડસયાઈ, દો છપ્પણ્ણાઈ મણુયાણં ॥ ૩૦૧ ॥
સુસમસુસમાણુભાવં, અણુહવમાણાણવચ્ચગોવણયા ।
અઉણાપણ્ણદિણાઈ, અટ્ઠમભત્તસ્સ આહારો ॥ ૩૦૨ ॥

બન્ને કુરુમાં મનુષ્યો ૩ પલ્યોપમના ઉત્કૃષ્ટ આયુષ્યવાળા, ૩ ગાઉ ઊંચા છે. તે મનુષ્યોના ૨૫૬ પૃષ્ઠકરંડક છે. તેઓ સુષમસુષમ (૧લા આરા)ના પ્રભાવને અનુભવે છે. તેઓ ૪૯ દિવસ સંતાનોનું પાલન કરે છે અને આહાર અટ્ઠમભક્તે (૩ દિવસના અંતરે) કરે છે. (૩૦૧, ૩૦૨)

લોગસ્સ નાભિભૂઓ, નવનવઈસહસ્સ જોયણુવ્વિદ્ધો ।
મેરુગિરી રયણમઓ, અવગાઢો જોયણસહસ્સં ॥ ૩૦૩ ॥

લોકની નાભિ સમાન, ૯૯,૦૦૦ યોજન ઊંચો, ૧,૦૦૦ યોજન અવગાઢ, રજતમય મેરુપર્વત છે. (૩૦૩)

દસ એક્કારસ ભાગા, નઉયા દસ ચેવ જોયણસહસ્સા ।
મૂલે વિક્ખંભો સે, ધરણિયલે દસસહસ્સાઈં ॥ ૩૦૪ ॥

તેની મૂળમાં ૧૦,૦૯૦ $^{10}/_{11}$ યોજન અને પૃથ્વીતલે ૧૦,૦૦૦ યોજન પહોળાઈ છે. (૩૦૪)

જોયણસહસ્સમુવરિં, મૂલે ઈગતીસ જોયણસહસ્સા ।
નવસય દસહિય તિન્નિ ય, એક્કારસભાગ પરિહી સે ॥ ૩૦૫ ॥

તેની ઉપરની પહોળાઈ ૧,૦૦૦ યોજન છે, મૂળમાં પરિધિ ૩૧,૯૧૦ $^{3}/_{11}$ યોજન છે. (૩૦૫)

ધરણિયલે ઈગતીસં, તેવીસા છસ્સયા ય પરિહી સે ।
ઉવરિં તિન્નિ સહસ્સા, બાવટ્ઠં જોયણસયં ચ ॥ ૩૦૬ ॥

તેની પૃથ્વીતલે પરિધિ ૩૧,૬૨૩ યોજન છે અને ઉપર પરિધિ ૩,૧૬૨ યોજન છે. (૩૦૬)

જત્થિચ્છસિ વિક્ખંભં, મંદરસિહરાહિ ઉવઈત્તાણં ।
એક્કારસહિ વિભત્તં, સહસ્સસહિયં ચ વિક્ખંભં ॥ ૩૦૭ ॥

મેરુપર્વતના શિખર ઉપરથી ઉતરીને જ્યાં પહોળાઈ (જાણવા) ઈચ્છે છે તે ૧૧ થી ભગાયેલુ અને ૧૦૦૦ થી યુક્ત ત્યાંની પહોળાઈ છે. (૩૦૭)

એમેવ ઉપ્પઈત્તા, જં લદ્ધં સોહિયાહિ મૂલિલ્લા ।
વિત્થારા જં સેસં, તો વિત્થારો તહિં તસ્સ ॥ ૩૦૮ ॥

એ જ પ્રમાણે ઉપર ચઢીને (જ્યાં પહોળાઈ જાણવા ઈચ્છે છે તેને ૧૧ થી ભાગવુ.) જે મળે તેને મૂળવિસ્તારમાંથી બાદ કર. જે શેષ છે તે ત્યાં તેનો વિસ્તાર છે. (૩૦૮)

ઉવરિમહિટ્ઠિલ્લાણં, વિત્થારાણં વિસેસમદ્ધં ચ ।
ઉસ્સેહરાસિભઈયં, વુડ્ઢી હાણી ય એગત્તો ॥ ૩૦૯ ॥

ઉપરના અને નીચેના વિસ્તારોના તફાવતનું જે અર્ધ તે ઊંચાઈના રાશિથી ભગાયેલું એક તરફની વૃદ્ધિ-હાનિ છે. (૩૦૯)

સા ચેવ દોહિં ગુણિયા, ઉભઓ પાસમ્મિ હોઈ પરિવુડ્ઢી ।
હાણી ય ગિરિસ્સ ભવે, પરિહાયંતેસુ પાસેસુ ॥ ૩૧૦ ॥

બેથી ગુણાયેલી તે (એક તરફની વૃદ્ધિ-હાનિ) જ પર્વતની બાજુઓ ઘટતે છતે બન્ને બાજુની વૃદ્ધિ અને હાનિ છે. (૩૧૦)

જો જત્થ ઉ વિત્થારો, ગિરિસ્સ તં સોહિયાહિ મૂલિલ્લા ।
વિત્થારા જં સેસં, સો છેયગુણો ઉ ઉસ્સેહો ॥ ૩૧૧ ॥

પર્વતનો જ્યાં જે વિસ્તાર છે તેને મૂળ વિસ્તારમાંથી બાદ કર. જે શેષ તે છેદરાશિથી ગુણાયેલ ઊંચાઈ છે. (૩૧૧)

મેરુસ્સ તિન્નિ કંડા, પુઢવોવલવઈરસક્કરા પઢમે ।
રયએ ય જાયરૂવે, અંકે ફલિહે ય બીયમ્મિ ॥ ૩૧૨ ॥
એગાગારં તઈયં, તં પુણ જંબૂણયામયં હોઈ ।
જોયણસહસ્સ પઢમં, બાહલ્લેણં ચ બીયં તુ ॥ ૩૧૩ ॥
તેવટ્ઠિસહસ્સાઈ, તઈયં છત્તીસ જોયણસહસ્સા ।
મેરુસ્સ ઉવરિ ચૂલા, ઉવ્વિદ્ધા જોયણદુવીસં ॥ ૩૧૪ ॥

મેરુપર્વતના ૩ કાંડ છે. પહેલામાં પૃથ્વી, પત્થર, વજ્ર, કાંકરા છે. બીજામાં રજત, સુવર્ણ, અંકરત્ન અને સ્ફટિક છે. ત્રીજુ એકાકાર છે. તે જાંબૂનદમય છે. જાડાઈથી પહેલું ૧,૦૦૦ યોજન, બીજું ૬૩,૦૦૦ યોજન અને ત્રીજુ ૩૬,૦૦૦ યોજન છે. મેરુપર્વતની ઉપર બે વીસ (૪૦) યોજન ઊંચી ચૂલા છે. (૩૧૨, ૩૧૩, ૩૧૪)

એવં સવ્વગ્ગેણં, સમૂસિઓ મેરુ લક્ખમઈરિત્તં ।
ગોપુચ્છસંઠિયમ્મિ, ઠિયાઈ ચત્તારિ ય વણાઈ ॥ ૩૧૫ ॥

આમ સંપૂર્ણ રીતે મેરુપર્વત સાધિક લાખ યોજન ઊંચો છે. ગોપુચ્છાકારે રહેલા તેમાં ચાર વનો છે. (૩૧૫)

ભૂમીઈ ભદ્દસાલં, મેહલજુયલમ્મિ દોન્નિ રમ્માઈ ।
નંદણ-સોમણસાઈ, પંડગપરિમંડિયં સિહરં ॥ ૩૧૬ ॥

ભૂમિએ ભદ્રશાલવન, બે મેખલામાં સુંદર બે નંદન અને સૌમનસવન અને પંડકવનથી શોભતુ શિખર છે. (૩૧૬)

બાવીસસહસ્સાઈ, પુવ્વાવર મેરુ ભદ્દસાલવણં ।
અડ્ઢાઈજ્જસયા પુણ, દાહિણપાસમ્મિ ઉત્તરઓ ॥ ૩૧૭ ॥

મેરુપર્વતની પૂર્વ-પશ્ચિમમાં ભદ્રશાલવન ૨૨,૦૦૦ યોજન છે અને દક્ષિણ બાજુમાં અને ઉત્તર તરફ ૨૫૦ યોજન છે. (૩૧૭)

પુવ્વેણ મંદરાઓ, જો આયામો ઉ ભદ્દસાલવણે ।
અટ્ઠાસીઈવિભત્તો, સો વિત્થારો હુ દાહિણઓ ॥ ૩૧૮ ॥

મેરુપર્વતથી પૂર્વમાં ભદ્રશાલવનમાં જે લંબાઈ છે તે ૮૮ થી ભગાયેલ દક્ષિણ તરફનો વિસ્તાર છે. (૩૧૮)

દાહિણપાસે ગિરિણો, જો વિત્થારો ઉ ભદ્દસાલવણે ।
અટ્ઠાસીઈગુણો સો, આયામો હોઈ પુવ્વિલ્લે ॥ ૩૧૯ ॥

પર્વતની દક્ષિણ બાજુએ ભદ્રશાલવનમાં જે વિસ્તાર છે તે ૮૮ ગુણો પૂર્વમાં લંબાઈ છે. (૩૧૯)

ચઉપન્નસહસ્સાઈ, મેરુવણં અટ્ઠભાગપવિભત્તે ।
સીયાસીઓયાહિં, મંદર - વક્ખારસેલેહિં ॥ ૩૨૦ ॥

૫૪,૦૦૦ યોજનનું મેરુપર્વતનું વન સીતા-સીતોદા વડે અને મેરુપર્વત-વક્ષસ્કાર પર્વતો વડે ૮ ભાગમાં વહેંચાયેલું છે. (૩૨૦)

મેરુઓ પન્નાસં, દિસિવિદિસિ ગંતુ ભદ્દસાલવણે ।
ચઉરો સિદ્ધાયયણા, દિસાસુ વિદિસાસુ પાસાયા ॥ ૩૨૧ ॥

ભદ્રશાલવનમાં મેરુપર્વતથી દિશામાં અને વિદિશામાં ૫૦ યોજન જઈને દિશામાં ૪ સિદ્ધાયતન અને વિદિશામાં ૪ પ્રાસાદ છે. (૩૨૧)

છત્તીસુચ્ચા પણુવીસ-વિત્થડા દુગુણમાયયાઽડયયણે ।
ચઉવાવીપરિક્ખિત્તા, પાસાયા પંચસયમુચ્ચા ॥ ૩૨૨ ॥

સિદ્ધાયતન ૩૬ યોજન ઊંચા, ૨૫ યોજન પહોળા અને તેનાથી બમણા લાંબા છે. પ્રાસાદો ૪ વાવડીઓથી વીંટાયેલા ૫૦૦ યોજન ઊંચા છે. (૩૨૨)

દીહાઓ પન્નાસં, પણુવીસં જોયણાણિ વિત્થિન્ના ।
દસ જોયણાવગાઢા, જંબૂવાવીસરિસનામા ॥ ૩૨૩ ॥

વાવડીઓ ૫૦ યોજન લાંબી, ૨૫ યોજન પહોળી, ૧૦ યોજન ઊંડી અને જંબૂવૃક્ષની વાવડીઓની સમાન નામવાળી છે. (૩૨૩)

ઈસાણસ્સુત્તરિયા, પાસાયા દાહિણા ય સક્કસ્સ ।
અટ્ઠદિસિ હત્થિકૂડા, સીઆસીઓયાઉભયકૂલે ॥ ૩૨૪ ॥

ઉત્તરના પ્રાસાદો ઈશાનેન્દ્રના અને દક્ષિણના શક્રના છે. સીતા-સીતોદાના બન્ને કિનારે ૮ દિશામાં દિગ્હસ્તિકૂટો છે. (૩૨૪)

દો દો ચઉદ્દિસિં મંદરસ્સ, હિમવંત કૂડસમકપ્પા ।
પઉમોત્તરોઽત્થ પઢમો, સીયાપુવ્વુત્તરે કૂલે ॥ ૩૨૫ ॥
તત્તો ય નીલવંતો, સુહત્થિ તહ અંજનગિરી કુમુએ ।
તહ ય પલાસ વડિંસે, અટ્ઠમએ રોયણગિરી ય ॥ ૩૨૬ ॥

મેરુપર્વતની ચારે દિશામાં હિમવંત કૂટ સમાન બે-બે કૂટો છે. એમાં સીતાના ઈશાનખૂણાના કીનારે પહેલો પદ્મોત્તર છે, પછી નીલવંત, સુહસ્તિ અને અંજનગિરિ, કુમુદ તથા પલાશ, અવતંસક અને આઠમુ રોચનગિરિ. (૩૨૫, ૩૨૬)

પંચેવ જોયણસએ, ઉડ્ઢં ગંતૂણ પંચસયપિહુલં ।
નંદણવણં સુમેરું, પરિક્ખિત્તા ટ્ઠિયં રમ્મં ॥ ૩૨૭ ॥

૫૦૦ યોજન ઉપર જઈને, ૫૦૦ યોજન પહોળુ, મેરુપર્વતને વીંટીને રહેલું સુંદર નંદનવન છે. (૩૨૭)

બાહિં ગિરિવિક્ખંભો, તહિયં નવનવઈજોયણસયાઈ ।
ચઉપન્ન જોયણાણિ ય, એક્કારસ ભાગ છચ્ચેવ ॥ ૩૨૮ ॥

ત્યાં પર્વતની બહારની પહોળાઈ ૯,૯૫૪ $^{૬}/_{૧૧}$ યોજન છે. (૩૨૮)

અઉણાનઉઈ સયાઈ, ચઉપન્નહિયાઈ નંદણવણમ્મિ ।
અંતો ગિરિવિક્ખંભો, એક્કારસભાગ છચ્ચેવ ॥ ૩૨૯ ॥

નંદનવને પર્વતની અંદરની પહોળાઈ ૮,૯૫૪ $^{૬}/_{૧૧}$ યોજન છે. (૩૨૯)

ઈગતીસસહસ્સાઈ, ચત્તારિ સયાઈ અઉણસીયાઈ ।
બાહિં નગસ્સ પરિહી, સવિસેસા નંદણવણમ્મિ ॥ ૩૩૦ ॥

નંદનવને પર્વતની બાહ્ય પરિધિ સાધિક ૩૧,૪૭૯ યોજન છે. (૩૩૦)

અટ્ઠાવીસ સહસ્સા, તિન્નિ સયા જોયણાણ સોલહિયા ।
અંતોગિરિસ્સ પરિરઓ, એક્કારસ ભાગ અટ્ઠેવ ॥ ૩૩૧ ॥

પર્વતની અંદરની પરિધિ ૨૮,૩૧૬ $^{૮}/_{૧૧}$ યોજન છે. (૩૩૧)

સિદ્ધાયયણા ચઉરો, પાસાયા વાવિઓ તહા કૂડા ।
જહ ચેવ ભદ્દસાલે, નવરં નામાણિ સિં ઈણમો ॥ ૩૩૨ ॥

૪ સિદ્ધાયતનો, પ્રાસાદો, વાવડીઓ અને કૂટો જેમ ભદ્રશાલવનમાં છે તેમ અહીં પણ છે. પણ તેમના નામો આ પ્રમાણે છે. (૩૩૨)

નંદુત્તરનંદસુનંદ-વદ્ધમાણનંદિસેણામોહા ય ।
ગોત્થુહ સુદંસણા વિ ય, ભદ્દ વિસાલા ય કુમુદા ય ॥ ૩૩૩ ॥
પુંડરિગિણિ વિજયા, વેજયંતિ અપરાજિયા જયંતી ય ।
કૂડા નંદણ મંદર, નિસહે હેમવય રયએ ય ॥ ૩૩૪ ॥
રુયગે સાગરચિત્તે, વઈરો ચિય અંતરેસુ અટ્ઠસુ વિ ।
કૂડા બલકૂડો પુણ, મંદરપુવ્વુત્તરદિસાએ ॥ ૩૩૫ ॥

નંદોત્તરા, નંદા, સુનંદા, વર્ધમાના, નંદિષેણા, અમોઘા, ગોસ્તૂપ, સુદર્શના, ભદ્રા, વિશાલા, કુમુદા, પુંડરીકિણી, વિજયા, વૈજયંતી, અપરાજિતા અને જયંતી - (આ વાવડીઓના નામો છે.) નંદન, મેરુ, નિષધ, હિમવંત, રજત, રુચક, સાગરચિત્ર, વજ્ર કૂટો આઠે ય આંતરામાં છે. બલકૂટ મેરુપર્વતથી ઈશાનખૂણામાં છે. (૩૩૩, ૩૩૪, ૩૩૫)

એએસુ ઉડ્ઢલોએ, વત્થવ્વાઓ દિસાકુમારીઓ ।
અટ્ઠેવ પરિવસંતિ, અટ્ઠસુ કૂડેસુ ઈણમાઉ ॥ ૩૩૬ ॥

આ ૮ કૂટો ઉપર ઊર્ધ્વલોકમાં વસનારી આ ૮ દિશાકુમારીઓ વસે છે - (૩૩૬)

મેઘંકર મેઘવઈ, સુમેહ તહ મેહમાલિણિ સુવચ્છા ।
તત્તો ય વચ્છમિત્તા, બલાહગા વારિસેણા ય ॥ ૩૩૭ ॥

મેઘંકરા, મેઘવતી, સુમેઘા તથા મેઘમાલિની, સુવત્સા, પછી વત્સમિત્રા, બલાહકા અને વારિષેણા. (૩૩૭)

બાસટ્ઠિ સહસ્સાઈ, પંચેવ સયાઈ નંદણવણાઓ ।
ઉડ્ઢં ગંતૂણ વણં, સોમનસં નંદણસરિચ્છં ॥ ૩૩૮ ॥

નંદનવનથી ૬૨,૫૦૦ યોજન ઉપર જઈને નંદનવન જેવુ સૌમનસ વન છે. (૩૩૮)

બાવત્તરાઈ દોન્નિ ય, સયાઈ ચઉરો ય જોયણસહસ્સા ।
બાહિં ગિરિવિક્ખંભો, એક્કારસ ભાગ અટ્ઠેવ ॥ ૩૩૯ ॥

(ત્યાં) પર્વતની બહારની પહોળાઈ ૪,૨૭૨ $^{૮}/_{૧૧}$ યોજન છે. (૩૩૯)

બાવત્તરાઈ દોન્નિ ય, સયાઈ તિન્નિ ય જોયણસહસ્સા ।
અંતો ગિરિવિક્ખંભો, એક્કારસ ભાગ અટ્ઠેવ ॥ ૩૪૦ ॥

પર્વતની અંદરની પહોળાઈ ૩,૨૭૨ $^{૮}/_{૧૧}$ યોજન છે. (૩૪૦)

પંચ સએ એક્કારે, તેરસય હવંતિ જોયણસહસ્સા ।
છચ્ચેકારસ ભાગા, બાહિં ગિરિપરિરઓ હોઈ ॥ ૩૪૧ ॥

પર્વતની બહારની પરિધિ ૧૩,૫૧૧ $^{૬}/_{૧૧}$ યોજન છે. (૩૪૧)

જોયણસહસ્સ દસગં, તિન્નેવ સયાણિ અઉણપન્નાણિ ।
અંતોગિરી પરિરઓ, એક્કારસ ભાગ તિન્નેવ ॥ ૩૪૨ ॥

અંદરની ગિરિપરિધિ ૧૦,૩૪૯ $^{૩}/_{૧૧}$ યોજન છે. (૩૪૨)

નંદણવણસરિસગમં, સોમણસં નવરિ નત્થિ કુડત્થ ।
પુક્ખરિણીઓ સુમણા, સોમણસા સોમણંસા ય ॥ ૩૪૩ ॥
વાવી મણોરમાડવિ ય, ઉત્તરકુરુ તહ ય હોઈ દેવકુરુ ।
તત્તો ય વારિસેણા, સરસ્સઈ તહ વિસાલા ય ॥ ૩૪૪ ॥
વાવી ય માઘભદ્દા-ડભયસેણા રોહિણી ય બોધવ્વા ।
ભદ્દુત્તરા ય ભદ્દા, સુભદ્દ ભદ્દાવઈ ચેવ ॥ ૩૪૫ ॥

સૌમનસવન નંદનવન જેવું છે, પણ કૂટ નથી. વાવડીઓ સુમના, સૌમનસા, સૌમનાંશા, મનોરમા વાવડી, ઉત્તરકુરુ તથા દેવકુરુ, પછી વારિષેણા, સરસ્વતી તથા વિશાલા, માઘભદ્રા વાવડી, અભયસેના અને રોહિણી જાણવી, ભદ્રોત્તરા, ભદ્રા, સુભદ્રા અને ભદ્રાવતી છે. (૩૪૩, ૩૪૪, ૩૪૫)

સોમણસાઓ તીસં, છચ્ચસહસ્સે વિલગ્ગિઊણ ગિરિં ।
વિમલજલકુંડગહણં, હવઈ વણં પંડગં સિહરે ॥ ૩૪૬ ॥

સૌમનસવનથી ૩૬,૦૦૦ યોજન પર્વત ઉપર જઈને શિખર ઉપર વિમલ જલવાળા કુંડોથી યુક્ત પંડકવન છે. (૩૪૬)

ચત્તારિ જોયણસયા, ચઉણઉયા ચક્કવાલઓ રુંદં ।
ઈગતીસ જોયણસયા, બાસટ્ઠી પરિરઓ તસ્સ ॥ ૩૪૭ ॥

(તે) ૪૯૪ યોજન ચક્રાકારે પહોળુ છે. તેની પરિધિ ૩,૧૬૨ યોજન છે. (૩૪૭)

દુગુણં જોયણવીસં, સમૂસિયા વિમલવેરુલિયરૂવા ।
મેરુગિરિસ્સુવરિતલે, જિણભવણવિભૂસિયા ચૂલા ॥ ૩૪૮ ॥

મેરુપર્વતના ઉપરના તલ ઉપર બમણા ૨૦ યોજન (૪૦ યોજન) ઊંચી, નિર્મળ વૈડૂર્યમય, જિનભવનથી વિભૂષિત ચૂલા છે. (૩૪૮)

મૂલે મજ્ઝે ઉવરિં, બારસ અટ્ઠ ચઉરો ય વિક્ખંભો ।
સત્તત્તીસા પણવીસ, બારસા અહિય પરિહી સે ॥ ૩૪૯ ॥

તેની મૂળમાં, મધ્યમાં અને ઉપર ૧૨, ૮ અને ૪ યોજન પહોળાઈ છે અને પરિધિ સાધિક ૩૭, સાધિક ૨૫ અને સાધિક ૧૨ યોજન છે. (૩૪૯)

જત્થિચ્છસિ વિક્ખંભં, ચૂલિયસિહરાહિ ઉવઈત્તાણ ।
તં પંચહિ પવિભત્તં, ચઉહિં જુયં જાણ વિક્ખંભં ॥ ૩૫૦ ॥

ચૂલિકાના શિખરથી ઉતરીને જ્યાં પહોળાઈ જાણવા ઈચ્છે છે તે ૫ થી ભગાયેલુ અને ૪ થી યુક્ત પહોળાઈ જાણ. (૩૫૦)

જત્થિચ્છસિ વિક્ખંભં, ચૂલિયમૂલાઉ ઉપ્પઈત્તાણં ।
તં પણવિભત્તમૂલિલ્લા, સોહિયં જાણ વિક્ખંભં ॥ ૩૫૧ ॥

ચૂલિકાના મૂળથી ઉપર જઈને જ્યાં પહોળાઈ જાણવા ઈચ્છે છે તે ૫ થી ભગાયેલું મૂળની પહોળાઈમાંથી બાદ કરાયેલું પહોળાઈ જાણ. (૩૫૧)

સિદ્ધાયયણા વાવી, પાસાયા ચૂલિયાઈ અટ્ઠદિસિં ।
જહ સોમણસે નવરં, ઈમાણિ પોક્ખરિણિનામાઈ ॥ ૩૫૨ ॥

ચૂલિકાની ૮ દિશામાં સિદ્ધાયતનો, વાવડીઓ, પ્રાસાદો જેમ સૌમનસવનમાં છે તેમ છે, પણ વાવડીઓના નામ આ પ્રમાણે છે - (૩૫૨)

પુંડા પુંડપ્પભવા, સુરત્ત તહ રત્તગાવઈ ચેવ ।
ખીરરસા ઈક્ખુરસા, અમયરસા વારુણી ચેવ ॥ ૩૫૩ ॥
સંખુત્તરા ય સંખા, સંખાવત્તા બલાહગા તહ ય ।
પુક્ખોત્તર પુક્ખવઈ, સુપુક્ખ તહ પુક્ખમાલિણિયા ॥ ૩૫૪ ॥

પુંડ્રા, પુંડ્રપ્રભવા, સુરક્તા, રક્તાવતી, ક્ષીરરસા, ઈક્ષુરસા, અમૃતરસા અને વારુણી, શંખોત્તરા, શંખા, શંખાવર્તા, બલાહકા તથા પુષ્પોત્તરા, પુષ્પવતી, સુપુષ્પા તથા પુષ્પમાલિનિકા. (૩૫૩, ૩૫૪)

પંડગવણમ્મિ ચઉરો, સિલાસુ ચઉસુ વિ દિસાસુ ચૂલાએ ।
ચઉજોયણુસિયાઓ, સવ્વજ્જુણકંચણમયાઓ ॥ ૩૫૫ ॥
પંચસયાયામાઓ, મજ્ઝે દીહત્તણદ્ધરુંદાઓ ।
ચંદદ્ધસંઠિયાઓ, કુમુઓયરહારગોરાઓ ॥ ૩૫૬ ॥

પંડકવનમાં ચૂલાની ચારે દિશામાં ૪ યોજન ઊંચી, સર્વઅર્જુન સુવર્ણમય, ૫૦૦ યોજન લાંબી, મધ્યમાં લંબાઈથી અડધી પહોળી, અર્ધચન્દ્રના આકારવાળી, કુમુદના મધ્યભાગ અને હાર જેવી સફેદ ૪ શિલાઓ છે. (૩૫૫, ૩૫૬)

એગત્થ પંડુકંબલ-સિલ ત્તિ અઈપંડુકંબલા બીયા ।
રત્તાતિરત્તકંબલ-સિલાણ જુયલં ચ રમ્મયલં ॥ ૩૫૭ ॥

એમાં એક પાંડુકંબલા શિલા છે, બીજી અતિપાંડુકંબલા છે, રક્તકંબલા અને અતિરક્તકંબલા શિલાઓનું રમ્ય તલવાળુ યુગલ છે. (૩૫૭)

પુવ્વાવરાસુ દો દો, સિલાસુ સિંહાસણાઈ રમ્માઈ ।
જમ્માઈ ઉત્તરાએ, સિલાઈ ઈક્કિક્કયં ભણિયં ॥ ૩૫૮ ॥

પૂર્વ અને પશ્ચિમની શિલાઓ ઉપર સુંદર બે-બે સિંહાસનો અને દક્ષિણ અને ઉત્તરની શિલાઓ ઉપર ૧-૧ સિંહાસન કહ્યા છે. (૩૫૮)

સીયાસીઓયાણં, ઉભઓકુલુબ્ભવા જિણવરિંદા ।
પંડુસિલરત્તકંબલ-સિલાસુ સિંહાસણવરેસુ ॥ ૩૫૯ ॥
અઈપંડુકંબલાએ, અઈરત્તાએ ય બાલભાવમ્મિ ।
ભરહેરવયજિણિંદા, અભિસિચ્ચંતે સુરિંદેહિ ॥ ૩૬૦ ॥

સીતા-સીતોદાના બન્ને કિનારે ઉત્પન્ન થયેલા જિનેશ્વરો પાંડુકંબલાશિલા અને રક્તકંબલાશિલા ઉપરના સિંહાસનો ઉપર

અને ભરત-ઐરવતના જિનેશ્વરો (ક્રમશઃ) અતિપાંડુકંબલાશિલા અને અતિરક્તકંબલા શિલા ઉપરના સિંહાસનો ઉપર બાળભાવમાં દેવેન્દ્રો વડે અભિષેક કરાય છે. (૩૫૯, ૩૬૦)

પુવ્વવિદેહં મેરુસ્સ, પુવ્વઓ સીયાનઈ પરિચ્છિન્નં ।
અવરેણઽવરવિદેહં, સીઓયાએ પરિચ્છિન્નં ॥ ૩૬૧ ॥

મેરુથી પૂર્વમાં પૂર્વવિદેહ સીતાનદીથી બે ભાગમાં વહેંચાયેલ છે. મેરુથી પશ્ચિમમાં પશ્ચિમવિદેહ સીતોદાનદીથી બે ભાગમાં વહેંચાયેલ છે. (૩૬૧)

સીયાસીઓયાણં, વાસહરાણં ચ મજ્ઝયારમ્મિ ।
વિજયા વક્ખારગિરી, અંતરનઈ વણમુહા ચઉરો ॥ ૩૬૨ ॥

સીતા-સીતોદા અને વર્ષધરપર્વતોની મધ્યમાં વિજયો, વક્ષસ્કાર પર્વતો, અંતરનદીઓ અને ૪ વનમુખો છે. (૩૬૨)

વઈદેહા વિક્ખંભા, નઈમાણં પંચ જોયણસયાઈ ।
સોહિત્તા તસ્સદ્ધં, આયામો તેસિમો હોઈ ॥ ૩૬૩ ॥

વિદેહની પહોળાઈમાંથી નદીનું પ્રમાણ ૫૦૦ યોજન બાદ કરી તેનું અર્ધ તેમની (વિજયો વગેરેની) લંબાઈ છે. તે આ પ્રમાણે છે. (૩૬૩)

પંચ સએ બાણઉએ, સોલસસહસ્સ દો કલાઓ ય ।
વિજયાવક્ખારાણં, અંતરનઈવણમુહાણં ચ ॥ ૩૬૪ ॥

વિજયો, વક્ષસ્કાર પર્વતો, અંતરનદીઓ, વનમુખોની લંબાઈ ૧૬,૫૯૨ યોજન ૨ કલા છે. (૩૬૪)

ચઉણઉએ પંચ સએ, ચઉસટ્ઠિસહસ્સ દીવવિત્થારો ।
સોહિય સોલસભઈએ, વિજયાણં હોઈ વિક્ખંભો ॥ ૩૬૫ ॥

દ્વીપના વિસ્તારમાંથી ૬૪,૫૯૪ યોજન બાદ કરી ૧૬ થી ભાગે છતે વિજયની પહોળાઈ આવે છે. (૩૬૫)

છન્નવઈ સહસ્સાઈ, જંબૂદીવા વિસોહઈત્તાણં ।
સેસે અટ્ઠહિં ભઈએ, લદ્ધો વક્ખારવિક્ખંભો ॥ ૩૬૬ ॥

જંબૂદ્વીપ(ના વિસ્તાર)માંથી ૯૬,૦૦૦ યોજન બાદ કરી શેષ ૮ થી ભગાયે છતે વક્ષસ્કાર પર્વતોની પહોળાઈ મળી. (૩૬૬)

નવનઉઈ સહસ્સાઈ, અડ્ઢાઈજ્જે સએ ય સોહિત્તા ।
સેસે છક્કવિહત્તં, લદ્ધે સલિલાણ વિક્ખંભો ॥ ૩૬૭ ॥

(જંબૂદ્વીપની પહોળાઈમાંથી) ૯૯,૨૫૦ યોજન બાદ કરી શેષ ૬ થી ભગાયેલ નદીઓની પહોળાઈ મળી. (૩૬૭)

ચઉણવઈ સહસ્સાઈ, છપ્પન્ન સયં ચ સોહુ દીવાઓ ।
દોહિં વિભત્તે સેસં, સીયાસીઓયવણમાણં ॥ ૩૬૮ ॥

જંબૂદ્વીપ (પહોળાઈ) માંથી ૯૪,૧૫૬ યોજન બાદ કરી શેષ બેથી ભગાયે છતે સીતા-સીતોદાના વનોનું પ્રમાણ છે. (૩૬૮)

છાયાલીસં સહસ્સે, જંબૂદ્દીવા વિસોહઈત્તાણં ।
સેસં એગવિહત્તં, મંદરવણમાણયં જાણ ॥ ૩૬૯ ॥

જંબૂદ્વીપ (ની પહોળાઈ) માંથી ૪૬,૦૦૦ યોજન બાદ કરી શેષ ૧ થી ભગાયેલું મેરુપર્વતના વનનું પ્રમાણ જાણ. (૩૬૯)

વિજયાણં વિક્ખંભો, બાવીસસયાઈ તેરસહિયાઈ ।
પંચ સએ વક્ખારા, પણવીસસયં ચ સલિલાઓ ॥ ૩૭૦ ॥

વિજયોની પહોળાઈ ૨,૨૧૩ યોજન છે. વક્ષસ્કારપર્વતો (ની પહોળાઈ) ૫૦૦ યોજન અને નદીઓ(ની પહોળાઈ) ૧૨૫ યોજન છે. (૩૭૦)

જત્તો વાસહરગિરી, તત્તો જોયણસયં સમોગાઢા ।
ચત્તારિ જોયણસએ, ઉવ્વિદ્ધા સવ્વરયણમયા ॥ ૩૭૧ ॥
જત્તો પુણ સલિલાઓ, તત્તો પંચસયગાઉઓગાઢા ।
પંચેવ જોયણસએ, ઉવ્વિદ્ધા આસખંધનિભા ॥ ૩૭૨ ॥

(વક્ષસ્કારપર્વતો) જે તરફ વર્ષધરપર્વતો છે તે તરફ ૧૦૦ યોજન અવગાઢ અને ૪૦૦ યોજન ઊંચા છે, જે તરફ નદી છે તે તરફ ૫૦૦ ગાઉ અવગાઢ અને ૫૦૦ યોજન ઊંચા છે. તે સર્વરત્નમય અને ઘોડાના સ્કંધ જેવા છે. (૩૭૧, ૩૭૨)

चित्ते य बंभकूडे, नलिणीकूडे य एगसेले य ।
तिउडे वेसमणे वा, अंजणे मायंजणे चेव ॥ ७७ ॥
अंकावई पम्हावई, आसीविस तह सुहावहे चंदे ।
सूरे नागे देवे, सोलस वक्खारगिरिनामा ॥ ७७४ ॥

ચિત્ર, બ્રહ્મકૂટ, નલિનીકૂટ, એકશૈલ, ત્રિકૂટ, વૈશ્રમણ, અંજન, માતંજન, અંકાપાતી, પક્ષ્માપાતી, આશીવિષ, સુખાવહ, ચન્દ્ર, સૂર, નાગ, દેવ - આ વક્ષસ્કાર પર્વતોના ૧૬ નામો છે. (૭૭૩, ૭૭૪)

गाहावई दहवई, वेगवई तत्त मत्त उम्मत्ता ।
खीरोय सीयसोया, तह अंतोवाहिणी चेव ॥ ७७५ ॥
उम्मीमालिणि गंभीर-मालिणी फेणमालिणी चेव ।
एया कुंडप्पवहा, उव्वेहो जोयणा दसओ ॥ ७७६ ॥

ગાહાવતી, દ્રહાવતી, વેગવતી, તપ્તા, મત્તા, ઉન્મત્તા, ક્ષીરોદા, શીતસ્રોતા, અંતર્વાહિની, ઉર્મિમાલિની, ગંભીરમાલિની, ફેનમાલિની - આ કુંડમાંથી નીકળેલી નદીઓ છે. તેમની ઊંડાઈ ૧૦ યોજન છે. (૭૭૫, ૭૭૬)

विजयाणं बत्तीसं, आसन्नं मालवंतसेलस्स ।
काऊण पयाहीणा, ईमाणि नामाणि अणुकमसो ॥ ७७७ ॥

૩૨ વિજયોના માલ્યવંતપર્વતની નજીકથી પ્રદક્ષિણા કરીને અનુક્રમે આ નામો છે - (૭૭૭)

कच्छ सुकच्छ महाकच्छए य, कच्छावई चउत्थोऽत्थ ।
आवत्त मंगलावत्त, पुक्खले पुक्खलावई य ॥ ७७८ ॥

કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, અહીં ચોથી કચ્છાવતી, આવર્ત્ત, મંગલાવર્ત્ત, પુષ્કલ, પુષ્કલાવતી. (૭૭૮)

वच्छ सुवच्छ महावच्छए य, वच्छावई चउत्थोऽत्थ ।
रम्मे य रम्मएऽवि य, रमणिज्जे मंगलावई य ॥ ७७९ ॥

વત્સ, સુવત્સ, મહાવત્સ, અહીં ચોથી વત્સાવતી, રમ્ય અને રમ્યક પણ, રમણીય અને મંગલાવતી. (૩૭૯)

પમ્હ સુપમ્હ મહાપમ્હએ ય, પમ્હાવઈ ચઉત્થોડત્થ ।
સંખે નલિણે કુમુએ, નલિણાવઈ અટ્ઠમે ભણિએ ॥ ૩૮૦ ॥

પક્ષ્મ, સુપક્ષ્મ, મહાપક્ષ્મ, અહીં ચોથી પક્ષ્માવતી, શંખ, નલિન, કુમુદ, આઠમી નલિનાવતી કહી છે. (૩૮૦)

વપ્પ સુવપ્પ મહાવપ્પએ ય, વપ્પાવઈ ચઉત્થોડત્થ ।
વગ્ગુ સુવગ્ગૂ ગંધિલ, ગંધિલાવઈ અટ્ઠમે ભણિએ ॥ ૩૮૧ ॥

વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, અહીં ચોથી વપ્રાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ, આઠમી ગંધિલાવતી કહી છે. (૩૮૧)

(નવજોયણપિહુલાઓ, બારસદીહા પવરનયરીઓ ।
અદ્ધવિજયાણ મજ્ઝે, ઈમેહિં નામેહિં નાયવ્વા ॥)
ખેમા ખેમપુરી વિ ય, અરિટ્ઠ રિટ્ઠાવઈ ય નાયવ્વા ।
ખગ્ગી મંજુસા વિ ય, ઉસહિપુરી પુંડરીગિણિ ય ॥ ૩૮૨ ॥
સુસીમા કુંડલા ચેવ, અવરાવઈ તહા ય પહંકરા ।
અંકાવઈ પમ્હાવઈ, સુહા રયણસંચયા ચેવ ॥ ૩૮૩ ॥
આસપુરી સીહપુરી, મહાપુરી ચેવ હોઈ વિજયપુરી ।
અવરાજિયા ય અવરા, અસોગા તહ વીયસોગા ય ॥ ૩૮૪ ॥
વિજયા ય વેજયંતી, જયંતિ અપરાજિયા ય બોધવ્વા ।
ચક્કપુરી ખગ્ગપુરી, હવઈ અવજ્ઝા ય અઉજ્ઝા ય ॥ ૩૮૫ ॥

(અર્ધવિજયોની મધ્યમાં ૯ યોજન પહોળી, ૧૨ યોજન લાંબી, શ્રેષ્ઠ નગરીઓ આ નામોથી જાણવી) ક્ષેમા, ક્ષેમપુરી, અરિષ્ટ, રિષ્ટાવતી જાણવી, ખડ્ગી, મંજુષા, ઔષધિપુરી, પુંડરીકિણી, સુસીમા, કુંડલા, અપરાવતી,પ્રભંકરા, અંકાવતી, પક્ષ્માવતી, શુભા, રત્નસંચયા, અશ્વપુરી, સિંહપુરી, મહાપુરી, વિજયપુરી, અપરાજિતા, અપરા, અશોકા તથા વીતશોકા, વિજયા, વૈજયંતી, જયંતી, અપરાજિતા જાણવી, ચક્રપુરી, ખડ્ગપુરી, અવધ્યા અને અયોધ્યા. (૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૫)

સીયાએ ઉઈન્નેસુ, સીઓયાએ ઉ જમ્મવિજએસું ।
ગંગા સિંધુ નઈઓ, ઈયરેસુ ય રત્તરત્તવઈ ॥ ૩૮૬ ॥

સીતાની ઉત્તરની વિજયોમાં અને સીતોદાની દક્ષિણની વિજયોમાં ગંગા-સિંધુ નદીઓ છે, બીજી વિજયોમાં રક્તા-રક્તવતી નદીઓ છે. (૩૮૬)

સીયાસીઓયાણં, ઉભઓ કૂલેસુ વણમુહા ચઉરો ।
ઉત્તરદાહિણદીહા, પાઈણ પઈણ વિત્થિન્ના ॥ ૩૮૭ ॥

સીતા-સીતોદાના બન્ને કિનારે ઉત્તર-દક્ષિણ લાંબા અને પૂર્વ-પશ્ચિમ પહોળા ૪ વનમુખો છે. (૩૮૭)

અઉણાવીસઈભાગં, રુંદા વાસહરપવ્વયંતેણં ।
અઉણત્તીસ સયા પુણ, બાવીસહિયા નઈજુત્તો ॥ ૩૮૮ ॥

(તે) વર્ષધર પર્વત તરફ $^{1}/_{19}$ યોજન પહોળા છે અને નદી તરફ ૨,૯૨૨ યોજન પહોળા છે. (૩૮૮)

પંચ સએ બાણઉએ, સોલસ ય હવંતિ જોયણસહસ્સા ।
દો ય કલા અવરાઓ, આયામેણં મુણેયવ્વા ॥ ૩૮૯ ॥

(તે) લંબાઈથી ૧૬,૫૯૨ યોજન અને બીજી ૨ કલા જાણવા. (૩૮૯)

જત્થિચ્છસિ વિક્ખંભં, સીયાએ વણમુહસ્સ નાઉં જે ।
અઉણત્તીસસએહિં, બાવીસહિએહિં તં ગુણિએ ॥ ૩૯૦ ॥
તં ચેવ પુણો રાસિં, અઉણાવીસાઈ સંગુણેઊણં ।
સુન્નિંદિયદુગપંચય-ઈક્કગતિગભાગહારો સે ॥ ૩૯૧ ॥
ભઈએણ રાસિણા તેણ, એત્થ જં હોઈ ભાગલદ્ધં તુ ।
સો સીયાએ વણમુહે, તહિં તહિં હોઈ વિક્ખંભો ॥ ૩૯૨ ॥

સીતાના વનમુખની જ્યાં પહોળાઈ જાણવા ઈચ્છે છે તેને ૨,૯૨૨ થી ગુણીને તે જ રાશિને ૧૯થી ગુણીને ૩,૧૫,૨૫૦ તેનો

ભાગહાર છે. ભગાયેલા તે રાશિ વડે અહીં જે ભાગમાં મળ્યું તે સીતાના વનમુખમાં ત્યાં ત્યાં પહોળાઈ છે. (૩૯૦, ૩૯૧, ૩૯૨)

અવિરહિયં જિણવરચક્કવટ્ટિબલદેવવાસુદેવેહિં ।
એયં મહાવિદેહં, બત્તીસાવિજયપવિભત્તં ॥ ૩૯૩ ॥

આ મહાવિદેહક્ષેત્ર જિનેશ્વર, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવથી અવિરહિત છે અને ૩૨ વિજયોમાં વહેંચાયેલ છે. (૩૯૩)

મણુયાણ પુવ્વકોડી, આઊ પંચૂસિયાધણુસયાઈ ।
દુસમસુસમાણુભાવં, અણુહવંતિ નરા નિયયકાલં ॥ ૩૯૪ ॥

(અહીં) મનુષ્યોનું આયુષ્ય ૧ પૂર્વકોડવર્ષ છે, મનુષ્યો ૫૦૦ ધનુષ્ય ઊંચા છે અને હંમેશા દુષમસુષમકાળના પ્રભાવને અનુભવે છે. (૩૯૪)

દો ચંદા દો સૂરા, નક્ખત્તા ખલુ હવંતિ છપ્પન્ના ।
છાવત્તરં ગહસયં, જંબૂદીવે વિયારી ણં ॥ ૩૯૫ ॥
એગં ચ સયસહસ્સં, તિત્તીસં ખલુ ભવે સહસ્સા ય ।
નવ ય સયા પન્નાસા, તારાગણકોડિકોડીણં ॥ ૩૯૬ ॥

જંબૂદ્વીપમાં વિચરનારા બે ચંદ્ર, બે સૂર્ય, ૫૬ નક્ષત્રો, ૧૭૬ ગ્રહો અને ૧,૩૩,૯૫૦ કોટિકોટિ તારા છે. (૩૯૫, ૩૯૬)

જંબૂદ્દીવો નામં, ખેત્તસમાસસ્સ પઢમ અહિગારો ।
પઢણે જાણ સમત્તો, તાણ સમત્તાઈ દુકખાઈ ॥ ૩૯૭ ॥

ક્ષેત્રસમાસનો જંબૂદ્વીપ નામનો પહેલો અધિકાર જેમનો ભણવામાં સમાપ્ત થયો તેમના દુઃખો સમાપ્ત થયા. (૩૯૭)

ગાહાણં તિન્નિ સયા, અટ્ઠાણઉયા ય હોંતિ નાયવ્વા ।
જંબૂદ્દીવસમાસો, ગાહગ્ગેણં વિણિદ્દિટ્ઠો ॥ ૩૯૮ ॥

૩૯૮ ગાથાઓ છે એમ જાણવું - (આમ) જંબૂદ્વીપનો સંક્ષેપ ગાથાના પરિમાણથી કહ્યો. (૩૯૮)

અધિકાર પહેલો સમાપ્ત

● ● ●

અધિકાર બીજો

લવણસમુદ્ર

દો લક્ખા વિત્થિન્નો, જંબૂદીવં વિટ્ટિઓ પરિખિવિઉં ।
લવણે દારા વિ ય સે, વિજયાઈ હોંતિ ચત્તારિ ॥ ૩૯૯ ॥ (૧)

જંબૂદ્વીપને ચારે બાજુથી વીંટીને રહેલો ૨,૦૦,૦૦૦ યોજન વિસ્તારવાળો લવણસમુદ્ર છે. તેના વિજય વગેરે ચાર દ્વારો પણ છે. (૩૯૯) (૧)

પન્નરસ સયસહસ્સા, એગાસીઈ ભવે સહસ્સાઈ ।
ઊયાલીસં ચ સયં, લવણજલે પરિરઓ હોઈ ॥ ૪૦૦ ॥ (૨)

લવણસમુદ્રની પરિધિ ૧૫,૮૧,૧૩૯ યોજન છે. (૪૦૦) (૨)

અસીયા દોન્નિ સયા, પણઉઈ સહસ્સ તિન્નિ લક્ખાઈ ।
કોસો એગં અંતરં, સાગરસ્સ દારાણ વિન્નેયં ॥ ૪૦૧ ॥ (૩)

લવણસમુદ્રના દ્વારોનું અંતર ૩,૯૫,૨૮૦ યોજન ૧ ગાઉ જાણવું. (૪૦૧) (૩)

પણનઉઈ સહસ્સાઈ, ઓગાહિત્તા ચઉદ્દિસિં લવણં ।
ચઉરોડલિંજરસંઠાણ-સંઠિયા હુંતિ પાયાલા ॥ ૪૦૨ ॥ (૪)

લવણસમુદ્રમાં ચારે દિશામાં ૯૫,૦૦૦ યોજન અવગાહીને મોટા ઘડાના આકારે રહેલા ચાર પાતાલકલશ છે. (૪૦૨) (૪)

વલયમુહે કેઊએ, જુયએ તહ ઈસરે ય બોધવ્વે ।
સવ્વવયરામયાણં, કૂડા એએસિ દસસઈયા ॥ ૪૦૩ ॥ (૫)

(તે) વડવામુખ, કેયૂપ, યૂપ અને ઈશ્વર જાણવા. (તે) સર્વરત્નમય છે. એમની દિવાલો ૧,૦૦૦ યોજનની છે. (૪૦૩) (૫)

જોયણસહસ્સદસગં, મૂલે ઉવરિં ચ હોંતિ વિત્થિન્ના ।
મજ્ઝે ય સયસહસ્સં, તત્તિયમેત્તં ચ ઓગાઢા ॥ ૪૦૪ ॥ (૬)

(તે) મૂળમાં અને ઉપર ૧૦,૦૦૦ યોજન વિસ્તારવાળા છે, મધ્યમાં ૧,૦૦,૦૦૦ યોજન (વિસ્તૃત છે) અને તેટલા જ અવગાઢ છે. (૪૦૪) (૬)

अब्भिंतरबज्झाणं तु, परिरयाणं समासमद्धं जं ।
तं मज्झम्मि परिरओ, दीवसमुद्दाण सव्वेसिं ॥ ४०५ ॥ (७)

બધા દ્વીપ-સમુદ્રોની અભ્યંતર અને બાહ્યપરિધિને ભેગી કરી તેનુ જે અર્ધ તે મધ્યમાં પરિધિ છે. (૪૦૫) (૭)

अडयालीस सहस्सा, तेसीया छस्सया य नव लक्खा ।
लवणस्स मज्झपरिही, पायालमुहा दस सहस्सा ॥ ४०६ ॥ (८)

લવણસમુદ્રની મધ્યપરિધિ ૯,૪૮,૬૮૩ યોજન છે. પાતાલકલશના મુખ ૧૦,૦૦૦ યોજન (લાંબા-પહોળા) છે.(૪૦૬)(૮)

मज्झिल्लपरिरयाओ, पायालमुहेहि सुद्धसेसं जं ।
चउहि विहत्ते सेसं, जं लद्धं अंतरमुहाणं ॥ ४०७ ॥ (९)

મધ્યમપરિધિમાંથી પાતાલકલશના મુખ બાદ કરતા જે શેષ રહે તેને ચારથી ભાગે છતે જે શેષ મળે તે મુખોનું અંતર છે. (૪૦૭)(૯)

सत्तावीस सहस्सा दो, लक्खा सत्तरं सयं चेगं ।
तिन्नेव चउब्भागा, पायालमुहंतरं होई ॥ ४०८ ॥ (१०)

પાતાલકલશોના મુખોનું અંતર ૨,૨૭,૧૧૭ ૩/૪ યોજન છે. (૪૦૮) (૧૦)

पलिओवमठिईया एएसिं अहिवई सुरा ईणमो ।
काले य महाकाले, वेलंब पभंजणे चेव ॥ ४०९ ॥ (११)

એમના અધિપતિ પલ્યોપમની સ્થિતિવાળા આ દેવો છે - કાલ, મહાકાલ, વેલંબ અને પ્રભંજન. (૪૦૯) (૧૧)

अन्नेऽवि य पायाला, खुड्डालिंजरसंठिया लवणे ।
अट्ठ सया चुलसीया, सत्त सहस्सा य सव्वेऽवि ॥ ४१० ॥ (१२)

લવણસમુદ્રમાં નાના ઘડાના આકારના બીજા પણ પાતાલકલશો છે. તે બધા ય ૭,૮૮૪ છે. (૪૧૦) (૧૨)

જોયણસયવિત્થિન્ના, મૂલુવરિં દસ સયાણિ મજ્ઝમ્મિ ।
ઓગાઢા ય સહસ્સં, દસ જોયણિયા ય સિં કૂડા ॥ ૪૧૧ ॥ (૧૩)

(તે) મૂળમાં અને ઉપર ૧૦૦ યોજન અને મધ્યમાં ૧,૦૦૦ યોજન વિસ્તારવાળા છે, ૧,૦૦૦ યોજન અવગાઢ છે. તેમની દિવાલો ૧૦ યોજનની છે. (૪૧૧) (૧૩)

પાયાલાણ વિભાગા, સવ્વાણ વિ તિન્નિ તિન્નિ વિન્નેયા ।
હિટ્ઠિમભાગે વાઊ, મજઝે વાઊ ય ઉદગં ચ ॥ ૪૧૨ ॥ (૧૪)
ઉવરિં ઉદગં ભણિયં, પઢમગબીએસુ વાઉ સંખુભિઓ ।
ઉડ્ઢં વમેઈ ઉદગં, પરિવડ્ઢઈ જલનિહી ખુહિઓ ॥ ૪૧૩ ॥ (૧૫)
પરિસંઠિયમ્મિ પવણે, પુણરવિ ઉદગં તમેવ સંઠાણં ।
વડ્ઢેઈ તેણ ઉદહી, પરિહાયઈ અણુક્કમેણં ચ ॥ ૪૧૪ ॥ (૧૬)

બધા ય પાતાલકલશોના ૩-૩ વિભાગ જાણવા-નીચેના ભાગમાં વાયુ, વચ્ચે વાયુ અને પાણી, ઉપર પાણી કહ્યું છે. પહેલા અને બીજા (વિભાગ)માં ક્ષોભ પામેલ વાયુ ઉપર પાણીને વમે છે. (તેથી) ક્ષોભ પામેલ સમુદ્ર વધે છે. પવન શાંત થયે છતે પાણી ફરીથી તે જ આકારનું થાય છે. તેથી સમુદ્ર ક્રમશઃ વધે છે અને ઘટે છે. (૪૧૨, ૪૧૩, ૪૧૪) (૧૪, ૧૫, ૧૬)

દસજોયણસહસ્સા, લવણસિહા ચક્કવાલઓ રુંદા ।
સોલસ સહસ્સ ઉચ્ચા, સહસ્સમેગં ચ ઓગાઢા ॥ ૪૧૫ ॥ (૧૭)

લવણસમુદ્રની શિખા ગોળાકારે ૧૦,૦૦૦ યોજન પહોળી, ૧૬,૦૦૦ યોજન ઊંચી અને ૧,૦૦૦ યોજન અવગાઢ છે. (૪૧૫)(૧૭)

દેસૂણમદ્ધજોયણ, લવણસિહોવરિ દગં દુવે કાલા ।
અઈરેગં અઈરેગં, પરિવડ્ઢઈ હાયએ વાવિ ॥ ૪૧૬ ॥ (૧૮)

લવણશિખાની ઉપર બન્ને કાળ દેશોન અર્ધયોજન પાણી અધિક અધિક વધે છે અથવા ઘટે છે. (૪૧૬) (૧૮)

અબ્ભિંતરિયં વેલં, ધરંતિ લવણોદહિસ્સ નાગાણં ।
બાયાલીસ સહસ્સા, દુસત્તરિ સહસ્સ બાહિરિયં ॥ ૪૧૭ ॥ (૧૯)

લવણસમુદ્રની અભ્યંતરવેલાને ૪૨,૦૦૦ નાગકુમાર દેવો અટકાવે છે, ૭૨,૦૦૦ (નાગકુમાર દેવો) બાહ્યવેલાને અટકાવે છે. (૪૧૭) (૧૯)

सट्ठिं नागसहस्सा, धरंति अग्गोदयं समुद्दस्स ।
वेलंधरआवासा, लवणे चाउद्दिसिं चउरो ॥ ४१८ ॥ (२०)

લવણસમુદ્રની ઉપરના પાણીને ૬૦,૦૦૦ નાગકુમાર દેવો અટકાવે છે. લવણસમુદ્રમાં ચાર દિશામાં ચાર વેલંધરઆવાસો છે. (૪૧૮) (૨૦)

पुव्वाई अणुकमसो, गोत्थुभ दगभास संख दगसीमा ।
गोत्थुभ सिवअे संखे, मणोसिले नागरायाणो ॥ ४१९ ॥ (२१)

તે પૂર્વ વગેરેમાં ક્રમશઃ ગોસ્તૂપ, દકભાસ, શંખ અને દકસીમા નામના છે. (તેમના અધિપતિ) ગોસ્તૂપ, શિવ, શંખ, મનઃશિલ નાગકુમાર દેવો છે. (૪૧૯) (૨૧)

अणुवेलंधरवासा, लवणे विदिसासु संठिया चउरो ।
कक्कोडग विज्जुप्पभ, कईलासरुणप्पभे चेव ॥ ४२० ॥ (२२)

લવણસમુદ્રમાં વિદિશામાં ચાર અનુવેલંધર આવાસો છે - કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાશ અને અરુણપ્રભ. (૪૨૦) (૨૨)

कक्कोडग कद्दमअे, कैलासऽरुणप्पभे य रायाणो ।
बायालीस सहस्से, गंतुं उदहिम्मि सव्वेऽवि ॥ ४२१ ॥ (२३)

(તેમના અધિપતિ) કર્કોટક, કર્દમક, કૈલાશ, અરુણપ્રભ નાગરાજ છે. તે બધા ય સમુદ્રમાં ૪૨,૦૦૦ યોજન જઈને (પછી આવેલા છે.) (૪૨૧) (૨૩)

चत्तारि जोयणसअे, तीसं कोसं च उवगया भूमिं ।
सत्तरस जोयणसअे, ईगवीसे ऊसिया सव्वे ॥ ४२२ ॥ (२४)

તે બધા ૪૩૦ યોજન ૧ ગાઉ ભૂમિમાં પ્રવેશેલા છે અને ૧,૭૨૧ યોજન ઊંચા છે. (૪૨૨) (૨૪)

જત્થિચ્છસિ વિક્ખંભં, વેલંધરમાણુસોત્તરનગાણં ।
પંચસએહિં ગુણએ, અટ્ઠાણઉએહિં તં રાસિં ॥ ૪૨૩ ॥ (૨૫)
તસ્સેવ ઉસ્સએણ ઉ, ભયાહિ જં તત્થ ભાગલદ્ધં તુ ।
ચઉસય ચઉવીસજુયં, વિક્ખંભં તં વિયાણાહિ ॥ ૪૨૪ ॥ (૨૬)

વેલંધર પર્વતો અને માનુષોત્તર પર્વતોના જે સ્થાને પહોળાઈ (જાણવા) ઈચ્છે છે તે રાશિને ૫૯૮થી ગુણવો, તેની જ ઊંચાઈથી ભાગ, તેમાં ભાગમાં મળેલું ૪૨૪ થી યુક્ત તે પહોળાઈ જાણ. (૪૨૩, ૪૨૪) (૨૫, ૨૬)

કમસો વિક્ખંભા સિં, દસ બાવીસાઈ જોયણસયાઈ ।
સત્ત સએ તેવીસે, ચત્તારિ સએ ય ચઉવીસે ॥ ૪૨૫ ॥ (૨૭)

તેમની (મૂળમાં, મધ્યમાં અને ઉપર) ક્રમશઃ પહોળાઈ ૧,૦૨૨ યોજન, ૭૨૩ યોજન અને ૪૨૪ યોજન છે. (૪૨૫) (૨૭)

મૂલે બત્તીસ સએ, બત્તીસે જોયણાણિ કિંચૂણા ।
મજ્ઝે બાવીસ સએ, છલસીએ સાહિએ પરિહી ॥ ૪૨૬ ॥ (૨૮)

મૂળમાં કંઈક ન્યૂન ૩,૨૩૨ યોજન અને મધ્યમાં ૨,૨૮૬ યોજન પરિધિ છે. (૪૨૬) (૨૮)

તેરસ સયા ઉ ઉવરિં, ઈગયાલા કિંચિ ઊણિયા પરિહી ।
કણગંકરયયફાલિય, દિસાસુ વિદિસાસુ રયણમયા ॥ ૪૨૭ ॥ (૨૯)

ઉપર કંઈક ન્યૂન ૧,૩૪૧ યોજન પરિધિ છે. દિશાના પર્વતો સુવર્ણ, અંકરત્ન, રજત અને સ્ફટિકના છે, વિદિશાના પર્વતો રત્નમય છે. (૪૨૭) (૨૯)

બાયાલીસ સહસ્સા, દુગુણા ગિરિવાસસંજુયા જાયા ।
બાવીસહિયા પણસીઈ, સહસ્સા તસ્સ પરિહીઓ ॥ ૪૨૮ ॥ (૩૦)
તેવટ્ઠા અટ્ઠ સયા, અટ્ઠટ્ઠિ સહસ્સ દોન્નિ લક્ખા ય ।
જંબૂદીવપરિરએ, સંમિલિએ હોઈમો રાસી ॥ ૪૨૯ ॥ (૩૧)
ઈગનઉયા પણસીઈ, સહસ્સ પણ લક્ખ ઈત્થ ગિરિવાસો ।
સોહે અટ્ઠવિહત્તે, લવણગિરિણંતરં હોઈ ॥ ૪૩૦ ॥ (૩૨)

પર્વતના વ્યાસથી યુક્ત બમણા ૪૨,૦૦૦ તે ૮૫,૦૨૨ થાય. તેની પરિધિ ૨,૬૮,૮૬૩ યોજન જંબૂદ્વીપની પરિધિમાં ભેગી કરે છતે આ રાશિ થાય - ૫,૮૫,૦૯૧ યોજન. આમાંથી પર્વતોનો વ્યાસ બાદ કરવો. પછી ૮થી ભાગે છતે લવણસમુદ્રના પર્વતોનું અંતર આવે છે. (૪૨૮, ૪૨૯, ૪૩૦) (૩૦, ૩૧, ૩૨)

तिन्नट्ठभाग बिसयरि, सहस्स चोद्दस हियं सयं चेगं ।
कक्कोडाईनगाणं-तरं तु अट्ठण्ह मूलम्मि ॥ ४३१ ॥ (३३)

કર્કોટક વગેરે આઠ પર્વતોનું મૂળમાં અંતર ૭૨,૧૧૪ $^{3}/_{8}$ યોજન છે. (૪૩૧) (૩૩)

पंचाणउई सहस्से, गोतित्थं उभओडवि लवणस्स ।
जोयणसयाणि सत्त उ, दगपरिवुड्ढी वि उभओडवि ॥ ४३२ ॥ (३४)

લવણસમુદ્રની બન્ને બાજુ ૯૫,૦૦૦ યોજન ગોતીર્થ છે, બન્ને બાજુ જલવૃદ્ધિ પણ ૭૦૦ યોજન છે. (૪૩૨) (૩૪)

बारससहस्सपिहुलो, अवरेणुदहिम्मि तत्तियं गंतुं ।
सुट्ठियउदहीवईणो, गोयमदीवो त्ति आवासो ॥ ४३३ ॥ (३५)

૧૨,૦૦૦ યોજન પહોળો, લવણસમુદ્રમાં પશ્ચિમમાં તેટલુ જઈને લવણસમુદ્રના અધિપતિ સુસ્થિત દેવનો ગૌતમદ્વીપ નામનો આવાસ છે. (૪૩૩) (૩૫)

सत्तत्तीस सहस्सा, अडयाला नव सया य से परिही ।
लवणंतेण जलाओ, समूसिओ जोयणस्सद्धं ॥ ४३४ ॥ (३६)

તેની પરિધિ ૩૭,૯૪૮ યોજન છે. લવણસમુદ્ર તરફ તે પાણીની ઉપર અર્ધ યોજન ઊંચો છે. (૪૩૪) (૩૬)

जंबूदीवंतेणं, अडसीई जोयणाणि उव्विद्धो ।
पणनउई भागाण य, दुगुणिय वीसं च दुक्कोसं ॥ ४३५ ॥ (३७)

જંબૂદ્વીપ તરફ તે ૮૮ $^{40}/_{95}$ યોજન ૨ ગાઉ ઊંચો છે.(૪૩૫)(૩૭)

રવિસસિગોયમદીવા-ણંતરદીવાણ ચેવ સવ્વેસિં ।
વેલંધરાણુવેલં-ધરાણ સવ્વેસિં કરણમિમં ॥ ૪૩૬ ॥ (૩૮)

સૂર્ય, ચંદ્ર, ગૌતમ દ્વીપો, બધા અંતરદ્વીપો, બધા વેલંધર-અનુવેલંધર પર્વતોનું આ કરણ છે. (૪૩૬) (૩૮)

ઓગાહિઊણ લવણં, જો વિત્થારો ઉ જસ્સ દીવસ્સ ।
તહિયં જો ઉસ્સેહો, ઉદગસ્સ ઉ દોહિ તં વિભએ ॥ ૪૩૭ ॥ (૩૯)
જં હવઈ ભાગલદ્ધં, સવ્વેસિં અદ્ધજોયણં ચ ભવે ।
અબ્ભિંતરમ્મિ પાસે, સમૂસિયા તે જલંતાઓ ॥ ૪૩૮ ॥ (૪૦)

લવણસમુદ્રમાં અવગાહીને જે દ્વીપનો જે વિસ્તાર હોય ત્યાં પાણીની જે ઊંચાઈ હોય તેને બેથી ભાગવી, ભાગમાં જે મળે તેમાં અર્ધયોજન (ઉમેરવો). જે આવે તેટલા બધા દ્વીપો અંદરની બાજુ પાણીના છેડાથી ઊંચા છે. (૪૩૭, ૪૩૮) (૩૯, ૪૦)

વિત્થારં સત્તગુણં, નવ સય પન્નાસ ભઈયમુસ્સેહં ।
સદુગાઉયમાઈલ્લં, લાવણદીવાણ જાણાહિ ॥ ૪૩૯ ॥ (૪૧)

સાતગુણો વિસ્તાર ૯૫૦ થી ભગાયેલ ૨ ગાઉથી યુક્ત લવણસમુદ્રના દ્વીપોની શરૂઆતની ઊંચાઈ જાણ. (૪૩૯) (૪૧)

પણનઉઈસહસ્સેહિં, સત્ત સયા ઉદગવુડ્ઢિ જઈ હોઈ ।
બાયાલસહસ્સેહિં, દગવુડ્ઢી નગાણ કા હોઈ ॥ ૪૪૦ ॥ (૪૨)

૯૫,૦૦૦ યોજન પછી જો ૭૦૦ યોજન પાણીની વૃદ્ધિ થાય તો ૪૨,૦૦૦ યોજન પછી પર્વતોની પાણીની વૃદ્ધિ શું થાય ?(૪૪૦) (૪૨)

દગવુડ્ઢિ તિસય નવહિય, પણયાલા પંચનઉઈભાગા ય ।
દસ પણનઉઈભાગા, ચઉસય બાયાલ ઓગાહો ॥ ૪૪૧ ॥ (૪૩)

જલવૃદ્ધિ ૩૦૯ $^{૪૫}/_{૯૫}$ યોજન છે. ૪૪૨ $^{૧૦}/_{૯૫}$ યોજન પાણીની ઊંડાઈ છે. (૪૪૧) (૪૩)

ઉભયં વિસોહઈત્તા, લવણગિરીણુસ્સયાહિતો સેસં ।
ઉણસયરિ નવ સયા વિય, દુવીસ પણનઉઈભાગા ય ॥ ૪૪૨ ॥ (૪૪)

જંબૂદીવંતેણં, એવઈયં ઊસિયા જલંતાઓ ।
ઉદહિંતેણ નવ સએ, તિસટ્ઠસત્તત્તરીભાગા ॥ ૪૪૩ ॥ (૪૫)

લવણસમુદ્રના પર્વતોની ઊંચાઈમાંથી તે બન્નેને બાદ કરીને શેષ ૯૬૯ $^{૨૨}/_{૯૫}$ યોજન (તે પર્વતો) જંબૂદ્વીપ તરફ પાણીથી આટલા ઊંચા છે, સમુદ્ર તરફ ૯૬૩ $^{૭૭}/_{૯૫}$ યોજન ઊંચા છે. (૪૪૨, ૪૪૩) (૪૪, ૪૫)

અઉણત્તરે નવસએ, ચત્તાલીસ પણનઉઈભાગા ય ।
ઓગાહિયં ગિરીણં, વિત્થારો સત્તસય સટ્ઠી ॥ ૪૪૪ ॥ (૪૬)
પણનઉઈભાગે અસિઈ, સવન્નએ બિસત્તરી સહસ્સાઈ ।
દો ય સયા આસીયા, લદ્ધં તેરાસિએણ ઈમં ॥ ૪૪૫ ॥ (૪૭)
કિંચૂણા અડવન્ના, પણનઉઈભાગા જોયણા પંચ ।
પુરિમનગસ્સ ય સુદ્ધે, એયમ્મિ ઉ પચ્છિમો હોઈ ॥ ૪૪૬ ॥ (૪૮)

૯૬૯ $^{૪૦}/_{૯૫}$ યોજન અવગાહીને પર્વતોનો વિસ્તાર ૭૬૦ $^{૮૦}/_{૯૫}$ યોજન છે. એકરૂપ કરે છતે ૭૨,૨૮૦ થાય. ત્રિરાશિથી આ મળ્યુ કંઈક ન્યૂન ૫ $^{૫૮}/_{૯૫}$ યોજન. પૂર્વે કહેલ પર્વતની ઊંચાઈમાંથી આને બાદ કરે છતે પાછળ (લવણસમુદ્ર તરફ)ની પાણીની ઉપરની (પર્વતોની) ઊંચાઈ છે. (૪૪૪, ૪૪૫, ૪૪૬) (૪૬, ૪૭, ૪૮)

ગોયમદીવસ્સુવરિં, ભોમિજ્જં કીલવાસનામં તુ ।
બાસટ્ઠિ જોયણાઈ, સમૂસિયં જોયણદ્ધં તુ ॥ ૪૪૭ ॥ (૪૯)

ગૌતમદ્વીપની ઉપર ક્રીડાવાસ નામનો ૬૨ $^{૧}/_{૨}$ યોજન ઊંચો ભૌમેય આવાસ છે. (૪૪૭) (૪૯)

તસ્સદ્ધં વિત્થિન્નં, તસ્સુવરિ સુટ્ઠિયસ્સ સયણિજ્જં ।
દીવુ વ્વ લાવણબ્ભિ-તરાણ એમેવ રવિદીવા ॥ ૪૪૮ ॥ (૫૦)

તેની ઉપર તેનાથી અર્ધ વિસ્તારવાળી સુસ્થિતદેવની શય્યા છે. ગૌતમદ્વીપની જેમ એજ પ્રમાણે લવણસમુદ્રના અંદરના સૂર્યોના સૂર્યદ્વીપો છે. (૪૪૮) (૫૦)

એમેવ ચંદદીવા, નવરં પુવ્વેણ વેઈયંતાઓ ।
દીવિચ્ચય ચંદાણં, અબ્ભિંતરલાવણાણં ચ ॥ ૪૪૯ ॥ (૫૧)

એજ પ્રમાણે જંબૂદ્વીપના અને અભ્યંતર લવણસમુદ્રના ચંદ્રોના ચંદ્રદ્વીપો છે, પણ તે જંબૂદ્વીપની વેદિકાથી પૂર્વમાં છે. (૪૪૯) (૫૧)

બાહિર લાવણગાણ વિ, ધાયઈસંડા ઉ બારસસહસ્સે ।
ઓગાહિય રવિદીવા, પુવ્વેણેમેવ ચંદાણં ॥ ૪૫૦ ॥ (૫૨)

ધાતકીખંડથી ૧૨,૦૦૦ યોજન અવગાહીને બાહ્ય લવણસમુદ્રના સૂર્યોના સૂર્યદ્વીપો છે. એ જ પ્રમાણે પૂર્વમાં ચંદ્રોના (ચન્દ્રદ્વીપો) છે. (૪૫૦) (૫૨)

ધાઈયસંડબ્ભિંતર, રવિદીવા બારસહસ્સ લવણજલં ।
ઓગાહિઉ રવિદીવા, પુવ્વેણેમેવ ચંદાણં ॥ ૪૫૧ ॥ (૫૩)

ધાતકીખંડની અંદરના સૂર્યોના સૂર્યદ્વીપો લવણસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન અવગાહીને રહેલા છે. એ જ પ્રમાણે પૂર્વમાં ચંદ્રોના (ચંદ્રદ્વીપો) છે. (૪૫૧) (૫૩)

જોયણબિસટ્ઠિ અદ્ધં ચ, ઊસિયા વિત્થરેણ તસ્સડ્ઢં ।
એએસિ મજ્ઝયારે, પાસાયા ચંદસૂરાણં ॥ ૪૫૨ ॥ (૫૪)

એમની મધ્યમાં ૬૨$^{1}/_{2}$ યોજન ઊંચા અને તેનાથી અડધા પહોળા ચંદ્ર-સૂર્યના પ્રાસાદો છે. (૪૫૨) (૫૪)

ચુલ્લહિમવંત પુવ્વાવરેણ, વિદિસાસુ સાગરં તિસએ ।
ગંતૂણંતરદીવા, તિન્નિ સએ હોંતિ વિત્થિન્ના ॥ ૪૫૩ ॥ (૫૫)

લઘુહિમવંતના પૂર્વ-પશ્ચિમ છેડાથી વિદિશામાં સમુદ્રમાં ૩૦૦ યોજન જઈને ૩૦૦ યોજન વિસ્તારવાળા અંતરદ્વીપો છે. (૪૫૩) (૫૫)

અઉણાપન્ન નવસએ, કિંચૂણે પરિહિ તેસિમે નામા ।
એગોરુય આભાસિય, વેસાણા ચેવ લંગૂલો ॥ ૪૫૪ ॥ (૫૬)

તેમની પરિધિ કંઈક ન્યૂન ૯૪૯ યોજન છે. તેમના આ નામો છે - એકોરુક, આભાષિક, વૈષાણિક, લાંગૂલિક. (૪૫૪) (૫૬)

એએસિં દીવાણં, પરઓ ચત્તારિ જોયણસયાઈ ।
ઓગાહિઉણ લવણં, સપડિદિસિં ચઉસયપમાણા ॥ ૪૫૫ ॥ (૫૭)
ચત્તારંતરદીવા, હયગયગોકન્નસક્કુલીકન્ના ।
એવં પંચ સયાઈ, છસ્સત્ત ય અટ્ઠ નવ ચેવ ॥ ૪૫૬ ॥ (૫૮)
ઓગાહિઉણ લવણં, વિક્ખંભોગાહસરિસયા ભણિયા ।
ચઉરો ચઉરો દીવા, ઈમેહિ નામેહિ નાયવ્વા ॥ ૪૫૭ ॥ (૫૯)

એ દ્વીપો પછી લવણસમુદ્રમાં ૪૦૦ યોજન જઈને પોતાની વિદિશામાં ૪૦૦ યોજન પ્રમાણવાળા હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલીકર્ણ નામના ચાર અંતરદ્વીપો છે. એ પ્રમાણે લવણસમુદ્રમાં ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૮૦૦ અને ૯૦૦ યોજન અવગાહીને સરખા પહોળાઈ અને અવગાહવાળા ચાર ચાર દ્વીપો કહ્યા છે. તે આ નામોથી જાણવા (૪૫૫, ૪૫૬, ૪૫૭) (૫૭, ૫૮, ૫૯)

આયંસમિંઢગમુહા, અઓમુહા ગોમુહા ય ચઉરો ય ।
આસમુહા હત્થિમુહા, સીહમુહા ચેવ વગ્ઘમુહા ॥ ૪૫૮ ॥ (૬૦)
તત્તો ય આસકન્ના, હરિકન્નાકન્નકન્નપાઉરણા ।
ઉક્કમુહા મેહમુહા, વિજ્જુમુહા વિજ્જુદંતા ય ॥ ૪૫૯ ॥ (૬૧)
ઘણદંત લટ્ઠદંતા, નિગૂઢદંતા ય સુદ્ધદંતા ય ।
વાસહરે સિહરમ્મિ વિ, એવં ચિય અટ્ઠવીસા વિ ॥ ૪૬૦ ॥ (૬૨)

આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ અને ગોમુખ - ચાર; અશ્વમુખ, હસ્તિમુખ, સિંહમુખ અને વ્યાઘ્રમુખ, ત્યાર પછી અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ અને કર્ણપ્રાવરણ; ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ અને વિદ્યુદન્ત; ઘનદન્ત, લષ્ટદન્ત, નિગૂઢદન્ત અને શુદ્ધદન્ત. શિખરી વર્ષધરપર્વતની દાઢા ઉપર પણ આ જ રીતે ૨૮ અંતરદ્વીપો છે. (૪૫૮, ૪૫૯, ૪૬૦) (૬૦, ૬૧, ૬૨)

તિન્નેવ હોંતિ આઈ,એકોત્તરવડ્ઢિયા નવ સયાઓ ।
ઓગાહિઊણ લવણં, તાવઈયં ચેવ વિત્થિન્ના ॥ ૪૬૧ ॥ (૬૩)

લવણસમુદ્રમાં ૩૦૦ યોજન અવગાહીને (અંતરદ્વીપોની) શરૂઆત છે, પછી એકોત્તર વૃદ્ધિથી વધેલા ૯૦૦ યોજન (અવગાહીને બીજા દ્વીપો છે). તે તેટલા જ વિસ્તારવાળા છે. (૪૬૧), (૬૩)

પઢમચઉક્કપરિરયા, બીયચઉક્કસ્સ પરિરઓ અહિઓ ।
સોલસહિએહિં તિહિં, જોયણસએહિં (એમેવ) સેસાણં ॥ ૪૬૨ ॥ (૬૪)

પહેલા ચાર દ્વીપોની પરિધિથી બીજા ચાર દ્વીપોની પરિધિ ૩૧૬ યોજન અધિક છે. એ જ પ્રમાણે બાકીનાની પણ જાણવી.(૪૬૨)(૬૪)

એગોરુયપરિક્ખેવો, નવ ચેવ સયાઈ અઉણપન્નાઈ ।
બારસ પન્નટ્ઠાઈ, હયકન્નાણં પરિક્ખેવો ॥ ૪૬૩ ॥ (૬૫)

એકોરુકદ્વીપોની પરિધિ ૯૪૯ યોજન છે. હયકર્ણદ્વીપોની પરિધિ ૧,૨૬૫ યોજન છે. (૪૬૩) (૬૫)

પન્નરસિક્કાસીયા, આયંસમુહાણ પરિરઓ હોઈ ।
અટ્ઠાર સત્તણઉયા, આસમુહાણં પરિક્ખેવો ॥ ૪૬૪ ॥ (૬૬)

આદર્શમુખોની પરિધિ ૧,૫૮૧ યોજન છે. અશ્વમુખોની પરિધિ ૧,૮૯૭ યોજન છે. (૪૬૪) (૬૬)

બાવીસં તેરાઈ, પરિક્ખેવો હોઈ આસકન્નાણં ।
પણવીસ અઉણતીસા, ઉક્કમુહાણં પરિક્ખેવો ॥ ૪૬૫ ॥ (૬૭)

અશ્વકર્ણોની પરિધિ ૨,૨૧૩ યોજન છે. ઉલ્કામુખોની પરિધિ ૨,૫૨૯ યોજન છે. (૪૬૫) (૬૭)

દો ચેવ સહસ્સાઈ, અટ્ઠેવ સયા હવંતિ પણયાલા ।
ઘણદંતગદીવાણં, પરિક્ખેવો હોઈ બોધવ્વો ॥ ૪૬૬ ॥ (૬૮)

ઘનદન્ત દ્વીપોની પરિધિ ૨,૮૪૫ યોજન છે એમ જાણવું. (૪૬૬) (૬૮)

અડ્ઢાઈજ્જા ય દુવે, અદ્ધટ્ઠા અદ્ધપંચમા ચેવ ।
દો ચેવ અદ્ધ છ સત્તદ્ધ, સત્તમા હોઈ એક્કો ય ॥ ૪૬૭ ॥ (૬૯)
એકૂણિયા ય નવઈ, જોયણમદ્ધેણ હોઈ ઊણાઓ ।
જંબૂદ્દીવંતેણં, દીવાણં હોઈ ઉસ્સેહો ॥ ૪૬૮ ॥ (૭૦)

વીસા નઉઈ પન્નટ્ઠિ, ચત્ત પન્નરસ પંચસીયા ય ।
સટ્ઠી ચત્તા ચેવ ય, ગોયમદીવસ્સ ભાગાણં ॥ ૪૬૯ ॥ (૭૧)

બેની ૨$^{૧}/_{૨}$ યોજન, ૩$^{૧}/_{૨}$ યોજન, ૪$^{૧}/_{૨}$ યોજન, બેની ૫$^{૧}/_{૨}$ યોજન, સાતમો એક ૬$^{૧}/_{૨}$ યોજન, અર્ધ ન્યૂન ૮૯ યોજન જંબૂદ્વીપ તરફ દ્વીપોની (અંતરદ્વીપ અને ગૌતમદ્વીપની) ઊંચાઈ છે. (અંતરદ્વીપોના) ૨૦, ૯૦, ૬૫, ૪૦, ૧૫, ૮૫, ૬૦ અને ૪૦ ગૌતમદ્વીપના (યોજનના પંચાણુઆ) ભાગો છે. (૪૬૭, ૪૬૮, ૪૬૯) (૬૯, ૭૦, ૭૧)

જાવઈય દક્ખિણાઓ, ઉત્તરપાસે વિ તત્તિયા ચેવ ।
ચુલ્લસિહરિમ્મિ લવણે, વિદિસાસુ અઓ પરં નત્થિ ॥ ૪૭૦ ॥ (૭૨)

દક્ષિણમાં જેટલા છે ઉત્તરબાજુ પણ તેટલા જ છે. તે લવણસમુદ્રમાં લઘુહિમવંત અને શિખરી પર્વતની વિદિશામાં છે, ત્યાર પછી નથી. (૪૭૦) (૭૨)

અંતરદીવેસુ નરા, ધણુસય અટ્ઠુસ્સિયા સયા મુઈયા ।
પાલંતિ મિહુણધમ્મં, પલ્લસ્સ અસંખભાગાઉ ॥ ૪૭૧ ॥ (૭૩)

અંતરદ્વીપોમાં મનુષ્યો ૮૦૦ ધનુષ્ય ઊંચા, સદા આનંદવાળા, પલ્યોપમના અસંખ્યાતમા ભાગના આયુષ્યવાળા છે અને મિથુન (યુગલ) ધર્મ પાળે છે. (૪૭૧) (૭૩)

ચઉસટ્ઠી પિટ્ઠકરંડયાણ, મણુયાણ તેસિમાહારો ।
ભત્તસ્સ ચઉત્થસ્સ ય, ઉણસીઈ દિણાણિ પાલણયા ॥ ૪૭૨ ॥ (૭૪)

૬૪ પૃષ્ઠકરંડકવાળા તે મનુષ્યોનો આહાર ચોથભક્તે (એકાંતરે) છે અને સંતાનપાલન ૭૯ દિવસ છે. (૪૭૨) (૭૪)

પંચાણઉઈ લવણે, ગંતૂણં જોયણાણિ ઉભઓડવિ ।
જોયણમેગં લવણો, ઓગાહેણં મુણેયવ્વો ॥ ૪૭૩ ॥ (૭૫)

બન્ને બાજુથી લવણસમુદ્રમાં ૯૫ યોજન જઈને લવણસમુદ્ર ઊંડાઈથી ૧ યોજન જાણવો. (૪૭૩) (૭૫)

પંચાણઉઈ સહસ્સે, ગંતૂણં જોયણાણિ ઉભઓડવિ ।
જોયણસહસ્સમેગં, લવણે ઓગાહઓ હોઈ ॥ ૪૭૪ ॥ (૭૬)

બન્ને બાજુથી ૯૫,૦૦૦ યોજન જઈને લવણસમુદ્રની ઊંડાઈ ૧,૦૦૦ યોજન છે. (૪૭૪) (૭૬)

પંચાણઉઈ લવણે, ગંતૂણં જોયણાણિ ઉભયોડવિ ।
ઉસ્સેહેણં લવણો, સોલસ કિલ જોયણે હોઈ ॥ ૪૭૫ ॥ (૭૭)

લવણસમુદ્રમાં બન્ને બાજુથી ૯૫ યોજન જઈને લવણસમુદ્ર ઊંચાઈથી ૧૬ યોજન છે. (૪૭૫) (૭૭)

પંચાણઉઈ સહસ્સે, ગંતૂણં જોયણાણિ ઉભઓડવિ ।
ઉસ્સેહેણં લવણો, સોલસસાહસ્સિઓ ભણિઓ ॥ ૪૭૬ ॥ (૭૮)

બન્ને બાજુથી ૯૫,૦૦૦ યોજન જઈને લવણસમુદ્ર ઊંચાઈથી ૧૬,૦૦૦ યોજન કહ્યો છે. (૪૭૬) (૭૮)

વિત્થારાઓ સોહિય, દસ ય સહસ્સાઈ સેસ અદ્ધમ્મિ ।
તે ચેવ પક્ખિવિત્તા, લવણસમુદ્દસ્સ સા કોડી ॥ ૪૭૭ ॥ (૭૯)

વિસ્તારમાંથી ૧૦,૦૦૦ યોજન બાદ કરીને શેષના અર્ધમાં તે (૧૦,૦૦૦ યોજન) જ ઉમેરીને લવણસમુદ્રની તે કોટિ થાય છે. (૪૭૭) (૭૯)

લક્ખ પંચ સહસ્સા, કોડીએ તીઈ સંગુણેઊણં ।
લવણસ્સ મજ્ઝપરિહિ, તાહે પયરં ઈમં હોઈ ॥ ૪૭૮ ॥ (૮૦)

તે કોટિથી ૧,૦૫,૦૦૦ યોજનને ગુણીને લવણસમુદ્રની મધ્ય પરિધિ થાય છે. ત્યારે પ્રતર (ક્ષેત્રફળ) આ છે - (૪૭૮) (૮૦)

નવનઉઈ કોડિસયા, એગટ્ઠી કોડિ લક્ખ સત્તરસ ।
પન્નરસ સહસ્સાણિ ય, પયરં લવણસ્સ નિદ્દિટ્ઠં ॥ ૪૭૯ ॥ (૮૧)

લવણસમુદ્રનું પ્રતર ૯૯,૬૧,૧૭,૧૫,૦૦૦ યોજન કહ્યું છે. (૪૭૯) (૮૧)

જોયણસહસ્સ સોલસ, લવણસિહાડહોગયા સહસ્સેગં ।
પયરં સત્તરસ સહસ્સ, સંગુણં લવણઘણગણિયં ॥ ૪૮૦ ॥ (૮૨)

લવણશિખા ૧૬,૦૦૦ યોજન છે અને ૧,૦૦૦ યોજન નીચે ગયેલી છે. ૧૭,૦૦૦ થી ગુણાયેલુ પ્રતર એ લવણસમુદ્રનું ઘનગણિત છે. (૪૮૦) (૮૨)

સોલસ કોડાકોડી, તેણઉઈ કોડિસયસહસ્સાઈ ।
ઊયાલીસ સહસ્સા, નવ કોડિસયા ય પન્નરસા ॥ ૪૮૧ ॥ (૮૩)
પન્નાસ સયસહસ્સા, જોયણાણં ભવે અણૂણાઈ ।
લવણસમુદ્દસ્સેહિં, જોયણસંખાઈ ઘનગણિયં ॥ ૪૮૨ ॥ (૮૪)

અન્યૂન ૧,૬૯,૩૩,૯૯,૧૫,૫૦,૦૦,૦૦૦ આટલી યોજન સંખ્યાથી લવણસમુદ્રનું ઘનગણિત છે. (૪૮૧, ૪૮૨) (૮૩, ૮૪)

જત્થિચ્છસિ વિક્ખંભં, ઓગાહિત્તાણ નઉયસયગુણિયં ।
તં સોલસહિ વિભત્તં, ઉવરિમસહિયં ભવે ગણિયં ॥ ૪૮૩ ॥ (૮૫)

(લવણશિખામાં) ઉતરીને જ્યાં પહોળાઈ ઈચ્છે છે તે ૧૯૦થી ગુણાયેલ, ૧૬થી ભગાયેલ, ઉપરની પહોળાઈથી સહિત ગણિત (પહોળાઈ) થાય છે. (૪૮૩) (૮૫)

જત્થિચ્છસિ ઉસ્સેહં, ઓગાહિત્તાણ લવણસલિલસ્સ ।
પંચાણઉઈવિભત્તે, સોલસગુણિએ ગણિયમાહુ ॥ ૪૮૪ ॥ (૮૬)

લવણસમુદ્રના પાણીને અવગાહીને જ્યાં ઊંચાઈ ઈચ્છે છે તે ૯૫થી ભગાયે છતે અને ૧૬થી ગુણાયે છતે (ઊંચાઈનું) ગણિત કહ્યું છે. (૪૮૪) (૮૬)

જત્થિચ્છસિ ઉવ્વેહં, ઓગાહિત્તાણ લવણસલિલસ્સ ।
પંચાણઉઈવિભત્તે, જં લદ્ધં સો ઉ ઉવ્વેહો ॥ ૪૮૫ ॥ (૮૭)

લવણસમુદ્રના પાણીને અવગાહીને જ્યાં ઊંડાઈ ઈચ્છે છે તે ૯૫થી ભગાયે છતે જે મળે તે ઊંડાઈ છે. (૪૮૫) (૮૭)

ચત્તારિ ચેવ ચંદા, ચત્તારિ ય સૂરિયા લવણતોએ ।
બારં નક્ખત્તસયં, ગહાણ તિન્નેવ બાવન્ના ॥ ૪૮૬ ॥ (૮૮)

લવણસમુદ્રમાં ચાર ચંદ્ર, ચાર સૂર્ય, ૧૧૨ નક્ષત્ર અને ૩૫૨ ગ્રહો છે. (૪૮૬) (૮૮)

દો ચેવ ય સયસહસ્સા, સત્તટ્ઠી ખલુ ભવે સહસ્સા ય ।
નવ ય સયા લવણજલે, તારાગણકોડિકોડીણં ॥ ૪૮૭ ॥ (૮૯)

લવણસમુદ્રમાં ૨,૬૭,૯૦૦ કોટિકોટિ તારા છે. (૪૮૭) (૮૯)

લવણોયહી સમત્તો, ખિત્તસમાસસ્સ બીયઅહિગારો ।
ગાહાપરિમાણેણં, નાયવ્વો એસ નવઈઓ ॥ ૪૮૮ ॥ (૯૦)

ક્ષેત્રસમાસનો લવણસમુદ્ર નામનો બીજો અધિકાર સમાપ્ત થયો. ગાથાપરિમાણથી એ ૯૦ સંખ્યાવાળો જાણવો. (૪૮૮) (૯૦)

અધિકાર બીજો સમાપ્ત

• • •

- નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
  ગણે કાષ્ઠની પુતળી, તે ભગવાન સમાન. ૧
- બ્રહ્મચર્ય સબમેં બડા, સબ રત્નોંકી ખાન;
  તીન લોકકી સંપદા, બ્રહ્મચર્યમેં જાન. ૨
- રવિ ઉદયે ઘુવડ અંધ છે, નિશિએ અંધો કાગ;
  કામી નિશદિન આંધળો, ચિંતે એહી જ લાગ. ૩
- પરનારી ઝેરી છૂરી, મત લગાવો અંગ;
  દશ શિર રાવણ કે કટે, પરનારી કે સંગ. ૪
- નારી દેહ દીવો કહ્યો, પુરુષ પતંગી હોય;
  જગ સઘળો ખુંચી રહ્યો, નીકળે વિરલો કોય. ૫
- મંત્ર ફલે જગ જશ વધે, દેવ કરે સાન્નિધ;
  બ્રહ્મચર્ય ધરે જે નરા, તે પામે નવનિધ. ૬

અધિકાર ત્રીજો

ધાતકીખંડ

ચત્તારિ સયસહસ્સા, ધાયઈસંડસ્સ હોઈ વિક્ખંભો ।
ચત્તારિ ય સે દારા, વિજયાઈયા મુણેયવ્વા ॥ ૪૮૯ ॥ (૧)

ધાતકીખંડની પહોળાઈ ચાર લાખ યોજન છે. તેના વિજય વગેરે ચાર દ્વારો જાણવા. (૪૮૯) (૧)

ઈયાલીસં લક્ખા, દસ ય સહસ્સાઈ જોયણાણં તુ ।
નવ ય સયા એગટ્ઠા, કિંચૂણા પરિરઓ હોઈ ॥ ૪૯૦ ॥ (૨)

ધાતકીખંડની પરિધિ કંઈક ન્યૂન ૪૧,૧૦,૯૬૧ યોજન છે. (૪૯૦) (૨)

પણતીસા સત્ત સયા, સત્તાવીસા સહસ્સ દસ લક્ખા ।
ધાયઈસંડે દારંતરં તુ, અવરં ચ કોસતિગં ॥ ૪૯૧ ॥ (૩)

ધાતકીખંડમાં દ્વારોનું અંતર ૧૦,૨૭,૭૩૫ યોજન અને ૩ ગાઉ છે. (૪૯૧) (૩)

પંચસયજોયણુચ્ચા, સહસ્સમેગં તુ હોંતિ વિત્થિન્ના ।
કાલોયયલવણજલે, પુટ્ઠા તે દાહિણુત્તરઓ ॥ ૪૯૨ ॥ (૪)
દો ઉસુયારનગવરા, ધાયઈસંડસ્સ મજ્ઝયારઠિયા ।
તેહિ દુહા નિદ્દિસ્સઈ, પુવ્વદ્ધં પચ્છિમદ્ધં ચ ॥ ૪૯૩ ॥ (૫)

ધાતકીખંડની મધ્યમાં દક્ષિણમાં અને ઉત્તરમાં રહેલા બે ઈષુકાર પર્વતો ૫૦૦ યોજન ઊંચા, ૧,૦૦૦ યોજન પહોળા અને કાલોદધિ અને લવણસમુદ્રના પાણીને સ્પર્શેલા છે. તેનાથી ધાતકીખંડના બે વિભાગ કહેવાય છે – પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ. (૪૯૨, ૪૯૩)(૪, ૫)

પુવ્વદ્ધસ્સ ય મજ્ઝે, મેરૂ તસ્સેવ દાહિણુત્તરઓ ।
વાસાઈ તિન્નિ તિન્નિ ય, વિદેહવાસં ચ મજ્ઝમ્મિ ॥ ૪૯૪ ॥ (૬)

પૂર્વાર્ધની મધ્યમાં મેરુપર્વત છે. તેની દક્ષિણ તરફ અને ઉત્તર તરફ ૩-૩ ક્ષેત્રો છે અને વચ્ચે મહાવિદેહક્ષેત્ર છે. (૪૯૪) (૬)

અરવિવર સંઠિયાઈ, ચઉલક્ખા આયયાઈ ખિત્તાઈ ।
અંતો સંખિત્તાઈ, રુંદતરાઈ કમેણ પુણો ॥ ૪૯૫ ॥ (૭)

ક્ષેત્રો આરાના આંતરાના આકારના, ચાર લાખ યોજન લાંબા, અંદર સાંકળા અને પછી ક્રમશઃ પહોળા છે. (૪૯૫) (૭)

જંબૂદ્દીવા દુગુણા, વાસહરા હુંતિ ધાયઈસંડે ।
ઉસુયારા સાહસ્સા, તે મિલિયા હુંતિમે ખિત્તં ॥ ૪૯૬ ॥ (૮)

ધાતકીખંડમાં વર્ષધર પર્વતો (ની પહોળાઈ) જંબૂદ્વીપ કરતા બમણી છે. ઈષુકારપર્વતો ૧,૦૦૦ યોજન (પહોળા છે.) તે ભેગા થઈ આ પ્રમાણે ક્ષેત્ર થાય છે- (૪૯૬) (૮)

એગં ચ સયસહસ્સં, હવંતિ અટ્ઠત્તરી સહસ્સા ય ।
અટ્ઠ સયા બાયાલા, વાસવિહીણં તુ જં ખિત્તં ॥ ૪૯૭ ॥ (૯)
લવણસ્સ પરિહિસુદ્ધં, એયં ધુવરાસિ ધાયઈસંડે ।
લક્ખા ચોદ્દસ બાવીસ, સયાઈ સત્તણઉઈ ય ॥ ૪૯૮ ॥ (૧૦)

૧,૭૮,૮૪૨ યોજન ક્ષેત્રો વિનાનું જે ક્ષેત્ર છે તેને લવણસમુદ્રની પરિધિમાંથી બાદ કરવું. ધાતકીખંડમાં આ ધ્રુવરાશિ છે- ૧૪,૦૨,૨૯૭ યોજન. (૪૯૭, ૪૯૮) (૯, ૧૦)

જાવંતાવેહિગુણા, એસો ભઈઓ ય દુસયબારેહિં ।
અબ્ભિંતરવિક્ખંભો, ધાયઈસંડસ્સ ભરહાઈ ॥ ૪૯૯ ॥ (૧૧)

આ ધ્રુવરાશિને જેટલા-તેટલા ગુણાકાર વડે ગુણવાથી અને ૨૧૨ વડે ભાગવાથી ધાતકીખંડના ભરત વગેરેની અંદરની પહોળાઈ આવે છે. (૪૯૯) (૧૧)

જાવંતા વાસ ભરહે, એક્કો ચત્તારિ હુંતિ હેમવએ ।
સોલસ હરિવાસમ્મિ, મહાવિદેહમ્મિ ચઉસટ્ઠી ॥ ૫૦૦ ॥ (૧૨)

જેટલા-તેટલા ગુણાકાર ભરતમાં ૧, હિમવંતમાં ૪, હરિવર્ષમાં ૧૬ અને મહાવિદેહમાં ૬૪ છે. (૫૦૦) (૧૨)

ભરહે મુહવિક્ખંભો, છાવટ્ઠિ સયાઈ ચોદ્દસહિયાઈ ।
અઉણત્તીસં ચ સયં, બારસ હિય દુસયભાગાણં ॥ ૫૦૧ ॥ (૧૩)

ભરતક્ષેત્રની મુખપહોળાઈ ૬,૬૧૪ $^{૧૨૯}/_{૨૧૨}$ યોજન છે. (૫૦૧) (૧૩)

છવ્વીસં તુ સહસ્સા, ચત્તારિ સયાઈ અટ્ઠપન્નાઈ ।
બાણઉઈ ચેવ અંસા, મુહવિક્ખંભો ઉ હેમવએ ॥ ૫૦૨ ॥ (૧૪)

હિમવંતક્ષેત્રની મુખપહોળાઈ ૨૬,૪૫૮ $^{૯૨}/_{૨૧૨}$ યોજન છે. (૫૦૨) (૧૪)

એગં ચ સયસહસ્સં, અટ્ઠાવન્નં સયા ય તિત્તીસા ।
અંસસયં છપ્પન્નં, મુહવિક્ખંભો ઉ હરિવાસે ॥ ૫૦૩ ॥ (૧૫)

હરિવર્ષક્ષેત્રની મુખપહોળાઈ ૧,૦૫,૮૩૩ $^{૧૫૬}/_{૨૧૨}$ યોજન છે. (૫૦૩) (૧૫)

ચત્તારિ સયસહસ્સા, તેવીસ સહસ્સ તિસય ચઉતીસા ।
દો ચેવ ય અંસસયા, મુહવિક્ખંભો વિદેહસ્સ ॥ ૫૦૪ ॥ (૧૬)

મહાવિદેહક્ષેત્રની મુખપહોળાઈ ૪,૨૩,૩૩૪ $^{૨૦૦}/_{૨૧૨}$ યોજન છે. (૫૦૪) (૧૬)

તે ચેવ ય સોહેજ્જા, મજ્ઝે જો હોઈ પરિરઓ તમ્હા ।
સો મજ્ઝે ધુવરાસી, ધાયઈસંડસ્સ દીવસ્સ ॥ ૫૦૫ ॥ (૧૭)

મધ્યમાં જે પરિધિ છે તેમાંથી તેને (ક્ષેત્રો વિનાના ક્ષેત્રને) જ બાદ કરવો. ધાતકીખંડદ્વીપનો તે મધ્યમાં ધ્રુવરાશી છે. (૫૦૫) (૧૭)

અટ્ઠાવીસં લક્ખા, સહસ્સ છાયાલ ચેવ પન્નાસા ।
મજ્ઝમ્મિ પરિરઓ સે, ધાયઈસંડસ્સ દીવસ્સ ॥ ૫૦૬ ॥ (૧૮)

તે ધાતકીખંડદ્વીપની મધ્યમાં પરિધિ ૨૮,૪૬,૦૫૦ યોજન છે. (૫૦૬) (૧૮)

અટ્ઠહિયા દુન્નિ સયા, સત્તટ્ઠિ સહસ્સ લક્ખ છવ્વીસા ।
ધાયઈવરસ્સ મજ્ઝે, ધુવરાસી એસ નાયવ્વો ॥ ૫૦૭ ॥ (૧૯)

૨૬,૬૭,૨૦૮ યોજન - ધાતકીવરનો મધ્યમાં આ ધ્રુવરાશિ જાણવો. (૫૦૭) (૧૯)

બારસ ચેવ સહસ્સા, એક્કાસીયાણિ પંચ ય સયાણિ ।
છત્તીસ ચેવ અંસા ભરહસ્સ ઉ મજ્ઝ વિક્ખંભો ॥ ૫૦૮ ॥ (૨૦)

ભરતક્ષેત્રની મધ્યપહોળાઈ ૧૨,૫૮૧ ૩૬/૨૧૨ યોજન છે. (૫૦૮) (૨૦)

તિન્નિ સયા ચઉવીસા, પન્નાસ સહસ્સ જોયણાણં તુ ।
ચોયાલં અંસસયં, હેમવએ મજ્ઝવિક્ખંભો ॥ ૫૦૯ ॥ (૨૧)

હિમવંતક્ષેત્રની મધ્યપહોળાઈ ૫૦,૩૨૪ ૧૪૪/૨૧૨ યોજન છે. (૫૦૯) (૨૧)

દો ચેવ સયસહસ્સા, અટ્ઠાણઉયા ય બારસ સયા ય ।
બાવન્નં અંસસયં, હરિવાસે મજ્ઝ વિક્ખંભો ॥ ૫૧૦ ॥ (૨૨)

હરિવર્ષક્ષેત્રની મધ્યપહોળાઈ ૨,૦૧,૨૯૮ ૧૫૨/૨૧૨ યોજન છે. (૫૧૦) (૨૨)

અટ્ઠેવ સયસહસ્સા, એગાવન્ના સયા ય ચઉણઉયા ।
ચુલસીયં અંસસયં, વિદેહમજ્ઝમ્મિ વિક્ખંભો ॥ ૫૧૧ ॥ (૨૩)

મહાવિદેહક્ષેત્રની મધ્યમાં પહોળાઈ ૮,૦૫,૧૯૪ ૧૮૪/૨૧૨ યોજન છે. (૫૧૧) (૨૩)

તં ચેવ ય સોહિજ્જા, ધાયઈસંડસ્સ પરીરયાહિંતો ।
સો બાહિં ધુવરાસી, ભરહાઈસુ ધાયઈસંડે ॥ ૫૧૨ ॥ (૨૪)

ધાતકીખંડની પરિધિમાંથી તેને (ક્ષેત્રો વિનાના ક્ષેત્રને) જ બાદ કરવો. ધાતકીખંડમાં ભરત વગેરે ક્ષેત્રોમાં તે બાહ્ય ધ્રુવરાશિ છે. (૫૧૨) (૨૪)

ઉણવીસહિયં ચ સયં, બત્તીસ સહસ્સ લક્ખ ઊયાલં ।
ધાયઈસંડસ્સેસો, ધુવરાસી બાહિ વિક્ખંભો ॥ ૫૧૩ ॥ (૨૫)

૩૯,૩૨,૧૧૯ યોજન-ધાતકીખંડના (ભરત વગેરે ક્ષેત્રોની) બાહ્યપહોળાઈ (લાવવા) આ ધ્રુવરાશિ છે. (૫૧૩) (૨૫)

અટ્ઠારસ ય સહસ્સા, પંચેવ સયા હવંતિ સીયાલા ।
પણપન્નં અંસસયં, બાહિરઓ ભરહવિક્ખંભો ॥ ૫૧૪ ॥ (૨૬)

ભરતક્ષેત્રની બાહ્યપહોળાઈ ૧૮,૫૪૭ $^{૧૫૫}/_{૨૧૨}$ યોજન છે. (૫૧૪) (૨૬)

ચઉહત્તરી સહસ્સા, નઉયસયં ચેગ જોયણાણ ભવે ।
છન્નઉયં અંસસયં, હેમવએ બાહિવિક્ખંભો ॥ ૫૧૫ ॥ (૨૭)

હિમવંતક્ષેત્રની બાહ્યપહોળાઈ ૭૪,૧૯૦ $^{૧૯૬}/_{૨૧૨}$ યોજન છે. (૫૧૫) (૨૭)

તેવટ્ઠા સત્તસયા, છન્નઉઈ સહસ્સ દો સયસહસ્સા ।
અડયાલં અંસસયં, હરિવાસે બાહિવિક્ખંભો ॥ ૫૧૬ ॥ (૨૮)

હરિવર્ષક્ષેત્રની બાહ્યપહોળાઈ ૨,૯૬,૭૬૩ $^{૧૪૮}/_{૨૧૨}$ યોજન છે. (૫૧૬) (૨૮)

ઈક્કારસ લકખાઈ; સત્તાસીયા સહસ્સ ચઉપ્પન્ના ।
અટ્ઠટ્ઠં અંસસયં, બાહિરઓ વિદેહવિક્ખંભો ॥ ૫૧૭ ॥ (૨૯)

મહાવિદેહક્ષેત્રની બાહ્યપહોળાઈ ૧૧,૮૭,૦૫૪ $^{૧૬૮}/_{૨૧૨}$ યોજન છે. (૫૧૭) (૨૯)

ચઉગુણિય ભરહવાસો, હેમવએ તં ચઉગુણં તઈએ ।
હરિવાસં ચઉગુણિયં, મહાવિદેહસ્સ વિક્ખંભો ॥ ૫૧૮ ॥ (૩૦)

ચારથી ગુણાયેલ ભરતક્ષેત્રનો વિષ્કંભ હિમવંતક્ષેત્રની પહોળાઈ છે. તે ચારગુણી ત્રીજા (હરિવર્ષક્ષેત્ર)ની પહોળાઈ છે. ચારથી ગુણાયેલ હરિવર્ષક્ષેત્રની પહોળાઈ મહાવિદેહક્ષેત્રની પહોળાઈ છે. (૫૧૮) (૩૦)

જહ વિક્ખંભો દાહિણ-દિસાએ તહ ઉત્તરેડવિ વાસતિએ ।
જહ પુવ્વદ્ધે સત્તઓ, તહ અવરદ્ધેડવિ વાસાઈ ॥ ૫૧૯ ॥ (૩૧)

જેમ દક્ષિણ દિશામાં પહોળાઈ કહી તેમ ઉત્તરમાં પણ ત્રણ ક્ષેત્રોની પહોળાઈ જાણવી. જેમ પૂર્વાર્ધમાં સાત ક્ષેત્રો છે તેમ પશ્ચિમાર્ધમાં પણ છે. (૫૧૯) (૩૧)

બાયાલા અટ્ઠ સયા, સહસ્સ અટ્ઠત્તરી સયસહસ્સં ।
વાસવિહૂણં ખિત્તં, ધાયઈસંડમ્મિ દીવમ્મિ ॥ ૫૨૦ ॥ (૩૨)

ધાતકીખંડદ્વીપમાં ૧,૭૮,૮૪૨ યોજન ક્ષેત્રો વિનાનું ક્ષેત્ર છે. (૫૨૦) (૩૨)

એયં દુસહસ્સૂણં, ઈચ્છાસંગુણિય ચઉરસીભઈયં ।
વાસો વાસહરાણં, જાવંતાવિક્કચઉસોલા ॥ ૫૨૧ ॥ (૩૩)

૨,૦૦૦ યોજન ન્યૂન આ ક્ષેત્ર ઈચ્છિત (ભાગ)થી ગુણાયેલુ અને ૮૪ થી ભગાયેલું વર્ષધર પર્વતોનો વ્યાસ છે. જેટલા-તેટલા ગુણાકારો ૧, ૪, ૧૬ છે. (૫૨૧) (૩૩)

ઈગવીસ સયા પણહિય, બાવીસં ચઉરસીઈ ભાગો ય ।
ચુલ્લહિમવંતવાસો, ધાયઈસંડમ્મિ દીવમ્મિ ॥ ૫૨૨ ॥ (૩૪)

ધાતકીખંડમાં લઘુહિમવંતપર્વતનો વ્યાસ ૨,૧૦૫ $^{૨૨}/_{૮૪}$ યોજન છે. (૫૨૨) (૩૪)

ઈગવીસ ચુલસીઈ, સયા ઉ ચત્તારિ ચેવ અંસા ઉ ।
વાસો મહાહિમવએ, ધાયઈસંડમ્મિ દીવમ્મિ ॥ ૫૨૩ ॥ (૩૫)

ધાતકીખંડમાં મહાહિમવંતપર્વતનો વ્યાસ ૮,૪૨૧ $^{૪}/_{૮૪}$ યોજન છે. (૫૨૩) (૩૫)

તિત્તીસં ચ સહસ્સા, છચ્ચેવ સયા હવંતિ ચુલસીયા ।
સોલસ ચેવ ય અંસા, વિક્ખંભો હોઈ નિસહસ્સ ॥ ૫૨૪ ॥ (૩૬)

નિષધપર્વતની પહોળાઈ ૩૩,૬૮૪ $^{૧૬}/_{૮૪}$ યોજન છે. (૫૨૪)(૩૬)

જહ વિક્ખંભો દાહિણ-દિસાએ તહ ઉત્તરેઽવિ તિણ્હ ગિરિ।
છપ્પુવ્વદ્ધે જહ તહ, અવરદ્ધે પવ્વયા છા ઉ ॥ ૫૨૫ ॥ (૩૭)

જેમ દક્ષિણ દિશામાં કહી તેમ ઉત્તરમાં પણ ત્રણ પર્વતોની પહોળાઈ જાણવી. જેમ પૂર્વાર્ધમાં છ પર્વત છે તેમ પશ્ચિમાર્ધમાં છ પર્વત છે. (૫૨૫) (૩૭)

વાસહરગિરી વક્ખાર-પવ્વયા પુવ્વપચ્છિમદ્ધેસુ ।
જંબૂદીવગદુગુણા, વિત્થરઓ ઉસ્સએ તુલ્લા ॥ ૫૨૬ ॥ (૩૮)

પૂર્વાર્ધમાં અને પશ્ચિમાર્ધમાં વર્ષધર પર્વતો અને વક્ષસ્કાર પર્વતો જંબૂદ્વીપ કરતા વિસ્તારથી બમણા અને ઊંચાઈમાં તુલ્ય છે. (૫૨૬) (૩૮)

વાસહરકુરુસુ દહા, નઈણ કુંડાઈ તેસુ જે દીવા ।
ઉવ્વેહુસ્સયતુલ્લા, વિક્ખંભાયામઓ દુગુણા ॥ ૫૨૭ ॥ (૩૯)

વર્ષધર પર્વતો અને કુરુમાં જે દ્રહો, નદીના કુંડો, તેમાં દ્વીપો (જંબૂદ્વીપના દ્રહો-કુંડો-દ્વીપો કરતા) ઊંડાઈ-ઊંચાઈમાં તુલ્ય અને પહોળાઈ-લંબાઈથી બમણા છે. (૫૨૭) (૩૯)

સવ્વાઓ વિ નઈઓ, વિક્ખંભોવ્વેહદુગુણમાણાઓ ।
સીયાસીઓયાણં, વણાણિ દુગુણાણિ વિક્ખંભે ॥ ૫૨૮ ॥ (૪૦)

બધી ય નદીઓ (જંબૂદ્વીપ કરતા) પહોળાઈમાં અને ઊંડાઈમાં બમણા પ્રમાણવાળી છે. સીતા-સીતોદાના વનો પહોળાઈમાં બમણા છે. (૫૨૮) (૪૦)

કંચણગજમગસુરકુરુ-નગા ય વેયડ્ઢ દીહવટ્ટા ય ।
વિક્ખંભોવ્વેહસમુ-સ્સએણ જહ જંબૂદ્દીવિ વ્વ ॥ ૫૨૯ ॥ (૪૧)

કંચનગિરિ, યમકપર્વતો, દેવકુરુના પર્વતો, વૈતાઢ્ય અને દીર્ઘવૈતાઢ્ય પર્વતો પહોળાઈ-ઊંડાઈ-ઊંચાઈથી જંબૂદ્વીપની જેવા છે. (૫૨૯)(૪૧)

ચઉણઉઈ સએ મેરું, વિદેહમજ્ઝા વિસોહઈત્તાણં ।
સેસસ્સ ય જં અદ્ધં, સો વિક્ખંભો કુરૂણં તુ ॥ ૫૩૦ ॥ (૪૨)

મહાવિદેહક્ષેત્રના મધ્યમાંથી મેરુપર્વતના ૯,૪૦૦ બાદ કરીને શેષનું જે અર્ધ તે કુરુની પહોળાઈ છે. (૫૩૦) (૪૨)

સત્તાણવઈ સહસ્સા, સત્તાણઉયાઈ અટ્ઠ ય સયાઈ ।
તિન્નેવ ય લક્ખાઈ, કુરૂણ ભાગા ઉ બાણઉઈ ॥ ૫૩૧ ॥ (૪૩)

કુરુનો પહોળાઈ ૩,૯૭,૮૯૭ $^{૯૨}/_{૨૧૨}$ યોજન છે.(૫૩૧)(૪૩)

હરયા ય દુસાહસ્સા, જમગાણ સહસ્સ સોહય કુરૂઓ ।
સેસસ્સ સત્તભાગં, અંતરમો જાણ સવ્વેસિં ॥ ૫૩૨ ॥ (૪૪)

કુરુની પહોળાઈમાંથી હ્રદોના ૨,૦૦૦ અને યમકપર્વતોના ૧,૦૦૦ યોજન બાદ કરતા શેષના ૭ ભાગ કરવા. તે બધાનું અંતર જાણવું. (૫૩૨) (૪૪)

પણપન્ન સહસ્સાઈ, દો ચેવ સયાઈ એગસયરાઈ ।
દોસુ વિ કુરુસુ એયં, હરયનગાણંતરં હોઈ ॥ ૫૩૩ ॥ (૪૫)

૫૫,૨૭૧ યોજન આ બન્ને ય કુરુમાં હ્રદો અને પર્વતોનું અંતર છે. (૫૩૩) (૪૫)

લક્ખા સત્ત સહસ્સા, અઉણાસીઈ ય અટ્ઠ ય સયાઈ ।
વાસો ઉ ભદ્દસાલે, પુવ્વેણમેવ અવરેણં ॥ ૫૩૪ ॥ (૪૬)

ભદ્રશાલવનમાં પૂર્વમાં અને પશ્ચિમમાં વ્યાસ ૧,૦૭,૮૭૯ યોજન છે. (૫૩૪) (૪૬)

આયામેણં દુગુણા, મંદરસહિયા દુસેલવિક્ખંભં ।
સોહિત્તા જં સેસં, તં કુરુજીવં વિયાણાહિ ॥ ૫૩૫ ॥ (૪૭)

લંબાઈથી ભદ્રશાલવનથી બમણી, મેરુપર્વતથી સહિત, બે પર્વતોના વિષ્કંભને બાદ કરીને જે શેષ તે કુરુની જીવા જાણ. (૫૩૫) (૪૭)

અડવન્નસયં તેવીસ-સહસ્સા દો ય લક્ખ જીવા ઉ ।
દોણ્હ ગિરીણાયામો, સંખિત્તો તં ધણુ કુરૂણં ॥ ૫૩૬ ॥ (૪૮)

કુરુની જીવા ૨,૨૩,૧૫૮ યોજન છે. બન્ને (ગજદંત)પર્વતોની લંબાઈ ભેગી કરીએ તે કુરુનું ધનુઃપૃષ્ઠ છે. (૫૩૬) (૪૮)

લક્ખાઈ તિન્નિ દીહા, વિજ્જુપ્પભગંધમાયણા દોડવિ ।
છપ્પન્નં ચ સહસ્સા, દોન્નિ સયા સત્તવીસા ય ॥ ૫૩૭ ॥ (૪૯)

વિદ્યુત્પ્રભ અને ગંધમાદન બન્ને પર્વતો ૩,૫૬,૨૨૭ યોજન લાંબા છે. (૫૩૭) (૪૯)

અઉણટ્ઠા દોન્નિ સયા, ઉણસયરિ સહસ્સ પંચ લક્ખા ય ।
સોમનસમાલવંતા, દીહા રુંદા દસ સયાઈ ॥ ૫૩૮ ॥ (૫૦)

સૌમનસ અને માલ્યવંત ૫,૬૯,૨૫૯ યોજન લાંબા અને ૧,૦૦૦ યોજન પહોળા છે. (૫૩૮) (૫૦)

નવ ચેવ સયસહસ્સા, પણવીસં ખલુ ભવે સહસ્સા ય ।
ચત્તારિસયા છલસીયા, ધણુપટ્ઠાઈ કુરૂણં તુ ॥ ૫૩૯ ॥ (૫૧)

કુરુનું ધનુઃપૃષ્ઠ ૯,૨૫,૪૮૬ યોજન છે. (૫૩૯) (૫૧)

પુવ્વેણ મંદરાણં, જો આયામો ઉ ભદ્દસાલવણે ।
સો અડસીઈ વિભત્તો, વિક્ખંભો દાહિણુત્તરઓ ॥ ૫૪૦ ॥ (૫૨)

મેરુપર્વતની પૂર્વમાં ભદ્રશાલવનની જે લંબાઈ છે તેને ૮૮ થી ભાગતા દક્ષિણમાં અને ઉત્તરમાં (ભદ્રશાલવનનો) વિષ્કંભ છે.(૫૪૦) (૫૨)

બાર સયા છવ્વીસા, કિંચૂણા જમ્મુઈણ વિત્થારો;
અટ્ઠાસીઈગુણો પુણ, એસો પુવ્વાવરો હોઈ ॥ ૫૪૧ ॥ (૫૩)

(ભદ્રશાલવનનો) દક્ષિણમાં-ઉત્તરમાં વિસ્તાર કંઈક ન્યૂન ૧,૨૨૬ યોજન છે. ૮૮ ગુણો આ વિસ્તાર પૂર્વમાં-પશ્ચિમમાં લંબાઈ છે. (૫૪૧) (૫૩)

ઉત્તરકુરાઈ ધાયઈ, હોઈ મહાધાયઈ ય રુક્ખા ય ।
તેસિં અહિવઈ સુદંસણ-પિયદંસણનામયા દેવા ॥ ૫૪૨ ॥ (૫૪)

ઉત્તરકુરુમાં ધાતકી અને મહાધાતકી વૃક્ષો છે. તેમના અધિપતિ સુદર્શન અને પ્રિયદર્શન નામના દેવો છે. (૫૪૨) (૫૪)

જો ભણિઓ જંબૂએ, વિહી ઉ સો ચેવ હોઈ એએસિં ।
દેવકુરાએ સંવલિ-રુક્ખા જહ જંબૂદ્દીવમ્મિ ॥ ૫૪૩ ॥ (૫૫)

જંબૂવૃક્ષની જે વિધિ કહી છે તે જ આમની છે. દેવકુરુમાં જંબૂદ્વીપની જેમ શાલ્મલીવૃક્ષ છે. (૫૪૩) (૫૫)

અડવન્નસયં પણુવીસ, સહસ્સા દો ય લક્ખ મેરુવણં ।
મંદરવક્ખારનઈહિં, અટ્ઠહા હોંતિ પવિભત્તં ॥ ૫૪૪ ॥ (૫૬)

મેરુવન (ભદ્રશાલવન) ૨,૨૫,૧૫૮ યોજન (લાંબુ) છે અને મેરુપર્વત-વક્ષસ્કાર (ગજદંત) પર્વત-નદીથી આઠ ભાગમાં વહેંચાયેલું છે. (૫૪૪) (૫૬)

धायईसंडे मेरू, चुलसीई सहस्स ऊसिया दोडवि ।
ओगाढा य सहस्सं, तं चिय सिहरम्मि वित्थिन्ना ॥ ५४५ ॥ (५७)

ધાતકીખંડમાં બન્ને ય મેરુપર્વતો ૮૪,૦૦૦ યોજન ઊંચા છે અને ૧,૦૦૦ યોજન (ભૂમિમાં) અવગાઢ છે. તેટલા જ (૧,૦૦૦ યોજન) શિખરે પહોળા છે. (૫૪૫) (૫૭)

मूले पणनउय सया, चउणउय सया य होई धरणियले ।
विक्खंभो चत्तारि य, वणाई जह जंबूदीवम्मि ॥ ५४६ ॥ (५८)

(મેરુપર્વતની) પહોળાઈ મૂળમાં ૯,૫૦૦ યોજન અને પૃથ્વીતલે ૯,૪૦૦ યોજન છે. જંબૂદ્વીપની જેમ તેમાં ચાર વન છે. (૫૪૬)(૫૮)

जत्थिच्छसि विक्खंभं, मंदरसिहराहि उच्चइत्ताणं ।
तं दसहिं भइय लद्धं, सहस्ससहियं तु विक्खंभं ॥ ५४७ ॥ (५९)

મેરુપર્વતના શિખરથી ઉતરીને જ્યાં પહોળાઈ જાણવા ઈચ્છે છે તેને ૧૦ થી ભાગી જે મળે તે ૧,૦૦૦ થી સહિત પહોળાઈ છે. (૫૪૭)(૫૯)

पंचेव जोयणसओ, उड्ढं गंतूण पंचसयपिहुलं ।
नंदणवणं सुमेरुं, परिक्खिवित्ता ठियं रम्मं ॥ ५४८ ॥ (६०)

૫૦૦ યોજન ઉપર જઈને ૫૦૦ યોજન પહોળુ, મેરુપર્વતને ચારે બાજુ ઘેરીને રહેલું, સુંદર નંદનવન છે. (૫૪૮) (૬૦)

नव चेव सहस्साई, अद्धट्ठाई च जोयणसयाई ।
बाहिरओ विक्खंभो, उ नंदणे होई मेरूणं ॥ ५४९ ॥ (६१)

નંદનવને મેરુપર્વતની બાહ્ય પહોળાઈ ૯,૩૫૦ યોજન છે. (૫૪૯) (૬૧)

अट्ठेव सहस्साई, अद्धट्ठाई च जोयणसयाई ।
अब्भिंतरविक्खंभो, उ नंदणे होई मेरूणं ॥ ५५० ॥ (६२)

નંદનવને મેરુપર્વતનો અભ્યંતર પહોળાઈ ૮,૩૫૦ યોજન છે. (૫૫૦) (૬૨)

तत्तो य सहस्साई, उड्ढं गंतूण अद्धछप्पन्नं ।
सोमणसं नाम वणं, पंचसए होई वित्थिन्नं ॥ ५५१ ॥ (६३)

ત્યાંથી ૫૫,૦૦૦ યોજન ઉપર જઈને ૫૦૦ યોજન પહોળુ સૌમનસ વન છે. (૫૫૧) (૬૩)

તિન્નેવ સહસ્સાઈ, અટ્ઠેવ સયાઈ જોયણાણં તુ ।
સોમણસવણે બાહિં, વિક્ખંભો હોઈ મેરૂણં ॥ ૫૫૨ ॥ (૬૪)

સૌમનસવને મેરુપર્વતની બાહ્યપહોળાઈ ૩,૮૦૦ યોજન છે. (૫૫૨) (૬૪)

દો ચેવ સહસ્સાઈ, અટ્ઠેવ સયાઈ જોયણાણં તુ ।
અંતો સોમણસવણે, વિક્ખંભો હોઈ મેરૂણં ॥ ૫૫૩ ॥ (૬૫)

સૌમનસવને મેરુપર્વતની અંદરની પહોળાઈ ૨,૮૦૦ યોજન છે. (૫૫૩) (૬૫)

અટ્ઠાવીસ સહસ્સા, સોમણસવણા ઉ ઉપ્પઈત્તાણં ।
ચત્તારિ સએ રુંદં, ચઉણઉએ પંડગવણં તુ ॥ ૫૫૪ ॥ (૬૬)

સૌમનસવનથી ૨૮,૦૦૦ યોજન ઉપર જઈને ૪૯૪ યોજન પહોળુ પંડકવન છે. (૫૫૪) (૬૬)

ઈસિં અંતો અંતા, વિજયા વક્ખારપવ્વયા સલિલા ।
ધાયઈસંડે દીવે, દોસુ વિ અદ્ધેસુ નાયવ્વા ॥ ૫૫૫ ॥ (૬૭)

ધાતકીખંડદ્વીપમાં બન્નેય અર્ધમાં વિજયો, વક્ષસ્કારપર્વતો અને નદીઓ અંદરની બાજુ થોડા સાંકળા જાણવા (૫૫૫) (૬૭)

સીયાસીઓયવણા, એક્કારસ સહસ્સ છ સય અડસીયા ।
વક્ખારટ્ઠ સહસ્સા, પન્નરસ સયા ઉ સલિલાઓ ॥ ૫૫૬ ॥ (૬૮)
મેરૂ ચઉણઉઈસએ, મેરૂસ્સુભઓ વણસ્સિ સંમાણં ।
અડપન્ના સત્ત સયા, પન્નરસ સહસ્સ દો લક્ખા ॥ ૫૫૭ ॥ (૬૯)

સીતા-સીતોદાના વન ૧૧,૬૮૮ યોજન, વક્ષસ્કારપર્વતો ૮,૦૦૦ યોજન, નદીઓ ૧,૫૦૦ યોજન, મેરુપર્વત ૯,૪૦૦ યોજન, મેરુપર્વતની બન્ને તરફ વનનું પ્રમાણ ૨,૧૫,૭૫૮ યોજન છે. (૫૫૬, ૫૫૭) (૬૮, ૬૯)

છાયાલા તિન્નિ સયા, છાયાલસહસ્સ દોન્નિ લકખા ય ।
વણનગનઈમેરુવણ્ણાણ, વિત્થારો મેલિઓ એસો ॥ ૫૫૮ ॥ (૭૦)

૨,૪૬,૩૪૬ યોજન - આ વનો, પર્વતો, નદી, મેરુપર્વત, વનોનો એકત્ર કરેલો વિસ્તાર છે. (૫૫૮) (૭૦)

દીવસ્સ ય વિકૂખંભા, એવં સોહેઉ જં ભવે સેસં ।
સોલસવિહત્તલદ્ધં, વિજયાણં હોઈ વિકૂખંભો ॥ ૫૫૯ ॥ (૭૧)

દ્વીપની પહોળાઈમાંથી આને બાદ કરીને જે શેષ રહે તેને ૧૬ થી ભાગીને જે મળે તે વિજયોની પહોળાઈ છે. (૫૫૯) (૭૧)

એગં ચ સયસહસ્સં, તેવન્નં જોયણાણ ય સહસ્સા ।
છચ્ચ સયા ચઉપન્ના, વિસુદ્ધસેસં હવઈ એયં ॥ ૫૬૦ ॥ (૭૨)

૧,૫૩,૬૫૪ યોજન-આ બાદ કરીને રહેલ શેષ છે.(૫૬૦)(૭૨)

નવ ચેવ સહસ્સાઈ, છચ્ચેવ સયા તિઉત્તરા હોંતિ ।
સોલસભાગા છચ્ચિય, વિજયાણં હોઈ વિકૂખંભો ॥ ૫૬૧ ॥ (૭૩)

વિજયોની પહોળાઈ ૯,૬૦૩$^{૬}/_{૧૬}$ યોજન છે.(૫૬૧)(૭૩)

છસ્સય ચઉપન્નહિયા, તેવન્ન સહસ્સ સયસહસ્સં ચ ।
વિજયખિત્તપમાણે, વણનઈમેરુવણં છૂઢં ॥ ૫૬૨ ॥ (૭૪)
બિણવઈ સહસ્સ લકખ-તિયં ચ જાયં તુ દીવઓ સોહે ।
સેસટ્ઠહિએ ભાગે, વકૂખારગિરીણ વિકૂખંભો ॥ ૫૬૩ ॥ (૭૫)

૧,૫૩,૬૫૪ યોજન વિજયના ક્ષેત્રપ્રમાણમાં વન, નદી, મેરુપર્વત, વનનો વિસ્તાર ઉમેરવો. ૩,૯૨,૦૦૦ યોજન થાય. તેને દ્વીપ(ની પહોળાઈ)માંથી બાદ કરવો. શેષને આઠથી ભાગવો. તે વક્ષસ્કાર પર્વતોની પહોળાઈ છે. (૭૪, ૭૫) (૫૬૨, ૫૬૩)

પંચ સયા લકૂખતિયં, અડનઉઈ સહસ્સ દીવઓ સોહે ।
સેસસ્સ ય છબ્ભાગે, વિકૂખંભો અંતરનઈણં ॥ ૫૬૪ ॥ (૭૬)

દ્વીપમાંથી ૩,૯૮,૫૦૦ યોજન બાદ કરવા. શેષના છ ભાગ કરવા. તે અંતરનદીની પહોળાઈ છે. (૭૬) (૫૬૪)

બારસહિય તિન્નિ સયા, અડસીઈ સહસ્સ તિન્નિ લક્ખા ય ।
દીવાઓ સોહેઉં, સેસદ્ધં વણમુહાણં તુ ॥ ૫૬૫ ॥ (૭૭)

દ્વીપ (ની પહોળાઈ) માંથી ૩,૮૮,૩૧૨ યોજન બાદ કરીને શેષનું અર્ધ એ વનમુખોની પહોળાઈ છે. (૫૬૫) (૭૭)

બાયાલા અટ્ઠ સયા, ચઉસયરિ સહસ્સ સયસહસ્સં ચ ।
ધાયઈવિક્ખંભાઓ, સોહેઉં મંદરવણં તુ ॥ ૫૬૬ ॥ (૭૮)

ધાતકીખંડની પહોળાઈમાંથી ૧,૭૪,૮૪૨ યોજન બાદ કરીને મેરુપર્વત અને વનની પહોળાઈ છે. (૫૬૬) (૭૮)

ચઉવીસં સસિરવિણો, નક્ખત્તસયા ય તિન્નિ છત્તીસા ।
એગં ચ ગહસહસ્સં, છપ્પન્નં ધાયઈસંડે ॥ ૫૬૭ ॥ (૭૯)

ધાતકીખંડમાં ૨૪ ચંદ્ર-સૂર્ય, ૩૩૬ નક્ષત્રો, ૧,૦૫૬ ગ્રહો છે. (૫૬૭) (૭૯)

અટ્ઠેવ સયસહસ્સા, તિન્નિ સહસ્સા ય સત્ત ય સયાઓ ।
ધાયઈસંડે દીવે, તારાગણકોડિકોડીણં ॥ ૫૬૮ ॥ (૮૦)

ધાતકીખંડ દ્વીપમાં ૮,૦૩,૭૦૦ કોટિકોટિ તારા છે.(૫૬૮)(૮૦)

ધાયઈસંડો દીવો, ખિત્તસમાસસ્સ તઈય અહિગારો ।
ગાહાપરિમાણેણં, નાયવ્વો એગસીઈઓ ॥ ૫૬૯ ॥ (૮૧)

ક્ષેત્રસમાસનો ધાતકીખંડ નામે ત્રીજો અધિકાર થયો. તે ગાથા પરિમાણથી ૮૧ સંખ્યાનો છે. (૫૬૯) (૮૧)

અધિકાર ત્રીજો સમાપ્ત

• • •

• આત્મશુદ્ધિના ઉપાયો :
(૧) વૃત્તિઓનું શમન, (૨) કષાયોનો નિગ્રહ
(૨) મહાપુરુષોની આજ્ઞાનું પાલન, (૪) પવિત્ર વાતાવરણ.

અધિકાર ચોથો

કાલોદ સમુદ્ર

અટ્ઠેવ સયસહસ્સા, કાલાઓ ચક્કવાલઓ રુંદો ।
જોયણસહસ્સમેગં, ઓગાહેણં મુણેયવ્વો ॥ ૫૭૦ ॥ (૧)

કાલોદસમુદ્રની ચક્રવાલ પહોળાઈ ૮,૦૦,૦૦૦ યોજન અને ઊંડાઈ ૧,૦૦૦ યોજન જાણવી. (૫૭૦) (૧)

ઈગનઉઈ સયસહસ્સા, હવંતિ તહ સત્તરી સહસ્સા ય ।
છચ્ચ સયા પંચહિયા, કાલોયહિપરિરઓ એસો ॥ ૫૭૧ ॥ (૨)

૯૧,૭૦,૬૦૫ આ કાલોદધિની પરિધિ છે. (૫૭૧)(૨)

છાયાલા છચ્ચ સયા, બાણઉઈ સહસ્સ લક્ખ બાવીસં ।
કોસા ય તિન્નિ દારં-તરં તુ કાલોયહિસ્સ ભવે ॥ ૫૭૨ ॥ (૩)

કાલોદધિના દ્વારોનું અંતર ૨૨,૯૨,૬૪૬ યોજન ૩ ગાઉ છે. (૫૭૨) (૩)

જોયણસહસ્સ બારસ, ધાયઈવરપુવ્વપચ્છિમંતાઓ ।
ગંતૂણં કાલોએ, ધાયઈસંડાણ સસિરવીણં ॥ ૫૭૩ ॥ (૪)
જોયણસહસ્સ બારસ, પુક્ખરવરપુવ્વપચ્છિમંતાઓ ।
ગંતૂણં કાલોએ, કાલોયાણં સસિરવીણં ॥ ૫૭૪ ॥ (૫)
ભણિયા દીવા રમ્મા, ગોયમદીવસરિસા પમાણેણં ।
નવરં સવ્વત્થ સમા, દો કોસુચ્ચા જલંતાઓ ॥ ૫૭૫ ॥ (૬)

ધાતકીખંડના પૂર્વ-પશ્ચિમ છેડાથી કાલોદસમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને ધાતકીખંડના ચંદ્ર-સૂર્યના, પુષ્કરવરના પૂર્વ-પશ્ચિમ છેડાથી કાલોદ સમુદ્રમાં ૧૨,૦૦૦ યોજન જઈને કાલોદ સમુદ્રના ચંદ્ર-સૂર્યના સુંદર, પ્રમાણથી ગૌતમદ્વીપ જેવા દ્વીપો કહ્યા છે. તે સર્વત્ર સમાન અને પાણીના અંતથી ૨ ગાઉ ઊંચા છે.(૫૭૩, ૫૭૪, ૫૭૫)(૪,૫,૬)

પયઈએ ઉદગરસં, કાલોએ ઉદગ માસરાસિનિભં ।
કાલમહાકાલા વિ ય, દો દેવા અહિવઈ તસ્સ ॥ ૫૭૬ ॥ (૭)

કાલોદ સમુદ્રમાં પાણી સ્વભાવથી પાણીના સ્વાદવાળુ અને અડદના ઢગલા જેવું (કાળુ) છે. તેના અધિપતિ કાલ-મહાકાલ બે દેવો છે. (૫૭૬) (૭)

બાયાલીસં ચંદા, બાયાલીસં ચ દિણયરા દિત્તા ।
કાલોયહિમ્મિ એએ, ચરંતિ સંબદ્ધલેસાગા ॥ ૫૭૭ ॥ (૮)

કાલોદધિમાં (જંબૂદ્વીપના ચંદ્ર-સૂર્ય સાથે) સંબદ્ધ લેશ્યાવાળા (એક લીટીમાં રહેલા) દેદીપ્યમાન આ ૪૨ ચંદ્ર અને ૪૨ સૂર્ય ચરે છે. (૫૭૭) (૮)

નક્ખત્તાણ સહસ્સં, સયં ચ છાવત્તરં મુણેયવ્વં ।
છચ્ચ સયા છન્નઉયા, ગહાણ તિન્નેવ ય સહસ્સા ॥ ૫૭૮ ॥ (૯)

નક્ષત્રો ૧,૧૭૬ અને ગ્રહો ૩,૬૯૬ જાણવા. (૫૭૮) (૯)

અટ્ઠાવીસં કાલોયહિમ્મિ, બારસ ય સહસ્સાઈ ।
નવ ય સયા પન્નાસા, તારાગણકોડિકોડીણં ॥ ૫૭૯ ॥ (૧૦)

કાલોદધિમાં ૨૮,૧૨,૯૫૦ કોટિકોટિ તારા છે.(૫૭૯)(૧૦)

કાલોયહી સમત્તો, ખિત્તસમાસે ચઉત્થ અહિગારો ।
ગાહાપરિમાણેણં, એક્કારસ હોંતિ ગાહાઓ ॥ ૫૮૦ ॥ (૧૧)

ક્ષેત્રસમાસમાં કાલોદધિ નામનો ચોથો અધિકાર સમાપ્ત થયો. ગાથાપરિમાણથી તેની ૧૧ ગાથાઓ છે. (૫૮૦) (૧૧)

અધિકાર ચોથો સમાપ્ત

● ● ●

● મનમાંથી વાસના, ઇન્દ્રિયોમાંથી લાલસા, શરીરમાંથી પ્રમાદ, બુદ્ધિમાંથી આગ્રહ જાય તો કલ્યાણ થાય.

અધિકાર પાંચમો

પુષ્કરવરદ્વીપ

पुक्खरवरदीवेणं, वलयागिईसंठिएण कालोओ ।
परिवेढिउं समंता, सोलस लक्खा य पिहुलो सो ॥ ५८१ ॥ (१)

કાલોદસમુદ્ર વલયાકૃતિથી સંસ્થિત એવા પુષ્કરવરદ્વીપથી ચારે બાજુથી વીંટાયેલ છે. તે (પુષ્કરવરદ્વીપ) ૧૬,૦૦,૦૦૦ યોજન પહોળો છે. (૫૮૧) (૧)

अेयस्स मज्झयारे, नामेणं माणुसोत्तरो सेलो ।
जगई व जंबुदीवं, वेढेत्तु ठिओ मणुयलोयं ॥ ५८२ ॥ (२)

એની મધ્યમાં માનુષોત્તર નામનો પર્વત છે. જેમ જગતી જંબૂદ્વીપને વીંટીને રહેલ છે તેમ તે મનુષ્યલોકને વીંટીને રહેલ છે. (૫૮૨) (૨)

सत्तरस जोयणसअे, ईगवीसे सो समुसिओ रम्मो ।
तीसे चत्तारि सअे, कोसं च अहो समोगाढो ॥ ५८३ ॥ (३)

તે સુંદર, ૧,૭૨૧ યોજન ઊંચો અને ૪૩૦ યોજન ૧ ગાઉ નીચે અવગાઢ છે. (૫૮૩) (૩)

मूले दस बावीसे, रुंदो मज्झम्मि सत्त तेवीसे ।
उवरिं चत्तारि सअे, चउवीसे होई वित्थिन्नो ॥ ५८४ ॥ (४)

તે મૂળમાં ૧,૦૨૨ યોજન, મધ્યમાં ૭૨૩ યોજન અને ઉપર ૪૨૪ યોજન વિસ્તીર્ણ છે. (૫૮૪) (૪)

अेगा जोयणकोडी, लक्खा बायाल तीस य सहस्सा ।
दो य सय अउणपन्ना, अब्भिंतरपरिरओ तस्स ॥ ५८५ ॥ (५)

તેની અભ્યંતરપરિધિ ૧,૪૨,૩૦,૨૪૯ યોજન છે.(૫૮૫)(૫)

એગા જોયણકોડી, છત્તીસ સહસ્સ લક્ખ બાયાલા ।
તેરસહિય સત્ત સયા, બાહિરપરિહી ગિરિવરસ્સ ॥ ૫૮૬ ॥ (૬)

(માનુષોત્તર) ગિરિવરની બાહ્યપરિધિ ૧,૪૨,૩૬,૭૧૩ યોજન છે. (૫૮૬) (૬)

જંબૂનયમઓ સો, રમ્મો અદ્ધજવસંઠિઓ ભણિઓ ।
સીહનિસાઈ જેણં, દુહા કઓ પુક્ખરદ્દીવો ॥ ૫૮૭ ॥ (૭)

તે જાંબૂનદમય, અર્ધયવના આકારે, બેઠેલા સિંહ જેવો છે, જેણે પુષ્કરવરદ્વીપના બે ભાગ કર્યા. (૫૮૭) (૭)

અટ્ઠેવ સયસહસ્સા, અબ્ભિંતરપુક્ખરસ્સ વિક્ખંભો ।
ઉત્તરદાહિણદીહા, ઉસુયારા તસ્સ મજ્ઝમ્મિ ॥ ૫૮૮ ॥ (૮)
ધાયઈસંડયતુલ્લા, કાલોયયમાણુસોત્તરે પુટ્ઠા ।
તેહિ દુહા નિદ્દિસ્સઈ, પુવ્વદ્ધં પચ્છિમદ્ધં ચ ॥ ૫૮૯ ॥ (૯)

અભ્યંતર પુષ્કરદ્વીપની પહોળાઈ ૮,૦૦,૦૦૦ યોજન છે. તેની મધ્યમાં ઉત્તર-દક્ષિણ લાંબા, ધાતકીખંડ તુલ્ય, કાલોદસમુદ્ર અને માનુષોત્તરપર્વતને સ્પર્શેલા ઈષુકારપર્વતો છે. તેનાથી બે ભાગ કહેવાય છે - પૂર્વાર્ધ અને પશ્ચિમાર્ધ. (૫૮૮, ૫૮૯) (૮, ૯)

તિન્નેવ સયસહસ્સા, નવનઉઈ ખલુ ભવે સહસ્સા ય ।
પુક્ખરવરદીવડ્ઢે, ઓગાહિત્તાણ દો કુંડા ॥ ૫૯૦ ॥ (૧૦)
દો ચેવ સહસ્સાઈ, વિત્થિન્ના હોંતિ આણુપુવ્વીએ ।
દસ ચેવ જોયણાઈ, ઉવ્વેહેણં ભવે કુંડા ॥ ૫૯૧ ॥ (૧૧)

પુષ્કરવરદ્વીપાર્ધમાં ૩,૯૯,૦૦૦ યોજન જઈને ક્રમશઃ ૨,૦૦૦ યોજન વિસ્તારવાળા અને ૧૦ યોજન ઊંડા બે કુંડ છે. (૫૯૦, ૫૯૧) (૧૦, ૧૧)

ઉવ્વેહો વેયડ્ઢાણં, જોયણાઈ તુ છસ્સકોસાઈ ।
પણુવીસં ઉવ્વિદ્ધા, દો ચેવ સયાઈ વિત્થિન્ના ॥ ૫૯૨ ॥ (૧૨)

વૈતાઢ્યપર્વતોની ઊંડાઈ (ભૂમિમાં) ૬ યોજન ૧ ગાઉ છે. તે ૨૫ યોજન ઊંચા અને ૨૦૦ યોજન વિસ્તીર્ણ છે. (૫૯૨)(૧૨)

धायईसंडईदुगुणा, वासहरा होंति पुक्खरद्धम्मि ।
उसुयारा साहस्सा, ते मिलिया होंतिमं खित्तं ॥ ५९३ ॥ (१३)

પુષ્કરાર્ધમાં વર્ષધરપર્વતો ધાતકીખંડ કરતા દ્વિગુણ (વિસ્તારવાળા) છે. ઈષુકાર પર્વતો ૧,૦૦૦ યોજન (વિસ્તારવાળા) છે. તે મળીને આ ક્ષેત્ર થાય છે - (૫૯૩) (૧૩)

पणपन्नं च सहस्सा, छच्चेव सया हवंति चुलसीया ।
तिन्नेव सयसहस्सा, वासविहीणं तु जं खित्तं ॥ ५९४ ॥ (१४)
एयं पुण सोहिज्जा, कालोयहिपरिरया उ सेसमिणं ।
चउदस सहस्स नव सय, ईगवीसई लक्ख अडसीई ॥ ५९५ ॥ (१५)

૩,૫૫,૬૮૪ યોજન ક્ષેત્રો વિનાનું જે ક્ષેત્ર એને કાલોદધિની પરિધિમાંથી બાદ કરવું. શેષ આ છે - ૮૮,૧૪,૯૨૧ યોજન છે. (૫૯૪, ૫૯૫) (૧૪, ૧૫)

वासहरविरहियं खलु, जं खित्तं पुक्खरद्धदीवम्मि ।
जावंतावेहि गुणं, भय दोहिं सएहिं बारेहिं ॥ ५९६ ॥ (१६)

પુષ્કરવરાર્ધદ્વીપમાં વર્ષધરપર્વતો વિનાનું જે ક્ષેત્ર તેને જેટલા તેટલા ગુણકારોથી ગુણવું અને ૨૧૨થી ભાગવું. (૫૯૬) (૧૬)

ईयालीस सहस्सा, पंचेव सया हवंति गुणसीया ।
तेवत्तरमंससयं, मुहविक्खंभो भरहवासे ॥ ५९७ ॥ (१७)

ભરતક્ષેત્રની મુખપહોળાઈ ૪૧,૫૭૯ $^{૧૭૩}/_{૨૧૨}$ યોજન છે. (૫૯૭) (૧૭)

उणवीसा तिन्नि सया, छावट्ठि सहस्स सयसहस्सं च ।
अंसा वि य छप्पन्नं, मुहविक्खंभो उ हेमवए ॥ ५९८ ॥ (१८)

હિમવંતક્ષેત્રની મુખપહોળાઈ ૧,૬૬,૩૧૯ $^{૫૬}/_{૨૧૨}$ યોજન છે. (૧૮) (૫૯૮)

સત્તત્તર દોન્નિ સયા, પણટ્ઠિ સહસ્સ છચ્ચ લક્ખા ય ।
બારસ ચેવ ય અંસા, મુહવિક્ખંભો ઉ હરિવાસે ॥ ૫૯૯ ॥ (૧૯)

હરિવર્ષક્ષેત્રની મુખપહોળાઈ ૬,૬૫,૨૭૭ $^{૧૨}/_{૨૧૨}$ યોજન છે. (૫૯૯) (૧૯)

અટ્ઠુત્તરસયમેગં, એગટ્ઠિ સહસ્સ લક્ખ છવ્વીસં ।
અડયાલીસં અંસા, મુહવિક્ખંભો વિદેહસ્સ ॥ ૬૦૦ ॥ (૨૦)

મહાવિદેહક્ષેત્રની મુખપહોળાઈ ૨૬,૬૧,૧૭૮ $^{૪૮}/_{૨૧૨}$ યોજન છે. (૬૦૦) (૨૦)

તં ચેવ ય સોહિજ્જા, પુક્ખરઅદ્ધદ્ધપરિરયા સેસં ।
જાવંતાવેહિ ગુણે, મજ્ઝે ખિત્તાણ વિક્ખંભો ॥ ૬૦૧ ॥ (૨૧)

પુષ્કરવરાર્ધના અર્ધની પરિધિમાંથી તેને (ક્ષેત્રો વિનાના ક્ષેત્રને) બાદ કરવું. શેષને જેટલા તેટલા ગુણાકારોથી ગુણવું તે ક્ષેત્રોની મધ્યમાં પહોળાઈ છે. (૬૦૧) (૨૧)

સત્તાવીસા ચઉરો, સયા ઉ સત્તરસ સયસહસ્સા ય ।
એગા ય હોઈ કોડી, પુક્ખરઅદ્ધદ્ધપરિહીઓ ॥ ૬૦૨ ॥ (૨૨)

પુષ્કરવરાર્ધના અર્ધની પરિધિ ૧,૧૭,૦૦,૪૨૭ યોજન છે. (૬૦૨) (૨૨)

કોડી તેરસ લક્ખા, ચોયાલા સહસ્સ સત્ત તેયાલા ।
પુક્ખરવરસ્સ મજ્ઝે, ધુવરાસી એસ નાયવ્વો ॥ ૬૦૩ ॥ (૨૩)

૧,૧૩,૪૪,૭૪૩ યોજન - પુષ્કરવરની મધ્યમાં આ ધ્રુવરાશિ જાણવો. (૬૦૩) (૨૩)

તેવન્નં ચ સહસ્સા, પંચ સયા બારસુત્તરા હોંતિ ।
નવણઉયં અંસસયં, મજ્ઝે ભરહસ્સ વિક્ખંભો ॥ ૬૦૪ ॥ (૨૪)

ભરતક્ષેત્રની મધ્યમાં પહોળાઈ ૫૩,૫૧૨ $^{૧૯૯}/_{૨૧૨}$ યોજન છે. (૨૪)

એગાવન્ના ચઉદસ, સહસ્સ દો ચેવ સયસહસ્સા ય ।
સટ્ઠિં અંસાણ સયં, હેમવએ મજ્ઝવિક્ખંભો ॥ ૬૦૫ ॥ (૨૫)

હિમવંતક્ષેત્રની મધ્યપહોળાઈ ૨,૧૪,૦૫૧ $^{૧૬૦}/_{૨૧૨}$ યોજન છે. (૬૦૫) (૨૫)

સત્તહિયા દોન્નિ સયા, છપ્પન્ન સહસ્સ અટ્ઠ લક્ખા ય ।
ચત્તારિ ચેવ અંસા, હરિવાસે મજ્ઝવિક્ખંભો ॥ ૬૦૬ ॥ (૨૬)

હરિવર્ષક્ષેત્રની મધ્યપહોળાઈ ૮,૫૬,૨૦૭ $^{૪}/_{૨૧૨}$ યોજન છે. (૬૦૬) (૨૬)

અડવીસા અટ્ઠ સયા, ચઉવીસ સહસ્સ લક્ખ ચઉતીસં ।
સોલસ ચેવ ય અંસા, મજ્ઝવિદેહસ્સ વિક્ખંભો ॥ ૬૦૭ ॥ (૨૭)

મધ્યમહાવિદેહક્ષેત્રની (મધ્ય)પહોળાઈ ૩૪,૨૪,૮૨૮ $^{૧૬}/_{૨૧૨}$ યોજન છે. (૬૦૭) (૨૭)

તે ચેવ ય સોહિજ્જા, માણુસખેત્તસ્સ પરિરયા સેસં ।
જાવંતાવેહિ ગુણં, બાહિરખેત્તસ્સ વિક્ખંભો ॥ ૬૦૮ ॥ (૨૮)

મનુષ્યક્ષેત્રની પરિધિમાંથી તેને (ક્ષેત્રો વિનાના ક્ષેત્રને) જ બાદ કરવો. શેષને જેટલા-તેટલા ગુણકારોથી ગુણવો. તે ક્ષેત્રોની બાહ્ય પહોળાઈ છે. (૬૦૮) (૨૮)

અટ્ઠત્તીસં લક્ખા, કોડી ચઉહત્તરી સહસ્સા ય ।
પંચ સયા પન્નટ્ઠા, વિસુદ્ધસેસં હવઈ એવં ॥ ૬૦૯ ॥ (૨૯)

૧,૩૮,૭૪,૫૬૫ યોજન - આ બાદ કર્યા પછી શેષ છે. (૬૦૯) (૨૯)

પન્નટ્ઠિ સહસ્સાઈ, ચત્તારિ સયા હવંતિ છાયાલા ।
તેરસ ચેવ ય અંસા, બાહિરઓ ભરહવિક્ખંભો ॥ ૬૧૦ ॥ (૩૦)

ભરતક્ષેત્રની બાહ્યપહોળાઈ ૬૫,૪૪૬ $^{૧૩}/_{૨૧૨}$ યોજન છે. (૬૧૦) (૩૦)

ચુલસીયા સત્તસયા, એગટ્ઠિ સહસ્સ દોન્નિ લક્ખા ય ।
અંસા વિ ય બાવન્નં, હેમવએ બાહિવિક્ખંભો ॥ ૬૧૧ ॥ (૩૧)

હિમવંતક્ષેત્રની બાહ્યપહોળાઈ ૨,૬૧,૭૮૪ $^{૫૨}/_{૨૧૨}$ યોજન છે. (૬૧૧) (૩૧)

સયમેગં છત્તીસં, સીયાલ સહસ્સ દસ ય લક્ખાઈ ।
અટ્ઠહિયા દોન્નિ સયા, ભાગા હરિવાસવિક્ખંભો ॥ ૬૧૨ ॥ (૩૨)

હરિવર્ષક્ષેત્રની બાહ્યપહોળાઈ ૧૦,૪૭,૧૩૬ $^{૨૦૮}/_{૨૧૨}$ યોજન છે. (૬૧૨) (૩૨)

સીયાલા પંચ સયા, અડસીઈ સહસ્સ લક્ખ ઈયાલા ।
છન્નઉયં અંસસયં, વિદેહવિક્ખંભ બાહિરઓ ॥ ૬૧૩ ॥ (૩૩)

મહાવિદેહક્ષેત્રની બાહ્યપહોળાઈ ૪૧,૮૮,૫૪૭ $^{૧૯૬}/_{૨૧૨}$ યોજન છે. (૬૧૩) (૩૩)

વાસવિહૂણં ખિત્તં, દુસહસ્સૂણં તુ પુક્ખરદ્ધમ્મિ ।
જાવંતાવેહિ ગુણં, ચુલસીઈહિયમ્મિ ગિરિવાસો ॥ ૬૧૪ ॥ (૩૪)

પુષ્કરાર્ધમાં ક્ષેત્રો વિનાના ક્ષેત્રને ૨,૦૦૦ યોજન ન્યૂન કરી, જેટલા-તેટલા ગુણાકારોથી ગુણી ૮૪થી ભાગે છતે વર્ષધરપર્વતોનો વ્યાસ આવે છે. (૬૧૪) (૩૪)

દસહિય બાયાલ સયા, ચોયાલ કલા ય ચુલ્લહિમવંતે ।
બીએ કલટ્ઠ સોલસ, સહસ્સ બાયાલ અટ્ઠ સયા ॥ ૬૧૫ ॥ (૩૫)

૪,૨૧૦ $^{૪૪}/_{૮૪}$ યોજન લઘુહિમવંતપર્વતની પહોળાઈ છે. બીજા (મહાહિમવંતપર્વત)ની પહોળાઈ ૧૬,૮૪૨ $^{૮}/_{૮૪}$ યોજન છે. (૬૧૫) (૩૫)

સત્તટ્ઠિ સહસ્સાઈ, તિન્નેવ સયા હવંતિ અટ્ઠટ્ઠા ।
બત્તીસ કલા નિસહે, વિક્ખંભો પુક્ખરદ્ધમ્મિ ॥ ૬૧૬ ॥ (૩૬)

પુષ્કરાર્ધમાં નિષધપર્વતની પહોળાઈ ૬૭,૩૬૮ $^{૩૨}/_{૮૪}$ યોજન છે. (૬૧૬) (૩૬)

અહવા ધાયઈદીવે, જો વિક્ખંભો ઉ હોઈ ઉ નગાણં ।
સો દુગુણો નાયવ્વો, પુક્ખરદ્ધે નગાણં તુ ॥ ૬૧૭ ॥ (૩૭)

અથવા ધાતકીખંડમાં પર્વતોની જે પહોળાઈ છે તે બમણી થયેલી પુષ્કરાર્ધમાં પર્વતોની પહોળાઈ છે (૬૧૭) (૩૭)

વાસહરા વક્ખારા, દહનઈકુંડા વણા ય સીયાએ ।
દીવે દીવે દુગુણા, વિત્થરઓ ઉસ્સએ તુલ્લા ॥ ૬૧૮ ॥ (૩૮)

દ્વીપે દ્વીપે વર્ષધરપર્વતો, વક્ષસ્કારપર્વતો, દ્રહો, નદીઓ, કુંડો અને સીતાના વનો વિસ્તારથી બમણા અને ઊંચાઈથી તુલ્ય છે. (૬૧૮) (૩૮)

ઉસુયારજમગકંચણ-ચિત્તવિચિત્તા ય વટ્ટવેયડ્ઢા ।
દીવે દીવે તુલ્લા, દુમેહલા જે ય વેયડ્ઢા ॥ ૬૧૯ ॥ (૩૯)

ઈષુકારપર્વતો, યમકગિરિ, કંચનગિરિ, ચિત્ર-વિચિત્ર પર્વતો, વૃત્તવૈતાઢ્યપર્વતો, બે મેખલાવાળા જે વૈતાઢ્ય પર્વતો તે બધા દ્વીપમાં તુલ્ય છે. (૬૧૯) (૩૯)

સેવ્વેઽવિ પવ્વયવરા, સમયખિત્તમ્મિ મંદરવિહૂણા ।
ધરણિયલં ઓગાઢા, ઉસ્સેહચઉત્થયં ભાગં ॥ ૬૨૦ ॥ (૪૦)

સમયક્ષેત્ર(મનુષ્યક્ષેત્ર)માં મેરુપર્વત સિવાયના બધા ય પર્વતો ઊંચાઈના ચોથા ભાગ જેટલા પૃથ્વીતલમાં અવગાઢ છે. (૬૨૦) (૪૦)

ચઉણઉઈસયં મેરું, વિદેહમજ્ઝા વિસોહઈત્તાણં;
સેસસ્સ ય જં અદ્ધં, તં વિક્ખંભો કુરૂણં તુ ॥ ૬૨૧ ॥ (૪૧)

મહાવિદેહક્ષેત્રની મધ્ય(પહોળાઈ)માંથી ૯,૪૦૦ યોજન મેરુપર્વતને બાદ કરીને શેષનું જે અર્ધ છે તે કુરુની પહોળાઈ છે. (૬૨૧) (૪૧)

સત્તત્તરિસયાઈ, ચઉદસઅહિયાઈ સત્તરસલક્ખા ।
હોઈ કુરુવિક્ખંભો, અટ્ઠ ય ભાગા ય પરિસેસા ॥ ૬૨૨ ॥ (૪૨)

કુરુનો પહોળાઈ ૧૭,૦૭,૭૧૪ $^{૯}/_{૨૧૨}$ યોજન છે.(૬૨૨)(૪૨)

હરયા ચઉસહસ્સા, જમગાણ સહસ્સ સોહય કુરુઓ ।
સેસસ્સ સત્તભાગં, અંતરમો જાણ સવ્વેસિં ॥ ૬૨૩ ॥ (૪૩)

૪,૦૦૦ યોજન હ્રદો, યમકપર્વતોના ૧,૦૦૦ યોજન કુરુમાંથી બાદ કરવા. શેષના સાત ભાગ કરવા. તે બધાનું અંતર છે. (૬૨૩) (૪૩)

ચત્તાલીસ સહસ્સા, દો લક્ખા નવ સયા ય અઉણટ્ઠા;
એગો ય સત્તભાગો, હરયનગાણંતરં ભણિયં ॥ ૬૨૪ ॥ (૪૪)

હ્રદો અને પર્વતોનું અંતર ૨,૪૦,૯૫૯ $^{૧}/_{૭}$ યોજન કહ્યું છે. (૬૨૪) (૪૪)

અડવન્ના સત્તસયા, પન્નરસ સહસ્સ દુન્નિ લક્ખા ય ।
વાસો ઉ ભદ્દસાલે, પુવ્વેણેમેવ અવરેણ ॥ ૬૨૫ ॥ (૪૫)

ભદ્રશાલવનનો પૂર્વમાં વ્યાસ ૨,૫૦,૭૫૮ યોજન છે. એ જ પ્રમાણે પશ્ચિમમાં છે. (૬૨૫) (૪૫)

તસ્સાયામા દુગુણા, મંદરસહિયા દુસેલવિક્ખંભં ।
સોહિત્તા જં સેસં, કુરૂણ જીવા ઉ જાણાહિ ॥ ૬૨૬ ॥ (૪૬)

મેરુપર્વત સહિત તેની બમણી લંબાઈમાંથી બે પર્વતોની પહોળાઈ બાદ કરીને જે શેષ તે કુરુની જીવા જાણ. (૬૨૬) (૪૬)

ચત્તારિ લક્ખ છત્તીસ, સહસ્સા નવ સયા ય સોલહિયા ।
દોણ્હ ગિરીણાયામો, સંખિત્તો તં ધણુ કુરૂણં ॥ ૬૨૭ ॥ (૪૭)

૪,૩૬,૯૧૬ યોજન (કુરુની જીવા છે.) ભેગી કરેલી બે પર્વતની લંબાઈ તે કુરુનુ ધનુઃપૃષ્ઠ છે. (૬૨૭) (૪૭)

સોમણસમાલવંતો, દીહા વીસં ભવે સયસહસ્સા ।
તેયાલીસ સહસ્સા, અઉણાવીસા ય દુન્નિ સયા ॥ ૬૨૮ ॥ (૪૮)

સૌમનસ અને માલ્યવંત પર્વતો ૨૦,૪૩,૨૧૯ યોજન લાંબા છે. (૬૨૮) (૪૮)

સોલસહિય સયમેગં, છવ્વીસસહસ્સ સોલસ ય લક્ખા ।
વિજ્જુપ્પભો નગો, ગંધમાયણો ચેવ દીહાઓ ॥ ૬૨૯ ॥ (૪૯)

વિદ્યુત્પ્રભ અને ગંધમાદન પર્વતો ૧૬,૨૬,૧૧૬ યોજન લાંબા છે. (૬૨૯) (૪૯)

અઉણત્તરી સહસ્સા, લક્ખા છત્તીસ તિન્નિ ય સયાઈં ।
પણતીસ જોયણાણિ ય, ધણુપુટ્ઠાઈ કુરૂણં તુ ॥ ૬૩૦ ॥ (૫૦)

કુરુનું ધનુઃપૃષ્ઠ ૩૬,૬૯,૩૩૫ યોજન છે. (૬૩૦) (૫૦)

પુવ્વેણ મંદરાણં, જો આયામો ઉ ભદ્દસાલવણે ।
સો અડસીઈ વિહત્તો, વિક્ખંભો દાહિણુત્તરઓ ॥ ૬૩૧ ॥ (૫૧)

મેરુપર્વતની પૂર્વમાં ભદ્રશાલવનની જે લંબાઈ છે તેને ૮૮ થી ભાગતા દક્ષિણ-ઉત્તરની પહોળાઈ આવે છે. (૬૩૧) (૫૧)

ઈગવન્ના ચઉવીસં, સયા ઉ સયરિ અડસીઈ ભાગા ય ।
જમ્મુત્તર વિત્થારો, અડસીઈ ગુણો ઉ વિવરીઓ ॥ ૬૩૨ ॥ (૫૨)

(ભદ્રશાલવનનો) દક્ષિણ-ઉત્તર વિસ્તાર ૨,૪૫૧ $^{७०}/_{८८}$ યોજન છે. તે ૮૮ ગુણો વિપરીત (પૂર્વમાં-પશ્ચિમમાં) લંબાઈ છે. (૬૩૨) (૫૨)

પઉમે ય મહાપઉમે, રુક્ખા ઉત્તરકુરુસુ જંબુસમા ।
એએસુ વસંતિ સુરા, પઉમે તહ પુંડરીએ ય ॥ ૬૩૩ ॥ (૫૩)

ઉત્તરકુરુમાં જંબૂવૃક્ષની સમાન પદ્મવૃક્ષ અને મહાપદ્મવૃક્ષ છે. એમાં પદ્મ અને પુંડરીક દેવો વસે છે. (૬૩૩) (૫૩)

ધાયઈસંડયમેરુહિં, સમાણા દોડવિ મેરુણો નવરિં ।
આયામો વિક્ખંભો ઉ, દુગુણિઓ ભદ્દસાલવણે ॥ (૫૪) ૬૩૪

બન્ને મેરુપર્વતો ધાતકીખંડના મેરુપર્વતની સમાન છે, પણ ભદ્રશાલવનની લંબાઈ અને પહોળાઈ બમણી છે. (૬૩૪) (૫૪)

સીયાસીઓયવણા, તેવીસ સહસ્સ તિ સય છસ્સયરા ।
સલિલા તિન્નિ સહસ્સા, વક્ખારા સોલસ સહસ્સા ॥ ૬૩૫ ॥ (૫૫)
મેરુ ચઉણઉઈ સએ, મેરુસ્સુભઓ વણસ્સિમં માણં ।
સોલસહિય પંચ સયા, ઈગતીસ સહસ્સ લક્ખ ચઊ ॥ ૬૩૬ ॥ (૫૬)

સીતા-સીતોદાના વન ૨૩,૩૭૬ યોજન, નદીઓ ૩,૦૦૦ યોજન, વક્ષસ્કારપર્વતો ૧૬,૦૦૦ યોજન, મેરુપર્વત ૯,૪૦૦ યોજન છે. મેરુની બન્ને બાજુના વનનું આ પ્રમાણે છે - ૪,૩૧,૫૧૬ યોજન. (૬૩૫, ૬૩૬) (૫૫, ૫૬)

સવ્વં પિ ઈમં મિલિયં, હવંતિ ચત્તારિ સયસહસ્સાઈ ।
તેસીઈ ચ સહસ્સા, બાણઉયા દોન્નિ ઉ સયાઈ ॥ ૬૩૭ ॥ (૫૭)

આ બધુ ભેગુ કરેલું ૪,૮૩,૨૯૨ યોજન છે. (૬૩૭) (૫૭)

દીવસ્સ ઉ વિક્ખંભા, એયં સોહેઉ જં ભવે સેસં ।
સોલસવિહત્તલદ્ધં, જાણસુ વિજયાણ વિક્ખંભં ॥ ૬૩૮ ॥ (૫૮)

દ્વીપની પહોળાઈમાંથી આને બાદ કરીને જે શેષ હોય તેને ૧૬થી ભાગવાથી મળેલ વિજયોની પહોળાઈ જાણવી.(૬૩૮)(૫૮)

ઉણવીસ સહસ્સાઈ, સત્તેવ સયા હવંતિ ચઉણઉયા ।
ભાગા ચઉરો ય ભવે, વિજયાણં હોઈ વિક્ખંભો ॥ ૬૩૯ ॥ (૫૯)

વિજયોની પહોળાઈ ૧૯,૭૯૪ $^{૪}/_{૧૬}$ યોજન છે.(૬૩૯)(૫૯)

અટ્ઠહિયા સત્તસયા, સોલસ સાહસ્સિયા તિલક્ખં ચ ।
વિજયા ખિત્તપમાણે, વણનઈમેરુવણે છૂઢે ॥ ૬૪૦ ॥ (૬૦)
જાયં ચુલસીઈ સહસ્સા, સત્ત લકખા ઉ દીવઓ સોહે ।
સેસટ્ઠહિએ ભાગે, વક્ખારગિરીણ વિક્ખંભો ॥ ૬૪૧ ॥ (૬૧)

વિજયોના ક્ષેત્રપ્રમાણ ૩,૧૬,૭૦૮ યોજનમાં વનો, નદીઓ, મેરુપર્વત, વનોને ઉમેરવા. ૭,૮૪,૦૦૦ થાય. તેને દ્વીપ(ની પહોળાઈ) માંથી બાદ કરવા. શેષને ૮ થી ભાગે છતે વક્ષસ્કારપર્વતોની પહોળાઈ આવે છે. (૬૪૦, ૬૪૧) (૬૦, ૬૧)

સત્તાણઉઈ સહસ્સા, સત્ત ય લકખા ઉ દીવઓ સોહે ।
સેસસ્સ ય છબ્ભાએ, વિક્ખંભો અંતરનઈણં ॥ ૬૪૨ ॥ (૬૨)

દ્વીપમાંથી ૭,૯૭,૦૦૦ બાદ કરવા. શેષને છ થી ભાગે છતે અંતરનદીની પહોળાઈ આવે છે. (૬૪૨) (૬૨)

છાવત્તરી સહસ્સા, સત્ત ય લક્ખા ય છસય ચઉવીસા ।
દીવાઓ સોહેસો, સેસદ્ધં વણમુહં જાણ ॥ ૬૪૩ ॥ (૬૩)

દ્વીપમાંથી ૭,૭૬,૬૨૪ યોજન બાદ કરીને શેષનું અર્ધ તે વનમુખ જાણ. (૬૪૩) (૬૩)

અઉણટ્ઠિ સહસ્સાઈ, ચુલસીઈ જોયણ તિલક્ખં ચ ।
સોહિત્તુ પુક્ખરદ્ધા, મેરુવણં હોઈમં તં ચ ॥ ૬૪૪ ॥ (૬૪)

ચત્તાલીસ સહસ્સા, ચઉરો લક્ખા ય નવ સયા સોલા ।
પુક્ખરવરદીવડ્ઢે, મેરુવણસ્સેસ આયામો ॥ ૬૪૫ ॥ (૬૫)

પુષ્કરાર્ધમાંથી ૩,૫૯,૦૮૪ યોજન બાદ કરીને મેરુનું વન થાય છે. તે ૪,૪૦,૯૧૬ યોજન છે. પુષ્કરવરદ્વીપાર્ધમાં આ મેરુના વનની લંબાઈ છે. (૬૪૪, ૬૪૫) (૬૪, ૬૫)

બાવત્તરિં ચ ચંદા, બાવત્તરિમેવ દિણયરા દિત્તા ।
પુક્ખરવરદીવડ્ઢે, ચરંતિ એએ પયાસંતા ॥ ૬૪૬ ॥ (૬૬)

૭૨ ચંદ્ર અને દેદીપ્યમાન ૭૨ સૂર્ય એ પુષ્કરવરદ્વીપાર્ધમાં પ્રકાશ કરતા ચરે છે. (૬૪૬) (૬૬)

તિન્નિ સયા છત્તીસા, છચ્ચ સહસ્સા મહગ્ગહાણં તુ ।
નક્ખત્તાણં તુ ભવે, સોલાણિ દુવે સહસ્સાણિ ॥ ૬૪૭ ॥ (૬૭)

૬,૩૩૬ મહાગ્રહો છે. નક્ષત્રો ૨,૦૧૬ છે. (૬૪૭) (૬૭)

અડયાલ સયસહસ્સા, બાવીસં ખલુ ભવે સહસ્સાઈ ।
દો ય સય પુક્ખરદ્ધે, તારાગણકોડિકોડીણં ॥ ૬૪૮ ॥ (૬૮)

પુષ્કરાર્ધમાં ૪૮,૨૨,૨૦૦ કોટિ કોટિ તારા છે. (૬૪૮) (૬૮)

અટ્ઠાસીઈ ચ ગહા, અટ્ઠાવીસં તુ હોંતિ નક્ખત્તા ।
એગસસીપરિવારો, ઈત્તો તારાણ વોચ્છામિ ॥ ૬૪૯ ॥ (૬૯)

૮૮ ગ્રહો અને ૨૮ નક્ષત્રો એ એક ચંદ્રનો પરિવાર છે. હવે તારાઓને કહીશ. (૬૪૯) (૬૯)

છાવટ્ઠિ સહસ્સાઈ, નવ ચેવ સયાઈ પંચસયરાઈ ।
એગસસીપરિવારો, તારાગણકોડિકોડીણં ॥ ૬૫૦ ॥ (૭૦)

૬૬,૯૭૫ કોટિકોટિ તારા એક ચંદ્રનો પરિવાર છે. (૬૫૦) (૭૦)

સસિરવિણો ઈક્કિક્કા, દુગુણા દીવે ચઉગ્ગુણા લવણે ।
લાવણિગા ય તિગુણિયા, સસિસૂરા ધાયઈસંડે ॥ ૬૫૧ ॥ (૭૧)

૧-૧ ચંદ્ર-સૂર્ય (જંબૂ)દ્વીપમાં બમણા છે, લવણસમુદ્રમાં ચાર ગુણા છે, લવણસમુદ્રના ચંદ્ર-સૂર્ય ત્રણ ગુણા ધાતકીખંડમાં છે. (૬૫૧) (૭૧)

દો ચંદા ઈહ દીવે, ચત્તારિ ય સાયરે લવણતોએ ।
ધાયઈસંડે દીવે, બારસ ચંદા ય સૂરા ય ॥ ૬૫૨ ॥ (૭૨)

આ દ્વીપમાં બે ચંદ્ર છે. લવણસમુદ્રમાં ચાર છે. ધાતકીખંડ-દ્વીપમાં ૧૨ ચંદ્ર અને ૧૨ સૂર્ય છે. (૬૫૨) (૭૨)

ધાયઈસંડપ્પભિઈ, ઉદ્દિટ્ઠા તિગુણિયા ભવે ચંદા ।
આઈલ્લચંદસહિયા, અણંતરાણંતરે ખિત્તે ॥ ૬૫૩ ॥ (૭૩)

ધાતકીખંડથી માંડીને પછી પછીના ક્ષેત્ર (દ્વીપ-સમુદ્ર)માં આદિના ચંદ્રોથી સહિત ત્રણગુણા ઉદ્દિષ્ટ ચંદ્રો છે. (૬૫૩) (૭૩)

રિક્ખગ્ગહતારગ્ગં, દીવસમુદ્દે જઈચ્છસે નાઉં ।
તસ્સ સસીહિં ગુણિયં, રિક્ખગ્ગહતારગ્ગં તુ ॥ ૬૫૪ ॥ (૭૪)

જે દ્વીપ-સમુદ્રમાં નક્ષત્ર-ગ્રહ-તારા જાણવા ઈચ્છે છે તેના ચંદ્રોથી ગુણાયેલ (એક ચંદ્રના) નક્ષત્ર-ગ્રહ-તારા (તે દ્વીપ-સમુદ્રમાં છે.) (૬૫૪) (૭૪)

ગાહાણં છચ્ચ સયા, સત્તત્તીસા ય હોંતિ પડિપુન્ના ।
(પણપન્ના હુંતિ ઈત્થ સત્થમ્મિ)
ખિત્તસમાસં પગરણં, નિદ્દિટ્ઠં પુવ્વસૂરીહિં ॥ ૬૫૫ ॥ (૭૫)
(નિદ્દિટ્ઠં સવ્વસંખાએ)

પૂર્વાચાર્ય ભગવંતોએ કહેલ ક્ષેત્રસમાસ પ્રકરણ ૬૩૭ ગાથાનું પરિપૂર્ણ છે. (આ શાસ્ત્રમાં કહેવાયેલ ક્ષેત્રસમાસ પ્રકરણ સર્વસંખ્યાથી ૬૫૫ ગાથા પ્રમાણ છે.) (૬૫૫) (૭૫)

સમયખિત્તસમાસં, જો પઢઈ ય જો ય ણં નિસામેઈ ।
તેસિં સુયંગદેવી, ઉત્તમસુયસંપયં દેઉ ॥ ૬૫૬ ॥ (૭૬)

સમયક્ષેત્રના સમાસને જે ભણે છે અને જે સાંભળે છે તેમને શ્રુતાંગદેવી ઉત્તમશ્રુતની સંપદા આપો. (૬૫૬) (૭૬)

અધિકાર પાંચમો સમાપ્ત

બૃહત્ક્ષેત્રસમાસના ગાથા-શબ્દાર્થ સમાપ્ત

• • •

આપણને તપ અઘરો લાગે છે તેનું કારણ એ છે કે આપણે ખાવાની ટેવ પાડી છે. હવે જો તપની ટેવ પાડીશું તો તપ આપણા માટે સહેલો થઈ જશે.

લઘુક્ષેત્રસમાસ

મૂળગાથા અને શબ્દાર્થ

જંબૂદ્વીપ અધિકાર

વીરં જયસેહરપય-પઈટ્ઠિઅં પણમિઊણ સુ(સ)ગુરું ચ ।
મંદુ ત્તિ સસરણટ્ઠા, ખિત્તવિઆરાડણુમુંછામિ ॥ ૧ ॥

જગતના મુગટરૂપ મોક્ષસ્થાનમાં પ્રતિષ્ઠિત શ્રીવીરપ્રભુને અને પોતાના ગુરુને નમસ્કાર કરીને મંદ (અલ્પબુદ્ધિવાળો) હોવાથી પોતાના સ્મરણ માટે ક્ષેત્રવિચારના લેશને હું વીણું છું. (૧)

તિરિએગરજ્જુખિત્તે, અસંખદીવોદહીઉ તે સવ્વે ।
ઉદ્ધારપલિઅપણવીસ-કોડિકોડીસમયતુલ્લા ॥ ૨ ॥

તિર્છાલોકના એક રજ્જુ પ્રમાણ ક્ષેત્રમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તે બધા દ્વીપ-સમુદ્રો ૨૫ કોટીકોટી ઉદ્ધાર પલ્યોપમના સમય જેટલા છે. (૨)

કુરુસગદિણાવિઅંગુલ-રોમે સગવારવિહિઅઅડખંડે ।
બાવન્નસયં સહસ્સા, સગણઉઈ વીસલક્ખાણૂ ॥ ૩ ॥

કુરુક્ષેત્રના સાત દિવસના ઘેટાના એક ઉત્સેધઅંગુલપ્રમાણ વાળના સાત વાર આઠ ટુકડા કરવાથી ૨૦,૯૭,૧૫૨ ટુકડા થાય છે. (૩)

તે થૂલા પલ્લે વિ હુ, સંખિજ્જા ચેવ હુંતિ સવ્વેડવિ ।
તે ઇક્કિક્ક અસંખે, સુહમે ખંડે પકપ્પેહ ॥ ૪ ॥

એક યોજનના પ્યાલામાં પણ તે બધા ય સ્થૂલ ટુકડાઓ સંખ્યાતા જ છે. તે એક-એક ટુકડાના અસંખ્ય સૂક્ષ્મ ટુકડા કલ્પવા. (૪)

સુહમાણુણિચિઅઉસ્સે-હંગુલચઉકોસપલ્લિઘણવટ્ટે ।
પઇસમયમણુગ્ગહનિ-ટ્ઠિઅમ્મિ ઉદ્ધારપલિઉ ત્તિ ॥ ૫ ॥

સૂક્ષ્મ ટુકડાઓથી ભરેલો, ઉત્સેધાંગુલથી ૪ ગાઉ પ્રમાણવાળો ગોળ પ્યાલો દરેક સમયે ટુકડા કાઢવાથી જેટલા કાળે ખાલી થાય તે એક ઉદ્ધાર પલ્યોપમ છે. (૫)

પઢમો જંબૂ બીઓ, ધાયઈસંડો અ પુક્ખરો તઈઓ ।
વારુણિવરો ચઉત્થો, ખીરવરો પંચમો દીવો ॥ ૬ ॥
ઘયવરદીવો છટ્ઠો, ઈક્ખુરસો સત્તમો અ અટ્ઠમઓ ।
નંદીસરો અ અરુણો, ણવમો ઈચ્ચાઈ સંખિજ્જા ॥ ૭ ॥

પહેલો જંબૂદ્વીપ, બીજો ધાતકીખંડ, ત્રીજો પુષ્કરવરદ્વીપ, ચોથો વારુણિવરદ્વીપ, પાંચમો ક્ષીરવરદ્વીપ, છઠ્ઠો ઘૃતવરદ્વીપ, સાતમો ઈક્ષુરસદ્વીપ, આઠમો નંદીશ્વરદ્વીપ, નવમો અરુણદ્વીપ વગેરે અસંખ્ય દ્વીપો છે. (૬, ૭)

સુપસત્થવત્થુણામા, તિપડોઆરા તહાડરુણાઈઆ ।
ઈગણામેડવિ અસંખા, જાવ ય સૂરાવભાસ ત્તિ ॥ ૮ ॥

સૂર્યાવભાસદ્વીપ સુધી અતિસારી વસ્તુના નામવાળા, ત્રિપ્રત્યવતાર, એક નામના પણ અસંખ્ય, અરુણ વગેરે દ્વીપો છે. (૮)

તત્તો દેવે નાગે, જક્ખે ભૂએ સયંભુરમણે અ ।
એએ પંચ વિ દીવા, ઈગેગણામા મુણેઅવ્વા ॥ ૯ ॥

ત્યાર પછી દેવદ્વીપ, નાગદ્વીપ, યક્ષદ્વીપ, ભૂતદ્વીપ અને સ્વયંભૂરમણદ્વીપ - આ પાંચેય દ્વીપો એક-એક નામવાળા જાણવા. (૯)

પઢમે લવણો બીએ, કાલોઅહિ સેસએસુ સવ્વેસુ ।
દીવસમનામયા જા, સયંભુરમણોદહી ચરમો ॥ ૧૦ ॥

પહેલા દ્વીપને ફરતો લવણસમુદ્ર છે. બીજા દ્વીપને ફરતો કાળોદધિ છે. શેષ બધા દ્વીપોને ફરતા દ્વીપની સમાન નામવાળા સમુદ્રો છે. યાવત્ છેલ્લો સ્વયંભૂરમણ સમુદ્ર છે. (૧૦)

બીઓ તઈઓ ચરમો, ઉદગરસા પઢમચઉત્થપંચમગા ।
છટ્ઠોડવિ સનામરસા, ઈક્ખુરસા સેસજલનિહિણો ॥ ૧૧ ॥

બીજો-ત્રીજો-છેલ્લો આ ત્રણ સમુદ્રો પાણી જેવા સ્વાદવાળા છે, પહેલો-ચોથો-પાંચમો-છઠ્ઠો આ ચાર સમુદ્રો પોતાના નામ જેવા સ્વાદવાળા છે, શેષ સમુદ્રો શેરડીના રસના સ્વાદ જેવા સ્વાદવાળા છે. (૧૧)

જંબુદ્દીવ પમાણં-ગુલિજોઅણલક્ખવટ્ટવિક્ખંભો ।
લવણાઈઆ સેસા, વલયાભા દુગુણદુગુણા ય ॥ ૧૨ ॥

જંબૂદ્વીપ પ્રમાણઅંગુલથી એક લાખ યોજનની પહોળાઈવાળો અને ગોળ છે. શેષ લવણસમુદ્ર વગેરે સમુદ્રો અને દ્વીપો વલય જેવા અને બમણા બમણા વિસ્તારવાળા છે. (૧૨)

વયરામઈહિં ણિઅણિઅ-દીવોદહિમજ્ઝગણિઅમૂલાહિં ।
અદ્ધુચ્ચાહિં બારસ-ચઉમૂલેઉવરિરુંદાહિં ॥ ૧૩ ॥
વિત્થારદુગવિસેસો, ઉસ્સેહવિભત્તખઓ ચઓ હોઈ ।
ઈઅ ચૂલાગિરિકૂડા-તુલ્લવિક્ખંભકરણાહિં ॥ ૧૪ ॥
ગાઉદ્દુગુચ્ચાઈ તય-ક્કભાગરુંદાઈ પઉમવેઈએ ।
દેસૂણદુજોઅણવર-વણાઈ પરિમંડિઅસિરાહિં ॥ ૧૫ ॥
વેઈસમેણ મહયા, ગવક્ખકડએણ સંપરિત્તાહિં ।
અક્કારસૂણચઉભત્ત-પરહિદારંતરાહિં ચ ॥ ૧૬ ॥
અદ્ધુચ્ચચઉસુવિત્થર-દુપાસસક્કોસકુડ્ડદારાહિં ।
પુવ્વાઈમહદ્ધિઅ-દેવદારવિજયાઈનામાહિં ॥ ૧૭ ॥
ણાણામણિમયદેહલિ-કવાડપરિઘાઈદારસોહાહિં ।
જગઈહિં તે સવ્વે, દીવોદહિણો પરિક્ખિત્તા ॥ ૧૮ ॥

વજ્રમય, પોતપોતાના દ્વીપસમુદ્રોની અંદર જેમનો મૂળવિસ્તાર ગણેલો છે એવી, ૮ યોજન ઊંચી, મૂળમાં અને ઉપર ૧૨ અને ૪ યોજન પહોળી, (જેમાં) બંને વિસ્તારના તફાવતને ઊંચાઈથી ભાગતા હાનિ અને વૃદ્ધિ થાય છે એવી, મેરુપર્વતની ચૂલિકા-મેરુપર્વત-પર્વતોના કૂટોની સમાન જેનું પહોળાઈનું કરણ છે એવી, ૨ ગાઉ

ઊંચી, તેના ૮મા ભાગ જેટલી પહોળી, દેશોન ૨ યોજન પહોળા સુંદર વનવાળી-પદ્મવરવેદિકાથી શોભિત મસ્તકવાળી, વેદિકા સમાન મોટા ગવાક્ષકટક(જાળી)થી વીંટાયેલી, ૧૮ યોજન ન્યૂન પરિધિને ચારથી ભાગતા જે આવે તેટલા દ્વારના આંતરાવાળી, ૮ યોજન ઊંચા - ૪ યોજન પહોળા - બંને બાજુ ૧-૧ ગાઉના બારસાખવાળા - દ્વારોવાળી, પૂર્વ વગેરે દિશાઓમાં રહેલા મહર્દ્ધિક દેવોથી અધિષ્ઠિત - વિજય વગેરે નામવાળા દ્વારોવાળી, વિવિધ મણિથી બનેલ ઉંબરા-દરવાજા-આગડિયા વગેરેથી શોભતા દરવાજાવાળી જગતીથી તે બધા દ્વીપ-સમુદ્રો વીંટાયેલા છે. (૧૩-૧૮)

वरतिणतोरणजऊयछ-त्तावाविपासायसेलसिलवट्टे ।
वेईवणे वरमंडव-गिहासणेसुं रमंति सुरा ॥ १९ ॥

સુંદર ઘાસ, તોરણ, ધ્વજ, છત્ર, વાવડી, પ્રાસાદો, પર્વતો, શિલાપટ્ટવાળા વેદિકા અને વનોમાં સુંદર મંડપો-ગૃહો-આસનોમાં દેવો રમે છે. (૧૯)

ईह अहिगारो जेसिं, सुराण देवीण ताणमुप्पत्ती ।
णिअदीवोदहिणामे, असंखईमे सणयरीसु ॥ २० ॥

અહીં જેમનો અધિકાર છે તે દેવો-દેવીઓની ઉત્પત્તિ પોતાના દ્વીપ-સમુદ્રના નામવાળા અસંખ્યાતમા દ્વીપ-સમુદ્રમાં પોતાની નગરીમાં થાય છે. (૨૦)

जंबूदीवो छहिं कुल-गिरिहिं सत्तहिं तहेव वासेहिं ।
पुव्वावरदीहेहिं, परिछिन्नो ते ईमे कमसो ॥ २१ ॥

જંબૂદ્વીપ પૂર્વ-પશ્ચિમ લાંબા છ કુલગિરિ (વર્ષધર પર્વતો) અને સાત વર્ષો (ક્ષેત્રો)થી વિભાગ કરાયેલો છે. તે ક્રમશઃ આ પ્રમાણે છે - (૨૧)

હિમવં સિહરી મહહિમવ-રુપ્પિ ણિસઢો અ ણીલવંતો અ ।
બાહિરઓ દુદુ ગિરિણો, ઉભઓ વિ સવેઇઆ સવ્વે ॥ ૨૨ ॥

(લઘુ)હિમવંત, શિખરી, મહાહિમવંત, રુક્મી, નિષધ અને નીલવંત - બહારથી બે-બે પર્વતો છે. તે બધા પર્વતો બંને બાજુએ વેદિકાવાળા છે. (૨૨)

ભરહેરવય ત્તિ દુગં, દુગં ચ હેમવયરણ્ણવયરુવં ।
હરિવાસરમ્મયદુગં, મજ્ઝિ વિદેહુ ત્તિ સગ વાસા ॥ ૨૩ ॥

ભરત અને ઐરવત એ બે, હિમવંત અને હિરણ્યવંત રૂપી બે, હરિવર્ષ અને રમ્યક એ બે, વચ્ચે મહાવિદેહ-એ સાત ક્ષેત્રો છે. (૨૩)

દો દીહા ચઉ વટ્ટા, વેઅટ્ઢા ખિત્તછક્કમજ્ઝમ્મિ ।
મેરુ વિદેહમજ્ઝે, પમાણમિત્તો કુલગિરીણં ॥ ૨૪ ॥

છ ક્ષેત્રોની મધ્યમાં બે લાંબા અને ૪ ગોળ વૈતાઢ્યપર્વતો છે, મહાવિદેહક્ષેત્રની મધ્યમાં મેરુપર્વત છે. હવે કુલગિરિઓનું પ્રમાણ કહીશ. (૨૪)

ઈગદોચઉસયઉચ્ચા, કણગમયા કણગરાયયા કમસો ।
તવણિજ્જસુવેરુલિઆ, બહિમજ્ઝબ્ભિંતરા દો દો ॥ ૨૫ ॥

બહારના, મધ્યના અને અંદરના બે-બે કુલગિરિઓ ૧૦૦, ૨૦૦, ૪૦૦ યોજન ઊંચા અને ક્રમશઃ (બે) સુવર્ણમય, સુવર્ણમય, રજતમય, તપનીયસુવર્ણમય અને વૈડૂર્યમય છે. (૨૫)

દુગઅડદુતીસ અંકા, લક્ખગુણા કમેણ નઉઅસયભઈઆ ।
મૂલોવરિ સમરૂવં, વિત્થારં બિંતિ જુઅલતિગે ॥ ૨૬ ॥

લાખથી ગુણાયેલા અન ૧૯૦ થી ભગાયેલા ક્રમશઃ ૨-૮-૩૨ અંકોને ત્રણે યુગલોમાં મૂળમાં અને ઉપર સમાન પહોળાઈ કહે છે. (૨૬)

બાવણ્ણહિઓ સહસો, બાર કલા બાહિરાણ વિત્થારો ।
મજ્ઝિમગાણ દસુત્તર-બાયાલસયા દસ કલા ય ॥ ૨૭ ॥
અબ્ભિંતરાણ દુકલા, સોલસહસ્સડસયા સબાયાલા ।
ચઉચત્તસહસ્સ દો સય, દસુત્તરા દસ કલા સવ્વે ॥ ૨૮ ॥

બહારના પર્વતોની પહોળાઈ ૧,૦૫૨ યોજન ૧૨ કળા છે. મધ્યના પર્વતોની પહોળાઈ ૪,૨૧૦ યોજન ૧૦ કળા છે. અંદરના પર્વતોની પહોળાઈ ૧૬,૮૪૨ યોજન ૨ કળા છે. બધાની પહોળાઈ ૪૪,૨૧૦ યોજન ૧૦ કળા છે. (૨૭, ૨૮)

ઈગચઉસોલસંકા, પુવ્વુત્તવિહીઅ ખિત્તજુઅલતિગે ।
વિત્થારં બિંતિ તહા, ચઉસટ્ઠિંકો વિદેહસ્સ ॥ ૨૯ ॥

લાખથી ગુણી તેને ૧૯૦થી ભાગવાથી ૧-૪-૧૬ અંકો ક્ષેત્રના ત્રણ જોડકાનો અને ૬૪ અંકને મહાવિદેહનો વિસ્તાર કહે છે. (૨૯)

પંચ સયા છવ્વીસા, છચ્ચ કલા ખિત્તપઢમજુઅલમ્મિ ।
બીએ ઈગવીસસયા, પણુત્તરા પંચ ય કલા ય ॥ ૩૦ ॥
ચુલસીસય ઈગવીસા, ઈક્કકલા તઈઅગે વિદેહિ પુણો ।
તિત્તીસસહસ છસય, ચુલસીઆ તહા કલા ચઉરો ॥ ૩૧ ॥

ક્ષેત્રોના પહેલા જોડકામાં ૫૨૬ યોજન ૬ કળા, બીજા જોડકામાં ૨,૧૦૫ યોજન ૫ કળા, ત્રીજા જોડકામાં ૮,૪૨૧ યોજન ૧ કળા અને મહાવિદેહમાં ૩૩,૬૮૪ યોજન ૪ કળા પહોળાઈ છે. (૩૦, ૩૧)

પણપન્નસહસ સગ સય, ગુણણઉઆ ણવ કલા સયલવાસા ।
ગિરિખિત્તંકસમાસે, જોઅણલક્ખં હવઈ પુણ્ણં ॥ ૩૨ ॥

બધા ક્ષેત્રોની પહોળાઈ ૫૫,૭૮૯ યોજન ૯ કલા છે. પર્વતો અને ક્ષેત્રોની પહોળાઈનો સરવાળો કરવાથી ૧ લાખ યોજન પૂર્ણ થાય છે. (૩૨)

પણ્ણાસસુદ્ધ બાહિર-ખિત્તે દલિઅમ્મિ દુસય અડતીસા ।
તિણ્ણિ ય કલા ય એસો, ખંડચઉક્કસ્સ વિક્ખંભો ॥ ૩૩ ॥

બહારના ક્ષેત્રોની પહોળાઈમાંથી ૫૦ બાદ કરી અડધુ કરવાથી ૨૩૮ યોજન ૩ કળા થાય - એ ૪ ખંડોની (ઉત્તર-દક્ષિણ ભરત અને ઉત્તર-દક્ષિણ ઐરવતની) પહોળાઈ છે. (૩૩)

गिरिउवरि सवेईदहा, गिरिउच्चत्ताउ दसगुणा दीहा ।
दीहत्ताअद्धरुंदा, सव्वे दसजोअणुव्वेहा ॥ ૩૪ ॥

પર્વતોની ઉપર વેદિકાવાળા દ્રહો છે. તે બધા દ્રહો પર્વતોની ઊંચાઈથી ૧૦ ગુણા લાંબા, લંબાઈથી અડધા પહોળા અને ૧૦ યોજન ઊંડા છે. (૩૪)

बहि पउमपुंडरीया, मज्झे ते चेव हुंति महपुव्वा ।
तेगच्छिकेसरीआ, अब्भिंतरिआ कमेणेसुं ॥ ૩૫ ॥

તે દ્રહો બહાર પદ્મ અને પુંડરીક, વચ્ચે મહાપૂર્વકના તે જ નામ (મહાપદ્મ-મહાપુંડરીક) અને અંદરના તિગિચ્છિ-કેસરી નામના છે. એમનામાં ક્રમશઃ (૩૫)

सिरिलच्छी हिरिबुद्धी, धीकित्ती नामियाउ देवीओ ।
भवणवईओ पलिओ-वमाउ वरकमलणिलयाउ ॥ ૩૬ ॥

શ્રી-લક્ષ્મી-હ્રી-બુદ્ધિ-ધી-કીર્તિ નામની, ૧ પલ્યોપમ આયુષ્યવાળી, સુંદર કમળમાં રહેનારી, ભવનપતિ દેવીઓ છે. (૩૬)

जलुवरि कोसदुगुच्चं, दहवित्थरपणसयंसवित्थारं ।
बाहल्ले वित्थरद्धं, कमलं देवीण मूलिल्लं ॥ ૩૭ ॥

દેવીઓનું મૂળકમળ પાણીની ઉપર બે ગાઉ ઊંચું, દ્રહના વિસ્તારના ૫૦૦મા ભાગની પહોળાઈવાળું અને પહોળાઈથી અડધી જાડાઈવાળું છે. (૩૭)

मूले कंदे नाले, तं वयरारिट्ठवेरुलिअरूवं ।
जंबुणयमज्झतवणि-ज्जबहिअदलं रत्तकेसरिअं ॥ ૩૮ ॥

તે કમળ મૂળમાં - કંદમાં - નાળમાં વજ્રનું-અરિષ્ટરત્નનું-

વૈડૂર્યનું, જાંબુનદસુવર્ણના મધ્યપાંદડાવાળું, તપનીયસુવર્ણના બહારના પાંદડાવાળુ અને લાલ કેસરાવાળુ છે. (૩૮)

કમલદ્ધપાયપિહુલુ-च्चકણગમયકણ્ણિગોવરિં ભવણં ।
અદ્ધેગકોસપિહુદી-હચઉદસયચાલધણુહુચ્ચં ॥ ૩૯ ॥

કમળના (વિસ્તારના) અડધા અને પા ભાગની પહોળાઈ અને ઊંચાઈવાળી સુવર્ણની કાર્ણિકા ઉપર અડધો અને એક ગાઉ પહોળુ-લાંબુ અને ૧,૪૪૪ ધનુષ્ય ઊંચું ભવન છે. (૩૯)

પચ્છિમદિસિ વિણુ ધણુપણ-સય ઉચ્ચ ઢાઈજ્જસય પિહુપવેસં ।
દારતિગં ઈહ ભવણે, મજ્ઝે દહદેવિસયણિજ્જં ॥ ૪૦ ॥

આ ભવનમાં પશ્ચિમ દિશા સિવાય ૫૦૦ ધનુષ્ય ઊંચા, ૨૫૦ ધનુષ્ય પહોળા પ્રવેશવાળા ત્રણ દ્વાર છે અને વચ્ચે દ્રહદેવીની શય્યા છે. (૪૦)

તં મૂલકમલદ્ધપ્પ-માણકમલાણ અડહિઅસએણં ।
પરિખિત્તં તબ્ભવણે-સુ ભૂસણાઈણિ દેવીણં ॥ ૪૧ ॥

તે મૂળકમળ મૂળકમળના અડધા પ્રમાણવાળા ૧૦૮ કમળો વડે પરિવરાયેલું છે. તેના ભવનોમાં દેવીઓના આભૂષણ વગેરે છે. (૪૧)

મૂલપઉમાઉ પુવ્વિ, મહયરિયાણં ચઉણ્હ ચઉ પઉમા ।
અવરાઈ સત્ત પઉમા, અણિઆહિવઈણ સત્તણ્હં ॥ ૪૨ ॥

મૂળકમળથી પૂર્વમાં ચાર મહત્તરિકાના ચાર કમળ છે, પશ્ચિમમાં ૭ સેનાધિપતિના ૭ કમળ છે. (૪૨)

વાયવ્વાઈસુ તિસુ સુરિ-સામણ્ણસુરાણ ચઉદસહસ પઉમા ।
અટ્ઠદસબારસહસા, અગ્ગેઆઈસુ તિપરિસાણં ॥ ૪૩ ॥

વાયવ્ય વગેરે ત્રણ દિશામાં દેવીઓના સામાનિક દેવોના ૧૪,૦૦૦ કમળો છે, અગ્નિ વગેરે ત્રણ દિશામાં ત્રણ પર્ષદાના ૮,૦૦૦-૧૦,૦૦૦-૧૨,૦૦૦ કમળો છે. (૪૩)

ઈઅ બીઅપરિક્ખેવો, તઈએ ચઉસુ વિ દિસાસુ દેવીણં ।
ચઉ ચઉ પઉમસહસ્સા, સોલસસહસાઽડયરકખાણં ॥ ૪૪ ॥

આ બીજુ વલય છે. ત્રીજા વલયમાં ચારે દિશામાં દેવીઓના ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવોના ૪૦૦૦-૪૦૦૦ કમળો છે. (૪૪)

અભિઓગાઈ તિવલએ, દુતીસચત્તાડયાલલકખાઈં ।
ઈગકોડિ વીસ લકખા, સટ્ઠા વીસં સયં સવ્વે ॥ ૪૫ ॥

ત્રણ વલયમાં આભિયોગિક વગેરે દેવોના ૩૨ લાખ, ૪૦ લાખ અને ૪૮ લાખ કમળો છે. બધા ૧,૨૦,૫૦,૧૨૦ કમળો છે. (૪૫)

પુવ્વાવરમેરુમુહં, દુસુ દારતિગં પિ સદિસિ દહમાણા ।
અસિઈભાગપમાણં, સતોરણં ણિગ્ગયણઈઅં ॥ ૪૬ ॥

બે દ્રહોમાં પોતાની દિશામાં દ્રહના પ્રમાણથી ૮૦મા ભાગના પ્રમાણવાળા, તોરણવાળા, જેમાંથી નદી નીકળે છે એવા, પૂર્વમાં, પશ્ચિમમાં અને મેરુપર્વત તરફ ત્રણ દ્વાર છે. (૪૬)

જામુત્તરદારદુગં, સેસેસુ દહેસુ તાણ મેરુમુહા ।
સદિસિ દહાસિઅભાગા, તયદ્ધમાણા ય બાહિરિયા ॥ ૪૭ ॥

શેષ દ્રહોમાં દક્ષિણમાં અને ઉત્તરમાં એમ બે દ્વાર છે. તેમાં મેરુપર્વત તરફના દ્વારો પોતાની દિશામાં દ્રહના ૮૦મા ભાગના પ્રમાણવાળા છે અને બહારના દ્વારો તેનાથી અડધા પ્રમાણવાળા છે. (૪૭)

ગંગા સિંધૂ રત્તા, રત્તવઈ બાહિરં ણઈચઉક્કં ।
બહિદહપુવ્વાવરદા-રવિત્થરં વહઈ ગિરિસિહરે ॥ ૪૮ ॥

બહારના દ્રહના પૂર્વ-પશ્ચિમ દ્વાર જેટલા વિસ્તારવાળી ગંગા, સિંધુ, રક્તા, રક્તવતી આ ચાર બહારની નદીઓ પર્વતના શિખર ઉપર વહે છે. (૪૮)

પંચ સય ગંતુ ણિઅગા-વત્તણકૂડાઉ બહિમુહં વલઈ ।
પણસયતેવીસેહિં, સાહિઅતિકલાહિં સિહરાઓ ॥ ૪૯ ॥

णिवडई मगरमुहावम-वयरामयजिब्भिआई वयरतले ।
णिअगे णिवायकुंडे, मुत्तावलिसमप्पवाहेण ॥ ५० ॥

(તે નદીઓ) ૫૦૦ યોજન જઈને પોતાના આવર્તનકૂટથી બહાર તરફ વળે છે. પછી શિખર ઉપર ૫૨૩ યોજન ૩ કળા વહે છે. પછી શિખર ઉપરથી મગરના મુખ જેવી વજ્રની જિહ્વિકાથી મુક્તાવલિ સમાન પ્રવાહથી વજ્રના તળીયાવાળા પોતાના નિપાતકુંડમાં પડે છે. (૪૯, ૫૦)

दहदारवित्थराओ, वित्थरपण्णासभागजड्डाओ ।
जड्डत्ताओ चउगुण-दीहाओ सव्वजिब्भीओ ॥ ५१ ॥

બધી જિહ્વિકાઓ દ્રહના દ્વાર જેટલા વિસ્તારવાળી, વિસ્તારના ૫૦મા ભાગ જેટલી જાડી, જાડાઈ કરતા ૪ ગુણી લાંબી છે. (૫૧)

कुंडंतो अडजोअण-पिहुलो जलउवरि कोसदुगमुच्चो ।
वेईजुओ णईदेवी-दीवो दहदेविसमभवणो ॥ ५२ ॥

કુંડની મધ્યમાં ૮ યોજન પહોળો, પાણીની ઉપર ૨ ગાઉ ઊંચો, વેદિકાવાળો, દ્રહદેવીની સમાન ભવનવાળો નદીદેવીનો દ્વીપ છે. (૫૨)

जोअणसट्ठिपिहुत्ता, सवायछप्पिहुलवेईतिदुवारा ।
एएे दसुंड कुंडा, एवं अण्णे वि णवरं ते ॥ ५३ ॥

આ કુંડો ૬૦ યોજન પહોળા, ૬ ૧/૪ યોજન પહોળા વેદિકાના ત્રણ દ્વારવાળા અને ૧૦ યોજન ઊંડા છે. એ પ્રમાણે બીજા પણ કુંડો છે. (૫૩)

एसिं वित्थारतिगं, पडुच्च समदुगुणचउगुणट्ठगुणा ।
चउसट्ठिसोलचउदो, कुंडा सव्वेवि ईह णवई ॥ ५४ ॥

આ કુંડોના ત્રણ વિસ્તારને (કુંડના વિસ્તારને, દ્વીપના વિસ્તારને અને વેદિકાના દ્વારના વિસ્તારને) આશ્રયીને ૬૪, ૧૬, ૪, ૨ કુંડો સમાન, બમણા, ૪ ગુણા અને આઠ ગુણા છે. આ જંબૂદ્વીપમાં બધા ૯૦ કડો છે. (૫૪)

એઅં ચ ણઈચઉક્કં, કુંડાઓ બહિદુવારપરિવૂઢં ।
સગસહસણઈસમેઅં, વેઅઢ્ઢગિરિં પિ ભિંદેઈ ॥ ૫૫ ॥
તત્તો બાહિરખિત્ત-દ્ધમજ્ઝઓ વલઈ પુવ્વઅવરમુહં ।
ણઈસત્તસહસસહિઅં, જગઈતલેણં ઉદહિમેઈ ॥ ૫૬ ॥

આ ચાર નદીઓ કુંડમાંથી બહારના દ્વારથી નીકળી ૭,૦૦૦ નદીઓથી યુક્ત થઈને વૈતાઢ્યપર્વતને પણ ભેદે છે. પછી બહારના અર્ધક્ષેત્રની મધ્યમાંથી પૂર્વ-પશ્ચિમ તરફ વળે છે અને ૭,૦૦૦ નદીઓની સાથે જગતીની નીચેથી સમુદ્રને મળે છે. (૫૫, ૫૬)

ધુરિ કુંડદુવારસમા, પજ્જંતિ દસગુણા ય પિહુલત્તે ।
સવ્વત્થ મહણઈઓ, વિત્થરપણ્ણાસભાગુંડા ॥ ૫૭ ॥

તે નદીઓ શરૂમાં કુંડના દ્વાર જેટલી પહોળી હોય છે અને અંતે ૧૦ ગુણી પહોળી હોય છે. બધે મહાનદીઓ પહોળાઈના ૫૦મા ભાગ જેટલી ઊંડી હોય છે. (૫૭)

પણખિત્તમહણઈઓ, સદારદિસિ દહવિસુદ્ધગિરિઅદ્ધં ।
ગંતૂણ સજિબ્ભીહિં, ણિઅણિઅકુંડેસુ ણિવડંતિ ॥ ૫૮ ॥
ણિઅજિબ્ભિઅપિહુલત્તા, પણવીસંસેણ મુત્તુ મજ્ઝગિરિં ।
જામમુહા પુવ્વુદહિં, ઈઅરા અવરોઅહિમુવિંતિ ॥ ૫૯ ॥

પાંચ ક્ષેત્રોની મહાનદીઓ પોતાના દ્વારની દિશામાં પર્વતના વિસ્તારમાંથી દ્રહનો વિસ્તાર બાદ કરી તેનું અડધું જઈને પોતાની જિહ્વિકાવડે પોતપોતાના કુંડોમાં પડે છે. પોતાની જિહ્વિકાની પહોળાઈના ૨૫ મા ભાગ જેટલે દૂર મધ્યના પર્વત (વૃત્તવૈતાઢ્યપર્વત-મેરુપર્વત)ને છોડી દક્ષિણમુખી નદી પૂર્વસમુદ્રમાં અને ઉત્તરમુખી નદી પશ્ચિમસમુદ્રમાં જાય છે. (૫૮, ૫૯)

હેમવઈ રોહિઅંસા, રોહિઆ ગંગદુગુણપરિવારા ।
એરણ્ણવએ સુવણ્ણ-રુપ્પકૂલાઓ તાણ સમા ॥ ૬૦ ॥

હિમવંતક્ષેત્રમાં ગંગાનદીથી બમણા પરિવારવાળી રોહિતાંશા-રોહિતા નદીઓ વહે છે. હિરણ્યવંતક્ષેત્રમાં તેમની સમાન પરિવારવાળી સુવર્ણકૂલા-રૂપ્યકૂલા નદીઓ વહે છે. (૬૦)

હરિવાસે હરિકંતા, હરિસલિલા ગંગચઉગુણણઈઆ ।
એસિ સમા રમ્મયએ, ણરકંતા ણારિકંતા ય ॥ ૬૧ ॥

હરિવર્ષક્ષેત્રમાં ગંગા નદીથી ચારગુણી નદીઓવાળી હરિકાંતા-હરિસલિલા નદીઓ વહે છે. રમ્યકક્ષેત્રમાં એમની સમાન પરિવારવાળી નરકાંતા-નારીકાંતા નદીઓ વહે છે. (૬૧)

સીઓઆ-સીઆઓ, મહાવિદેહમ્મિ તાસુ પત્તેયં ।
ણિવડઈ પણલક્ખ દુતી-સસહસ અડતીસ ણઈસલિલં ॥ ૬૨ ॥

મહાવિદેહક્ષેત્રમાં સીતોદા અને સીતા નદીઓ છે. તેમનામાં દરેકમાં ૫,૩૨,૦૩૮ નદીઓનું પાણી પડે છે. (૬૨)

કુરુણઈ ચુલસીસહસા, છચ્ચેવંતરણઈઉ પઈવિજયં ।
દો દો મહાણઈઓ, ચઉદસહસ્સા ઉ પત્તેયં ॥ ૬૩ ॥

કુરુક્ષેત્રમાં ૮૪,૦૦૦ નદીઓ, ૬ અંતરનદીઓ, દરેક વિજયમાં બે બે મહાનદીઓ, દરેકની ૧૪,૦૦૦ નદીઓ. (આમ સીતોદા-સીતા નદીઓની દરેકની ૫,૩૨,૦૩૮ નદીઓ થાય છે.) (૬૩)

અડસયરિ મહણઈઓ, બારસ અંતરણઈઉ સેસાઓ ।
પરિઅરણઈ ચઉદ્દસ, લક્ખા છપ્પણ્ણ સહસા ય ॥ ૬૪ ॥

૭૮ મહાનદીઓ, ૧૨ અંતરનદીઓ અને શેષ ૧૪,૫૬,૦૦૦ પરિવાર નદીઓ (જંબૂદ્વીપમાં છે.) (૬૪)

એગારડણવકૂડા, કુલગિરિજુઅલત્તિગે વિ પત્તેઅં ।
ઈઇ છપ્પણ્ણ ચઉ ચઉ, વક્ખારેસુ ત્તિ ચઉસટ્ઠી ॥ ૬૫ ॥

કુલગિરિના ત્રણ જોડકામાં દરેક ઉપર ૧૧, ૮, ૯ કૂટો છે. આ ૫૬ કૂટો છે. વક્ષસ્કારપર્વતો ઉપર ૪-૪ કૂટો છે. એમ ૬૪ કૂટો છે. (૬૫)

સોમણસગંધમાઈણિ, સગ સગ વિજ્જુપ્પભિ માલવંતિ પુણો ।
અટ્ઠટ્ઠ સયલ તીસં, અડ ણંદણિ અટ્ઠ કરિકૂડા ॥ ૬૬ ॥

સોમનસ-ગંધમાદન ગજદંતપર્વતો ઉપર ૭-૭ કૂટો છે. વિદ્યુત્પ્રભ-માલ્યવંત ગજદંતપર્વતો ઉપર ૮-૮ કૂટો છે. બધા ૩૦ કૂટો છે. નંદનવનમાં ૮ કૂટો છે. (ભદ્રશાલવનમાં) ૮ કરિકૂટો છે. (૬૬)

ઈઅ પણસયઉચ્ચા છાસટ્ઠિ-સઉ(ય) કૂડા તેસુ દીહરગિરીણં ।
પુવ્વણઇ મેરુદિસિ, અંતસિદ્ધકૂડેસુ જિણભવણા ॥ ૬૭ ॥

આમ ૫૦૦ યોજન ઊંચા ૧૬૬ કૂટો છે. તેમાં લાંબા પર્વતો (છ કુલગિરિ, ૧૬ વક્ષસ્કાર પર્વતો અને ૪ ગજદંતગિરિ)ની (ક્રમશઃ) પૂર્વદિશામાં, નદી તરફ અને મેરુપર્વતની દિશામાં છેલ્લા સિદ્ધકૂટો ઉપર જિનભવનો છે. (૬૭)

તે સિરિગિહાઓ દોસય-ગુણપ્પમાણા તહેવ તિદુવારા ।
ણવરં અડવીસાહિઅ-સયગુણદારપ્પમાણમિહં ॥ ૬૮ ॥

તેઓ શ્રીદેવીના ઘર કરતા ૨૦૦ ગુણા પ્રમાણવાળા અને ૩ દ્વારવાળા છે, પણ અહીં દ્વારનું પ્રમાણ ૧૨૮ ગુણ છે. (૬૮)

પણવીસં કોસસયં, સમચઉરસવિત્થડા દુગુણમુચ્ચા ।
પાસાયા કૂડેસુ, પણસયઉચ્ચેસુ સેસેસુ ॥ ૬૯ ॥

૫૦૦ યોજન ઊંચા શેષ કૂટો ઉપર ૧૨૫ ગાઉ સમચોરસપણે વિસ્તારવાળા અને તેનાથી બમણા ઊંચા પ્રાસાદો છે. (૬૯)

બલહરિસ્સહહરિકૂડા, ણંદણવણિ માલવંતિ વિજ્જુપભે ।
ઈસાણુત્તરદાહિણ-દિસાસુ સહસુચ્ચ કણગમયા ॥ ૭૦ ॥

નંદનવનમાં, માલ્યવંતપર્વત ઉપર અને વિદ્યુત્પ્રભપર્વત ઉપર ક્રમશઃ ઈશાન, ઉત્તર, દક્ષિણ દિશાઓમાં ૧૦૦૦ યોજન ઊંચા, સુવર્ણમય બલકૂટ, હરિસ્સહકૂટ અને હરિકૂટ છે. (૭૦)

વેઅટ્ઠેસુ વિ ણવ ણવ, કૂડા પણવીસકોસઉચ્ચા તે ।
સવ્વે તિસય છડુત્તર, એસુ વિ પુવ્વંતિ જિણકૂડા ॥ ૭૧ ॥

વૈતાઢ્યપર્વતો ઉપર પણ ૨૫ ગાઉ ઊંચા ૯-૯ કૂટો છે. તે બધા ૩૦૬ છે. એમની ઉપર પણ પૂર્વ દિશાને છેડે સિદ્ધકૂટો છે. (૭૧)

ताणुवरिं चेईहरा, दहदेवीभवणतुल्लपरिमाणा ।
सेसेसु अ पासाया, अद्धेगकोसं पिहुच्चत्तो ॥ ७२ ॥

તેમની ઉપર દ્રહદેવીના ભવનની સમાન પરિમાણવાળા ચૈત્યો છે. શેષ કૂટો ઉપર ૧/૨ ગાઉ અને ૧ ગાઉ પહોળા અને ઊંચા પ્રાસાદો છે. (૭૨)

गिरिकरिकूडा उच्च-त्ताणाउ समअद्धमूलुवरिरुंदा ।
रयणमया णवरि विअ-द्धमज्झिमा तिति कणगरूवा ॥ ७३ ॥

પર્વતોના કૂટો અને કરિકૂટો ઊંચાઈ જેટલા મૂળમાં પહોળા છે અને ઉપર તેનાથી અડધા પહોળા છે. આ કૂટો રત્નમય છે, પણ વૈતાઢ્યપર્વતના વચ્ચેના ૩-૩ કૂટો સુવર્ણમય છે. (૭૩)

जंबूणयरयमया, जगईसमा जंबुसामलीकूडा ।
अट्ठट्ठ तेसु दहदेवि-गिहसमा चारुचेईहरा ॥ ७४ ॥

જંબૂવૃક્ષ અને શાલ્મલીવૃક્ષના ૮-૮ કૂટો જગતિની સમાન પ્રમાણવાળા અને ક્રમશઃ જાંબૂનદ સુવર્ણના અને રજતના છે. તેમની ઉપર દ્રહદેવીના ભવન સમાન સુંદર ચૈત્યો છે. (૭૪)

तेसि समोसहकूडा, चउतीसं चुल्लकुंडजुअलंतो ।
जंबूणएसु तेसु अ, वेअड्ढेसुं व पासाया ॥ ७५ ॥

તેની (વૃક્ષકૂટોની) સમાન પ્રમાણવાળા, નાના કુંડોના જોડકાઓની વચ્ચે, ૩૪ ઋષભકૂટો છે. જાંબૂનદસુવર્ણના તે કૂટો ઉપર વૈતાઢ્યપર્વતો ઉપરના પ્રાસાદો જેવા પ્રાસાદો છે. (૭૫)

पंचसअे पणवीसे, कूडा सव्वे वि जंबुदीवम्मि ।
ते पत्तेअं वरवण-जुआहिं वेईहिं परिक्खित्ता ॥ ७६ ॥

જંબૂદ્વીપમાં બધા ય ૫૨૫ કૂટો છે. તે દરેક કૂટો સુંદર વનોથી યુક્ત એવી વેદિકાઓથી પરિવરાયેલા છે. (૭૬)

છસયરિકૂડેસુ તહા, ચૂલા ચઉવણતરુસ જિણભવણા ।
ભણિયા જંબુદીવે, સદેવયા સેસઠાણેસુ ॥ ૭૭ ॥

જંબૂદ્વીપમાં ૭૬ કૂટો (કુલગિરિના ૬ કૂટો, ગજદંતગિરિના ૪ કૂટો, વૈતાઢ્યના ૩૪ કૂટો, વક્ષસ્કારપર્વતોના ૧૬ કૂટો, જંબૂવૃક્ષના ૮ કૂટો, શાલ્મલીવૃક્ષના ૮ કૂટો) ઉપર, મેરુપર્વતની ચૂલિકા ઉપર, ૪ વનોમાં, જંબૂવૃક્ષ-શાલ્મલીવૃક્ષ ઉપર જિનભવનો કહ્યા છે. શેષ સ્થાનોમાં દેવતાના ભવનો છે. (૭૭)

કરિકૂડકુંડણઈદહ-કુરુકંચણયમલસમવિઅઢ્ઢેસુ ।
જિણભવણવિસંવાઓ, જો તં જાણંતિ ગીઅત્થા ॥ ૭૮ ॥

કરિકૂટ, કુંડ, નદી, દ્રહ, કુરુક્ષેત્રમાં કાંચનગિરિ, ૪ યમક પર્વતો, વૃત્તવૈતાઢ્યપર્વતો ઉપર જિનભવનો હોવાનો જે વિસંવાદ છે તેને ગીતાર્થો જાણે છે. (૭૮)

પુવ્વાવરજલહિંતા, દસુચ્ચદસપિહુલમેહલચઉક્કા ।
પણવીસુચ્ચા પણ્ણા-સતીસદસજોઅણપિહુત્તા ॥ ૭૯ ॥
વેઈહિં પરિક્ખિત્તા, સખયરપુરપણ્ણસટ્ઠિસેણિદુગા ।
સદિસિંદલોગપાલો-વભોગિ ઉવરિલ્લમેહલયા ॥ ૮૦ ॥
દુદુખંડવિહિઅભરહે-રવયા દુદુગુરુગુહા ય રુપ્પમયા ।
દો દીહા વેઅઢ્ઢા, તહા દુતીસં ચ વિજએસુ ॥ ૮૧ ॥
ણવરં તે વિજયંતા, સખયરપણપણ્ણપુરદુસેણીઆ ।
એવં ખયરપુરાઈ, સગતીસસયાઈ ચાલાઈ ॥ ૮૨ ॥

પૂર્વ અને પશ્ચિમ સમુદ્ર સુધીના છેડાવાળા, ૧૦ યોજન ઊંચી - ૧૦ યોજન પહોળી ૪ મેખલાવાળા, ૨૫ યોજન ઊંચા, ૫૦-૩૦-૧૦ યોજન પહોળા, વેદિકાથી પરિવરાયેલા, વિદ્યાધરોની ૫૦ અને ૬૦ નગરોની બે શ્રેણિવાળા, પોતાની દિશાના ઈન્દ્રના લોકપાલોને ઉપભોગ યોગ્ય ઉપરની મેખલાવાળા, ભરત-ઐરવતના બે-બે ભાગ કરનારા, બે-બે મોટી ગુફાવાળા, ચાંદીના બે દીર્ઘ વૈતાઢ્યપર્વતો છે તથા વિજયોમાં ૩૨ દીર્ઘ વૈતાઢ્યપર્વતો છે, પણ

તેઓ વિજય સુધીના અને વિદ્યાધરોના ૫૫-૫૫ નગરોની બે શ્રેણીવાળા છે. આમ ૩,૭૪૦ વિદ્યાધરોના નગરો છે. (૭૯-૮૨)

गिरिवित्थरदीहाओ, अड्ढुच्चउपिहुपवेसदाराओ ।
बारसपिहुलाउ अड्ढ-च्चयाउ वेअड्ढ दुगुहाओ ॥ ८३ ॥

વૈતાઢ્યપર્વતની પહોળાઈ જેટલી લાંબી, ૮ યોજન ઊંચા - ૪ યોજન પહોળા - ૪ યોજન પ્રવેશવાળા દ્વારોવાળી, ૧૨ યોજન પહોળી, ૮ યોજન ઊંચી, વૈતાઢ્યપર્વતની બે ગુફાઓ છે. (૮૩)

तम्मज्झदुओअणअं-तराउ तितिवित्थराउ दुण्णईओ ।
उम्मग्गनिमग्गाओ, कडगाउ महाणईगयाओ ॥ ८४ ॥

તે ગુફાઓની મધ્યમાં ૨ યોજનના અંતરવાળી, ૩-૩ યોજન પહોળી ઉન્મગ્ના અને નિમગ્ના નામની બે નદીઓ છે. તે ગુફાની દિવાલમાંથી મહાનદીઓને મળે છે. (૮૪)

ईह पईभित्तिं गुणव-ण्णमंडले लिहई चक्कि दुदुसमुहे ।
पणसयधणुहपमाणे, बारेगडजोअणुज्जोअे ॥ ८५ ॥

આ ગુફામાં ચક્રવર્તી ૫૦૦ ધનુષ્ય પ્રમાણવાળા, (પહોળાઈમાં) ૧૨ યોજન (લંબાઈમાં) ૧ યોજન (ઊંચાઈમાં) ૮ યોજન પ્રકાશ કરનારા સામ સામે બે, દરેક દિવાલ ઉપર ૪૯-૪૯ મંડલો લખે છે. (૮૫)

सा तमिसगुहा जीअे, चक्की पविसेई मज्झखंडंतो ।
उसहं अंकिअ सो जी-अे वलई सा खंडगपवाया ॥ ८६ ॥

જેનાથી ચક્રવર્તી મધ્યખંડમાં પ્રવેશે છે તે તમિસ્રા ગુફા છે. ઋષભકૂટને અંકિત કરીને તે જેનાથી પાછો ફરે છે તે ખંડપ્રપાતગુફા છે. (૮૬)

कयमाल-नट्टमालय-सुराउ वद्धईणिबद्धसलिलाउ ।
जा चक्की ता चिट्ठंति, ताओ उग्घडियदाराओ ॥ ८७ ॥

કૃતમાલ અને નૃત્તમાલ દેવોથી અધિષ્ઠિત, વર્ધકીરત્નથી બંધાયેલ નદીઓવાળી તે ગુફાઓ જ્યાં સુધી ચક્રવર્તી હોય છે ત્યાં સુધી ખુલ્લા દ્વારવાળી રહે છે. (૮૭)

બહિખંડંતો બારસ-દીહા નવવિત્થડા અઉજ્ઝપુરી ।
સા લવણા વેઅઢ્ઢા, ચઉદહિઅસયં ચિગારકલા ॥ ૮૮ ॥

બહારના ખંડની મધ્યમાં ૧૨ યોજન લાંબી ૯ યોજન પહોળી અયોધ્યાનગરી છે. તે લવણસમુદ્ર અને વૈતાઢ્યપર્વતથી ૧૧૪ યોજન અને ૧૧ કળા દૂર છે. (૮૮)

ચક્કિવસણઈપવેસે, તિત્થદુગં માગહો પભાસો અ ।
તાણંતો વરદામો, ઈહ સવ્વે બિઉત્તરસયં તિ ॥ ૮૯ ॥

ચક્રવર્તીને વશ નદીના પ્રવેશસ્થાને માગધ અને પ્રભાસ બે તીર્થો છે. તે બેની વચ્ચે વરદામ તીર્થ છે. આ જંબૂદ્વીપમાં બધા ૧૦૨ તીર્થો છે. (૮૯)

ભરહેવરએ છછઅર-યમયાવસપ્પિણિઉસપ્પિણીરૂવં ।
પરિભમઈ કાલચક્કં, દુવાલસારં સયા વિ કમા ॥ ૯૦ ॥

ભરત અને ઐરવતમાં છ-છ આરાની ઉત્સર્પિણી - અવસર્પિણીરૂપ, ૧૨ આરાનું કાળચક્ર હંમેશા ક્રમશઃ ભમે છે. (૯૦)

સુસમસુસમા ય સુસમા, સુસમદુસમા ય દુસમસુસમા ય ।
દુસમા ય દુસમદુસમા, કમુક્કમા દુસુ વિ અરછક્કં ॥ ૯૧ ॥

બંને ઉત્સર્પિણીમાં ક્રમથી અને ઉત્ક્રમથી સુષમસુષમ, સુષમ, સુષમદુઃષમ, દુઃષમસુષમ, દુઃષમ અને દુઃષમદુઃષમ - આ છ આરા છે. (૯૧)

પુવ્વુત્તપલ્લિસમસય-અણુગ્ગહણા ણિટ્ઠિએ હવઈ પલિઓ ।
દસકોડિકોડિપલિએ-હિં સાગરો હોઈ કાલસ્સ ॥ ૯૨ ॥

પૂર્વે કહેલા પ્યાલામાંથી દર સો વર્ષે વાળના ટુકડા કાઢવાથી પ્યાલો ખાલી થાય તે કાળ કાળનું ૧ પલ્યોપમ છે. ૧૦ કોટીકોટી પલ્યોપમથી ૧ સાગરોપમ થાય છે. (૯૨)

સાગરચઉતિદુકોડા-કોડિમિએ અરતિગે નરાણ કમા ।
આઊ તિદુઈગપલિઆ, તિદુઈગકોસા તણુચ્ચત્તં ॥ ૯૩ ॥

૪, ૩, ૨ કોટીકોટી સાગરોપમ માપવાળા ત્રણ આરામાં મનુષ્યોનું આયુષ્ય ક્રમશઃ ૩, ૨, ૧ પલ્યોપમ છે અને શરીરની ઊંચાઈ ક્રમશઃ ૩, ૨, ૧ ગાઉ છે. (૯૩)

તિદુઈગદિણેહિં તુબરિ-બયરામલમિત્તુ તેસિમાહારો ।
પિટ્ઠકરંડા દોસય, છપ્પણ્ણા તદ્દલં ચ દલં ॥ ૯૪ ॥

તેમનો આહાર ક્રમશઃ ૩, ૨, ૧ દિવસે અને તુવેર, બોર, આમળા જેટલો હોય છે. તેની પાંસળીઓ ક્રમશઃ ૨૫૬, તેનાથી અડધી (૧૨૮) અને તેનાથી અડધી (૬૪) છે. (૯૪)

ગુણવણ્ણદિણે તહ પનર-પણરઅહિએ અવચ્ચપાલણયા ।
અવિ સયલજિઆ જુઅલા, સુમણસુરૂવા ય સુરગઈઆ ॥ ૯૫ ॥

તેમનું સંતાનપાલન ૪૯ દિવસ અને ૧૫-૧૫ દિવસ અધિક (૬૪ દિવસ, ૮૯ દિવસ) છે. તેઓ સંપૂર્ણ પાંચ ઈન્દ્રિયોવાળા, યુગલિક, સારા મનવાળાં, સારા રૂપવાળા અને દેવગતિમાં જનારા છે. (૯૫)

તેસિ મત્તંગ ૧ ભિંગા ૨ તુડિઅંગા ૩ જોઈ ૪ દીવ ૫ ચિત્તંગા ૬ ।
ચિત્તરસા ૭ મણિઅંગા, ૮ ગેહાગારા ૯ અણિઅયક્ખા ૧૦ ॥ ૯૬ ॥
પાણં ૧ ભાયણ ૨ પિચ્છણ ૩, રવિપહ ૪ દીવપહ ૫ કુસુમ ૬ માહારો ૭ ।
ભૂસણ ૮ ગિહ ૯ વત્થાસણ ૧૦, કપ્પદુમા દસવિહા દિંતિ ॥ ૯૭ ॥

તેમને મત્તંગ, ભૃંગ, ત્રુટિતાંગ, જ્યોતિરંગ, દીપાંગ, ચિત્રાંગ, ચિત્રરસાંગ, મણિતાંગ, ગેહાકાર, અનિયત (અનગ્ન) - આ દશ પ્રકારના કલ્પવૃક્ષો ક્રમશઃ પાણી, ભાજન (વાસણ), નાટક, સૂર્યની પ્રભા, દીવાની પ્રભા, પુષ્પ, આહાર, આભૂષણ, ઘર, વસ્ત્રો આપે છે. (૯૬, ૯૭)

મણુઆઉસમ ગયાઈ, હયાઇ ચઉરંસજાઇ અટ્ઠંસા ।
ગોમહિસુટ્ટખરાઈ, પણંસ સાણાઇ દસમંસા ॥ ૯૮ ॥
ઇચ્ચાઇ તિરચ્છાણ વિ, પાયં સવ્વારએસુ સારિચ્છં ।
તઇઆરસેસિ કુલગર-ણયજિણધમ્માઇ ઉપ્પત્તી ॥ ૯૯ ॥

હાથી વગેરે મનુષ્યાયુષ્યની સમાન આયુષ્યવાળા છે, ઘોડા વગેરે મનુષ્યાયુષ્યના ચોથા ભાગના આયુષ્યવાળા છે, બકરા વગેરે મનુષ્યાયુષ્યના આઠમા ભાગના આયુષ્યવાળા છે, ગાય-ભેંસ-ઊંટ-ગધેડા વગેરે મનુષ્યાયુષ્યના પાંચમા ભાગના આયુષ્યવાળા છે, કૂતરા વગેરે મનુષ્યાયુષ્યના દસમા ભાગના આયુષ્યવાળા છે, ઈત્યાદિ તિર્યંચોનું આયુષ્ય પણ પ્રાયઃ બધા આરાઓમાં સમાન હોય છે. ત્રીજો આરો શેષ રહે ત્યારે કુલકરોની, નીતિની અને જિનધર્મની ઉત્પત્તિ થાય છે. (૯૮, ૯૯)

કાલદુગે તિચઉત્થા-રગેસુ એગૂણણવઈપક્ખેસુ ।
સેસિ ગએસું સિજ્ઝં-તિ હુંતિ પઢમંતિમજિણિંદા ॥ ૧૦૦ ॥

બંને કાળમાં (ઉત્સર્પિણીમાં અને અવસર્પિણીમાં) ત્રીજા-ચોથા આરામાં ૮૯ પખવાડિયા બાકી હોતે છતે અને ગયે છતે પહેલા અને છેલ્લા ભગવાન સિદ્ધ થાય છે અને જન્મે છે. (૧૦૦)

બાયાલસહસવરસૂ-ણિગકોડાકોડિઅયરમાણાએ ।
તુરિએ નરાઉ પુવ્વા-ણ કોડિ તણુ કોસચઉરંસં ॥ ૧૦૧ ॥

૪૨,૦૦૦ વર્ષ ન્યૂન ૧ કોટીકોટી સાગરોપમ પ્રમાણવાળા ત્રીજા આરામાં મનુષ્યાયુષ્ય ૧ પૂર્વકોડ વર્ષ છે અને શરીરપ્રમાણ ૧ ગાઉનો ચોથો ભાગ છે. (૧૦૧)

વરિસેગવીસસહસ-પ્પમાણપંચમરએ સગરુચ્ચા ।
તીસહિઅસયાઉ ણરા, તયંતિ ધમ્માઇઆણંતો ॥ ૧૦૨ ॥

૨૧,૦૦૦ વર્ષ પ્રમાણવાળા પાંચમા આરામાં મનુષ્યો ૭ હાથ ઊંચા અને ૧૩૦ વર્ષના આયુષ્યવાળા છે. તેના (પાંચમા આરાના) અંતે ધર્મ વગેરેનો અંત થાય છે. (૧૦૨)

ખારગ્ગિવિસાઈહિં, હાહાભૂઆકયાઈપુહવીએ ।
ખગબીય વિઅઢ્ઢાઈસુ, ણરાઈબીયં બિલાઈસુ ॥ ૧૦૩ ॥

ક્ષાર-અગ્નિ-વિષ વગેરેથી હાહાભૂત કરાયેલી પૃથ્વી ઉપર પક્ષીનું બીજ વૈતાઢ્ય વગેરે પર્વતોને વિષે અને મનુષ્ય વગેરેનું બીજ બીલ વગેરેમાં હોય છે. (૧૦૩)

બહુમચ્છચક્કવહણઈ-ચઉક્કપાસેસુ ણવ ણવ બિલાઈ ।
વેઅઢ્ઢોભયપાસે, ચઉઆલસયં બિલાણેવં ॥ ૧૦૪ ॥

વૈતાઢ્યપર્વતની બંને બાજુ ઘણા માછલાવાળી અને ચક્રના માર્ગ જેટલા પ્રવાહવાળી ચાર નદીઓની બાજુમાં ૯-૯ બિલો છે. આમ ૧૪૪ બિલો છે. (૧૦૪)

પંચમસમછટ્ઠારે, દુક્કરુચ્ચા વાસવરિસઆઉ ણરા ।
મચ્છાસિણો કુરૂવા, કૂરા બિલવાસિ કુગઈગમા ॥ ૧૦૫ ॥

પાંચમા આરાની સમાન પ્રમાણવાળા છઠ્ઠા આરામાં ૨ હાથ ઊંચા, ૨૦ વર્ષના આયુષ્યવાળા, માછલા ખાનારા, ખરાબ રૂપવાળા, ક્રૂર, દુર્ગતિમાં જનારા, બિલવાસી મનુષ્યો છે. (૧૦૫)

ણિલ્લજ્જા ણિવ્વસણા, ખરવયણા પિઅસુઆઈઠિઈરહિઆ ।
થીઓ છવરિસગબ્ભા, અઈદુહપસવા બહુસુઆ ય ॥ ૧૦૬ ॥

તે લજ્જા વિનાના, વસ્ત્રો વિનાના, કઠોર વચન બોલનારા, પિતા-પુત્ર વગેરે મર્યાદા વિનાના છે. સ્ત્રીઓ છ વર્ષે ગર્ભને ધારણ કરનારી, અતિદુઃખેથી જન્મ આપનારી અને ઘણા છોકરાવાળી હોય છે. (૧૦૬)

ઈઅ અરછક્કેણવસ-પ્પિણિ ત્તિ ઓસપ્પિણી વિ વિવરીઆ ।
વીસં સાગરકોડા-કોડીઓ કાલચક્કમ્મિ ॥ ૧૦૭ ॥

આ પ્રમાણે છ આરા વડે અવસર્પિણી થાય છે. ઉત્સર્પિણી પણ વિપરીત છે. કાલચક્રમાં ૨૦ કોટીકોટી સાગરોપમ છે. (૧૦૭)

કુરુદુગિ હરિરમ્મયદુગિ, હેમવએરણ્ણવઈદુગિ વિદેહે ।
કમસો સયાવસપ્પિણિ, અરયચઉક્કાઇસમકાલો ॥ ૧૦૮ ॥

બે કુરુમાં, હરિવર્ષ-રમ્યક એ બે ક્ષેત્રોમાં, હિમવંત-હિરણ્યવંત એ બે ક્ષેત્રોમાં, મહાવિદેહક્ષેત્રમાં હંમેશા ક્રમશઃ અવસર્પિણીના ચાર આરાની સમાન કાળ છે. (૧૦૮)

હેમવએરણ્ણવએ, હરિવાસે રમ્મએ ય રયણમયા ।
સદ્દાવઈ વિઅડાવઈ, ગંધાવઈ માલવંતક્ખા ॥ ૧૦૯ ॥
ચઉવટ્ટવિઅટ્ઠા સા-ઈઅરુણપઉમપ્પભાસસુરવાસા ।
મૂલુવરિ પિહુત્તે તહ, ઉચ્ચત્તે જોયણસહસ્સં ॥ ૧૧૦ ॥

હિમવંત, હિરણ્યવંત, હરિવર્ષ અને રમ્યકમાં રત્નના, શબ્દાપાતી-વિકટાપાતી-ગંધાપાતી-માલ્યવંત નામના, સ્વાતિ-અરુણ-પદ્મ-પ્રભાસ દેવોના આવાસરૂપ ચાર વૃત્તવૈતાઢ્યપર્વતો છે. તેમની મૂળમાં અને ઉપર પહોળાઈ અને ઊંચાઈ ૧,૦૦૦ યોજન છે. (૧૦૯, ૧૧૦)

મેરુ વટ્ટો સહસ્સ-કંદો લક્ખૂસિઓ સહસ્સુવરિં ।
દસગુણ ભુવિ તં સણવઈ, દસિગારંસં પિહુલમૂલે ॥ ૧૧૧ ॥

મેરુપર્વત ગોળ છે, ૧,૦૦૦ યોજન કંદ (ભૂમિમાં) છે, ૧ લાખ યોજન ઊંચો છે, ઉપર ૧,૦૦૦ યોજન પહોળો છે, ભૂમિ ઉપર ૧૦ ગુણો પહોળો છે, મૂળમાં નેવુ સહિત તે અને દસ અગિયારીયા ભાગ જેટલો (૧૦,૦૯૦ ૧૦/૧૧ યોજન) પહોળો છે. (૧૧૧)

પુઢવુવલવયરસક્કર-મયકંદો ઉવરિ જાવ સોમણસં ।
ફલિહંકરયયકંચણ-મઓ અ જંબૂણઓ સેસો ॥ ૧૧૨ ॥

મેરુપર્વતનો કંદ પૃથ્વી, પથ્થર, હીરા, કાંકરાવાળો છે. ઉપર સૌમનસવન સુધી સ્ફટિક, અંક, રજત, સુવર્ણનો છે. શેષ ભાગ જાંબૂનદ સુવર્ણનો છે. (૧૧૨)

તદુવરિ ચાલીસુચ્ચા, વટ્ટા મૂલુવરિ બાર ચઉ પિહુલા ।
વેરુલિયા વરચૂલા, સિરિભવણપમાણચેઈહરા ॥ ૧૧૩ ॥

મેરુપર્વતની ઉપર ૪૦ યોજન ઊંચી, ગોળ, મૂળમાં અને ઉપર ૧૨ યોજન અને ૪ યોજન પહોળી, વૈડૂર્યરત્નની, શ્રીદેવીના ભવન પ્રમાણના ચૈત્યવાળી શ્રેષ્ઠ ચૂલિકા છે. (૧૧૩)

ચૂલાતલાઉ ચઉસય, ચઉણવઈ વલયરૂવવિક્ખંભં ।
બહુજલકુંડં પંડગવણં ચ સિહરે સવેઈઅં ॥ ૧૧૪ ॥

મેરુપર્વતના શિખર ઉપર ચૂલિકાના તળિયાથી ૪૯૪ યોજન પહોળાઈવાળુ, વલયરૂપ, ઘણા પાણીના કુંડોવાળુ વેદિકા સહિત પંડકવન છે. (૧૧૪)

પણ્ણાસજોઅણેહિં, ચૂલાઓ ચઉદિસાસુ જિણભવણા ।
સવિદિસિ સક્કીસાણં, ચઉવાવિજુઆ ય પાસાયા ॥ ૧૧૫ ॥

(પંડકવનમાં) ચૂલિકાથી ૫૦ યોજન પછી ચારે દિશામાં જિનભવનો છે અને વિદિશામાં શક્ર અને ઈશાનેન્દ્રના ચાર વાવડીઓથી યુક્ત પ્રાસાદો છે. (૧૧૫)

કુલગિરિચેઈહરાણં, પાસાયાણં ચિમે સમદ્ગુણા ।
પણવીસરુંદદુગુણા-યામાઉ ઈમાઉ વાવીઓ ॥ ૧૧૬ ॥

આ (ચૈત્યો અને પ્રાસાદો) કુલગિરિના ચૈત્યો અને પ્રાસાદોની સમાન અને ૮ ગુણા છે. આ વાવડીઓ ૨૫ યોજન પહોળી અને બમણી લંબાઈવાળી છે. (૧૧૬)

જિણહરબહિદિસિ જોઅણ-પણસય દીહદ્ધપિહુલ ચઉઉચ્ચા ।
અદ્ધસસિસમા ચઉરો, સિઅકણયસિલા સવેઈઆ ॥ ૧૧૭ ॥

જિનભવનોની બહારની દિશામાં ૫૦૦ યોજન લાંબી, અડધી પહોળી, ૪ યોજન ઊંચી, અર્ધચંદ્ર સમાન, વેદિકાવાળી, સફેદ સુવર્ણની ચાર શિલાઓ છે. (૧૧૭)

સિલમાણટ્ઠસહસ્સં-સમાણસીહાસણેહિં દોહિં જુઆ ।
સિલ પંડુકંબલા ર-ત્તકંબલા પુવ્વવપચ્છિમઓ ॥ ૧૧૮ ॥

શિલાના પ્રમાણના ૮,૦૦૦મા ભાગના પ્રમાણવાળા બે સિંહાસનોથી યુક્ત પૂર્વ-પશ્ચિમમાં પાંડુકંબલા અને રક્તકંબલા નામની શિલાઓ છે. (૧૧૮)

જામુત્તરાઉ તાઓ, ઈગેગસીહાસણાઉ અઈપુવ્વા ।
ચઉસુ વિ તાસુ નિયાસણ-દિસિ ભવજિણમજ્જણં હોઈ ॥ ૧૧૯ ॥

દક્ષિણ અને ઉત્તરમાં ૧-૧ સિંહાસનવાળી 'અતિ' પૂર્વકના નામવાળી તે શિલાઓ છે. તે ચારે ય શિલાઓ ઉપર પોતાના સિંહાસનની દિશામાં જન્મેલા તીર્થંકરનો જન્માભિષેક થાય છે. (૧૧૯)

સિહરા છત્તીસેહિં, સહસેહિં મેહલાઈ પંચ સએ ।
પિહુલં સોમણસવણં, સિલવિણુ પંડગવણસરિચ્છં ॥ ૧૨૦ ॥

શિખરથી ૩૬,૦૦૦ યોજને મેખલામાં ૫૦૦ યોજન પહોળુ, શિલા વિના પંડકવનની સમાન સૌમનસવન છે. (૧૨૦)

તબ્બાહિરિ વિક્ખંભો, બાયાલસયાઈ દુસયરિ જુઆઈ ।
અટ્ઠેગારસભાગા, મજ્ઝે તં ચેવ સહસૂણં ॥ ૧૨૧ ॥

તેની બહાર મેરુપર્વતની પહોળાઈ ૪,૨૭૨ ૮/૧૧ યોજન છે. તેની અંદર ૧,૦૦૦ યોજન ન્યૂન તે જ પહોળાઈ છે. (૧૨૧)

તત્તો સટ્ઠદુસટ્ઠી-સહસેહિં ણંદણં પિ તહ ચેવ ।
ણવરિ ભવણપાસાયં-તરટ્ઠ દિસિકુમરિકૂડા વિ ॥ ૧૨૨ ॥

ત્યાંથી ૬૨,૫૦૦ યોજને નંદનવન પણ તે જ રીતે છે, પણ જિનભવનો અને પ્રાસાદોના આંતરાની ૮ દિશાઓમાં ૮ દિક્કુમારીના કૂટો પણ છે. (૧૨૨)

ણવસહસ ણવસયાઈ, ચઉપણ્ણા છચ્ચિગારહાયા ય ।
ણંદણબહિવિક્ખંભો, સહસૂણો હોઈ મજ્ઝમ્મિ ॥ ૧૨૩ ॥

નંદનવનની બહાર મેરુપર્વતની પહોળાઈ ૯,૯૫૪ ૬/૧૧ યોજન છે. અંદરની પહોળાઈ ૧,૦૦૦ યોજન ન્યૂન છે. (૧૨૩)

तदहो पंचसएहिं, महिअलि तह चेव भद्दसालवणं ।
णवरमिह दिग्गई च्चिअ, कूडा वणवित्थरं तु ईमं ॥ १२४ ॥

તેની (નંદનવનની) નીચે ૫૦૦ યોજને પૃથ્વીતલ ઉપર તે જ રીતે ભદ્રશાલવન છે, પણ અહીં દિગ્ગજ જેવા કૂટો છે. વનનો વિસ્તાર આ પ્રમાણે છે- (૧૨૪)

बावीस सहस्साई, मेरुओ पुव्वओ अ पच्छिमओ ।
तं चाउसीविहत्तं, वणमाणं दाहिणुत्तरओ ॥ १२५ ॥

મેરુપર્વતથી પૂર્વમાં અને પશ્ચિમમાં ૨૨,૦૦૦ યોજન છે. ૮૮ થી ભગાયેલ તે દક્ષિણમાં અને ઉત્તરમાં વનનું પ્રમાણ છે. (૧૨૫)

छव्वीस सहस चउ सय, पणहत्तरि गंतु कुरुणईपवाया ।
उभओ विणिग्गया गय-दंता मेरुम्मुहा चउरो ॥ १२६ ॥

કુરુક્ષેત્રના નદીના પ્રપાતકુંડોથી બંને બાજુ ૨૬,૪૭૫ યોજન જઈને મેરુપર્વતની સન્મુખ નીકળેલા ચાર ગજદંતપર્વતો છે. (૧૨૬)

अग्गेआईसु पयाहि-णेण सिअरत्तपीअनीलाभा ।
सोमणसविज्जुप्पह-गंधमायणमालवंतक्खा ॥ १२७ ॥

(તે પર્વતો) અગ્નિ વગેરે ખૂણામાં પ્રદક્ષિણા ક્રમે શ્વેત-લાલ-પીળા-નીલા વર્ણના સૌમનસ, વિદ્યુત્પ્રભ, ગંધમાદન અને માલ્યવંત નામના છે. (૧૨૭)

अहलोयवासिणीओ, दिसाकुमारीउ अट्ठ एएसिं ।
गयदंतगिरिवराणं, हिट्ठा चिट्ठंति भवणेसु ॥ १२८ ॥

અધોલોકવાસી ૮ દિક્કુમારીઓ આ આઠ ગજદંતપર્વતોની નીચે ભવનોમાં રહે છે. (૧૨૮)

धुरि अंते चउपणसय, उच्चत्ति पहुत्ति पणसयाऽसिसमा ।
दीहत्ति ईमे छकला, दसय णवुत्तर सहसतीसं ॥ १२९ ॥

તે શરૂમાં અને અંતે ૪૦૦-૫૦૦ યોજન ઊંચા, ૫૦૦ યોજન પહોળા અને તલવાર જેવા છે. આ પર્વતો ૩૦,૨૦૯ યોજન ૬ કળા લાંબા છે. (૧૨૯)

તાણંતો દેવુત્તર-કુરાઉ ચંદદ્ધસંઠિયાઉ દુવે ।
દસસહસવિસુદ્ધમહા-વિદેહદલમાણપિહુલાઓ ॥ ૧૩૦ ॥

તેમની વચ્ચે અર્ધચન્દ્રના આકારે બે દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રો છે. તે મહાવિદેહક્ષેત્રના વિસ્તારમાંથી ૧૦,૦૦૦ યોજન બાદ કરી તેના અડધા પ્રમાણ જેટલા પહોળા છે. (૧૩૦)

ણઈપુવ્વાવરકૂલે, કણગમયા બલસમા ગિરી દો દો ।
ઉત્તરકુરાઈ જમગા, વિચિત્તચિત્તા ય ઈઅરીએ ॥ ૧૩૧ ॥

(સીતોદા-સીતા) નદીના પૂર્વ-પશ્ચિમ કિનારે સુવર્ણના, બલકૂટ સમાન બે બે પર્વતો છે. ઉત્તરકુરુમાં યમકપર્વતો છે અને બીજા (દેવકુરુ)માં વિચિત્ર-ચિત્ર પર્વતો છે. (૧૩૧)

ણઈવહદીહા પણ પણ, હરયા દુદુદારયા ઈમે કમસો ।
ણિસહો તહ દેવકુરુ, સૂરો સુલસો ય વિજ્જુપ્પભો ॥ ૧૩૨ ॥
તહ ણીલવંત ઉત્તર-કુરુ ચંદેરવય માલવંતુ ત્તિ ।
પઉમદહસમા ણવરં, એએસુ સુરા દહસણામા ॥ ૧૩૩ ॥

(દેવકુરુ-ઉત્તરકુરુમાં) નદીના પ્રવાહમાં લાંબા, બે બે દ્વારવાળા ક્રમશઃ આ પાંચ પાંચ હ્રદો છે - નિષધ, દેવકુરુ, સૂર, સુલસ અને વિદ્યુત્પ્રભ તથા નીલવંત, ઉત્તરકુરુ, ચંદ્ર, ઐરવત અને માલ્યવંત. આ હ્રદો પદ્મદ્રહની સમાન છે, પણ આ દ્રહોમાં દ્રહના નામવાળા દેવો છે. (૧૩૨, ૧૩૩)

અડ સય ચઉતીસ જોઅ-ણાઈ તહ સેગસત્તભાગાઓ ।
ઈક્કારસ ય કલાઓ, ગિરિજમલદહાણમંતરયં ॥ ૧૩૪ ॥

કુલગિરિ, યમલગિરિ, દ્રહો અને (મેરુપર્વત)નું અંતર ૮૩૪ યોજન ૧૧ ૧/૭ કળા છે. (૧૩૪)

દહપુવ્વાવરદસજો-યણેહિ દસ દસ વિઅઢ્ઢકૂડાણં ।
સોલસગુણપ્પમાણા, કંચણગિરિણો દુસય સવ્વે ॥ ૧૩૫ ॥

દ્રહોની પૂર્વ-પશ્ચિમ દિશામાં ૧૦ યોજન દૂર વૈતાઢ્યપર્વતના કૂટો કરતા ૧૬ ગુણ પ્રમાણવાળા ૧૦-૧૦ કંચનગિરિ પર્વતો છે. તે બધા ૨૦૦ છે. (૧૩૫)

ઉત્તરકુરુપુવ્વદ્ધે, જંબૂણય જંબુપીઢમંતેસુ ।
કોસદુગુચ્ચં કમિ વ-દ્ધમાણુ ચઉવીસગુણં મજ્ઝે ॥ ૧૩૬ ॥

ઉત્તરકુરુના પૂર્વાર્ધમાં જાંબૂનદસુવર્ણનું, અંતે બે ગાઉ ઊંચું, ક્રમશઃ વધતું વચ્ચે ૨૪ ગુણ ઊંચું જંબૂપીઠ છે. (૧૩૬)

પણસયવટ્ટપિહુત્તં, પરિખિત્તં તં ચ પઉમવેઈએ ।
ગાઉદુગદ્ધુચ્ચપિહુ-ત્તચારુચઉદારકલિઆએ ॥ ૧૩૭ ॥

તે ૫૦૦ યોજન ગોળવિસ્તારવાળુ, ૨ ગાઉ ઊંચા અને ૧/૨ ગાઉ પહોળા સુંદર ૪ દ્વારોવાળી પદ્મવરવેદિકાથી પરિવરાયેલ છે. (૧૩૭)

તં મજ્ઝે અડવિત્થર-ચઉચ્ચમણિપીઢિઆઇ જંબુતરુ ।
મૂલે કંદે ખંધે, વરવયરારિટ્ઠવેરુલિએ ॥ ૧૩૮ ॥
તસ્સ ય સાહપસાહા, દલા ય બબિંટા ય પલ્લવા ક્રમસો ।
સોવણ્ણજાયરૂવા, વેરુલિતવણિજ્જજંબુણયા ॥ ૧૩૯ ॥
સો રયયમયપવાલો, રાયયવિડિમો ય રયણપુપ્ફફલો ।
કોસદુગં ઉવ્વેહે, થુડસાહાવિડિમવિક્ખંભો ॥ ૧૪૦ ॥

તે પીઠના મધ્યભાગમાં ૮ યોજન વિસ્તારવાળી અને ૪ યોજન ઊંચી મણિપીઠિકા ઉપર જંબૂવૃક્ષ છે. તેના મૂળ, કંદ અને સ્કંધ સુંદર વજરત્ન, અરિષ્ટરત્ન અને વૈડૂર્યરત્નના છે. તેની શાખા, પ્રશાખા, પાંદળા, ડીંટિયા અને નવા અંકુર ક્રમશઃ સુવર્ણમય, જાતરૂપમય, વૈડૂર્યમય, તપનીયમય અને જાંબૂનદમય છે. તેના પ્રવાલ રજતમય છે, વિડિમા (ઉપરની શાખા) રજતમય છે, પુષ્પ-

ફળ રત્નના છે. તે બે ગાઉ ઊંડુ છે. તેના થડ, શાખા અને વિડિમા (વચ્ચેની ઊંચી શાખા)ની પહોળાઈ બે ગાઉ છે. (૧૩૮-૧૪૦)

थुडसाहविडिमदीह-त्ति गाउअे अट्ठपणरचउवीसं ।
साहा सिरिसमभवणा, तम्माणसचेईअं विडिमं ॥ १४१ ॥

તેના થડ, શાખા અને વિડિમાની લંબાઈ ક્રમશઃ ૮, ૧૫, ૨૪ ગાઉ છે. શાખા શ્રીદેવીના ભવન જેવા ભવનવાળી છે. તેટલા પ્રમાણવાળા ચૈત્યવાળી વિડિમા છે. (૧૪૧)

पुव्विल्ल सिज्ज तिसु आ-सणाणि भवणेसु णाढिअसुरस्स ।
सा जंबू बारसवे-ईआहि कमसो परिक्खित्ता ॥ १४२ ॥

પૂર્વદિશાના ભવનમાં અનાદૃતદેવની શય્યા છે અને શેષ ત્રણ ભવનોમાં તેના આસનો છે. તે જંબૂવૃક્ષ ક્રમશઃ ૧૨ વેદિકાઓથી પરિવરાયેલ છે. (૧૪૨)

दहपउमाणं जं वि-त्थरं तु तमिहावि जंबुरुक्खाणं ।
नवरं महयरियाणं, ठाणे ईह अग्गमहिसीओ ॥ १४३ ॥

દ્રહના કમળોનો જે વિસ્તાર કહ્યો છે તે અહીં પણ જંબૂવૃક્ષોનો છે, પણ મહત્તરિકાઓના સ્થાને અહીં અગ્રમહિષીઓ છે. (૧૪૩)

कोसदुसएहिं जंबू, चउद्दिसिं पुव्वसालसमभवणा ।
विदिसासु सेसतिसमा, चउवाविजुया य पासाया ॥ १४४ ॥

જંબૂવૃક્ષથી ચારે દિશામાં ૨૦૦ ગાઉ દૂર પૂર્વશાખાના ભવન જેવા ભવનો છે, વિદિશાઓમાં શેષ ૩ શાખાના ભવનો સમાન ૪ વાવડીવાળા પ્રાસાદો છે. (૧૪૪)

ताणंतरेसु अड जिण-कूडा तह सुरकुराई अवरद्धे ।
रायपीढे सामालि-रुक्खो एमेव गरुलस्स ॥ १४५ ॥

તેમના આંતરામાં ૮ જિનકૂટો છે. તથા દેવકુરુના પશ્ચિમાર્ધમાં રજતની પીઠ ઉપર આ જ પ્રમાણે ગરુડદેવનું શાલ્મલીવૃક્ષ છે. (૧૪૫)

બત્તીસ સોલ બારસ, વિજયા વક્ખાર અંતરણઈઓ ।
મેરુવણાઓ પુવ્વા-વરાસુ કુલગિરિમહણયંતા ॥ ૧૪૬ ॥

મેરુપર્વતના વનથી પૂર્વ-પશ્ચિમમાં કુલગિરિ અને મહાનદીના અંતવાળા ૩૨, ૧૬, ૧૨ વિજય, વક્ષસ્કારપર્વત અને અંતરનદીઓ છે. (૧૪૬)

વિજયાણ પિહુત્તિ સગ-કૃભાગ બારુત્તરા દુવીસસયા ।
સેલાણં પંચસએ, સવેઈણઈ પન્નવીસસયં ॥ ૧૪૭ ॥

વિજયોની પહોળાઈ ૨,૨૧૨ ૭/૮ યોજન છે, પર્વતોની પહોળાઈ ૫૦૦ યોજન છે, અંતરનદીની પહોળાઈ ૧૨૫ યોજન છે. (૧૪૭)

સોલસસહસ્સ પણસય, બાણઉઆ તહ ય દો કલાઓ ય ।
એએસિં સવ્વેસિં, આયામો વણમુહાણં ચ ॥ ૧૪૮ ॥

આ બધાની અને વનમુખોની લંબાઈ ૧૬,૫૯૨ યોજન અને બે કળા છે. (૧૪૮)

ગયદંતગિરિવ્વુચ્ચા, વક્ખારા તાણમંતરણઈણં ।
વિજયાણં ચભિહાણા-ઈં માલવંતા પયાહિણઓ ॥ ૧૪૯ ॥

ગજદંતપર્વતોની જેટલા વક્ષસ્કારપર્વતો ઊંચા છે. તેમના, અંતરનદીઓના અને વિજયોના નામો માલ્યવંત પર્વતથી પ્રદક્ષિણા ક્રમે (આ પ્રમાણે છે) (૧૪૯)

ચિત્તે ૧ ય બંભકૂડે ૨, ણલિણીકૂડે ૩ ય એગસેલે ૪ ય ।
તિઉડે ૫ વેસમણે ૬ વિ ય, અંજણ ૭ માયંજણે ૮ ચેવ ॥ ૧૫૦ ॥
અંકાવઈ ૯ પમ્હાવઈ ૧૦, આસીવિસ ૧૧ તહ સુહાવહે ૧૨ ચંદે ૧૩ ।
સૂરે ૧૪ ણાગે ૧૫ દેવે ૧૬, સોલસ વક્ખારગિરિણામા ॥ ૧૫૧ ॥

ચિત્ર, બ્રહ્મકૂટ, નલિનીકૂટ, એકશૈલ, ત્રિકૂટ, વૈશ્રમણ, અંજન, માતંજન, અંકાપાતી, પક્ષ્માપાતી, આશીવિષ, સુખાવહ, ચંદ્ર, સૂર, નાગ, દેવ-આ ૧૬ વક્ષસ્કારપર્વતોના નામો છે. (૧૫૦, ૧૫૧)

ગાહાવઈ ૧ દહવઈ ૨, વેગવઈ ૩ તત્ત ૪ મત્ત ૫ ઉમ્મત્તા ૬ ।
ખીરોય ૭ સીયસોયા ૮, તહ અંતોવાહિણી ૯ ચેવ ॥ ૧૫૨ ॥
ઉમ્મીમાલિણિ ૧૦ ગંભી-રમાલિણી ૧૧ ફેણમાલિણી ૧૨ ચેવ ।
સવ્વત્થ વિ દસજોયણ-ઉંડા કુંડુબ્ભવા એયા ॥ ૧૫૩ ॥

ગાહાવતી, દ્રહવતી, વેગવતી, તપ્તા, મત્તા, ઉન્મત્તા, ક્ષીરોદા, શીતસ્રોતા, અંતર્વાહિની, ઉર્મિમાલિની, ગંભીરમાલિની, ફેનમાલિની (-આ ૧૨ અંતરઅદીઓના નામો છે) આ અંતરનદીઓ કુંડમાંથી ઉત્પન્ન થયેલી અને બધે ય ૧૦ યોજન ઊંડી છે. (૧૫૨-૧૫૩)

કચ્છુ ૧ સુકચ્છો ૨ ય, મહા-કચ્છો ૩ કચ્છાવઈ ૪ તહા ।
આવત્તો ૫ મંગલાવત્તો ૬, પુક્ખલો ૭ પુક્ખલાવઈ ૮ ॥ ૧૫૪ ॥
વચ્છુ ૯ સુવચ્છો ૧૦ ય, મહા-વચ્છો ૧૧ વચ્છાવઈ ૧૨ વિ ય ।
રમ્મો ૧૩ ય રમ્મઓ ૧૪ ચેવ, રમણી ૧૫ મંગલાવઈ ૧૬ ॥ ૧૫૫ ॥
પમ્હુ ૧૭ સુપમ્હો ૧૮ ય, મહા-પમ્હો ૧૯ પમ્હાવઈ ૨૦ તઓ ।
સંખો ૨૧ ણલિણણામા ૨૨ ય, કુમુઓ ૨૩ ણલિણાવઈ ૨૪ ॥ ૧૫૬ ॥
વપ્પુ ૨૫ સુવપ્પો ૨૬ અ, મહા-વપ્પો ૨૭ વપ્પાવઈ ૨૮ ત્તિ ય ।
વગ્ગૂ ૨૯ તહા સુવગ્ગૂ ૩૦ ય, ગંધિલો ૩૧ ગંધિલાવઈ ૩૨ ॥ ૧૫૭ ॥

કચ્છ, સુકચ્છ, મહાકચ્છ, કચ્છાવતી, આવર્ત, મંગલાવર્ત, પુષ્કલ, પુષ્કલાવતી, વત્સ, સુવત્સ, મહાવત્સ, વત્સાવતી, રમ્ય, રમ્યક, રમણીય, મંગલાવતી, પક્ષ્મ, સુપક્ષ્મ, મહાપક્ષ્મ, પક્ષ્માવતી, શંખ, નલિન, કુમુદ, નલિનાવતી, વપ્ર, સુવપ્ર, મહાવપ્ર, વપ્રાવતી, વલ્ગુ, સુવલ્ગુ, ગંધિલ, ગંધિલાવતી (-આ ૩૨ વિજયોના નામો છે.) (૧૫૪, ૧૫૭)

એએ પુવ્વાવરગય-વિઅદ્ધદલિય ત્તિ ણઈદિસિદલેસુ ।
ભરહદ્ધપુરિસમાઓ, ઈમેહિં ણામેહિં ણયરીઓ ॥ ૧૫૮ ॥

આ વિજયો પૂર્વ-પશ્ચિમ લાંબા વૈતાઢ્યપર્વતથી બે ભાગમાં કરાયેલી છે. નદીની દિશાના અર્ધ ભાગમાં ભરતાર્ધની નગરી સમાન, આ નામોવાળી નગરીઓ છે - (૧૫૮)

खेमा १ खेमपुरा २ वि अ, अरिट्ठ उ रिट्ठावई ४ य णायव्वा ।
खग्गी ५ मंजूसा ६ वि य, ओसहिपुरि ७ पुंडरिगिणी ८ य ॥ १५९ ॥
सुसीमा ९ कुंडला १० चेव, अवराईअ ११ पहंकरा १२ ।
अंकवई १३ पम्हावई १४, सुभा १५ रयणसंचया १६ ॥ १६० ॥
आसपुरा १७ सीहपुरा १८, महापुरा १९ चेव हवई विजयपुरा २० ।
अवराईया २१ य अवरा २२, असोगा २३ तह वीअसोगा २४ य ॥ १६१ ॥
विजया २५ य वेजयंती २६, जयंति २७ अपराजिया २८ य बोधव्वा ।
चक्कपुरा २९ खग्गपुरा ३०, होई अवज्झा ३१ अउज्झा ३२ य ॥ १६२ ॥

ક્ષેમા, ક્ષેમપુરા, અરિષ્ટ, રિષ્ટાવતી, ખડ્ગી, મંજૂષા, ઔષધિપુરી, પુંડરિગિણી, સુસીમા, કુંડલા, અપરાજિતા, પ્રભંકરા, અંકાવતી, પદ્મવતી, શુભા, રત્નસંચયા, અશ્વપુરા, સિંહપુરા, મહાપુરા, વિજયપુરા, અપરાજિતા, અપરા, અશોકા, વીતશોકા, વિજયા, વેજયંતી, જયંતી, અપરાજિતા, ચક્રપુરા, ખડ્ગપુરા, અવધ્યા અને અયોધ્યા. (૧૫૯-૧૬૨)

कुंडुब्भवा उ गंगा-सिंधूओ कच्छपम्हपमुहेसु ।
अट्ठट्ठसु विजएसुं, सेसेसु य रत्तरत्तवई ॥ १६३ ॥

કચ્છ વગેરે અને પક્ષ્મ વગેરે ૮-૮ વિજયોમાં કુંડમાંથી ઉદ્ભવેલી ગંગા-સિંધુ નદીઓ છે. શેષ વિજયોમાં રક્તા-રક્તવતી નદીઓ છે. (૧૬૩)

अविवक्खिऊण जगई, सवेईवणमुहचउक्कपिहुलत्तं ।
गुणतीससय दुवीसा, णईति गिरिअंति एगकला ॥ १६४ ॥

જગતીની વિવક્ષા નહીં કરીને વેદિકા સહિત ચાર વનમુખોની પહોળાઈ નદી તરફ ૨,૯૨૨ યોજન છે અને પર્વત તરફ ૧ કળા છે. (૧૬૪)

પણતીસ સહસ ચઉ સય, છડુત્તરા સયલવિજયવિક્ખંભો ।
વણમુહદુગવિક્ખંભો, અડવણ્ણ સયા ય ચોયાલા ॥ ૧૬૫ ॥
સગ સય પણ્ણાસા ણઈ-પિહુત્તિ ચઉવણ્ણ સહસ મેરુવણે ।
ગિરિવિત્થરિ ચઉ સહસા, સવ્વસમાસો હવઈ લક્ખં ॥ ૧૬૬ ॥

બધી (એક બાજુની ૧૬) વિજયોની પહોળાઈ ૩૫,૪૦૬ યોજન છે. બે વનમુખોની પહોળાઈ ૫,૮૪૪ યોજન છે. નદીઓની પહોળાઈ ૭૫૦ યોજન છે. મેરુપર્વત અને વનની પહોળાઈ ૫૪,૦૦૦ યોજન છે. પર્વતોની પહોળાઈ ૪,૦૦૦ યોજન છે. બધુ મળીને ૧ લાખ યોજન છે. (૧૬૫, ૧૬૬)

જોઅણસયદસગંતે, સમધરણીઓ અહો અહોગામા ।
બાયાલીસસહસેહિં, ગંતું મેરુસ્સ પચ્છિમઓ ॥ ૧૬૭ ॥

મેરુપર્વતથી પશ્ચિમમાં ૪૨,૦૦૦ યોજન જઈને સમપૃથ્વીથી નીચે ૧,૦૦૦ યોજનને અંતે અધોગ્રામ છે. (૧૬૭)

ચઉ ચઉતીસં ચ જિણા, જહણ્ણમુક્કોસઓ અ હુંતિ કમા ।
હરિચક્કિબલા ચઉરો, તીસં પત્તેઅમિહ દીવે ॥ ૧૬૮ ॥

આ જંબૂદ્વીપમાં જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ક્રમશઃ ૪ અને ૩૪ તીર્થંકર તથા વાસુદેવ-ચક્રવર્તી-બળદેવ દરેક ૪ અને ૩૦ હોય છે. (૧૬૮)

સસિદુગરવિદુગચારો, ઈહ દીવે તેસિ ચારખિત્તં તુ ।
પણ સય દસુત્તરાઈ, ઈગસટ્ઠિહાયા (ભાગા) ય અડયાલા ॥ ૧૬૯ ॥

આ જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય ચાર ચરે છે. તેમનું ચાર ક્ષેત્ર ૫૧૦ ૪૮/૬૧ યોજન છે. (૧૬૯)

પણરસ ચુલસીઈસયં, છપ્પણ્ણડયાલભાગમાણાઈ ।
સસિસૂરમંડલાઈ, તયંતરાણિગિગહીણાઈ ॥ ૧૭૦ ॥

ચંદ્ર અને સૂર્યના ૫૬/૬૧ યોજન અને ૪૮/૬૧ યોજન માનવાળા ક્રમશઃ ૧૫ અને ૧૮૪ મંડલ છે. તેમના આંતરા એક-એક ઓછા છે. (૧૭૦)

પણતીસજોઅણે ભાગ-તીસ ચઉરો અ ભાગ સગહા(ભા)યા ।
અંતરમાણં સસિણો, રવિણો પુણ જોઅણે દુણ્ણિ ॥ ૧૭૧ ॥

ચંદ્રના મંડલોનું અંતર ૩૫ ૩૦/૬૧ ૪/૭ યોજન છે, સૂર્યના મંડલોનું અંતર ૨ યોજન છે. (૧૭૧)

દીવંતો અસિઅસએ, પણ પણસટ્ઠી અ મંડલા તેસિં ।
તીસહિઅતિસય લવણે, દસિગુણવીસં સયં કમસો ॥ ૧૭૨ ॥

તેમના (ચંદ્ર અને સૂર્યના) જંબૂદ્વીપમાં ૧૮૦ યોજનમાં ક્રમશઃ ૫ અને ૬૫ મંડલ છે, તથા લવણસમુદ્રમાં ૩૩૦ યોજનમાં ક્રમશઃ ૧૦ અને ૧૧૯ મંડલ છે. (૧૭૨)

સસિસસિરવિરવિ અંતરિ, મજ્ઝે ઈગલક્ખુ તિસય સાઠૂણો ।
સાહિઅદુસયરિપણચઈ-બહિ લક્ખો છસય સાઠહિઓ ॥ ૧૭૩ ॥

ચંદ્ર-ચંદ્ર અને સૂર્ય-સૂર્યનું અંતર સર્વ અભ્યંતર મંડલમાં ૧ લાખ યોજનમાં ૩૬૦ યોજન ન્યૂન છે પછી સાધિક ૭૨ યોજન અને સાધિક ૫ યોજનની વૃદ્ધિ થાય છે. સર્વ બાહ્યમંડલમાં અંતર ૬૬૦ યોજન અધિક ૧ લાખ યોજન છે. (૧૭૩)

સાહિઅ પણસહસ તિહુત્તરાઈ, સસિણો મુહુત્તગઈ મજ્ઝે ।
બાવણ્ણહિઆ સા બહિ, પઈમંડલ પઉણચઉવુદ્ઢી ॥ ૧૭૪ ॥

સર્વઅભ્યંતર મંડલમાં ચંદ્રની મુહૂર્તગતિ સાધિક ૫,૦૭૩ યોજન છે, સર્વબાહ્ય મંડલમાં તે (સા. ૫,૦૭૩ યોજન) ૫૨ યોજનથી અધિક (એટલે સા. ૫,૧૨૫ યોજન) ચંદ્રની મુહૂર્તગતિ છે. દરેક મંડલમાં (મુહૂર્તગતિમાં) પોણા ૪ યોજનની વૃદ્ધિ થાય છે. (૧૭૪)

જા સસિણો સા રવિણો, અડસયરિસએણસીસએણહિઆ ।
કિંચૂણાણ અટ્ઠાર-સટ્ઠિહાયાણમિહ વુટ્ઠી ॥ ૧૭૫ ॥

જે ચંદ્રની મુહૂર્તગતિ છે તે ૧૭૮ યોજન અને ૧૮૦ યોજન થી અધિક (એટલે સર્વઅભ્યંતર મંડલમાં સા. ૫૨૫૧ યોજન અને સર્વબાહ્ય મંડલમાં સા. ૫૩૦૫ યોજન) સૂર્યની મુહૂર્તગતિ છે. અહીં કંઈક ન્યૂન ૧૮/૬૦ ભાગની વૃદ્ધિ છે. (૧૭૫)

મજ્ઝે ઉદયત્થંતરિ, ચઉણવઈસહસ પણસય છવીસા ।
બાયાલ સટ્ઠિભાગા, દિણં ચ અટ્ઠારસમુહુત્તં ॥ ૧૭૬ ॥

સર્વઅભ્યંતર મંડલમાં સૂર્યના ઉદય-અસ્તનું અંતર ૯૪,૫૨૬ ૪૨/૬૦ યોજન છે અને ૧૮ મુહૂર્તનો દિવસ છે. (૧૭૬)

પઈમંડલ દિણહાણી દુણ્હ મુહુત્તેગસટ્ઠિભાગાણં ।
અંતે બારમુહુત્તં, દિણં ણિસા તસ્સ વિવરીઆ ॥ ૧૭૭ ॥

દરેક મંડલમાં ૨/૬૧ મુહૂર્તની દિવસહાનિ થાય છે. અંતે (છેલ્લા મંડલમાં) ૧૨ મુહૂર્તનો દિવસ અને તેનાથી વિપરિત (૧૮ મુહૂર્તની) રાત્રી છે. (૧૭૭)

ઉદયત્થંતરિ બાહિં, સહસા તેસટ્ઠિ છસય તેસટ્ઠા ।
તહ ઈગસસિપરિવારે, રિક્ખડવીસાડસીઈ ગહા ॥ ૧૭૮ ॥
છાસટ્ઠિ સહસ ણવસય, પણહત્તરિ તારકોડિકોડીણં ।
સણંતરેણ વુસ્સે-હંગુલમાણેણ વા હુંતિ ॥ ૧૭૯ ॥

સર્વબાહ્યમંડલમાં સૂર્યના ઉદય-અસ્તનું અંતર ૬૩,૬૬૩ યોજન છે. તથા એક ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહો અને ૬૬,૯૭૫ કોટીકોટી તારા બીજા નામથી (કોટીકોટી એ કોટીનું બીજું નામ માનીને) અથવા ઉત્સેધાંગુલના માપથી હોય છે. (૧૭૮, ૧૭૯)

ગહરિક્ખતારગાણં, સંખં સસિસંખસંગુણં કાઉં ।
ઈચ્છિયદીવુદહિંમિ ય, ગહાઈમાણં વિઆણેહ ॥ ૧૮૦ ॥

ગ્રહ-નક્ષત્ર-તારાની સંખ્યાને ચંદ્રની સંખ્યાથી ગુણીને ઈચ્છિતદ્વીપ-સમુદ્રમાં ગ્રહ વગેરેનું પ્રમાણ જાણ. (૧૮૦)

ચઉ ચઉ બારસ બારસ, લવણે તહ ધાયઈમ્મિ સસિસૂરા ।
પરઓદહિદીવેસુ અ, તિગુણા પુવ્વિલ્લસંજુત્તા ॥ ૧૮૧ ॥

લવણસમુદ્રમાં અને ધાતકીખંડમાં ૪-૪ અને ૧૨-૧૨ ચંદ્ર-સૂર્ય છે. પછીના સમુદ્રો-દ્વીપોમાં (પૂર્વેના દ્વીપ-સમુદ્રના ચંદ્ર-સૂર્યને) ત્રણ ગુણા કરીને તેની પૂર્વેના દ્વીપ-સમુદ્રના ચંદ્ર-સૂર્ય ઉમેરીએ એટલા ચંદ્ર-સૂર્ય છે. (૧૮૧)

ણરખિત્તં જા સમસે-ણિચારિણો સિગ્ઘસિગ્ઘતરગઈણો ।
દિટ્ઠિપહમિંતિ ખિત્તા-ણુમાણઓ તે ણરાણેવં ॥ ૧૮૨ ॥

જ્યાં સુધી મનુષ્યક્ષેત્ર છે ત્યાં સુધી ચંદ્ર-સૂર્ય સમશ્રેણિએ ચરનારા અને શીઘ્ર-વધુ શીઘ્ર ગતિવાળા છે. તે (ચંદ્ર-સૂર્ય) ક્ષેત્રને અનુસારે મનુષ્યોને આ રીતે દૃષ્ટિમાર્ગમાં આવે છે- (૧૮૨)

પણસય સત્તત્તીસા, ચઉતીસસહસ્સ લક્ખઈગવીસા ।
પુક્ખરદીવદ્ધણરા, પુવ્વેણ અવરેણ પિચ્છંતિ ॥ ૧૮૩ ॥

પુષ્કરદ્વીપાર્ધના મનુષ્યો પૂર્વમાં અને પશ્ચિમમાં ૨૧,૩૪,૫૩૭ યોજને રહેલ સૂર્યને જુવે છે. (૧૮૩)

ણરખિત્તબહિં સસિરવિ-સંખા કરણંતરેહિં વા હોઈ ।
તહ તત્થ ય જોઈસિયા, અચલદ્ધપમાણ સુવિમાણા ॥ ૧૮૪ ॥

મનુષ્યક્ષેત્રની બહાર ચંદ્ર-સૂર્યની સંખ્યા (ઉપરના કરણથી) કે બીજા કરણોથી થાય છે. તથા ત્યાં જ્યોતિષના સુંદર વિમાનો સ્થિર છે અને અર્ધપ્રમાણવાળા છે. (૧૮૪)

ઈહ પરિહિ તિલક્ખા, સોલસહસ્સ સયદુણ્ણિ પઉણઅડવીસા ।
ધણુહડવીસસયંગુલ-તેરસસટ્ઠા સમહિઆ ય ॥ ૧૮૫ ॥

અહીં (જંબૂદ્વીપની) પરિધિ ૩,૧૬,૨૨૭ ૩/૪ યોજન ૧૨૮ ધનુષ્ય ૧૩ ૧/૨ અંગુલ અને અધિક છે. (૧૮૫)

સગસયણઊિઆકોડી, લક્ખા છપ્પણ્ણ ચઉણવઈસહસ્સા ।
સટ્ઠસયં પઉણદુકોસ, સટ્ઠબાસટ્ઠિકર ગણિઅં ॥ ૧૮૬ ॥

૭૯૦,૫૬,૯૪,૧૫૦ યોજન ૧ ૩/૪ ગાઉ ૬૨ ૧/૨ હાથ એ જંબૂદ્વીપનું ક્ષેત્રફળ છે. (૧૮૬)

વટ્ટપરિહિં ચ ગણિઅં, અંતિમખંડાઈ ઉસુ જિઅં ચ ધણું ।
બાહું પયરં ચ ઘણં, ગણેહ એએહિં કરણેહિં ॥ ૧૮૭ ॥

વર્તુળની પરિધિ-ક્ષેત્રફળ, અંતે રહેલ ખંડોના ઈષુ, જીવા, ધનુ:પૃષ્ઠ, બાહા, પ્રતરગણિત અને ઘનગણિત આ કરણોથી ગણો. (૧૮૭)

વિક્ખંભવગ્ગદહગુણ-મૂલં વટ્ટસ્સ પરિરઓ હોઈ ।
વિક્ખંભપાયગુણિઓ, પરિરઓ તસ્સ ગણિઅપયં ॥ ૧૮૮ ॥

પહોળાઈના વર્ગને ૧૦ થી ગુણી તેનું વર્ગમૂળ એ વર્તુળની પરિધિ છે. પહોળાઈના ચોથા ભાગથી ગુણાયેલ પરિધિ તેનું (વર્તુળનું) ક્ષેત્રફળ છે. (૧૮૮)

ઓગાહુ ઉસૂ સુચ્ચિઅ, ગુણવીસગુણો કલાઉસૂ હોઈ ।
વિઉસુપિહુત્તે ચઉગુણ-ઉસુગુણિએ મૂલમિહ જીવા ॥ ૧૮૯ ॥

અવગાહ તે જ ઈષુ છે. તેને ૧૯ ગુણો કરીએ એટલે કલાઈષુ થાય. (વર્તુળની પહોળાઈમાંથી) ઈષુની પહોળાઈ બાદ કરીને તેને ૪ ગુણા ઈષુથી ગુણીને તેનું વર્ગમૂળ કાઢીએ તે અહીં જીવા છે. (૧૮૯)

ઈસુવગ્ગિ છગુણિ જીવા-વગ્ગજુએ મૂલ હોઈ ધણુપિટ્ઠં ।
ધણુદુગવિસેસસેસં, દલિઅં બાહાદુગં હોઈ ॥ ૧૯૦ ॥

ઈષુના વર્ગને ૬ થી ગુણી જીવાનો વર્ગ તેમાં ઉમેરી તેનું વર્ગમૂળ કાઢીએ તે ધનુઃપૃષ્ઠ છે. બે ધનુઃપૃષ્ઠોનો વિશ્લેષ કરી શેષનું અર્ધ તે બે બાહા છે. (૧૯૦)

અંતિમખંડસ્સુસુણા, જીવં સંગુણિઅ ચઉહિં ભઈઊણં ।
લદ્ધંમિ વગ્ગિએ દસ-ગુણમ્મિ મૂલં હવઈ પયરો ॥ ૧૯૧ ॥

અંતિમ ખંડના ઈષુથી જીવાને ગુણીને ૪ થી ભાગીને જે મળે તેનો વર્ગ કરીને ૧૦ થી ગુણીને તેનું વર્ગમૂળ કાઢીએ તે પ્રતર (ક્ષેત્રફળ) છે. (૧૯૧)

જીવાવગ્ગાણ દુગે, મિલિએ દલિએ અ હોઈ જં મૂલં ।
વેઅઢ્ઢાઈણ તયં, સપિહુત્તગુણં ભવે પયરો ॥ ૧૯૨ ॥

બે જીવાઓના વર્ગને જોડીને તેનું અર્ધ કરીને તેનું જે વર્ગમૂળ તે પહોળાઈથી ગુણાયેલ વૈતાઢ્યપર્વત વગેરેનું પ્રતર (ક્ષેત્રફળ) છે. (૧૯૨)

એયં ચ પયરગણિઅં, સંવવહારેણ દંસિઅં તેણ ।
કિંચૂણં હોઈ ફલં, અહિઅં પિ હવે સુહમગણણા ॥ ૧૯૩ ॥

આ પ્રતરગણિત વ્યવહારથી બતાવ્યું છે. તેથી તેનું ફળ (સરવાળો) કંઈક ન્યૂન છે, સૂક્ષ્મ રીતે ગણવાથી અધિક પણ થાય છે. (૧૯૩)

પયરો સોસ્સેહગુણો, હોઈ ઘણો પરિરયાઈ સવ્વં વા ।
કરણગણણાલસેહિં, જંતગલિહિઆઉ દટ્ઠવ્વં ॥ ૧૯૪ ॥

ઊંચાઈથી ગુણાયેલ પ્રતર તે ઘન છે. અથવા પરિધિ વગેરે બધા કરણો ગણવામાં આળસુ મનુષ્યોએ યંત્રમાં લખેલામાંથી જોઈ લેવું. (૧૯૪)

: જીવાની સંગ્રહગાથા :

જોઅણસહસ્સણવગં, સત્તેવ સયા હવંતિ અડયાલા ।
બારસ કલા ય સકલા, દાહિણભરહદ્ધજીવાઓ ॥ ૧॥

૯,૭૪૮ યોજન અને સંપૂર્ણ ૧૨ કળા એ દક્ષિણભરતાર્ધક્ષેત્રની જીવા છે. (૧)

દસ ચેવ સહસ્સાઈં, જીવા સત્ત ય સયાઈં વીસાઈં ।
બારસ ય કલા ઊણા, વેઅઢ્ઢગિરિસ્સ વિણ્ણેઆ ॥ ૨ ॥

૧૦,૭૨૦ યોજન અને ન્યૂન ૧૨ કળા એ વૈતાઢ્યપર્વતની જીવા જાણવી. (૨)

ચઉદસ ય સહસ્સાઈં, સયાઈં ચત્તારિ એગસયરાઈં ।
ભરહદ્ધુત્તરજીવા, છચ્ચ કલા ઊણિઆ કિંચિ ॥ ૩ ॥

૧૪,૪૭૧ યોજન અને કંઈક ન્યૂન ૬ કળા એ ઉત્તરભરતાર્ધક્ષેત્રની જીવા છે. (૩)

ચઉવીસ-સહસ્સાઈં, ણવ સએ જોઅણાણ બત્તીસે ।
ચુલ્લહિમવંતજીવા, આયામેણં કલદ્ધં ચ ॥ ૪ ॥

૨૪,૯૩૨ યોજન અને ૧/૨ કળા એ લંબાઈથી લઘુ હિમવંતપર્વતની જીવા છે. (૪)

સત્તત્તીસ સહસ્સા, છચ્ચ સયા જોઅણાણ ચઉસયરા ।
હેમવયવાસજીવા, કિંચૂણા ચોલસ કલા ય ॥ ૫ ॥

૩૭,૬૭૪ યોજન અને કંઈક ન્યૂન ૧૬ કળા એ હિમવંતક્ષેત્રની જીવા છે. (૫)

તેવણ્ણ સહસ્સાઈં, ણવ ય સયા જોઅણાણ ઈગતીસા ।
જીવા ય મહાહિમવે, અદ્ધ કલા છક્કલાઓ અ ॥ ૬ ॥

૫૩,૯૩૧ યોજન અને ૬ ૧/૨ કળા એ મહાહિમવંતપર્વતની જીવા છે. (૬)

એગુત્તરા ણવ સયા, તેવત્તરિમેવ જોઅણસહસ્સા ।
જીવા સત્તરસ કલા, અદ્ધકલા ચેવ હરિવાસે ॥ ૭ ॥

૭૩,૯૦૧ યોજન અને ૧૭ ૧/૨ કળા એ હરિવર્ષની જીવા છે. (૭)

ચઉણવઈ સહસ્સાઈં, છપ્પણ્ણહિયં સયં કલા દો ય ।
જીવા ણિસહસ્સોસા, લક્ખં જીવા વિદેહદ્ધે ॥ ૮ ॥

૯૪,૧૫૬ યોજન અને ૨ કળા એ નિષધપર્વતની જીવા છે. અર્ધમહાવિદેહક્ષેત્રની જીવા ૧ લાખ યોજન છે. (૮)

ધનુઃપૃષ્ઠ - બાહાની સંગ્રહગાથા

ણવ ચેવ સહસ્સાઈં, છાવટ્ઠાહ સયાઈં સત્તેવ ।
સવિસેસ કલા ચેગા, દાહિણભરહદ્ધ ધણુપીઠં ॥ ૧ ॥

૯,૭૬૬ યોજન અને સાધિક ૧ કળા એ દક્ષિણભરતાર્ધનું ધનુઃપૃષ્ઠ છે. (૧)

દસ ચેવ સહસ્સાઈં, સત્તેવ સયા હવંતિ તેઆલા ।
ધણુપિટ્ઠં વેઅદ્ઢે, કલા ય પણ્ણરસ હવંતિ ॥ ૨ ॥

૧૦,૭૪૩ યોજન અને ૧૫ કળા એ વૈતાઢ્યપર્વતનું ધનુઃપૃષ્ઠ છે. (૨)

સોલસ ચેવ કલાઓ, અહિઆઓ હુંતિ અદ્ધભાગેણં ।
બાહા વેઅઢ્ઢસ્સ ઉ, અટ્ઠાસીઆ સયા ચઉરો ॥ ૩ ॥

૪૮૮ યોજન અને ૧૬ ૧/૨ કળા એ વૈતાઢ્યપર્વતની બાહા છે. (૩)

ચઉદસ ય સહસ્સાઈં, પંચેવ સયાઈં અડવીસા ।
એક્કારસ ય કલાઓ, ધણુપિટ્ઠં ઉત્તરદ્ધસ્સ ॥ ૪ ॥

૧૪,૫૨૮ યોજન અને ૧૧ કળા એ ઉત્તરભરતાર્ધક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ છે. (૪)

ભરહદ્ધુત્તરબાહા, અટ્ઠારસ હુંતિ જોઅણસયાઈં ।
બાણઊઅ જોઅણાણિ અ, અદ્ધકલા સત્ત ય કલાઓ ॥ ૫ ॥

૧,૮૯૨ યોજન અને ૭ ૧/૨ કળા એ ઉત્તરભરતાર્ધક્ષેત્રની બાહા છે. (૫)

ધણુ હિમવે કલચઉરો, પણવીસ સહસ્સ દુસય તીસહિઆ ।
બાહા સોલદ્ધ કલા, તેવણ્ણ સયા ય પણ્ણહિઆ ॥ ૬ ॥

હિમવંતપર્વતનું ધનુઃપૃષ્ઠ ૨૫,૨૩૦ યોજન અને ૪ કળા છે, બાહા ૫,૩૫૦ યોજન અને ૧૬ ૧/૨ કળા છે. (૬)

અડતીસ સહસ સગ સય, ચત્તા ધણુ દસ કલા ય હેમવએ ।
બાહા સત્તટ્ઠિ સએ, પણપણ્ણે તિણ્ણિ અ કલાઓ ॥ ૭ ॥

હિમવંતક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ ૩૮,૭૪૦ યોજન અને ૧૦ કળા છે, બાહા ૬,૭૫૫ યોજન અને ૩ કળા છે. (૭)

ધણુ મહહિમવે દસકલ, દો સય તેણઉઅ સહસ સગવણ્ણા ।
બાહા બાણઉઅસએ, છહત્તરે ણવ કલદ્ધં ચ ॥ ૮ ॥

મહાહિમવંતપર્વતનું ધનુઃપૃષ્ઠ ૫૩,૨૯૩ યોજન અને ૧૦ કળા છે, બાહા ૯,૨૭૬ યોજન અને ૯ ૧/૨ કળા છે. (૮)

ચુલસી સહસા સોલસ, ધણુ હરિવાસે કલાચઉક્કં ચ ।
બાહા તેર સહસ્સા, તિણ્ણિગસટ્ઠા છ કલ સદ્ધા ॥ ૯ ॥

હરિવર્ષક્ષેત્રનું ધનુઃપૃષ્ઠ ૮૪,૦૧૬ યોજન અને ૪ કળા છે, બાહા ૧૩,૩૬૧ યોજન અને ૬ ૧/૨ કળા છે. (૯)

ણિસહ ધણુ ણવ કલા લક્ખ, સહસ ચઉવીસ તિસય છાયાલા ।
બાહા પણ્ણટ્ઠિ સયં, સહસ્સ વીસં દુકલ અદ્ધં ॥ ૧૦ ॥

નિષધપર્વતનું ધનુઃપૃષ્ઠ ૧,૨૪,૩૪૬ યોજન અને ૯ કળા છે, બાહા ૨૦,૧૬૫ યોજન અને ૨ ૧/૨ કળા છે. (૧૦)

સોલસ સહસ અડ સય, તેસીઆ સદ્ધ તેરસ કલા ય ।
બાહા વિદેહમજ્ઝે, ધણુપિટ્ઠં પરિરયસ્સદ્ધં ॥ ૧૧ ॥

મહાવિદેહક્ષેત્રની મધ્યમાં બાહા ૧૬,૮૮૩ યોજન અને ૧૩ ૧/૨ કળા છે, ધનુઃપૃષ્ઠ પરિધિથી અડધું છે. (૧૧)

પ્રતરગણિતની સંગ્રહગાથા

લક્ખટ્ઠારસ પણતીસ, સહસ્સ ચઉ સયા ય પણસીયા ।
બારસ કલા છ વિકલા, દાહિણભરહદ્ધપરં તુ ॥ ૧ ॥

૧૮,૩૫,૪૮૫ યોજન ૧૨ કળા ૬ વિકળા એ દક્ષિણભરતાર્ધક્ષેત્રનું પ્રતર (ક્ષેત્રફળ) છે. (૧)

સત્તહિયા તિણ્ણિ સયા, બારસ ય સહસ્સ પંચ લક્ખા ય ।
બારસ ય કલા પયરં, વેઅઢ્ઢગિરિસ્સ ધરણિતલે ॥ ૨ ॥

૫,૧૨,૩૦૭ યોજન ૧૨ કળા એ વૈતાઢ્યપર્વતનું પૃથ્વીતલ ઉપરનું પ્રતર છે. (૨)

જોઅણ તીસં વાસે, પઢમાએ મેહલાએ પયરમિમં ।
લક્ખતિગ તિસયરિ સયા, ચુલસી ઈક્કારસ કલાઓ ॥ ૩ ॥

૩૦ યોજન પહોળી પહેલી મેખલાનું પ્રતર આ પ્રમાણે છે - ૩,૦૭,૩૮૪ યોજન ૧૧ કળા. (૩)

દસ જોઅણ વિક્ખંભે, બીઆએ મેહલાઈ પયરમિમં ।
લક્ખો ચઉવીસ સયા, ઈગસટ્ઠા દસ કલાઓ અ ॥ ૪ ॥

૧૦ યોજન પહોળી બીજી મેખલાનું પ્રતર આ પ્રમાણે છે - ૧,૦૨,૪૬૧ યોજન ૧૦ કળા. (૪)

અટ્ઠ સયા અડસીઆ, સહસા બત્તીસ તીસ લક્ખા ય ।
કલ બાર વિકલિગારસ, ઉત્તરભરહદ્ધપયરમિમં ॥ ૫ ॥

૩૦,૩૨,૮૮૮ યોજન ૧૨ કળા ૧૧ વિકળા - આ ઉત્તરભરતાર્ધક્ષેત્રનું પ્રતર છે. (૫)

દો કોડિ ચઉદ લક્ખા, સહસા છપ્પન્ન ણવસય ઈગસયરા ।
અટ્ઠ કલા દસ વિકલા, પયરમિમં ચુલ્લહિમવંતે ॥ ૬ ॥

૨,૧૪,૫૬,૯૭૧ યોજન ૮ કળા ૧૦ વિકળા - આ લઘુ હિમવંતપર્વતનું પ્રતર છે. (૬)

હેમવએ છક્કોડી, બાવત્તરિ લક્ખ સહસ તેવણ્ણા ।
પણયાલ સયં પયરો, પંચ કલા અટ્ઠ વિકલા ય ॥ ૭ ॥

હિમવંતક્ષેત્રનું પ્રતર ૬,૭૨,૫૩,૧૪૫ યોજન ૫ કળા ૮ વિકળા છે. (૭)

ગુણવીસ કોડિ અડવણ્ણ-લક્ખ અડસટ્ઠિ સહસ સયમેગં ।
છલ (છા) સીઅં દસ ય કલા, પણ વિકલા પયર મહહિમવે ॥ ૮ ॥

૧૯,૫૮,૬૮,૧૮૬ યોજન ૧૦ કળા ૫ વિકળા એ મહાહિમવંતપર્વતનું પ્રતર છે. (૮)

चउपण्णं कोडीओ, लक्खा सीआल तिसयरि सहस्सा ।
अट्ठ सयं सयरि सत्त य, कलाओ पयरं तु हरिवासे ॥ ९ ॥

૫૪,૪૭,૭૩,૮૭૦ યોજન ૭ કળા - આ હરિવર્ષક્ષેત્રનું પ્રતર છે. (૯)

बायालं कोडिसयं, लक्खा चउपण्ण सहस छासट्ठी ।
पण सय गुणहत्तरि कल, अढार णिसहस्स पयरमिमं ॥ १० ॥

૧,૪૨,૫૪,૬૬,૫૬૯ યોજન ૧૮ કળા - આ નિષધપર્વતનું પ્રતર છે. (૧૦)

तेसट्ठं कोडिसयं, लक्खा सगवण्ण सहस गुणयाला ।
ति सय दुउत्तर दस कल पणरस विकला विदेहद्धे ॥ ११ ॥

૧,૬૩,૫૭,૩૯,૩૦૨ યોજન ૧૦ કળા ૧૫ વિકળા - આ મહાવિદેહાર્ધક્ષેત્રનું પ્રતર છે. (૧૧)

ઘનગણિતની સંગ્રહગાથા

दसजोअणुस्सएे पुण, तेवीस सहस्स लक्ख ईगवण्णा ।
जोअण छावत्तरि छ, कला य वेअड्ढघणगणिअं । १ ॥

૧૦ યોજનની ઊંચાઈમાં વૈતાઢ્યપર્વતનું ઘનગણિત ૫૧,૨૩,૦૭૬ યોજન ૬ કળા છે. (૧)

अट्ठ सया पणयाला, तीसं लक्खा तिहुत्तरि सहस्सा ।
पणरस कला य घणो, दसुस्सएे होई बीअम्मि ॥ २ ॥

બીજા ૧૦ યોજનની ઊંચાઈમાં વૈતાઢ્યપર્વતનું ઘનગણિત ૩૦,૭૩,૮૪૫ યોજન ૧૫ કળા છે. (૨)

सत्तहिआ तिण्णि सया, बारस य सहस्स पंच लक्खा य ।
अवरा य बारस कला, पणुस्सएे होई घणगणिअं ॥ ३ ॥

૫ યોજન ઊંચાઈમાં વૈતાઢ્યપર્વતનું ઘનગણિત ૫,૧૨,૩૦૭ યોજન અને બીજી ૧૨ કળા છે. (૩)

સત્તાસીઈ લક્ખા, ઉણતીસહિયા ય બિનવઈ સયાઈં ।
ઊણાવીસઈ ભાગા, ચઉદસ વેઅઢ્ઢસયલઘણં ॥ ૪ ॥

વૈતાઢ્યપર્વતનું સંપૂર્ણ ઘનગણિત ૮૭,૦૯,૨૨૯ ૧૪/૧૯ યોજન છે. (૪)

હિમવંતિ દુસય ચઉદસ, કોડી છપ્પણ્ણ લક્ખ સગણઉઈ ।
સહસા ચઉઆલસયં, સોલ કલા બાર વિકલ ઘણં ॥ ૫ ॥

હિમવંતપર્વતનું ઘનગણિત ૨,૧૪,૫૬,૯૭,૧૪૪ યોજન ૧૬ કળા ૧૨ વિકળા છે. (૫)

ગુણયાલ સયા સતરસ, કોડી છત્તીસ લક્ખ સગતીસા ।
સહસા તિસય અડુત્તર, બાર વિકલ ઘણં મહાહિમવે ॥ ૬ ॥

મહાહિમવંતપર્વતનું ઘનગણિત ૩૯,૧૭,૩૬,૩૭,૩૦૮ યોજન ૧૨ કળા છે. (૬)

સગવણ્ણ સહસ અટ્ઠાર, કોડિ છાસટ્ઠિ લક્ખ સગવીસં ।
સહસા ણવ સય, એગૂણસીઈ ણિસહસ્સ ઘણગણિઅં ॥ ૭ ॥

નિષધપર્વતનું ઘનગણિત ૫,૭૦,૧૮,૬૬,૨૭,૯૭૯ યોજન છે. (૭)

જંબૂદ્વીપ અધિકાર સમાપ્ત

• • •

• ડાફોડીયા મારતા મારતા ચાલવાથી ઘણા નુકસાનો થાય છે. –
(૧) જીવો પગની નીચે કચડાઈ જાય છે.
(૨) કેળાની છાલ પર પગ આવતા પડી જવાય છે અને ફેક્ચર થઈ જાય છ.
(૩) પગ વિષ્ટાથી ખરડાય છે.
(૪) કાદવમાં કે ખાડામાં પડી જવાય છે.
(૫) કાંટા વાગે છે.
(૬) વિજાતીય તત્ત્વના દર્શનથી આંખ મલિન થાય છે.
(૭) ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે.

: લવણસમુદ્ર અધિકાર :

ગોતિત્થં લવણોભય, જોઅણ પણનવઈસહસ જા તત્થ ।
સમભૂતલાઓ સગસય-જલવુઢ્ઢી સહસમોગાહો ॥ ૧૯૫ ॥ (૧)

લવણસમુદ્રની બંને બાજુ ૯૫,૦૦૦ યોજન સુધી ગીતાર્થ છે. ત્યાં સમભૂતલથી ૭૦૦ યોજન જલવૃદ્ધિ છે અને ૧,૦૦૦ યોજન ઊંડાઈ છે. (૧૯૫) (૧)

તેરાસિએણ મજ્ઝિલ્લ-રાસિણા સગુણિજ્જ અંતિમગં ।
તં પઢમરાસિભઈઅં, ઉવ્વેહં મુણસુ લવણજલે ॥ ૧૯૬ ॥ (૨)

ત્રિરાશિથી મધ્યરાશિવડે અંતિમરાશિને ગુણવી, તે પહેલી રાશિથી ભગાયેલ લવણસમુદ્રના જળની ઊંડાઈ જાણ. (૧૯૬)(૨)

હિટ્ઠુવરિ સહસદસગં, પિહુલા મૂલાઉ સતરસહસ્સુચ્ચા ।
લવણિસિહા સા તદુવરિ, ગાઉદુગં વઢ્ઢઈ દુવેલં ॥ ૧૯૭ ॥ (૩)

નીચે-ઉપર ૧૦,૦૦૦ યોજન પહોળી, મૂળથી ૧૭,૦૦૦ યોજન ઊંચી લવણશિખા છે. તેની ઉપર બે વાર બે ગાઉ પાણી વધે છે. (૧૯૭) (૩)

બહુમજ્ઝે ચઉદિસિ ચઉ, પાયાલા વયરકલસસંઠાણા ।
જોઅણસહસ્સ જડ્ઢા, તદ્દસગુણ હિટ્ઠુવરિ રુંદા ॥ ૧૯૮ ॥ (૪)
લક્ખં ચ મજ્ઝિ પિહુલા, જોઅણલક્ખં ચ ભૂમિમોગાઢા ।
પુવ્વાઈસુ વડવામુહ-કેજુવજૂવેસરભિહાણા ॥ ૧૯૯ ॥ (૫)

લવણસમુદ્રની બહુમધ્યમાં ૪ દિશામાં વજ્રના કળશના આકારના ૪ પાતાલકળશ છે. તે ૧,૦૦૦ યોજન જાડા, તેનાથી ૧૦ ગુણા નીચે-ઉપર પહોળા, વચ્ચે ૧ લાખ યોજન પહોળા, ૧ લાખ યોજન ભૂમિમાં અવગાઢ અને પૂર્વ વગેરે દિશાઓમાં વડવામુખ, કેયૂપ, યૂપ, ઈશ્વર નામના છે. (૧૯૮-૧૯૯) (૪-૫)

અણ્ણે લહુપાયાલા, સગ સહસા અડ સયા સચુલસીઆ ।
પુવ્વુત્તસયંસપમાણા, તત્થ તત્થ પ્પએસેસુ ॥ ૨૦૦ ॥ (૬)

તે તે પ્રદેશોમાં પૂર્વે કહેલા પાતાલકલશોથી ૧૦૦મા ભાગના પ્રમાણવાળા, બીજા ૭,૮૮૪ લઘુ પાતાલકલશ છે. (૨૦૦) (૬)

કાલો અ મહાકાલો, વેલંબપભંજણે અ ચઉસુ સુરા ।
પલિઓવમાઉણો તહ, સેસેસુ સુરા તયદ્ધાઉ ॥ ૨૦૧ ॥ (૭)

ચાર પાતાલકલશોના અધિષ્ઠાયક ૧ પલ્યોપમના આયુષ્યવાળા કાલ, મહાકાલ, વેલંબ, પ્રભંજન દેવો છે. શેષ પાતાલકલશોના અધિષ્ઠાયક તેનાથી અડધા આયુષ્યવાળા દેવો છે. (૨૦૧) (૭)

સવ્વેસિમહોભાગે, વાઉ મજ્ઝિલ્લયમ્મિ જલવાઉ ।
કેવલજલમુવરિલ્લે, ભાગદુગે તત્થ સાસુવ્વ ॥ ૨૦૨ ॥ (૮)
બહવે ઉદારવાયા, મુચ્છંતિ ખુહંતિ દુણ્ણિ વારાઓ ।
એગઅહોરત્તંતો, તયા તયા વેલપરિવુદ્ધી ॥ ૨૦૩ ॥ (૯)

બધા પાતાલકલશોના નીચેના ભાગમાં વાયુ છે, મધ્યભાગમાં જલ અને વાયુ છે, ઉપરના ભાગમાં માત્ર પાણી છે. તે પાતાલકલશોમાં બે ભાગોમાં એક અહોરાત્રમાં બે વાર શ્વાસની જેમ ઘણા ઔદારિક વાયુઓ ઉત્પન્ન થાય છે અને ખળભળે છે. ત્યારે ત્યારે વેલાની વૃદ્ધિ થાય છે. (૨૦૨, ૨૦૩) (૮, ૯)

બાયાલસટ્ઠિદુસયરિ-સહસા નાગાણ મજ્ઝુવરિબાહિં ।
વેલં ધરંતિ કમસો, ચઉહત્તરુલક્ખુ તે સવ્વે ॥ ૨૦૪ ॥ (૧૦)

૪૨,૦૦૦, ૬૦,૦૦૦, ૭૨,૦૦૦ નાગકુમાર દેવો ક્રમશઃ વચ્ચે-ઉપર-બહાર વેલાને ધારણ કરે છે. તે બધા ૧,૭૪,૦૦૦ છે. (૨૦૪) (૧૦)

બાયાલસહસ્સેહિં, પુવ્વેસાણાઈદિસિવિદિસિ લવણે ।
વેલંધરાણુવેલં-ધરરાઈણં ગિરિસુ વાસા ॥ ૨૦૫ ॥ (૧૧)

લવણસમુદ્રમાં પૂર્વ વગેરે અને ઈશાન વગેરે દિશા-વિદિશામાં ૪૨,૦૦૦ યોજન પછી પર્વતો ઉપર વેલંધર અને અનુવેલંધર રાજાઓના આવાસો છે. (૨૦૫) (૧૧)

ગોથૂભે દગભાસે, સંખે દગસીમ નામિ દિસિ સેલે ।
ગોથૂભો સિવદેવો, સંખો અ મણોસિલો રાયા ॥ ૨૦૬ ॥ (૧૨)
કક્કોડે વિજ્જુપભે, કેલાસ રુણપ્પહે વિદિસિ સેલે ।
કક્કોડગુ કદ્દમઓ, કેલાસરુણપ્પહો સામી ॥ ૨૦૭ ॥ (૧૩)

ગોસ્તૂપ, દકભાસ, શંખ, દકસીમ નામના દિશાના પર્વતો ઉપર ગોસ્તૂપ, શિવદેવ, શંખ અને મણશીલ દેવો રાજા છે. કર્કોટક, વિદ્યુત્પ્રભ, કૈલાસ, અરુણપ્રભ નામના વિદિશાના પર્વતો ઉપર કર્કોટક, કર્દમક, કૈલાસ, અરુણપ્રભ દેવો સ્વામી છે.(૨૦૬, ૨૦૭), (૧૨, ૧૩)

એએ ગિરિણો સવ્વે, બાવીસહિઆ ય દસસયા મૂલે ।
ચઉસય ચઉવીસહિઆ, વિત્થિણ્ણા હુંતિ સિહરતલે ॥ ૨૦૮ ॥ (૧૪)

આ બધા પર્વતો મૂળમાં ૧,૦૨૨ યોજન અને શિખરતલે ૪૨૫ યોજન પહોળા છે. (૨૦૮) (૧૪)

સતરસ સય ઈગવીસા, ઉચ્ચત્તે તે સવેઈઆ સવ્વે ।
કણગંકરયયફાલિહ, દિસાસુ વિદિસાસુ રયણમયા ॥ ૨૦૯ ॥ (૧૫)

વેદિકા સહિતના તે બધા પર્વતો ૧,૭૨૧ યોજન ઊંચા છે. દિશામાં પર્વતો સુવર્ણ, અંકરત્ન, રજત અને સ્ફટિકના છે અને વિદિશામાં પર્વતો રત્નમય છે. (૨૦૯) (૧૫)

ણવ ગુણહત્તરિ જાઅણ, બહિ જલુવરિ ચત્ત પણણવઈભાયા ।
એએ મજ્ઝે ણવ સય, તેસટ્ઠા ભાગ સગસયરિ ॥ ૨૧૦ ॥ (૧૬)

આ પર્વતો બહાર (જંબૂદ્વીપની દિશામાં) પાણીની ઉપર ૯૬૯ ૪૦/૯૫ યોજન છે અને મધ્યમાં (લવણસમુદ્રની શિખા તરફ) પાણીની ઉપર ૯૬૩ ૭૭/૯૫ યોજન છે. (૨૧૦) (૧૬)

હિમવંતંતા વિદિસી-સાણાઈગયાસુ ચઉસુ દાઢાસુ ।
સગ સગ અંતરદીવા, પઢમચઉક્કં ચ જગઈઓ ॥ ૨૧૧ ॥ (૧૭)
જોઅણતિસએહિં તઓ, સયસયવુદ્ઢી અ છસુ ચઉક્કેસુ ।
અણ્ણુણ્ણજગઈઅંતરિ, અંતરસમવિત્થરા સવ્વે ॥ ૨૧૨ ॥ (૧૮)

હિમવંતપર્વતના છેડાથી ઈશાન વગેરે વિદિશામાં નીકળેલી ૪ દાઢાઓ ઉપર ૭-૭ અંતરદ્વીપો છે. પહેલા ચાર દ્વીપો જગતીથી ૩૦૦ યોજને છે. પછી દ્વીપોના પરસ્પર અંતરમાં અને જગતિથી અંતરમાં ૬ ચતુષ્કોમાં ૧૦૦-૧૦૦ યોજનની વૃદ્ધિ છે. બધા દ્વીપો અંતર સમાન પહોળા છે. (૨૧૧, ૨૧૨) (૧૭, ૧૮)

પઢમચઉક્કુચ્ચ બહિં, અદ્ધાઈઅજોઅણે અ વીસંસા ।
સયરિંસવુદ્ઢિ પરઓ, મજ્ઝદિસિં સવ્વિ કોસદુગં ॥ ૨૧૩ ॥ (૧૯)

પહેલા ચાર દ્વીપો બહાર (જંબૂદ્વીપની દિશામાં) ૨ ૧/૨ ૨૦/૯૫ યોજન ઊંચા છે. ત્યાર પછી (દરેક ચતુષ્કે) ૭૦/૯૫ યોજનની વૃદ્ધિ થાય છે. મધ્યદિશામાં (લવણશિખાની દિશામાં) બધા દ્વીપો ૨ ગાઉ ઊંચા છે. (૨૧૩) (૧૯)

સવ્વે સવેઈઅંતા, પઢમચઉક્કમ્મિ તેસિ નામાઈ ।
એગોરુઅ આભાસિઅ, વેસાણિઅ ચેવ લંગૂલે ॥ ૨૧૪ ॥ (૨૦)

બધા દ્વીપો વેદિકા સહિતના અંતવાળા છે. પહેલા ચતુષ્કમાં તેમના નામ એકોરુક, આભાષિક, વૈષાણિક અને લાંગૂલિક છે. (૨૧૪) (૨૦)

બીઅચઉક્કે હયગય-ગોસક્કુલિપુવ્વકણ્ણણામાણો ।
આયંસમિંઢગઅઓ-ગોપુવ્વમુહા ય તઈઅમ્મિ ॥ ૨૧૫ ॥ (૨૧)

બીજા ચતુષ્કમાં હયકર્ણ, ગજકર્ણ, ગોકર્ણ, શષ્કુલીકર્ણ નામના દ્વીપો છે. ત્રીજા ચતુષ્કમાં આદર્શમુખ, મેંઢમુખ, અયોમુખ અને ગોમુખ નામના દ્વીપો છે. (૨૧૫) (૨૧)

હયગયહરિવગ્ઘમુહા, ચઉત્થએ અસકણ્ણુ હરિકણ્ણો ।
અકણ્ણ કણ્ણપાવરણુ, દીઓ પંચમચઉક્કમ્મિ ॥ ૨૧૬ ॥ (૨૨)

ચોથા ચતુષ્કમાં હયમુખ, ગજમુખ, હરિમુખ અને વ્યાઘ્રમુખ નામના દ્વીપો છે. પાંચમા ચતુષ્કમાં અશ્વકર્ણ, હરિકર્ણ, અકર્ણ અને કર્ણપ્રાવરણ નામના દ્વીપો છે. (૨૧૬) (૨૨)

ઉક્કમુહો મેહમુહો, વિજ્જુમુહો વિજ્જુદંત છટ્ઠમ્મિ ।
સત્તમગે દંતંતા, ઘણલટ્ઠનિગૂઢસુદ્ધા ય ॥ ૨૧૭ ॥ (૨૩)

છઠ્ઠા ચતુષ્કમાં ઉલ્કામુખ, મેઘમુખ, વિદ્યુન્મુખ, વિદ્યુદંત નામના દ્વીપો છે. સાતમા ચતુષ્કમાં દંત અંતવાળા ઘન, લષ્ટ, નિગૂઢ, શુદ્ધ નામના દ્વીપો છે. (૨૧૭) (૨૩)

એમેવ ય સિહરિમ્મિ વિ, અડવીસં સવ્વિ હુંતિ છપ્પણ્ણા ।
એએસુ જુઅલરૂવા, પલિઆસંખંસઆઉ ણરા ॥ ૨૧૮ ॥ (૨૪)

એ જ પ્રમાણે શિખરી પર્વત (ની દાઢાઓ) ઉપર પણ ૨૮ દ્વીપો છે. બધા ૫૬ દ્વીપો છે. એ દ્વીપોમાં પલ્યોપમના અસંખ્યાતમા

ભાગના આયુષ્યવાળા યુગલિક મનુષ્યો રહે છે. (૨૧૮) (૨૪)

જોઅણદસમંસતણૂ, પિટ્ઠિકરંડાણમેસિ ચઉસટ્ઠી ।
અસણં ચ ચઉત્થાઓ, ગુણસીદિણ –વચ્ચપાલણયા ॥ ૨૧૯ ॥ (૨૫)

એ મનુષ્યો યોજનના ૧૦મા ભાગ જેટલા શરીરવાળા છે. એમની ૬૪ પાંસળીઓ છે. એમનો આહાર એકાંતરે હોય છે અને સંતાનપાલન ૭૯ દિવસ હોય છે. (૨૧૯) (૨૫)

પચ્છિમદિસિ સુત્થિઅલવણ-સામિણો ગોઅમુ ત્તિ ઈગુ દીવો ।
ઉભઓ વિ જંબુલાવણ, દુદુ રવિદીવા ય તેસિં ચ ॥ ૨૨૦ ॥ (૨૬)
જગઈપરુપ્પરઅંતરિ, તહ વિત્થર બારજોઅણસહસ્સા ।
એમેવ ય પુવ્વદિસિં, ચંદચઉક્કસ્સ ચઉ દીવા ॥ ૨૨૧ ॥ (૨૭)
એવં ચિઅ બાહિરઓ, દીવા અટ્ઠટ્ઠ પુવ્વપચ્છિમઓ ।
દુદુ લવણ છ છ ધાયઈ-સંડ સસીણં રવીણં ચ ॥ ૨૨૨ ॥ (૨૮)

લવણસમુદ્રમાં પશ્ચિમ દિશામાં લવણસમુદ્રના સ્વામી સુસ્થિત દેવનો ગૌતમ નામનો એક દ્વીપ છે. તેની બંને બાજુ જંબૂદ્વીપ અને લવણસમુદ્રના બે-બે સૂર્યના બે-બે સૂર્યદ્વીપો છે. તેમનું જગતીથી અંતર, પરસ્પર અંતર અને વિસ્તાર ૧૨,૦૦૦ યોજન છે. એ જ પ્રમાણે પૂર્વદિશામાં ચાર ચંદ્રના ચાર દ્વીપો છે. એ જ પ્રમાણે (લવણશિખાની) બહારની બાજુ પૂર્વ-પશ્ચિમમાં લવણસમુદ્રના ૨-૨ અને ધાતકીખંડના ૬-૬ ચંદ્રના અને સૂર્યના ૮-૮ દ્વીપો છે. (૨૨૦-૨૨૨) (૨૬-૨૮)

એએ દીવા જલુવરિ, બહિં જોઅણ સટ્ઠઅટ્ઠસીઈ તહા ।
ભાગા વિ અ ચાલીસા, મજ્ઝે પુણ કોસદુગમેવ ॥ ૨૨૩ ॥ (૨૯)

આ દ્વીપો બહારની દિશામાં (જંબૂદ્વીપ તરફ) ૮૮ ૧/૨ ૪૦/૯૫ યોજન પાણીની બહાર છે અને મધ્યમાં (ધાતકીખંડ તરફ) ૨ ગાઉ પાણીની બહાર છે. (૨૨૩) (૨૯)

कुलगिरिपासायसमा, पासाया एसु णिअणिअपहूणं ।
तह लावणजोईसिआ, दगफालीह उड्ढलेसागा ॥ २२४ ॥ (૩૦)

આ દ્વીપોમાં પોતપોતાના સ્વામીના કુલગિરિના પ્રાસાદ સમાન પ્રાસાદ છે. તથા લવણસમુદ્રના જ્યોતિષ વિમાનો ઉદકસ્ફટિકના અને ઉપર પ્રકાશ કરનારા છે. (૨૨૪) (૩૦)

લવણસમુદ્ર અધિકાર સમાપ્ત

● ● ●

- ગુરુ કદાચ પક્ષપાત પણ કરે અને શિષ્યને ન સાચવે તો પણ શિષ્યે તો ગુરુબહુમાન અવશ્ય ટકાવી રાખવું. ભવિષ્યમાં કે ભવાંતરમાં શિષ્યને પોતે કરેલા વિનય-બહુમાનનું ફળ મળવાનું જ છે. ગુરુ તરફથી આ ભવમાં વળતર નથી મળ્યું તો ભવાંતરમાં અવશ્ય મળશે.
- રોજ સવાર પડે અને શિષ્ય ગુરુને પૂછે – આજે મારે શું કરવાનું છે ? પછી ગુરુ જે યોગની સાધના બતાવે તે કરે, પણ પોતાનો આગ્રહ ન રાખે.
- ગુરુની માત્ર આજ્ઞા પાળે તે તો નોકર છે, કેમ કે નોકર પણ પોતાના શેઠની આજ્ઞા પાળે છે. સાચો શિષ્ય તો તે છે જે ગુરુની ઇચ્છા પ્રમાણે પોતાનું જીવન બનાવે. આજ્ઞા કરતા પણ ઇચ્છા ચડે.

ધાતકીખંડ અધિકાર

જામુત્તરદાહેણ, દસસયસમપિહુલ પણસયુચ્ચેણં ।
ઉસુયારગિરિજુગેણં, ધાયઈસંડો દુહવિહત્તો ॥ ૨૨૫ ॥ (૧)

દક્ષિણ-ઉત્તર લાંબા, ૧,૦૦૦ યોજન સમાન પહોળા, ૫૦૦ યોજન ઊંચા બે ઈષુકારપર્વતો વડે ધાતકીખંડ બે ભાગમાં વહેંચાયેલો છે. (૨૨૫) (૧)

ખંડદુગે છ છ ગિરિણો, સગ સગ વાસા અરવિવરરૂવા ।
ધુરિ અંતિ સમા ગિરિણો, વાસા પુણ પિહુલપિહુલયરા ॥ ૨૨૬ ॥

બંને ભાગમાં છ-છ પર્વતો અને આરાના છિદ્ર સમાન ૭-૭ ક્ષેત્રો છે. પર્વતોમાં શરૂમાં અને અંતે સમાન છે, ક્ષેત્રો પહોળા અને વધુ પહોળા છે. (૨૨૬) (૨)

દહકુંડુંડત્તામમે-રુમુસ્સયં વિત્થરં વિઅઢ્ઢાણં ।
વટ્ટગિરીણં ચ સુમે-રુવજ્જમિહ જાણ પુવ્વસમં ॥ ૨૨૭ ॥

દ્રહ અને કુંડોની ઊંડાઈ, મેરુપર્વત સિવાયના પર્વતોની ઊંચાઈ, વૈતાઢ્યપર્વતો અને મેરુપર્વત સિવાયના વૃત્ત પર્વતોની પહોળાઈ અહીં પહેલાની સમાન જાણ. (૨૨૭) (૩)

મેરુદુગં પિ તહ ચ્ચિઅ, ણવરં સોમણસહિટ્ઠુવરિદેસે ।
સગઅડસહસઊણું ત્તિ, સહસપણસીઈ ઉચ્ચત્તે ॥ ૨૨૮ ॥

બંને મેરુપર્વતો પણ તે જ પ્રમાણે છે, પણ સૌમનસવનના નીચે અને ઉપરના ભાગમાં ૭,૦૦૦ અને ૮,૦૦૦ યોજન ન્યૂન છે. ઊંચાઈમાં ૮૫,૦૦૦ યોજન છે. (૨૨૮) (૪)

તહ પણણવઈ ચઉણઉઅ, અદ્ધચઉણઉઅ અટ્ઠતીસા ય ।
દસ સયાઈ કમેણં, પણટ્ઠાણ પિહુત્તિ હિટ્ઠાઓ ॥ ૨૨૯ ॥ (૫)

તથા ૯,૫૦૦, ૯,૪૦૦, ૯,૩૫૦, ૩,૮૦૦, ૧,૦૦૦ યોજન નીચેથી ક્રમશઃ પાંચ સ્થાનો (મૂળ, ભૂતલ, નંદનવન, સૌમનસવન અને શિખર) માં પહોળાઈ છે. (૨૨૯) (૫)

ણઈકુંડદીવવણમુહ-દહદીહરસેલકમલવિત્થારં ।
ણઈઉંડત્તં ચ તહા, દહદીહત્તં ચ ઈહ દુગુણં ॥ ૨૩૦ ॥ (૬)

નદી, કુંડ, દ્વીપ, વનમુખ, દ્રહ, દીર્ઘપર્વતો (વર્ષધરપર્વતો), કમળોની પહોળાઈ અને નદીની ઊંડાઈ તથા દ્રહની લંબાઈ અહીં બમણી છે. (૨૩૦) (૬)

ઈગલક્ખુ સત્તસહસા, અડ સય ગુણસીઈ ભદ્દસાલવણં ।
પુવ્વાવરદીહંતં, જામુત્તર અટ્ઠસીભઈઅં ॥ ૨૩૧ ॥ (૭)

ભદ્રશાલવન પૂર્વ-પશ્ચિમમાં ૧,૦૭,૮૭૯ યોજન લાંબુ અને તેને ૮૦ થી ભાગીએ તેટલું દક્ષિણ-ઉત્તર પહોળું છે. (૨૩૧)(૭)

બહિ ગયદંતા દીહા, પણલક્ખૂણસયરિસહસ દુગુણટ્ઠા ।
ઈઅરે તિલક્ખછપ્પણ્ણ-સહસ્સ સય દુણ્ણિ સગવીસા ॥ ૨૩૨ ॥ (૮)

બહારની તરફના ગજદંતપર્વતો ૫,૬૯,૨૫૯ યોજન લાંબા છે. બીજા (અંદરની તરફના ગજદંતપર્વતો) ૩,૫૬,૨૨૭ યોજન લાંબા છે. (૨૩૨) (૮)

ખિત્તાણુમાણઓ સેસ-સેલણઈવિજયવણમુહાયામો ।
ચઉલક્ખદીહ વાસા, વાસવિજયવિત્થરો ઉ ઈમો ॥ ૨૩૩ ॥ (૯)

શેષ પર્વતો, નદી, વિજય, વનમુખની લંબાઈ ક્ષેત્રને અનુસારે છે. ક્ષેત્રો ૪ લાખ યોજન લાંબા છે. ક્ષેત્રો અને વિજયોની પહોળાઈ આ પ્રમાણે છે – (૨૩૩) (૯)

ખિત્તંકગુણધુવંકે, દો સય બારુત્તરેહિં પવિભત્તે ।
સવ્વત્થ વાસવાસો, હવેઈ ઈહ પુણ ઈય ધુવંકા ॥ ૨૩૪ ॥ (૧૦)

ક્ષેત્રના અંકને ધ્રુવ અંક સાથે ગુણવો, તેને ૨૧૨થી ભાગવો. એ બધે ક્ષેત્રોની પહોળાઈ છે. અહીં આ પ્રમાણે ધ્રુવ અંકો છે. (૨૩૪) (૧૦)

ધુરિ ચઉદ લક્ખ દુસહસ, દોસગણઉઆ ધુવં તહા મજ્ઝે ।
દુસય અડુત્તર સતસ-ટ્ઠિસહસ છવ્વીસ લક્ખા ય ॥ ૨૩૫ ॥ (૧૧)
ગુણવીસ સયં બત્તીસ, સહસ ગુણયાલ લક્ખ ધુવમંતે ।
ણઈગિરિવણમાણવિસુ-દ્ધખિત્ત સોલંસપિહુ વિજયા ॥ ૨૩૬ ॥ (૧૨)

શરૂમાં ધ્રુવાંક ૧૪,૦૨,૨૯૭ યોજન છે. મધ્યમાં ધ્રુવાંક ૨૬,૬૭,૨૦૮ યોજન છે. અંતે ધ્રુવાંક ૩૯,૩૨,૧૧૯ યોજન છે. ક્ષેત્રની પહોળાઈમાંથી નદી, પર્વત, વનના પ્રમાણને બાદ કરી ૧૬ થી ભાગી વિજયોની પહોળાઈ આવે છે. (૨૩૫, ૨૩૬) (૧૧, ૧૨)

ણવ સહસા છ સય તિઉ-ત્તરા ય છચ્ચેવ સોલ ભાયા ય ।
વિજયપિહુત્તં ણઈગિરિ-વણવિજયસમાસિ ચઉલક્ખા ॥ ૨૩૭ ॥ (૧૩)

વિજયોની પહોળાઈ ૯,૬૦૩ ૬/૧૬ યોજન છે. નદી, પર્વત, વન, વિજયનો સરવાળો ૪ લાખ યોજન છે. (૧૩) (૨૩૭)

पुव्वं व पुरी अ तरु, परमुत्तरकुरुसु धाई महधाई ।
रुक्खा तेसु सुदंसण-पियदंसणनामया देवा ॥ २३८ ॥ (१४)

પહેલાની જેમ નગરી અને વૃક્ષો છે, પણ ઉત્તરકુરુમાં ધાતકી-મહાધાતકી વૃક્ષો છે. તેમની ઉપર સુદર્શન અને પ્રિયદર્શન નામના દેવો છે. (૨૩૮) (૧૪)

धुवरासीसु अ मिलिआ, एगो लक्खो अ अडसयरी सहस्सा ।
अट्ठ सया बायाला, परिहितिगं धायईसंडे ॥ २३९ ॥ (१५)

ધ્રુવરાશીમાં ૧,૭૮,૮૪૨ યોજન ઉમેરવાથી ધાતકીખંડમાં ત્રણ પરિધિ આવે. (૧૫) (૨૩૯)

ધાતકીખંડ અધિકાર સમાપ્ત

• • •

- ગુરુ એકાંતે આપણા હિતકારી છે. આપણને નુકસાન થાય તેવું ક્યારેય તેઓ ફરમાવતા નથી. તો પછી તેમની ઇચ્છા મુજબ જીવન જીવવામાં આપણને વાંધો શું ?
- દુનિયાભરની જાણકારી મેળવવાની આપણને ઇચ્છા થાય, પણ ગુરુની મારા માટે શું ઇચ્છા છે એ જાણવાની આપણને તાલાવેલી ખરી ?
- જો ગુરુ પ્રત્યે સમર્પણભાવ ન હોય તો બહારથી સાધુપણું હોવા છતાં અંદરથી સાધુપણું નથી.

કાલોદધિ અધિકાર

કાલોઓ સવ્વત્થ વિ, સહસ્સુંડો વેલવિરહિઓ તત્થ ।
સુત્થિઅસમક્કલમહા-કાલસુરા પુવ્વપચ્છિમઓ ॥ ૨૪૦ ॥ (૧)

કાલોદ સમુદ્ર બધે ૧,૦૦૦ યોજન ઊંડો અને વેલા વિનાનો છે. ત્યાં પૂર્વ-પશ્ચિમમાં સુસ્થિત દેવ જેવા કાલ-મહાકાલ દેવો છે. (૨૪૦) (૧)

લવણમ્મિ વ જહસંભવ, સસિરવિદીવા ઈહં પિ નાયવ્વા ।
ણવરં સમંતઓ તે, કોસદુગુચ્ચા જલસ્સુવરિં ॥ ૨૪૧ ॥ (૨)

લવણસમુદ્રની જેમ અહીં પણ યથાસંભવ (જેમ સંભવે તેમ) ચંદ્રદ્વીપ અને સૂર્યદ્વીપ જાણવા, પણ તેઓ ચારેબાજુથી પાણીની ઉપર ૨ ગાઉ ઊંચા છે. (૨૪૧) (૨)

કાલોદધિ અધિકાર સમાપ્ત

● ● ●

- આપણે કયુ પચ્ચક્ખાણ લેવાનું એ નક્કી કોણે કરવાનું – આપણે કે ગુરુએ ? ગુરુ સમજી વિચારીને જ પચ્ચક્ખાણ આપે. જે આપે તે લઈ લેવું. એમની કૃપાથી પચ્ચક્ખાણનું અવશ્ય પાલન થઈ જાય.
- ચારિત્ર એટલે મન-વચન-કાયા ગુરુને સમર્પિત કરવા.

પુષ્કરવરદ્વીપાર્ધ અધિકાર

પુક્ખરદલબહિજગઈ, વ્વ સંઠિઓ માણુસુત્તરો સેલો ।
વેલંધરગિરિમાણો, સીહણિસાઈ ણિસઢવણ્ણો ॥ ૨૪૨ ॥ (૧)

માનુષોત્તરપર્વત વેલંધરગિરિના પ્રમાણવાળો, બેઠેલા સિંહ જેવો, નિષધપર્વતના વર્ણવાળો, પુષ્કરવરાર્ધદ્વીપની બહારની જગતીની જેમ રહેલો છે. (૨૪૨) (૧)

જહ ખિત્તણગાઈણં, સંઠાણો ધારએ તહેવ ઈહં ।
દુગુણો અ ભદ્દસાલો, મેરુસુયારા તહા ચેવ ॥ ૨૪૩ ॥ (૨)

જેમ ધાતકીખંડમાં ક્ષેત્ર-પર્વતોના સંસ્થાન છે તેમ અહીં પણ છે. ભદ્રશાલવન બમણો છે. મેરુપર્વત અને ઈષુકારપર્વતો તે જ પ્રમાણે છે. (૨૪૩)(૨)

ઈહ બાહિરગયદંતા, ચઉરો દીહત્તિ વીસસયસહસ્સા ।
તેઆલીસ સહસ્સા, ઉણવીસહિઆ સયા દુણ્ણિ ॥ ૨૪૪ ॥ (૩)

અહીં બહારના ૪ ગજદંતપર્વતો ૨૦,૪૩,૨૧૯ યોજન લાંબા છે. (૨૪૪) (૩)

અબ્ભિતર ગયદંતા, સોલસ લક્ખા ય સહસ છવ્વીસા ।
સોલહિઅં સયમેગં, દીહત્તે, હુંતિ ચઉરો વિ ॥ ૨૪૫ ॥ (૪)

અંદરના ચારે ય ગજદંતપર્વતો ૧૬,૨૬,૧૧૬ યોજન લાંબા છે. (૨૪૫) (૪)

સેસા પમાણઓ જહ, જંબૂદીવાઉ ધાઈએ ભણિઆ ।
દુગુણા સમા ય તે તહ, ધાઈઅસંડાઉ ઈહ ણેઆ ॥ ૨૪૬ ॥ (૫)

શેષ ક્ષેત્રો-પર્વતો વગેરે જેમ જંબૂદ્વીપ કરતા ધાતકીખંડમાં બમણા અને સમાન કહ્યા હતા તેમ તે ધાતકીખંડ કરતા અહીં (બમણા અને સમાન) જાણવા. (૨૪૬)(૫)

અડસી લક્ખા ચઉદસ, સહસા તહ ણવ સયા ય ઈગવીસા ।
અબ્ભિંતર ધુવરાસી, પુવ્વુત્તવિહીઇ ગણિઅવ્વો ॥ ૨૪૭ ॥ (૬)

૮૮,૧૪,૯૨૧ યોજન આ અભ્યંતર ધ્રુવરાશી પૂર્વે કહેલ વિધિથી ગણવો. (૨૪૭)(૬)

ઈગ કોડિ તેર લક્ખા, સહસા ચઉચત્ત સગ સય તિયાલા ।
પુક્ખરવરદીવદ્ધે, ધુવરાસી એસ મજ્ઝમ્મિ ॥ ૨૪૮ ॥ (૭)

૧,૧૩,૪૪,૭૪૩ યોજન આ પુષ્કરવરદ્વીપાર્ધમાં મધ્ય ધ્રુવરાશિ છે. (૨૪૮) (૭)

એગા કોડિ અડતી-સ લક્ખ ચઉહત્તરી સહસ્સા ય ।
પંચ સયા પણસટ્ઠા, ધુવરાસી પુક્ખરદ્ધંતે ॥ ૨૪૯ ॥ (૮)

૧,૩૮,૭૪,૫૬૫ યોજન આ પુષ્કરવરદ્વીપાર્ધને અંતે ધ્રુવરાશિ છે. (૨૪૯) (૮)

ગુણવીસ સહસ સગ સય, ચઉણઉઅ સવાય વિજયવિક્ખંભો ।
તહ ઈહ બહિવહસલિલા, પવિસંતિ અ ણરણગસ્સાહો ॥ ૨૫૦ ॥ (૯)

વિજયની પહોળાઈ ૧૯,૭૯૪ ૧/૪ યોજન છે. તથા અહીં બહાર વહેનારી નદીઓ માનુષોત્તરપર્વતની નીચે પ્રવેશે છે. (૨૫૦) (૯)

પુક્ખરદલપુવ્વાવર-ખંડંતો સહસ દુગ પિહુ દુકુંડા ।
ભણિયા તટ્ઠાણં પુણ, બહુસ્સુયા ચેવ જાણંતિ ॥ ૨૫૧ ॥ (૧૦)

પુષ્કરવરદ્વીપાર્ધના પૂર્વ-પશ્ચિમ વિભાગમાં ૨૦૦૦ યોજન પહોળા બે કુંડ કહ્યા છે. તેમનું સ્થાન તો બહુશ્રુતો જ જાણે છે. (૨૫૧) (૧૦)

ઈહ પઉમમહાપઉમા, રુક્ખા ઉત્તરકુરુસુ પુવ્વં વ ।
તેસુ વિ વસંતિ દેવા, પઉમો તહ પુંડરીઓ અ ॥ ૨૫૨ ॥ (૧૧)

અહીં પૂર્વની જેમ ઉત્તરકુરુમાં પદ્મ અને મહાપદ્મ વૃક્ષો છે. તેમની ઉપર પદ્મ અને પુંડરીક દેવો વસે છે. (૨૫૨) (૧૧)

દોગુણહત્તરિ પઢમે, અડ લવણે બીઅદિવિ તઈઅદ્ધે ।
પિહુ પિહુ પણ સય ચાલા, ઈગ ણરખિત્તે સયલગિરિણો ॥ ૨૫૩ ॥ (૧૨)
તેરહ સય સગવણ્ણા, તે પણમેરુહિં વિરહિઆ સવ્વે ।
ઉસ્સેહપાયકંદા, માણુસસેલો વિ એમેવ ॥ ૨૫૪ ॥ (૧૩)

પહેલા જંબૂદ્વીપમાં ૨૬૯, લવણસમુદ્રમાં ૮, બીજા દ્વીપ (ધાતકીખંડ)માં અને ત્રીજા અર્ધદ્વીપમાં જુદા જુદા ૫૪૦ પર્વતો છે. આ પ્રમાણે મનુષ્યક્ષેત્રમાં બધા પર્વતો ૧,૩૫૭ છે. ૫ મેરુપર્વતો સિવાયના તે બધા પર્વતો ઊંચાઈના ચોથા ભાગ જેટલા ભૂમિમાં છે. માનુષોત્તરપર્વત પણ એ જ પ્રમાણે છે. (૨૫૩, ૨૫૪) (૧૨, ૧૩)

ધુવરાસીસુ તિલક્ખા, પણપણ્ણ સહસ્સ છ સય ચુલસીઆ ।
મિલિયા હવંતિ કમસો, પરિહિતિગં પુક્ખરદ્ધસ્સ ॥ ૨૫૫ ॥ (૧૪)

ધ્રુવરાશિઓમાં ૩,૫૫,૬૪૦ ઉમેરીએ એટલે પુષ્કરવરાર્ધદ્વીપની ક્રમશઃ ત્રણ પરિધિ થાય છે. (૨૫૫) (૧૪)

ણઈદહઘણથણિઆગણિ-જિણાઈણરજમ્મમરણકાલાઈ ।
પણયાલલક્ખજોઅણ-ણરખિત્તં મુત્તુ ણો પુ(પ)રઓ ॥ ૨૫૬ ॥ (૧૫)

૪૫ લાખ યોજનના મનુષ્યક્ષેત્રને છોડીને પછી નદી, દ્રહ, વાદળ, વિજળી, અગ્નિ, તીર્થંકર વગેરે મનુષ્યના જન્મ-મરણ, કાલ વગેરે નથી. (૨૫૬) (૧૫)

પુષ્કરવરાર્ધદ્વીપ અધિકાર સમાપ્ત

• • •

મનુષ્યક્ષેત્રની બહારનો અધિકાર

ચઉસુ વિ ઉસુઆરેસું, ઈક્કિક્કં ણરણગમ્મિ ચત્તારિ ।
કૂડોવરિ જિણભવણા, કુલગિરિજિણભવણપરિમાણા ॥ ૨૫૭ ॥ (૧)

ચારે ય ઈષુકાર પર્વતો ઉપર ૧-૧ જિનભવન છે. માનુષોત્તરપર્વતો ઉપરના ૪ કૂટો ઉપર ૪ જિનભવનો છે. આ જિનભવનો કુલગિરિના જિનભવનોની સમાન પરિમાણવાળા છે. (૨૫૭) (૧)

તત્તો દુગુણપમાણા, ચઉદારા થુત્તવણ્ણિઅસરૂવે ।
ણંદીસરિ બાવણ્ણા, ચઉ કુંડલિ રુઅગિ ચત્તારિ ॥ ૨૫૮ ॥ (૨)

તેનાથી બમણા પ્રમાણવાળા, ચાર દ્વારવાળા પર જિનભવનો સ્તોત્રમાં જેના સ્વરૂપનું વર્ણન કરાયું છે એવા નંદીશ્વરદ્વીપમાં છે, ૪ જિનભવનો કુંડલદ્વીપમાં છે અને ૪ જિનભવનો રુચકદ્વીપમાં છે. (૨૫૮) (૨)

બહુસંખવિગપ્પે રુઅ-ગદીવિ ઉચ્ચત્તિ સહસ ચુલસીઈ ।
ણરણગસમ રુઅગો પુણ, વિત્થરિ સયઠાણિ સહસંકો ॥ ૨૫૯ ॥ (૩)

ઘણી સંખ્યાના વિકલ્પવાળા રુચકદ્વીપમાં ઊંચાઈમાં ૮૪,૦૦૦ યોજન વિસ્તારમાં માનુષોત્તરપર્વત સમાન પણ ૧૦૦ના સ્થાને ૧,૦૦૦નો અંક જેટલો (એટલે ૧૦,૦૨૨ યોજન) રુચક પર્વત છે. (૨૫૯) (૩)

તસ્સ સિહરમ્મિ ચઉદિસિ, બીઅસહસીગિગુ ચઉત્થિ અટ્ઠટ્ઠા ।
વિદિસિ ચઉ ઈઅ ચત્તા, દિસિકુમરી કૂડસહસંકા ॥ ૨૬૦ ॥ (૪)

તેના શિખર ઉપર ચારે દિશામાં બીજા હજાર યોજનમાં ૧-૧ કૂટ અને ચોથા હજાર યોજનમાં ૮-૮ કૂટો અને વિદિશામાં ૪ સહસ્રાંક કુટો છે - આમ દિક્કુમારિઓના ૪૦ કૂટો છે. (૨૬૦) (૪)

ઇહ કઇવયદીવોદહિ-વિઆરલેસો મએ વિમઇણાવિ ।
લિહિઓ જિણગણહરગુરુ-સુઅસુઅદેવીપસાએણ ॥ ૨૬૧ ॥ (૫)

આ પ્રમાણે બુદ્ધિરહિત એવા પણ મેં તીર્થંકર, ગણધર, ગુરુ, શ્રુત અને શ્રુતદેવીની કૃપાથી કેટલાક દ્વીપ-સમુદ્રોનો અલ્પ વિચાર લખ્યો. (૨૬૧) (૫)

સેસાણ દીવાણ તહોદહીણં, વિઆરવિત્થારમણોરપારં ।
સયા સુઆઓ પરિભાવયંતુ, સવ્વં પિ સવ્વન્નુમઇક્કચિત્તા ॥ ૨૬૨ ॥ (૬)

શેષ દ્વીપો અને સમુદ્રોના પાર વિનાના સર્વ પણ વિચારના વિસ્તારને સર્વજ્ઞમતમાં એકચિત્તવાળા જીવો હંમેશા શ્રુતમાંથી જાણો. (૨૬૨) (૬)

સૂરીહિ જં રયણસેહરનામએહિં, અપ્પત્થમેવ રઈઅં ણરખિત્તવિક્ખં ।
સંસોહિઅં પયરણં સુઅણેહિ લોએ, પાવેઉ તં કુસલરંગમઈ પસિદ્ધિં ॥ ૨૬૩ ॥ (૭)

રત્નશેખર નામના આચાર્યએ પોતાની માટે જ મનુષ્યક્ષેત્રની અપેક્ષાવાળુ જે પ્રકરણ રચ્યુ અને સજ્જનોએ સારી રીતે શુદ્ધ કર્યું તે લોકમાં કુશળ અને આનંદમય પ્રસિદ્ધિને પામો. (૨૬૩) (૭)

મનુષ્યક્ષેત્રની બહારનો અધિકાર સમાપ્ત
લઘુક્ષેત્રસમાસના મૂળ ગાથા-શબ્દાર્થ સમાપ્ત

• • •

- જીવનમાં તકલીફ આવે ત્યારે ધર્મ વધારવાનો કે ઘટાડવાનો ? તકલીફ પુણ્ય ઘટવાના કારણે આવે છે. એ વખતે ધર્મ પણ ઘટાડી દઈએ તો તકલીફ વધી જવાની. તકલીફમાં પણ ધર્મ ચાલુ રાખવાથી પુણ્ય વધે છે અને તકલીફ દૂર થાય છે.

પરિશિષ્ટ-૧

ક્ષેત્રસમાસમાં આવતા શાસ્ત્રીય પારિભાષિક શબ્દો અને તેમના ગુજરાતી-અંગ્રેજી પર્યાયવાચી શબ્દોની યાદી –

ક્રમ	શાસ્ત્રીય પારિભાષિક શબ્દો	ગુજરાતી પર્યાયવાચી શબ્દો	અંગ્રેજી પર્યાયવાચી શબ્દો
૧	લંબાઈ	લંબાઈ	Length
૨	વિષ્કંભ	પહોળાઈ	Width
૩	બાહલ્ય	જાડાઈ	Thickness
૪	ઊંચાઈ	ઊંચાઈ	Height
૫	ઊંડાઈ	ઊંડાઈ	Depth
૬	પરિધિ	પરિઘ	Circumference
૭	પ્રતરગણિત	ક્ષેત્રફળ	Area
૮	ઘનગણિત	ઘનફળ	Volume
૯	ઈષુ	બાણ	Arrow
૧૦	જીવા	જીવા	Chord
૧૧	નાની જીવા	લઘુ જીવા	Minor Chord
૧૨	મોટી જીવા	ગુરુ જીવા	Major Chord
૧૩	ધનુઃપૃષ્ઠ	ચાપ	Arc
૧૪	નાનુ ધનુઃપૃષ્ઠ	લઘુલઘુચાપ	MinorMinor Arc
૧૫	મોટુ ધનુઃપૃષ્ઠ	લઘુગુરુચાપ	MinorMajor Arc
૧૬	બાહા	ભુજ	Arm
૧૭	વૃત્ત	વર્તુળ	Circle

ક્રમ	શાસ્ત્રીય પારિભાષિક શબ્દો	ગુજરાતી પર્યાયવાચી શબ્દો	અંગ્રેજી પર્યાયવાચી શબ્દો
૧૮	વલય	વલય	Ring
૧૯	ગોતીર્થ	ઢાળ	Slope
૨૦	વર્ગ	વર્ગ	Square
૨૧	વર્ગમૂળ	વર્ગમૂળ	Squareroot
૨૨	ઘન	ઘન	Cube
૨૩	ઘનમૂળ	ઘનમૂળ	Cuberoot
૨૪	વૃત્તનો વિષ્કંભ	વ્યાસ	Diameter
૨૫	કરણ	સૂત્ર	Formula

ગણિતમાં ઉપયોગી કેટલાક ગુજરાતી પારિભાષિક શબ્દો અને તેમના અંગ્રેજી પર્યાયવાચી શબ્દોની યાદી –

ક્રમ	ગણિતના ગુજરાતી પારિભાષિક શબ્દો	અંગ્રેજી પર્યાયવાચી શબ્દો
૧	સરવાળો	Addition
૨	સરવાળો કરવો	To Add
૩	બાદબાકી	Subtraction
૪	બાદબાકી કરવી	To Subtract
૫	ગુણાકાર	Multiplication
૬	ગુણાકાર કરવો, ગુણવુ	To Multiply
૭	ભાગાકાર	Division
૮	ભાગાકાર કરવો, ભાગવુ	To Divide
૯	ભાગફળ	Quotient

ક્રમ	ગણિતના ગુજરાતી પારિભાષિક શબ્દો	અંગ્રેજી પર્યાયવાચી શબ્દો
૧૦	ભાજ્ય	Dividend
૧૧	ભાજક	Divisor
૧૨	શેષ	Remainder
૧૩	ત્રિકોણ	Triangle
૧૪	પાયો	Base
૧૫	વેધ	Altitude
૧૬	ત્રિજ્યા	Radius
૧૭	વૃત્તખંડ	Segment
૧૮	લઘુ વૃત્તખંડ	Minor Segment
૧૯	ગુરુ વૃત્તખંડ	Major Segment
૨૦	વૃત્તાંશ	Sector
૨૧	રેખાખંડ	Line Segment
૨૨	ચોરસ	Square
૨૩	લંબચોરસ	Rectangle
૨૪	ષટ્કોણ	Hexagon
૨૫	અષ્ટકોણ	Octagon
૨૬	કેન્દ્રબિંદુ	Centre


• • •

• તકલીફ આવે ત્યારે અશુભ કર્મોનો નિકાલ થાય છે એમ વિચારી આનંદ પામવો.

પરિશિષ્ટ-૨

ક્ષેત્રસમાસમાં આવતાં પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓ અને તેમના ગુજરાતી-અંગ્રેજી પર્યાયવાચી શબ્દોની વ્યાખ્યાઓ -

(૧) રેખાખંડ :



(i) રેખાખંડને દર્શાવે છે.

(ii) રેખાખંડ AB, જે રેખાનો ભાગ છે તે રેખા પણ દર્શાવે છે.

$\overleftrightarrow{AB}$ ના A અને B બિંદુઓ તથા A અને B ની વચ્ચેના તમામ બિંદુઓનો ગણ રેખાખંડ AB કહેવાય. $\overleftrightarrow{AB}$ એટલે રેખા AB. રેખાખંડ AB ને સંકેતમાં $\overline{AB}$ લખાય છે.

Line-Segment :

(i) Shows a line-segment

(ii) Represents a line-segment as a part of a line.


The set of all points of $\overleftrightarrow{AB}$ lying between A and B together with A and B is called a line-segment. $\overleftrightarrow{AB}$ denotes line AB. Line-segment AB is denoted by $\overline{AB}$.

(૨) જીવા :

શાસ્ત્રીય વ્યાખ્યા :

તે તે ક્ષેત્ર-પર્વતોના પૂર્વ-પશ્ચિમ છેડાનું અંતર તે જીવા છે.

તે તે ક્ષેત્ર-પર્વતોના પૂર્વ-પશ્ચિમ છેડાનું મોટામાં મોટું અંતર તે મોટી જીવા અને નાનામાં નાનું અંતર તે નાની જીવા.



AB અને CD જીવાઓ છે.

AB મોટી જીવા છે.

CD નાની જીવા છે.

ગણિતની વ્યાખ્યા :


જીવા : જે રેખાખંડના અંત્યબિંદુઓ વર્તુળના બિંદુઓ હોય તે રેખાખંડને વર્તુળની જીવા કહે છે. $\overline{AB}$ અને $\overline{CD}$ જીવાઓ છે. $\overline{AB}$ ગુરુજીવા છે. $\overline{CD}$ લઘુજીવા છે.

Chord : A Line-segment with endpoints on a circle is called a chord of the circle. $\overline{AB}$ and $\overline{CD}$ are chords of the circle. AB is a Major chord. CD is a Minor chord.

(૩) ધનુઃપૃષ્ઠ :

શાસ્ત્રીય વ્યાખ્યા :

જીવાના પૂર્વ-પશ્ચિમ છેડાનું વર્તુળાકાર અંતર તે ધનુઃપૃષ્ઠ છે. $\overset{\frown}{AEB}$ અને $\overset{\frown}{CED}$ ધનુઃપૃષ્ઠો છે.



મોટી જીવાના પૂર્વ-પશ્ચિમ છેડાનું વર્તુળાકાર અંતર તે મોટુ ધનુઃપૃષ્ઠ છે. $\overset{\frown}{AEB}$ મોટું ધનુઃપૃષ્ઠ છે.

નાની જીવાના પૂર્વ-પશ્ચિમ છેડાનું વર્તુળાકાર અંતર તે નાનુ ધનુઃપૃષ્ઠ છે. $\overset{\frown}{CED}$ નાનુ ધનુઃપૃષ્ઠ છે.

ગણિતની વ્યાખ્યા :

ચાપ : જો A તથા B વર્તુળના ભિન્ન બિંદુઓ હોય, તો $\overleftrightarrow{AB}$ના પ્રત્યેક બંધ અર્ધતલમાં આવેલ વર્તુળના બિંદુઓના ગણને વર્તુળનું ચાપ કહે છે. $\overset{\frown}{AFB}$, $\overset{\frown}{CFD}$, $\overset{\frown}{AEB}$, $\overset{\frown}{CED}$ – આ ચાપો છે. ચાપ AFB વગેરેને સંકેતમાં $\overset{\frown}{AFB}$ વગેરે લખાય છે.

ગુરુચાપ : $\overleftrightarrow{AB}$ દ્વારા બનતા જે બંધ અર્ધતલમાં વર્તુળનું કેન્દ્ર હોય તે બંધ અર્ધતલમાં આવેલા વર્તુળના બિંદુઓના ગણને વર્તુળનું ગુરુચાપ કહે છે.

$\overset{\frown}{AFB}$ અને $\overset{\frown}{CFD}$ ગુરુચાપ છે.

લઘુચાપ : $\overleftrightarrow{AB}$ દ્વારા બનતા જે બંધ અર્ધતલમાં વર્તુળનું કેન્દ્ર ન હોય તેવા બંધ અર્ધતલમાં આવેલા વર્તુળના બિંદુઓના ગણને વર્તુળનું લઘુચાપ કહે છે.

$\overset{\frown}{AEB}$ અને $\overset{\frown}{CED}$ લઘુચાપ છે.

એટલે, $\overset{\frown}{AFB}$ ગુરુલઘુચાપ છે.

$\overset{\frown}{CFD}$ ગુરુગુરુચાપ છે.

$\overset{\frown}{AEB}$ લઘુગુરુચાપ છે.

$\overset{\frown}{CED}$ લઘુલઘુચાપ છે.

Arc : If A and B are distinct points of a circle, then points of the circle lying in each closed semi-plane of $\overleftrightarrow{AB}$ is called an Arc of the circle.

$\overset{\frown}{AFB}$, $\overset{\frown}{CFD}$, $\overset{\frown}{AEB}$, $\overset{\frown}{CED}$ are Arcs of the circle. Arc AFB is denoted by $\overset{\frown}{AFB}$

Major Arc : The set of points of a circle lying in closed semi-plane of $\overleftrightarrow{AB}$ containing the centre of the circle is called a Major Arc of the circle.

$\overset{\frown}{AFB}$ and $\overset{\frown}{CFD}$ are Major Arcs of the circle.

Minor Arc : The set of points of a circle in the closed semi-plane of $\overleftrightarrow{AB}$ not containing the centre of the circle is called a Minor Arc of the circle.

$\overset{\frown}{AEB}$ and $\overset{\frown}{CED}$ are Minor Arcs of the circle.

Therefore, $\overset{\frown}{AFB}$ is a MajorMinor Arc

$\overset{\frown}{CFD}$ is a MajorMajor Arc.


$\overset{\frown}{AEB}$ is a MinorMajor Arc.

$\overset{\frown}{CED}$ is a MinorMinor Arc.

(૪) બાહા :

શાસ્ત્રીય વ્યાખ્યા :

મોટી જીવાના એક દિશાના છેડાથી નાની જીવાના તે જ દિશાના છેડા સુધીનું વર્તુળાકાર અંતર તે બાહા. $\overset{\frown}{AC}$ અને $\overset{\frown}{BD}$ બાહાઓ છે.



ગણિતની વ્યાખ્યા :

ભુજ : ગુરુજીવાના એક દિશાના છેડાથી લઘુજીવાના તે જ દિશાના છેડાને જોડનાર લઘુચાપ તે ભુજ. $\overset{\frown}{AC}$ અને $\overset{\frown}{BD}$ ભુજ છે.


Arm : The Arc joining one end of the Major chord and same-sided one end of the minor chord is called an arm.

$\overset{\frown}{AC}$ and $\overset{\frown}{BD}$ are Arms.

(૫) ઈષુ :

શાસ્ત્રીય વ્યાખ્યા :

જીવાના મધ્ય બિંદુથી ધનુઃપૃષ્ઠના મધ્યબિંદુ સુધીનું અંતર તે ઈષુ. $\overline{CD}$ ઈષુ છે.



ગણિતની વ્યાખ્યા :

બાણ : જીવાના મધ્યબિંદુથી લઘુચાપના મધ્યબિંદુને જોડનાર રેખાખંડ તે બાણ.

$\overline{CD}$ બાણ છે.

Arrow : The line-segment joining the midpoint of the chord and the midpoint of the minor Arc is called an arrow.

$\overline{CD}$ is an arrow.


ગણિતના ગુજરાતી-અંગ્રેજી પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓ :

(૧) **વર્તુળ :** સમતલના કોઈ નિશ્ચિત બિંદુથી અચળ અંતરે આવેલા તમામ બિંદુઓનો ગણ એટલે વર્તુળ

Circle : The set of all points in a plane at a constant distance from a fixed point in it is called a circle.

(૨) **ત્રિજ્યા :** જેના અંત્યબિંદુઓ વર્તુળનું કેન્દ્ર અને વર્તુળનું બિંદુ છે તેવા રેખાખંડને વર્તુળની ત્રિજ્યા કહે છે.

$\overline{OC}$ ત્રિજ્યા છે.



Radius : A line-segment joining any point of the circle to the centre of the circle is called a radius of the circle.

$\overline{OC}$ is a radius.


(૩) વ્યાસ : જે જીવા વર્તુળના કેન્દ્રમાંથી પસાર થતી હોય, તે જીવાને વર્તુળનો વ્યાસ કહે છે.

$\overline{AB}$ વ્યાસ છે.

Diameter : A Chord of a circle passing through the centre is called diameter.

$\overline{AB}$ is a diameter.

(૪) વૃત્તખંડ :



જીવા $\overline{AB}$ તથા $\overset{\frown}{APB}$ અથવા $\overset{\frown}{AQB}$ ના યોગગણને વૃત્તખંડ કહે છે.

$\overline{AB} \cup \overset{\frown}{APB}$ ને ગુરુવૃત્તખંડ કહે છે.

$\overline{AB} \cup \overset{\frown}{AQB}$ ને લઘુવૃત્તખંડ કહે છે.

$\angle AOB$ ને $\overset{\frown}{AQB}$ દ્વારા કેન્દ્ર આગળ આંતરેલ ખૂણો કહે છે.

Segment :

$\overline{AB} \cup \overset{\frown}{APB}$ and $\overline{AB} \cup \overset{\frown}{AQB}$ are called Segments.

$\overline{AB} \cup \overset{\frown}{APB}$ is called a Major Segment.

$\overline{AB} \cup \overset{\frown}{AQB}$ is called a Minor Segment.

$\angle AOB$ is called the angle subtended at the centre by $\overset{\frown}{AQB}$.

(૫) વૃત્તાંશ :

OAQB = $\overset{\frown}{AQB}$ U $\overline{OA}$ U $\overline{OB}$ ને લઘુવૃત્તાંશ કહે છે.

OAPB = $\overset{\frown}{APB}$ U $\overline{OA}$ U $\overline{OB}$ ને ગુરુવૃત્તાંશ કહે છે.

Sector :

OAQB = $\overset{\frown}{AQB}$ U $\overline{OA}$ U $\overline{OB}$ is called a Minor Sector

OAPB = $\overset{\frown}{APB}$ U $\overline{OA}$ U $\overline{OB}$ is called a Major Sector

• • •

- ભગવાનની આજ્ઞા જનરલ છે, સર્વસામાન્ય છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના આધારે આપણા માટે શું હિતકારી છે ? એ જાણીને ગુરુ આજ્ઞા ફરમાવે છે. તેથી ગુરુની આજ્ઞા વિશિષ્ટ છે. માટે અપેક્ષાએ ભગવાનની આજ્ઞા કરતા પણ ગુરુની આજ્ઞા ચડી જાય.
- આપણને તપની ઈચ્છા હોય અને ગુરુ નવકારશી કરાવે તો તેમાં વધુ નિર્જરા થાય છે, કેમકે સમર્પણની સાધના શ્રેષ્ઠ છે.
- ગુણાનુવાદ અને ગુણાનુશ્રવણ પછીનું પગલું ગુણાનુકરણનું છે.
- કોઈ આપણી ભૂલ કાઢે, આપણા દોષો બતાવે તો આનંદ પામવું. પુસ્તકનું પ્રુફરિડિંગ કરવા માટે પ્રુફરિડરને પૈસા આપવા પડે છે. જ્યારે આ વ્યક્તિ તો મફતમાં આપણા જીવનનું પ્રુફરિડિંગ કરી આપે છે. ભૂલ કાઢનારને ઉપકારી માનવો.

પરિશિષ્ટ-૩

ક્ષેત્રસમાસમાં આવતા કરણો –

(૧) વૃત્તની પરિધિ $= \sqrt{\text{પહોળાઈ}^2 \times 10}$

(૨) વૃત્તનું ક્ષેત્રફળ = પરિધિ $\times \frac{\text{પહોળાઈ}}{4}$

(૩) જંબૂદ્વીપની પહોળાઈ $= \frac{(\text{જીવા})^2}{\text{ઈષુ} \times 4} + \text{ઈષુ}$

(૪) જીવા $= \sqrt{(\text{જંબૂદ્વીપની પહોળાઈ} - \text{ઈષુ}) \times \text{ઈષુ} \times 4}$

(૫) ધનુઃપૃષ્ઠ $= \sqrt{(\text{ઈષુ}^2 \times 6) + \text{જીવા}^2}$

(૬) ઈષુ $= \sqrt{\frac{\text{ધનુઃપૃષ્ઠ}^2 - \text{જીવા}^2}{6}}$

અથવા, ઈષુ $= \frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - \sqrt{(\text{જંબૂદ્વીપની પહોળાઈ})^2 - \text{જીવા}^2}}{2}$

(૭) બાહા $= \frac{\text{મોટું ધનુઃપૃષ્ઠ} - \text{નાનુ ધનુઃપૃષ્ઠ}}{2}$

(૮) દક્ષિણ ભરતક્ષેત્ર - દક્ષિણ ઐરવતક્ષેત્રનું પ્રતરગણિત

$= \sqrt{\left[\frac{\text{જીવા} \times \text{ઈષ}}{4}\right]^2 \times 10}$

(૯) શેષ ક્ષેત્રો - પર્વતોનું પ્રતરગણિત

$= \sqrt{\frac{\text{મોટી જીવા}^2 + \text{નાની જીવા}^2}{2}} \times \text{પહોળાઈ}$

(૧૦) ઘનગણિત = પ્રતરગણિત x ઊંચાઈ કે ઊંડાઈ

(૧૧) કૂટોમાં નીચે જતા પહોળાઈ જાણવાનું કરણ - ઉપરથી અ યોજન ઉતર્યા પછી પહોળાઈ = $\frac{\text{અ}}{૨} + \frac{\text{ઊંચાઈ}}{૨}$

(૧૨) કૂટોમાં નીચેથી ઉપર જતા પહોળાઈ જાણવાનું કરણ- નીચેથી અ યોજન ચઢ્યા પછી પહોળાઈ = મૂળની પહોળાઈ − $\frac{\text{અ}}{૨}$

(૧૩) દ્રહમાંથી નીકળે ત્યારે દક્ષિણમુખી નદીનો વિસ્તાર = $\frac{\text{દ્રહની પહોળાઈ}}{૮૦}$

(૧૪) દ્રહમાંથી નીકળે ત્યારે ઉત્તરમુખી નદીનો વિસ્તાર = $\frac{\text{દ્રહની પહોળાઈ}}{૪૦}$

(૧૫) નદીઓનો અંતે વિસ્તાર = મુખવિસ્તાર x ૧૦

(૧૬) નદીઓની ઊંડાઈ = $\frac{\text{નદીનો વિસ્તાર}}{૫૦}$

(૧૭) નદીઓની વૃદ્ધિ જાણવાનું કરણ -

મૂળથી અ યોજન ગયા પછી એક તરફની વૃદ્ધિ = $\frac{\text{અંતે વિસ્તાર} - \text{મૂળ વિસ્તાર}}{૨} \times \frac{૧}{\text{નદીની લંબાઈ}} \times \text{અ}$

(૧૮) ગંગા-સિંધુ-રક્તા-રક્તવતી સિવાયની નદીઓનું પર્વત ઉપરનું વહેણ લાવવાનું કરણ -

નદીનું પર્વત ઉપરનું વહેણ = $\frac{\text{વર્ષધરપર્વતનો પહોળાઈ} - \text{હ્રદનો વિસ્તાર}}{૨}$

(૧૯) દેવકુરુ - ઉત્તરકુરુની જીવા = (ભદ્રશાલવનની એક બાજુની લંબાઈ x ૨) + મેરુપર્વતની પહોળાઈ – બંને ગજદંતપર્વતોની પહોળાઈ.

(૨૦) દેવકુરુ - ઉત્તરકુરુની પહોળાઈ

$$= \frac{\text{મહાવિદેહક્ષેત્રની પહોળાઈ} - \text{મેરુપર્વતની પહોળાઈ}}{૨}$$

(૨૧) ભદ્રશાલવનની ૧ બાજુની લંબાઈ =

$$\frac{\text{દેવકુરુ કે ઉત્તરકુરુની જીવા} + \text{બંને ગજદંતપર્વતોની પહોળાઈ} - \text{મેરુપર્વતની પહોળાઈ}}{૨}$$

(૨૨) મેરુપર્વતની ટોચથી નીચે આવતા પહોળાઈ જાણવાનું કરણ -

ઉપરથી અ યોજન ઉતર્યા પછી પહોળાઈ = $\frac{\text{અ}^{2}}{૧૧} + ૧,૦૦૦$

(૨૩) મેરુ પર્વતમાં નીચેથી ઉપર જતા પહોળાઈ જાણવાનું કરણ -

નીચેથી અ યોજન ચઢ્યા પછી પહોળાઈ = મૂળપહોળાઈ– $\frac{\text{અ}^{2}}{૧૧}$

(૨૪) મેરુપર્વતમાં એક બાજુની વૃદ્ધિ કે હાનિ

$$= \frac{\text{મૂળપહોળાઈ} - \text{ઉપરની પહોળાઈ}}{૨} \times \frac{૧}{\text{ઊંચાઈ}}$$

(૨૫) મેરુપર્વતની ઊંચાઈ જાણવાનું કરણ -

ઊંચાઈ = (મૂળ પહોળાઈ – તે સ્થાનની પહોળાઈ) x ૧૧

(૨૬) ભદ્રશાલવનની એક દિશાની પહોળાઈ = $\frac{\text{એક દિશાની લંબાઈ}}{८८}$

(૨૭) મેરુપર્વતની ચૂલિકાના શિખરથી નીચે જતા પહોળાઈ જાણવા કરણ -

અ યોજન ઉતર્યા પછી પહોળાઈ = $\frac{\text{અ}}{\text{૫}}$ + ૪

(૨૮) મેરુપર્વતની ચૂલિકામાં નીચેથી ઉપર જતા પહોળાઈ જાણવા કરણ -

અ યોજન ચઢ્યા પછી પહોળાઈ = ૧૨ − $\frac{\text{અ}}{\text{૫}}$

(૨૯) વિજય - વક્ષસ્કારપર્વત - અંતરનદીની લંબાઈ

= $\frac{\text{મહાવિદેહક્ષેત્રની પહોળાઈ − નદીનો વિસ્તાર}}{\text{૨}}$

(૩૦) એક વિજયની પહોળાઈ =

− જંબૂદ્વીપની પહોળાઈ − [(૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૬ x એક અંતરનદીની પહોળાઈ) + (૨ x એક વનમુખની પહોળાઈ) + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની કુલ લંબાઈ]

૧૬

(૩૧) એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ =

− જંબૂદ્વીપની પહોળાઈ − [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૬ x એક અંતરનદીની પહોળાઈ) + (૨ x એક વનમુખની પહોળાઈ) + મેરુપર્વતની પહોળાઈ + ભદ્રશાલવનની કુલ લંબાઈ]

૮

(૩૨) એક અંતરનદીની પહોળાઈ =

$$\frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - [(૧૬ \times \text{એક વિજયની પહોળાઈ}) + (૮ \times \text{એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ}) + (૨ \times \text{એક વનમુખની પહોળાઈ}) + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની કલ લંબાઈ}]}{૬}$$

(૩૩) એક વનમુખની પહોળાઈ =

$$\frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - [(૧૬ \times \text{એક વિજયની પહોળાઈ}) + (૮ \times \text{એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ}) + (૬ \times \text{એક અંતરનદીની પહોળાઈ}) + \text{મેરુપર્વતની પહોળાઈ} + \text{ભદ્રશાલવનની કુલ લંબાઈ}]}{૨}$$

(૩૪) મેરુપર્વતની પહોળાઈ = જંબૂદ્વીપની પહોળાઈ – [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૬ x એક અંતરનદીની પહોળાઈ) + (૨ x એક વનમુખની પહોળાઈ) + ભદ્રશાલવનની કુલ લંબાઈ]

(૩૫) ભદ્રશાલવનની કુલ લંબાઈ = જંબૂદ્વીપની પહોળાઈ – [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૬ x એક અંતરનદીની પહોળાઈ) + (૨ x એક વનમુખની પહોળાઈ) + મેરુપર્વતની પહોળાઈ]

(૩૬) નિષધ-નીલવંત પર્વતો પાસે વનમુખોની પહોળાઈ = નિષધ-નીલવંત પર્વતોની જીવા – [(૧૬ x એક વિજયની પહોળાઈ) + (૮ x એક વક્ષસ્કારપર્વતની પહોળાઈ) + (૬ x એક અંતરનદીની પહોળાઈ + (૨ x એક ગજદંતગિરિની પહોળાઈ) + દેવકુરુ-ઉત્તરકુરુની જીવા]

૨

(૩૭) વનમુખના ઈષ્ટપ્રદેશે પહોળાઈ જાણવાનું કરણ -

નિષધ - નીલવંત પર્વતોથી અ યોજન ગયા પછી વનમુખની પહોળાઈ = $\frac{\text{અ x વનમુખની નદી તરફની પહોળાઈ}}{\text{વનમુખની લંબાઈ}}$

(૩૮) મુહૂર્તગતિ = $\frac{\text{મંડલની પરિધિ}}{૬૦}$


(૩૯) દૃષ્ટિપથ = $\frac{\text{દિવસનું પ્રમાણ}}{૨}$ x $\frac{\text{પરિધિ}}{૬૦}$

• • •

- પૈસા કમાવા સહેલા છે. કમાયેલા પૈસા ટકાવવા મુશ્કેલ છે. તેમ ભણવું સહેલું છે, પણ ભણ્યા પછી તેને ટકાવવું-કાયમ યાદ રાખવું બહુ મુશ્કેલ છે. ભણેલું ટકાવવાનો સરળ ઉપાય છે પુનરાવર્તન.

પરિશિષ્ટ-૪

ગણિતના સૂત્રો (Formula)



r = ત્રિજ્યા = radius

D = વ્યાસ = Diameter

$\pi = \frac{22}{7} = 3.142$

$m\angle POQ = \theta$

(૧) વર્તુળની પરિધિ = $2\pi r$ અથવા πD

Circumference of Circle = $2\pi r$ or πD

(૨) વર્તુળનું ક્ષેત્રફળ = πr^2

Area of Circle = πr^2

(૩) પાયથાગોરસનું પ્રમેય:– $OP^2 = PX^2 + OX^2$

Pythagoras Theorem:– $OP^2 = PX^2 + OX^2$

(૪) વર્તુળનો વ્યાસ = D = 2r

Diameter of Circle = D = 2r

(૫) વર્તુળના કેન્દ્રમાંથી વર્તુળની જીવા ઉપર દોરેલો લંબ જીવાને દુભાગે છે.

PQ = 2PX = 2XQ, PX = XQ

Perpendicular from the centre of a circle to any of its chords bisects the chord.

PQ = 2PX = 2XQ, PX = XQ

(૬) XN = ON – OX = r – OX

(૭) $\overset{\frown}{PNQ}$ ની લંબાઈ = $\frac{\pi r\theta}{180} = \ell$

Length of $\overset{\frown}{PNQ}$ = $\frac{\pi r\theta}{180} = \ell$

(૮) વૃત્તાંશ $\overset{\frown}{PNQ}$ U $\overline{OP}$ U $\overline{OQ}$ નું ક્ષેત્રફળ = $\frac{\pi r^2\theta}{360}$ = $\frac{\pi r\theta}{180} \times \frac{r}{2} = \frac{\ell r}{2}$

Area of Sector $\overset{\frown}{PNQ}$ U $\overline{OP}$ U $\overline{OQ}$ = $\frac{\pi r^2\theta}{360}$ = $\frac{\pi r\theta}{180} = \frac{r}{2} = \frac{\ell r}{2}$

(૯) ત્રિકોણનું ક્ષેત્રફળ = $\frac{1}{2}$ x પાયો x વેધ

Δ POQ નું ક્ષેત્રફળ = $\frac{1}{2}$ x PQ x OX

Area of Triangle = $\frac{1}{2}$ x Base x Altitude

$= \frac{1}{2}$ x PQ x OX

(૧૦) ઘનફળ = ક્ષેત્રફળ x ઊંચાઈ કે ઊંડાઈ

Volume = Area x height or depth

• • •

- જે પ્રમાદે ચૌદપૂર્વધરોને નિગોદમાં મોકલ્યા તે પ્રમાદની સોબત કરવામાં મૂર્ખામી છે.
- મોક્ષે જવા ગુરુ સારા હોવા જરૂરી નથી, ગુરુ સારા લાગવા જરૂરી છે.
- ગુરુની કૃપાથી ઉત્થાન થાય છે. ગુરુના શાપથી પતન થાય છે.

પરિશિષ્ટ-૫

ક્ષેત્રસમાસમાં આવતાં કરણો, તેમનાં ગણિતના સૂત્રો (Formula) અને બંનેનો સમન્વય :

(૧) વૃત્તની પરિધિ = $\sqrt{D^2 \times 10}$ (D = વિષ્કંભ = પહોળાઈ = વ્યાસ = Diameter) (શાસ્ત્રીય કરણ)

વૃત્તની પરિધિ = $2\pi r$ (r = ત્રિજ્યા = radius = $\frac{\text{પહોળાઈ}}{૨}$

(ગણિતનું સૂત્ર)

સમન્વય -

વૃત્તની પરિધિ = $\sqrt{D^2 \times 10}$

= $D \times \sqrt{10}$

= $2r \times \pi$

= $2\pi r$

(જો કે $\pi = \frac{22}{7}$ = 3.142 છે અને $\sqrt{10}$ = 3.106 છે, છતાં $\sqrt{10}$ ને π ની સમાન માની લઈએ તો શાસ્ત્રીયકરણ અને ગણિતના કરણનો સમન્વય થઈ શકે છે. એમ આગળ પણ જાણવું.)

(૨) વૃત્તનું ક્ષેત્રફળ = વૃત્તની પરિધિ $\times \frac{\text{પહોળાઈ}}{૪}$

= $\sqrt{D^2 \times 10} \times \frac{D}{4}$ (શાસ્ત્રીય કરણ)

વૃત્તનું ક્ષેત્રફળ = πr^2 (ગણિતનું સૂત્ર)

સમન્વય -

વૃત્તનું ક્ષેત્રફળ $= \sqrt{D^2 \times 10} \times \frac{D}{4}$

$= D \times \sqrt{10} \times \frac{D}{4}$

$= 2r \times \sqrt{10} \times \frac{2r}{4}$


$= \frac{4r^2 \times \sqrt{10}}{4}$

$= r^2 \times \sqrt{10}$

$= r^2 \times \pi$

$= \pi r^2$

(૩)



I = ઈષુ

J = જીવા

D = Diameter

r = radius

જીવા $= \sqrt{(\text{જંબૂદ્વીપની પહોળાઈ} - \text{ઈષુ}) \times \text{ઈષુ} \times 4}$

$\therefore$ AB $= \sqrt{(D - I) \times I \times 4}$ (શાસ્ત્રીય કરણ)

AB = 2AM (ગણિતનું સૂત્ર)

સમન્વય -

$OA^2 = AM^2 + OM^2$ (પાયથાગોરસનો નિયમ)

$\therefore \quad AM^2 = OA^2 - OM^2$

$\therefore \quad AM = \sqrt{OA^2 - OM^2}$

$OM = ON - MN$

$= r - MN$

$= \frac{D}{2} - I$

$\therefore \quad AM = \sqrt{r^2 - \left(\frac{D}{2} - 1\right)^2}$

$= \sqrt{\left(\frac{D}{4}\right)^2 - \left(\frac{D^2}{4} - DI + I^2\right)}$

$= \sqrt{\frac{D^2}{2} - \frac{D^2}{4} - DI + I^2}$

$= \sqrt{DI - I^2}$

$= \sqrt{(D - I) \times I}$


$AB = 2AM$

$= 2 \times \sqrt{(D - I) \times I}$

$= \sqrt{4} \times \sqrt{(D - I) \times I}$

$= \sqrt{(D - I) \times I \times r}$

(૪)



I = ઈષુ

J = જીવા

D = Diameter

r = radius

$$\text{ઈષુ} = \frac{\text{જંબૂદ્વીપની પહોળાઈ} - \sqrt{(\text{જંબૂદ્વીપની પહોળાઈ})^2 - \text{જીવા}^2}}{2}$$

$$\therefore \quad MN = \frac{D - \sqrt{D^2 - J^2}}{2} \qquad \text{(શાસ્ત્રીય કરણ)}$$

$$MN = ON - OM \quad \text{(ગણિતનું સૂત્ર)}$$

સમન્વય -

$$OA^2 = AM^2 + OM^2 \quad \text{(પાયથાગોરાસનો નિયમ)}$$

$$\therefore \quad OM^2 = OA^2 - AM^2$$

$$\therefore \quad OM = \sqrt{OA^2 - AM^2}$$

$$\therefore \quad OM = \sqrt{r^2 - \left(\frac{J}{2}\right)^2}$$

$$= \sqrt{\left(\frac{D}{2}\right)^2 - \frac{J^2}{4}}$$

$$= \sqrt{\frac{D^2}{4} - \frac{J^2}{4}}$$

$$= \frac{1}{2} \times \sqrt{D^2 - J^2}$$


$$MN = ON - OM$$

$$= r - \frac{1}{2} \times \sqrt{D^2 - J^2}$$

$$= \frac{D}{2} - \frac{\sqrt{D^2 - J^2}}{2}$$

$$= \frac{D - \sqrt{D^2 - J^2}}{2}$$

(૫)



I = ઈષુ

J = જીવા

r = radius


$$\text{ઈષુ} = \sqrt{\frac{\text{ધનુ:પૃષ્ઠ}^2 - \text{જીવા}^2}{૬}}$$

$$\therefore \quad MN = \sqrt{\frac{ANB^2 - J^2}{6}} \qquad \text{(શાસ્ત્રીય કરણ)}$$

$$MN = ON - OM$$

$$= r - OM \qquad \text{(ગણિતનું સૂત્ર)}$$

(૬)



I = ઈષુ

J = જીવા

D = Diameter

r = radius

$$\text{વૃત્તની પહોળાઈ} = \frac{\text{જીવા}^2}{\text{ઈષુ} \times ૪} + \text{ઈષુ}$$

$$\therefore \quad AP = D = \frac{J^2}{I \times 4} + I \qquad \text{(શાસ્ત્રીય કરણ)}$$

$$AP = 2r \qquad \text{(ગણિતનું સૂત્ર)}$$

સમન્વય :

$$OA^2 = AM^2 + OM^2 \text{ (પાયથાગોરસનો નિયમ)}$$

$$= \left(\frac{J}{2}\right)^2 + OM^2$$

$$OM = ON - MN$$

$$= r - I$$

$$\therefore \quad OA^2 = \left(\frac{J}{2}\right)^2 + (r - I)^2$$


$$\therefore \quad r^2 = \frac{J^2}{4_2} + (r^2 - 2rI + I^2)$$

$$\therefore \quad 2rI = \frac{J^2}{4} + I^2$$

$$\therefore \quad D = \frac{\frac{J^2}{4} + I^2}{I}$$

$$= \frac{J^2}{I \times 4} + I$$

(૭)



I = ઈષુ

J = જીવા

r = radius


m∠AOB = θ

ધનુઃપૃષ્ઠ = $\sqrt{(\text{ઈષુ}^2 \times 6) + \text{જીવા}^2}$

$\therefore \quad \widehat{ANB} = \sqrt{(I^2 \times 6) + J^2}$ (શાસ્ત્રીય કરણ)

$\widehat{ANB} = \frac{\pi r\theta}{180}$ (ગણિતનું સૂત્ર)

(૮)



I = ઈષુ
J = જીવા
r = radius
m∠AOB = θ

દક્ષિણ ભરતક્ષેત્રનું અને દક્ષિણ ઐરવતક્ષેત્રનું પ્રતરગણિત

$$= \sqrt{\left(\frac{\text{જીવા} \times \text{ઈષુ}}{૪}\right)^{૨}} \times ૧૦$$

$$= \sqrt{\left(\frac{J \times I}{4}\right)^{2} \times 10} \qquad \text{(શાસ્ત્રીયકરણ)}$$

વૃત્તખંડ $\overline{AB} \cup \widehat{ANB}$ નું ક્ષેત્રફળ = વૃત્તાંશ $\widehat{ANB} \cup \overline{OA} \cup \overline{OB}$ નું ક્ષેત્રફળ − Δ OAB નું ક્ષેત્રફળ.

વૃત્તાંશ $\widehat{ANB} \cup \overline{OA} \cup \overline{OB}$ નું ક્ષેત્રફળ $= \frac{\pi r^2 \theta}{360}$

Δ OAB નું ક્ષેત્રફળ $= \frac{1}{2} \times$ પાયો $\times$ વેધ

$$= \frac{1}{2} \times AB \times OM$$


$$= \frac{1}{2} \times J \times (ON - MN)$$

$$= \frac{1}{2} \times J \times (r - I)$$

$$= \frac{J\,(r - I)}{2}$$

વૃત્તખંડ $\overline{AB} \cup \widehat{ANB}$ નું ક્ષેત્રફળ $= \frac{\pi r^2 \theta}{360} - \frac{J(r - I)}{2}$ (ગણિતનું સૂત્ર)

(૯)



PQ = J = મોટી જીવા

AB = J' = નાની જીવા

XN = I = મોટું ઈષુ

MN = I' = નાનું ઈષુ

$m\angle POQ = \theta$

$m\angle AOB = \theta'$

r = radius

$\overset{\frown}{PNQ} = \ell$ = મોટું ધનુઃપૃષ્ઠ

$\overset{\frown}{ANB} = \ell'$ = નાનું ધનુઃપૃષ્ઠ

શેષ ક્ષેત્રો-પર્વતોનું પ્રતરગણિત

$$= \sqrt{\frac{\text{મોટી જીવા}^2 + \text{નાની જીવા}^2}{2}} \times \text{પહોળાઈ}$$

$$= \sqrt{\frac{(J)^2+(J)^2}{2}} \times XM \quad \text{(શાસ્ત્રીયકરણ)}$$

$\overset{\frown}{PA} \cup \overline{AB} \cup \overset{\frown}{BQ} \cup \overline{PQ}$ નું ક્ષેત્રફળ = વૃત્તખંડ $\overset{\frown}{PNQ} \cup \overline{PQ}$ નું ક્ષેત્રફળ − વૃત્તખંડ $\overset{\frown}{ANB} \cup \overline{AB}$ નું ક્ષેત્રફળ

વૃત્તખંડ $\overset{\frown}{PNQ} \cup \overline{PQ}$ નું ક્ષેત્રફળ = વૃત્તાંશ $\overset{\frown}{PNQ} \cup \overline{OP} \cup \overline{OQ}$ નું ક્ષેત્રફળ − Δ OPQ નું ક્ષેત્રફળ

$$= \frac{\pi r^2\theta}{360} - \frac{1}{2} \times PQ \times OX$$

$$= \frac{\pi r^2\theta}{360} - \frac{1}{2} \times J \times (r - I)$$

$$= \frac{\pi r^2\theta}{360} - \frac{J(r-I)}{2}$$

વૃત્તખંડ $\overset{\frown}{ANB}$ U $\overline{AB}$ નું ક્ષેત્રફળ = વૃત્તાંશ $\overset{\frown}{ANB}$ U $\overline{OA}$ U $\overline{OB}$ નું ક્ષેત્રફળ − Δ OAB નું ક્ષેત્રફળ

$$= \frac{\pi r^2\theta'}{360} - \frac{1}{2} \text{ x AB x OM}$$

$$= \frac{\pi r^2\theta'}{360} - \frac{1}{2} \text{ x J' x (ON − MN)}$$

$$= \frac{\pi r^2\theta'}{360} - \frac{1}{2} \text{ x J' x (r − l')}$$

$$= \frac{\pi r^2\theta'}{360} - \frac{J'(r-l')}{2}$$

$\overset{\frown}{PA}$ U $\overline{AB}$ U $\overset{\frown}{BQ}$ U $\overline{PQ}$ નું ક્ષેત્રફળ

$$= \frac{\ell r^2\theta}{360} - \frac{J(r-l)}{2} - \left[\frac{\pi r^2\theta'}{360} - \frac{J'(r-l')}{2}\right]$$

$$= \frac{\ell r}{2} - \frac{J(r-I)}{2} - \frac{\ell' r}{2} + \frac{J'(r-I')}{2}$$ (ગણિતનું સૂત્ર)
(જુઓ પાના નં. ૫૯૧)


(૧૦) ક્ષેત્ર-પર્વતોનું ઘનગણિત = ક્ષેત્ર-પર્વતોનું પ્રતરગણિત x ઊંચાઈ કે ઊંડાઈ

$$= \sqrt{\frac{(J)^2 + (J')^2}{2}} \text{ x XM x h (h = ઊંચાઈ કે ઊંડાઈ)}$$
(શાસ્ત્રીય કરણ)

$\overset{\frown}{PA}$ U $\overline{AB}$ ∪ $\overset{\frown}{BQ}$ U $\overline{PQ}$નું ઘનફળ = $\overset{\frown}{PA}$ U $\overline{AB}$ U $\overset{\frown}{BQ}$ U $\overline{PQ}$ નું ક્ષેત્રફળ x ઊંચાઈ કે ઊંડાઈ

$$= \left[\frac{\ell r}{2} - \frac{J(r-1)}{2} - \frac{\ell'}{2} + \frac{J'(r-l')}{2}\right] \text{ x h (ગણિતનું સૂત્ર)}$$

(૧૧)



PQ = J = મોટી જીવા

AB = J' = નાની જીવા

XN = I = મોટું ઈષુ

MN = I' = નાનું ઈષુ

m∠POQ = θ

m∠AOB = θ'

r = radius

$\overset{\frown}{PNQ} = \ell$ = મોટું ધનુઃપૃષ્ઠ

$\overset{\frown}{ANB} = \ell'$ = નાનું ધનુઃપૃષ્ઠ

$$\text{બાહા} = \frac{\text{મોટુ ધનુઃપૃષ્ઠ} - \text{નાનું ધનુઃપૃષ્ઠ}}{૨}$$

$$\therefore \overset{\frown}{PA} = \frac{\ell - \ell'}{૨}$$

$$= \sqrt{I^2 \times 6 + J^2} - \sqrt{(I')^2 \times 6 + (J')^2} \text{ (શાસ્ત્રીય કરણ)}$$

$$PA = \frac{\ell - \ell'}{2} = \frac{\frac{\pi r\theta}{180} - \frac{\pi r\theta'}{180}}{2} = \frac{\pi r\theta - \pi r\theta'}{360}$$

$$= \frac{\pi r}{360} \times (\theta - \theta') \text{ (ગણિતનું સૂત્ર)}$$

● ● ●

- ગુરુને અપ્રસન્ન કરવાથી ત્રણ મહાનુકસાનો થાય –
  (૧) સમ્યક્ત્વનો નાશ થાય.
  (૨) આશાતના થાય.
  (૩) મોક્ષ ન થાય.

પરિશિષ્ટ-૬

ગુણાકાર, ભાગાકાર, વર્ગ, ઘન, વર્ગમૂળ, ઘનમૂળ માટેની કેટલીક સરળ પદ્ધતિઓ

(પ્રા. નારાયણરાવ ભંડારી લિખિત,
'વૈદિક ગણિત' (એક પરિચય) પુસ્તકમાંથી)

ગુણાકાર :

પદ્ધતિઓ -

(૧) પ્રચલિત પદ્ધતિ
(૨) વિલોકનમ્
(૩) એકાધિકેન પૂર્વેણ
(૪) એકન્યૂનેન પૂર્વેણ
(૫) નિખિલ નવતઃ ચરમં દશતઃ
(૬) ઊર્ધ્વતિર્યગ્ભ્યામ્

(૧) પ્રચલિત પદ્ધતિ -

$$\begin{array}{r} ૫૭ \\ \times\ ૩૮ \\ \hline ૪૫૬ \\ +\ ૧૭૧૦ \\ \hline ૨૧૬૬ \end{array}$$

(૨) વિલોકનમ્ : આમાં જોતાની સાથે જ માત્ર શૂન્યો ઉમેરવાથી જવાબો મળે છે. ૪૫ x ૧,૦૦૦ = ૪૫,૦૦૦

૨૦, ૩૦, ૪૦,૫૦ જેવી સંખ્યાઓ વડે પણ ઝડપથી ગુણી શકાય.

$$\begin{array}{r} ૯૬ \\ \times\ ૪૦ \\ \hline ૩૮૪૦ \end{array}$$

(૩) **એકાધિકેન પૂર્વેણ :** ગુણાકારની બે સંખ્યાઓમાં એકમસ્થાનના અંકોનો સરવાળો દસ થતો હોય અને બાકીના સ્થાનોના અંકો સમાન હોય એવી રકમોમાં એકમ સ્થાનોના અંકોનો ગુણાકાર લખી તેની પહેલા(પૂર્વે)ના અંકમાં એક અધિક (વધારે) ઉમેરી મળતા સરવાળાનો તે અંક સાથે ગુણાકાર કરી મળતી સંખ્યા ડાબી બાજુ લખવી.

૩૬

x ૩૪

૧૨/૨૪

ઉપરના દાખલામાં ૬ x ૪ = ૨૪ લખ્યા પછી પૂર્વ અંક ૩ છે. તેમાં એક ઉમેરવાથી ૩ + ૧ = ૪ થાય. આ ૪ અને પૂર્વેના ૩ નો ગુણાકાર ૪ x ૩ = ૧૨, તે ડાબી બાજુ લખવાથી ૩૬ અને ૩૪નો ગુણાકાર ૧,૨૨૪ મળે છે.

(૪) **એક ન્યૂનેન પૂર્વેણ :** આનો ૯, ૯૯, ૯૯૯ જેવી સંખ્યાઓ વડે ઝડપી ગુણાકાર માટે ઉપયોગ થાય છે. આમાં ૩ વિકલ્પો છે.

વિકલ્પ (અ) : જેટલા નવડાવાળી સંખ્યા હોય તેટલા જ અંકોવાળી સંખ્યાને ગુણવી.

૭૮

x ૯૯

૭૭/૨૨

અહીં ૭૮ માંથી એક ઓછો કરીને ડાબી બાજુ લખવા અને લખેલ સંખ્યાને ગુણાકારની નવડાવાળી સંખ્યા ૯૯ માંથી બાદ કરવાથી જે આવે તે જમણી બાજુ લખવા. તેથી ગુણાકાર પૂરો થાય.

વિકલ્પ (બ) : જેટલા નવડાવાળી સંખ્યા હોય તેના કરતા ઓછા અંકોવાળી સંખ્યાઓને ગુણવા માટે જેટલા અંક ઓછા હોય તેટલા શૂન્યો સંખ્યાની આગળ લખવાથી ઉપરના વિકલ્પ (અ) મુજબ જ ગુણાકાર થાય.

૦૦૨૧૪૮
x ૯૯૯૯૯૯
૦૦૨૧૪૭/૯૯૭૮૫૨

વિકલ્પ (ક) : જેટલા નવડાવાળી સંખ્યા હોય તેના કરતા વધુ અંકોવાળી સંખ્યાને ગુણવા માટે સંખ્યામાંથી એક ઓછો કર્યા પછી નવડાવાળી સંખ્યા લખવાની અને જે સંખ્યા બને તે સંખ્યામાંથી ૧ ઘટાડતા મળેલ સંખ્યા બાદ કરવાથી જવાબ મળે છે.

૧૫૨૪૮
x ૯૯૯૯
૧૫૨૪૭/૯૯૯૯
— ૧૫૨૪૭
૧૫૨૪૬૪૭૫૨

ઉપરના પ્રકારોમાં વિશેષ પ્રકારની સંખ્યા માટે જ ચર્ચા થઈ. કોઈ પણ સંખ્યાના ગુણાકારની હવે પછી ચર્ચા કરીશું.

(૫) નિખિલં નવતઃ ચરમં દશત : ૧૦,૧૦૦,૧૦૦૦... જેવા આધારોની નજીકની સંખ્યા માટે આ સૂત્રનો ઉપયોગ થાય છે.

(a) નિખિલની મદદથી ગુણાકાર :

(i) ૯ x ૭ = ૬૩ પ્રચલિત ઘડિયા ગણવાથી મળે. હવે ૯ અને ૭ ની નજીકની સંખ્યા ૧૦ને આધાર લઈએ અને તે જ ૧૦ નો આધાર ૯ માંથી બાદ કરતા (૯—૧૦ = —૧) મળે, ૭ માંથી બાદ કરતા (૭—૧૦ = —૩) મળે.

૯ −૧ (−૧, −૩ એ નિખિલ છે)
૭ −૩
૬ / ૩

૭માંથી ત્રાંસમાં આવેલ ૧ બાદ કરતા ૬ આવે અને બાદબાકીઓના ઊભા સીધા ગુણાકારથી ૩ આવે.

(ii) ૯૭ −૩
x ૯૮ −૨
૯૫ / ૦૬

અહીં ૧૦૦ આધાર હોવાથી જમણી બાજુના (−૩) x (−૨) = ૬ થાય, પણ તેને બે અંકથી દર્શાવવા તેની પહેલા ૦ મૂકવાનું છે. આથી ૦૬ લખવા.

(b) ઉપચયની મદદથી ગુણાકાર -

(iii) ૧૬ +૬ (+૬, +૩ એ ઉપચય છે)
x ૧૩ +૩
૧૯ /૧ ૮
= ૨૦૮

અહીં આધાર ૧૦ હોવાથી ૬ x ૩ = ૧૮ માં ૮ રાખી ૧ ને વદી તરીકે લેવાની રહે. તેથી ૧૯ + ૧ = ૨૦. માટે જવાબ ૨૦૮ થાય.

(c) નિખિલ અને ઉપચયની મદદથી ગુણાકાર :

(iv) ૧૦૧૨ +૦૧૨ અહીં આધાર ૧૦૦૦ છે.
x ૯૯૬ −૦૦૪
૧૦૦૮ / ૦૦૦
− ૦૪૮
૧૦૦૩૯૫૨

(d) નિખિલ અને ઉપચય સાથે આનુરૂપ્યેણ -

(v)

૩૭ +૭	આધાર ૩૦ છે.
x ૨૪ −૬	૩૦ = ૩ x ૧૦
૩૧	
x ૩	
૯૩૦	૧૦માં એક ૦ છે
−૪૨	માટે એક ૦ મૂકવો.
૮૮૮	

(૬) ઊર્ધ્વતિર્યગ્ભ્યામ્ (Cross Multiplication)

આનો ઉપયોગ કોઈ પણ બે સંખ્યાઓના ગુણાકારો માટે થઈ શકે છે.

(i) ૫૮ x ૩૬

a b

x c d

(a x c) / (a x d) + (c x b) / (b x d)

પ્રથમ તબક્કો	બીજો તબક્કો	ત્રીજો તબક્કો
૫ ૮	૫ ૮	૫ ૮
x ૩ ૬	x ૩ ૬	x ૩ ૬
૮ x ૬ = ૪૮	૩ x ૮ + ૫ x ૬	૫ x ૩ = ૧૫

૫ ૮

x ૩ ૬

૧૫ (૨૪ + ૩૦) ૪૮

= ૧૫ ૪ ૮

૫ ૪

= ૨૦૮૮

૨૪ + ૩૦ = ૫૪માં ૪૮ માંથી ૮ રાખી ૪ વદી તરીકે લઈ ઉમેરવાથી ૫૮ થાય. તેમાંથી ૮ રાખી ૫ વદી ૧૫માં ઉમેરવાથી ૨૦ થાય. તેથી જવાબ ૨૦૮૮ મળે.

(ii) ૨૪૭ x ૩૧૮

a b c

x x y z

(a x x) / (a x y) + (x x b) / (a x z) + (x x c) +
(b x y) / (b x z) + (y x c) / (c x z)

પ્રથમ તબક્કો **બીજો તબક્કો** **ત્રીજો તબક્કો**

૨ ૪ ૭	૨ ૪ ૭	૨ ૪ ૭
x ૩ ૧ ૮	x ૩ ૧ ૮	x ૩ ૧ ૮
૭ x ૮ = ૫૬	૧ x ૭ + ૪ x ૮	૪ x ૧ + ૩ x ૭ + ૨ x ૮

ચોથો તબક્કો **પાંચમો તબક્કો**

૨ ૪ ૭	૨ ૪ ૭
x ૩ ૧ ૮	x ૩ ૧ ૮
૨ x ૧ + ૩ x ૪	૨ x ૩

આમ ૨ ૪ ૭

x ૩ ૧ ૮

૬ (૨ + ૧૨) (૪ + ૨૧ + ૧૬) (૭ + ૩૨) ૫૬

= ૬, ૧૪, ૪૧, ૩૯, ૫૬

= $૬_{૧}૪_{૪}૧_{૩}૯_{૫}૬$

= ૭૮૫૪૬

આમાં દરેક તબક્કામાં સરવાળાનો જમણી તરફનો એક અંક લઈ બાકીની સંખ્યા વદીમાં લઈ જવાની.

(iii) બંને રકમના છેલ્લા અંક '૧' હોય.

૯૧ x ૩૧	૧ x ૧ = ૧
= $૨૭_{૧}૨૧$	૧(૯ + ૩) = ૧૨
= ૨૮૨૧	૯ x ૩ = ૨૭

(iv) બંને રકમના છેલ્લા અંક '૨' હોય

૭૨ x ૬૨ = ૪૨૨૬૪ = ૪૪૬૪

૨ x ૨ = ૪
૨(૭ + ૬) = ૨૬
૭ x ૬ = ૪૨

આમ બંને રકમના છેલ્લા અંક ૩, ૪, ૫ વગેરે હોય ત્યારે આ રીતે જાણવું.

(૭) ગુણાકારની બે સંખ્યાઓમાં છેલ્લો આંકડો સરખો હોય અને દશકનો સરવાળો ૧૦ થાય એવી રકમોમાં એકમ સ્થાનોના અંકોનો ગુણાકાર લખી તેની પૂર્વે દશકના અંકોનો ગુણાકાર કરી તેમાં એકમનો અંક ઉમેરી લખવો.

૨૪ x ૮૪ = ૨૦૧૬, ૪ x ૪ = ૧૬,

૨ x ૮ + ૪ = ૧૬ + ૪ = ૨૦

ભાગાકાર :

પદ્ધતિઓ :

(૧) પ્રચલિત પદ્ધતિ

(૨) નિખિલં નવતઃ ચરમં દશતઃ

(૩) પરાવર્ત્ય યોજયેત્

(૪) ઊર્ધ્વતિર્યગ્ભ્યામ્ (ધ્વજાંકની રીત)

(૧) પ્રચલિત પદ્ધતિ -

૧૨૩ ÷ ૮

```
      ૧૫
   ૮)૧૨૩
   -૦૮
    ૦૪૩
   - ૪૦
     ૦૩
```

ભાગાકાર = ૧૫
શેષ = ૩

(૨) નિખિલં નવતઃ ચરમં દશતઃ

આમાં ભાજક, ભાજ્ય અને શેષ ત્રણ વિભાગોમાં લખાય. પ્રથમ, મધ્ય અને અંતિમ એવા ભાગ પડે. ઉપરનો જ દાખલો લઈએ-

પ્રથમ ભાગમાં ભાજક તથા તેની નીચે તેની દશપૂરક સંખ્યા લખીએ.

અંતિમ ભાગમાં ભાજકના આધારમાં જેટલા શૂન્યો હોય ભાજ્ય તેટલા અંકો લેવા અને ભાજ્યના બાકી અંકો મધ્યભાગમાં લખવા.

(i) ૧૨૩ ÷ ૮ ની ગોઠવણ

I	II	III
ભાજક	ભાજ્ય	શેષ
૮	૧૨	૩

ભાજકનો આધાર ૧૦ છે. તેથી ભાજ્યની છેલ્લી સંખ્યા ૩ શેષ વિભાગમાં લખી વધેલી સંખ્યા ૧૨ મધ્ય ભાગમાં લખી છે.

મધ્ય ભાગમાં લીટી નીચે પ્રથમ અંક ૧ લખ્યા પછી ૧ ને ૨ (પૂરક) વડે ગુણીને ૨ ની નીચે લખવાના. હવે ઊભો સરવાળો ૪ આવે તેને ફરી પૂરક ભાજક વડે ગુણતા મળતા ૮ ને ૩ ની નીચે લખવા.

૮	૧	૨	૩
૨		૨	૮
	૧	૪	૧૧

ફરી શેષ વિભાગમાં ભાજક કરતાં મોટી સંખ્યા આવે તો તેને ફરી ભાજક વડે ભાગી આવેલ ભાગાકારોને પહેલાના (મધ્ય વિભાગના) ભાગાકાર ૧૪માં વદી તરીકે ઉમેરવાનો છે.

૧ આથી ભાગાકાર ૧૪ + ૧ = ૧૫ અને શેષ = ૩

```
૮)૧૨૩
  ૦૮
 ----
 - ૦૩
```

(ii) ૧૧૧૨૩૫ ÷ ૯૮૯

આધાર = ૧૦૦૦, ૯૮૯નો પૂરક ૦૧૧

૯૮૯	૧	૧	૧	૨	૩	૫
૦૧૧		૦	૧	૧		
			૦	૧	૧	
				૦	૨	૨
	૧	૧	૨	૪	૬	૭

ભાગાકાર = ૧૧૨, શેષ ૪૬૭

(iii) કોઈપણ સંખ્યાને ૯ થી ભાગવા -

૧૨૩ ÷ ૯

૯	૧	૨	૩	૧
	૧	૩/૬		૧ + ૨ = ૩

ભાગાકાર ૧૩, શેષ ૬ ૩ + ૩ = ૬

(૩) પરાવર્ત્ય યોજયેત્ -

આમાં ભાજકનો આધારથી વિચલિત મેળવી તેનું ઋણપરિવર્તન કરી આગળ મુજબ ક્રિયા કરવી.

(i) ૧૨૩૪ ÷ ૧૧૨

અહીં ભાજક = ૧૧૨, માટે આધાર = ૧૦૦. તેથી વિચલન = ૧૨, તેનો પરિવર્તિત અંક = −૧, −૨, બે અંકો. તેથી, અંતિમ ભાગ શેષમાં બે અંકો. તેથી, ભાગાકાર = ૧૧, શેષ = ૦૨

૧૧૨	૧	૨	૩	૪
૧૨		−૧	−૨	
−૧−૨			−૧	−૨
	૧	૧	૦	૨

(૪) ઊર્ધ્વતિર્યગ્ભ્યામ્ (ધ્વજાંક પદ્ધતિ)

આમાં ભાજકના બે ભાગ બને છે. એક ભાગ મુખ્યાંક તથા બીજો ભાગ ધ્વજાંક કહેવાય છે. ધ્વજાંકમાં જેટલા અંક હોય તેટલા જ અંક ભાજ્યના અંતિમ ભાગમાં રાખી બાકીના બધા મધ્ય ભાગમાં રાખવા. દરેક વખતે નવો ભાજક સુધારીને લેવો જોઈએ.

(i) ૪૯૨૫ ÷ ૨૩

અહીં ભાજક ૨૩માં ૨ મુખ્યાંક અને ૩ ધ્વજાંક


૨ ૩	૪	૯	૨	૫
		૦	૧	૧
	૨	૧	૪	૩

૪ ÷ ૨ = ભાગાકાર ૨ અને શેષ ૦. મુખ્યાંક જ ભાજક છે. નવો ભાજ્ય ૦૯ છે. તેને સુધારી લેવો.

૯ − (૩ x ૨) = ૯ − ૬ = ૩. અહીં પહેલો ભાગાકાર ૨ અને ધ્વજાંક ૩ નો ગુણાકાર નવા ભાજ્ય ૯ માંથી બાદ કરતા સુધારેલ ભાજ્ય ૩ મળે છે. હવે ૩ ÷ ૨ = ભાગાકાર ૧ અને શેષ ૧ ને પછીના ૨ની પહેલા લખવો. તેથી નવો ભાજ્ય ૧૨ થયો. તેને સુધારવા ફરી ૧૨ − (૩ x ૧) = ૯ અને સુધારેલ ભાજ્ય ૦૯ને મુખ્યાંક ૨ વડે ભાગતા ૯ ÷ ૨ = ભાગાકાર ૪ અને શેષ ૧ મળે છે. તેને સુધારતા ૧૫ − (૩ x ૪) = ૧૫ − ૧૨ = ૩. તેથી, શેષ ૩ મળે છે. એકંદરે ૪૯૨૫ ÷ ૨૩ = ભાગાકાર ૨૧૪ તથા શેષ ૩.

ભાગાકાર = ૨૧૪, શેષ ૩

(ii) ૨૧૧૧૨ ÷ ૮૧૨



૨૧ ÷ ૮ = ભાગાકાર ૨ અને શેષ ૫

નવો ભાજ્ય ૫૧. તેને સુધારતા ૫૧ − (૧ x ૨) = ૫૧ − ૨ = ૪૯ (ધ્વજાંકનો પહેલો અંક ૧)

૪૯ ÷ ૮ = ભાગાકાર ૬ અને શેષ ૧

નવા ભાજ્ય ૧૧ માંથી ધ્વજાંક અને ૨૬નો ઊર્ધ્વ તિર્યક્ મેળવી ૧૧ માંથી બાદ કરવાનો.

૨ ૬ આમ, ૧૧ − (૨ x ૨ + ૬ x ૧) = ૧૧ − ૧૦ = ૧

૧ ૨ આથી ભાગાકાર ૦ અને શેષ ૧

નવો ભાજ્ય ૧૨ − (૬ x ૨ + ૧ x ૦) = ૦. તેથી શેષ = ૦ અને ભાગાકાર = ૨૬.

વર્ગ :

પદ્ધતિઓ −

(૧) **પ્રચલિત પદ્ધતિ**

(૨) **यावत् ऊनं तावत् ऊनीकृत्य वर्गं च योजयेत् ।**
(જેટલું ઓછું હોય, તેટલું ફરીથી ઓછું કરીને વર્ગને જોડો.)

આ સૂત્ર સાથે ઉપસૂત્ર **आनुरूप्येण** નો ઉપયોગ થાય. ઉપરાંત ઉપરના સૂત્રમાં થોડો ફેરફાર કરીને **यावत् अधिकं तावत् अधिकीकृत्य वर्गं च योजयेत् ।**

(૩) દ્વન્દ્વયોગ

(૪) પંચાન્ત સંખ્યાનો વર્ગ

(૫) શૂન્યાન્ત સંખ્યાનો વર્ગ

(૧) **પ્રચલિત પદ્ધતિ** -

સંખ્યાને પોતાનાથી ગુણવાથી તેનો વર્ગ આવે.

$૭^{૨} = ૭ \times ૭ = ૪૯$

(૨) **(i) यावत् ऊनं तावत् ऊनीकृत्य वर्गं च योजयेत् ।**

$૭^{૨}$

આધાર ૧૦ લેવો.

આધાર (૧૦) કરતા જેટલું ઓછું (એટલે કે અહીં ૧૦ − ૭ = ૩ ઓછા છે) તે ૩ ને ૭ માંથી બાદ કરતા ૭ − ૩ = ૪ મળે અને ૩ નો વર્ગ ૩ x ૩ = ૯ થાય. તેથી ૪ સાથે ૯ જોડતા $૭^{૨} = ૪૯$ મળે છે.

(ii) यावत् अधिकं तावत् अधिकीकृत्य वर्गं च योजयेत् ।

$૧૦૭^{૨}$

આધાર ૧૦૦ છે. આથી ૭ અધિક છે. તે ઉમેરવાથી ૧૦૭ + ૭ = ૧૧૪ થાય અને $૭^{૨} = ૪૯$ જોડવો. એટલે $૧૦૭^{૨} =$ ૧૧૪૪૯.

(iii) आनुरूप्येण

(૧) $૪૭^{૨}$

ઉપાધાર ૫૦ છે. $૫૦ = \frac{૧૦૦}{૨}$. હવે ૫૦ કરતા ૪૭ ૩ ઓછા છે. તે ૪૭માંથી બાદ કરતા ૪૭ − ૩ = ૪૪ મળે છે. ઉપાધાર ૫૦, તે ૧૦૦ ના અડધા હોવાથી અહીં ૪૪ના અડધા ૨૨ લખી પછી ૩ નો વર્ગ ૦૯ જોડવાનો છે.

$૪૭^{૨} = \left(\frac{૪૪}{૨}\right)૦૯ = ૨૨૦૯$

(૨) $૫૬^{૨}$

ઉપાધાર ૫૦ છે. $૫૦ = \frac{૧૦૦}{૨}$. તેથી ૫૬ + ૬ = ૬૨. તેના અડધા કરી ૬ નો વર્ગ જોડવાથી જવાબ મળે.

$૫૬^{૨}$ = ૩૧૩૬

(૩) $૨૪^{૨}$

ઉપાધાર ૨૦ છે. ૨૦ = ૧૦ x ૨ તેથી ૨૪ + ૪ = ૨૮ના બમણા કરી ૪ નો વર્ગ જોડવો.

આધાર ૧૦ હોવાથી છેલ્લે એક જ અંક લખવાનો છે. તેથી ૧૬માંથી ૬ લખી ૧ ને વદી તરીકે લેવાનો છે. જેથી ૨૮ x ૨ = ૫૬. તેમાં ૧ ઉમેરતા ૫૭ થાય.

$૨૪^{૨} = ૨૮ \times ૨/_{૧}૬$

= ૫૭૬

(૩) દ્વન્દ્વયોગ :

એક અંકની સંખ્યાનો દ્વન્દ્વયોગ તેનો વર્ગ જ છે.

દા.ત. ૩ નો દ્વન્દ્વયોગ = $૩^{૨}$ = ૯

બે અંકની સંખ્યાના અંકોના ગુણાકારના બમણા કરવાથી તેનો દ્વન્દ્વયોગ થાય.

દા.ત. ૩૭ માટે (૩ x ૭) x ૨ = ૪૨

ત્રણ અંકોની સંખ્યા માટે પહેલા અને ત્રીજા અંકોના ગુણાકારના બમણા કરી તેમાં વચલા અંકનો વર્ગ ઉમેરવાથી તેનો દ્વન્દ્વયોગ થાય.

દા.ત. ૨૪૫ નો દ્વન્દ્વયોગ = (૨ x ૫) x ૨ + ૪^{૨} = ૨૦ + ૧૬ = ૩૬.

એ રીતે કોઈ પણ સંખ્યા માટે પહેલી અને છેલ્લી સંખ્યા લેવી, પછી બીજી અને છેલ્લેથી બીજી, એમ કરતા કરતા વચ્ચે બે અંકો હોય તો તેમના ગુણાકારના બમણા અને વચ્ચે એક ૪ અંક વધતો હોય તો તેનો વર્ગ કરી આ બધાનો સરવાળો કરવાથી તેનો દ્વન્દ્વયોગ થાય.

દા.ત. ૧૨૩૪૫નો દ્વન્દ્વયોગ = ૨ (૧ x ૫) + ૨ (૨ x ૪) + ૩^{૨} = ૧૦ + ૧૬ + ૯ = ૩૫.

આ દ્વન્દ્વયોગનો ઉપયોગ સંખ્યાઓના વર્ગ કરવામાં કરી શકાશે.

આપેલ સંખ્યાના અંકસમૂહો મેળવવા. પછી આ બધા અંકસમૂહોના દ્વન્દ્વયોગ ક્રમમાં જોડવા.

(i) ૩૧^{૨}

૩૧ના અંકસમૂહો = ૩, ૩૧, ૧

તેમના દ્વન્દ્વયોગ = ૩^{૨}, ૨ (૩ x ૧), ૧^{૨}

૩૧^{૨} = ૩^{૨} / ૨ (૩ x ૧) / ૧^{૨}

= ૯ / ૬ / ૧

= ૯૬૧

(ii) ૩૪૧૦૬^{૨}

૩૪૧૦૬ના અંક સમૂહો = ૩, ૩૪, ૩૪૧, ૩૪૧૦, ૩૪૧૦૬, ૪૧૦૬, ૧૦૬, ૦૬, ૬

તેમના દ્વન્દ્વયોગ = ૩^{૨}, ૨ (૩ x ૪), ૨ (૩ x ૧) + ૪^{૨}, ૨ (૩ x ૦) + ૨ (૪ x ૧), ૨ (૩ x ૬) + ૨ (૪ x ૦) + ૧^{૨}, ૨(૪ x ૬) + ૨ (૧ x ૦), ૨ (૧ x ૬) + ૦^{૨}, ૨ (૦ x ૬), ૬^{૨}

૩૪૧૦૬^{૨} = ૯ / ૨૪ / ૨૨ / ૮ / ૩૭ / ૪૮ / ૧૨ / ૦ / ૩૬

$= 9\underset{2}{|}\ 4\underset{2}{|}\ 2\ |\ 8\ |\ 0\underset{3}{|}\ 8\ |\ 2\underset{4}{|}\ 0\ |\ 6\underset{1}{|}\ 0\underset{3}{|}$

$= 11632192306$

(૪) પંચાન્ત સંખ્યાનો વર્ગ -

$35^2 = 1225$ $\quad 3 \times 4 = 12,\ 5 \times 5 = 25$

$75^2 = 5625$ $\quad 7 \times 8 = 56,\ 5 \times 5 = 25$

(૫) શૂન્યાન્ત સંખ્યાનો વર્ગ -

$40^2 = (4 \times 10)^2 = 1600$

ઘન :

પદ્ધતિઓ -

(૧) **પ્રચલિત પદ્ધતિ**

(૨) **આનુરૂપ્યેણ**

(૩) **(a) यावत् अधिकं तावत् द्विवारं अधिकीकृत्य त्रिवारं वर्गं च घनं योजयेत् ।**

(b) यावत् ऊनं तावत् द्विवारं ऊनीकृत्य त्रिवारं वर्गं च घनं योजयेत् ।

(c) આનુરૂપ્યેણ

(૪) **ગુણાત્તોરની મદદથી**

(૧) **પ્રચલિત પદ્ધતિ** - સંખ્યાને ત્રણ વાર લખીને પરસ્પર ગુણવાથી તેનો ઘન આવે.

$4^3 = 4 \times 4 \times 4 = 64$

(૨) **આનુરૂપ્યેણ** -

(૧) $12^3 =$

		૧	૨	૪	૮
			૪	૮	
૧	૬$_{૧}$	૨	૮	

$= 1728$

(i) $૧^{૩} = ૧$. પછી ૧:૨ ના પ્રમાણમાં (અનુરૂપ અંકો) ૨, ૪, ૮ લખવા.

$૧ \times ૨ = ૨$

$૧ \times ૨, ૨ \times ૨ = ૨, ૪$

$૨^{૩} = ૮$

(ii) વચ્ચેની બે સંખ્યાઓના બમણા તેમની નીચે લખીને લીટી નીચે તેના સરવાળા લખવા.

(iii) દરેક જૂથમાંથી એક એક અંક લખવાનો અને બાકીના અંકો વદી તરીકે આગળ ઉમેરવા.

(૨) $૮૩^{૩} =$ ૫૧૨ ૧૯૨ ૭૨ ૨૭

૩૮૪ ૧૪૪

૫૧૨ ૬ ૬ ૭

૫૭ ૨૧ ૨

$= ૫૭૧૭૮૭$

$૮^{૩} = ૫૧૨$

$૮ \times ૩ = ૨૪$

$૨૪ \times ૮, ૨૪ \times ૩$

$= ૧૯૨, ૭૨$

$૩^{૩} = ૨૭$

(૩) (a) **यावत् अधिकं तावत् द्विवारं अधिकीकृत्य त्रिवारं वर्गं च घनं योजयेत् ।**

(i) $૧૦૪^{૩} = ૧૦૪ + ૨ (૪) / ૩ \times ૪^{૨} / ૪^{૩}$

$= ૧૦૪ + ૮ / ૪૮ / ૬૪$

$= ૧૧૨ / ૪૮ / ૬૪$

$= ૧૧૨૪૮૬૪$

(ii) $૧૦૯^{૩} = ૧૦૯ + ૨ (૯) / ૩ \times ૯^{૨} / ૯^{૩}$

$= ૧૦૯ + ૧૮ / ૨૪૩ / ૭૨૯$

$= ૧૨૭ / {}_{૨}૪૩ / {}_{૭}૨૯$

$= ૧૨૯૫૦૨૯$

આધાર ૧૦૦ હોવાથી બબ્બે અંક રાખવા અને બાકીના વદીમાં લઈ જવા.

(b) **यावत् ऊनं तावत् द्विवारं ऊनीकृत्य त्रिवारं वर्गं च घनं योजयेत्।**

$९९१^{३} = ९९१ - २ (९) / ३ \times (-९)^{२} / (-९)^{३}$

$= ९७३ / २४३ / -७२९$

$= ९७३२४२२७१$

આધાર ૧૦૦૦ હોવાથી ત્રણ અંકો સાથે અને ૩૦૦૦ - ૭૨૯ = ૨૨૭૧.

(c) आनुरूप्येण

$२०४^{३} = (\text{પ્રમાણ})^{२} (\text{સંખ્યા} + २ \times \text{વિચલન}) / (\text{પ્રમાણ}) \times ३ (\text{વિચલન})^{२} / (\text{વિચલન})^{३}$

$= २^{२} (२०४ + ०८) / २ \times ३ \times ४^{२} / ४^{३}$

$= ४ (२१२) / ९६ / ६४$

$= ८४८९६६४$

અહીં ૨૦૪માં ઉપાધાર ૨૦૦ છે તે ૧૦૦ના બમણા છે, આથી પ્રમાણ ૨ થાય.

(૪) ગુણોત્તરની મદદથી -

$(ab)^{३} = a^{३} / 3a^{२}b / 3ab^{२} / b^{३}$

$१२^{३} = १^{३} / ३(१)^{२}२ / ३(१)(२)^{२}/२^{३}$

$= १/६/१२/८$

$= १/६/१^{२}/८ = १७२८$

વર્ગમૂળ તથા ઘનમૂળ -

પૂર્ણવર્ગ તથા પૂર્ણઘન સંખ્યાઓના મૂળ -

તે માટે **विलोकनम्** સૂત્રનો ઉપયોગ થશે. પહેલા કેટલાક અવલોકનો નોંધીશું.

સંખ્યા	વર્ગ	ઘન	વર્ગોના બીજાંક	ઘનોના બીજાંક
૧	૧	૧	૧	૧
૨	૪	૮	૪	૮
૩	૯	૨૭	૯	૯
૪	૧૬	૬૪	૭	૧
૫	૨૫	૧૨૫	૭	૮
૬	૩૬	૨૧૬	૯	૯
૭	૪૯	૩૪૩	૪	૧
૮	૬૪	૫૧૨	૧	૮
૯	૮૧	૭૨૯	૯	૯
૧૦	૧૦૦	૧૦૦૦	૧	૧

બીજાંક એટલે સંખ્યાના અંકોનો એક અંકમાં સરવાળો.

આ કોષ્ઠક ઉપરથી નીચેના તારણો નોંધીશું -

(૧) પૂર્ણ વર્ગોમાં એકમસ્થાને ૧, ૪, ૫, ૬, ૯, ૦ આ અંકો જ આવે, ૨, ૩, ૭, ૮ ન જ આવે. પૂર્ણઘનમાં બધા જ (૦ થી ૯) સુધીના અંકો એકમ સ્થાને આવે.

(૨) પૂર્ણ વર્ગોમાં અંતે ૧ હોય તો વર્ગમૂળમાં અંતે ૧ અથવા ૯ આવે.

પૂર્ણ વર્ગોમાં અંતે ૪ હોય તો વર્ગમૂળમાં અંતે ૨ અથવા ૮ આવે.

પૂર્ણ વર્ગોમાં અંતે ૫ હોય તો વર્ગમૂળમાં અંતે ૫ જ આવે.

પૂર્ણ વર્ગોમાં અંતે ૬ હોય તો વર્ગમૂળમાં અંતે ૪ અથવા ૬ આવે.

પૂર્ણ વર્ગોમાં અંતે ૯ હોય તો વર્ગમૂળમાં અંતે ૩ અથવા ૭ આવે.

વર્ગમૂળમાં અંતે આવનાર અંકો દશપૂરકો છે. જેમકે ૧ + ૯ = ૧૦, ૨ + ૮ = ૧૦, ૫ + ૫ = ૧૦, ૪ + ૬ = ૧૦, ૩ + ૭ = ૧૦.

(૩) પૂર્ણઘનમાં અંતે ૧, ૪, ૫, ૬, ૯ હોય તો ઘનમૂળમાં પણ તે જ અંક અંતે આવે અને જો પૂર્ણઘનમાં અંતે ૮, ૭, ૩, ૨ હોય તો ઘનમૂળમાં તેના દશપૂરક એટલે ૨, ૩, ૭, ૮ હોય.

(૪) કઈ સંખ્યાઓ પૂર્ણ વર્ગ નથી તે હવે જોઈએ.

(i) જેમાં અંતે ૨, ૩, ૭, ૮ હોય તેવી સંખ્યા પૂર્ણ વર્ગ નથી જ.

(ii) જેના બીજાંકો ૨, ૩, ૫, ૬ કે ૮ હોય તેવી સંખ્યાઓ પૂર્ણ વર્ગ નથી જ.

(iii) સંખ્યાને અંતે બે, ચાર, છ, ... એમ બેકી સંખ્યામાં શૂન્યો હોઈ શકે પણ એક, ત્રણ, પાંચ, ... એમ એકી સંખ્યામાં શૂન્યો હોય તો પૂર્ણ વર્ગ નથી જ.

આ ઉપરથી આપેલ સંખ્યા પૂર્ણ વર્ગ ન હોય તેની ચોકસાઈ થાય પણ તેથી બીજી બધી પૂર્ણ વર્ગ હોય જ એમ નહીં.

હવે આપેલી સંખ્યાઓના અંકોના જમણી બાજુથી બબ્બે અંકોના જોડકા કરી તેમાં એકમ તથા દશક સ્થાનના અંકો નક્કી કરી શકાય. હાલ ચાર અંકોની પૂર્ણ વર્ગ સંખ્યાઓમાં વર્ગમૂળ જાણીએ.

(૧) ૫૧૮૪ – જમણેથી બબ્બેની જોડ કરીએ. ડાબી બાજુ ૫૧ છે. તેથી તેમાં સમાયેલ મોટામાં મોટી પૂર્ણવર્ગ સંખ્યા ૪૯નું

વર્ગમૂળ તે દશકનો અંક ૭ હોય. અને જમણી બાજુનો એકમનો અંક ૪ તેથી વર્ગમૂળનો એકમ અંક ૨ અથવા ૮ હશે, એટલે કે વર્ગમૂળ ૭૨ અથવા ૭૮ હશે. હવે 'એકાધિકેન પૂર્વેણ' સૂત્રથી ૭ નો એકાધિક ૮ છે. તેથી ૭ x ૮ = ૫૬ થાય. આપેલ સંખ્યામાં ડાબી બાજુ ૫૧ છે જે ૫૬ કરતા નાની છે તેથી વર્ગમૂળ ૭૨ જ નક્કી થાય.

(૨) ૬૦૮૪ – ઉપર મુજબ બધો વિચાર કર્યા પછી વર્ગમૂળ ૭૨ અથવા ૭૮ હશે એવું અવલોકન થયા પછી 'એકાધિકન પૂર્વેણ' સૂત્રથી ૭ x ૮ = ૫૬ મળે, અહીં ડાબી બાજુ ૬૦ છે જે ૫૬ કરતા મોટી છે. માટે આપેલ પૂર્ણવર્ગનું વર્ગમૂળ ૭૮ જ છે, એમ નક્કી થાય છે.

ઘનમૂળ 'વિલોકનમ્' થી -

(૧) પૂર્ણઘન સંખ્યાઓના બીજાંક ૧, ૮, ૯ જ હોઈ શકે.

(૨) જમણી બાજુ ત્રણ કે ત્રણના ગુણકમાં શૂન્યો ન હોય તે સંખ્યા પૂર્ણ ઘન ન હોઈ શકે. જેમકે ૧૦૦, ૮૦૦૦૦, ૧૨૫૦૦૦૦ પૂર્ણઘન નથી.

હાલ ૬ અંકો સુધીની પૂર્ણ ઘન સંખ્યાઓનો વિચાર કરીએ.

તેમાં આપેલ સંખ્યાના ત્રણ ત્રણ અંકોના જમણી બાજુથી જોડકા કરવાના રહે. તેથી તેના ઘનમૂળમાં બે અંકો હશે.

(i) આપેલ પૂર્ણઘન સંખ્યાનો એકમનો અંક ૨ હોય તો ઘનમૂળમાં ૮ (દશપૂરક) હોય અને પૂર્ણ ઘનનો એકમનો અંક ૮ હોય તો ઘનમૂળમાં ૨ હોય અને ઘનમાં ૩ હોય તો ઘનમૂળમાં ૭ હોય અને ઘનમાં ૭ હોય તો ઘનમૂળમાં ૩ હોય.

(ii) આ સિવાયના છેલ્લા અંકો જેમકે ૧, ૪, ૫, ૬, ૯, ૦ હોય તો ઘનમૂળમાં પણ આ જ અંકો અનુક્રમે આવશ.

(૧) $\sqrt[3]{૧૭\ \overline{૫૭૬}} = ૨૬$

જમણી બાજુના જોડકામાં અંતે ૬ છે. તેથી ઘનમૂળમાં પણ અંતે ૬ જ હશે. ડાબી બાજુ ૧૭ છે, તેમાં સમાયેલ એવી મોટામાં મોટી ઘન સંખ્યા ૮ છે. તેનું ઘનમૂળ ૨ છે. માટે આ સંખ્યાનું ઘનમૂળ ૨૬ છે.

(૨) $\sqrt[3]{૨૯\ \overline{૭૯૧}} = ૩૧$

અંતે ૧ છે, તેથી ઘનમૂળના એકમસ્થાને ૧ છે. ૨૯માં સમાયેલ તેવી મોટામાં મોટી ઘનસંખ્યા ૨૭નું ઘનમૂળ ૩ છે. તેથી આપેલી પૂર્ણઘન સંખ્યાનું ઘનમૂળ ૩૧ છે.

કોષ્ઠક ઉપરથી જાણી શકાશે કે ૧ થી ૧૦૦૦ સુધી નીચે મુજબ ૧૦ સંખ્યાઓ જ પૂર્ણ ઘન હશે - ૧, ૮, ૨૭, ૬૪, ૧૨૫, ૨૧૬, ૩૪૩, ૫૧૨, ૭૨૯, ૧૦૦૦.

• • •

- ગુ એટલે અંધકાર. રુ એટલે રોકનાર.
  આપણા આત્મામાં રહેલા અજ્ઞાનના અંધકારને રોકે, દૂર કરે તે ગુરુ.
- સંઘના કાર્યને જો કામ માનીશું તો એટલી નિર્જરા થશે. સંઘના કાર્યને જો ભક્તિ-સેવા માનીશું તો લખલૂટ નિર્જરા થશે. કાર્ય માનવામાં આપણે સંઘ ઉપર ઉપકાર કરીએ છીએ એવો ભાવ આવશે. ભક્તિ-સેવા માનવામાં સંઘ આપણને લાભ આપી આપણી ઉપર ઉપકાર કરે છે એટલે ભાવ આવશે.

ઉપકારી ઉપકાર તમારો કદીય ન વિસરીએ

અમારા કુટુંબમાંથી દીક્ષિત થયેલ
પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ
શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પૂ. પ્રવર્તિની **શ્રી વસંતપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી **શ્રી સ્વયંપ્રભાશ્રીજી** મહારાજ

પૂ. સાધ્વીજી **શ્રી દિવ્યયશાશ્રીજી** મહારાજ

આ પૂજ્યોના ચરણોમાં ભાવભરી વંદના

સુકૃતની કમાણી કરનાર
પુણ્યશાળી

પદાર્થપ્રકાશ ભાગ-૯ના પ્રકાશનનો સંપૂર્ણ લાભ

પરમ પૂજ્ય સાધ્વીજીશ્રી સ્વયંપ્રભાશ્રીજી મહારાજના ઉપદેશથી

બ્રહ્મક્ષત્રિય સોસાયટી, શાંતિવન, અમદાવાદ ના

આરાધક શ્રાવિકબહેનો તરફથી જ્ઞાનનિધિમાંથી અને

પૂજ્ય સાધ્વીજીશ્રી દર્શનરત્નાશ્રીજી મહારાજની પ્રેરણાથી

જૈનનગર સંઘ, અમદાવાદના આરાધક શ્રાવિકાબહેનો તરફથી

જ્ઞાનનિધિમાંથી લેવાયેલ છે.

અમે તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

MULTY GRAPHICS
(022) 23813222 23884222